
# રામ કથા રસ વાહિની ભાગ - ૧



ભગવાન શ્રી સત્ય સાઈ બાબા

# રામ કથા રસ વાહિની

## ભાગ ૧

લેખક : ભગવાન શ્રી સત્ય સાઈ બાબા

અંગ્રેજીમાં અનુવાદક : એન. કસ્તુરી

ગુજરાતીમાં અનુવાદક : શ્રી શાંતિલાલ ઠાકર એમ.એ

બી.ટી. ભાસ્કર

આ ગ્રંથ

પવિત્ર માધુરીના પ્રવાહ–રૂપ રામ કથાએ લાખો પુરૂષોને, સ્ત્રી ઓને, તથા બાળકોને હજારો વર્ષો સુધી શોકમાં સતત આશ્વાસન આપ્યું છે. અનિશ્ચિતતામાં બળ આપ્યું છે, ગૂંચવાડાઓમાં પ્રકાશ આપ્યો છે, અવસાદ-સમયે પ્રેરણા આપી છે, અને મુંઝવણમાં માર્ગદર્શન આપ્યું છે. તે એક સઘન માનવ-નાટક છે, જેમાં ભગવાન માનવ તરીકે અવતરે છે, અને પોતાની આસપાસ આ વિશાળ વિશ્વની રંગભૂમિ પર પૂર્ણ તથા અપૂર્ણ વ્યક્તિઓને, માનવોને તથા અવ-માનવોને, પશુઓને તથા રાક્ષસોને એકત્રિત કરે છે, તેને હેતુ છે – પોતાના દષ્ટાંત તથા બોધ વડે આપણને પરમ જ્ઞાનનું વરદાન આપવાનો. તે કથા માનવના હૃદય તારો પર પોતાની કોમળ અંગુલિઓ ફેરવે છે, અને કરુણ-રસના, દયાના, આનંદના, પૂજ્યભાવના, હર્ષના, અને સમર્પણના સ્પષ્ટ પ્રત્યુ તરો જગાડે છે, અને આપણું માનવમાંથી દિવ્ય ભગવાનમાં રૂપાંતર છે-જે ભગવાન આપણું હાર્દ છે.

માનવ-ઈતિહાસમાં બીજી કોઈ પણ કથાએ માનવના મન ઉપર આવો ગહન પ્રભાવ પાડયો નથી. આ કથા ઇતિહાસના માઈલ બતા વતા શિલા – સ્તંભોને તથા ભૂગોળની સીમાઓને વટાવી જાય છે. તેણે અનેક પેઢીઓની ટેવોને તથા વલણોને ઘાટ આપ્યો છે અને તેમને ઉદાત્ત બનાવ્યાં છે. પૃથ્વીના અનેક દેશોમાં રામાયણે માનવ જાતિના રકત-પ્રવાહમાં રોગો મટાડનાર ગેળાની ગરજ સારી છે. તેણે લોકેની ચેતનામાં ઊંડાં મૂળ નાંખ્યાં છે, અને લોકોને સત્યના, ધર્મના શાન્તિના, અને પ્રેમના માર્ગે ચાલવાની પ્રેરણા આપી છે.

પરીકથાઓ, હાલરડાં, કલ્પના-કથાઓ, વાર્તાઓ, નૃત્ય, નાટક, સ્થાપત્ય, સંગીત,, ચિત્રકલા, ધર્મ –વિધિ, કાવ્ય, અને, પ્રતીક દ્વારા રામ, અસંખ્ય સાધકો માટે પ્રાણ સમાન, આનંદ-રૂપ, અમૂલ્ય નિધિ-રૂપ બની ગયા છે. રામ-કથાનાં પાત્રોએ માનવને પોતાનો દાખલો લઈ પોતાના જેવા બનવાનું -ઉદાત્ત બનવાનું નિમંત્રણ પાઠવ્યું છે. તે પાત્રોએ રિદ્ધિના અને સાહસનાં ઝળહળતાં દષ્ટાંતો, પૂરાં પાડયા છે. અનિશ્ચિત મનવાળા લોકોને તેમણે દુર્ગુણ, હિંસા અભિમાન અને શ્રુદતા સામે લાલ બત્તી ધરી છે, સાવધાન બનાવ્યા છે. પોતાની વફા દારી અને દૌર્ય વડે તેમણે લેકોને પ્રોત્સાહન આપ્યું છે. ઉચ્ચતર કામનાઓને વ્યકત કરવા માટે માણસની જીભે શોધી કાઢેલી બધી ભાષાઓમાં રામ-કથાએ એક દ્વિતીય, પોષક મધુરતા ઉમેરી આપી છે

જેમનો વિચાર આ વિશ્વ છે, જેમનો સંકલ્પ તે વિશ્વનો ઈતિહાસ છે, તેવા સઈ (ઈશ, પરમાત્મા) દેશ-કાલમાં હર-હંમેશં પ્રગટ થતા નાટકના કર્તા છે, સૂત્રધાર છે, ભજવનાર પાત્ર છે, સાક્ષી છે, અને મૂલ્યાંકન કરનાર છે. પોતે જેમાં રામનો ભાગ ભજવ્યો હતો તે નાટકના એક વીરતા-ભર્યા અંકની આ કથા તેમણે પોતે જ કહેવાની કૃપા કરી છે. તેમણે રામનો ભાગ ભજવ્યો હતો. રામ તરીકે સાઇએ પોતાના ત્રેતાયુગના સમકાલીન લોકોને બોધ આપ્યો હતો, પ્રેરણા આપી હતી, બલ આપ્યું હતું, તેમની ભૂલો સુધારી હતી, તેમને આશ્વાસન અને સાંત્વના આપ્યા હતા. અત્યારે સાઇરામ તરીકે તે તેજ કામ કરવામાં ગુથાયેલા છે, તેમણે સાડા સાત વર્ષ સુધી 'સનાતન સારથિ'ના દરેક અંકમાં 'રામકથા રસવાહિની' 'લેખમાળા' લખી હતી. બધા વાચકો તેને આનંદપૂર્વક અને ઉત્સાહ-પૂર્વક વાંચતા હતા. તેમને તે સમકાલીન ઘટનાઓ અને  અનુભવો લાગ્યા હશે, તેમાંથી તેમને સમકાલીન સમસ્યાઓના અને મુશ્કેલીઓના સંદર્ભમાં સીધી સલાહ મળી હશે. આ પૃષ્ઠોના વાચકોને આ કથાના રામ અને અત્યારે તેઓ જે સાઇરામના દર્શન કરી રહયા છે તે બેના તાદાત્મ્યને જોઈને આશ્ચર્ય થશે.

વિજ્ઞાને આ જગતને એક સઘન, નાનકડી અવકાશ-નૌકા બનાવી દીધી છે, જેમાં માનવ-જાતિએ પોતાની ભવિતવ્યતાને જીવવાની છે. 'સાઇ-એન્સ' (સાઈ-વિદ્યા) ખૂબ ઝડપભેર આ  અવકાશ-નૌકાને પ્રેમના એક સુખમય ઘરમાં રૂપાંતરિત કરી રહી છે. તે વૈશ્વિક પ્રેમમાં અવરોધ ડાલનાર અનિષ્ટોને દૂર કરવા માટે સાઇએ એક રામ-બાણ ઇલાજ તરીકે આ ગ્રંથ રચવાને સંકલ્પ કર્યો હશે; તે અનિષ્ટો છે. ઈન્દ્રિયસુખો માટેની ખંજવાળ, માતા-પિતાઓ, ગુરૂઓ, વડીલો, આધ્યાત્મિક નેતાઓ અને માર્ગ–દર્સકો પ્રત્યે પૂજયભાવનો વધતો જતો અભાવ; સામાજિક, લગ્ન-વિષ્યક અને કૌટુંબિક સંબંધોમાં દેખાતી ખતરનાક ક્ષુદ્રતા અને ચંચલતા; અનીતિમય હેતુઓ સિદ્ધ કરવાના સાધન તરીકે હિંસાનો લેવાતો આસુરી આશ્રય, અંગત અને સામૂહિક લાભો મેળવવાના સાધન તરીકે ભયનો અને પીડા આપવાની વાતનો સ્વીકાર, અને બીજ અનિષ્ટો.

આ કથામાં સાઈ-રામે પોતાની સરલ, મધુર, અને પોષક ભાષા શૈલીમાં રામ તરીકેની આ પોતાની જ દિવ્ય કારકીર્દિનું વર્ણન કર્યું છે. આ દિવ્ય કથા આપણને હસ્તગત બને, આપણા મન પર તેના સંસ્કારો પડે આપણા હૃદયમાં તે જડાઈ જાય એ આપણું કેવું મહાન સદ્દભાગ્ય ! આપણે આ ગ્રંથનું અધ્યયન કરીને આપણે માનવ જાતિને એક કુટુંબ-રૂપે ઘાટ આપવાના, આપણે દરેક જણ રામનો આપણી સાચી વાસ્તતિકતા

તરીકે સાક્ષાત્કાર કરીએ તે પ્રયત્નના, સાઈ બાબાના જીવનકાર્યને સિદ્ધ કરવામાં આપણે તેમનાં ઉત્સાહપૂર્ણ અને કાર્ય-કુશળ કારણો બનીએ-એવી અમારી ઈચ્છા છે.

સાઈએ જાહેર કહ્યું છે કે- “હું તે જ પાછો આવેલો રામ છું. હું મારા બંધુઓને અને કાર્યકરોને શોધી રહ્યો છું, જેથી હું તેમને મારા ધર્મને પુનર્જીવિત કરવાના તથા માનવને સાન્તિ આપવાના કામમાં તેમને ભજવવાનો ભાગ આપી શકું. આપણને દરેકને તે ભજવવાનો ભાગ મળો, અને બદલામાં તે આપણને તેમનું દર્શન આપો !

– એન. કસ્તુરી.

તંત્રી,“ સનાતન સારથિ ”

આંતર અર્થ

રામ એ દરેક શરીરની અંદર રહેલા અંતર્યામી છે. તે દરેક વ્યક્તિના આત્મા રામ (આનંદને ઉદ્દગમ સ્થાન) છે. તેમના આંતર સ્રોતમાંથી ઉદ્દભવતા, તેમના આશીર્વાદ શાન્તિ અને આનંદ આપી શકે છે. તે મર્તિમાન ધર્મ છે, માનવ-જાતિને પ્રેમમાં અને એક્તામાં બાંધનાર, સર્વ નીતિ- નિયમો છે. રામાયણ બે બોધન પાઠ આપે છે- અનાસકિતનું મૂલ્ય અને દરેક પ્રાણીમાં રહેલા ભગવાનથી સભાન બનવાની જરૂરિયાત. ભગવાનમાં શ્રધ્ધા અને વિષયગત પદાર્થો પ્રત્યે અનાસકિત-આ માનવની મુકિતની ચાવીઓ છે. ઈન્દ્રિયોના વિષય-પદાર્થોનો ત્યાગ કરો; તમને રામ મળશે. સીતાએ અયોધ્યાના ભોગ-વિલાસનો ત્યાગ કર્યો હતો, અને તેથી તે વનવાસમાં રામ સાથે રહી શકયાં હતાં. જયારે તેમણે સુર્વણુ-મૃગ પર નજર કરીને તેને માટે ઝંખના કરી, ત્યારે તેમણે રામનું સાંનિધ્ય ગુમાવી દીધું. ત્યાગ આનંદ પ્રત્યે દોરી જાય છે; આસકિત દુઃખને લઈ આવે છે. જગતમાં રહો, પણ જગતના બનીને (તેમાં આસક્તિ રાખીને) નહિ. રામના ભાઈઓ, સાથીદાર, મિત્રો, સહ-કાર્યકરો ધર્મની ભાવનાથી સભર ભરેલાં દષ્ટાંતો છે. દશરથ દશ ઇન્દ્રિયોવાળા, ભૌતિક શરીરના પ્રતિનિધિ છે. ત્રણ રાણીઓ એ ત્રણ ગુણ છે– સત્વ, રજસ, અને તમસ, જીવનના ચાર પુરૂષાર્થો (ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ) -એ ચાર પુત્રો છે. લક્ષમણ બુદ્ધિ છે. સુગ્રીવ વિવેક છે. વાલી નિરાશા છે. હનુમાન મુર્તિમાન હિંમત છે. ભ્રાન્તિના સમુદ્ર પર સેતુ બાંધવામાં આવ્યો છે, ત્રણ રાક્ષસ-રાજો ત્રણ ગુણોની મૂર્તિઓ છે – રાજસક (રાવણ), તામસિક (કુંભકર્ણ), અને સાત્વિક (વિભીષણ). સીતાએ બ્રહ્મજ્ઞાન છે, વૈશ્વિક પરમાત્મ-તત્વની સભાનતા, જેને મનુષ્યે જીવનની કુલડીમાં દુ:ખોમાંથી પસાર થઈને ફરી પ્રાપ્ત કરવાની છે. રામાયણની ભવ્યતાનું ચિંતન કરીને તમારા મનને-હ્રદયને બળવાન અને વિશુદ્ધ બનાવો. રામ તમારા અસ્તિત્વની વાસ્તવિકતા છે–એ શ્રદ્ધામાં સુસ્થાપિત બનો.

– બાબા

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧ રામ-રાજકુમાર અને તત્વ | 3 |
| ૨ સમ્રાટ નો વંશ | 10 |
| 3 તેમને કોઈ સંતાન ન થયું | 22 |
| ૪ પુત્રો | 31 |
| ૫ ગુરૂ અને શિષ્યો | 46 |
| ૬ નિમંત્રણ અને પ્રથમ વિજય | 62 |
| ૭ સીતાની પ્રાપ્તિ | 92 |
| ૮ બીજો પડકાર | 147 |
| ૯ રાજયાભિષેક માટે તૈયારીઓ | 159 |
| ૧૦ બે વરદાનો | 171 |
| ૧૧ લક્ષ્મણ પણ | 202 |
| ૧૨ સીતા આગ્રહ કરે છે અને જીત મેળવે છે | 230 |
| ૧૩ વનવાસમાં પ્રવેશ | 245 |
| ૧૪ વનમાં | 253 |

## અધ્યાય ૧

## રામ-રાજકુમાર અને તત્વ

'રામ' નામ કે વેદોનો સાર છે; રામ કથા એ વિશુદ્ધ અને શક્તિશાળી ક્ષીર-સાગર છે, એમ છાતી ઠોકીને કહી શકાય કે અત્યાર સુધી બીજા કોઈ પણ દેશમાં અથવા બીજી કોઇ પણ ભાષામાં એવી ભવ્ય અને સુંદર કવિતા પ્રગટી નથી, પણ તે મહાકાવ્યો દરેક દેશને અને ભાષાને કાવ્ય પ્રેરણા આપે છે. દરેક ભારતીયના સદ્દભાગ્યને વારસામાં મળેલો તે સૌથી મહાન ખજાનો છે.

રામ હિન્દુઓના રક્ષક દેવ છે; તે નામ અનેક દેહધારીઓ ધારણ કરે છે, અને તેમના મકાનોનું નામ પણ "રામ"-શબ્દ પરથી રાખવામાં આવે છે. સલામતી પૂર્વક એમ કહી શકાય કે એવો કોઇ પણ ભારતીય નથી જેણે રામકથામૃત્ ઝિલ્યુ ન હોય.

રામાવતારની કથાનું વર્ણન કરતું મહાકાવ્ય રામાયણ એક પવિત્ર ગ્રંથ છે; બધા પ્રકારના લોકો, વિદ્વાન તેમજ અભણ, લક્ષાધિપતિ તેમજ ગરીબ પૂજ્ય બુદ્ધિપૂર્વક રામાયણનો પાઠ કરે છે. રામાયણ જે નામની યશગાથા ગાય છે, તે સર્વ પાપોને દૂર કરે છે; તે પાપી નું રૂપાંતર કરે છે; તે નામ જેનું પ્રતીક છે તે આકૃતિને તે પ્રગટ કરે છે જે આકૃતિ તે નામ જેટલી જ મનોહર છે.

જેવી રીતે પૃથ્વી પરના સર્વ જળનું ઉદ્દગમ સ્થાન સમુદ્ર છે, તેમ બધા પ્રાણીઓ રામમાંથી જન્મ્યાં છે. જલ વગરનો સમુદ્ર અવાસ્તવિક છે; રામ વગર નું પ્રાણી અત્યારે કે સદાને માટે અસ્તિત્વ વગરનું છે. ભૂરા સમુદ્રમાં અને સર્વતક્તિમાન ભગવાનમાં ઘણી સમાનતા છે.

પૌરાણિક કથા કહે છે કે ભાગવત સમુદ્રમાં રહે છે; ને કહે છે કે ભગવાન ક્ષીર-સાગરમા પોઢે છે, (પ્રચેતસના પુત્ર) તે મહાકાવ્યની રચના કરનાર મહાન કવિ વાલ્મીકિએ દરેક ભાગને 'કાંડ' એવું નામ આપ્યું છે. કાંડ એટલે જળ, જળ નો વિસ્તાર.

કાંડનો બીજો અર્થ થાય છે- શેરડીનો સાંઠો. તે સાંઠો ગમે તેટલો વક્ર હોય. પણ તમે તેના ગમે તે ભાગને ચાવો, તો તેની મિષ્ટતા એકસરખી જ હોય છે, નહીં વારુ ?

રામ કથાનો પ્રવાહ અનેક વળાંકો લે છે, પણ તેનો કરુણ રસ સર્વત્ર એક સરખો રહે છે, તે પ્રવાહ શોકમાંથી, આશ્ચર્યમાંથી, ઉપહાસમાંથી, ભવ્યતામાંથી, ન્યાયમાંથી, પ્રેમમાંથી, નિરાશામાંથી, અને તર્ક-વિતર્કમાંથી પ્રસરતો ચાલે છે; પણ તેનો મુખ્ય આંતર પ્રવાહ છે ધર્મ અને કરુણા.

રામકથામૃત એ સરયૂ નદી છે. જે નદી રામ જ્યાં જન્મ્યા હતા અને જ્યાં તેમણે રાજ્ય કર્યું હતું એ અયોધ્યા નગરી પાસે મંદ મંદ વહે છે. જેમ આ કથા માનસ સરોવરમાંથી પ્રગટી છે ! તેમ સરયૂ નદી હિમાલય પર આવેલા માનસ સરોવરમાંથી પ્રગટી છે ! રામ પ્રવાહમાં કરુણાની મધુરતા છે. તેમના ભાઈ અને ભક્ત સહચર લક્ષ્મણના પ્રવાહમાં ભક્તિની મધુરતા છે. જેમ સરયૂ નદીનો ગંગા સાથે સંગમ થાય છે, તેમ રામ કથાની કોમલ કરુણાનો અને લક્ષ્મણ કથાની કોમળ ભક્તિનો રામાયણમાં સંગમ થાય છે. તેમની વચ્ચે કરુણા અને પ્રેમ રામની યશગાથાનું ચિત્ર રચે છે; તે ચિત્ર દરેક ભારતીયના હૃદયની પ્રિયતમ ઉત્કંઠાને પરિપૂર્ણ કરે છે; દરેક આધ્યાત્મિક સાધનાનું લક્ષ્ય તેને સિદ્ધ કરવાનું હોય છે.

વ્યક્તિનો પ્રયાસ એ અડધી સાધના છે, તેનો બીજો અર્ધ ભાગ છે. ભગવાનની કૃપા માનવ સ્વ- પ્રયત્ન વડે તથા ભગવાનના આશીર્વાદ વડે પોતાને પરિપૂર્ણ બનાવે છે. તે પરિપૂર્ણતા તેને દ્વંદ્વોના અંધકારમય સમુદ્રની પેલે પાર એક, અંતર્યામી, પરાત્પર પરમાત્મા પ્રત્યે લઈ જાય છે.

રામાયણને એક માનવની કારકીર્દિના રેકોર્ડ તરીકે વાંચવાનું નથી. પણ તેને અવતારના આગમનની અને તેમની પ્રવૃત્તિઓની કથા રૂપે વાંચવાનું છે. આ કથામાં પ્રગટ કરેલા આદર્શોને નિશ્ચય પૂર્વક આત્માનુભૂતિ વડે સિદ્ધ કરવાનો પ્રયત્ન માનવે કરવાનો છે. ભગવાન સર્વજ્ઞ છે, સર્વ-વ્યાપક છે, સર્વ-શક્તિમાન છે, માનવ દેહમાં તે જે શબ્દો ઉચ્ચારે છે, પોતાની પૃથ્વી પરની યાત્રામાં તે જે કાર્યો કરવાની યોજના ઘડે છે, તેમનો અર્થ અચિંત્ય અને અસાધારણ હોય છે. તેમના સંદેશનાં મુલ્યવાન સ્ત્રોતો માનવ જાતિ માટે મુક્તિના માર્ગને સરળ બનાવે છે. રામને સૂર્યવંશના નબીરા અથવા અયોધ્યા રાજ્યના રાજા અથવા સમ્રાટ દશરથના પુત્ર માનશો નહિ. તે ઘટનાઓ તો ગૌણ અને

આકસ્મિક છે. આધુનિક વાચકોને તે ભૂલો કરવાની ટેવ પડી ગઈ છે; તેઓ જે કથા વાંચે છે; તેનાં પાત્રોના અંગત સંબંધો અને સ્વગાઈઓ ઉપર જ તેઓ ધ્યાન આપે છે; તેઓ જે મૂલ્યોના પ્રતિનિધિઓ હોય છે અને જે મુલ્યોને તે પાત્રોપ્રગટ કરે છે, તેમાં તેઓ ઊંડા ઉતરતા નથી.

આ ભૂલનું સવિસ્તર વર્ણન કરીએ તો; રામના પિતાને ત્રણ પત્નીઓ હતી; પહેલી પત્ની આવી હતી, બીજી પત્નીનો સ્વભાવ આવો હતો, ત્રીજી પત્નીમાં આવાં લક્ષણો હતાં ! તેમની દાસીઓ આવા ખરાબ પ્રકારની હતી. રામના પિતા દશરથે જે યુદ્ધો કર્યાં હતાં તેમના લક્ષણો અને ખાસિયતો આ પ્રકારનાં હતાં. આમ કલ્પના માણસને ક્ષુદ્ર અને રંગ-બેરંગીન પ્રદેશમાં ઘસડી જાય છે, પણ તેથી તે મૂલ્યવાન આંતર-સારની ઉપેક્ષા કરે છે. લોકોને એ ખ્યાલ રહ્યો નથી કે ઇતિહાસના અધ્યયનથી માણસનું જીવન સમૃદ્ધ, સાર્થક અને યોગ્ય બનવું જોઈએ; અધ્યયનથી ક્ષુદ્ર હકીકતોનો અને વિચારોનો લોભ સંતોષાય એ બસ નથી. તેમની પ્રમાણભૂતતા અને મૂલ્યવતા હકીકતોની અંદર ઊંડે રહેલી હોય છે. જે હકીકતોને જમીનની નીચે રહેલા જળની માફક ફળદ્રુપ બનાવે છેં ભક્તિનાં અને શ્રદ્ધાનાં ચશ્માં પહેરો; પછી તમારી આંખ તમને વિશુદ્ધ જ્ઞાન આપશે. જે જ્ઞાન તમને મુક્તિ અને સનાતન આનંદ આપશે.

જેવી રીતે માણસ તંતુવાળી શેરડીમાંથી રસને નિચોવી કાઢે છે અને માત્ર મિષ્ટતાનું જ પાન કરે છે. જેમ મધમાખી પુષ્પની સપ્રમાણતાને તથા રંગને જોયા સિવાય તેના મધુ-રસને ચૂસી લે છે; જેમ જવાળાની ઉષ્ણતાની અને અનિવાર્ય મૃત્યુની દરકાર રાખ્યા સિવાય પતંગિયુ જ્વાળામાં ઝંપલાવે છે, તેમ સાધકે રામાયણમાં ભરેલા કરૂણ રત્નનું ગ્રહણ કરવા માટે ઉત્કંઠા રાખવી જોઈએ બીજા વિષયો પ્રત્યે ધ્યાન ન આપવું જોઈએ. જ્યારે ફળ ખાવામાં આવે છે ત્યારે તેની છાલ બિયાં અને તંતુઓને ફેંકી દેવામાં આવે છે, પ્રકૃતિનો એ સ્વભાવ છે કે ફળોમાં તે ત્રણેય વસ્તુઓ હોય જ, છતાં પોતે તે ત્રણેયની કિંમત ચૂકવી છે એવી દલીલ કરીને કોઇપણ માણસ તેમને ખાશે નહિ કોઈ પણ માણસ ફળની અંદરનાં બિયાં ગળી જઈને તેમને પચાવી શકે નહિ કોઈ પણ માણસ બાહ્ય છાલને ચાવશે નહિ. તે જ રીતે આ રામાયણ નામના રામ ફળમાં રાક્ષસોની

કથાઓ એ બહારનું છોતરું છાલ છે; તે દુષ્ટ માણસોનાં દુષ્કૃત્યો ન પચાવી શકાય તેવાં કઠોર બીયાઅં છે; ઇન્દ્રિયોપભોગનાં દુન્યવી વર્ણનો અને ઘટનાઓ અસ્વાદિષ્ટ તંતુઓ છે; રસના પરિપોષણ માટે તે કોશો છે.

જે લોકો રામ-ફળ ના કરુણ-રસ ની ખોજ કરે છે, તેમણે કેન્દ્રભૂત કથા પર ધ્યાન એકાગ્ર કરવું જોઈએ, તેમાં આવતી, સુશોભનકારી અથવા ભાર-રૂપ ગૌણ વિગતો પર નહિ. તે મનોદશા રાખીને રામાયણની કથા સાંભળો; તે શ્રવણનો શ્રેષ્ઠ પ્રકાર છે.

એક પ્રસંગે પરિક્ષિત રાજાએ મહર્ષિ શુકને ચરણ પડીને પોતામાં ભયંકર શંકા પેદા કરતા એક પ્રશ્નનો ઉત્તર માંગ્યો હતો. "હે ગુરુજી, એક કોયડો મને ઘણા વખતથી સતાવી રહ્યો છે. હું જાણું છું કે તમારા સિવાય બીજું કોઈ મને તેનો ઉકેલ આપી શકશે નહિં. મારે માટે મનમાં કોઇ દુર્ભાવ લાવશો નહિં, મારા પ્રત્યે સહાનુભૂતિ રાખજો, અને મને સંતોષકારક ઉત્તર આપજો. મહાન મનુથી માંડીને મારા બધા પૂર્વજોનાં, બાપ-દાદાનાં જીવનોની કથાઓ સાંભળી છે. મેં તે કથાઓનું દરકાર-પૂર્વક અધ્યન કર્યું છે તેમાં મને માલમ પડ્યું છે કે તેમના દરેકના ઇતિહાસમાં એવું કથન આવે છે કે-દરેક રાજા પ્રત્યે આસકિતપ્રેમ રાખવા એવા કેટલાક ઋષિઓ, વિદ્વાન મુનિઓ-સંતો હતા, જેઓ રાજ સભાના સભ્યો હતા, દરબારમાં હાજરી આપતા, અને રાજયના વહીવટમાં ભાગ લેતા ! આ ઋષિ-મુનિઓએ તો બધી આસક્તિઓનો અને કામનાઓનો ત્યાગ કર્યો હતો, તેમને ભાન થયું હતું કે સંસાર તો એક પડછાયો માત્ર છે, જાળ માત્ર છે, એક પરમાત્મા જ સત્ય છે; તો પછી તેઓ રાજાઓ સાથે શા માટે સંબંધ રાખીને ગૌણ ભાગ ભજવતા હતા, પૂછવામાં આવે ત્યારે તે રાજાઓને સલાહ-સૂચનો આપતા હતા ? હું જાણું છું કે-યોગ્ય કારણો સિવાય તો પૂજ્ય વડીલો કોઇપણ પ્રવૃત્તિમાં ભાગ લે જ નહિ. તેમનું વર્ણન હંમેશા વિશુદ્ધ અને નિષ્કલંક જ હોય. પણ તે હકીકત મારી શંકાને વધારે પ્રબળ બનાવે છે, ઉકેલ ન લાવી શકાય તેવી બનાવે છે. કૃપા કરીને મને તેની સમજ આપો.

શુક્દેવ તે પ્રશ્ન પ્રત્યે હસ્યા. તેમણે જવાબ આપ્યો, "તમે જરૂર એક સુંદર સવાલ પૂછ્યો છે સાંભળો, મહાન ઋષિ-મુનિઓ અને પવિત્ર વિદ્વાનો પોતે જે સત્ય પ્રાપ્ત કર્યું છે તેમાં પોતે જે પાવનકારી અનુભૂતી પ્રાપ્ત કરી છે તેમાં પોતાને જે

ઉન્નતકારી કાર્યો કરવાનો વિશિષ્ટ અધિકાર પ્રાપ્ત થયો છે તેમાં, અને પોતે જે ભગવાનની કૃપા પ્રાપ્ત કરી છે તેમાં પોતાના માનવ-બંધુઓને ભાગીદાર બનાવવા માટે ઉત્સુક હોય. જેમને રાજ્ય વહીવટ ચલાવવાનો  છે, જેઓ લોકો પર શાસન કરવામાં નિપુણ છે તેમની નિકટતા તેઓ શોધે છે તે એવા ઇરાદાથી કે તે રાજાઓનો ઉપયોગ તોએ પૃથ્વી પર શાન્તિ અને સમૃદ્ધિ સ્થાપવામાં કરણો તરીકે કરી શકે; રાજાઓના મનમાં તેઓ ઉચ્ચ આદર્શો સ્થાપે છે. અને તે આદર્શોને સિદ્ધ કરવાના પાવન માર્ગો બનાવે છે; તેઓ ન્યાયી કાયદાઓ અનુસાર ધર્મ કાર્યો કરવાની રાજાઓને પ્રેરણા આપે છે. રાજાઓ પણ ઋષિ-મુનિઓને નિમંત્રે છે. તેમનું સ્વાગત કરે છે, વિદ્વાનોને શોધી કાઢી તેમને પોતાની રાજ સભામાં હાજર રહેવાની વિનંતી કરે છે. જેથી રાજાઓ તેમની પાસેથી શાસનની કલા શીખી શકે અને તેમની સલાહ પ્રમાણે વર્તી શકે. રાજા એ લોકોના સ્વામી અને રક્ષક હતો એટલો એ ઋષિ-મુનિઓ તેની સાથે પોતાના દિવસો ગાળતા, જેથી તેઓ રાજા દ્વારા પોતાના હૃદયની ઝંખનાને સિધુ કરી શકે લોકા: સમસ્તા: સુખીનો ભવન્તુ, બધા લોકો સુખી થાઓ. જગતમાં સર્વત્ર સુખ-શાન્તિ પ્રસરે તે જોવા માટે તેઓ ઉત્સુક હતા. તેથી તેઓ રાજાઓને બધા સદ્દગુણોવાળા બનાવવા માટે, સંયમ ના નીતિ-નિયમો શીખવાડવા માટે, જ્ઞાનની બધી શાળાઓથી સુસજ્જ કરવા માટે પ્રયાસ કરતા, જેથી રાજાઓ સફળતા-પૂર્વક, ડહાપણ પૂર્વક રાજ્ય ચલાવે અને પરિણામે પોતે તથા પ્રજાજનો સુખ અને કલ્યાણ પ્રાપ્ત કરે.

તેમાં બીજાં કારણો પણ હતાં. સાંભળો, ઋષિમુનિઓ જાણતા હતા કે માનવ-જાતિને આનંદ આપનાર, માનવ-જાતિનો બોધ આપનાર સૂર્ય-વંશના  આગેવાન, સનાતન આનંદ-રૂપી સ્વર્ગમાં રહેનાર એ રાજવંશમાં અવતાર લેવાના છે; તેઓ ઘટનાઓને અગાઉથી જોઈ શકતા હતા; એટલે તેઓ રાજાઓના દરબારમાં પ્રવેશ કરતા, જેથી અવતાર આવે ત્યારે તેઓ તેમના સંપર્કનો આનંદ અનુભવી શકે. તેમને દહેશત હતી કે પાછળથી તેમને તેવો પ્રવેશ કદાચ ન પણ મળે અને પોતે જે આનંદને પ્રાપ્ત કરી શકે તેને એ ગુમાવી દે. એટલે તેમણે પોતાની ભાવિ-દર્શનાની શક્તિનો લાભ ઉઠાવ્યો, અને અવતારની રાહ જોતા તેને રાજધાનીમાં સમાજની વચ્ચે નિવાસ કર્યો.

આ પૂજ્ય વશિષ્ઠ મંડળમાં  વિશ્વામિત્ર, ગર્ગ, અગસ્ત્ય અને બીજા ઋષિઓ હતા. તેમને કોઈ જરૂરિયાત ન હતી; તેઓ સન્યાસના, ત્યાગના બાદશાહો હતા; તેમને કોઈની પાસેથી કાંઈ પણ જોઈતું ન હતું. તેઓ સદા સંતુષ્ટ હતા. તે સમયના રાજાઓના સભા-ખંડમાં વાદ-વિવાદ કરવા કે પોતાનું પાંડિત્ય બતાવવા કે તેવા અતિથિઓને અને વાદ-વિવાદ કરનારાઓને આપાતી મૂલ્યવાન ભેટો સ્વીકારવા કે આશ્રયદાતાઓ પોતાના પસંદ કરેલા વિદ્વાનોને જે ભારરૂપ ઇલ્કાબો આપે છે તેમને સ્વીકારવા આવ્યા ન હતા. તેઓ તો માત્ર ભગવાનના દર્શન માટે અને માનવ વ્યવહારોમાં ધર્મના આધાર-રૂપ બનવાની તક પ્રાપ્ત કરવા  ઝંખતા હતા. તેમના મનમાં બીજી કોઈ લાલસા ન હતી.

તે સમયના રાજાઓ પણ દિવ્ય વિચારોમાં નિમગ્ન હતા ! તેઓ આ આશ્રમોમાં ઋષિ-મુનિઓની ઝૂંપડીઓમાં પોતાની પ્રજાને સુખી અને સંતુષ્ટ બનાવવાના ઉપાયો જાણવા માટે જતા; તેઓ ઘણી વાર તેમને પોતાના રાજ્ય મહેલોમાં નિમંત્રતા અને સારા રાજ્ય-વહીવટ ના ઉપાયો બાબત તેમની સલાહ લેતા. તે દિવસોમાં ઋષિઓને પોતાની જાત માટે આસક્તિ ન હતી, વિદ્વાનોને સત્તાની કોઈ ઈચ્છા ન હતી; તેવા લોકો રાજાઓને ઉપદેશ આપતા. પરિણામે પ્રજા-જનોને ભોજનની, વસ્ત્રની, મકાનની કે સ્વાસ્થ્યની કોઈ અછત ન હતી. બધા દિવસો ઉત્સવ-દિનો હતા; બધા દ્વારો લીલાં તોરણો વડે સુશોભિત હતાં, રાજાને એમ લાગતું કે-પોતાની પ્રજાના કલ્યાણમાં વૃદ્ધિ કરવી એ પોતાની ફરજ છે. પ્રજા-જનોને પણ એમ લાગતું કે રાજા રાજકારણનું હૃદય છે. તેમને પૂરી શ્રદ્ધા હતી કે રાજા પોતાના હૃદય જેટલો જ મૂલ્યવાન છે. રાજાની તેઓ એવી કિંમત આંકતા; તેઓ રાજા ને પુજતા અને તેના પ્રત્યે આભારની લાગણી રાખતા." શુકદેવે રાજ સભાઓમાં ઋષિઓ જે ભાગ ભજવતા હતા તે આવી સચોટ રીતે પોતાની આસપાસ બેઠેલા વિશાળ જન-સમૂહને સમજાવ્યો.

આ વાત મારા ધ્યાનમાં છે ? મહાન પુરુષો જે કાંઈ કરે છે, તેઓ જેમનો સમાગમ કરે છે તે બધું ધર્મ-માર્ગનું, પરમાત્માના માર્ગનું જ હોય; તેમનાં કૃત્યો સમગ્ર જગતના કલ્યાણમાં વૃધ્ધિ કરે ! એટલે જ્યારે રામાયણની અથવા ભગવાનની બીજી કથાઓનો પાઠ કરવામાં આવે અથવા તેમને વાંચવામાં આવે, ત્યારે ભગવાનની ભવ્યતા અને

રહસ્યમયતા પર, સાહજિક રીતે રહેલી સરળતા અને સત્ય ઉપર, અને દૈનિક જીવનમાં તેમના આચરણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. બીજી બાહ્ય વસ્તુઓને મહત્વ આપવું જોઈએ નહીં સ્વધર્મ બજાવવાનાં સાધનો અને રીતે એ શિખવાનો મહત્વનો પાઠ છે.

ધર્મની સ્થાપના માટે માનવ-રૂપમાં પ્રગટેલા ભગવાન માનવી રીતે વર્તે છે. તેમણે તેમ કરવું જ જોઈએ ! કારણ કે તેમણે માણસો સમક્ષ આદર્શ જીવન રજૂ કરવાનું છે અને માણસોને શાન્તિની અને આનંદની અનુભૂતિ બક્ષવાની છે. કેટલાંક લોકોની નજરે તેમની ગતિઓ અને લીલાઓ સામાન્ય અને સાધારણ જણાય પણ તે દરેક લીલા સૌંદર્યની, સત્યની, સારાપણાની, આનંદની, પરિપૂર્ણ આનંદની અભિવ્યક્તિ છે. તે તેની મનોહરતાથી જગતને મુગ્ધ બનાવશે. તેનું ધ્યાન કરનાર હૃદયને તે વિશુદ્ધ બનાવશે. તે મનના બધા વિક્ષભોને પરાજિત કરશે. તે માયાના આવરણને ચીરી નાંખશે. તે ચેતનાને મધુરતાથી સભર ભરી દેશે. અવતારોની કારકીર્દિમાં કશું જ સામાન્ય અને સાધારણ હોય નહીં. જેને સાધારણ અને સામાન્ય માનવામાં આવે છે તે બધું વાસ્તવિક રીતે પાર-માનવ, પાર-પ્રાકૃતિક અને ઉચ્ચ પૂજ્ય બુદ્ધિ માટે યોગ્ય હોય છે.

રામની કથા એ એક વ્યક્તિની કથા નથી; તે વિશ્વની કથા છે. રામ એ સર્વ પ્રાણીઓમાં રહેલી પ્રમાણભૂત વૈશ્વિકતાની મૂર્તિ છે, તે બધામાં છે, બધા માટે છે, સર્વ સમય માટે અને સર્વત્ર છે. તે ભુતકાળની કથા નથી, પણ અનાદિ અને અનંત કાળની-વર્તમાન કાળની તથા ભવિષ્યકાળની કથા છે !

રામની ઈચ્છા વિના કોઈ કીડી ચટકો ભરી શકે નહી ! રામની પ્રેરણા સિવાય કોઈ પાંદડું પોતાની ડાળી પરથી નીચે પડી શકે નહિં. તેમના ભયને લીધે આકાશ, વાયુ, તેજ, જલ અને પૃથ્વી વિશ્વની રચના કરતાં પંચ મહાભૂતો તેમની આજ્ઞાનુસાર વર્તે છે ! રામ એક એવું તત્વ છે, જે પ્રકૃતિના વિવિધ તત્વોને આકર્ષે છે અને તે આકર્ષણ દ્વારા તેમને પ્રિય બનાવે છે. એક તત્વ બીજા તત્વ પર જે આકર્ષણ કરે છે તેને લીધે વિશ્વ અસ્તિત્વમાં આવેલું છે અને કાર્ય કરી રહ્યું છે.

તે રામ-તત્વ છે, જેના સિવાય બધે અંધાધૂંધી વ્યાપી જાય, એટલે એમ કહેવાય છે કે જો રામ ન હોય, તો વિશ્વનું દ્રશ્ય ન હોય.

## અધ્યાય 2

## સમ્રાટ નો વંશ

અણીશુદ્ધ સૂર્ય-વંશમાં ખૂબ શક્તિશાળી, કીર્તિ શાળી, બળવાન બાહુવાળા, પ્રજાજનો જેમને ખૂબ ચાહતા હતા એવા, પૂજ્ય રાજા ખટ્વાંગ જન્મ્યા હતા. તેમના શાસનને પોતાના પ્રજાજનોની વિશાળ વસ્તી ઉપર આનંદ વરસાવ્યો હતો, અને તેથી લોકો તેમને ભગવાનની પેઠે પૂજતા હતા, તેમને દિલીપ નામનો એક જ પુત્ર હતો. જ્ઞાન અને સદગુણોથી પ્રકાશતા એવા તે મોટા થયા. પ્રજાજનોનુ રક્ષણ કરવાની અને તેમને માર્ગદર્શન આપવાના વિશિષ્ટ અધિકારમાં અને આનંદમાં તેમણે પિતા સાથે ભાગીદારી નોંધાવી હતી. પ્રજાજનોના સુખદુઃખ જાણવાની ઈચ્છાથી, તેમનાં દુઃખોને દૂર કરવાના ઉપાયો શોધી કાઢવાની ઇચ્છાથી તેમનું કલ્યાણ કરવાની અને તેમને સંપત્તિશાળી બનાવવાની ઈચ્છાથી તે તેમની વચ્ચે પરિભ્રમણ કરતા હતા. પુત્રને સરળ, બળવાન, સદગુણી અને જ્ઞાની બનતા જતા પુત્રને પિતાએ નિહાળ્યો. તેમણે તેમને માટે એક કન્યા શોધી, જેથી લગ્ન પછી તે શાસનના ભારનો થોડો ભાગ તેને સોંપી શકે. તેમણે અનેક રાજમહેલમાં કન્યાની શોધ કરી, કારણ કે તે કન્યા પોતાના કુમાર માટે યોગ્ય સાથીદાર હોવી જોઈએ. છેવટે મગધરાજની કુમારી સુદક્ષિણા પર તેમની પસંદગી ઉતારી. પ્રજાજનોએ અને દરબારે લગ્નને અસાધારણ ભપકાથી આનંદ પૂર્વક ઉજવ્યું.

સુદક્ષિણામાં નારીના બધાં સદગુણો ખૂબ પ્રમાણમાં હતા. તે ધાર્મિક સરળ હતી, અને પોતાના પતિને દિલની સચ્ચાઈ પૂર્વક પૂજતી તે પોતાના પતિની સેવા કરતી અને જાણે તે પોતાના પ્રાણ હોય તેમ તેમને પ્રેમ કરતી. તે પોતાના પતિના માર્ગને અનુસરતી અને કદી ધર્મના માર્ગથી ચ્યુત થતી નહીં.

દિલીપ પણ ધર્મમૂર્તિ હતા, અને તેથી કોઈ જરૂરિયાત કે નિરાશા તેમને કદી સતાવતી નહિ. તે પોતાના પિતાના આદર્શોને અને આચારને મક્કમ પણે ચીટકી રહેતા ખાસ કરીને સામ્રાજ્યના વહીવટની બાબતમાં અને તેથી ધીમે ધીમે જરા પણ વિક્ષેપ પેદા કર્યા સિવાય વહીવટની જવાબદારી પોતાના પર લઈ શક્યા. આમ વૃદ્ધાવસ્થામાં તે પોતાના પિતાને આરામ આપી શક્યા. પુત્રના સદગુણો, ચતુરાઈ, કાર્યકુશળતા અને

વ્યવહારુ જ્ઞાન જોઈને ખટ્વાંગ મનમાં આનંદ પામતા આમ કેટલાંક વર્ષ વીતી ગયા પછી ખટ્વાંગે રાજ સભાના જ્યોતિષીઓને દિલીપના રાજ્યાભિષેક માટે શુભ દિવસ અને શુભ મૂહૂર્ત ખોળી કાઢવાની આજ્ઞા કરી તેમણે નક્કી કરેલા દિવસે ખટ્વાંગે દિલીપનો રાજ્યાભિષેક કર્યો.

એ દિવસથી દિલીપ એક સમૃદ્ધથી બીજા સમુદ્ર સુધી વિસ્તરતા, સાત દ્વિપોવાળા રાજ્યના સ્વામી અને શાસક તરીકે ઝળકી ઉઠ્યા, તેમનું શાસન એટલું બધુ ધર્મ્યે અને દયાળુ હતું, ધર્મશાસ્ત્રોના નિયમોને એટલું બધું અનુસરતું હતું કે જરૂર પ્રમાણે હંમેશા વૃષ્ટિ થતી અને ખૂબ સમૃદ્ધ પાક મળતો, સમગ્ર સામ્રાજ્ય લીલું છમ, યશસ્વી ઉત્સવમય અને પરિપૂર્ણ હતું દરેક ગામમાં ગવાતા વેદ મંત્રોના  પાવન ધ્વનિ વડે આખો દેશ ગુંજી ઉઠતોઃ આખા દેશમાં કરાતા વૈદિક યજ્ઞોમાં ગવાતા મંત્રોની પાવનકારી છંદોમયતા બધે પ્રસરી જતીઃ દરેક જાતિ બીજી જાતીઓ સાથે સુસંવાદી રીતે જીવતી.

પણ મહારાજને કોઈ ગુપ્ત ચિંતા સતાવતી હતી; તેમનું મુખ નિસ્તેજ બની રહ્યું હતું. થોડાંક વર્ષો વીતી ગયા, પણ તેમાં કોઈ ફેરફાર પડ્યો નહીં, નિરાશા તેમના લલાટ પર વધુ દ્રઢતા-પૂર્વક ઊંડી રેખાઓ આંકતી હતી. એક દિવસ તેમણે પોતાની રાણીને પોતાની નિરાશાનું કારણ જણાવ્યું, "વહાલી સુદક્ષિણા, આપણને કોઈ સંતાન નથી, અને તેથી શોક મારા પર સવાર બનીને બેઠો છે. આ ઇક્ષ્વાકુ-વંશનો મારી સાથે અંત આવશે- એ વિચારથી મને ખૂબ ખેદ થાય છે. મેં કોઈક પાપ કર્યું હશે. જેથી આ સંકટ આપણા પર આવી પડ્યું છે. આ પ્રતિકુળ નસીબનો  સામનો કરવાથી કોઇ પણ પ્રક્રિયા મને સૂઝતી નથી. હું પરમાત્માની કૃપા પ્રાપ્ત કરી શકું અને મારા પાપનું પ્રાયશ્ચિત કરી શકું તેવા ઉપાયો આપણા કુળગુરુ વશિષ્ઠ પાસેથી જાણવાની મને ઉત્કટ ઈચ્છા છે. હું શોકથી ખૂબ વિક્ષુબ્ધ બની ગયો છું.  ભગવાનની કૃપા પ્રાત્ય કરવાના છેલ્લા ઉપાય તરીકે તું શું સૂચવે છે.

સુદક્ષિણા ઉત્તરનો વિચાર કરવામાં જરા પણ સમય ગુમાવ્યો નહીં. તે બોલી. "સ્વામી, તે જ ભયે મારા મનમાં પણ પ્રવેશ કર્યો છે; તેણે મારા મનમાં ખૂબ શોક પેદા કર્યો છે; મેં તેને અભિવ્યક્ત કર્યો ન હતો મેં તેને મનમાં જ દબાવી રાખ્યો, કારણ કે

મારા સ્વામી એવા તમે મને પ્રેરિત ન કરો ત્યાં સુધી હું મારા ભયોને પ્રગટ કરી શકું નહીં. આપણા શોકને દૂર કરવા માટે તમને જે શ્રેષ્ઠ ઉપાય લાગે તેને ટેકો આપવા માટે અને તેને અનુસરવા માટે હું હંમેશા તત્પર અને આતુર છું. તેમાં વિલંબ શા માટે કરવો ? ચાલો, આપણે પૂજ્ય વશિષ્ઠની સલાહ લેવા જઈએ. દિલીપે ગુરુના આશ્રમમાં જવા માટે રથ લાવવાની આજ્ઞા કરી. તેમણે કહ્યું કે આજે કોઈપણ અંગરક્ષકે કે દરબારી એ મારી સાથે આવવાની જરૂર નથી. હકીકતમાં, તેમણે પોતે રથ હાકયો, અને તે ગુરુદેવની સાદી ઝૂપડીએ પહોંચી ગયા.

રથનો અવાજ સાંભળીને આશ્રમની બહાર ઊભેલા તપસ્વીઓ ઝૂંપડીમાં દોડી ગયા અને ગુરુદેવને જાણ કરી કે સામ્રાજ્યના શાસક પધાર્યા છે. દ્વાર નજીક આવી પહોંચેલા રાજાને જોતાવેત વશિષ્ઠે તેમના પર આશીર્વાદ વરસાવ્યા, પ્રેમ-પૂર્વક તેમના કુશળ સમાચાર પૂછ્યા. તેમના પ્રજાજનોના તથા સગા-સંબંધીઓના કુશળ સમાચાર પૂછ્યા.

સુદક્ષિણા વિખ્યાત ઋષિ-પત્ની- અયુંધતીને  પગે પડી. અયુંધતી શ્રેષ્ઠ નારીઓના સદ્દગુણોથી સુશોભિત હતાં. અયુધતીએ સુદક્ષિણાને પોતાના હાથમાં ઊંચકી લઇને આલિંગન આપ્યું અને તેમના કલ્યાણ સમાચાર પૂછ્યા. તે તેમને આશ્રમની અંદરના ભાગમાં લઈ ગયા.

રાજ્યના રાજાને શોભે તે રીતે દિલીપે વશિષ્ઠને પૂછ્યું કે "સાંસ્કૃતિક પરંપરાના ભાગ તરીકે મુનિઓ વડે કરાતા અમારા યજ્ઞ-યાગાદીનો કોઈ અવરોધ વગર બરાબર ચાલે છે ને ? તે તપસ્વીઓને આહારમાં પોતાના અધ્યયનમાં, અને આધ્યાત્મિક સાધનામાં કોઈ મુશ્કેલી નડતી નથી ને ? જંગલી પશુઓ તેમનાં તપોવનોને ભય તો પહોંચાડતાં નથીને? કોઈ પણ પ્રતિકૂળ પરિસ્થિતિને કારણે અથવા વિરોધી અસરને કારણે કોઈ પણ જાતની ખલેલ વગર તેઓ પોતાના અધ્યયનમાં અને આધ્યાત્મિક સાધનામાં પ્રગતિ કરે એવી મારી તિવ્ર આકાંક્ષા છે."

જ્યારે રાજા અને રાણી ઝુંપડીમાં પ્રવેશ કરીને  એકત્રિત થયેલા મુનિઓ તથા સાધકો સાથે બેઠાં, ત્યારે વશિષ્ઠે મુનિંઓને તથા સાધકોને પોતપોતાના આશ્રમોમાં જવાનુ કહ્યું. પછી તેમણે રાજાને પૂછ્યું કે તમે કોઈપણ પરિચારક સિવાય, એકલા રાણી

સાથે અહી કેમ આવ્યા છો ? રાજાએ ગુરુને ત્યાં જવાનું કારણ દર્શાવ્યું, પોતાનો ઊંડો શોક પ્રગટ કર્યો, અને તેમની કૃપામાત્ર રૂપી ઉપાય માટે પ્રાર્થના કરી.

તે પ્રાર્થના સાંભળીને વશિષ્ઠ ઊંડા ધ્યાનમાં નિમગ્ન બની ગયા, સંપૂર્ણ શાંતિ છવાઈ ગઈ, રાજા પણ પદ્માસન વાળીને, પોતાના મનને પરમાત્મામાં વિલીન કરી દઈને બેઠા. રાણીએ પણ પોતાના મનનો તાર પરમાત્મા સાથે જોડી દીધો.

છેવટે વશિષ્ઠે પોતાની આંખો ઉઘાડીને કહ્યું, "હે રાજા, માણસ ગમે તેટલો શક્તિશાળી હોય, તો પણ તે ભગવાનની ઈચ્છા વિરુદ્ધ જઈ શકતો નથી. મારામાં ભગવાનના સંકલ્પ વિરુદ્ધ જવાની શક્તિ નથી. મારા આશીર્વાદ દ્વારા તમને ઇચ્છિત પુત્ર આપવાની કૃપા જોઈતી માત્રામાં હું વ્યક્ત કરી શકું તેમ નથી તમને એક શાપ મળેલો છે. એક વાર તમે બહારથી રાજધાની તરફ આવી રહ્યા હતા, ત્યારે કલ્પવૃક્ષની શીતલ છાયામાં કામધેનું આરામ કરી રહી હતી. તમારી આંખ તેના પર પડી. પણ દુન્યવી સુખોની જાળમાં ફસાયેલા તમે તેમની ઉપેક્ષા કરી  અને અભિમાનમાં તમારા રાજમહેલ તરફ ચાલ્યા ગયા. તે ઉપેક્ષાથી કામધેનુંને દુઃખ થયું, તમે તેને પ્રણામ ન કર્યા તેથી તેને માઠું લાગ્યું, તેને લાગ્યું, કે "જ્યારે રાજા કામધેનું પ્રત્યે પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ ગયા છે. ત્યારે લોકો પણ તેનું અપમાન કરવા લાગશે. જ્યારે રાજાઓ વેદોને, અથવા વેદોનું અધ્યયન કરતા અને  તેમનું આચરણ કરતા બ્રાહ્મણોને, અથવા માનવનું ભરણ પોષણ કરતી ગાયને પૂજ્ય ગણતા નથી અને તેમની ઉપેક્ષા કરે છે, અને નિર્ભયતા પૂર્વક સ્વૈચ્છામય  રીતે રાજ્યનું શાસન ચલાવે છે, ત્યારે તેના રાજ્યમાં ધર્મ રહેશે નહીં."

તે દિવસે કામધેનુએ તમને શાપ આપ્યો કે તમને ગાદીના વારસ તરીકે પુત્ર નહીં થાય; પણ જ્યારે તમે ગુરુની સલાહ અનુસાર નમ્રતા પૂર્વક અને  પૂજય બુદ્ધિ પૂર્વક ગાયની સેવા કરશો, આભાર વૃતિથી તેની પૂજા કરશો ત્યારે આ શાપ ટળી જશે અને તમને વારસ તરીકે પુત્ર પ્રાપ્ત થશે."

એટલે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે આ ક્ષણથી જ તમે તમારી રાણી સાથે ગાયની પૂજા કરવા માંડો, અને તમને ચોક્કસ પુત્રની પ્રાપ્તિ થશે. તે ઘડી આવી પહોંચી છે, જ્યારે

ગાયો ઘાસના ખેતરમાંથી ઘેર આવવા લાગે છે. મારા નિધિ રૂપ દિવ્ય નંદિની-ગાય ઝડપ ભેર આશ્રમ તરફ આવી રહી છે. જાઓ, ભક્તિ અને સ્થિર શ્રદ્ધા પૂર્વક તેની સેવા કરો તેને યોગ્ય સમયે ખોરાક અને જળ આપો. તેને સ્નાન કરાવો તેને ચરવા માટે ખેતરમાં લઈ જાઓ અને ચરતી વખતે તેને કોઈ ઈજા ન પહોંચે તેનો ખ્યાલ રાખો."

પછી વશિષ્ઠે રાજાને અને રાણીને ધેનુવ્રતની દીક્ષા આપી, તેમણે ગાયની પૂજા માટે તેમને પવિત્ર જળ અને બલિ આપ્યાં, અને તેમને ગૌશાળામાં મોકલ્યાં, પછી વશિષ્ઠ પોતે સ્નાન અને સાયં સંધ્યા માટે નદી તરફ ચાલી નીકળ્યા.

એક દિવસ જ્યારે નંદિની સુખપૂર્વક વનમાં ચરી રહી હતી, ત્યારે એક સિંહે તેને જોઈ, પોતાની ક્ષુધા શાંત કરવા માટે તેણે ગાયનો પીછો પકડ્યો. દિલીપે તે જોયું, ગાય પર તૂટી ન પડે તે માટે તેણે પોતાની સઘળી શક્તિ અને ચતુરાઇ અજમાવી, ગાયના બદલામાં તેણે પોતાનો દેહ સમર્પિત કરી દેવાનો નિર્ણય કર્યો. તે સિંહ ભયંકર અને માંસાહારી હતો,  પણ તે ધર્મનું ચુસ્તપણે અનુસરણ કરતો હતો પોતે જેને પૂજતો હતો તે ગાયને બચાવવા માટે આત્મ-બલિદાન આપવા તૈયાર થયેલા રાજાને જોઈને તે સિંહમાં કરુણા ઉપજી, તેણે તે ગાયને અને રાજાને પોતાની પકડમાંથી છોડી દીધા અને ત્યાંથી ચાલ્યો ગયો.

દિલીપની આત્મા-બલિદાનની ભાવના જોઇને નંદિનીમાં અવર્ણનીય આનંદની અને આભાર વૃત્તિ ની લાગણી ઊભરાઇ ગઇ. તેણે કહ્યું "હે રાજા,  આ ક્ષણેજ તમને જે શાપ લાગ્યો હતો તે ટળી ગયો છે. તમને એવો પુત્ર પ્રાપ્ત થશે કે જે આખા જગતને તાબે કરશે, ધર્મના સિદ્ધાંતોને આચરશે અને તેમની રક્ષા કરશે, સ્વર્ગમાં તથા પૃથ્વી યશને પ્રાપ્ત કરશે, તમારા વંશની કીર્તિમાં વધારો કરશે અને સૌથી વધારે મહત્વની વાત તો એ છે કે તે ઇક્ષ્વાકુ વંશને ચાલુ રાખશે, જેમાં એક દિવસ ભગવાન નારાયણ પોતે જ જન્મ લેશે ! એવો પુત્ર તમને જલ્દી પ્રાપ્ત થાઓ" નંદિનીએ રાજાને આશીર્વાદ આપ્યા રાજા સાથે તે ગાય વસિષ્ઠ મુનિના આશ્રમમાં પાછી આવી.

વશિષ્ઠને તે ઘટના વિષે કાંઈ કહેવાની જરૂર ન હતી ? તે બધું જાણી ગયા હતા. રાજાના અને રાણીના મુખને જોતાં વેંત જ તેમણે અનુમાન કર્યું કે તેમની ઇચ્છા પરિપૂર્ણ

થઈ ગઈ છે, એટલે તેમને આશીર્વાદ આપીને તેમને નગરીમાં જવાની રજા આપી. પછી દિલીપ અને રાણી સુદક્ષિણાએ મુનિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા, અને ઘટનાઓના સુખદ વળાંકથી ખૂબ આનંદિત બનીને તેઓ રાજમહેલમાં આવી પહોંચ્યા.

આશીર્વાદે ગેરંટી આપી હતી કે તે અનુસાર રાણીને ગર્ભ રહ્યો જ્યારે મહિનાઓની અવધિ પૂરી થઈ ત્યારે શુભ મુહૂર્તમાં રાણીએ પુત્રને જન્મ આપ્યો. ત્યારે તે સુખદ સમાચાર નગરીમાં અને રાજ્યમાં પ્રસરી ગયા. ત્યારે ખૂબ આનંદ પૂર્વક હજારો લોકો રાજમહેલની આસપાસ એકત્રિત થયા. માર્ગોમાં લીલા પાંદડાંના તોરણો અને ધજાઓ બાંધવામાં આવ્યા. માણસોના સમૂહો આનંદમાં નૃત્ય કરવા લાગ્યા અને બીજાઓને તેમાં ભાગ લેવા માટે નિમંત્રવા લાગ્યા. તે પ્રસંગે તેઓ કપૂરની આરતી ઉતારવા લાગ્યા. વિશાળ જન-મેદની જય-જયના પોકારો કરવા લાગી, અને રાજમહેલના પ્રાંગણ તરફ જવા લાગી.

રાજાએ પ્રધાનને આજ્ઞા કરી કે તમે પોતે જ એકત્રિત થયેલા લોકોને સામ્રાજ્યના વારસામાં એવા પુત્રના જન્મની વધાઈ આપો. જ્યારે પ્રધાને વધાઈ આપી, ત્યારે જનમેદની ના આનંદ-પૂર્ણ પોકારોનો ધ્વની આકાશ સુધી પહોંચી ગયો. એ ધ્વનિ મોટો હતો અને તે લાંબા સમય સુધી ચાલ્યો એક ગલીમાંથી બીજી ગલીમાં જય ધ્વનિના પડઘા પડ્યા, જન મેદનીને વિખેરાઈ જઈને ઘેર પહોંચવામાં ઘણા કલાકો વીતી ગયા.

દસમે દિવસે રાજાએ ગુરુને બોલાવ્યા અને તેમની પાસે નામ કરણ નો વિધી કરાવ્યો. જન્મની રાશિ અનુસાર રઘુ નામ પસંદ કરવામાં આવ્યું. બાળક પોતાની કાલી કાલી વાણીથી અને રમત ગમતથી બધાને આનંદ આપવા લાગ્યો. બધા જ તે તેજસ્વી અને સુંદર બાળકને લાડ કરવા લાગ્યા. તે વીસ વર્ષનો થઇ ગયો અને તેના પિતાનો એક બહાદુર અડગ નિશ્ચયી, કાર્ય કુશલ સહાયક બની ગયો.

એક રાતે કોઈપણ રાજાની તે લાગણીનું કારણ સમજી શક્યું નહીં રાણી સાથે વાતચીત કરતા દિલીપે કહ્યું, "સુદક્ષિણા, મેં ઘણા ભવ્ય વિજયો પ્રાપ્ત કર્યા છે. અનેક મહાન યજ્ઞ વિધીઓ કરવામાં મને સફળતા મળી છે. બળવાન આક્રમણખોરો સામે મેં અને ભીષણ જંગ ખેલ્યા છે અને તેમને બધાને મેં હરાવ્યા છે. ભૂત પ્રેતોને પિશાચોને

અવ માનવ  અસુરોને પણ હરાવ્યા છે. આપણો પુત્ર એક મૂલ્યવાન રત્ન છે. હવે આપણે બીજું કાંઈ મેળવવાનું રહ્યું નથી. હવે આપણે જીવનનો શેષ ભાગ ભગવાનની ભક્તિમાં ગાળીશું. રઘુમાં બધા સદગુણો આશ્રય કરીને રહેલા છે. સામ્રાજ્યનું શાસન કરવાના ભારનું વહન કરવા માટે રઘુ બધી રીતે યોગ્ય છે. આપણે રાજ્ય તેને સોંપી દઇએ, આપણે જંગલમાં એકાંતમાં ચાલ્યા જઈએ, ફળ મૂળ ખાઈને જીવન નિર્વાહ કરીશું ભગવાનનું ચિંતન કરવા અને તપોમય જીવન ગાળતા ઋષિ મુનિઓની આપણે સેવા કરીશુ, અને પવિત્ર શ્રવણ મનન નિદિધ્યાસનમાં સમય વિતાવીશું. તામસિક ગુણો પર આધારિત આળસમાં એક ક્ષણ પણ આપણે નકામી જવા દઈશું નહીં."

એમ કહીને, પરોઢ થયું કે તરતજ તેમણે પોતાના પ્રધાનને પોતાની પાસે બોલાવ્યો અને આજ્ઞા કરી કે રાજકુમારના રાજ્યાભિષેક માટે તથા લગ્ન માટે તૈયારીઓ કરો. ત્યાગની ભાવનાથી પરીપૂર્ણ એવા દિલીપે રાણી ને પૂછ્યું કે તારી યોજનાઓ શી છે ? આનંદના અને આભારના આંસુ સારતાં તે બોલી કે "આનાથી બીજું મોટું કયું સદ્દભાગ્ય મને પ્રાપ્ત થવાનું હતું ? હું તમારી આજ્ઞાકિત છું  તમારી યોજનાઓને આગળ ધપાવો." રાણીના ઉત્સાહથી અને રાજીખુશી વડે કરાયેલા સ્વીકારથી સમ્રાટનો નિર્ણય વધારે બળવાન બન્યો.

દિલીપે પોતાના પ્રધાનોને, વિદ્વાનોને અને ઋષિ-મુનીઓને બોલાવ્યા, અને પોતાના પુત્રનો રાજ્યાભિષેક કરવાનો અને તેનો વિવાહ કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો. તે બધા પૂરા હૃદયથી તેની સાથે સંમત થયા, અને ખૂબ ભપકા પૂર્વકતે બંને પ્રસંગો ઉજવવામાં આવ્યા પછી પિતાએ પુત્રને રાજ્ય વહીવટ સંબંધી સલાહ આપી, વેદોના અધ્યયનને તથા વેદ વિદ્યાના વિદ્વાનોનું પોષણ કરવાને વેગ આપવા પર ભાર મૂક્યો, અને લોકોની પ્રગતિમાં વૃદ્ધિ થાય તેવા નિયમો ઘડી કાઢ્યા પછી તે ભગવાનની કૃપા પ્રાપ્ત કરવાનો નિર્ધાર કરીને રાણી સાથે વનમાં ગયા.

તે દિવસથી રઘુ રાજાએ રાજ્ય કરવા માંડ્યું. તેમાં તે પંડિતોની આજ્ઞા અનુસાર વર્તતા. તેમનાં મુખ્ય હેતુઓ બે હતા પ્રજાજનોનું સુખ અને નીતિમય જીવનમાં વૃદ્ધિ. તે માનતા કે એ બે વસ્તુઓ  પ્રાણ સમાન મહત્વની છે, પોતાના આદર્શો સિદ્ધ કરવામાં તે

કશી ઊણપ રાખતા નહીં, સચિવો પણ તે માર્ગને ચીટકી રહે તેની તે કાળજી રાખતા. રઘુ રાજા યુવાન હતાં, પણ તેમનામાં અનેક સદગુણો હતા. સમસ્યા ગમે તેટલી વિકટ હોય પણ તે જલદી તેને સમજી લેતા અને તેનો ઉકેલ શોધી કાઢતા. તેમણે પોતાના પ્રજાજનોને સુખી અને સંતુષ્ટ બનાવ્યા. તે દુષ્ટ રાજાઓને કઠિન બોધપાઠ ભણાવતા હતા. શાન્તિમય અભિગમ વડે મુત્સદ્દીભરી યુક્તિ પ્રયુક્તિઓ વડે, અથવા તેમને જીતી લેવા માટે નાનકડું સૈન્ય રણભૂમિમાં ખડું કરી દઈને અથવા રણભૂમિમાં તેમને હરાવીને, તે તેમને પોતાના પક્ષમાં જીતી લેતા.

લોકોને કલ્યાણકારી પ્રવૃત્તિઓમાં અને વેદોની સંસ્કૃતિની વૃદ્ધિ કરે તેવા કાર્યોમાં તે પરોવાયેલા હતા. લોકોની ઉમ્મર, અર્થકારણી દરજ્જો, અથવા પ્રાપ્તિઓ ગમે તે હોય, પણ તે બધા તેમની પ્રશંસા કરતા હતા. તેઓ કહેતા હતા કે શારીરિક શક્તિઓમાં હિંમતમાં, સદાચારમાં અને કરુણામાં તે તેમના પિતા કરતાં પણ અધિક છે. દરેક જણ કહેતું કે તેમણે પોતાના નામને સદાકાળ માટે સાર્થક બનાવ્યુ છે.

તપોવનમાં તપસ્યામાં ગૂંથાયેલા તપસ્વીઓની દરકાર અને સગવડ પ્રત્યે તે ખાસ ધ્યાન રાખતા. તેમને કોઇ સતાવે નહી, કનડગત કરે નહી તે માટેની વ્યવસ્થા પર તે જાતે દેખરેખ રાખતા, અને તેમને તે રક્ષણ અને પ્રોત્સાહન આપતા. તેથી રઘુરાજાને તે તપસ્વીઓની કૃપા અને આશીર્વાદ પુષ્કળ પ્રમાણમાં મળી રહેતા.

એક દિવસ વરતંતુનો તાપસ શિષ્ય કૌત્સ પોતાનું વેદાધ્યયન સમાપ્ત કરીને તેના દરબારમાં આવ્યો. તેણે પોતાના ગુરુને આપવાની દક્ષિણમાં મદદ કરવાની વિનંતિ રાજાને કરી. તેને જોઇતાં નાણાં રઘુએ આપ્યાં,. પોતાને મળેલું દાન શુદ્ધ છે, લોકોને પીડાયા વગર એકઠાં કરેલાં નાણામાંથી તે મળ્યું છે, લોકોએ તે નાણાં આનંદપૂર્વક અને આભાર વૃત્તિ પૂર્વક આપ્યાં છે તેથી કૌત્સ  રાજી થયો. જરૂર કરતાં એક પણ વધારે પૈસો રઘુ રાજા લોકો પાસેથી વસૂલ કરતો નહિ, કારણ કે તેને હંમેશા ભગવાનના કોપનો ભય રહેતો હતો. દાન ખૂબ  પ્રેમ પૂર્વક અને માન પૂર્વક આપવામાં આવ્યું હતું, એટલે કૌત્સનું હૃદય આનંદથી અને આભારની લાગણીથી ઊભરાઇ ગયું. તેણે રઘુને આશીર્વાદ આપ્યો

કે વિશ્વમાં સર્વત્ર પ્રસરી ગયેલી કીર્તિવાળો પુત્ર તમને થોડા જ સમયમાં પ્રાપ્ત થાઓ. એમ કહી કૌત્સે વિદાય લીધી.

તેનો આશીર્વાદ ફળ્યો. ૧૦ મહિના પછી રઘુને ત્યાં હીરા જેવો જાજવલ્યમાન એક પુત્ર જન્મ્યો. રાજમહેલના પુરોહિતોએ તેના નામકરણનો વિધિ કર્યો. તેનું નામ અજ પાડવામાં આવ્યું. તે એક સુંદર બાળક હતો. તે એક તેજસ્વી કુમાર બન્યો. બધી કલાઓ અને વિજ્ઞાનો શિખવા માટે તે ઇંતજાર હતો, તે દરેક વિદ્યામાં નિષ્ણાંત થયો. આખા દેશમાં મહાન વિદ્વાન તરીકેની અને કુશળ કુમાર તરીકેની તેની કીર્તિ પ્રસરી ગઇ.

સમય જતા રઘુને પણ પોતાના પિતાની પેઠે, રાજ્ય ભાર પોતાના પુત્રને સોંપીને ભગવાનનું ચિંતન કરવા માટે વનમાં જવાની ઈચ્છા થઈ તેણે કુમારનો રાજ્યભિષેક કરી તેને સત્તા સોંપી દેવા માટે અને અજનું યોગ્ય કન્યા સાથે લગ્ન કરવા માટે પ્રધાનોને પોતાની પાસે બોલાવ્યા. મગધના રાજા ભોજરાંજની બહેન ઈન્દુમતીને અજની જીવન-સાથી બનવા માટે પસંદ કરવામાં આવી. અજને ગાદી પર બેસાડ્યા પછી રાજા અને રાણી વનના આશ્રમમાં રહેવા માટે ચાલ્યાં ગયાં.

પોતાનાં જ્ઞાન અને સહાનુભૂતિ વડે, અજે પોતાની પ્રેમાંળ પત્નીની મદદથી પ્રજાજનોની વફાદારી જીતી લીધી. વહીવટની રીત રસમોમાં તથા ઉપાયોમાં અજ રાજા રઘુની સલાહનું કડકપણે પાલન કરતો હતો. અજ જગતને અને તેના નિવાસીઓને, જાણે તે પોતાની પ્રિયા ઇન્દુમતીનાં પ્રતિબિંબો અને મૂર્તિઓ હોય તેમ, ચાહતો અને પૂજતો હતો. એટલે તે સુખી અને આનંદી બન્યો. અજ અને ઇન્દુમતી સુંદર તપોવનોમાં અનેક દિવસો અને અનેક અઠવાડિયાં ગાળતાં, અને પ્રકૃતિની ભવ્યતાને તથા તેજસ્વિતાને વખાણતાં.

તે દરમિયાન રાણીએ એક પુત્રને જન્મ આપ્યો. તે સુખપ્રદ ઘટનાથી માતા-પિતાને ખુબ આનંદ થયો. તેમણે પોતાના પૂજ્ય ગુરુ વશિષ્ઠને તે સમાચાર મોકલ્યા. તે નવા જન્મેલા બાળકનો નામકરણ વિધિ કરાવવા માગતાં હતાં. કુમારનું નામ દશરથ પાડવામાં આવ્યું.

જે કોઈ દશરથને જોતું અને તેને લાડ લડાવતું, તેનો તે લાડીલો બની જતો. કુમાર જાણે પ્રાણ સ્ફુર્તિની અને આનંદની મૂર્તિ હોય તેમ, તે પોતાના અંગોને ઉછાળતો હતો, એમ લાગતું કે તે આનંદ વડે પુષ્ટિ પ્રાપ્ત કરી રહ્યો છે અને બધાને આનંદ આપવા માટે જ જીવી રહ્યો છે.

એક દિવસ અજ અને ઇદુંમતી પોતાની ટેવ મુજબ પ્રકૃતિના ખોળામાં આરામ કરવા માટે વનમાં ગયાં. તે દિવસની શાંતિ અને ભવ્યતાં બીજા દિવસો કરતાં વધારે અપીલ કરી જાય તેવાં હતાં. તે એક વૃક્ષની છાયામાં બેઠા અને પ્રેમ પૂર્વક વાતચીત કરવા લાગ્યાં, એટલામાં સખત પવન વાવા લાગ્યો વાયુ એક અવર્ણનીય સુગંધ લઈ આવતો હતો, તે દિવ્ય સંગીતના મનોહર સૂરો સાંભળી રહ્યા હતા. આ રહસ્યમય દેણોનું કારણ શોધવા માટે તેઓ આસપાસ ફરી વળ્યાં, તેમણે આકાશમાં પોતાના મસ્તક ઉપર બ્રહ્માના માનસ પુત્ર નારદને ઝડપભેર ક્યાંય જઈ રહેલા દીઠા. તે બંને તેમને જોઈ રહ્યા હતા, એટલામાં નારદે મસ્તક પર ધારણ કરેલી પુષ્પમાંળામાંથી  એક પુષ્પ ગરીને ઇન્દુમતીના મસ્તક પર પડ્યું. અજને તેથી આશ્ચર્ય થયું પણ ઇન્દુમતી પોતાની આંખો સદાને માટે મીંચી દઈને મૂર્છા પામીને, ભૂમિ પર પડી, તેથી અજને આઘાત લાગ્યો.

ઇન્દુમતીને અજ પોતાના પ્રાણ સમાન ચાહતો હતો. તેના મૃત્યુથી રાજા ને અપાર શોક થયો. તેના વિલાપથી આખું વન, એક ખૂણેથી બીજા ખૂણા સુધી ધ્રૂજી ઉઠ્યું. પૃથ્વી સહાનુભૂતિમાં કંપી ઉઠી, વૃક્ષો નિ:સ્તબ્ધ બની ગયા, રાજાના હૃદયમાં અપાર વેદના થતી હતી તેથી આશ્ચર્ય ચકિત બનેલાં વૃક્ષો સ્થિર થઈ ગયાં.

નારદે રાજાના વિલાપને, તેનાં ડૂંસકાંને, નિસાસાને સાંભળ્યા, રાજા પોતાની પ્રિયતમાના મૃત દેહ પાસે રુંદન કરી રહ્યો હતો. તેને આશ્વાસન આપવા માટે નારદ નીચે આવ્યા અને બોલ્યા, હે રાજા, મૃત્યુ પ્રહાર કરે ત્યારે શોકથી કશું વળતું નથી. જન્મ અને મૃત્યું એ તો દેહના ધર્મો છે, જે જન્મને લઈ આવે છે. તે મૃત્યુને પણ લઈ આવે છે. જન્મ મૃત્યુનાં કારણો શોધવા એ પાગલપણું છે ભગવાનના કાર્યો કારણ કાર્યની શ્રુખલાથી પર હોય છે સામાન્ય બુદ્ધિઓ ભગવાનનાં કાર્યોને સમજી શકતાં નથી. પોતાની શક્તિઓ

પહોંચે ત્યાં સુધી તેઓ તેમના કારણ વિષે અનુમાન કરી શકે છે. બુદ્ધિ પોતાના ક્ષેત્રથી પર વસ્તુને કેવી રીતે સમજી શકે ?

દરેક દેહી માટે મૃત્યુ અનિવાર્ય છે. પણ ઇંદુમતીનું મૃત્યુ ખૂબ જ વિચિત્ર છે એટલે હું તમને તેનું કારણ કહીશ. "નારદે અજને પોતાની પાસે ખેંચી લીધાં અને તે બોલ્યા," સાંભળો, ખૂબ સમય પહેલા તૃણબિંદુ નામના મુનિ કઠોર તપસ્યા કરી રહ્યા હતા. ઇન્દ્રે તેમની સિદ્ધિની અને સમતાના ઊંડાણની પરીક્ષા કરવાનો નિર્ણય કર્યો. મુનિને ઇન્દ્રિય-ભોગના જગતમાં આકર્ષવા માટે ઈન્દ્રિએ હરિણી નામની એક દિવ્ય અપ્સરાને મોકલી. પણ મુનિ પર તેની યુક્તિ પ્રયુક્તિઓની કશી અસર થઈ નહિં. પોતાની આંખો ઉઘાડીને તે બોલ્યા, "તું કોઈ સામાન્ય સ્ત્રી દેખાતી નથી. કદાચ તું કોઈ અપ્સરા હશે. ઠીક, તું ગમે તે હોય પણ દુષ્કૃત્ય કરવાનો નિર્ણય કરવા બદલ, અધમ યોજના કરવા બદલ તને શિક્ષા મળવી જોઈએ. સ્વર્ગમાંથી પતન પામીને તું એક માનવ-નારી બન; મર્ત્ય માનવી બનવાનો પદાર્થ-પાઠ ભણ, તેને એવો શાપ આપીને મુનિએ પોતાની આંખો મીંચી દીધી અને ફરી તે ધ્યાનમાં ડૂબી ગયા.

હરિણી ભયથી ધ્રૂજી ગઈ, તેણે પશ્ચાતાપના ખૂબ આંસુ સાર્યા, અને તેણે સ્વર્ગમાંથી દેશપારીના શાપને મિટાવવા સારું ક્ષમા માંગી કરૂણામય  રીતે તેણે શાપ-લોચન માટે વિજ્ઞપ્તિ કરી. તેથી મુનિનું હ્દય થોડુંક દયાથી પીગળ્યું. અને તે બોલ્યા, "હે નિર્બળ નારી,  હું મારા મારા શબ્દો પાછા ખેંચી લઈ શકું તેમ નથી. પણ તારી મુક્તિ માટે નો પ્રસંગ હું તને સૂચવીશ. સાંભળ, જ્યારે તારા મસ્તક પર સ્વર્ગનું પુષ્પ પડશે, ત્યારે તારો માનવી દેહ પડી જશે અને તું સ્વર્ગમાં પછી જઈશ. ઇન્દુમતી તે દિવ્ય અપ્સરા છે; આજે તેને મુક્તિ મળી છે. જ્યારે મેં ધારણ કરેલું પુષ્પ તેના પર પડ્યું, ત્યારે તે શાપમાંથી મુક્ત બની ગઈ તો પછી તે માટે તમે શોક શા માટે કરો છો ? તેથી કશો ફાયદો થવાનો નથી." નારદે રાજાની ફરજો વર્ણવી, તેની જવાબદારીનુ ભાન કરાવ્યું,  રાજાએ તો બધા માટે દૃષ્ટાંત-રૂપ બનવું જોઈએ; જીવન તો ક્ષણભંગુર છે, મૃત્યુ એક રહસ્યમય કોયડો છે; બધા જન્મેલા માણસોને છેવટે તો મરવાનું જ છે". એમ કહીને નારદ આકાશમાં પોતાને માર્ગે ચાલ્યા ગયા.

પોતાની પ્રિયાને બચાવવામાં અસમર્થ બનેલા અજે તેમનો અગ્નિ સંસ્કાર કર્યો અને પોતે રાજધાનીમાં પાછા ગયા. તે ખૂબ શોકમગ્ન હતા. માત્ર કુમાર દશરથ જ તેમને થોડું-ઘણું આશ્વાસન આપી શકે  તેમ હતું અને તેમની જિજીવિષાને જાગૃત કરી શકે તેમ હતું. અજ પોતાના દિવસો શોકમય શુષ્કતામાં વીતાવવા લાગ્યા. હવે દશરથ ઉંમર લાયક બન્યા હતા. એટલે અજે રાજ્ય તેમને સોંપી દીધું અને પોતે અનશન વ્રત (ખોરાક ન લેવાનું વ્રત) લઈને સરયૂ નદીના તટ પર બેઠા. ખોરાક ન લેવાને કારણે તેમનો દેહ પડી ગયો.

દશરથે તે સમાચાર સાંભળ્યાં કે તરત જ તે સરયૂ તટ પર ગયા. અને પોતાના વહાલા પિતા માટે વિલાપ કરવા લાગ્યા, તેમણે પિતાની મરણોત્તર ક્રિયા માટે વ્યવસ્થા કરી, અને પોતાના પિતાએ અનશન વ્રતથી દેહ ત્યજી દીધો છે તેથી થોડાક દિલાસો મેળવ્યો. તે હકીકત વડે તેમણે થોડુંક બળ પ્રાપ્ત કર્યું. અને પોતાની બધી શક્તિઓ પર પૂર્ણ પ્રભુત્વ પ્રાપ્ત કરીને તેને રાજા તરીકેની પોતાની ફરજો બજાવવા લાગ્યા.

થોડા જ સમયમાં દશરથની કીર્તિથી, ઉગતા સૂર્યના કિરણોથી હોય તેમ, બધી દિશાઓ ઉજ્જવળ બની ગઈ તેમના એકલામાં દસ સારથીઓ જેટલી નિર્ભયતા અને ચતુર રહેતા હતા. તેથી તેમનું નામ યોગ્ય રીતે દશરથ પડ્યું હતું, તેમના બલવાન રથના આક્રમણની સામે કોઈ ટક્કર ઝીલી શકતું નહીં ! તેમના પરાક્રમોથી ખૂબ ભય પામેલો, દરેક સમકાલીન રાજા દશરથ ની ગાદી પ્રત્યે માન રાખતો, પૂજ્ય બુદ્ધિ રાખતો. જગત તેમણે અદ્વિતીય વીર ગણીને સદગુણીઓમાં શ્રેષ્ઠ ગણીને ઉચ્ચતમ મુત્સદ્દી ગણીને તેમની સ્તુતિ કરતું.

અધ્યાય 3

## તેમને કોઈ સંતાન ન થયું

લંકાના રાક્ષસ-રાજ રાવણે દશરથ વિષે અને તેમની કીર્તિ વિષે સાંભળ્યું. તેને એટલી બધી અદેખાઈ આવી કે તેણે ગમે તે ઉપાયે તેમનો વિનાશ કરવાની યોજના ઘડવાનો નિર્ણય કર્યો. દશરથને યુદ્ધ માટે ઉશ્કેરવા તેણે એક બહાનું શોધી કાઢવા માંડ્યું. એક દિવસે તેણે દૂત દ્વારાં એક સંદેશ મોકલ્યો કે જો તમે મને ખંડણી નહીં ભરો તો રણ-ભૂમિમાં તમારે તમારી શ્રેષ્ઠતાને સિદ્ધ કરવી પડશે. આ આહ્વાન આંતરરાષ્ટ્રીય નીતિની વિરુદ્ધ હતું પણ રાક્ષસ કયી નીતિને માન આપતો હતો?

જ્યારે દશરથ દૂતની વાત સાંભળી, ત્યારે તેમણે ઉપહાસમય  હાસ્ય કર્યું. દૂત જોઈ રહ્યો હતો, અને તેમણે એવા તીક્ષ્ણ ભીષણ બાણ છોડયાં જે લંકાને પહોંચ્યા, અને તેમણે નગરીના દરવાજાને બંધ કરી દીધા! દૂતોને ઉદ્દેશીને દશરથ બોલ્યા, "ઠીક, મહેરબાન સાહેબો, મેં તમારા દૂર્ગ નગરના દરવાજા ભીડી દીધા છે; તમારા સ્વામી ગમે તેટલો પ્રયત્ન કરશે, પણ તે તેમને ઉઘાડી શકાશે નહિ, આ મારી ખંડણી છે. જે હું તમારા મૂર્ખ રાજાને ભરું છું. જ્યારે દૂતોએ પાછા આવીને રાવણને તે વાત જણાવી, ત્યારે બધા દ્વારો ભીડેલા જોઈને તેને આઘાત થયો પોતાના માણસો સાથે રાવણે કરેલા સર્વ પ્રયાસો નિષ્ફળ નીવડયા, તેઓ દરવાજા ખોલી શક્યા નહિ. જ્યારે રાવણ શરમાઈ ગયો ત્યારે આશ્ચર્યની ઘટના એવી બની કે બાંણો અયોધ્યા પાછાં ગયાં અને દ્વાર ખુલી ગયા.

પણ રાવણે જગતના બધા રાજાઓ પર વિજય મેળવવાનો નિર્ણય કર્યો. તેને ખ્યાલ આવ્યો કે દિવ્ય કૃપા પ્રાપ્ત કરવાથી જ તે તેમ કરી શકે; એટલે તે એક ગાઢ જંગલમાં ગયો, અને તેણે તપસ્યા માટે અનુકૂળ જગ્યા પસંદ કરી.

રાવણની તપસ્યા એટલી બધી ઉત્કટ અને સંતોષ જનક હતી કે બ્રહ્માને તેની આગળ પ્રત્યક્ષ થવું પડયું અને તેને ઈષ્ટ વરદાન આપવું પડ્યું. બ્રહ્મા બોલ્યા કે રાવણ, તારી ઇચ્છા મુજબ વરદાન માંગી લે, હું તારી હૃદયની ઇચ્છા પૂર્ણ કરીશ. રાવણ પોતાના મનમાં દશરથે કરેલા અપમાનને વાગોળી રહ્યો હતો. તેણે વિચાર્યું કે કદાચ દશરથ એવા વધુ બળશાળી પુત્ર પ્રાપ્ત કરે, જે મને વધુ દુઃખ આપે. એટલે તેણે પોતાની

ઈચ્છિત વરદાન માગ્યું કે તમે કૃપા કરીને મને એવું વરદાન આપો કે દશરથને ઘેર કોઈ સંતાન જન્મે નહિ. તે સાંભળીને બ્રહ્મા બોલ્યા કે તથાસ્તુ, અને તે ત્યાંથી અદ્રશ્ય થઈ ગયા કે રખેને રાવણ, પોતે ત્યાં હાજર રહે તો બીજું દુષ્ટ વરદાન માંગે. હવે અભિમાની અને નિર્ભય બનીને બધે વિચારવા લાગ્યો; પોતાની શક્તિ અને સફળતાને કારણે તે આનંદિત બની ગયો હતો.

તે દરમિયાન તેના મનમાં એક બીજી યોજના ઉદ્ભવી. અત્યારે દશરથ પરણવા યોગ્ય ઉંમરના થયા છે. જો હું એવી યુક્તિ-પ્રયુક્તિ રચું કે તે પરણે જ નહીં .તો મારી સલામતી બેવડી નિશ્ચિત બની જાય મનમાં તેણે એવો વિચાર કર્યો. રાક્ષસની માયા-શક્તિની મદદથી તેણે જોયું કે દશરથ કોસલ દેશના રાજાની પુત્રી સાથે લગ્ન કરશે. એટલે તેણે તે રાજકન્યાને મારી નાંખવાનો નિર્ણય કર્યો. જ્યારે માણસનો વિનાશ પાસે આવે છે, ત્યારે તેની બુદ્ધિ બગડે છે-એવી કહેવત છે. તેણે છુપા વેશમાં, ચોરી-ચુપકીથી કોસલ દેશમાં પ્રવેશ કર્યો અને તે રાજકુમારીનું અપહરણ કરી ગયો, તે રાજકુમારીને એક લાકડાની પેટીમાં મૂકીને તેણે તે પેટીને દરિયામાં ફેંકી દીધી.

રાવણએ સત્યને જોઈ શક્યો નહિ કે ભગવાનની ઈચ્છા વગર કશું જ બનતું નથી. બ્રહ્માની ઈચ્છા જુદી જ હતી. દરિયાના મોજાં તે પેટીને કિનારે ઘસડી ગયા. જ્યાં તે પેટી આવી પડી તે એક સુંદર મનોરંજનનો વિસ્તાર હતો. બીજે દિવસે દશરથના મુખ્ય પ્રધાન સુમંત્ર એક શાંત રજાનો દિવસ ગાળવા સ્થાનની મુલાકાતે આવ્યા. ત્યાં તે રાજ્યની સમસ્યાનો વિચાર કરવા માટે અને તેમનો ઉકેલ શોધવા માટે આવ્યા હતા. તેમની નજર પેટી પર પડી, તે પેટીને લઇ તેમણે તે ઉંઘાડી. તેમાં એક મનોહર છોકરી જોઈને તેમને આશ્ચર્ય થયું, તેની આંખો તેજસ્વી અને આકર્ષક હતી, તેના મસ્તિષ્કની આજુબાજુ દિવ્ય તેજોમંડલ હતું. સુમંત્રને ખૂબ દયા ઊપજી. તેમણે મધુર વાણીથી તે છોકરીને પુછ્યું કે હે બાળિકા, તને પેટીમાં કોણે મૂકી હતી?

તેણે જવાબ આપ્યો, "મહેરબાન હું કોસલ દેશની રાજકુમારી છુ. મારું નામ કૌશલ્યા છે. હું કેવી રીતે આ પેટીમાં આવી પડી અને કોણે મને તેમાં મૂકી તે હું જાણતી નથી. હું રાજ્મહેલના ઉદ્યાનમાં મારી સખીઓ સાથે રમતી હતી. મને શું બન્યું તે મને

યાદ નથી" તેના સરળ અને સાચા દિલના કથનથી સુમંત્રને ક્ષોભ થયો. તે બોલ્યા, "માત્ર રાક્ષસો જ આવી જંગલી યુક્તિ-પ્રયુક્તિઓનો આશ્રય લે છે. માણસો તેમને જોઇ શકતા નથી. હું તને તારા પિતા પાસે લઈ જઈશ અને તેમને સોંપી દઇશ. મારી સાથે ચાલ આપણે વિલંબ કરવો એ ઉચિત નથી."

સુમંત્રે તેને રથમાં બેસાડી અને કોસલ તરફ જવા નીકળ્યા. ત્યાં જે બન્યું હતું તે સગળું તેમણે કોસલરાજને કહી સંભળાવ્યું.

રાજાએ સુમંત્રને અનેક પ્રશ્નો પૂછ્યા. તેમને જાણવા મળ્યું કે સુમંત્ર અયોધ્યા પતિ દશરથની રાજસભાના મુખ્ય મંત્રી હતા, અને સુમંત્રના સ્વામી દશરથ હજી અપરણિત હતા. તે જાણીને કોસલરાજાને ખૂબ આનંદ થયો. તે બોલ્યા, "હે મંત્રીજી, તમે આ મારી કુંવરીને મૃત્યુના મુખમાંથી બચાવીને મારી પાસે પાછી લાવ્યા છો. એટલે મેં તેને તમારા સ્વામી સાથે પરણાવવાનો નિશ્ચય કર્યો છે. મહેરબાની કરીને મારા નિશ્ચયની વાત તમારા સ્વામીને જણાવજો." કોસલ રાજે યોગ્ય વિધિ પૂર્વક સુમંત્રનું સન્માન કર્યું અને તેમને યોગ્ય ભેટો સાથે તથા રાજ-પુરોહિત સાથે અયોધ્યા મોકલી આપ્યા.

જે બન્યું હતું તે બધું વિગતવાર સુમંત્રે દશરથને કહી જણાવ્યું. પોતાની સ્વીકૃતિને દઢ પણે સ્થાપિત કરવા માટે દશરથે તે રાજપુરોહિત સાથે શુકન-સૂચવતી ભેટો સાથે પોતાના પુરોહિતોને કોસલ દેશમાં મોકલ્યા. લગ્નની તિથિ અને સમય નક્કી કરવામાં આવ્યા. ગજદળ, રથદળ, અશ્વદળ, અને પાયદળની ભવ્ય સેના સાથે દશરથ કોસલની રાજધાનીમાં જવા ઉપડ્યા.તેમની સાથે કૂચ કરતા સંગીતના સુરો આકાશને પહોંચ્યા, અને ક્ષિતિજમાંથી તેમના પડઘા પડ્યા. ખૂબ ભવ્યતા પૂર્વક તથા તેજોમય રીતે દશરથનું અને કૌશલ્યાનું લગ્ન ઉજવવામાં આવ્યું. કોસલ રાજે સુમંત્રને પોતાની પાસે લઇ જઇને કહ્યું, "તમે આ યશના ભાગી છો. અલબત્ત, ભગવાનની ઈચ્છા સિવાય તો કશું જ બનતું નથી. પણ હું કેવી રીતે તમારું ઋણ અદા કરીશ, મારી આભારવૃતિ પ્રદર્શિત કરીશ? મહેરબાની કરીને મારી ભેટનું સન્માન કરી તેને સ્વીકારો. મારી રાજધાનીમાં જ આજે તમે લગ્ન કરો. જો તમે સંમતિ આપો તો આજે જ તે આનંદપૂર્ણ ઘટનાને ઉજવવા માટે હું વ્યવસ્થા કરીશ." દશરથ અને સુમંત્રે તે પ્રસ્તાવને સંમતિ

આપી. સુમત્રનુ લગ્ન ગર્ગ-વંશના વીરદાસની પુત્રી સાથે કરવામાં આવ્યું. એકજ સ્થાને અને એકજ દિવસે રાજાનું અને પ્રધાન મંત્રીનું બંનેનું લગ્ન થયું તે સમાચાર આખી નગરીમાં ના, ના, આખા દેશમાં પ્રસરી ગયા. આખા દેશમાં આશ્ચર્ય અને આનંદ વ્યાપી ગયાં, તે ઉત્સવ ત્રણ દિવસ સુધી ચાલ્યો. પ્રજાજનોએ સંગીતની, નાટકની, નૃત્યની, અને બીજા મનોરંજનનીમોજ માણી. રાત દિવસ ઉત્સાહ અને આનંદ વ્યાપી રહ્યા.

ચોથે દિવસે દશરથ પોતાની રાણી અને દરબારીઓ સાથે, તથા સુમંત્ર પોતાની પત્ની અને પરિચારકોઓ સાથે અયોધ્યા આવવા નીકળ્યા. પ્રજાજનોએ તેમને હર્ષનાદથી વધાવી લીધા. રાજાના અને મુખ્ય મંત્રીના લગ્નથી પ્રજાજનોને ખૂબ આનંદ થયો. તેઓ માર્ગોમાં નૃત્ય કરવા લાગ્યા, અને ગળું બેસી ગયું ત્યાં સુધી જય-જયકારના નાદ કરવા લાગ્યા. પોતાની રાણીનાં દર્શન કરવા માટે તેઓ માર્ગની બંને બાજુએ પંક્તિ બદ્ધ ખડા રહ્યા. રાજા-રાણી જે માર્ગે થઈને આવતા હતા તેના પર તેમણે ગુલાબ-જળ છાંટયું, અને કપૂરની આરતી વડે તેમનું સ્વાગત કર્યું; દશરથે રાજા તરીકે પોતાની ફરજો બજાવવાનુ ફરી ચાલુ કર્યું; તે પ્રેમ પૂર્વક અને દરકાર પૂર્વક શાસન ચલાવવા લાગ્યા. ઘણી વાર તે પોતાની રાણી સાથે વનમાં પરિભ્રમણ કરવા જતા અને સુખમાં દિવસો ગાળતા પણ સમય જેમ જેમ વીતતો ગયો, દિવસો, મહિનાઓ, અને વર્ષો પણ પસાર થતાં ગયાં, તેમ તેમ રાજાના મુખ પર દુઃખની અંધકારમય છાયા પથરાવા લાગી. પોતાને સંતાન થતું ન હતું, તે દુઃખથી તે પીડાતા હતા.

રાજાએ પુરોહિતોની પંડિતોની અને પ્રધાનોની સલાહ લીધી, જ્યારે તેમને માલુમ પડ્યું કે તેમની ઇચ્છા કૌશલ્યાની ઉત્કટ પ્રાર્થનાને દ્રઢીભૂત કરે છે,ત્યારે તેમણે સુમિત્રા નામની બીજી પત્ની કરી. સુમિત્રા તેના નામ અનુસાર ગુણવાળી હતી, કારણકે તેનામાં મૈત્રી-ભાવનાના ગુણો હતા. કૌશલ્યા અને સુમિત્રા વચ્ચે પ્રેમની એવી ગાંઠ હતી કે જે માતા અને પુત્રી વચ્ચેના પ્રેમની ગાઠ કરતાં પણ વધુ બળવાન હતી. દરેક બીજીને આનંદ આપવાની ઝંખના કરતી; દરેકમાં ઉંડું ધૈર્ય, અનાસક્તિ અને સહાનુભૂતિ હતાં. ઘણાં વર્ષ વીતી ગયાં, પણ રાજાને ગાદીનો વારસ મળવાનાં કોઇ ચિન્હો દેખાતાં ન

હતાં.  નિરાશ બનીને રાજાએ બે રાણીઓના કહેવાથી ત્રીજી પત્ની સાથે લગ્ન કર્યું. તે કાશ્મીરમાં આવેલા કૈકયના રાજાની ખૂબ સુંદર પુત્રી કૈકેયી હતી.

પણ કૈકયના રાજાએ પોતાની પુત્રીને પરણાવતા પહેલા અમુક શરતો મૂકી હતી. તેનો આગ્રહ હતો કે કૈકેયીના પુત્રને ગાદી મળવી જોઇએ. તેણે કહ્યું કે જો અયોધ્યાના રાજાને આ શરત મંજૂર ન હોય તો તે લગ્નમાં સંમતિ નહિ આપે. રાજ્યના પુરોહિત ગર્ગ તે સંદેશ અયોધ્યામાં લઈ આવ્યા. કૌશલ્યા અને સુમિત્રા જાણતા હતા કે રાજાને  કૈકેયી સાથે લગ્ન કરવાની તીવ્ર ઈચ્છા છે, કારણ કે તેના સૌન્દર્યની બધા લોકો પ્રશંસા કરતા હતા. તે બંનેને એમ લાગતું હતું કે સાચી પત્નીની ફરજ છે કે તેણે પોતાના પતિની નાનામાં નાની ઈચ્છાને આજ્ઞાધીન થવુ અને તે ઈચ્છા પરિપૂર્ણ કરવા બધી મદદ કરવી. તે બંનેએ એ પણ બરાબર જાણતી હતી કે ધર્મના ભંગ કરે તો કોઈ પણ પુત્ર અયોધ્યાના રાજવંશને  કદી દુષિત કરે જ નહિ. દશરથ ભલે પોતાની ત્રીજી પત્ની કૈકયીના પુત્રને ગાદી આપવાનું વચન આપે, પણ તે વંશમાં જન્મેલો કૈકેયીનો પુત્ર જરૂર ધર્મની મૂર્તિરૂપ અને નિષ્કલંક જ હોવાનો. એટલે તે બંનેએ હાથ જોડીને દશરથને વિજ્ઞપ્તિ કરી કે "સ્વામી, તમારા સુખ કરતાં અમને બીજું કયું અધિક સુખ હોઈ શકે? કૈકેયીના રાજાની શરતોને સ્વીકારી લો, તેમની પુત્રી સાથે લગ્ન કરો, અને રઘુ રાજાના વંશના સાતત્યને નિશ્ચિત કરી દો આ બાબતમાં એક ક્ષણ પણ વિચાર કરવામાં બગાડવાની જરૂર નથી."

રાણીઓના શબ્દોએ તેની ઉત્કટ ઇચ્છાની જ્વાળાને વધારે પ્રજવલિત બનાવી. એટલે રાજાએ કૈકેય-રાજની શરતોનો સ્વીકાર કર્યો અને ઘણી ભેટો સાથે ગર્ગને  પાછા કૈકેય મોકલ્યા અને જણાવ્યું કે લગ્ન વિધિ માટે હું તરત જ આવું છું. ખૂબ ભવ્યતા પૂર્વક લગ્નનો વિધિ પતાવવામાં આવ્યો.

જ્યારે ત્રણ રાણીઓ સાથે વરઘોડામાં દશરથ અયોધ્યાના માર્ગોમાંથી પસાર થયા ત્યારે તે તારાઓ ચંદ્ર જેવા પ્રકાશતા  હતા. રાજા તે ત્રણેયની સાથે સમાન રીતે વર્તતા. રાણીઓ પણ એક-બીજા સાથે અને રાજા સાથે સમાન પ્રેમ રાખતી. તેઓ દશરથને પૂજતી અને તેમને નાખુશ કરતાં ડરતી. તેઓ રાજાની ઈચ્છાઓ અનુસાર વર્તવાની

કોશિશ કરતી, તેની ઇચ્છા પૂર્ણ કરવામાં કોઈ પણ અવરોધ ડાલતી નહિ; કારણ કે સાચી પત્નીઓની પેઠે તેઓ દશરથને ભગવાન પેઠે પૂજતી. તેઓ પરસ્પર એવા તો ઘનિષ્ઠ પ્રેમ પૂર્વક જીવતી કે તેઓ ત્રણ ભિન્ન ભિન્ન દેહોમાં વિચરતી હતી, પણ તેમનો પ્રાણ એકજ ન હોય!

વર્ષો વીતી ગયા રાજા અને રાણીઓ યૌવાનમાંથી, પ્રૌઢાવસ્થામાંથી પસાર થઈને વૃદ્ધાવસ્થાને પહોંચી ગયાં, પણ પુત્રનું કોઈ ચિન્હ જણાતુ ન હતું. એટલે રાજમહેલના અંત:પુરમાં બધા એશ-આરામ અને સગવડો હતા છતાં પણ રાણીઓના હૃદય ચિંતાથી, નિરાશાથી, અશાંતિથી વ્યગ્ર બની ગયા.

એક સાંજરે ત્રણ રાણીઓ અને રાજા રાજમહેલમાં એક ખંડમાં ચિંતાયુક્ત બનીને બેઠા હતાં. તેમને અયોધ્યાના ભાવિની, સમૃદ્ધિની અને સલામતીની ચિંતા સતાવતી હતી. દરેક જણે બુદ્ધિ પૂર્વક અને રમૂજ પૂર્વક જવાબ આપવાનો પ્રયત્ન કરતું હતું છેવટે સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત ન થવાથી, તેઓ ખૂબ નિરાશા બનીને ઊભા થયા અને તેમણે કુળ પુરોહિત વશિષ્ઠની સલાહ અનુસાર વર્તવાનો નિર્ણય કર્યો.

સવારે વસિષ્ઠને દર્શન આપવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું. સલાહ માટે ઘણા પંડિતોને અને સલાહ આપનારાઓને પણ બોલાવવામાં આવ્યા. રાજાએ રઘુ વંશના બે સમુદ્રો વચ્ચે આવેલા વિશાળ રાજ્ય પ્રદેશ પર શાસન કરવા માટે ઉત્તરાધિકારી પ્રાપ્ત કરવાની સમસ્યાને રજૂ કરી નિરાશાથી અભિભૂત થઈ ગયેલા દશરથ આજીજી ભર્યા શબ્દો માં વડીલોને કલ્યાણકારી સૂચનો આપવા માટે વિનંતી કરી.

વશિષ્ઠ ઊંડા વિચારમાં લાંબા સમય સુધી નિમગ્ન બની ગયા હતા. છેવટે તેમણે આંખો ઉઘાડી અને તે બોલ્યા, "હે રાજા તમારે આમ શોક કરવાની જરૂર નથી. અયોધ્યા રાજા વગરની નહિ રહે. ને સ્વામી વગરની વિધવાના દુઃખથી નહિ પીડાય. આ પ્રદેશ આનંદી, સુખી, સમૃદ્ધિશાળી બનશે; તેમાં રોજ-રોજ ઉત્સવો થતા રહેશે, તે સદા લીલાછમ આનંદથી છવાઈ જશે. તે નગરી ધાર્મિક જીવનની રક્ષક બનશે, તેમાં સંગીતના અને આનંદના પડઘા પડ્યા જ કરશે. અયોધ્યાના ગાદીએ કોઈ બીજા વંશનો રાજકુમાર આવે તે બાબતમાં હું સમંત નહિ થાઉં. ભગવાનની કૃપાની દેણ અચિંત્ય છે. તમે જે

ધર્મવ્રતનું પાલન કરો છો તે જરૂર તમને પુત્ર પ્રાપ્તિનો આનંદ આપશે વધારે વિલંબ ના કરો. મુનિ ઋષ્યશ્રંગને બોલાવો. તે પુત્રકામેષ્ટિ (પુત્રની ઈચ્છા થી કરાતો) યજ્ઞ કરો. તરત જ તે યજ્ઞ માટે જરૂરી સામગ્રીની વ્યવસ્થા કરો તમારી ઈચ્છા જરૂર ફળીભૂત થશે."

વશિષ્ઠ વડે ભારપૂર્વક બોલાયેલા આ ખાતરી પ્રદ શબ્દોને રાણીઓ સાંભળી રહી હતી. તે આનંદવિભોર બની ગઈ. તેમના હૃદયોમાં આશાની કળી ખીલી ઉઠી. ખૂબ ઉત્કટતા-પૂર્વક; પ્રાર્થના કરતી કરતી તેઓ અંત:પુરમાં પાછી ગઈ.

રાજાએ વિભાંડકના પુત્ર ઋષ્યશ્રંગને રાજધાનીમાં બોલાવી લાવવા માટે ખૂબ યોગ્ય દૂતની શોધ કરી. છેવટે તેમણે પોતાના જૂના મિત્ર, અંગદેશના રાજા રોમપાદને પોતાની પાસે બોલાવ્યા, અને તેમને જરૂરી સલાહ-સૂચનો આપી, જરૂરી સાધન-સામગ્રી સાથે ઋષ્યશ્રંગ પાસે મોકલ્યા તે દરમિયાન સરયૂ નદીના પાવન તટ પર યજ્ઞ માટેની વ્યવસ્થા કરવામાં આવી. શાસ્ત્રોની આજ્ઞા અનુસાર આકર્ષક યજ્ઞ-વેદિઓ રચવામાં આવી નગરીને ધજા તોરણોથી શણગારવામાં આવી. ધાર્યા પ્રમાણે મહર્ષિ ઋષ્યશ્રંગે અયોધ્યા નગરીમાં પગ મૂક્યો. પોતાની સાથે તેમના પત્ની શાન્તા હતા. બધાને ખૂબ આનંદ થયો.

દશરથ રાજાએ રાજમહેલના મુખ્ય દરવાજે મુનિનું સ્વાગત કર્યું; તેમનાચરણ વિધિ પૂર્વક ધોયા તેમના ચરણમૃતને પોતાને માથે પધરાવ્યું. પછી તેમણે વસિષ્ઠને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા અને તેમને પ્રાર્થના કરી કે પુત્રેષ્ટિ યજ્ઞની યોગ્ય પ્રક્રિયા કઈ જાતની છે તે ઋષ્યશ્રંગ પાસેથી જાણી લો.

ઋષ્યશ્રંગે કહ્યું કે "પ્રધાનોને અને પંડિતોને યોગ્ય ક્રમમાં બેસાડો. રાજા ગાદી પર બેસે પછી તેમણે તે યજ્ઞની વિવિધ પ્રક્રિયાઓનું વર્ણન કર્યું. જેથી રાજ-પુરોહિતોને માર્ગદર્શન મળી રહે. તેમણે તેનું વર્ણન એવી તો વિગત પૂર્વક કર્યું કે દરેક જણે પોતાને યજ્ઞ મંડપમાં કયાં બેસવાનું છે તે પણ નિશ્ચિત પણે જાણી લીધું.

ઋષ્યશ્રંગ મુનિએ નિર્ણય કર્યો કે બીજે દિવસે બરાબર સાત વાગે યજ્ઞનો આરંભ થશે. તે સમાચાર આખી નગરીમાં એક ક્ષણમાં પ્રસરી ગયા. પ્રભાત કાળ પહેલાં દરેક શેરીને લીલાં તોરણોથી શણગારવામાં આવી. જ્યાં યજ્ઞ થવાનો હતો તે સરયૂ નદીના

તટ પર વિશાળ ખુલ્લી જમીન પર લોકોના ધસી જતાં લોકોના ટોળાથી માર્ગો ઉભરાઈ ગયા. નદી તટ પર ઉત્સુક લોકોનાં ટોળાં ઊભરાયાં.

પોતાની પત્ની શારદા સાથે ઋષ્યશ્રંગે ખાસ તૈયાર કરેલા યજ્ઞ મંડપમાં પ્રવેશ કર્યો. રાજા અને રાણીનો તેમની સાથે હતા. વૈદિક મંત્રોના ઉચ્ચારો, બ્યુગલના-શંખોના-ઢોલતાસાના નિનાદોનું સંગીત આકાશને પહોંચી ગયું અને તેના તથા લોકોના જય નાદોના પડઘા બધે પડવા લાગ્યા. ઋષ્યશ્રંગની બ્રહ્મા તરીકે યજ્ઞના સુખ્ય સંગઠનકાર તરીકે વરણી કરવામાં આવી. બીજા બ્રાહ્મણો અને તેમણે દરેકની યોગ્યતા અનુસાર, પૂજાનાં, મંત્રોચ્ચારનાં, ગાવાનાં વગેરે કામો સોંપ્યાં. ખૂબ કાળજી-પૂર્વક ઊંડી ભક્તિ તથા શ્રદ્ધા, સાથે, ઋષ્યશ્રંગ પોતે નિયત મંત્ર બોલીને પવિત્ર અગ્નિમાં આહુતિઓ આપતા હતા.

ધર્મશાસ્ત્રો અનુસાર આમ પુષ્ટ કરાયેલા અગ્નિમાંથી, બધાના દેખતાં, એક દિવ્ય પુરૂષ પ્રગટ થયા, જે વીજળીના ઓચિંતા થયેલા ચમકારાના, આંખોને આંજી મૂકે તેવા તેજથી પ્રકાશતા હતા. તેમના હાથમાં એક તેજોમય પાત્ર હતું. એમને જોઈને વિશાલ જન સમુદાય તથા પુરોહિતો આશ્ચર્યથી ભવ્યતાની લાગણીથી, ભયથી, અને આનંદથી ચકિત બની ગયા. આનંદના અને રહસ્યમયતાના ઓચિંતા આક્રમણથી તેઓ અભિભૂત થઇ ગયા રાજાની અને રાણીઓની આંખોમાં આનંદાશ્રુ ઉભરાયાં. તેમણે પોતાની દ્રષ્ટિને દિવ્ય પુરુષ પર સ્થિર કરી, અને તેમને હાથ જોડીને પ્રાર્થના કરી.

ઋષ્યશ્રંગે, અક્ષુબ્ધ સમતા સાથે, વેદમાં નિયત કરેલા મંત્ર બોલવાનું અને અગ્નિમાં આહુતિ આપવાનું ચાલુ રાખ્યું. ઓચિંતો આકાશમાં ઘુમ્મટમાંથી પ્રલય કાળના દિવસ પર સંભળાય છે તેઓ એક અવાજ સંભળાયો. આશ્ચર્ય ચકિત બનીને ઋષ્યશ્રંગ ઉધ્વૅમાંથી આવતા તે અવાજને સાંભળવા લાગ્યા, 'મહારાજ, આ પાત્ર સ્વીકારો, અને તમારી ત્રણેય રાણીઓને, યોગ્ય માત્રામાં વેચીને તેમાંથી આણેલુ પવિત્ર  પાયસ (ખીર દૂધપાક) આપો." રાજાના હાથમાં તે પાત્ર મૂકીને, અગ્નિની જ્વાળાઓમાંથી પ્રગટ થયેલા તે દિવ્ય પુરુષ તેમના અદ્રશ્ય થઈ ગયા.

આ મહાન આવિભાવના સાક્ષી એવા લોકોને, રાજકુમારોને, પંડિતોને, અને પુરોહિતોને અસીમ આનંદ થયો, થોડા જ સમયમાં યજ્ઞની પૂર્ણાહૂતિ કરવામાં આવી. અને દેવો વડે અપાયેલા તે પાત્રને પોતાના હાથમાં લઈને; દશરથ મહારાજ વરઘોડામાં પોતાના રાજમહેલમાં પાછા ગયા.

## અધ્યાય ૪

## પુત્રો

ગુરુના આદેશ અનુસાર રાણીઓએ વિધિ પૂર્વક સ્નાન કર્યું. તેઓ મહેલમાં કુટુંબના દેવના પૂજાસ્થાનમાં ગઈ. વશિષ્ઠે પૂજાનો વિધિ પૂરો કર્યો. પછી દિવ્યપુરુષ વડે અપાયેલા પાયસને ત્રણ સોનાના પ્યાલાઓમા મૂકવામાં આવ્યું. પછી વસિષ્ઠે દશરથને અંદર બોલાવીને કહ્યું કે હે રાજા આ પ્યાલા તમારી પત્નીઓને આપો. પ્રથમ કૌશલ્યાને પછી સુમિત્રાને, અને છેલ્લે કૈકયીને. રાજાએ તે પ્રમાણે કર્યું. રાણીઓએ પ્યાલા હાથમાં પકડ્યા અને તે ત્રણેય વસિષ્ઠને અને દશરથને પગે પડી. પછી વશિષ્ઠએ કહ્યું કે પ્રથમ યજ્ઞના બ્રહ્મા ઋષ્યશ્રંગનો ચરણ-સ્પર્શ કરીને પછી તમે તે પાયસ ને ખાઈ જાઓ. એટલે કૌશલ્યાએ અને કૈકૈયીએ પોતાના પ્યાલાઓને દેવ-મંદિરમાં જ મૂકયા અને તેઓ પોતાની દાસીઓ પાસે પોતાના કેશ સૂકાવવા માટે ગઈ. તે દરમિયાન સુમિત્રા અગાસીમાં ગઈ. અગાસીની નાની દિવાલ પર પોતાનો પ્યાલો મૂકીને સૂર્ય-પ્રકાશમાં તેણે પોતાન કેશ સૂકવ્યા. તે સમયે તે મનમાં વિચાર કરી રહી હતી કે "હું બીજા નંબરની રાણી છું. અધિકારની રૂઇએ  જયેષ્ઠ રાણી નો પુત્ર ગાદીએ બેસશે. લગ્ન-સમયે રાજાએ આપેલા વચન અનુસાર, ત્રીજી રાણી કૈકેયીનો પુત્ર બેસી શકે. પણ મારા પુત્રનું શું થશે? તેને માટે તો કોઇ સ્થાન જ નહીં રહે. દરજ્જા અને રાજ્ય-પ્રાપ્તિ વગરના, દુઃખી પુત્ર પ્રાપ્ત કરવાથી શુ ફાયદો? પુત્ર જન્મે અને તેની ઉપેક્ષા થાય તેના કરતા તો પુત્ર ન હોય તે વધારે સારું."

પણ તે વિચાર એક ક્ષણ માટે જ તેના મસ્તિસ્કમાં ચમકી ગયો.થોડા જ સમયમાં તેણે પોતાની જાતનું સમાધાન કર્યું કે-દેવોના નિર્ણય અનુસાર જ બધું થવાનું છે, કોઈ તેને અટકાવી શકતું નથી. તેને યાદ કર્યું કે ગુરુએ અને રાજાએ મને આજ્ઞા કરી છે કે આ પાયસ તારે આરોગી જવું. એટલે તે પાયસ ખાવા માટે પ્યાલા પાસે ગઈ, પણ તેજ સમયે ગરૂડ પક્ષી ક્યાંકથી ઉડીને ત્યાં આવ્યુ અને ચાંચમાં પ્યાલો લઈને તે આકાશમાં ખૂબ દૂર ઊડી ગયું.

મૂલ્યવાન પાયસ પ્રત્યેબેદરકારી બનાવી તેનો સુમિત્રાને પશ્ચાતાપ થયો. જો રાજાને આ દુર્ઘટનાની જાણ થશે, તો તે ખૂબ વ્યગ્ર બની જશે. પોતે હવે શું કરવું તેનો નિર્ણય કરી શકી નહિ. તે સીધી પોતાની બેન કૌશલ્યા પાસે ગઇ. અને જે બન્યું હતું તે સઘળું તેણે તેમને વર્ણવી બતાવ્યું. તે જ સમયે પોતાના કેશપાશને બાંધીને કૈકેયી પોતાના સુવર્ણ પ્યાલા સાથે ત્યાં આવી ચઢી. ત્રણેય રાણીઓ, બહેનોની પેઠે, પ્રેમના એક રેશમી તંતુ વડે બંધાયેલી હતી.

એટલે રાજાને તે શોક-સમાચાર પ્રાપ્ત ન થાય તે હેતુથી, તેમણે એકબીજાને સોનેરી પ્યાલો મંગાવ્યો અને કૌશલ્યાએ તથા કૈકેયીએ પોત-પોતાના પ્યાલામાંથી થોડોક ભાગ કાઢીને તે પાયસ પેલા પ્યાલામાં રેડ્યું. જેથી તે બધી જ દેવ-મંદિરમાં સાથે-સાથે પોતાના આસનો પર બેસી તેમણે પાયસ ખાધું, તે સમયે ઋષ્યશ્રંગ આશીર્વાદ આપી રહ્યા હતા, અને બીજા વડીલો અને વિદ્વાનો કલ્યાણકારી વેદ-મંત્રો ભણી રહ્યા હતા. પછી રાણીઓએ પવિત્ર જળ પીધું અને વેદિ આગળ સાષ્ટાંગ દંડવત્ પ્રણિપાત કર્યા. તેઓ ઋષ્યશ્રંગને પગે પડી અને પછી પોત પોતાના મહેલમાં ગઈ.

સમય વીતતો ચાલ્યો. રાણીઓ સગર્ભા બની હતી. તે સમાચાર લોકોમાં પ્રસરી ગયા. રાણીઓના શરીરનો રંગ તેજોમય બની ગયો. દસમો મહિનો બેઠો. દાસીઓ અને ધાત્રીઓ સુ:ખપ્રદ ઘટનાની રાહ જોઈ રહી હતી અને દરકાર-પૂર્વક રાણીઓની દેખરેખ રાખી રહી હતી તે દરમિયાન તેમને જાણવા મળ્યું કે-કૌશલ્યાને પ્રસુતિની વેદના થવા લાગી છે. તેઓ ઝડપભેર તેમના મહેલમાં ગઈ, માર્ગમાં જ તેમને સમાચાર મળ્યા કે-કૌશલ્યાએ એક રાજકુમાર ને જન્મ આપ્યો છે. બીજે દિવસે કૈકેયીએ પુત્રને જન્મ આપ્યો. તે શુભ સમાચારથી આખા અંત:પુરમાં આનંદ પ્રસરી ગયો. પછીને દિવસે સુમિત્રાને પ્રસુતિની વેદના થવા માંડી, અને તેને બે જોડિયા પુત્રને જન્મ આપ્યો.

સર્વત્ર શુભ શકુનો થવા લાગ્યા. તે સુખપ્રદ સમાચારથી બધાને અમેય આનંદ થયો. પૃથ્વીનો પટ લીલોછમ બની ગયો. વૃક્ષોને પુષ્પો આવ્યા. હવામાં સંગીત સાંભળવા લાગ્યું. વાદળોમાંથી સુગંધમય વૃષ્ટિ થઈ, પણ તે બધું માત્ર તે ખંડોમાં જ બન્યું, જ્યાં બાળકોને પારણામાં સૂવાડ્યા હતા ! દશરથના આનંદને કોઈ સીમા રહી

નહિ. વર્ષો સુધી તે વ્યથિત હતા કે-મારે એક પણ પુત્ર નથી, પણ આ ત્રણ પુત્રોના જન્મથી તેમને અવરણીય સંતોષ અને સુખ થયા.

રાજાએ બ્રાહ્મણોને બોલાવીને તેમને પુષ્કળ સોનાની ગાયો અને જમીન ભેટમાં આપી. ગરીબ લોકોને ધન તથા વસ્ત્રો વહેંચવાની તેમણે વ્યવસ્થા કરી. વળી ઘર વગરના લોકોને તેમણે ઘરોનું દાન કર્યું. ભૂખ્યાને તેમને ભોજન આપ્યું. માણસ જ્યાં જ્યાં નજર કરે, ત્યાં ત્યાં તે લોકોને તે સુખદ ઘટના નું સ્વાગત કરતા અને 'જય-જય' પોકારતા જોતો. સંગીત અને નૃત્ય દ્વારા પોતાના આનંદને અભિવ્યક્ત કરવા માટે પ્રજાજનો મોટી સભાઓમાં એકત્રિત થયા. તેમને અભિમાન થતું હતું કે-હવે અમારા રાજાના વંશમાં કુમારો જન્મ્યા છે. પોતાના ઘેર પુત્ર જન્મ્યા ત્યારે તેમને જેટલો આનંદ થયો હતો, તેના કરતાં આ આનંદ અધિક હતો. આ કૃપાના કૃત્ય માટે સ્ત્રીઓએ આભારની લાગણીથી ભગવાનની પૂજા કરી, કારણ કે તમને ખાતરી હતી કે પોતાના રાજાને ત્યાં પુત્રો જનમ્યા એ દિવ્ય કરુણાનું એક મહાન કાર્ય હતું.

દશરથે રાજવંશના ગુરૂ વશિષ્ઠને પોતાના મહેલમાં બોલાવ્યા, અને તેમની સૂચના અનુસાર તેમણે એક વિધ્વાન જ્યોતિષને નવા જન્મેલા પુત્રોની કુંડળીઓ બનાવવાનું કહ્યું. જ્યોતિષીએ તેમને કહ્યું કે કૌશલ્યાનો પુત્ર ખૂબ શુભ ક્ષણમાં,ઉતરાયણના ચૈત્ર માસમાં, શુક્લ પક્ષમાં, નવમીની તિથિએ, પુનર્વસુ નક્ષત્રમાં, સોમવારે જન્મ્યો છે, તે સમયે સિંહ-લગ્ન હતું, અભિજિત્ કાળ હતો, જગત સુખમય રીતે આરામ કરી રહ્યું હતું. અને હવામાન સમ (ઉષ્ણ પણ નહિ, અને શીત પણ નહિ) હતું. કૈકૈયીનો પુત્ર ત્યાર પછીને દિવસે, ચૈત્ર માસના શુક્લ પક્ષની દસમની તિથિએ, મંગળવારે ગંધયોગમાં જન્મ્યો હતો. ત્રીજે દિવસે બે જોડિયા કુમારો ચૈત્રના શુક્લ પક્ષની એકાદશી-તિથિએ, આશ્લેષા નક્ષત્રમાં, વૃદ્ધિ યોગમાં જન્મ્યા હતા. આ વિગતો જ્યોતિષીને જણાવવામાં આવી, અને તેને જ્યોતિષ-શાસ્ત્ર અનુસાર તેમની કુંડળીઓ બનાવવાનું કહેવામાં આવ્યું અને પોતાના અનુમાનો ની જાણ દશરથ રાજાને કરવાનું કહેવામાં આવ્યું.

પછી દશરથ વશિષ્ઠને તે પુત્રોના નામકરણ વિધિ માટે શુભ મુહૂર્ત નક્કી કરવાનું કહ્યું. થોડાક સમય સુધી કુળ-ગુરુ ધ્યાનમાં નિમગ્ન બની ને શાંત રહ્યા. તેમની આંતર

યોગ દર્શના સમક્ષ ભાવિ વર્ષો પ્રગટ થઈ ગયાં. તે ધ્યાનમાંથી જાગીને તેમણે રાજાને કહ્યું,"મહારાજ તમારા પુત્રો સામાન્ય માનવીઓ નથી. તેમની સરખામણી કોઈની સાથે કરી શકાય તેમ નથી. તેમના અનેક નામો છે. તેઓ મનુષ્ય નથી, તેઓ દિવ્ય છે. માનવ આકૃતિ ધારણ કરેલા દિવ્ય સત્વો છે.તે દિવ્ય વ્યક્તિઓ છે. જગતના સદભાગ્યે તેમને અહીં લાવી મૂક્યા છે. આ દિવ્ય બાળકોના નામ-કરણ વિધિમાં હું પુરોહિત છું. તેને હું એક મહાન તક ગણું છું." માતાઓ ત્રણ છે, પણ પિતા એક છે, એટલે વશિષ્ઠે જણાવ્યું કે કૌશલ્યાએ પુત્રને જન્મ આપ્યો તે દિવસથી દશ દિવસનો ગાળો અશુદ્ધિનો ગણવો જોઈએ. એટલે કૌશલ્યાના પુત્ર જન્મ પછીના અગિયારમો દિવસ નામકરણના વિધિ માટે શુભ છે." આ કૃપા માટે રાજા વશિષ્ઠનો આભાર માનતા તેમને ચરણે પડ્યા, અને ગુરૂ આશ્રમમાં જવા વિદાય થયા.

જ્યોતિષિએ તે દિવસ માટે સંમતિ આપી, અને તે વિધિ માટે જરૂરી સાધન-દ્રવ્યોની યાદી લખવાની શરૂઆત કરી. તેણે તે યાદી મુખ્ય પુરોહિત ના હાથમાં મૂકી, અને રાજાએ તેને જે ખૂબ ભેટો આપી હતી. તેમને લઈને તે વિદાય થયો. દશરથે તે વિધિ માટે ખંડિયા રાજાઓને અમીર-ઉમરાવોને પોતાના રાજ્યના બધા ઋષિઓને તથા વિદ્વાનોને, અને દરબારીઓને તેમના મોભા તથા દરજ્જા અનુસાર સંબોધન કરીને નિમંત્રણ-પત્રિકાઓ મોકલી આપી. તે પત્રિકાઓ તેમણે નિમંત્રિત લોકોના મોભા અને દરજ્જા અનુસાર પોતાના પ્રધાનો દ્વારા,રાજ્સભાના પંડિતો દ્વારા, અમલદારો દ્વારા અથવા બ્રાહ્મણો દ્વારા મોકલી આપી.

દશ દિવસો વીતી ગયા. અયોધ્યા નગરીને શણગારવામાં આવી, તેજોમય અને આંખને મનોહર બનાવવામાં આવી. સંગીતના સુરો હવામાં વ્યાપીને રાજ્યમાં સર્વત્ર પ્રસરી જતા હતા, તેથી લોકોને આશ્ચર્ય થતું કે ઊર્ધ્વમાં દેવોના સ્વર્ગના દૂતો તો ગાઈ રહ્યા નથી! માર્ગોપર સુગંધી દ્રવ્યો છાંટવામાં આવ્યાં. નગરીમાં મોટી સંખ્યામાં મુલકાતીઓ આવ્યા હતા.રાજ્મહેલના અંત:પુરમાં માત્ર ઋષિ-મુનિઓ અને દરબારીઓ જ પ્રવેશ કરી શકતા હતા, બીજું કોઈ નહિ. બીજાઓને માટે-પછી તે રાજા હોય કે ખેડૂત જુદાં નિવાસસ્થાનોની વ્યવસ્થા કરવામાં આવી હતી. બધા અતિથિઓને તથા આમંત્રિત

લોકોને બેસાડવા માટે રાજમહેલના પ્રાંગણમાં મંડપો રચવામાં આવ્યા હતા. ત્યાંથી તેઓ નામકરણના વિધિ ને  જોઈ શકે તેમ હતું.

થોડાજ સમયમાં દરબારમાંથી સંગીત સંભળાવા લાગ્યું. બ્રાહ્મણો જે વેદ-મંત્રોનું ઉચ્ચારણ કરતા હતા તે પણ સંભળાવા લાગ્યું. પોતાના બાળકોને હાથમાં લઈને ત્રણ રાણીઓએ સુંદર રીતે સુશોભિત હોલમાં પ્રવેશ કર્યો.બ્રહ્માને, વિષ્ણુને અને શિવને લઈને આવતી દિવ્ય માતાઓ પેઠે તેઓ પ્રકાશતી હતી. તેમના મુખો પર વ્યાપી ગયેલા આનંદ અને તેજ અવર્ણનીય હતા.

ત્રણ રાણીઓને પ્રવેશ કરતી જોઇને લોકોના હૃદયમાં થી 'જય'નો ધ્વનિ ઉઠ્યો. સ્ત્રીઓએ તેમની આરતી ઉતારી. તેમને માટે ત્રણ ખાસ આસનો રાખવામાં આવ્યાં હતાં. પ્રથમ કૌશલ્ય બેઠાં, પછી સુમિત્રા અને કૈકેયી બેઠા. કૌશલ્યાની જમણી બાજુએ દશરથ રાજા બેઠા.

વીગત પર યોગ્ય ધ્યાન રાખીને બ્રાહ્મણો વિધિની શરૂઆત કરી. તેમણે પવિત્ર અગ્નિ પ્રજવલિત કર્યો અને મંત્રો ભણીને તેમાં આહુતિઓ આપવા માંડી. અક્ષતનો હોમ કરવામાં આવ્યો અને તેમના દાણાને સોનાની થાળીઓમાં વેરવામાં આવ્યાં. અક્ષત પર સુંવાળું, રેશમી વસ્ત્ર ઓઢાડવામાં આવ્યું. પછી માતાઓએ તે વસ્ત્ર પર પોતાના પુત્રોને મૂક્યા. કૌશલ્યાના પુત્ર વસિષ્ઠ સામે તાકી તાકીને જોઇ રહ્યા હતા જાણે કે તે તેમના પરિચિત ઓળખીતા ન હોય! તેમને વસિષ્ઠનો સંગ ગમતો હોય તેમ, તે તેમની પાસે જવાનો પ્રયત્ન કરવા લાગ્યા. દરેક જણને આ વિચિત્ર વર્તનથી આશ્ચર્ય થયું. તે જોઈને વસિષ્ઠ આનંદ-વિભોર બની ગયા, તેમની આંખોમાં હર્ષાશ્રુ ઉભરાયાં. તેમને પોતાની આંખો લુંછવી પડી અને પ્રયત્ન પૂર્વક પોતાની જાત ઉપર કાબૂ રાખવો પડયો. પછી પોતાના હાથ થોડા અક્ષતના દાણા લઈને તે બોલ્યા, "હે રાજા, કૌશલ્યાના આનંદમાં વૃદ્ધિ કરનાર આ બાળક સમગ્ર માનવજાતિના આનંદમાં વૃદ્ધિ કરશે. તેમના સદગુણો બધાને આશ્વાસન, સંતોષ, આનંદ અને સુખ લાવી આપશે. એટલે આ ક્ષણથી જ તેમનું નામ છે રામ (બધાને રાજી કરનાર) ઋષિ-મુનિઓએ તે નામને ખૂબ યોગ્ય અને સાર્થક ગણીને વધાવી લીધું તેઓ બોલી ઉઠ્યા કે સરસ-સરસ.

પછી વશિષ્ઠે સુમિત્રાના બે જોડિયા બાળકો પર નજર ઠેરવી. તેમને જણાવ્યું કે મોટો ભાઈ એક વીર બનશે, બળવાન યોદ્ધો બનશે, ખૂબ ધન પ્રાપ્ત કરશે. તે જાણતા હતા કે-તે ભગવાનની અને તેમના સહ-ચરી લક્ષ્મીની સેવા કરવામાં ખૂબ આનંદ માણશે, તે સેવા તેને માટે તેના જીવનના શ્વાસ-રૂપ બની રહેશે. એટલે વશિષ્ઠે તેમનું નામ 'લક્ષ્મણ' પસંદ કર્યું. વશિષ્ઠ જાણતા હતા કે-તેમનો નાનો ભાઈ શત્રુઓનો ભીષણ વિનાશ કરશે અને પોતાના મોટા ભાઈઓના પગલાને સંતોષપૂર્વક અનુસરશે. એટલે તેમણે તેનું નામ શત્રુધ્ન (શત્રુઓને મારનાર) પાડ્યું.

પછી તેમણે  કૈકેયીને આનંદ પમાડનાર બાળક પર દ્રષ્ટિ ઠેરવી. વસિષ્ઠ જાણતા હતા કે-તે બાળક બધાના હૃદયને પ્રેમ અને આનંદ વડે ભરી દેશે, ન માની શકાય તેવી રીતે તે ધર્મને ચીટકી રહેશે, જેથી બધા લોકો આશ્ચર્ય-ચકિત થઇ જશે, ખુબ કરુણા પૂર્વક અને પ્રેમપૂર્વક તે પોતાના પ્રજા-જનો પર શાસન કરશે. એટલે તેમણે તેનું નામ ભરત પાડ્યું. બાળકોના ઉજ્જવળ ભાવિનું વર્ણન કરતા ગુરુને સાંભળી લોકો રાજી થયા. રાજકુમારો પ્રત્યે તેમને પ્રેમ પ્રગટયો, તે દિવસથી તેઓ તેમને રામ, લક્ષ્મણ, શત્રુધ્ન અને ભરત કહેવા લાગ્યા.

વિધિમાં હાજર રહેલા બધા લોકો માટે દશરથે ભોજન-સમારંભ ગોઠવ્યો હતો. આવેલા દરેક જણને તેમણે આનંદ વડે સભર ભરી દીધો. દરેકના મોભા અને દરજ્જા અનુસાર તેમણે તેને આતિથ્ય અને ભેટો આપી. તેમણે વિધિ-પૂર્વકના તપ તરીકે ખૂબ દાન વરસાવ્યા. ગરીબ અને જરૂરિયાતવાળા લોકોને તેમણે ગાયો,જમીન, સુવર્ણ અને બીજી કિંમતી વસ્તુઓ વહેંચી આપી. દરેક જણની જરૂરિયાત પર તેમણે ધ્યાન આપ્યું, જેથી કોઈ પણ અસંતુષ્ટ અથવા નિરાશ ન રહે.જ્યારે વિધિની પૂર્ણાહુતિ થઈ ત્યારે તેમને બધા અતિથિઓને પોતપોતાને ઘેર જવાની વિનયપૂર્વક રજા આપી.

માતાઓએ ખુબ કાળજીપૂર્વક પુત્રોને ઉછેરીને મોટા કર્યા. પણ પહેલેથી જ એક વિચિત્ર વાત બધાના જોવામાં આવી હતી.હંમેશાં એવું જોવા મળતું કે લક્ષ્મણ હમેશારામની પાસે જ રહેતા અને શત્રુધ્ન હંમેશાં ભરત ની પાસે જતા. જન્મના દિવસથી જ લક્ષ્મણ હંમેશા વિલાપ કરતા, ધાત્રીઓ અને આયાઓ અનેક ઉપાયો કરતી. પણ

લક્ષ્મણનો વિલાપ અટકતો નહિ, તેમનું દુઃખ દૂર થતું નહિ. એવી શંકા થઇ કે-તેમને કોઇક આંતરિક પીડા થતી હતી. અનેક દવાઓ કરવામાં આવી, પણ તે બધી નકામી ગઈ. એટલે સુમિત્રાને ખાતરી થઈ ગઈ કે-દવાઓથી લક્ષ્મણનું  દુઃખ મટવાનું નથી. તેમણે વસિષ્ઠ મુનિને બોલાવ્યા.તે ખંડમાં આવ્યા કે તરત જ તે તેમને પગે પડ્યાં. તેમણે આજીજી કરી,"હે ગુરૂજી, આ લક્ષ્મણ જન્મથી જ રડ્યા કરે છે. તે શું માગે છે તે હું શોધી શકતી નથી. ડોક્ટરોની સલાહ પ્રમાણે મેં તેને સારવાર આપી છે. પણ તેનો વિલાપ દિવસે-દિવસે વધતો જ જાય છે. તેને ધાવવુ પણ ગમતું નથી. તેને બિલકુલ ઊંઘ આવતી નથી. જો આમ જ ચાલ્યા કરે, તો તે કેવી રીતે તંદુરસ્ત અને બળવાન બને? તે આમ કેમ કરે છે તેનું કારણ મને કૃપા કરીને જણાવો, અને સતત રુદન તે બંધ કરે તેવા તેને આશીર્વાદ આપો."

વશિષ્ઠ થોડા વખત સુધી ધ્યાનમાં નિમગ્ન થયા. પછી તે બોલ્યા,"હે રાણી, તેમની પીડા અસાધારણ છે. તમે તેને દવાઓ વડે અને જાણીતા ઉપાયો વડે દૂર કરવાનો પ્રયત્ન કરો છો.મર્ત્ય માનવી તેમના દુઃખને સમજી શકે તેમ નથી. હું કહું છું તેમ કરો અને બાળક શાંત અને સુખી બની જશે. તમે તેમ કરશો કે તરત જ બાળક રડવાનું બંધ કરી દેશે અને ઉત્સાહપૂર્વક ખેલવા લાગશે. હમણાં જ તેમને લઈ જઈ કૌશલ્યાના પુત્ર રામ પાસે સુવાડો. આ રામબાણ ઇલાજ છે." એટલું કહીને, માતાને તથા બાળકને આશીર્વાદ આપીને વશિષ્ઠ વિદાય થયા. પછી સુમિત્રા લક્ષ્મણને રામના ઘોડિયા પાસે લઈ ગયા, કારણ કે તે પોતાના બાળકને સુખી બનાવવા માગતાં હતાં. તેમણે લક્ષ્મણને રામને પડખે સુવાડયા. તે જ ક્ષણથી રુદન બંધ થઈ ગયું. લક્ષ્મણ હસવા લાગ્યા અને રમવા લાગ્યા..

આ પરિવર્તન જોઇને બધાને ખૂબ આશ્ચર્ય થયું. જે લક્ષ્મણ પહેલા રડ્યા કરતા હતા તે હવે મોટેથી કાલું-કાલું બોલવા લાગ્યા. રામના પગ ચાટવા લાગ્યા, ફરી પાણીમાં નખાયેલી માછલીઓની પેઠે હવામાં હાથ ઉછળવા લાગ્યા. સુંદર રીતે કૂદકા મારીને જમીન પર સરકવા લાગ્યાં. રામની હાજરીમાં તે આનંદવિભોર બની ગયા, રામ વડે વરસાવાતી કૃપાથી સભાન બની ગયાં.

શત્રુઘ્નની બાબતમાં પણ એવું જ બન્યું, તે દિલગીર રહેતા, ધાવતા નહિ, રમતા નહિ, તે બહુ દુર્બળ અને થાકેલા દેખાતા હતા. તેથી સુમિત્રાને ચિંતા થતી હતી. એટલે તેમણે મહેલમાં ગુરૂને બોલાવ્યા અનેતેમણે શત્રુઘ્નના દુઃખનું કારણ પૂછ્યું. વશિષ્ઠે ફરી સ્મિત કર્યું અને કહ્યું કે-"માતાજી, તમારા બાળકો સામાન્ય પ્રકારનાં નથી. તેઓ દિવ્ય નાટક ભજ્વવા જન્મ્યા છે. શત્રુઘ્નને ભરતની પથારીમાં તેમની સાથે સુવાડો એટલે તેમનો દૈનિક કાર્યક્રમ આનંદ-પૂર્ણ બની જશે, તે ખૂબ સુખી બની જશે. તમારે વધારે ચિંતા કરવાની જરૂર નથી."વસિષ્ઠ તેમને આશીર્વાદ આપીને વિદાય થયા.સુમિત્રાએ તેમના કહ્યા મુજબ કર્યું. ત્યારથી શત્રુઘ્ન પોતાનો સમય ભરતના સંગમાં જ ગાળવા લાગ્યા. સાથે હોય ત્યારે તે બન્ને બાળકો ખૂબ આનંદમાં રહેતા. તેમની પ્રગતિ ખૂબ ઝડપથી થવા લાગી. સૂર્યના પ્રકાશની પેઠે તેમની બુદ્ધિમાં અને તેજમાં કલાકે-કલાકે વૃદ્ધિ થવા લાગી.

હવે સુમિત્રાને પોતાના બાળકો માટે કાંઈ કરવાનું રહ્યું નહિ, પણ તે પોતાનાં બે જોડિયા બાળકોને પ્રાણ-સમાન ચાહતા હતા, એટલે તે પોતાનો થોડોક સમય કૌશલ્યા અને કૈકૈયી સાથે ગાળતાં હતા, તેમનાં બાળકોને લાડ કરતાં હતાં અને તેમની જરૂરિયાતો પર ધ્યાન રાખતાં હતાં, તે એક મહેલમાંથી બીજા મહેલમાં જતાં, અને જેમ ધાત્રી બાળકોની સગવડો માટે દરકાર રાખીને રાજી થાય તેમ રાજી થતાં હતાં. કેટલીકવાર એકાંતમાં તેમને દુઃખ થતું કે-માતા તરીકે તેમનો ઉછેર કરવાનું મારા નસીબમાં લખેલું નથી. ઘણી વાર તેમને આશ્ચર્ય થતું કે મારાં બાળકો બીજી માતાઓ સાથે હોય ત્યારે પ્રસન્ન રહે છે, મારી સાથે હોય ત્યારે નહિ-એ કેવી વિચિત્ર ઘટના કહેવાય !

આખરે તે ગુરૂ પાસે ગયાં અને તેમણે તેમને પોતાની ચિંતા શાંત કરવાની પ્રાર્થના કરી. સાચું કારણ પ્રગટ કરતાં વસિષ્ઠે કહ્યું કે-માતાજી લક્ષ્મણ એ રામનો એક ભાગ છે, શત્રુઘ્ન એ ભરતનો એક ભાગ છે, તે સાંભળી સુમિત્રા બોલ્યા કે-હા, હા, મને હવે તેનો ખ્યાલ આવી ગયો છે, તમારી પાસેથી સત્ય જાણીને મને આનંદ થયો છે. પછી તે વસિષ્ઠને પગે લાગ્યા અને પછી અંત:પુરમાં ચાલ્યા ગયા.

તેમણે મનમાં વિચાર કર્યો,"જ્યારે દિવ્ય દેવદૂત વડેઅપાયેલા પાયસની મૂલ્યવાન ભેટને પોતાની ચાંચમાં ગરૂડ લઈ ગયું હતું ત્યારે રાજા મારી બેદરકારીને કારણે ગુસ્સે થશે એ ખ્યાલથી હું એટલી બધી ભયભીત બની ગઈ હતી કે મે તે સંકટની જાણ કૌશલ્યા અને કૈકેયીને  કરી હતી. તે બંનેએ તેમના ભાગના પાયસને મારા પ્યાલામાં રેડી આપ્યું હતું. તેથી-તે બે ભાગોના કારણે મને એકલીને જ બે જોડિયા બાળકો જન્મ્યા હતા. ઓહ, ભગવાનની ઈચ્છા રહસ્યમય છે. કોઈપણ માણસ ભગવાનની શક્તિને અને ભવ્યતાને જાણી શકે તેમ નથી. ભગવાને નક્કી કરેલી વસ્તુને કોણ બદલી શકે તેમ છે?"

રાણી એ પોતે આશ્વાસન લીધું હતું કે નવ માસ સુધી તે બાળકોને મેં મારા ઉદરમાં રાખ્યાં હતાં, મેં પ્રસુતિની પીડા વેઠી હતી, પણ તેમની સાચી માતાઓ કૌશલ્યા અને કૈકેયી છે તેમાં શંકા નથી. તેમની આ માન્યતા દ્રઢ બની ગઈ, તેમણે પોતાના બાળકો કૌશલ્યા અને કૈકેયીને સોંપી દીધાં,અને તેમની સાથે તે તે બાળકોને લાડ લડાવવા લાગ્યા અને ઉછેરવા લાગ્યા.

બાળકોને ખેલતા જોઈને દાસીઓ અને રાજ-કુટુંબના સગાં-વ્હાલાં ખુબ આનંદ પામ્યાં.તેમના બધાના ગયા પછી કૌશલ્યાએ તે બાળકો ને કોઈની નજર ન લાગે તેટલા માટે કાળજી-પૂર્વક ધાર્મિક વિધિઓ કરાવવાનો આગ્રહ રાખ્યો. બાળકો પ્રત્યે તે એટલો બધો સ્નેહ અને કાળજી રાખતા હતા કે તેમને રાત-દિવસનો ખ્યાલ ન રહ્યો, રાત વિત્યા પછી નવીન પ્રભાત ઉગે તેનો પણ ખ્યાલ ન રહ્યો.એક ક્ષણ માટે પણ તે બાળકોને પોતાની નજરથી અળગા થવા દેતા નહિ.તે સ્નાન કરતાં હોય કે દેવમંદિરમાં પૂજા કરતાં હોય, ત્યારે પણ તેનું ચિત્ત બાળકો પર જ રહેતું અને બને તેટલી ત્વરાથી તે બાળકો પાસે પહોંચી જતાં. તે પોતાનું બધું કાર્ય ઝટપટ પતાવતાં, જેથી તે બાળકોની દરકાર રાખવામાં વધુ સમય ગાળી શકે.

એક દિવસ તેમણે રામને અને લક્ષ્મણને સ્નાન કરાવ્યું, તેમના કેશને સૂકવવા માટે તથા સુગંધિત બનાવવા માટે તેમણે તેમના કેશને સુગંધી ધૂપ આપ્યો. તેમને સોનેરી પારણા પ્રતિ લઈ ગયાં, મધુર હાલરડા ગાઈને તે બંનેને તેમણે ઊંઘાડી દીધા.

તેમને ઊંઘેલા જોઈને તેમણે દાસીઓને તેમની દરકાર રાખવાનું કહ્યું અને પોતે પોતાની રૂમમાં ગયાં, અને પૂજા વિધિ કરવા માટે ભગવાનને ધરાવવાનું નૈવેદ્ય તેમણે તૈયાર કર્યું. સોનાની થાળીમાં તેમણે ભગવાનને નૈવેદ્ય ધરાવ્યું. થોડાક સમય પછી તે થાળી લેવા માટે  તે દેવ મંદિરમાં ગયાં. તેમાંથી તે થોડોકપ્રસાદ બાળકોને આપવાની ઇચ્છા રાખતાં હતાં. પણ તે રૂમમાં જતાં તેમણે રામને ભૂમિ પર બેસીને તે વેધ્યને આનંદ-પૂર્વક આરોગતા જોયા. તેથી તે આશ્ચર્યચકિત બની ગયા. પોતાની સગી આંખે તેમણે જે જોયું તેને તે માની શક્યા નહિ. કૌશલ્યાને આશ્ચર્ય થયું કે-"હુંશું જોઈ રહી છું?શું મારી આંખો મને છેતરી તો નથી રહી? શું આ સત્ય છે? તે સત્ય હોઇ શકે? પારણામાં ઊંઘી ગયેલો આ બાળક દેવ મંદિરમાં કેવી રીતે આવી ગયો? તેમને અહીં કોણ લાવ્યું?" તે પારણા પ્રતિ દોડી ગયા, અને જોયું તો રામ તેમાં નિંદ્રાધીન હતાં! તેમને લાગ્યું કે-મને આ ભ્રમણા થઇ છે. મૂર્તિઓ સમક્ષ ધરાવેલા પાયસના પાત્રને ત્યાંથી લઈ જવા માટે તે દેવ મંદિરમાં ગયાં. તેમણે જોયું તો પાત્ર ખાલીખમ હતું! તેમને આશ્ચર્ય થયુ કે-આ બન્યું જ કેવી રીતે? દેવ મંદિરમાં બાળકનું દર્શને એ આંખની યુક્તિ-પ્રયુક્તિ હોઈ શકે, પણ પાત્ર ખાલીખમ હતું તેનું શું? તે આંખની ભ્રાંતિ  કેવી રીતે હોઈ શકે?

આમ આશ્ચર્ય અને અશ્રદ્ધાથી તેમનુ મન વ્યગ્ર બની ગયું. થોડાક નૈવેર્ધવાળા તે પાત્રને લઈને તે પારણા પ્રતિ ગયાં. અને બંને બાળકો પર તેમણે દ્રષ્ટિ સ્થિર કરી. તેમણે જોયું તો રામ જીભ વડે કાંઈક વસ્તુને વાગોળતા હતા અને તેના સ્વાદને આનંદપૂર્વક માણી રહ્યા હતા. તે રમૂજ ભરેલી રીતે બાળકના મુખને નિહાળી રહ્યાં, ત્યાં તો તેમણે સમગ્ર વિશ્વને રામના મુખમાં પરિભ્રમણ કરતું જોયું ! તે પોતાની જાતનું અને આસપાસની બધી વસ્તુઓનું ભાન ભૂલી ગયાં. પ્રગટ થયેલા અસાધારણ દ્રશ્ય પર સ્થિર દ્રષ્ટિનાંખતાં, તે અવિચલિત  બનીને ઊભા રહ્યા.

તેમના વર્તનને જોઈને દાસીઓને આશ્ચર્ય થયું. તેમણે ચિંતાતુર બની ને તેમને બૂમ પાડીને બોલાવ્યાં, પણ કૌશલ્યાએ તેમનો અવાજ સાંભળ્યો નહીં. એક દાસીએ તેમના પગ પકડીને તેમને જોરથી હલાવ્યાં આખરે કૌશલ્યા ભાનમાં આવ્યાં. ઝડપી ધ્રુજારી સાથે તે ભાનમાં આવ્યાં. તેમણે દાસીઓને આશ્ચર્ય-ચકિત બનેલી જોઇ. તે

ખાટલામાં બેઠા. દાસીઓ તરફ વળીને તેમણે પૂછ્યું  કે-તમે બાળકને જોયું હતું? તેમણે જવાબ આપ્યો કે-હા, અમે ઘણા સમયથી અહીં જ છીએ, અમે બાળક પરથી અમારી નજર દૂર કરી નથી. કૌશલ્યાએ ઉત્સૂક ત્વરા-પૂર્વક પૂછ્યું કે-તમે તેનામાં કોઇ પરિવર્તન નિહાળ્યું હતું? દાસીઓએ ઉત્તર આપ્યો કે અમે બાળકમાં કોઈ ફેરફાર નિહાળ્યો નથી, તમે જુઓ છો તેમ બાળક ઘસઘસાટ ઊંઘતો હતો. કૌશલ્યા સમક્ષ એક સમસ્યા ખડી થઈ. પોતાની દર્શના શું એક ભ્રાંતિ હતી? કે પછી તે એક હકીકત હતી? જો તે સત્ય હોય, તો દાસીઓએ  તે કેમ જોયું નહિ? તેમણે લાંબા સમય સુધી તેનો વિચાર કર્યો. છેવટે તેમણે એવા વિચારથી પોતાની જાતને  આશ્વાસન આપ્યું કે-બાળકો દિવ્ય કૃપા વડે જન્મ્યાં હતા, એટલે તેઓ દિવ્ય આવિર્ભાવ કરે એ સ્વાભાવિક છે. તે ઉંડા માતૃવાત્સલ્યથી તેમને ઉછેરવા લાગ્યાં. જેમ શુક્લ પક્ષમાં ચંદ્ર રોજ-રોજ વધુ ને વધુ પ્રકાશયુક્ત બનતો ચાલે છે તેમ તે બાળકો રોજ રોજ વધુ ને વધુ પ્રકાશ સાથે મોટા થતા ચાલ્યાં. તેમને લાડ લડાવવામાં, વસ્ત્રો પહેરાવવામાં,આભૂષણો પહેરાવવામા કૌશલ્યાને ખુબ આનંદ થતો.

રામનો બાલ્યકાળ તેમના જીવનનો એક સરળ પણ ભવ્ય ભાગ હતો. ઘણીવાર તે પોતાના પુત્ર છે એ વાત ભૂલી જઈને કૌશલ્યા તેમને પગે પડતાં, અને તેમને ભગવાન જાણીને પ્રણામ કરવા પોતાના હાથ જોડતાં, પોતાના પુત્રની સાથે તેમને હાથ જોડતાં, અને પૂજ્યભાવથી તેમના ચરણ-સ્પર્શ કરતાં જોઇને લોકો શું કહેશે તેનો તેમને ડર લાગતો. પોતાના મનના ગૂંચવાડાને ઢાંકી દેવા માટે તે આકાશ પ્રત્યે જોઈને મોટેથી પ્રાર્થના કરતા કે-હે ભગવાન, મારા બાળકને ઈજાથી દૂર રાખજો. દિવ્ય બાળકના ધ્યાનમાં તે પોતાની આંખો મીંચી  દેતાં, અને ભગવાનને પ્રાર્થના કરતા કે-તમારી માયા વડે હું શ્રદ્ધામાંથી ડગી ન જાઉં તેવું કરજો. રામના મુખની આસપાસ તેજોમંડળ જોઈને તેમને આશ્ચર્ય થતું. તેમને ભય લાગતો  કે-જો હું મારા અનુભવો બીજા લોકો આગળ વર્ણવીશ, તો તેઓ મને પાગલ ગણશે. પણ તે પોતાના અનુભવો અંદર જ સમાવી દઈ શકતા નહિ. તે ઘણી એટલા બધા વ્યાકુળ બની જતા કે જાણે પોતાના બાળકની દિવ્ય લીલાની અને સનેવાટીથી તે ઘસડાઈ જતા હોય તેવી વિલક્ષણ રીતે વર્તતા. કેટલીકવાર

જ્યારે સુમિત્રા કે કૈકેયી પોતાની પાસે હોય, ત્યારે તેમને પોતાના હૃદયની વાતો કહી દેવાનું  તેમને મન થતું. પણ તે પોતાની જાત પર કાબૂ મૂક્તા કે-રખેને તેઓ પોતાના અનુભવોને  સત્ય ન માને, અને એમ માની લે કે-પોતાના પુત્રનાં વખાણ કરવાની ઇચ્છાથી હું અતિશયોક્તિ કરું છું.

છેવટે એક દિવસે તેમણે પોતાની આશ્ચર્ય-કારક અને સનેનાટી-ભરી વાતો દશરથ રાજા આગળ વર્ણવવાની હિંમત કરી. ધ્યાનપૂર્વક તે વાતો સાંભળીને દશરથ બોલ્યા કે- "હે નારી, આ બધું માત્ર તારી કલ્પનાનું સર્જન છે, તને તારા બાળક પ્રત્યે વધારે પડતો પ્રેમ છે, તું કલ્પના કરે છે કે-તે દિવ્ય છે, અને તે માન્યતા સ્વીકારી લઇને જ તું તેના દરેક કાર્યને અને ગતિને નિહાળે છે, તેથી રામ તને વિચિત્ર અને આશ્ચર્યકારક દેખાય છે. બસ, વાત એવી જ  છે." આ જવાબથી કૌશલ્યાને સંતોષ ન થયો. એટલે દશરથે કેટલીક નકામી દલીલો કરીને તેને આશ્વાસન આપ્યું અને તેમને અંતઃપુરમાં મોકલી દીધાં. દશરથે એમ કહ્યું, છતાં જેમણે પોતાની સગી આંખો વડે આશ્ચર્યકારક ઘટનાઓ જોઇ હતી તેવા રાણીને દશરથની વાતો ખાતરી દાયક જણાઇ નહિ, તેમને દશરથના શબ્દોમા શ્રદ્ધા બેઠી નહિ.

એટલે કૌશલ્યા વસિષ્ઠ ગુરૂ પાસે ગયાં અને પોતાના અનુભવો સાચા છે કે ખોટા- તે બાબતે તેમની સલાહ માગી. બધી ઘટનાઓનું વર્ણન સાંભળ્યા પછી  વસિષ્ઠે કહ્યું,"રાણી, તમે જે કાંઈ જોયું છે તે કેવલ સત્ય છે. તે તમારી કલ્પનાના સર્જનો નથી. તમારો પુત્ર કોઈ સામાન્ય માનવી બાળક નથી, તે દિવ્ય છે. પૂર્વ જન્મોમાં તમે અનેક પુણ્યો કર્યા હતાં, તેના ફળરૂપે તમને આ પુત્ર પ્રાપ્ત થયો છે. માનવ-જાતિના ઉધ્ધારક ભગવાન કૌશલ્યાને પેટે જન્મે એ અયોધ્યા-વાસીઓનું અસાધારણ સદભાગ્ય છે."વસિષ્ઠે રાણીને ખૂબ આશિર્વાદ આપ્યા,અને પછી પોતે વિદાય થયા.કૌશલ્યાને ખ્યાલ થઈ ગયો કે-વસિષ્ઠનું કથન સત્ય છે. પોતે જાણતાં હતાં કે-મારો પુત્ર એ ખુદ ભગવાન જ છે. પોતાના બાળકને જોઈને તેમને ખૂબ આનંદ થતો.

મહિનાઓ વીતી ગયાં. રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન પેટે ચાલતાં, જમીન પર બેસતાં, અને હરતાં-ફરતાં શીખી ગયા. સર્વ સમયે તેમની દેખરેખ રાખવા માટે ખાસ

વ્યવસ્થા કરવામાં આવી કે રખેને તેઓ પડી જાય અને તેમને વાગે. અનેક પ્રકારનાં રમકડાં લાવીને તેમની સમક્ષ મૂકવામાં આવ્યાં. બાળકો સાથે માતાઓ અને માતાઓ તથા દાસીઓ સાથે બાળકો સતત આનંદમાં દિવસો પસાર કરવા લાગ્યાં, તેમને સમય વીતવાનુ કશું ભાનજ રહેતું નહિ. બાળકો પોતે ઊભાં થતાં, અને માતાની કે દાસીની આંગળીઓને જોરથી પકડી રાખતાં, તેઓ ભીંતનો ટેકો લઈને ઊભાં થતાં, તેઓ પોતાના પગે થોડાંક પગલાં ભરતાં. તેમના પ્રયત્નોથી અને સફળતાઓથી માતાઓને આનંદ થતો. તેઓ પોપટની પેઠે થોડાક અસ્પષ્ટ મધુર શબ્દો બોલતાં, તે સાંભળીને માતાઓ હસી પડતી. માતાઓ તેમને 'બા' અને 'બાપુજી' બોલતાં શીખવતી, જ્યારે બાળકો ભૂલ વગર તે શબ્દો બોલતાં, ત્યારે તેમને આનંદ થતો.

દરરોજ સવારે માતાઓ બાળકોના શરીરોને સુગંધિ ઔષધમય તેલથી માલિશ કરતી, પછી તેઓ તેમના પર આરોગ્યપ્રદ પાવડર છાંટતી અને તેમને સરયૂ-નદીના પવિત્ર જળમાં સ્નાન કરાવતી. પછી તેઓ સુગંધી ધુપ વડે તેમના કેશને સૂકવતી, આંખોમાં મેશ આંજતી, કોઈની નજર ન લાગે તે માટે તેમના ગાલ પર બિંદુઓ કરતી, અને કપાલ પર તિલક કરતી. તેઓ તેમને આકર્ષક,સુંવાળાં રેશમી વસ્ત્રો પહેરાવતી, પારણાંમાં સુવાડતી, અને મધુર હાલરડાં ગાઈને તેમને ઊંઘાડતી. આ સુખમય કાર્યો કરવામાં માતાઓને સ્વર્ગ પ્રાપ્ત થયાનુ સુખ મળતું, સ્વર્ગ તો તેમને વીંટળાઈને રહેલું જ હતું.

બાળકો માટે રત્નોનું શું? ઓહ, દરેક નવીન દિવસે રત્નો પણ નવા અને વધુ તેજસ્વી વપરાતા. ઝાંઝર,સોનાના રત્ન જડિત કંદોરા નવરત્નોવાળી કંઠ-માળાઓ! બાળકોનાં કોમળ શરીરોને ઈજા ન થાય તે માટે તે આભૂષણોને સુંવાળી રેશમી પટીઓમાં જડવામાં આવ્યા હતા.

નાના બાળકોની રમત-ગમતો અને મનોરંજનો અવર્ણનીયહતા. જ્યારે તેઓ ચાલવા માટે સમર્થ થયાં, ત્યારે નગરીમાંથી તેમની ઉંમરના છોકરાઓને બોલાવવામાં આવતા, અને તે બધા મળીને રમત-ગમતો રમતા. નગરીના બાળકોને સ્વાદિષ્ટ વસ્તુઓ ખાવા માટે આપવામાં આવતી હતી અને રમવાના રમકડા આપવામાં આવતાં

હતાં. તેમને ખૂબ ભેટો પણ આપવામાં આવતી હતી. તેમને લઈ આવનારી દાસી-ઓને પણ મિષ્ટાન ખાવા માટે આપવામાં આવતું. બાળકોને ઉછેરવાના કામમાં કૌસલ્યાને, સુમિત્રાને અને કૈકેયીને પોતાની તંદુરસ્તીની અને એશ-આરામોની કશી દરકાર ન હતી, તેમની સાથે માતાઓ ખૂબ સુખી બની જતી.

રાજમહેલમાં તેમના પોષણના અને વૃદ્ધિના આ ગાળા પછી, જ્યારે બાળકો ત્રણ વર્ષના થયા, ત્યારે ધાત્રીઓ તેમને રમત-ગમતના મેદાન પર લઈ જવા લાગી, ત્યારે તેઓ ખૂબ સંતોષ થાય ત્યાં સુધી રમતા, ખેલતા, કુદતા. જયારે તેઓ પાછા મહેલમાં આવતાં, ત્યારે માતાઓ તેમનુ સ્વાગત કરતી અને ખૂબ પ્રેમપૂર્વક તથા કાળજીપૂર્વક તેમનુ પોષણ કરતી. એક દિવસ, પોતાની રાણીઓ સાથે વાતચીત કરતા દશરથે કહ્યું કે-જો બાળકો દાસીઓ સાથે હરશે-ફરશે તો તેમને યોગ્ય કેળવણી મળશે નહિ, તેથી તેમની બુદ્ધિમાં અને કુશળતામાં વૃદ્ધિ થશે નહિ. એટલે તેમને અક્ષર-જ્ઞાનની દીક્ષા આપવા માટે એક શુભ મુહૂર્ત નક્કી કરવામાં આવ્યું, તેમના અધ્યયનનો પ્રારંભ કરવા માટે ગુરુઓને બોલાવવામાં આવ્યા.

તે દિવસથી તે મનોહર નાનાં બાળકો ગુરુને ઘેર રહેવા ગયાં. તેમણે કિંમતી રાજ-વસ્ત્રોનો ત્યાગ કર્યો, અને પોતાની કમ્મરની આસ-પાસ એક સાદું વસ્ત્ર વીંટાળયું, અને બીજું એક વસ્ત્ર ખભા પર નાખ્યું. જો બાળકો માતા-પિતાના પ્રેમના અને દરકારના વાતાવરણમાં રહે, તો કેળવણીમાં પ્રગતિ બરાબર ન સધાય, એટલે તેમણે શિક્ષક સાથે રહેવું પડતું,  રાતદિવસ બોધ પાઠો ભણવા પડતાં,કારણ કે ગુરૂની સેવા કરવાથી,તેમનું નિરીક્ષણ કરવાથી, તેમના દ્રષ્ટાંતનું અનુસરણ કરવાથી, ઘણું વધારે શીખી શકાય છે. ગુરૂ જે ખાવાનું તેમને આપે તેટલા વડે તેમને ગુજરાત ચલાવવાનું હતું. તેઓ મૂર્તિમાન બ્રહ્મચારીના આદર્શ સમાન પ્રકાશવા લાગ્યા.જ્યારે માતાઓને પુત્રોનો વિયોગ સાલતો અને તેમને તેમને જોવાનું મન થતું, ત્યારે તેઓ ગુરૂને ઘેર જતી અને બાળકોનો વિકાસ જોઇને સુખ અનુભવતી.

જ્યારે ગુરુએ પોતાના શિષ્યોમાં સ્થિરતા અને ઉત્સાહ જોયાં, ત્યારે તે ખુબ સુખી થયા, રાજી થયા. શિષ્યોની બુદ્ધિ અને સ્મૃતિશક્તિ જોઈને તેમને આશ્ચર્ય થયું, અને

આનંદ પણ થયો. ચારેય ભાઈઓમાં, રામને પોતાના અભ્યાસમાં સૌથી વધારે રસ હતો. તે એટલી બધી ઝડપથી વસ્તુઓને સમજી જતાં કે એક જ વાર સાંભળ્યા પછી તે પાઠને ભૂલ વગર બોલી જતા. ગુરૂ રામની તીક્ષ્ણ બુદ્ધિથી આશ્ચર્ય ચકિત થઈ ગયા. તેમણે નિર્ણય કર્યો કે-બીજા ભાઈઓને તેમના સ્તર પર લાવવાની જરૂરિયાતથી તેમના વિકાસ મંદ ન પડી જવો જોઈએ.એટલે તેમણે બીજા ત્રણ ભાઈઓનું એક જૂદું જૂથ નિર્માણ કર્યું, અને ખૂબ ઝડપથી શિક્ષા ગ્રહણ કરી લેતા રામ પર વ્યક્તિગત ધ્યાન આપવા માંડ્યું.

લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન પોતાના પાઠો પ્રશસ્ય ઝડપથી શીખતા, પણ રામના સમાગમ માટે એટલું બધું ઝુરતા કે-રામ દ્રષ્ટિ બહાર થાય કે તરત જ તેમનો અધ્યયનમાંથી અને પોતાના ગુરૂ પ્રત્યેની ફરજોમાંથી રસ ઉડી જતો.પરિણામે તેઓ રામની બરાબરી કરી શકતા નહિ, તેઓ એક અગર બે સત્રો જેટલા રામ ની પાછળ રહી જતા.

લક્ષ્મણે પોતાના ગુરૂને એક-બે વાર એવું કહેવાની હિંમત કરી કે અમારે કોઈ પાઠો કે વિદ્યા શીખવાની જરૂર નથી. અમે માત્ર રામના સમાગમથી જ સુખી થઈશું. રામ લક્ષ્મણના પ્રાણ સમાન હતા. ગુરુએ તે  બે જણની વચ્ચેના આ વિચિત્ર સંબંધને જોયો, અને તેમાંથી તેમણે ખૂબ પ્રેરણા મેળવી. તેમને વસિષ્ઠ મુનિનું કથન યાદ આવ્યું કે-તે બે તો નર અને નારાયણ છે દિવ્ય અભેધ શક્તિઓ છે.

## અધ્યાય ૫

## ગુરૂ અને શિષ્ય

ભાઈઓ ગુરૂના ઘરમાં રહેતા, અને ભક્તિ પૂર્વક તેમની સેવા કરતા. તેમણે રાજમહેલનાં સુખ-સગવડોનો ત્યાગ કર્યો હતો, અને આનંદ-પૂર્વક કઠિનાઈઓ સ્વીકારી લીધી હતી. તેઓ નમ્રતા-પૂર્વક અને વફાદારી પૂર્વક ગુરૂની ઈચ્છાઓનું પાલન કરતા હતા. થોડા જ સમયમાં તેમણે પોતાનું અધ્યયન પૂરૂં કર્યું અને શિખવાડેલા વિષયો પર પ્રભુત્વ પ્રાપ્ત કર્યું. એક દિવસ દશરથ રાજા પોતાના મંત્રી સાથે ગુરૂને ઘેર આવ્યા. જયારે તેમણે પોતાના પુત્રોને વેદ -મંત્રો બોલતા સાંભળ્યા, જે મંત્રો તેમની જીભમાંથી ઝડપભેર અને સ્પષ્ટતા-પૂર્વક સરી પડતા હતા જાણે કે તે મંત્રો તેજોમય રત્નોનો એક વંગીલો પ્રવાહ ન હોય, ત્યારે તે ખૂબ આનંદ પામ્યા. પોતાના પુત્રો ખૂબ ભણ્યા છે તે જાણીને તે સુખી થયા.

રામ ઊભા થઇને પોતાના પિતાના પગે પડ્યા. તે જોઈને બીજા ત્રણ ભાઈઓએ પણ આગળ આવીને પિતાને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. ગુરૂએ દશરથ રાજાને અને તેમના મંત્રીને મૃગચર્મ પથરેલાં આસનો પર બેસવાનું કહ્યું. પોતાના પુત્રોએ પોતાના અધ્યયનમાં કેટલો વિકાસ સાધ્યો છે તે જાણવા માટે દશરથે ગુરૂ સાથે વાતચીત કરવા માંડી. રામે પોતાના ભાઈઓને નિશાની કરી કે તેમણે તે બે જણની વાતો ચોરી ચૂપકીથી સાંભળવી જોઇએ નહિ. ગુરૂની રજા લઈને પોતાનાં પુસ્તકો સાથે રામ ત્યાંથી ચાલ્યા ગયા અને પોતાના બીજા ભાઈઓને પણ પોતાની પાછળ બોલાવી લીધા. બીજા ભાઈઓ બધી બાબતોમાં રામને અનુસરતા હતા, એટલે તેમણે શાન્તિ પૂર્વક તેમના અભિનય-માત્રનું આજ્ઞા-પાલન કર્યું.

વશિષ્ઠે અને દશરથે આ ઘટના જોઈ. તેમણે રામના સદાચારનું, ગુરૂ સાથે થતી વાતચીતની સમજનું, તેમની તાત્કાલીક વિનમ્રતાના પ્રતિ કાર્યનું, અને જે રીતે તે પોતાના ત્રણ ભાઇઓ માટે દષ્ટાંત રૂપ અને આદર્શ-રૂપ બનતા હતા તેનુ મૂલ્યાંકન કર્યું. તેઓ આટલી બધી શિસ્ત શીખ્યા હતા તેથી તે બંને રાજી થયા.

વશિષ્ઠ પોતાની વાતને મનમાં સમાવી શકે નહિ. તે બોલ્યા, "મહારાજ, તમારા પુત્રોએ સર્વ કલાઓમાં પ્રભુત્વ પ્રાપ્ત કર્યું છે. રામે બધાં શાસ્ત્રો પર સ્વામિત્વ મેળવ્યું છે. તે સામાન્ય માનવી નથી. મેં તેમને વેદનું ઉચ્ચારણ કરવાનું શિખવવા માંડ્યું કે તરત જ તે વેદોને પહેલેથી જાણતા હોય તેમ, તે વેદોનુ ઉચ્ચારણ કરી ગયા. માત્ર તે જ સૂકતોનું ઉચ્ચારણ તે રીતે કરી શકે કે જેમણે વેદોને પ્રેરિત કર્યા હોય, બીજું કોઈ નહિ. વેદો એવા ગ્રંથો નથી કે જેમને રામે ફુરસદના સમયમાં વાંચ્યા હોય.તે તો ઉચ્ચારણ અને શ્રવણ દ્વારા ગુરૂ-શિષ્યની પરંપરાથી ચાલ્યા આવેલા છે. તે માત્ર ગુરૂ પાસેથી જ મળે છે, ક્યાંયથી નહિ. તેથી તેમને શ્રુતિ કહેવામાં આવે છે. તે પરમાત્માનો દિવ્ય નિઃશ્વાસ છે, જે મંત્રોના રૂપમાં પ્રગટ થયો છે. રામની પેઠે વેદો પર પ્રભુત્વ મેળવેલા મેં બીજા કોઈ શિષ્યને હજી સુધી જોયો નથી. અરે 'જોયો' તો શું, પણ આવી નોંધપાત્ર સિદ્ધિ મેળવનાર વિષે મેં હજી સુધી સાંભળ્યું પણ નથી.

તમારા પુત્રની બીજી અનેક સિદ્ધિઓ વિષે હું કહી શકું તેમ છું, મહારાજ, જ્યારે હું આ કુમારોને મારા વિદ્યાર્થીઓ તરીકે પ્રાપ્ત કરવાના સદ્દભાગ્યનો વિચાર કરૂં છું, ત્યારે હું એમ માનું છું કે-તે મારી લાંબી સમય સુધી કરેલી તપસ્યાનું ફળ છે. તેમને વધારે જાણવાની જરૂર નથી. હવે તેમને રાજકુમારો માટે યોગ્ય ધનુર્વિદ્યાની અને તે પ્રકારની કુશળતાઓની તાલીમ આપવાની જરૂર છે. મારી દેખરેખ હેઠળ તેમણે પોતાનું અધ્યયન પૂરૂ કર્યું છે, હું જે કાંઈ શિખવાડી શકું તે સર્વમાં તેઓ નિષ્ણાત બન્યા છે. આજનો દિવસ ખૂબ શુભ છે. તમારી સાથે તમે તેમને રાજ-મહેલમાં પાછા લઈ જાઓ."

તે સાંભળીને અત્યાર સુધી વિયોગની વેદનાથી પીડાતા દશરથે હર્ષાશ્રુ સાર્યા, તે આનંદને પોતામાં સમાવી શક્યા નહિ. પોતાની પડખે બેઠેલા મંત્રી તરફ વળીને તે બોલ્યા કે-આ શુભ સમાચાર જઈને રાણીઓને જણાવો અને ગુરૂને ઘેરથી વિદાય થતી વખતે તેમને આપવાની દક્ષિણા-ભેટો લઈને તેણને આશ્રમમાં આવવાનું કહો. સુમંત્ર ખુબ ઝડપભેર રાજમહેલમાં ગયા અને રાણીઓને તે સમાચાર જણાવ્યા. તેમણે ભેટોની તૈયારી કરી અને ધાર્યા મુજબ ઝડપભેર આશ્રમમાં પાછા ગયા.

તે દરમ્યાન વશિષ્ઠની સૂચના અનુસાર કુમારોએ પોતાના સર- સામાન બાંધી લીધો. સર સામાનને રથમાં મૂકવામાં આવ્યો પિતાની આજ્ઞા અનુસાર કુમારોએ વિધિ પૂર્વક ગુરૂની પૂજા કરી, તેમને ભેટો આપી, તેમને પગે પડ્યા, અને ઘેર જવાની રજા માગી.

વશિષ્ઠે કુમારોને પોતાની પાસે બોલાવ્યા, તેમના હાથ દાબ્યા, અને તેમના મસ્તકને પંપાળ્યું. તેમણે કુમારોને આશીર્વાદ આપ્યા, અને નામરજી છતાં તેમને જવાની રજા આપી. વિયોગની વ્યથાથી તેમની આંખોમાં આંસુ આવ્યાં. પોતાના શિષ્યો સાથે તે ચાલીને રથ સુધી ગયા. કુમારો રથમાં ચડ્યા અને રથે ચાલવા માંડ્યું. પાછા વળીને તેમણે ગુરૂની દિશામાં હાથ જોડ્યા. રથ દૂર સુધી ગયો ત્યાં સુધી તેમણે તેમ કર્યા કર્યું. ગુરૂ પણ તે જ જગ્યાએ ઊભા રહ્યા તેમના ગાલ આંસુથી ભીના થઇ ગયા હતા દશરથે ગુરૂ તથા શિષ્યની વચ્ચેની આ ગ્રંથિ જોઈ તેમને ખૂબ આનંદ થયો.

તેઓ ઘેર પહોંચ્યા. ખિન્ન હૃદયે ગુરૂએ આશ્રમમાં પ્રવેશ કર્યો. જ્યાં જ્યાં તેમની દ્રષ્ટિ પડતી, ત્યાં ત્યાં અંધકાર જ દેખાતો પ્રકાશ નહિ તેમને ભય થયો કે-પોતાની આસક્તિ પોતાના માટે એક શ્રૃખંલા રૂપ બની જશે. સ્મૃતિની ચઢતી ભરતીને દબાવી દેવા માટે તેમણે ધ્યાનમાં બેસવાનો નિર્ણય કર્યો. થોડા જ સમયમાં તેમણે બાહ્ય ભ્રાંતિનો પરાજય કર્યો, અને પોતે આંતર આનંદમાં વિલીન થઈ ગયા. તેમને ભાન થયું કે-કુમારો જીવનના ચાર મૂર્તિમાન પુરૂષાર્થો હતા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ હતા. તેમણે ઉદાત્ત જીવનના આ ભવ્ય આદર્શો પૃથ્વી પર ફરી સ્થાપવા માટે માનવ-દેહ ધારણ કર્યો હતો. એ ભાનથી તેમને અવિક્ષિપ્ત શાન્તિ પ્રાપ્ત થઈ.

દશરથે શાસ્ત્રાસ્ત્રોના ઉપયોગની તાલીમ કુમારોને આપીને તેમણે પ્રાપ્ત કરેલી વિદ્યાની પૂર્તિ કરવાનો નિર્ણય કર્યો. એટલે તેમણે નિષ્ણાત ધનુર્ધરોને અને બીજાઓને બોલાવ્યા, અને કુમારોને આક્રમણનું તથા રક્ષણનું વિજ્ઞાન શિખવાડવાની વ્યવસ્થા કરી, પણ અધ્યયનના દરેક ક્ષેત્રમાં ખૂબ પ્રભુત્વ મેળવી લીધેલા આ કુમારોના ગુરૂઓ બનવાનો દાવો પણ કોણ કરી શકે ? કુમારો તો માત્ર માનવોનો ભાગ ભજવીને શિખવાનો દેખાડો જ કરતા હતા.

જે પરમાત્મા આ કઠપૂતળીઓના દેખાવની દોરીઓ ધારણ કરે છે તેને પણ છતી દોરી ખેંચવાનું કોણ શીખવાડી શકે ? માયાના આવરણ હેઠળ પોતાની વાસ્તવિકતાને ન ઓળખનાર માણસો તેમને તાલીમ આપવા મથતા અને બાહ્ય જીવન માટે ઉપયોગી વિષયગત કલાઓ શિખવાડતા. તેઓ જગતને દુઃખમાંથી ઉગારવા માટે આવ્યા હતા. એટલે તેમને જગતમાં જગતના બનીને રહેવાનું હતું, અને પોતાનો હેતુ સરે ત્યાં સુધી જગતના રૂઢિ-રિવાજોને માન આપવાનું હતું. માણસો તેમનાં કાર્યો સમજી શકતા નહિ. કારણ કે તે માનવી બુદ્ધિથી અથવા કલ્પનાથી પર હતા. જો તેમને તે કાર્યો સમજાવવાનું કહેવામાં આવે, તો તેઓ તેમ કરી શકે નહિ. પણ માણસોએ પોતાના આચરવાના આદર્શો શીખવાજ જોઇએ. એટલે રામ પોતાની જાતને ભસ્મથી  અચ્છાદિત અગ્નિ જેવી, ખુબ લીલથી અચ્છાદિત સરોવર જેવી, અથવા વાદળના પડદા થી ઢંકાયેલા ચંદ્ર જેવી દેખાડતા હતા. ભાઈઓ પણ રામને પગલે-પગલે ચાલતા.

રામ અને લક્ષ્મણ એવી યુક્તિ-પ્રયુક્તિઓના અને કુશળતાઓના જ્ઞાનને પ્રગટ કરતા કે જેમને નિષ્ણાત ગુરૂઓ પણ જાણતા ન હોતા. ગુરૂઓ આશ્ચર્ય-મુગ્ધ બની જતાં. થોડાક ભયભીત થઈ જતા. પણ તે  ચાર રાજકુમારો કદી કોઈ પશુ કે પંખી સામે બાણ છોડતા નહિ. તેમણે ગંભીરતા પૂર્વક એક પ્રતિજ્ઞા લીધી હતી કે અમે માત્ર મહાન કટોકટીને પ્રસંગે જ શસ્ત્રાસ્ત્રોનો ઉપયોગ કરીશું. કોઈને મારી નાંખવા માટે કે ઘાયલ કરવા માટે નહિ, તે પ્રતિજ્ઞાનો ભંગ તેઓ કદી પણ કરતા નહિ. તાલીમ આપનારાઓ તેમને ઘણી વાર શિકાર કરવા માટે જંગલમાં લઈ જતા. પણ જ્યારે કુમારો પશુઓને કે પંખીઓને જોતા અને તેમને ગુરૂ બાણ છોડવાનું કહેતા, ત્યારે કુમારો ઠપકો આપતાં શિક્ષકોને કહેતાકે "આ બાણોનો ઉપયોગ નિર્દોષ લક્ષો સામે કરવાનો નથી તેમનો ઉપયોગ સાધુ  જનોના રક્ષણ માટે, જગતના કલ્યાણ માટે અને લોકોની સેવા માટે કરવાનો છે. તે હેતુ માટે અમે શસ્ત્રાસ્ત્રો ધારણ કરીએ છીએ આ મૂર્ખાઈ-ભરેલી રમત-ગમતો માટે તેમનો ઉપયોગ કરીને અમે તે શસ્ત્રાસ્ત્રોનું અપમાન નહિ કરીએ" એમ કહીને કુમારો બાણ છોડતા નહિ. શિક્ષકોને તેમની દલીલો સ્વીકારવી પડતી. રામનુ દરેક કાર્ય, તેમનો દરેક શબ્દ તેમની કરૂણા બતાવતો. કોઈક વાર જ્યારે લક્ષ્મણ કોઈ પંખી અથવા

પશુ પર પોતાનું બાણ તાકતા, ત્યારે તેઓ વિરોધ કરીને રામ વચ્ચે આવતા અને કહેતા કે "લક્ષ્મણ એણે તારું કે જગતનું શું બગાડ્યું છે ? તું શા માટે તેને વીંધવાની ઈચ્છા રાખે છે ? તું જાણતો નથી કે-નિર્દોષ પ્રાણીઓને દંડ આપવો એ રાજનીતિથી તદ્દન વિરુદ્ધ છે.

રાજા ઘણી વાર પોતાના કુમારોને લઈને મંત્રીઓ સાથે બેસતા, અને રાજ્ય વહીવટની, ન્યાય આપવા સંબંધી અને રાજ્યમાં નીતિના નિયમો લાગુ કરવાની ચર્ચાઓ કરતા. તેઓ રાજવંશના પૂર્વજોની અને બીજાઓની કથાઓ વર્ણવતા, તેમણે કેવી રીતે પ્રજાના પ્રેમને અને વફાદારીને સંપાદન કર્યા હતાં. તેમણે કેવી રીતે અસુરો સાથે દેવો માટે યુદ્ધો કર્યા હતા તેની, અને પોતાના પ્રયત્નોમાં તેમણે કેવી રીતે દેવોની કૃપા અને તેમનો ટેકો પ્રાપ્ત કર્યા હતો તેની વાતો કહેતા.. જયારે તે કથાઓ કહેવામાં આવતી, ત્યારે પિતાને તથા પુત્રોનેં ખૂબ આનંદ થતો. ઘણી વાર મંત્રીઓ પણ તેવી કથાઓ કહેતા.

વર્ષો વિતતાં કુમારો જેમ જેમ મોટા થતા ગયા, તેમ તેમ મંત્રીઓને શ્રદ્ધા આવતી ગઈ કે કુમારોને રાજ્ય વહીવટમાં અમુક કામો સોંપી શકાય તેમ છે. લોકો સ્વપ્નો સેવતા હતા કે જ્યારે કુમારો ઉમ્મર લાયક થઇને રાજ્ય-વહીવટની લગામ પોતાના હાથમાં લેશે ત્યારે પૃથ્વી સ્વર્ગ સમાન બની જશે. જ્યારે લોકો રાજકુમારોને જોતા  ત્યારે તેમને અનુભવ થતો કે તેમની બંનેની વચ્ચે પ્રેમપૂર્ણ આસક્તિની ગ્રંથિ ઉત્પન્ન થઇ છે. તેમની વચ્ચે થતી વાતચીતમાં મધુર સંવાદમયતા  હતી. અયોધ્યા વાસીઓમાં કોઈપણ માણસ એવો ન હતો કે જે આ સરળ, વિનમ્ર સદ્દગુણી અને નિ:સ્વાર્થ રાજકુમારોને ચાહતો ન હોય અથવા તેમના દર્શનની ઇચ્છા રાખતો ન હોય. અયોધ્યાનાં બાળકોને તે રાજકુમારો પોતાની જાત જેટલા વાહલા હતા, પોતાના હદયો જેટલા  મૂલ્યવાન હતા.

જ્યારે રાજકુમારો ૧૧-૧૨ વર્ષના થયા, ત્યારે એક દિવસ દશરથે સદ્દગુણોના ભંડાર-રૂપ સુમંત્ર-મંત્રીને પોતાની પાસે બોલાવ્યા અને તેમણે  કહ્યું કે-રાજકુમારોને પરા વિદ્યા-મુક્તિની અધ્યાત્મિક વિદ્યા શિખવવાનો પ્રબંધ કરો. તેમણે કહ્યું કે-માણસ દુન્યવી વિદ્યાઓમાં ગમે તેટલો કુશળ હોય, પણ માત્ર પરા વિદ્યા જ તેને ધર્મનું આચરણ કરવા

માટે બલ આપે છે, કુમારોને ઉચ્ચતમ નીતિનું શિક્ષણ તેમની કોમલ ઉમ્મરમાં જ આપવું જોઈએ.

જીવનની શરુઆતનાં વર્ષોમાં જે સંસ્કારો અને અનુભવો મળે છે તેમના પાયા ઉપર પાછળના જીવનમાં સફળતા અથવા નિષ્ફળતા ચણાય છે.  પાછળનાં વર્ષોની ઇમારતનો પાયો શરૂઆતનાં વર્ષોમાં જ નંખાય છે. એટલે દશરથે કહ્યું "રાજકુમારોને રાજ્યમાં બધે ફેરવો, તેમને માત્ર લોકોની સ્થિતિ જ નહિ, પણ તીર્થ સ્થાનોની પવિત્રતા પણ જોવા દો તેમના આગળ તીર્થસ્થાનોની પવિત્રતાનું,  તે સ્થાનોના-મંદિરોના ઇતિહાસનુતથા તેમને પવિત્ર બનાવનાર ઋષિમુનિઓના ઇતિહાસનું વર્ણન કરો. તેમને તે સ્થાનોને પાવન કરતી દિવ્યતાના સ્રોતોમાંથી ખૂબ પાન કરવા દો. મને લાગે છે કે- તેમ કરવાથી તેમને ખૂબ લાભ થશે. તે મોટા થશે, ત્યારે તેઓ ઇન્દ્રિય-સુખો તથા કામનાઓ પ્રત્યે અભિમુખ થશે,   તેવી વૃત્તિઓના શિકાર બની જાય ત્યાર પહેલાં તેમનામાં વિશ્વમાં અંતર્યામી રૂપે રહેલા ભગવાન માટે પૂજ્ય-બુદ્ધિના, ભક્તિનાં, અહોભાવનાં બીજ રોપો. પશુતામાં સરી પડતી માનવતાને બચાવી લેવાનો તે શ્રેષ્ઠ ઉપાય છે. રાજાઓ માટે તે આવશ્યક છે..ગુરૂની અને પુરોહિતોની સલાહ લો, અને વિલંબ કર્યા વગર તેવા પર્યટનની વ્યવસ્થા કરો."

તે મહાન તક રાજકુમારોને મળશે એ વિચારથી આનંદ પામીને સુમંત્રે પર્યટન માટેની બધી તૈયારીઓ કરાવી. કુમારોની સાથે જવા માટે પોતે તૈયાર થયા. રાજકુમારો જે યાત્રા કરવા જવાના હતા તેની ખબર રાણીઓને પડી. કુમારો પવિત્ર યાત્રાએ જવાના છે તે જાણીને રાણીઓ આનંદ પામી. યાત્રાને સગવડ-ભરી અને સુખમય બનાવવા માટે બધી જરૂરી વસ્તુઓ તેમણે તૈયાર કરી. તેમની સાથે થોડીક  ધાત્રીઓ અને તેમની ઉંમ્મરના બાળકોને મોકલવાની રાણીઓએ વ્યવસ્થા કરી. રાજ્યનાં તીર્થોની મુલાકાત લેવાની તક સાંપડવાથી રાજકુમારોને પણ ખૂબ આનંદ થયો. તેમણે પોતાના સાથીદારોને પ્રોત્સાહિત કર્યા અને રાજા પાસે તેમને પણ વસ્ત્રો અને બીજા સાધનો અપાવ્યાં.

બીજે દિવસે જ્યારે યાત્રા માટે નક્કી કરેલું શુભ મુહૂર્ત આવ્યું, ત્યારે રાજકુમારોએ માતા-પિતાને પ્રણામ કર્યા, પોતાના કપાળ વડે તેમનો ચરણ સ્પર્શ કર્યો, ગુરૂને પગે પડ્યા. રાણીઓએ તેમના કપાળમાં તિલક  કર્યું. કોઇની બૂરી નજર ન લાગે તે માટે ગાલ ઉપર  ટપકાં કર્યો. કુમારોએ રાજાના યોગ્ય વસ્ત્રોનો ત્યાગ કર્યો. યાત્રીનાં વસ્ત્રો ધારણ કર્યા. તેમણે રેશમી ધોતિયાં પહેર્યા, ખભા ઉપર શાલ ઓઢી લીધી. પછી તેઓ રથમાં બેઠા. તેમને વિદાય આપવા માટે આવેલા હજારો નાગરિકોનો જય-નાદ ગાજી રહ્યો. રથ  ચાલવા માંડ્યો, તેની આગળ અને પાછળ અંગરક્ષકો હતા.

દિવસો, અઠવાડિયાઓ, મહિનાઓ પણ વીતી ગયા.તેઓ દરેક મંદિરમાં અને તીર્થમાં ગયા.તેમણે દરેક સ્થાનની પવિત્રતા પોતામાં ભરી દીધી.તેમણે દરેક મંદિરમાં શ્રદ્ધાપૂર્વક અને ભક્તિપૂર્વક પૂજા કરી.ઊંડી તપાસ કરીને તેમણે દરેક સ્થાનનો તથા મંદિરનો પુર્વ ઈતિહાસ જાણી લીધો.તે લાંબા સમય દરમિયાન તેમણે બીજો કોઈ વિચાર ન કર્યો, બધી વસ્તુઓની ઉપેક્ષા કરી.સુમંત્ર તેમની આગળ દરેક સ્થાનની પવિત્રતા નું વર્ણન એટલી બધી ચિત્રાત્મક રીતે અને બધી વિગતો સાથે કરતો હતો કે તેમના હૃદય સનેનાટીથી ભરાઈ ગયાં. રાજકુમારો સુમંત્રને વધુ માહિતી પૂછતા. તેમની ન સંતોષાય તેવી ઉત્કંઠા જોઈને સુમંત્રને ખૂબ આનંદ થયો, અને તેમણે કુમારોને વધુ માહિતી અને પ્રેરણા આપ્યા.

આમ તેમણે કન્યાકુમારીથી કાશ્મીર સુધી અને પૂર્વ સમુદ્રથી પશ્ચિમ સમુદ્ર સુધી યાત્રા કરી. તેમાં તેમને ત્રણ કરતાં વધારે મહિના લાગ્યા. કુમારોની આંખ લોકોના દુઃખો પ્રત્યે ખુલ્લી હતી. રાજ્યના દરેક ભાગમાં યાત્રીઓને પડતી મુશ્કેલીઓ તેમણે જોઈ. તે જોઈને તેઓ સુમંત્રને આજીજી કરતા કે -આ બધા યાત્રીઓ અને જરૂરી સગવડો આપવાની જોગવાઈ તમે કરજો.

તેમણે ઘણા મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને કૂવાઓમાં પીવા યોગ્ય પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરાવી, માર્ગની બંને બાજુએ વૃક્ષો રોપાવ્યાં, તરસ્યા મુસાફરો માટે પરબો મંડાવી, ધર્મશાળાઓનો અને આરોગ્ય કેન્દ્રોનો પ્રબંધ કર્યો. જ્યારે જ્યારે રામ તેવી સગવડોની વ્યવસ્થા કરવા માટે ઇચ્છા બતાવતા ત્યારે ત્યારે જરા પણ આનાકાની

કર્યા સિવાય સુમંત્ર તેમા સંમત થતાં. તરત જ તે રામની ઇચ્છાનુસાર, તેમને સંતોષ થાય તે રીતે તે સગવડો માટે પ્રબંધ કરી દેતા. રાજ્યને આવો વફાદાર અને કાર્યકુશળ મંત્રી મળ્યો છે તે જોઈને કુમારોને ખૂબ આનંદ થતો. તેઓ પરસ્પર કહેતા કે આપણને આવા મંત્રીઓ મળ્યા છે, એટલે પ્રજાનું કલ્યાણ અને પ્રગતિ જરૂર થવાના જ.

ખાસ દૂતો મારફતે કુમારોની યાત્રાનો ખર્ચ નો હિસાબ અયોધ્યામાં મોકલી આપવામાં આવતો. ભેગા કરેલા સમાચારો દૂતો કોઈ બીજા સ્થાનના દૂતોને આપતા, તેઓ કોઈ ત્રીજા સ્થાનના દૂતોને આપતા અને એ રીતે સમાચાર અયોધ્યા પહોંચી જતા. જ્યારે જ્યારે સમાચાર પ્રાપ્ત થવામાં વિલંબ થતો, ત્યારે ત્યારે રાણીઓ બહુ ચિંતાતુર બની જતી. તેઓ કુમારો સંબંધી સાચી માહિતી આપવાની વસિષ્ઠ ગુરૂ ને પ્રાર્થના કરતી. કુમારો વિષે જાણી લેવાની વસિષ્ઠમાં યોગ શકતી હતી. એટલે રાણીઓને તે ખાતરી પ્રદ સમાચારો આપતા કે કુમારો સુખી, તંદુરસ્ત, અને કુશળ છે, થોડા સમયમાં તેઓ રાજધાની પાછા આવી જશે. તેથી રાણીઓને હિંમત અને વિશ્વાસ આવતા પછી તેમને આશીર્વાદ આપીને ગુરૂ રાજમહેલમાંથી પાછા આશ્રમાં જતા.

તે દરમિયાન સમાચાર લાવનાર દૂતોએ એક સારા સમાચાર આપ્યા તેમણે જણાવ્યું કે કુમારો અયોધ્યાની નજીક આવી પહોંચ્યા છે, બે ત્રણ દિવસમાં તેઓ અહીં આવી પહોંચશે. જેમણે સફળતાપૂર્વક પોતાની લાંબી યાત્રા પુરી કરી હતી, અને યાત્રામાં પોતાની ભક્તિ તથા કરૂણા વડે જેમણે પુણ્ય કીર્તિ પ્રાપ્ત કરી હતી તે ચાર રાજકુમારનું રાજ-ધાનીમાં સ્વાગત કરવા માટે મુખ્ય દરવાજા આગળ વ્યવસ્થા કરવામાં આવી. માર્ગો પર ગુલાબજળ છાંટવા માં આવ્યું, જેથી ધૂળે ન ઉડે. કમાનોની અને તોરણો ની રચના કરવામાં આવી. માર્ગની બંને બાજુ સ્ત્રીઓ હાથમાં આરતીઓ લઈને કુમારોની આરતી ઉતારવા માટે ઊભી રહી.

કુમારો દરવાજા આગળ આવી પહોંચ્યા. તેમની આરતી ઉતારવામાં આવી. સુગંધિ પુષ્પોની પાંખડીઓ જેના પર વેરવામાં આવી હતી તેવા રાજમાર્ગ ઉપર કુમાર ચાલતા હતા. તેમની આગળ સંગીતકારોના અને સ્તુતિ-ચારણોના સમૂહો સ્વાગતના ગીતો ગાતા ગાતા ચાલતા હતા. રાજ-વંશના વિખ્યાત નબીરાઓ પર ભગવાનના આશીર્વાદ ઉતરે

તે માટે બ્રાહ્મણો વેદ- મંત્રો ભણતા હતા. રાજકુમારોની સાથે સુમંત્ર હતા. કુમારોના મુખ એક વિચિત્ર સુંદરતા વડે પ્રકાશતાં હતાં. છેવટે તેઓ રાજમહેલમાં આવી પહોંચ્યા.

ત્યાં તેમને કોઈની નજર ન લાગે તે માટે ધાર્મિક વિધિઓ કરવામાં આવી, પછી કુમારોને અંતઃપૂરમાં લઈ જવામાં આવ્યા.જેમની આંખો તેમને જોવા માટે તલસી રહી હતી તેવી માતાઓ ત્યાં તેમની રાહ જોતી હતી. કુમારો દોડીને માતાઓ પાસે ગયા અને તેમને પગે પડ્યા.માતાઓએ તેમને ઊંચકી લઈને તેમને પાંચ છ મિનિટ સુધી ગાઢ આલિંગન આપ્યું. માતાઓને તથા કુમારોને જાણે તેઓ ભગવાનમાં વિલીન થઈ ગયા હોય તેમ, ખૂબ આનંદ થયો, તેઓ બધું બાહ્ય ભાન ભૂલી ગયાં. પ્રેમથી માતાઓની આંખોમાં ઉભરતાં આંસુઓ વડે કુમારોના મસ્તકો ભીનાં બની ગયાં. માતાઓએ પોતાની સાડીઓના પાલવ વડે તેમનાં મસ્તકો લૂછી નાખ્યા.તેમણે કેશ પંપાળ્યા, મસ્તકને લાડ કર્યા. કુમારોને પોતાના ખોળામાં બેસાડ્યાં, અને પોતાને હાથે તેમને મિષ્ટ દહીં-ભાત ખવડાવ્યા.

ઓહ, માતાઓનો ઉત્સાહ અને આનંદ અવર્ણનીય હતો. ત્રણ માસ સુધીના વિયોગની વ્યથા થોડે-ઘણે અંશે શાંત કરવા માટે, માતાઓએ થોડાક દિવસો સુધી કુમારોને પોતાની પાસે જ રાખ્યા. તેઓ કુમારો પાસેથી તેમની યાત્રા કથા સાંભળવા માગતી હતી. કુમારોએ, સમુદ્ર તેમની આગળ કરેલા વર્ણન અનુસાર, પોતાની સરળ, સાચા દિલની શૈલીમાં દરેક તીર્થનું વર્ણન માતાઓને કહી સંભળાવ્યું. માતાઓ તે કથાઓ એટલી બધી શ્રદ્ધા સાથે અને એટલા બધા ઉત્સાહ-પૂર્વક સાંભળતી હતી કે દરેક ઉત્સુક યાત્રીને જે આનંદ દરેક તીર્થ આપતું હતું, તે આનંદને તેઓ પોતે પણ અનુભવવા લાગી.

કુમારો યાત્રા કરીને પાછા આવ્યા તે પ્રસંગને દશરથ દેવોને આહુતિ આપીને પોતાના રાજ્ય અને રાજધાની ના જે બ્રાહ્મણો કાશી અને પ્રયાગની યાત્રા સફળતાપૂર્વક કરી આવ્યા હતા તેમને બધાને માટે ભોજન સમારંભ ગોઠવીને ઉજવ્યો. રાજાએ તે બ્રાહ્મણોને દક્ષિણા પણ આપી.

આમ રાજકુમાર જનમ્યા તે દિવસથી માંડીને રાજ્યમાં તથા રાજધાનીમાં સતત ઉત્સવોને મિજબાનીઓ ચાલુ જ રહેતાં હતાં. અયોધ્યા નગરી સતત આનંદથી પ્રકાશી ઊઠી. મીજબાનીઓ તથા ઉત્સવોને કારણે પ્રજાજનોમાં પરસ્પર પ્રેમની અને આભાર-વૃત્તિની ગ્રંથિ રચાઈ હતી. દરેક મહિને, બાળકોની જન્મ-તિથિઓના દિવસોએ (શુક્લ પક્ષની નવમી, દસમી, અને એકાદશીની તિથિઓએ) ભવ્ય વિધિ કરવામાં આવતો. કુમારો યાત્રા પર ગયા હતા ત્યારે પણ જાણે તેઓ હાજર હોય તે રીતે, આ દિવસો ભવ્યતા પૂર્વક ઉજવવામાં આવતા માત્ર તે વિધિઓ કરવામાં આવતા, માત્ર  તે વિધિઓ કરવામાં આવતા નહિ. કે જેમાં તેમની શારીરિક હાજરીની જરૂર હોય, બાકી મિજબાનીઓ, દાનો, રમત-ગમતો, નૃત્ય વગેરે ઉત્સાહપૂર્વક ગોઠવવામાં આવતા.

પણ યાત્રાને પરિણામે કુમારોમાં આવેલા પરિવર્તનને માતા-પિતાએ નિહાળ્યું. તે પરિવર્તન બહુ આશ્ચર્યકારક હતું તેમને આશા  સેવી  કે દિવસો પસાર થશે. તેમ તેમ તેમના જીવનની વિચિત્ર રીત -રસમો ભુંસાઈ જશે. તેઓ કુમારોની વર્તણુકનું અને વલણોનું ધ્યાન પૂર્વક નિરીક્ષણ કરવા લાગ્યા. પણ કુમારોની વર્તણૂંક તથા વલણો ચાલુ રહ્યા,તેમનામાં કોઈ ન્યુનતાનું ચિન્હ નજરે પડયું નહીં.

રામ મોટેભાગે રાજ-મહેલમાં જ રહેતા. પહેલાંની પેઠે, તે નિશ્ચિત સમયે સ્નાન કરતા નહિ. તેમને રાજવી વસ્ત્રો પહેરવા ગમતા નહિ. તે મિષ્ટાન જમતા નહિ. તે કદી સુર્વણ સિંહાસન પર બેસતા નહિ. એમ લાગતું હતું કે તે ઇન્દ્રિયોને તથા મનને અગોચર એવા પરમાત્મા તત્વના ધ્યાનમાં વિલીન થઈ ગયા હતા. પોતાના જયેષ્ઠ બંધુને દેખીતી રીતે વિષણ્ણ અને દિલગીર જોઈને, નાના ત્રણ ભાઈઓ હંમેશા તેમની પાસે જ રહેતા. રમત -ગમત માટે અથવા બીજા કોઈ પણ કારણે તેઓ રામ પાસેથી ખસતા જ નહિ.

ચારેય ભાઈઓ એક રૂમમાં બેસીને અંદરથી તેને બંધ કરી દેતા ભોજન અંદર લઈ જવા માટે માતાઓને અવાર-નવાર બહાર થી બારણું ખખડાવવુ પડતું.  કુમારો આમ શા માટે વર્તતા હતા તેનું કારણ શોધી કાઢવા માટે તેમણે ખૂબ પ્રયત્ન કર્યો, પણ તેમને કશું કારણ જડ્યું નહિ. રામે કૃપા કરીને તેમના પ્રશ્નો જવાબ આપ્યો કે આ મારો સ્વભાવ છે, એવા સ્વભાવનું કારણ જાણવાની તમારી શી જરૂર છે?

માતાઓને લાગ્યું કે આ વસ્તુ સ્થિતિની વધારે ઉપેક્ષા કરવી એ ઠીક નથી. તેમણે દશરથને તે વાત જણાવી. તેમણે કહ્યું કે કુમારોને ખંડમાં લઇ આવો. પહેલેથી પિતાની ઇચ્છાને માન આપી કુમારો તે તરફ દોડી જતા. પણ આ વખતે આવવામાં તેમને ખૂબ વિલંબ થયો. દશરથને આશ્ચર્ય અને ચિંતા થયા. તે પોતે જ કુમારોની રૂમમાં જવા તૈયાર થયા. તે જ વખતે પરીચારકે આવીને કહ્યું કે કુમારો આવી રહ્યા છે. પિતાને ખૂબ આનંદ થયો. તેમણે પુત્રોને દૃઢ આલિંગન આપ્યું. પોતાની બંને બાજુએ પુત્રોને રાખીને તે બેઠા. તેમણે કુમારોને હળવી તથા ગંભીર બાબતો ના પ્રશ્નો પૂછ્યા. પહેલાં તો જ્યારે તે એક પ્રશ્ન પૂછતા, ત્યારે કુમારો દશ જવાબો આપતા, પણ તે દિવસે જ્યારે તેમણે દશ પ્રશ્નો પૂછ્યા, ત્યારે તેમને ભાગ્યે જ એકનો જવાબ આપ્યો.

દશરથે રામને ખેંચીને પોતાના ખોળામાં બેસાડ્યાં અને આજીજી પુર્વક તેમને પૂછ્યું, "હે પુત્ર, તું વાત કેમ કરતો નથી? આમ મૌન શા માટે સેવે છે? તારી શી ઇચ્છા છે? જગતમાં તારા સિવાય મારી પાસે બીજું છે પણ શું? તારે શેની જરૂર છે મને કહે. હું ચોક્કસ તરત જ તારી ઇચ્છા પૂર્ણ કરીશ. તું તારા ભાઇઓ સાથે હળી-મળીને પહેલાંની પેઠે ખેલતો નથી, એટલે તેઓ પણ દુ:ખી છે." પિતાએ પ્રેમ-પૂર્વક રામની દાઢીને પંપાળી અને તેમના મુખ સામે જોયું, પણ રામે માત્ર એટલું જ કહ્યું કે હું તદ્દન સંતુષ્ટ છું. મારે કાંઈ જ જોઈતું નથી. આ વિચિત્ર વર્તણૂંક જોઈને દશરથ ચિંતાતુર અને વિક્ષુબ્ધ બની ગયા, તેમની આંખોમાં આંસુ ઉભરાયા. કુમારો પર તેમના દુ:ખની કશી અસર થઈ નહિ. પુત્રોએ કેવી રીતે વર્તવું જોઈએ તે બાબત પિતાએ તેમને કેટલાક મૃદુ શબ્દો કહ્યા, અને પછી તેમણે રાજ મહેલના પોત -પોતાના ખંડોમાં મોકલી દીધા. તેમણે વાટાઘાટ કરવા માટે સુમંત્રને બોલાવ્યા, તેમણે પૂછ્યું કે "યાત્રા દરમિયાન એવું કંઈ બન્યું હતું કે જેથી કુમારો અસ્વસ્થ અને વ્યગ્ર બની જાય? તું તેમને વહેલો તો પાછા લઈ આવ્યો તો નથી ને? શું તેમને વધારે તીર્થસ્થાનો જોવાની ઈચ્છા હતી, કે જેમાં તેમને રસ હતો? દશરથે સુમંત્રને એટલા બધા પ્રશ્નો પૂછ્યા કે સુમંત્ર આશ્ચર્ય ચકિત અને ભયભીત બની ગયા. તેમના હોઠ ફફડવા લાગ્યા.તેમણે જવાબ આપ્યો, "રાજકુમારો નાખુશ થાય તેવું કશું જ યાત્રા દરમિયાન બન્યું નથી. તેમને કોઇ મુશ્કેલી નડી નથી. તેમને દરેક ઈચ્છાને

માન આપવામાં આવતું અને તે પુરી કરવામાં આવતી. તેમની ઈચ્છા મુજબ હું ધનનું દાન આપતો. તેમની સૂચના અનુસાર હું યાત્રીઓ માટે ધર્મશાળાઓ બંધાવતો. તેમાં કશો વિલંબ કે આનાકાની કરવામાં આવતા નહિ. તેમને પસંદ ન પડી હોય તેવી કોઈ ઘટના વિશે તેમણે મને કશી જ વાત કરી નથી. મેં પણ તેવી કોઈ ઘટના જોઈ નથી. યાત્રાએ આનંદથી અને પૂજાથી પરિપૂર્ણ એવી એક લાંબી યાત્રા હતી."

દશરથ પોતાના મંત્રીને ખૂબ સારી રીતે પીછાનતા હતા. છેવટે તે બોલ્યા, "તમે એક મહાન સજ્જન છો. મને પૂરી ખાતરી છે કે તમે ઉપેક્ષા કે ભૂલ કરો જ નહિ. પણ કોઈ ન સમજી શકાય તેવા કારણ સર, યાત્રા પછી કુમારોમાં એક ભારે પરિવર્તન આવી ગયું છે. તેમને ખાવાનું અને મજાક કરવાનું ગમતું નથી.

"આસપાસ લોકો એ રામને ખૂબ સમજાવ્યા, પણ રામ એ કશો જવાબ આપ્યો નહિ. પોતાની વિચિત્ર વર્તણુક બાબત તેમણે કશા કારણનું ઈંગિત સૂચવ્યુ નહિ. વસ્તુઓની અસત્યતાના ભાનમા તે વિલીન થઈ ગયા છે.મને આશ્ચર્ય થયું છે. રાણીઓ પણ તેથી ખૂબ ચિંતાતુર બની ગઈ છે." વફાદાર મંત્રી સુમંત્રે જવાબ આપ્યો કે "જો તમે રજા આપો, તો હું બાળકોને મળીને તેમના રોગની ચિકિત્સા કરવા કોશીશ કરૂં." દશરથે કહ્યું કે તદ્દન બરાબર છે, જલ્દી જાઓ, કારણ જડે તો પછી તેનો ઉપાય મુશ્કેલ નથી, ઈલાજ દૂર નથી."

હૃદયમાં ચિંતાના ભારથી લચી પડેલા સુમંત્ર કુમારોના નિવાસ-સ્થાને ઝડપભેર ગયા. તેમણે બારણા અંદરથી બંધ કરાયેલા દીઠાં, અંગ-રક્ષકો બહાર ઊભા હતા. જયારે સુમંત્રે બારણું ખખડાવ્યું ત્યારે લક્ષ્મણે દ્વાર ઉઘાડ્યું અને તેમને અંદર આવવા દીધા. પછી સુમંત્રે બારણુ બંધ કર્યું. કુમારોના રોગનું કારણ જાણવા માટે તેમણે અનેક બાબતો વિષે તેમની સાથે વાતચીત કરી, પણ તેમને તેમનું રહસ્ય જડ્યું નહી. યાત્રાના મહિનાઓ દરમિયાન કુમારો વિશ્વાસપૂર્વક તેમની સાથે બિરદાવી ભાવ રાખતા હતા, પણ તાજેતરમાં તેમની બે ની વચ્ચે ખૂબ અંતર પડી ગયું હતું, તે બે સ્થિતિઓની વચ્ચે ખૂબ ભેદ હતો. આંખમાં આંસુ સાથે તેમણે રામને પોતાના શોકનુ કારણ જણાવવા

આજીજી કરી. રામ સ્મિતપૂર્વક બોલ્યા કે "સુમંત્ર, જે વસ્તુ મારો પોતાનો સ્વભાવ છે તેને માટે કયું કારણ આપી શકાય? તમારે તેની ચિંતા કરવાની જરૂર નથી."

બીજું કાંઈ કહેવાનું શક્ય ન હતું. એટલે  સુમંત્ર દશરથ પાસે આવ્યા અને તેમને પડખે બેઠા. તેમણે કહ્યું કે મને લાગે છે કે આવતીકાલે ગુરૂને બોલાવવા અને યોગ્ય ઉપાય વિશે વિચારણા કરવી એ ઠીક છે. પછી તે રાજાની રજા લઈને વિદાય થયા.

રાજા દિલગીર બની ગયા. તેમણે બીજી બધી વસ્તુઓની ઉપેક્ષા કરી. રાજ્યોની માંગોની પણ તેમણે ઉપેક્ષા કરી. પોતાના પુત્રોની વર્તણૂકોનુ કારણ શોધી કાઢવા માટે તેમણે પોતાના મનમાં અનેક તર્ક-વિતર્કો કરવા માંડ્યા. તેમણે અનુમાન કર્યું કે-હવે કુમારો યૌવન અવસ્થામાં પ્રવેશ કરવા લાગ્યા છે, એટલે સ્વભાવમા આવી કાન્તિઓ આવે એ સ્વાભાવિક છે. રાણીઓનો અભિપ્રાય પણ તેવો જ હતો. એટલે થોડો સમય માટે તેમણે મનને આરામ આપ્યો .

જ્યારે મહારાણીઓ ને ખબર પડી કે વસિષ્ઠ ગુરૂ રાજમહેલમાં પધારવાના છે ત્યારે તેમણે જરૂરી તૈયારીઓ કરી અને કુટુંબના પૂજા-સ્થાન આગળ તેમની રાહ જોતી ઊભી, પછી તરત જ ગુરૂ પધાર્યા. બધા તેમને પગે પડ્યાં. પુત્રોના રોગ બાબત તેમણે ગુરૂ પર આતુર પ્રશ્નોની ઝડી વરસાવી. બધાની આંખોમાં આંસુ હતાં. રાજાના તથા રાણીઓના વિક્ષોભને જોઈને વશિષ્ઠે અંતર્મુખ  દ્રષ્ટિ કરી અને તેમના શોકનુ કારણ જાણવાની કોશિશ કરી. તેમની પારદર્શક પવિત્રતા સમક્ષ તરત જ સત્ય પ્રગટ થયુ, થોડીક ક્ષણોમાંજ રાણીઓ પ્રત્યે વળીને તેમણે ખાતરી આપી કે "કુમારોને કાંઈ જ થયું નથી. આ સામાન્ય બાળકો નથી. તેમનામાં જરા પણ દુન્યવી કામના નથી. તેમના મન નિષ્કલંક છે.  ચિંતા ન કરશો. તેમને મારી પાસે લઇ આવો. તમે તમારા અંત:પુર માં જાઓ.

આ ખાતરીથી રાજા અને રાણીઓને આનંદ થયો. તેમણે કુમારોને બોલાવ્યા અને પોતે વિદાય લીધી. જયારે ગુરૂ પોતાને મળવા માંગે છે એમ તેમણે સાંભળ્યું, ત્યારે તરતજ લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન અને તેમની પાસે જવા તૈયાર થયા. પણ રામે કશી ત્વરા બતાવી નહિ.  રોજની પેઠે ત્યાં વિધિ હતા તે આત્માવિલીન હતા? એટલે લક્ષ્મણે

તેમના ચરણ સ્પર્શ કરીને કહ્યું કે આપણે વિલંબ વગર ત્યાં પહોંચી જવું શ્રેષ્ઠ છે. નહિ તો ગુરૂની આજ્ઞાનો ભંગ કર્યા બદલ આપણા માતા પિતાને દુઃખ થશે. લક્ષ્મણે લાંબા સમય સુધી અનેક દલીલો આગળ ધરીને આગ્રહપૂર્વક રામને વિજ્ઞપ્તિ કરી. છેવટે પોતાના જ્યેષ્ઠ બંધુ રામ સાથે ત્રણેય ભાઈઓ પૂજા-મંદિરમાં આવી પહોંચ્યા. ત્યાં તેમણે બધાએ ગુરૂને પૂજ્ય ભાવપૂર્વક સાષ્ટાંગ પ્રણિપાત કર્યા અને તેઓ ગુરૂની આગળ ઊભા રહ્યા.

તેમને જોઈને વશિષ્ઠે ખૂબ પ્રેમપૂર્વક તેમને પોતાની પાસે બેસવાનું કહ્યું. તેઓ બધાની તેમની પાસે બેઠા, પણ વસિષ્ઠ ઈચ્છતા હતા કે રામ તેમની વધારે નજીક આવે, તેમણે રામના કેશ પંપાળીને, તેમની પીઠ થાબડીને, પ્રેમ પૂર્વક લાડ કર્યા ને બોલ્યા, "રામ તમે આટલા બધા ચૂપ કેમ થઈ ગયા છો? તમારા આ ન સમજાવી શકાય તેવા પરિવર્તનથી આપની માતાઓને અને પિતાને ખૂબ દુઃખ થાય છે. તમારે તેમના સુખનો પણ ખ્યાલ કરવો જોઈએ, નહિ વારૂ? તમારે માતૃદેવો ભવ (માતાને દેવ ગણી તેમની સાથે વર્તો), પિતૃદેવો ભવ (પિતાને દેવ માનીને તેમની સાથે વર્તો) એ મૂલ્યવાન સૂત્રોને તમારે આચરણમાં પ્રદર્શિત કરવાના છે, નહિ વારૂ? વશિષ્ઠ વિચારણા માટે રામની સમક્ષ તેવા ઘણાં બોધપાઠ અને સત્યો રજુ કર્યા.

ગુરૂની વાત સાંભળતા-સાંભળતા રામ સ્મિત-પૂર્વક બેઠા. જયારે ગુરૂએ બોલવું બંધ કર્યું ત્યારે તેમણે શાંતિપૂર્વક કહ્યું, "ગુરૂજી તમે માતાની વાત કરો છો, પણ સાચી રીતે જોઈએ તો કોણ માતા છે? કોણ પુત્ર છે? વાસ્તવિક રીતે કે પછી દેહ શું છે? સજીવ શું છે? શું આ વિષયગત જગત વાસ્તવિક છે? શું પરમાત્મા સત્ય છે? આ દેહ પરમાત્માની પ્રતિકૃતિ છે, નહિ વારૂ? દેહનું નિર્માણ કરનાર પાંચ મહાભૂતો પણ સમગ્ર વિશ્વનું પદાર્થ તત્વ છે. આ વિશ્વએ પાંચ મહાભૂત વડે રચાયેલું, નહિ વારૂ? સર્વ સંયોગીકરણો અને વિઘટનો થાય છે, છતાં આ પાંચ મહાભૂતો ટકી રહે છે. તેમના પાયાભૂત એક વધારે ગહન તત્વ પણ છે. તેનો સાક્ષાત્કાર કર્યા સિવાય, જો ઓ સર્જન કરાયેલાં વિશ્વને સત્ય માનવામાં આવે; જો માણસ અસત્યના મોહને વશ થઈ જાય, જો અસત્યની ખાતર સત્ય નો ત્યાગ કરવામાં આવે તો આપણે તેના મહાન અજ્ઞાન વિશે શું કહેવું? સનાતન,

પરાત્પર,  સાચી વાસ્તવિકતા-રૂપ આત્માની ઉપેક્ષા કરવાથી માણસ શું મેળવી શકવાનો હતો?

જ્યારે રામ આવી ગહત તત્વ ચિંતનીય સમસ્યાઓ ખડી કરતા હતા, ત્યારે વશિષ્ઠે તેમના મુખ ની આસપાસ આધ્યાત્મિક પ્રકાશના તેજસ્વી કિરણોનું તેજોમંડલ જોયું. તેમણે જાણી લીધું કે-તે પ્રકાશ બહાર પ્રગટ થવા મથતી દિવ્યતાનું સૂચન હતું. એટલે તેમણે રામે પૂછેલા પ્રશ્નોના જવાબ રામ પોતે જ આપે તેવી ઇચ્છા વ્યક્ત કરી. રામે જે જવાબો અને સમજુતીઓ આપ્યા તે સાચે જ ભગવાન નો અવાજ હતો. વશિષ્ઠ  તે વાતને સ્પષ્ટ પણે જોઈ શકયા નહિ, એટલા માટે તેમણે માનસિક રીતે રામ ને નમન કર્યું. તે બોલ્યા પુત્ર, હું તમને ફરી વાર  સાંજે મળીશ" પછી તે દશરથને મળ્યા વગર જ રાજમહેલમાંથી વિદાય થયા. તે પ્રસંગના પ્રકાશથી તે ખૂબ અભિભૂત થઇ ગયા હતા. તેમણે આભાર-વૃતિની  અને પ્રેમની આનંદપૂર્ણ માંગણી વડે બાળકો ને લાડ કર્યા.

થોડોક સમય પછી દશરથ કુમારોને મળ્યા. તેમણે પણ તેમના મૂખો પર પ્રકાશના દિવ્ય જ્ઞાનનુ તેજ જોયું. તેનું કારણ તે સમજી શક્યા નહિ. તે સાંજે વશિષ્ઠના આગમનની  રાહ જોવા લાગ્યા. વશિષ્ઠ દેવ-મંદિરમાં આવ્યા બાળકો, માતાઓ, અને દશરથ તેમને પગે પડયા, અને પ્રાર્થનામય વિનમ્રતા-પૂર્વક હાથ જોડીને તેઓ પોત-પોતાની જગ્યાએ બેઠા.

રામે ઓચિંતા પ્રશ્નોની પરંપરા પૂછી. તેથી બધા આશ્ચર્ય ચકિત બની ગયા. "જીવાત્મા પરમાત્મા અને પ્રકૃતિ વચ્ચે કયો પારસ્પરિક આંતર-સંબંધ છે.? એ ત્રણ છે કે એક જ? શું તે ત્રણ ભિન્ન ભિન્ન તત્વો છે? જો એક હોય તો તે ત્રણ શા માટે અને કેવી રીતે બન્યા?  તેમના મૂળ માં એકતા સાધનારૂં તત્વ કયું છે? એકતાનો ત્યાગ કરીને તેમને ત્રણ ભિન્ન ભિન્ન તત્વો માનવાથી શો ફાયદો થવાનો હતો? આ પ્રશ્નની ગહનતા તથા રામની નાની વય જોઇને માતા-પિતા આશ્ચર્ય ચકિત બની ગયાં. ઉભી કરેલી સમસ્યા પર પ્રકાશ ફેંકતા મૂલ્યવાન સૂત્રો વરસાવતા તે બોધના અને સંશોધનના પ્રવાહમાં તેઓ પરિપૂર્ણ રીતે વિલીન થઈ ગયા. જાણે કે પૃથ્વી એ પૂછેલા પ્રશ્નોના જવાબ સ્વર્ગ (પરમાત્મા) ન આપતું હોય! રામ પોતાનો જ બાળક છે તે વાત તેઓ ભૂલી

ગયાં. તે મહાન અદ્વૈતજ્ઞાનના પૃથ્થકરણમાં અને તેને સમજાવવામાં રાત્રિના કલાકો પસાર થઈ ગયા.

વસિષ્ઠે જોયું કે રામના હોઠોમાથી વહી આવતાં શબ્દો અમૃતના બિંદુઓ હતા. રામના હોઠોમાંથી વહી આવતા શાંતિ આપવાની ક્ષમતા ધરાવતા હતા. તેમણે રામને અને રાણીઓ અને આશીર્વાદ આપ્યા અને પોતાના આશ્રમમાં પાછા ગયા. રામ અને વસિષ્ઠ વચ્ચેનો સંવાદ એ યોગ -વસિષ્ઠ નામનો ગ્રંથ છે, જે બહુ જ અર્થયુકત અને પરિપક્વ છે, તેને રામગીતા પણ કહેવામાં આવે છે.

રામ વેદાંતમાં તલ્લીન બની ગયા. પોતાનું આત્મ-ચિંતન કરવા લાગ્યા, પોતાની જાત સાથે જ વાતચીત કરવા લાગ્યા, બીજાઓ સાથે મૌન રહેતા, અને ઘણીવાર કોઇ કારણ વિના હાસ્ય કરતા. આમ ઘણા દિવસો વીતી ગયા. દશરથને ચિંતા થઈ પુત્રોનું શું થશે. તે બાબતની તેમને ચિંતા થઇ. તેમણે નાના ત્રણ ભાઈઓ ને જુદા રાખવાની કોશિશ કરી, પણ તેમણે રામથી દૂર થવાની વાત કબુલી નહિ, એટલે તેમને ચારેય ને સાથે જ રાખવા પડ્યા.

રાજા અને રાણીનો ખૂબ ખિન્ન બની ગયાં, કારણકે આનંદની અને યશની તેમની બધી આશાઓ ઉપર પાણી ફરી વળ્યું હતું. પુત્રોમાં આવેલું પરિવર્તન દૂર થાય એવું કોઈ ચીહ્ન તેમને દેખાયું નહિ. તેથી તેઓ મરણિયા બની ગયા. તે કલાકો અને મિનિટો ગણવા લાગ્યાં, તે પોતાનો સમય ચિંતામાં અને પ્રાર્થનામાં  ગાળવા લાગ્યાં. રામને  ભોજનના પણ કશો રસ ન હતો, તે બેદરકારી પૂર્વક ભોજન કરતા તેથી તે નબળા પડી ગયા અને તેમની તબિયત લથડતી ચાલી.

## અધ્યાય ૬

## નિમંત્રણ અને પ્રથમ વિજય

આ દિવસો દરમિયાન અયોધ્યાના પૂર્વ-પ્રદેશમાં વિશ્વામિત્ર મુનિ ઘોર તપશ્ચર્યા કરી રહ્યા હતા. તેમણે એક યજ્ઞ કરવાનો નિર્ણય કર્યો હતો. તેમણે અનેકવાર યજ્ઞ કરવાની શરૂઆત કરી હતી, પણ રાક્ષસો આવીને તેને દૂષિત કરતા-અપવિત્ર બનાવી મુકતા. યજ્ઞ-ભૂમિ ઉપર તેઓ માંસના ટુકડા વરસાવતા અને તેને યજ્ઞ માટે અયોગ્ય બનાવી દેતા. બીજી અનેક રીતે તેઓ પવિત્ર યજ્ઞકર્મમાં અવરોધ ઊભા કરતા. શું કરવું તે વિશ્વામિત્રને સૂઝયું નહીં. રાજા દશરથને મળવા તે રાજધાની અયોધ્યામાં આવ્યા.

જયારે મુનિના આગમનના સમાચાર દશરથને મળ્યા, ત્યારે તેમણે સન્માનપૂર્વક રાજમહેલમાં બોલાવી લાવવા માટે પોતાના મંત્રીઓને મોકલ્યા  તેમણે નગરીને દરવાજે મુનિનું સ્વાગત કર્યું. અને તેમને રાજમહેલના દ્વાર સુધી લઈ આવ્યા. રાજમહેલમાં બ્રાહ્મણોએ વેદમંત્રોનું ઉચ્ચારણ કર્યું, રાજાએ વિધિપૂર્વક મુનિના પગ પખાળ્યા અને મુનિઓના સ્વાગત વિધિ અનુસાર તેમણે તે ચરણોમાં પોતાના મસ્તક પર છાંપ્યું. વિશ્વામિત્રને અંદરના રૂમમાં લઇ જવામાં આવ્યા. રાજસભાના સભાસદો પૂજ્ય ભાવ-પૂર્વક મુનિની આસપાસ ઊભા રહ્યા. દશરથ બોલી ઉઠ્યા કે આજે ખરેખર એક મહાન દિવસ છે. પવિત્ર મુનિના અચિંતિત આગમનને કારણે દશરથે  પોતાનો આનંદ વ્યક્ત કર્યો. તેમનું સન્માન કરવાની અને સેવા કરવાની પોતાને તક મળી તેથી તેણે આનંદ વ્યક્ત કર્યો. વિશ્વામિત્રે રાજાને અને મંત્રીઓને બેસવાની આજ્ઞા કરી, તેમણે તે આજ્ઞાનું પાલન કર્યું

પછી મુનિએ કૃપા પૂર્વક રાજા અને રાજકુટુંબના કુશળ સમાચાર પૂછયા, રાજ્યની શાંતિ અને સમૃદ્ધિ વિશે પ્રશ્ન પૂછ્યા. તેમણે પૂછ્યું કે "તમારા શાસનમાં બળ અને સલામતી તો છે ને? તમારા શાસનને પરિણામે પ્રજાજનોની સતત પ્રગતિ થતી રહે છે ને ? દશરથે જવાબ આપ્યો કે "ભગવાનની કૃપાથી અને ઋષિ-મુનિઓના આશીર્વાદથી મારી રાજીખુશી-પૂર્વક તથા ફરજોમાં ભાન-પૂર્વક પોત- પોતાનાં કાર્યો નિષ્ફળતાના ભય વગર કરે છે, મારો રાજ્ય વહીવટ એક જ ખ્યાલ રાખે છે કે લોકોના કલ્યાણમાં

સ્થિરતાપૂર્વક વૃદ્ધિ થાય. પ્રજાજનોના સુખમાં અને સલામતીમાં વૃદ્ધિ કરવા માટે મારૂં રાજ્યતંત્રના અનેક પ્રકારની તેમની સેવા બજાવે છે. "મુનિના આગમનનું કારણ જાણવા માટે દશરથ બહુ ઉત્સુક હતા. તે બોલ્યા, "આપની કોઈ પણ ઇચ્છા પૂર્ણ કરવા હંમેશા તત્પર મને આપજે કામ કહેશો તે ફરજ હું ઉત્સાહપૂર્વક અદા કરવાની ખાતરી આપી છું. હું આપને માટે શું કરી શકું તે જાણવાની માત્ર હું રાહ જોઉં છું." વિશ્વામિત્રે સંમતિ સૂચક રીતે પોતાનું મસ્તક હલાવ્યું.

દશરથ તરફ વળીને તે બોલ્યા, "અત્યારે હું તમારી સામે જાહેર નહીં કરું કે- તમે એક ખૂબ ધર્મ-પરાયણ રાજા છો, તમે અતિથિઓનું અને યાચકોનું સન્માન કરો છો, અને તમે શ્રદ્ધા-ભક્તિની મૂર્તિ છો.તમારા શાસન હેઠળ સામ્રાજ્ય સુખી છે-તે હકીકત જ આની પૂર્તિ સાબિતી છે. પ્રજાનું કલ્યાણ રાજાઓના ચારિત્ર્ય પર આધાર રાખે છે. જો રાજાઓ સારા હોય, તો પ્રજાને શાંતિ મળે છે, જો રાજાઓ ખરાબ હોય, તો પ્રજા બધા દુઃખ અને ચિંતા અનુભવે છે. જ્યાં જ્યાં મેં પૂછ્યું છે, ત્યાં ત્યાં મને એમ કહેવામાં આવ્યું છે કે-માત્ર અયોધ્યામાં જ લોકોને રાજા પ્રત્યે પ્રેમ અને વફાદારી છે, અને રાજાને પ્રજા પ્રત્યે પ્રેમ અને લાગણી છે. તમારા રાજ્યના ખૂણે ખૂણે હું આ હ્રદયને પ્રોત્સાહક શબ્દો સાંભળું છું. એટલે મને ખબર છે કે-તમારા શબ્દો સીધે સીધા હ્રદયમાંથી આવે છે. મને તે બાબત જરા પણ શંકા નથી. તમે કદી પણ તમારા વચનનો ભંગ નહીં કરો. તમે આપેલા વચનને જરૂર પાળવાના જ."

મુનિના આ શબ્દો સાંભળીને દશરથ રાજાનું હ્રદય હચમચી ગયું. તે બોલ્યા, "મહાપુરુષો હંમેશા જગતને મદદ રૂપ પ્રવૃત્તિઓ જ કરતા હોય છે. તેમ કરવામાં તેઓ કદી પણ ધર્મ શાસ્ત્રોની આજ્ઞાનો ભંગ કરતા નથી. તેઓ જે કાઈ કરવાનો વિચાર કરે છે તેની પીઠમાં કોઈ સારું કારણ હોવું જ જોઈએ. પોતાનાં દરેક કાર્યમાં તેઓ ભગવાનની ઇચ્છાથી પ્રેરિત થતા હોય છે. એટલે મારી બધી સાધન-સામગ્રી સાથે તમારો હુકમ માથે ચઢાવવા માટે, તમારી સેવા કરવા માટે, અને તમારી નાનકડી ઇચ્છાને પણ પરિપૂર્ણ કરવા માટે હું હંમેશા ખડે પગે તૈયાર જ છું." દશરથે વારંવાર પ્રતિજ્ઞા કરી કે પોતે મુનિની ઈચ્છાને પૂર્ણ કરશે.

તેથી મુનિ બહુ રાજી થયા. તે બોલ્યા, "હા તમે કહ્યું તે પ્રમાણે અમે કામ વગર અમારા આશ્રમમાંથી બહાર જતા નથી. હું એક ઉચ્ચ હેતુ માટે તમારી પાસે આવ્યો છું. તમારો ઉત્સાહપૂર્ણ પ્રત્યુતર સાંભળીને હું બમણો સુખી બન્યો છું. મારા જે કામ માટે હું આવ્યો છું તે સફળ બન્યું છે તેથી મને આનંદ થયો છે. તમે જે વચન આપ્યું છે તેને તમે પાળશોને, નહીં વારૂ ? " દશરથે વિલંબ વગર જવાબ આપ્યો, "ગુરૂજી, તમારે આવા પ્રશ્નો બીજાઓને પૂછવા જોઇએ. દશરથ એવી વ્યક્તિ નથી કે જે આપેલું વચન ન પાળે. પોતાના વચનનો ભંગ કરીને અપયશ વહોરવા કરતાં તો તે પોતાના જીવનનો ત્યાગ કરવાનું વધુ પસંદ કરે. રાજા પાસે નીતિમયતા અને પ્રમાણિકતાથી અધિક બીજો અધિકતર નિધિ કયો હોઈ શકે ? તેની અનેક જવાબદારીઓ અદા કરવામા તે બે વસ્તુઓ જ તેને બળ આપે છે. જો આ બે ન હોય તો રાજ્ય એક પ્રકાશ વગરનું ઘર, વાનરોની સ્વચ્છંદતાઓથી અને પરસ્પર થતાં યુદ્ધોથી ભરેલું એક જંગલ બની જાય છે. અંધા-ધૂંધીથી અને ભયથી તે રાજ્ય છિન્ન ભિન્ન થઈ જાય છે. અંતે તે રાજા વિપત્તિથી ઘેરાઈ જાય છે. મને ખાતરી છે. કે-તેવું સંકટ મારા વંશ પર તો યુગો સુધી ન જ આવી પડે. એટલે જરા પણ શંકા રાખ્યા સિવાય તમે જે કામ માટે અયોધ્યા આવ્યા છો તે કહો અને જે સેવા આ ભક્ત પરિચારક આપવા તૈયાર છે તેને સ્વીકારો."

વિશ્વામિત્ર બોલ્યા, "ના, ના, મારા મનમાં કોઈ શંકા ન હતી. તમારા સત્યને ચીટકી રહેતા કથનને સાંભળવા માટે જ હું તે શબ્દો બોલ્યો હતો. હું જાણું છું કે ઈક્ષ્વાકુવંશના રાજાઓ પોતે આપેલા વચનને પાળવાનો ધર્મ બજાવતા જ હોય છે. ઠીક, હું હવે તમારી પાસેથી એક જ વસ્તુ માંગું છું. હું ધન, વાહનો, ગાયો, સુવર્ણ, સેના કે પરિચારકો માગતો નથી. હું માત્ર એટલું જ માગું છું કે- તમારા બે પુત્રો, રામ અને લક્ષ્મણ મારી સાથે આવે. તમે આનો શો જવાબ આપો છો ?"

તે સાંભળીને દશરથ પોતાના મનની સમતુલા ગુમાવી દીધી. તે મૂર્છિત થઈ ગયા, જલ્દી તે ભાનમાં આવી શક્યા નહિ. ભાનમાં આવ્યા પછી થોડાક શબ્દો બોલવાની તેમણે હિંમત કરી, "ગુરૂજી, તે પુત્રો તમને શા ખપમાં આવશે ? તમે જે કામ માટે તેમને લઈ જવા માગો છો તે કામ હું વધારે સારી રીતે પૂર્ણ કરીશ, તમને શું એમ નથી લાગતું ?

મને તક આપો. મને મારૂં જીવન ધન્ય બનાવવા દો. તે કામ શું છે તે મને કહો, મને તેથી આનંદ થશે." મુનિએ જવાબ આપ્યો, "મારી દૃઢ માન્યતા છે કે-આ કુમારો મારૂં જે કાર્ય પરિપૂર્ણ કરશે તે બીજું કોઈ નહિ કરી શકે. માત્ર તેઓ જ તે કાર્ય પૂરૂં કરી શકશે. તમે અથવા તમારી લાખો સૈનિકોની સેના તે નહિ કરી શકે. આવા કુમારો પહેલાં કદી કોઈને ઘેર જન્મયા નથી, અને જન્મશે પણ નહિ. મારી એવી ખાતરી છે."

"સાંભળો, મેં એક યજ્ઞ કરવાનો નિર્ણય કર્યો છે. પણ તે શરૂ કરતાં જ ભૂત-પ્રેતો અને રાક્ષસો ક્યાંકથી આવી ચઢે છે અને યજ્ઞને અપવિત્ર બનાવી દઈ તેમાં અવરોધ ડાલે છે. તેઓ તેમાં અવરોધ ઊભા કરે છે. હું ઈચ્છું છું કે આ કુમારો તે રાક્ષસોને હાંકી કાઢે અને યજ્ઞને દૂષિત ન કરવા દે, જેથી હું તે યજ્ઞને સફળતા-પૂર્વક પૂરો કરી શકું. તે મારો હેતુ છે, મારી ઈચ્છા છે. તે બાબત હવે તમે શું કહો છો ?" વિશ્વામિત્રે તે પ્રશ્ન ગંભીર અવાજે પૂછ્યો.

રાજાએ જવાબ આપ્યો. "ગુરૂજી, આ કોમલ નાના કુમારો કેવી રીતે એ જબરજસ્ત કાર્ય પાર પાડવાના હતા ? હું તે કામ કરવા માટે તૈયાર છું. ખૂબ રાજી છું. હું મારૂં રથદળ, પાયદળ, અશ્વદળ અને ગજદળ લઈને આવીશ અને યજ્ઞભૂમિની તથા તમારા આશ્રમની રક્ષા કરીશ. જરા પણ અવરોધ વગર તમારો યજ્ઞ સફળતા-પૂર્વક પાર પડે તે બાબત હું ધ્યાન રાખીશ. મને આ રાક્ષસો સાથે યુદ્ધ કરવાનો અનુભવ છે, કારણ કે તમે જાણો છો કે-દેવો માટે હું રાક્ષસો સામે લડ્યો હતો અને મેં દેવોને વિજય અપાવ્યો હતો. હું તમારૂં કામ બહુ સહેલાઇથી કરીશ. હું હમણાં જ તમારી સાથે આવવાની વ્યવસ્થા કરીશ. મને તેમ કરવાની રજા આપો."

તે શબ્દો સાંભળીને મુનિ બોલ્યા, "હે રાજા સાંભળો, તમે જે કાંઈ કહ્યું તેથી મને સંતોષ થયો નથી. હું ફરી ભાર-પૂર્વક કહું છું કે-તમે તે કામ નહિ કરી શકો. તમને એટલો ખ્યાલ નથી આવતો કે હું સર્વજ્ઞ અને સર્વ-શક્તિમાન ગણાઉં છું, અને છતાં હું તે કામ કરી શકતો નથી. તો પછી તમે તે કામને કેવી રીતે સફળતા પૂર્વક પાર પાડી શકશો ? તમે આ બાળકોને માત્ર સામાન્ય બાળકો માનો છો, ! તે ભૂલ છે, જે પિતા તરીકે તમને જે આ બાળકો માટે પ્રેમ છે તેમાંથી પરિણમે છે. મને બરાબર સંપૂર્ણ ખબર છે કે-તે

કુમારો માનવ દેહમાં અવતરેલા, દિવ્ય શક્તિવાળા દેવો જ છે. તમે આનાકાની ન કરશો. ગંભીરતા-પૂર્વક આપાયેલા વચનનું પાલન કરો, અને આ ક્ષણે જ કુમારોને મારી સાથે મોકલો. નહિ તો કબુલ કરો કે-તમે વચન-ભંગ કરો છો. હું વિદાય લઈશ. આ બે માંથી ગમે તે એક વસ્તુ સ્વીકારો. વિલંબ ન કરો. આ વિલંબ કરવાનો આનાકાની કરવાનો પ્રસંગ નથી." મુનિના અવાજની તીક્ષ્ણતાથી રાજાને ભય થયો. તે ભયભીત બની ગયા. નિરાશ બનીને તેમણે વશિષ્ઠ ગુરૂને રાજ-સભામાં બોલાવ્યા. વશિષ્ઠ આવ્યા. વિશ્વામિત્રને જોઈને, તેમણે બંનેએ પરસ્પર સ્મિત કર્યું, સન્માનના શબ્દોની આપ-લે કરી. જે બની ગયું હતું તેની વાત વશિષ્ઠે દશરથ પાસેથી સાંભળી. અલબત, વશિષ્ઠ કુમારોની દિવ્ય વાસ્તવિકતા સારી રીતે જાણતા હતા. એટલે તેમણે દશરથને જરા પણ ચિંતા ન કરવાની, અને મુનિની પ્રેમપૂર્ણ દેખરેખ હેઠળ કુમારોને રાજીખુશી-પૂર્વક સોંપી દેવાની સલાહ આપવાનો નિર્ણય કર્યો.

દશરથે દલીલ કરી, "થોડાક મહીનાઓથી કુમારોની તબિયત સારી નથી. રાક્ષસો સાથે યુદ્ધ કરવાનું શારીરિક બળ પણ તેમનામાં રહ્યું નથી. અમને તેમની તબીયત બાબતની ઘણા સમયથી ચિંતા રહ્યા કરે છે, અત્યારે તેમને માટેની માગણી એક પીડા જનક ઘા ઉપર કરાતા પ્રહાર જેવી આવી પડી છે. અસુરો સાથે યુદ્ધ કરવા માટે તેમને મોકલવાની મારી જરા પણ ઈચ્છા નથી. હું મારા જીવના જોખમે પણ મારા કુમારોની રક્ષા કરીશ."

વિશ્વામિત્ર વચ્ચે પડતાં કહ્યું, "રાજા, તમે શા માટે આવી મૂર્ખાઈ ભરેલી રીતે વિલાપ કરો છો ? તમે જે વચનોને પૂરાં કરી શકો તેમ ન હતા તે વચનો તમારે આપવા જોઈતાં ન હતાં. અનુકૂળ અને પ્રતિકૂળ કારણોનો વિચાર કર્યા વગર વચન આપવું, અને જ્યારે તે વચન પાળવાનુ તેને કહેવામાં આવે ત્યારે તેમાં વિલંબ કરવો, તેમાંથી પાછા હઠી જવું, વચનનો ભંગ કરવો એ રાજા માટે એક મોટું પાપ છે. તમારા જેવા રાજાઓ માટે તે અપકીર્તિ લાવનારૂં પાપ છે. તમે જે મદદ આપવાનું કહો છો તેનો હું દુઃખ-પૂર્વક અસ્વીકાર કરું છું. હૃદયમાંથી ઉભરાઈ જતી સેવાની ગહનતમ ભાવનાથી ખૂબ થોડી મદદ આપવામાં આવે, તો તે મદદ જીવન સમર્પણ કર્યા જેવી છે. હૃદયની ભાવના

વગર, આનાકાની સાથે, ગમે તેટલી મોટી મદદ આપવામાં આવે, તો પણ તે શોચનીય છે. તમારા હૃદયને દુઃખ આપીને, બળજબરી-પૂર્વક તમારી મદદ લેવાની મારી ઈચ્છા નથી. ઠીક, તમારી જાત સાથે અને તમને લાગેલા પાપ સાથે, સુખી બનો. હું વિદાય લઉં છું." વિશ્વામિત્રે ઊભા થઈને ચાલવા માંડ્યું. રાજા તેમને પગે પડ્યા, અને વધારે પ્રકાશ તથા સમય માટે તેમણે મુનિને પ્રાર્થના કરી. તેમણે કહ્યું કે-"મને મારા ધર્મનો બોધપાઠ આપો. તમારી માંગણી યોગ્ય છે તેની મને ખાતરી કરાવી આપો. એટલે હું તમારી યોજના અનુસાર વર્તીશ."

પછી વશિષ્ઠે દશરથને પોતાની બાજુમાં બોલાવીને સલાહ આપી, "રાજા, તમે નજીકમાં આવી રહેલા, વૈશ્વિક આવિર્ભાવના માર્ગમાં અવરોધ કરો છો, કારણ કે તમારા હૃદયમાં પિતૃ-વાત્સલ્યનો પ્રેમ ખૂબ પ્રમાણમાં છે, અને તેથી તમારી દૃષ્ટિ સમક્ષ સત્ય ઉપર પડદો પડી ગયેલો છે. તમારા પુત્રોને કોઇ પણ પ્રકારની હાનિ કદી પણ થવાની નથી. વીરતાની એવી કોઈ ઉંચાઈ નથી કે જેને તેઓ પહોંચી ન શકે. રાક્ષસોનો તથા આસુરી બળોનો વિનાશ કરવા માટે ભીષણ દિવ્ય શક્તિઓએ આ માનવ-આકૃતિઓ ધારણ કરી છે. એટલે જરા પણ વિલંબ કર્યા વગર કુમારોને બોલાવો. હવે તમે તેમના શારીરિક બળની અથવા તેમની બુદ્ધિના માપની ગણતરી ન કરશો. તેમના જીવનની પ્રત્યેક ક્ષણે તેમનામાંથી ઉભરાઈ જતા દિવ્ય પરમ-તત્વની ગણના કરો. યાદ રાખો કે- કોઈ પણ શક્તિ તેમની સામે ટકી શકે તેમ નથી." વશિષ્ઠે તે પ્રકારની વધુ સલાહ પણ આપી. પછી વશિષ્ઠે કુમારોને બોલાવ્યા. વિશ્વામિત્ર અને વસિષ્ઠ પોતાને બોલાવે છે એમ સાંભળીને રામ અને લક્ષ્મણ તરત જ રાજ- સભામાં દોડી આવ્યા, અને પૂજ્યભાવ-પૂર્વક બંને મુનિઓને તેમણે પ્રણામ કર્યા. પ્રથમ તેઓ પિતાને પગે લાગ્યા, પછી પોતાના કુલ-ગુરૂ વશિષ્ઠને પગે લાગ્યા, અને છેલ્લા વિશ્વામિત્રને પગે લાગ્યા. મુખ પર સ્મિત કરીને વિશ્વામિત્રો એક બાજુએ વિનય-પૂર્વક ઊભા રહેલા કુમારોને કહ્યું કે-કુમારો, તમે મારી સાથે આવશો ને ? તે સાંભળીને કુમારો આનંદ પામ્યા.

તે સાંભળીને દશરથ વધારે નિરૂત્સાહ બની ગયા, તેમનું મુખ નિસ્તેજ બની ગયું. પોતે સંમતિ આપી તેથી પિતા શોકમય બની ગયા તે રામે જોયું. તે નમ્રતા-પૂર્વક તેમની

પાસે ગયા અને બોલ્યા, "પિતાજી, જ્યારે હું મહાન મુનિ સાથે જાઉં છું, ત્યારે તમે ખેદ શા માટે કરો છો ? બીજાની સેવામાં સોંપી દેવા કરતાં આ શરીરનો બીજો વધારે સદ્દુપયોગ કયો હોઈ શકે? તે હેતુ માટે આપણને આ શરીર આપવામાં આવ્યું છે. તપસ્વીઓના પવિત્ર કાર્યમાં ભાગ લેવો અને તેમની તકલીફોને દુર કરવી તેના કરતાં વધારે મોટો સદ્દુપયોગ આ શરીરનો કયો હોઈ શકે ? અમારે માટે કશું જ અશક્ય નથી, નહિ વારૂ. રાક્ષસો ગમે તેટલા ભયંકર હશે, પણ અમે તેમનો નાશ કરીશું અને મુનિઓને શાંતિ લાવી આપીશું. જો તમે રજા આપો, તો અમે આ ક્ષણે જ ઉપડી જઈએ." આ હિંમત ભરેલા શબ્દોથી દશરથની ચિંતા થોડી ઓછી થઈ.

પણ હજી રાજા ગુંચવતા હતા, શું કરવું તેનો નિર્ણય કરી શક્યા નહિ. રામને પોતાની પાસે ખેંચીને તેમણે કહ્યું, "હે પુત્ર, રાક્ષસો સામાન્ય શત્રુઓ નથી. એવા સમાચાર સાંપડયા છે કે- તેમનામાં સુંદ, ઉપસંદ, મારીચ, સુબાહુ વગેરે છે. તેઓ ખૂબ કૃર છે. તેમનો દેખાવ અવર્ણનીય રીતે ભયાનક છે. તમને હજી સુધી તેવી ભયંકર આકૃતિઓ પર મીટ માંડવાની તક મળી નથી. માયામાં અને શરીરમાં રૂપાંતરો કરવામાં નિષ્ણાત એવા તે, યુકિતબાજો, સાથે તમે કેવી રીતે યુદ્ધ કરી શકશો ? તમે હજી સુધી 'યુદ્ધ' શબ્દ પણ સાંભળ્યો નથી. તમે રણભૂમિ પર ખેલાતા યુદ્ધને કદી જોયું પણ નથી. હવે તમને ઓચિંતા તેવા ભયંકર શત્રુઓ સાથે યુદ્ધ કરવાનું કહેવામાં આવે છે. અફસોસની વાત છે, સાચે જ ભાવિ ખૂબ કૃર છે. ખેદની વાત છે કે-શું મારા પુત્રોને તેમના જીવનના પ્રારંભ કાળમાં જ આ કઠોર અગ્નિ- પરીક્ષામાંથી પસાર થવું પડશે ?"

દશરથના મનમાં આવા વિચારો ઘોળાઈ રહ્યા હતાં. હૃદયની વ્યથાથી તેમણે ખૂબ આંસુ સાર્યાં. લક્ષ્મણે પોતાના પિતાની માનસિક નબળાઈ જોઈ. તેણે કહ્યું, "પિતાજી, આંસુ શા માટે સારો છો ? અમે બીકણ છોકરીઓ નથી. રણભૂમિ અમારા અધિકારનું ક્ષેત્ર છે. યુદ્ધ એ અમારી અધિકૃત ફરજ છે. આ ધર્મની રક્ષા એ અમારી સાચી જવાબદારી છે. ઋષિ-મુનિઓની સેવા અને નીતિ-શાસ્ત્રોનું પાલન એ અમારો શ્વાસ છે. અમે આવા ભવ્ય કાર્ય માટે જઈ રહ્યા છીએ ત્યારે તમે દુઃખી થાઓ છો, તેથી મને આશ્ચર્ય થાય છે. આ

નબળાઈના પ્રદર્શનથી જગત તમારો ઉપહાસ કરશે. તમારા પ્રેમ અને આશીર્વાદ સાથે અમને મોકલો. હું પણ મારા ભાઈ સાથે જઇશ અને વિજયના યશ સાથે પાછો આવીશ.

રામે જોયું કે-પોતાના પિતા પ્રત્યેના પ્રેમથી અભિભૂત બની ગયા છે. તે સિંહાસન પાસે ગયા, અને પ્રેમપૂર્વક તેમણે પિતાનો હાથ ઝાલ્યો. તે બોલ્યા "પિતાજી, એમ લાગે છે કે-તમે કોણ છો તે તમે ભૂલી ગયા છો. તમે કોણ છો, પૂર્વજો વડે અમર બનાવી દીધેલા ક્યા રાજકુળમાં તમે જનમ્યા છો, અને તમારા પૂર્વજોએ કેટલી બધી કીર્તિ સંપાદન કરી હતી, તે બધું તમે યાદ કરો. પછી તમે અત્યારની પેઠે રૂદન નહિ કરો. તમે ઇક્ષ્વાકુ-વંશમાં જન્મ્યા છો. આજ સુધી તમે તમારાં વર્ષ ધર્મની મૂર્તિ તરીકે ગાળ્યાં છે. ત્રિભુવને તમને વ્રતોનું ધાર્મિક વૃતિથી પાલન કરનાર તરીકે, ધર્મના સંરક્ષક અને આચરનાર તરીકે, યુદ્ધભૂમિ પર સૌથી વધારે બળશાળી વીર તરીકે સ્વીકાર્યા છે. તમને ખબર છે કે-વચન ભંગ સમાન બીજું કોઈ પાપ નથી. મુનિને આપેલા વચનનો ભંગ કરવાથી તમે પ્રાપ્ત કરેલી કીર્તિને કલંક લાગશે. તમારા પુત્રો તે અપકીર્તિને સહન નહિ કરી શકે. જો તમે વચન-ભંગ કરશો, તો તમે કરેલા યજ્ઞોનું પુણ્ય તમને પ્રાપ્ત નહિ થાય, કુવા ખોદાવવાથી, વૃક્ષો રોપવાથી અને એવા બીજાં કલ્યાણકારી કાર્યો કરવાથી થતું પુણ્ય તમને પ્રાપ્ત નહિ થાય. લાંબુ ભાષણ શા માટે કરવું ? અમે તમારા પુત્રો છીએ, તમે વચન ભંગ કર્યો એવી વાત સાંભળવાથી અમારૂં મસ્તક શરમને લીધે નીચે ઝુકી જશે. આ આપણા વંશની કીર્તિમાં એક ન ભૂંસી શકાય તેવુ કલંક બની જશે. તમારા પુત્રો માટેનો તમારો પ્રેમ આંધળો છે. તે વિવેકના પાયા પર આધારિત નથી. તે અમારે માટે રક્ષા નહિ, પણ દંડ લઈ આવશે. જો તમને અમારી પ્રત્યે સાચો પ્રેમ હોય, તો તમારે અમારી કીર્તિમાં વૃદ્ધિ થાય તે બાબત પર ધ્યાન આપવું જોઈએ, નહીં વારૂ ? અલબત્ત, અમે તમને ઉપદેશ આપવા યોગ્ય નથી. તમે એ બધું જાણો છો. તમારો પ્રેમ તમને આ અજ્ઞાનની મૃગ-તૃષ્ણિકામાં ખેંચી ગયો છે; તેણે તમારા માટે સ્વધર્મનો ખ્યાલ કરવાનું મુશ્કેલ બનાવી દીધું છે. અમને તો જરા પણ ભય નથી. વિજયશ્રી જરૂર અમારી સાથે લગ્ન કરશે. આનાકાની ન કરશો. અમને આશીર્વાદ આપો, અમને મુનિને સોંપી દો." એમ બોલીને પિતા આગળ પોતાનું મસ્તક ઝુકાવીને, રામે તેમનો ચરણ-સ્પર્શ કર્યો.

દશરથે રામને પોતાની પાસે ખેંચી લીધા, તેમના મસ્તકને લાડ કર્યું, અને તે બોલ્યા, "હે પુત્ર, તેં જે કહ્યું છે તે બધું સાચું છે. તારાં વાકયો એ બહુ મૂલ્યવાન રત્નો છે. હું એવો મૂર્ખ નથી કે જે તેનો ઈન્કાર કરે. આ ક્ષણે જ હું મારી ચતુરંગ સેના સાથે નીકળીશ, અને સર્વસ્વના જોખમે પણ મુનિના યજ્ઞની રક્ષા કરીશ. પણ તને મોકલવાની વાત મારૂં મન સ્વીકારી શકે તેમ નથી, કારણ કે તે તો શાસ્ત્રાસ્ત્રોની અને યુદ્ધની કળાઓમાં હમણાં જ તાલીમ લીધી છે, જ્યારે રાક્ષસો તો તે કળાઓમાં પહેલેથી જ કુશળ છે, હું તને તેમના હાથમાં મોકલી આપવા ઈચ્છતો નથી. કોઈપણ પિતા પોતાના પુત્રોને વાઘના મોંમાં સમર્પે નહિ. શું અમને શોકની જવાલાઓમાં ફેંકવી એ તારે માટે યોગ્ય છે ? તપસ્યા વડે અમે તને પ્રાપ્ત કર્યો છે, અને અમારા જીવનના શ્વાસ-રૂપે તને  ઉછેર્યો છે. ખેદની વાત છે જ્યારે વિધિ પોતે જ અમારી વિરુદ્ધ છે, ત્યારે અમે શું કરીએ ? હું તારો કે બીજા કોઈનો દોષ કાઢતો નથી; તે મારાં જ કરેલા પાપનું ફળ છે."

રામના મસ્તક પર હાથ મૂકીને દશરથે આમ વિલાપ કર્યો તે જોઈને રામે સ્મિત કર્યું. તે બોલ્યા, "પિતાજી, આ તે કેવી નબળાઈ ? તમે અમને વાઘના મુખમાં ધકેલી દેવાની વાત કરો છો ! તમને હજી ખ્યાલ નથી આવ્યો કે-અમે તે રીતે અપાતાં ઘેટાં-બકરાં નથી ? માનો કે-અમે સિંહનાં બચ્ચાં છીએ; આશીર્વાદ આપીને અમને આ પવિત્ર કાર્ય માટે મોકલો. ધર્મકૃત્યોમાં રાજાઓએ ઢીલ ન કરવી જોઈએ." રામના તીક્ષ્ણ શબ્દો સાંભળીને વશિષ્ઠ ઉભા થયા અને બોલ્યા, "સરસ-દશરથ તમે, સિંહની ગર્જના સાંભળી ? પછી શિયાળવાનું રૂદન શા માટે ? ઉભા થાઓ. માતાઓને સંદેશ મોકલીને તેમને અહીં બોલાવો. પુત્રો વિશ્વામિત્રના હાથમાં સોંપી દો." તે શબ્દો સાંભળીને દશરથને  લાગ્યું કે-પોતે તે પ્રમાણે કર્યે જ છૂટકો છે. તેમણે રાણીઓને ત્યાં આવવા માટે સંદેશો ભેજયો.

રાણીઓ ઘૂંઘટ તાણીને ત્યાં આવી તેમણે ઋષિઓને પ્રણામ કર્યા, પછી દશરથને પગે પડી. પછી તેઓ પોતાના પુત્રો પાસે ગઈ. તેમણે બાળકોને લાડ કર્યાં, તેમનાં મસ્તકો પર પ્રેમપૂર્વક આંગળીઓ ફેરવી. પ્રથમ વશિષ્ઠે તેમને કહ્યું "માતા, યજ્ઞનું રાક્ષસોથી રક્ષણ કરવા માટે રામ અને લક્ષમણ વિશ્વામિત્ર સાથે જવા માટે તૈયાર થઈ ગયા છે; જતા પહેલાં તેમને આશીર્વાદ આપો." તે સાંભળીને કૌશલ્યાએ આશ્ચર્યથી

પોતાનું મસ્તક ઉચક્યું. તે બોલ્યાં, "હું આ શું સાંભળી રહી છું ? મહાન મુની જે યજ્ઞ કરી રહ્યા છે તેની રક્ષા શું આ કુમળી વયનાં બાળકો કરવાના છે ? મેં સાંભળ્યું છે કે-પોતાની દિવ્ય શક્તિ સાથે મંત્રો પોતે જ એક શ્રેષ્ઠ બખ્તર છે. માનવ યજ્ઞની રક્ષા કરવાનો ભાર પોતાને માથે લેવાની ધૃષ્ટતા કેવી રીતે કરી શકે ? યજ્ઞને સફળતા-પૂર્વક પૂર્ણ કરવાની જવાબદારી તો તેમાં ભાગ લેતા પુરોહિતોની પ્રમાણિકતા પર છે."

વશિષ્ઠને તે વાત બરાબર લાગી, પણ પરિસ્થિતિ પર થોડોક વધુ પ્રકાશ ફેકવાનું તેમને શ્રેષ્ઠ લાગ્યું, "કૌશલ્યા માતા, વિશ્વામિત્રનો યજ્ઞ કોઈ સાધારણ વિધિ નથી. તેમાં ઘણા અવરોધો આવે છે અને ચિંતા પેદા કરે છે." વશિષ્ઠ પોતાની સમજૂતી આપી રહ્યા હતા, ત્યાં તો કૌશલ્યા વચ્ચે પડીને બોલ્યાં, "ઋષિ-મુનિઓ વડે કરાતા યજ્ઞમાં અવરોધો આવીને ચિંતા પેદા કરે છે-તે સાંભળીને મને સાચે જ આશ્ચર્ય થાય છે. હું માનું છું કે-કોઈપણ પવિત્ર નિર્ણયમાં કોઈપણ શક્તિ વિક્ષેપ કરી શકે નહિ. પરમ પ્રકાશને અને શાંતિને પ્રગટ કરવા માટે મુનિ આ ઈચ્છા કરી રહ્યા છે અને તેને પૂર્ણ કરવાની આકાંક્ષા સેવી રહ્યા છે; મારૂં અનુમાન તે પ્રકારનું છે. પોતાના પુત્રો પ્રત્યે રાજાની આસક્તિની પરીક્ષા કરવા માટે તેમણે રાજા સમક્ષ આ વિજ્ઞપ્તિ કરી હશે, નહિ તો અમે એ વાત કેવી રીતે માની શકીએ કે-રહસ્યમય શક્તિઓવાળા મુનિ જે યજ્ઞ કરવા માગે છે તેની રક્ષા આ કુમળી વયનાં નાનાં બાળકો કરી શકશે ?"

કૌશલ્યા જ્યારે આમ બોલી રહ્યાં હતાં અને પોતાના હાથ વડે રામના મસ્તકને લાડ કરતાં હતાં, ત્યારે દશરથને એક ઝબકારામાં સત્યનું ભાન થયું અને તેમણે હિંમત-પૂર્વક નિર્ણય લઈ લીધો. દશરથ બોલ્યા, "હા, કૌશલ્યાના શબ્દો તદ્દન સત્યને વ્યક્ત કરે છે. આ એક મારી પરીક્ષા કરવાની યોજના છે. મને તે વાતની ખાતરી થઈ ગઈ છે. હે ગુરુજી, હું એક નિર્બલ માનવી છું, હું કેવી રીતે તમારી પરીક્ષામાં પાસ થઈ શકું ? તે ગમે તેમ હોય પણ હું તમારી ઈચ્છા મુજબ કરીશ." તે શબ્દો બોલીને દશરથ વસિષ્ઠને પગે પડ્યા. વશિષ્ઠે તેમના તરફ જોયું અને તે બોલ્યા, "મહારાજ, તમે તમારી જાતને યોગ્ય સાબિત કરી છે. આ કુમારો સામાન્ય પ્રકારના નથી. તેમની શક્તિઓ અને કુશળતાઓ અસીમ છે. આપણે તે જાણીએ છીએ; બીજા લોકો તે વાત જાણતા નથી. આ

પ્રસંગ તેમની વિજયી યાત્રાનો પ્રારંભ છે. તેમની વિજયી કારકિર્દીના ઇતિહાસની પ્રસ્તાવના છે. આ રીતે કુમારો ધર્મ-રક્ષાનું વ્રત લઈ રહ્યા છે. તેઓ થોડાજ સમયમાં વિજયશ્રીને વરીને પાછા આવશે. એટલે વધુ વિચાર કર્યા સિવાય, આનંદપૂર્વક તેમને વિશ્વામિત્રના હાથમાં સોંપી દો." પછી વશિષ્ઠે કુમારોને પોતાની પાસે બોલાવ્યા તેમનાં મસ્તકો પર પોતાની શુભ હથેળી મુકી, અને આશીર્વાદના કેટલાક મંત્રો ભણ્યા. તે કુમારો માતાઓને પગે પડ્યા, અને તેમણે તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. વિદાય લેવા માટે તૈયાર બનીને તેઓ ઉભા.

દશરથે કુમારોનાં મુખ પર આનંદનું અને હિંમતનું તેજ જોયું. તેમણે પોતાના હૃદયના શોકને દબાવી દીધો. તેમણે કુમારોના ખભા પર પોતાનો હાથ મૂક્યા, અને તે વિશ્વામિત્ર પાસે આવ્યા. તે બોલ્યા, "ગુરૂજી, આજથી આ કુમારો તમારા પુત્રો છે. તેમના સ્વાસ્થ્યનો અને સુખનો આધાર તમારા પર છે. જો તમે તેમની સાથે થોડા અંગ-રક્ષકો મોકલવાની આજ્ઞા કરો, તો હું આનંદ-પૂર્વક તેમ કરીશ."

તે સાંભળીને વિશ્વામિત્ર હસી પડ્યા. તે બોલ્યા, "હે રાજા, તમે સાચેજ પાગલ છો. કોઈ એવો માણસ છે ખરો કે જે યજ્ઞ અવરોધોથી મુક્ત કરવા આવતા આ વીરોની રક્ષા કરી શકે ? શું તેમને અંગ-રક્ષકોની જરૂર છે ખરી ? અમે જેની રક્ષા કરી શકતા નથી તે યજ્ઞની રક્ષા કરવા માટે તેઓ આવી રહ્યાં છે. શું તેવા મહાન વીરોને કોઈ અંગ-રક્ષકની જરૂર છે ખરી ? અલબત્ત, તમારા પ્રેમે તમને અંધ બનાવી દીધા છે. હે રાજા, જે કામ માટે હું તેમને લઈ જાઉં છું તે પૂરૂ થયે હું તેમને તમારી પાસે પાછા લાવીશ. ચિંતા ન કરશો, કોઈપણ અવરોધ વગર, ન્યાયપૂર્વક તમારા રાજ્યનું શાસન કરો. "વિશ્વામિત્ર પોતાના આસન પરથી ઉભા થયા. તે મહાન મુનિને પ્રણામ કરવા માટે દરેક જણે પોતાના બંને હાથ જોડ્યા. પ્રથમ તે મુનિ રાજ-સભામાંથી બહાર નીકળ્યા; બે રાજકુમારો તેની પાછળ-પાછળ નીકળ્યા. તેઓ રાજમહેલના મુખ્ય દરવાજે પહોંચ્યા કે લોકોએ આકાશમાંથી વાગતાં સ્વર્ગીય દુંદુભિઓના અને શંખોનો ધ્વનિ સાંભળ્યો. તેમના પર પુષ્પોની વૃષ્ટિ થઈ, મુનિ અને કુમારો આગળ ચાલવા લાગ્યા ત્યારે દરેક ઘરમાંથી શંખોનું સંગીત સંભળાવા લાગ્યું. માર્ગમાં થોડે થોડે અંતરે દુંદુભિઓના ધ્વનિ સંભળાવા

લાગ્યો. પુરુષોને; સ્ત્રીઓને, બાળકોને ભિન્ન-ભિન્ન ઉંમરના નાગરિકોને એમ લાગ્યું કે-એક મોટા સિંહની પાછળ-પાછળ બે સિંહનાં બચ્ચાં જઈ રહ્યાં છે. ઉઘાડે પગે તે વિખ્યાત મુનિની સાથે કુમારો શા માટે રાજમહેલ છોડીને જાય છે તેનું કારણ કોઇ પણ જાણતું ન હતું. એટલે દરેક જણે પોતાના પાડોશી ને  તે ક્યા કામ માટે જઈ રહ્યાં હતા તે બાબત પૂછ્યું. મંત્રીઓ, દરબારીઓ, અને નાગરિકો નગરીના દરવાજા સુધી જ તેમને વળાવવા ગયા, કારણ કે રાજાએ તેવી આજ્ઞા કરી હતી. દરવાજા આગળ તે બધાએ કુમારોને છેલ્લી સલામ કરી અને પછી બધા પાછા નગરીમાં ગયા.

પછી તેમણે પોતાની યાત્રા ચાલુ રાખી. વિશ્વામિત્ર આગળ ચાલતા રામ તેની પાછળ ચાલતા, અને લક્ષ્મણ રામની પાછળ ચાલતા માર્ગની બંને બાજુ મનોહર વૃક્ષોની પંક્તિઓ તેમની નજરે પડતી હતી. તેમની આંખો સમક્ષ પ્રગટતા પ્રકૃતિના સૌંદર્યને તેઓ જોતા હતા. થોડેક દૂર ગયા પછી તેમણે એક જંગલમાં પ્રવેશ કર્યો, જેમાં કોઇ માનવની વસ્તી ન હતી. વિશ્વામિત્રે ત્યાંથી તેમને ચામડાનું કાંડાંનું  બખ્તર તથા આંગળી-ઓનું બખ્તર પહેરવાની આજ્ઞા કરી. તેમણે તેમને ખભા પરનું ધનુષ હાથમાં રાખીને તૈયાર રહેવાનું કહ્યું. આમ સજ્જ બનીને તેઓ શાંત ભયંકર જંગલમાં નિર્ભયતાપૂર્વક અને તેજસ્વિતા-પૂર્વક ઝાડીઓમાંથી પસાર થઈને આગળ વધવા લાગ્યા- જાણે કે તેઓ તે પ્રદેશના રાજાઓ ન હોય ! થોડીજ વારમાં તેઓ સરયુ નદી પાસે પહોંચી ગયા. સૂર્ય આથમવાની તૈયારીમાં હતો. એટલે વિશ્વામિત્રે રામને તથા લક્ષ્મણને પોતાની પાસે બોલાવ્યા અને તેમને મૃદુ, મધુર શબ્દોમાં કહ્યું, "વહાલા કુમારો, વિલંબ કર્યા વિના નદીમાં જાઓ અને વિધિપૂર્વક હાથ-પગનું પ્રક્ષાલન કરો. હવે હું તમને બધા મંત્રોના મુકુટ-રત્ન સમાન બે મંત્રોની દીક્ષા આપીશ. તેમને બળા અને અતિબળા કહેવામાં આવે છે તે બંને મંત્રોમાં ખૂબ શક્તિ છે. તેમનાથી તમે ગમે તેટલા થાકી ગયા હશો. પણ તમે તાજગી અનુભવશો, તમે ગમે તેટલો મહાન પરિશ્રમ કર્યો હશે, પણ તમને થાક લાગશે નહિ, તેમનાથી માંદગી તમારી પાસે નહિ આવે, તે રાક્ષસોના સૈન્યથી તમારી રક્ષા કરશે. વળી મુસાફરી કરતાં-કરતાં તેમનાથી તમને ક્ષુધા કે તૃષા લાગશે નહિ. તે તમને આનંદ અને સ્ફૂર્તિ આપશે, સ્વાસ્થ્ય અને ઉત્સાહ આપશે. તે

તમારા અંગોને તથા મનને બળવાન બનાવશે. હે રામ, આ બે મંત્રો બધા મંત્રોમાં શ્રેષ્ઠ છે. બીજા મંત્રો કરતાં તે વધારે તેજસ્વી અને પ્રભાવશાળી છે." વિશ્વામિત્રે લાંબા સમય સુધી તે મંત્રોની શક્તિનું વર્ણન કર્યું. રામને તે મંત્ર વિષે કશું કહેવાની જરૂર ન હતી. પણ તેમણે દેખીતી રીતે આશ્ચર્ય-પૂર્વક, આશ્ચર્ય ચકિત બંનેની આંખો સાથે, તે બધું સાંભળ્યું. તે દરમ્યાન લક્ષ્મણ, પોતાના મનમાં હસતાં-હસતાં, મુનિને અને રામને નિહાળી રહ્યા હતા.

રામ જે જગતમાં ધર્મની ફરી સ્થાપના કરવા માટે આવ્યા હતા તે જગતને આ ઘટનામાંથી એક સુંદર બોધપાઠ લેવાનો છે. તે બોધ-પાઠ રામે પોતાના શબ્દો વડે નહિ, પણ પોતાના વર્તન દ્વારા શીખવ્યો છે." માણસ ગમે તેટલો મહાન હોય પણ તે માયામાંથી છટકી શકતો નથી. માયા એક ક્ષણમાં માણસને ઊંધો-ચત્તો કરી મુકે છે. જ્યાં સુધી માણસમાં દેહાત્મ  બુદ્ધિ હોય છે, ત્યાં સુધી માયા પોતાની પકડને જરા પણ શિથિલ થવા દેતી નથી. જે માણસ પર માયા કાબુ જમાવવામાં ઈચ્છે છે તેની કીર્તિથી, તેના નામથી, તેની કુશળતાથી અથવા તેની બુદ્ધિથી માયા જરા પણ ડઘાઇ જતી નથી. જ્યારે માણસ પોતાના નામ-રૂપનો ત્યાગ કરે છે, દેહાત્મ બુદ્ધિમાંથી પોતાની જાતને મુક્ત કરે છે, અને પોતાની જાતને આત્મામાં સ્થાપિત કરે છે, ત્યારે જ તે માયાનીભ્રમણાઓ-માથી છટકી જઈ શકે છે."  એ ઘટનાનો આ બોધપાઠ હતો. કારણ કે  ખ્યાલ રાખો. આ બે શક્તિશાળી મંત્ર વિશ્વામિત્રના કાબૂમાં હતા, તેમણે ખૂબ પ્રમાણમાં આધ્યાત્મિક નિધિને એકઠો કર્યો હતો. પોતાની પાસે વિખ્યાત સાધન-સામગ્રી હતી, પણ તેમને ખ્યાલ આવી ગયો હતો કે-પોતે જે યજ્ઞ કરવા માગતા હતા તેમાં અવરોધ નાંખનાર  રાક્ષસ-સેનાનો વિનાશ કરવા માટે જરૂરી બળ માત્ર રામમાં જ  હતું. તેમણે દશરથને સલાહ આપી હતી કે તમારા પુત્ર પ્રત્યે વધુ પડતો પ્રેમ ન રાખશો કે જે પ્રેમ તમને તેમની દિવ્ય ભવ્યતા પ્રત્યે અંધ બનાવી દે છે. તેમણે જાહેર કર્યું હતું કે રામ સમગ્ર વિશ્વના રક્ષણહાર છે. તે માનતા કે વીરતાની કોઈપણ ઊંચાઈ એવી નથી કે જેને રામ પહોંચી ન શકે. અને છતાં તે બે કુમારો સામાન્ય બાળકો હોય તેમ, તે તેમને રહસ્યમય મંત્રોની દીક્ષા આપવાની તૈયારી કરી રહ્યા હતા. ચોક્કસ વિશ્વામિત્ર માયાના બંધનમાં હતા ! બાહ્ય લક્ષણોથી

નિર્ણય કરવાની ભ્રાન્તિને તે તાબે થયા હતા. રામ મુનિ  માટે માયાની પકડના બળને ખુલ્લું કર્યું. કારણ કે તેમણે જ વિશ્વામિત્રના મન પર આવરણ નાખ્યું હતું અને તેમને અભિમાન પૂર્વક આ મંત્રોની દીક્ષા આપવામાં પ્રેરિત કર્યા હતા ! વિશ્વામિત્રના કહેવા મુજબ રામે અને લક્ષ્મણે નદીમાં સ્નાન કર્યું. મુનિ રામ પાસે આવ્યા અને તેમણે તેમને બે મંત્રોની દીક્ષા આપી. રામે ગુરૂ વડે બોલાયેલા મંત્રોનો પુનરોચ્ચાર કર્યો, અને જ્યારે મંત્ર શિખવાડવામાં આવ્યા ત્યારે કોઈ નવો સવો વિદ્યાર્થી ડોકું-ધુણાવે તેમ તેમણે વિશ્વામિત્રના શિષ્યો બનવામાં સંમતિ આપી હોય તેમાં તેમણે મસ્તક નમાવીને મુનિને પ્રણામ કર્યા, થોડા જ સમયમાં રાત્રિનો અંધકાર બધે વ્યાપી ગયો અને બંને ભાઈઓએ જંગલમાં ઉગેલા ગાઢ ઘાસની પથારી પર સૂવાની વ્યવસ્થા કરી. તે સૂઈ ગયા. અને વિશ્વામિત્રે તેમને પ્રાચીન સમયની કથાઓ સંભળાવી. જાણે પોતે પગ-પાળા ખૂબ ચાલવાથી થાકી ગયા હોય તેવો દેખાવ કરીને બંને ભાઈઓએ ઊંઘી જવાનો દેખાવ કર્યો. વિશ્વામિત્રે કથાઓ કહેવાનું બંધ કર્યું. તે પોતાની  ભવિતવ્યતાના અને લક્ષ્યતા વિચારોમાં નિમગ્ન બની ગયા.

તેટલામાં તે પ્રદેશમાં સૂર્ય-પ્રકાશ ઉગ્યો. બે ભાઈઓ જે વૃક્ષની હેઠળ સૂઈ ગયા હતા તેની એક ડાળી પરથી બીજી ડાળી પર રંગ-બેરંગની પંખીઓ ઉડવા લાગ્યાં જાણે કે રામને અને લક્ષ્મણને જગાડવા માટે તેઓ મધુર ગીતો ગાઈ રહ્યાં હતાં ! કાનને તે સ્વર્ગના સંગીતકારોના સંગીત જેવું લાગતું હતું. પણ તે ઉંઘતા બે ભાઈઓને જગાડી શકતું નહિ. એટલે વિશ્વામિત્રે રામને કહ્યું કે-પરોઢ થયું છે. માટે જાગો. રામ બેઠા થયા, અને પોતાની બાજુએ સૂતેલા લક્ષ્મણને તેમણે જગાડ્યા. બંને ભાઈઓ મુનિને પગે પડ્યા. બંનેએ સરયૂ- નદીમાં પ્રાતઃસ્નાન કર્યું. પોતાના ખોબામાં તે પવિત્ર જળ લઈને, મંત્રો ભણીને તેમણે તે નદીની દેવતાને સ્તુતિ કરીને તે જળ સમપ્યુૅં. પછી સ્નાન કરીને, ગાયત્રી-મંત્ર ભણીને તેમણે સંધ્યા કરી. થોડા જ સમયમાં તેઓ યાત્રા માટે તૈયાર થઈ ગયા, અને હાથ જોડીને મુનિની આગળ ઊભા રહ્યા. વિશ્વામિત્રે પૂછ્યું કે હે વ્હાલા પુત્રો, હવે આપણી આશ્રમ તરફ જઈશું, નહિ વારૂ. રામે જવાબ આપ્યો કે અમે માત્ર તમારી આજ્ઞાની જ રાહ જોઈ રહ્યા છીએ. એટલે તેમણે ચાલવા માંડયું. મુનિ આગળ

ચાલતા હતા અને બે ભાઈઓ તેની પાછળ ચાલતા હતા. થોડા જ સમયમાં તેઓ સરયૂ-ગંગાના સંગમ સ્થાન પાસે આવી પહોંચ્યા. ભાઈઓએ તે પવિત્ર નદીને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા અને તે પાવનસ્થાન પર નજર ચોપાસ નાંખી. તેમણે આશ્રમને દીઠો. તેના પવિત્ર આકંપનો આસપાસ બધે પ્રસરી રહ્યાં હતાં. આશ્રમ તેમને બહુ પ્રાચીન અને પુરાણી કથાઓ સાથે સંબંધિત લાગ્યો. લક્ષ્મણે મુનિને પૂછ્યું કે- ગુરૂજી, આ આશ્રમમાં કોણ રહે છે, તેમાં રહેનાર મહાવિભૂતિનું નામ શું છે ? મુનિએ તે પ્રશ્ન સાંભળીને સ્મિત કર્યું. તેમણે જવાબ આપ્યો, "વ્હાલા પુત્રો, પાર્વતીને પરણ્યા પહેલાં પોતાને દિવ્ય પરિચારકોને લઈને ખૂબ પ્રાચીન સમયમાં ભગવાન શિવ અહીં આવ્યા હતા, તે તપ કરવા ઇચ્છતા હતા. તે તપસ્યા કરી રહ્યા હતા, ત્યારે કામદેવે તેમની તપસ્યામાં વિઘ્ન કર્યું. શિવના હૃદયવાં ક્રોધ ભભૂકી ઊઠયો. તેમણે પોતાનું ત્રીજું નેત્ર ખોલ્યું, જેમાંથી નીકળતી જવાલાઓ વડે કામદેવ બળીને ભસ્મ થઈ ગયો. તેનો દેહ બળી ગયો. એટલે તે અનંગ કહેવાય છે. કામદેવે અહીં પોતાનું અંગ ગુમાવ્યું, તેથી દેશના આ ભંગને અંગ દેશ કહેવામાં આવે છે. આ એક સમૃદ્ધ પ્રદેશ છે. આ આશ્રમનો ઉપયોગ શિવે કર્યો હતો, ત્યારથી તેનો ઉપયોગ તેમના અનેક ભક્તોએ કર્યો છે અને પોતાની ઉત્કટ તપસ્યાને પરિણામે તેઓ શિવમાં વિલીન થઈ ગયા છે. આ આશ્રમ ધર્મના માર્ગના કડક અનુયાયીઓને જ નિવાસીઓ તરીકે સ્વીકારે છે. જો તમારી ઈચ્છા હોય, તો આ રાત આપણે અહીં ગાળીએ અને સવારે ગંગામાં સ્નાન કરીને મુસાફરી શરૂ કરીશું." વિશ્વામિત્રના તે પ્રસ્તાવને સાંભળીને રામને તથા લક્ષ્મણને ખૂબ આનંદ થયો. તેમણે 'અમને મંજૂર છે' એમ કહીને તે વિચારને વધાવી લીધો. તેમણે પવિત્ર ગંગામાં સ્નાન કર્યું. તે દરમિયાન એવા સમાચાર ફેલાયા ગયા કે-રાજાના બે વીરપુત્રોને સાથે લઈને વિશ્વામિત્ર અહીં આવી પહોંચ્યા છે, એટલે ત્યાં રહેતા મુનિઓ તેમનું સ્વાગત કરવા માટે પોત-પોતાના આશ્રમોમાંથી બહાર ધસી આવ્યા.

તે રાત મુનિએ અને રાજકુમારોએ શિવના આશ્રમમાં ગાળી. ફળ-મૂળનો આહાર કર્યો. તેમણે રસપૂર્વક આશ્રમની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું. વિશ્વામિત્રે જે કથાઓ કહી તે કુમારોએ ધ્યાનપૂર્વક સાંભળી. તે સમય આનંદના પૂરમાં વ્યતીત થઈ ગયો. પ્રભાત

થતાં તેમણે સ્નાન કર્યું અને પ્રેમપૂર્વક મુનિઓની વિદાય લીધી. પછી તેઓ આગળ ચાલ્યા, બે કુમારો મુનિની પાછળ પાછળ જતા હતા. તેમને ગંગા નદી પાર કરવાની હતી. કેટલાક લોકો તેમને નૌકામાં બેસાડીને સામે પાર લઈ ગયા. પછી વિદાય લેતા પહેલાં તે લોકો પૂજ્ય ભાવ-પૂર્વક વિશ્વામિત્રને પગે પડ્યા અને પાછા વળ્યા.તે આતિથ્યથી વિશ્વામિત્રને સંતોષ થયો. તેમણે તે લોકોની ભક્તિનું અને ઊંડા સમર્પણ ભાવનું મૂલ્ય આંકયું. પછી આશીર્વાદ આપીને તેમણે તેમને વિદાય આપી.

પછી તરત જ તે પ્રદેશને જમીન નીચેના પૂરથી ફરી વળતી ગર્જનાનો અવાજ તેમના કાન પર અથડાયો. તેમણે નદીના જળને ક્રોધ પૂર્વક ઉછળતાં જોયાં. મોજાંના શિખર ભાગ પર ધોળા ફીણની પરંપરાઓ પ્રસરતી હતી. રામે મુનિને પૂછ્યું, "ગુરૂજી, ઓચિંતું નદીમાં પૂર કેમ આવ્યું છે, મોજાં આટલી બધી ઝડપથી કેમ ઉછળે છે ?" મુનિએ જવાબ આપ્યો, "રામ, આ સ્થાને પુરી જળથી ભરેલી, ભીષણ સરયુ-નદી શાંત ગંગામાં પડે છે, તેથી આ ગર્જના થાય છે." મુનિ આ શબ્દો શાંતિ-પૂર્વક બોલ્યા. તેમને માટે તે એક સામાન્ય દ્રશ્ય હતું. તેમણે આગળ ચાલુ રાખ્યું, "રામ, પ્રાચીન યુગમાં એક વખત બ્રહ્માએ ઈચ્છા કરી અને તરત જ કૈલાસ-પર્વત પર એક મહાન સરોવર બની ગયું. આનું નામ માનસ સરોવર ( મન વડે નિર્માણ થયેલું સરોવર ) છે. જ્યારે બરફ ઓગળે છે અને વરસાદ પડે છે, ત્યારે સરોવર જલથી ભરાઈ જાય છે, તે પ્રવાહમાંથી અયોધ્યાની બાજુઓથી ગંગા પ્રત્યે દોડતી સરયુ-નદી સર્જાય છે. સરયૂ એક પવિત્ર નદી છે, કારણ કે બ્રહ્માએ પોતે ઇચ્છા-પૂર્વક સર્જેલા સરોવરમાંથી ઉદભવે છે." દરેક નદી પર અને તે પ્રદેશના સ્થાન પર પ્રકાશ ફેંકતી આશ્ચર્યકારક કથાઓને સાંભળતા તેઓ આગળ ચાલ્યા.

હવે તેમણે એક ગાઢ અંધકારમય જંગલમાં પ્રવેશ કર્યો, તે જંગલે તેમના મનમાં ભયની લાગણી પેદા કરી, રામે પૂછ્યું કે-ગુરૂજી, જંગલમાં કોઈ માણસ પ્રવેશ્યો હોય એવું ચિન્હ જણાતું નથી. તેમને જવાબ મળે તે પહેલાં, વાઘ, સિંહ, દીપડા, અને નાનકડા જંગલી પશુઓના વિશાળ ટોળાના ગળામાંથી નીકળતા ભીષણ ગર્જનાઓની પરંપરા તેમણે સાંભળી. એમ લાગતું હતું કે જાણે પૃથ્વી ચીરાઈ જશે. તેમણે જોયું કે-જંગલી પશુઓ બીજા પશુઓ સાથે ભીષણ યુદ્ધ કરી રહ્યાં હતાં. કેટલાક પશુઓ કઠોર મૃત્યુનાં તે

દ્રશ્યમાંથી ભાગી જઈને ઝાડીઓમાં ભરાઇ જતાં હતાં. જંગલમાં ખુબ પાસે-પાસે વૃક્ષો ઊગ્યાં હતાં. જે આકાશને અડગતાં હતાં અને ભૂમિ પર પોતાનો વિશાળ પડછાયો પાડતાં હતાં  તે વૃક્ષો વડના, દેવાદારનાં જમકુખનાં અને પવિત્ર બદરી-વૃક્ષો હતાં.

ત્યાં પગે ચાલવાનો કોઈ માર્ગ ન હતો. આગળ ચાલવા માટે તેમને વાળી-ઝુડીને માર્ગ બનાવવો પડતો હતો. લક્ષ્મણ પોતાના કુતૂહલને સમાવી શક્યા નહિ. તેમણે વિશ્વામિત્રને પૂછ્યું  કે-ગુરૂજી, આ ભીષણ જંગલમાં પર કોણ રાજ્ય કરે છે ? આ જંગલનું નામ શું છે ? "ગુરૂજીએ જવાબ આપ્યો, "લક્ષ્મણ, આ જંગલની જગ્યાએ પહેલાં બે રાજ્યો હતાં.- મળદ અને ક્રોશ. હકીકતમાં તે દેવોના પ્રદેશની પેઠે પ્રકાશિત હતાં. લોકો એમ કહેતા કે દેવોએ આ વિસ્તારનું સર્જન કર્યું છે અને તેઓ તેનું પાલન-પોષણ કરે છે. લોકો આ સ્થાન વિષે એક કથા કહે છે. જ્યારે ઇન્દ્રે વૃત્રને મારી નાંખ્યો, ત્યારે તેને બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું. પરિણામે તે ક્ષુધાની સંતોષી ન શકાય તેવી પીડાથી પીડાવા લાગ્યો.  મુનિઓ ને દુઃખી કરૂણ દશાથી પીડાતા ઈન્દ્રને આ પ્રદેશમાં લઈ આવ્યા અને તેને પવિત્ર ગંગામાં સ્નાન કરાવ્યું. પછી મુનિઓએ પવિત્ર મંત્રો ભણતાં-ભણતાં ઇન્દ્રના મસ્તક ઉપર ગંગા-જળથી ભરેલા અનેક ઘડાઓ રેડયા. તેથી ઈન્દ્રની બ્રહ્મહત્યાનું પાપ ધોવાઈ ગયું.

ઇન્દ્રનો મલ અને ક્ષુધાનો ક્રોશ ( રૂદનનો અવાજ ) બંધ પડી ગયા, તેથી બ્રહ્માને આનંદ થયો. એટલે તેમણે આ પ્રદેશનાં રાજ્યોના નામ મળદ અને ક્રોશ પાડ્યાં. બ્રહ્માના આશીર્વાદથી આ બે રાજ્યો વિખ્યાત પણ બન્યાં.  દેવોએ સંકલ્પ કર્યો કે આ બે રાજ્યો અનાજથી, સુવર્ણથી અને સમૃદ્ધિનાં પુષ્કળ સાધનોથી સમૃદ્ધ બનો.

તે દરમિયાન તાટકી નામની એક ક્રૂર રાક્ષસી આ પ્રદેશમાં દેખાઇ તેણે તે સમૃદ્ધ અને શાંતિમય પ્રદેશને ઉજ્જડ બનાવવાનો પ્રારંભ કર્યો. તે એક યક્ષિણી હતી.  તે મરજી મુજબ રૂપ ધારણ  કરી શકતી હતી. એમ કહેવાય છે કે જન્મથી જ તેનામાં હજાર હાથીઓનું બળ હતું. તેણે મારીચ નામના પુત્રને જન્મ આપ્યો. તેનામાં ઇન્દ્ર જેટલાં બળ અને વીરતા હતાં. માતા-પુત્રને મળીને ખૂબ ત્રાસ અને સંકટ વાર્તાવવા માંડ્યા. રાક્ષસી જે જંગલમાં રહેતી હતી. તે અહીંથી દોઢ યોજન ( નવ માઈલનો યોજન ) દૂર છે. તેમણે

આ સમૃદ્ધ મળદને અને ક્રોશને ભયંકર જંગલો બનાવી દીધા. કારણ કે તેનાં ફળદ્રુપ ખેતરોના ખેડૂતો તાટકી આવી કે તરત જ ત્યાંથી ભાગી ગયા અને પરિણામે જંગલ વધવા માંડ્યું. જેમાં ખૂબ મોટી વસ્તી હતી તેવા શહેરો અને ગામડાં નિર્જન બની ગયાં. તેમનો વિનાશ થઈ ગયો; ત્યાં માનવી વસવાટની કશી નિશાની રહી નહિ. કોઈપણ તેને પકડી શકતું નહિ કે તેનો વિનાશ કરી શકતું નહિ કારણ કે, તે એવા બધા પ્રયત્નોમાંથી છટકી જતી. હજી સુધી કોઈ પણ તેની દુષ્ટતાનો અંત આણવાની હિંમત કરી શક્યું નથી. મારી આંતર પ્રેરણા મને એમ કહે છે કે તમારા સિવાય બીજું કોઈ બે બળવાન રાક્ષસીનો સંહાર નહિ કરી શકે. આ દુષ્ટ માતા અને તેનો પુત્ર બીજા રાક્ષસોને દોરવણી આપે છે અને આશ્રમોની પવિત્ર યજ્ઞ- વિધિઓને દૂષિત કરે છે, તેમાં ભંગ પાડે છે."

વિશ્વામિત્રના શબ્દોથી રામની લાગણીઓ વિક્ષુબ્ધ બની ગઈ. તે પોતાના હૃદયના કોપને સમાવી શકયા નહિ. ખૂબ નમ્રતા-પૂર્વક અને પૂજ્ય બુદ્ધિપૂર્વક બોલ્યા, "હે મુનિશ્રેષ્ઠ, મેં સાંભળ્યું છે કે-યક્ષોમાં બહુ બળ હોતું નથી. વધારામાં આ તાટકી તો એક નારી છે, તેની જાતિ વધારે નિર્બલ છે. તે સમગ્ર વસ્તીને આટલી બધી ભયભીત કેવી રીતે કરી શકે ? તેને આ બધી શક્તિ ક્યાંથી મળી ? જે પ્રદેશને બ્રહ્માના અને દેવોના આશીર્વાદ સાંપડયા છે તેનો તે વિનાશ કેવી રીતે કરી શકે ? આ તો બહુ આશ્ચર્ય-જનક કહેવાય ! આ વાત માની શકાય તેવી નથી." વિશ્વામિત્ર બોલ્યા, રામ, હું તમને બધું સમજાવીશ. ધ્યાન દઈને સાંભળો. પ્રાચીન કાળમાં સુકેતુ નામનો એક યક્ષ હતો. તે સદગુણોમાં જેટલો સમૃદ્ધ હતો તેટલો જ શક્તિશાળી પણ હતો. તેને કોઈ વારસામાં સંતાન ન હતું. એટલે તેણે દેવોને પ્રસન્ન કરવા માટે અને તેમના આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે ઉગ્ર તપ કર્યું. છેવટે બ્રહ્માએ તેના તપથી પ્રસન્ન થઈને તેની આગળ પ્રગટ થયા. તેમણે વરદાન આપ્યું કે-તને અસાધારણ બળવાળી, ખૂબ કુશળ અને ચતુર પુત્રી પ્રાપ્ત થશે. સુકેતુને પુત્ર નહિ, પણ પુત્રી મળી, પણ તે વરદાનથી તે ખૂબ રાજી થઈ ગયો.

સુકેતુ પાછો ગયો. ધાર્યા પ્રમાણે તેને ઘેર પુત્રી જન્મી. તે ખુબ ઝડપભેર બળવાન બની. તે વધુ નિર્બલ નારી-જાતિ હતી, પણ બ્રહ્માની કૃપાથી તેનામાં હજાર હાથીઓનું બળ હતું. જાણે પોતે જે કાંઈ જોતી તે બધાની તે માલિક હોય તેમ, તે કોઈ પણ નિયમ

વગર મન ફાવે ત્યાં ફરતી. તે બહુ મનોહર છોકરી હતી, એટલે સુકેતુએ તેને માટે તેટલા જ સુંદર છોકરાની બધે શોધ કરી. છેવટે તેણે સુંદને વર તરીકે પસંદ કર્યો. સુકેતુએ તે છોકરીને સુંદ સાથે પરણાવી. ત્રણ વર્ષ પછી તેણે મારીચ નામના પુત્રને જન્મ આપ્યો. મારીચ વિષે મેં તમને ઉલ્લેખ કર્યો  છે. તે માતા પુત્રને યુદ્ધમાં કોઈ હરાવી શકતું નથી. સુંદે રાક્ષસી સાહસો કરવાનો પ્રારંભ કર્યો. તે મુનિઓના યજ્ઞોને દૂષિત કરવા લાગ્યો એટલે મહાન અગસ્ત્ય મુનિ તેના પર ગુસ્સે થયા. શાપ આપીને અગસ્ત્યે સુંદને મારી નાખ્યો અને મુનિઓને વધુ દુઃખમાંથી ઉગાર્યા. વેરનો બદલો લેવા તાટકી પોતાના પુત્રને લઈને અગસ્ત્યના આશ્રમ પર તૂટી પડી. અગસ્ત્યે આ આક્રમણને પહેલેથી જાણી લીધું હતું. તેથી તેમણે તે બંનેને રાક્ષસ બની જવાનો શાપ આપ્યો. તેથી તે બંને વધારે ક્રોધે ભરાયાં. તેમણે  અગસ્ત્યને ગાળો ભાંડી અને લોહી જેવી લાલ-ચોળ આંખો સાથે તેમણે ભયંકર રીતે અગસ્ત્ય પર હુમલો કર્યો. અગસ્ત્યને લાગ્યું કે-વિલંબ જોખમકારક છે, એટલે તેમણે શાપ આપ્યો કે તાટકી પોતાનું સૌંદર્ય ગુમાવી દે અને કદરૂપી બની જાય. તેમણે એવો પણ સંકલ્પ છોડ્યો કે-તાટકી માનવ-માંસનું ભક્ષણ કરે. તાટકી શાપથી ડરી ગઈ નહિ. તેણે વધારે ક્ષુધા-પૂર્વક અગસ્ત્ય પર હુમલો કરવાનું ચાલુ રાખ્યું. એટલે અગત્ય તે સ્થાનમાંથી જતા રહ્યા, તેમણે એક વધુ સલામત સ્થાન શોધી કાઢ્યું. એ નિરાશાને કારણે તાટકીનો ક્રોધ ભભૂકી ઉઠયો તેણે તે ક્રોધ મલક અને ક્રોશ પ્રદેશ પર ઠાલવ્યો, તેણે પાક અને ઉદ્યાનો બાળી મૂક્યાં, અને તે પ્રદેશને એક મોટું જંગલ બનાવી દીધું."

તે કથા સાંભળીને રામ બોલ્યા, "ગુરૂજી, તે બ્રહ્માના વરદાનથી અને તપના પરિણામ-રૂપે જન્મી હતી, એટલે તેનામાં આટલું બધું બળ અને કુશળતા હતાં. તેણે તે બંનેનો દુરુપયોગ કર્યો, અને તેથી તેને શાપ અને મુનિનો કોપ પ્રાપ્ત થયાં. નારીનો વધ એ  ધર્મશાસ્ત્રોમાં મહાન પાપ મનાયું છે, તેથી જ અગસ્ત્યે તેને કદરૂપી બનાવીને જવા દીધી. નહીં તો તેના પિતાને મારી નાખનાર તે મહાન મુની તે પત્નીને પણ શું ન મારી નાખી શકત ? મેં સાંભળ્યું છે કે-વીરોએ નારીઓને મારી નાંખવા જેટલા અધમ ન બનવું જોઈએ. હવે મારે શું કરવું જોઈએ તે ફરમાવો, હું તમારી આજ્ઞા માનવા તૈયાર છું."

રામ ધર્મના નિયમો પાળવામાં ચીવટ રાખે છે તે જોઈને વિશ્વામિત્ર રાજી થયા. "હું જાણું છું કે-નારીની હત્યા એ એક અધમ પાપ છે છતાં પણ આધ્યાત્મિક પ્રગતિ કરતા બ્રાહ્મણોની, ધાર્મિક પુરુષોની, ગાયોની રક્ષા મહત્વની છે. ધર્મ એ ત્રણ વસ્તુઓ સાથે સંકળાયેલો છે. ધર્મની વૃદ્ધિ કરવા માટે અને અધર્મને દૂર કરવા માટે જ્યારે તે નારી હત્યા કરવામાં આવે, ત્યારે તેમાં કશું પાપ નથી. તમે શું એ સૂત્ર નથી જાણતા કે-ધર્મો રક્ષતિ રક્ષિતઃ ! ધર્મનું રક્ષણ કરનાર માણસની રક્ષા ધર્મ કરે છે ? આ હિંસા પોતાના સ્વાર્થ માટે કરવામાં આવતી હોતી નથી. હું તમને ખાતરી આપું છું કે-જ્યારે જગતની શાંતિને અને સમૃદ્ધિને સાચવવા માટે હિંસા કરવામાં આવે છે, ત્યારે તેનું કોઈ વિપરીત પરિણામ આવતું નથી. વળી સર્જન, પાલન અને સંહાર એ ભગવાનના નિયમની અભિવ્યક્તિઓ છે, તે ભગવાનની ઈચ્છા પ્રમાણે થતાં હોય છે. માનવની ઈચ્છાથી તે બંધાયેલા હોતા નથી. તમે બંને ભગવાનના દિવ્ય આવિર્ભાવો છો. તમારી પાસે સત્તા છે, તે તમારી ફરજ છે. અગ્નિને કોઈ મેલ લેપી શકતો નથી, તેવી રીતે ભગવાનને કોઈ પાપ સ્પર્શ કરી શકતું નથી. દૂષિત કરી શકતું નથી. જે સંકલ્પ સર્જન કરે છે, જે ધર્મ રક્ષા કરે છે, તે દંડ દેવાની ફરજ પણ બજાવી શકે છે. તે માતા પુત્રે જે પાપો કર્યાં છે અને જે દંડ પોતાના પર વહોરી લીધો છે, તેની ઉપેક્ષા કરવી એ યોગ્ય નથી. આજે તાટકી તમારે હાથે મરે તેને તેનું સદ્દભાગ્ય ગણવું જોઈએ, તેથી તે વધારે પાપોનો ઢગલો કરીને વધારે સજાને પાત્ર નહિ બને. તેનો વધ કરવાથી તમે તેનું અને દેશનું હિત જ કરી રહ્યા છો, આમાં કશું પાપ નથી, કશો અન્યાય નથી. જો અત્યારે તમે કરુણાની લાગણી રાખશો, તો તેથી જગતને પારાવાર નુકસાન થશે, તેથી ધર્મ ક્ષીણ થશે તેથી તાટકી વધારે પાપો કરવા પ્રેરાશે. મારે આ મુદ્દા પર ભાષણ કરવાની અને હજારો દલીલો તમારી આગળ પેશ કરવાની શી જરૂર છે ? મારી આધ્યાત્મિક દૃષ્ટિ વડે મેં બધું જોઈ લીધું છે. તમે રાક્ષસ-જાતિનો સંહાર કરવા માટે માનવ દેહમાં અવતર્યા છો. આ તમારું જીવન કાર્ય છે. તમારે તે આજે અને તમારી સમગ્ર કારકિર્દી દરમિયાન કરવાનું છે. ધર્મની રક્ષા અને રાક્ષસોનો સંહાર માટે તમે જમ્યા છો. મેં આ સત્યને જાણી લીધું છે. તેથી જ હું તમારી મદદ માટે તમારી પાસે દોડી આવ્યો હતો. નહિ તો, મારે શા માટે

તમારો આધાર અને તમારી સેવા શોધવા પડે ? આશ્રમોમાં વસતા અને તપ કરતા ઋષિ-મુનિઓ અને તાપસો પોતાને માટે નહિ. પણ સમગ્ર જગત માટે દેશના રાજાઓની મદદ ઘાયે છે. તેમણે બધી આસક્તિઓનો ત્યાગ કર્યો હોય છે, તેઓ કંદમૂળ ખાઈને પોતાનો જીવન-નિર્વાહ કરતા હોય છે. મહિનાઓ અથવા વર્ષો સુધી તે ખોરાક ખાઈને તેઓ પોતાના જીવનને કઠિન બનાવે છે. જેથી તેઓ દેહાત્મ બુદ્ધિનો ત્યાગ કરીને પરમાત્માના પ્રકાશમાં વિલીન થઈ જાય. તેવા લોકો જગત માટે શા માટે પરવા કરે ? પણ તેઓ બીજા લોકોને સાધનાનો માર્ગ બતાવવા  માટે, પોતે પ્રાપ્ત કરેલા લક્ષ્યની ભવ્યતા જણાવવા માટે, પોતે સત્યની પ્રાપ્તિ માટે જે સાધના કરી હતી તેવી સાધના બીજા લોકો પણ કરે તે માટે તેમને સમજાવવા પ્રયત્ન કરતા હોય છે. જો જ્ઞાની લોકો માત્ર પોતાની જ મુક્તિ માટે દરકાર રાખે, તો જગતનું શું થાય ? તો તો લોકો અધર્મના ખાડામાં પડી જાય, ધર્મનો હ્રાસ થઈ જાય. એટલે મુનિઓ જગત સાથે સબંધ ચાલુ રાખે છે, પોતાની કોઈ સ્વાર્થી કામના માટે નહિ. તેઓ કમળ જેમ જલમાં નિર્લેપ રહે છે તેવી રીતે જીવન ગાળતા હોય છે.  બહારથી એમ દેખાય કે-તેઓ જગતમાં ગુંચવાઈ પડ્યા છે, પણ તેમને જગતમાં કશી આસક્તિ હોતી નથી. તેઓ જગતને પોતાને કલુષિત કરવા દેતા નથી. તેમનું લક્ષ્ય તો એક જ હોય છે-જગતની પ્રગતિ અને તેનું કલ્યાણ. તેઓ માત્ર ધર્મમાં વૃદ્ધિ થાય તેની જ દરકાર કરે છે. તેઓ માત્ર ભગવાન પર જ આધાર રાખે છે."

જ્યારે વિશ્વામિત્રે આ રીતે સત્યને પ્રગટ કર્યું, ત્યારે પોતે જાણે શિખાઉ હોય, સાંભળેલી બધી વસ્તુઓથી અજાણ હોય તેવો રામે જવાબ આપ્યો, "ઋષિ-મુનિઓના શબ્દોને તથા તેમના પવિત્ર અર્થને જગત સમજશે નહિ.  મેં તમને નારી-વધની નીતિમયત્તા બાબત પ્રશ્ન એટલા માટે કર્યો હતો કે અમને તે કાર્યની ન્યાયી બાબત તમારું વ્યાખ્યાન સાંભળવા મળે. મારા પ્રશ્નનો બીજો અર્થ ન સમજતા. મારા પિતા દશરથે મને કહ્યું છે કે-વિશ્વામિત્ર મુનિની આજ્ઞાનું પાલન કરજે. હું મારા પિતાની આજ્ઞાને જાણવા માંગું છું. તમે એક મહાન ઋષિ છો. તમે કઠોર તપ કર્યું છે. જ્યારે તમારા જેવા મુનિ કહે કે તાટકીને મારવાથી કોઈ પાપ નહિ લાગે અને તેનો વધ એ નીતિમય અને

ન્યાય છે, ત્યારે મને એમ લાગે છે કે મને કશું પાપ લાગવાનું નથી. ધર્મનું પોષણ કરવા માટે અને લોકોના કલ્યાણની વૃદ્ધિ કરવા માટે તમે જે કાંઇ ફરજ મારા પર લાદશો તે કરવા હું તૈયાર છું." એમ બોલીને રામે ધનુષ પોતાના હાથમાં પકડ્યું, અને પણછ મજબૂત છે કે નહિ તેની કસોટી કરવા માટે તેને એવી તો બળપૂર્વક ખેંચી કે તેનો અવાજ અને તેનો પડઘો દશેય દિશાઓમાં વ્યાપી ગયો, સમગ્ર જંગલ જાગી ઊઠ્યું. જંગલી પશુઓ આમ તેમ ભાગી જવા લાગ્યાં. તે અસાધારણ રીતે મોટા અવાજથી તાટકીને આઘાત થયો. તે વિક્ષેપકારક ઘટનાથી તેનો ક્રોધ પ્રજ્વલિત થયો. તે આવાજ જે દિશામાંથી આવતો હતો તે બાજુએ તે ધસી ગઈ. રામે તેને ધસી આવતી જોઈ. તે એક પર્વત જેવી અથવા આક્રમક કરતા જંગલી હાથી જેવી લાગતી હતી. તેમણે સ્મિત કર્યું અને લક્ષ્મણને કહ્યું, "ભાઈ, આ કદરૂપતાના જથ્થા સામે જો. આ રાક્ષસી વ્યક્તિને જોઈને કોઈ સામાન્ય માણસ બચી શકે ? તેનો દેખાવ માત્ર ભયંકર છે. તો પછી તેના બળ વિશે તો કહેવું જ શું ? વળી તે એક સ્ત્રી છે. જ્યારે હું તેનો વધ કરવાનો નિર્ણય કરૂ છું, ત્યારે મારૂં મન તે વાતમાં પૂરો સહકાર આપતું નથી. જો આ રાક્ષસીના હાથ પગ કાપી નાંખવામાં આવે તો તે મરી જશે એમ લાગે છે, તેનો સંહાર કરવા માટે એટલું બસ છે."

હાથ પ્રસારીને તાટકી રામ તરફ ધસી રહી હતી. તે તેમને પકડીને એક રોટલીના ટુકડાની પેઠે પોતાના મુખમાં દેવા માગતી હતી. તે જંગલી રીતે અને ભયંકર ઉશ્કેરાટ પૂર્વક ગર્જતી હતી. આંખો બંધ કરીને વિશ્વામિત્ર પ્રાર્થના કરી રહ્યા હતા કે-યુદ્ધમાં આ બે ભાઈઓનો વાળ વાંકો ન થાય. તાટકી રામ પાસે વધુ-ને-વધુ નજીક આવી, પણ તેમ કરવા માટે તેની નારાજી પણ વધતી જતી હતી, કારણ કે રામની હાજરીમાં તેને એક વિચિત્ર પ્રકારનો આઘાત અનુભવાતો હતો. એક-બે વાર તે રામની નજીક ગઈ, પણ તેને તરત જ પાછા જતું રહેવું પડ્યું. પોતાની જાત પર ક્રોધ કરીને તે ગુસ્સામાં કૂદકા મારવા લાગી. તે કૂદકાથી ઉડેલી ધૂળને કારણે તે પ્રદેશ અંધકારમય અને ગૂંગળાવી દે તેવો બની ગયો. થોડાક સમય સુધી રામ, લક્ષ્મણ અને વિશ્વામિત્ર શાંત અને નિષ્ક્રિય ઉભા રહ્યા. ભ્રાન્તિની અને વિનાશની કલામાં તાટકી નિષ્ણાંત હતી. તેણે શિલાઓનો મૂશળધાર

વરસાદ સજર્યો. હવે રામે નિર્ણય કર્યો કે તે રાક્ષસીને પૃથ્વી પર વધુ સમય જીવવા દેવી ન જોઈએ, તે નારી છે એટલે તેને ક્ષમા આપી શકાય નહિ. એટલે તેમણે ધનુષ ખેંચ્યું અને અદૃશ્ય તાટકી તે વખતે ક્યાં હતી તે બરાબર જાણી લઈને તેમણે બાણ છોડ્યું. એટલે તે ફરી રામ તરફ ધસી આવી. રામે પોતાનાં બાણો વડે તેના બે હાથ કાપી નાંખ્યા. તે જમીન પર પડી અને પીડાથી તથા દુ:ખથી રડવા લાગી. લક્ષ્મણે એક પછી એક એમ, તેનાં અંગો કાપી નાંખ્યાં. પણ તાટકી મરજી મુજબ એક પછી  બીજું રૂપ લઇ શકતી હતી. એટલે તેણે એક રૂપનો ત્યાગ કરીને ઝડપ ભેર બીજું રૂપ ધારણ કર્યું, અને તાજી અને તથા ભયંકર બનીને તે તેમની સામે ફરી ઉભી રહી. પોતે મરી ગઈ હોય તેવો તેણે  દેખાડો કર્યો, પણ વળી પાછી તે જીવતી આવી ગઈ ! એક જ સમયે તે અનેક રૂપો ધારણ કરતી. તેણે પહેલાંની પેઠે ફરી શિલાઓની વર્ષા કરવા માંડી. તેણે પોતાની દુષ્ટ યુક્તિ-પ્રયુક્તિઓનું અને માયાવી શક્તિઓનું પ્રદર્શન કરવા માંડ્યું. પોતે ખૂબ સાવધાન હતા. છતાં પણ રામને અને લક્ષ્મણને થોડીક ઇજાઓ થઇ. તે જોઈને વિશ્વામિત્રને લાગ્યું કે હવે તેમણે વિલંબ કર્યા વગર તાટકીને તરત જ મારી નાખવી જોઈએ. તેમણે કહ્યું, "રામ, આનાકાની ન કરો. તે સ્ત્રી છે અને તેથી તેના પર દયા રાખવી જોઈએ-એવો વિચાર કરવામાં એક ક્ષણ પણ ન બગાડો. તેના અંગો કાપી નાંખવાથી કશો ફાયદો થવાનો નથી. પોતાનામાં પ્રાણ હોય ત્યાં સુધી રાક્ષસો ગમે તેટલાં રૂપો ધારણ કરી શકે છે, માટે તેને માટે તેને મારી નાંખો, સાંજ પડતાં તેનો અંધકારમય ક્રોધ વધારે વૃદ્ધિ પામશે, સૂર્યાસ્ત પછી કોઈ પણ માણસ રાક્ષસોનો સામનો કરી શકતો નથી. ત્યાર પહેલાં તમારે તેને મારી નાંખવી જોઈએ." એમ કહીને વિશ્વામિત્ર એવા કેટલાક પવિત્ર મંત્રો ભણ્યા, કે જે રક્ષા અને સલામતી બક્ષે છે.

રામે પણ પોતાના વિચારો વડે તે દિશામાં બાણોને મોકલવાની પોતાની શક્તિ વડે જે સ્થાનેથી તાટકીનો અવાજ આવતો હતો ત્યાં ઝડપભેર એક બાણ માર્યું, તે બાણે તાટકીના અંગો બાંધી દીધાં, જેથી તે જરા પણ હલનચલન કરી શકે નહિ. એટલે તાટકીએ ખૂબ ભયાનક ચીસો પાડી, પોતાની ભીષણ જિહ્વા બહાર કાઢીને તેણે રામ અને લક્ષ્મણ પર પડીને તેમને પોતાના દેહના વજન હેઠળ કચરી નાખવાનો પ્રયાસ

કર્યો. એટલે રામને લાગ્યું કે વિલંબ કરવાના માઠાં પરિણામ આવશે. એટલે તેમણે તેની છાતીમાં એક ખૂબ તીક્ષ્ણબાણ માર્યું. ને પ્રહારથી તાટકી ભૂમિ પર પડી અને મરી ગઈ.

તે જયાં પડી તે ભૂમિમાં મોટો ખાડો પડી ગયો. પીડાથી તે આળોટી ત્યારે તેના રાક્ષસી આઘાતથી વૃક્ષો જડમૂળમાંથી ઉખડી પડ્યાં, તેનો છેલ્લો શ્વાસ એટલો બધો મોટો અને વિચિત્ર હતો કે-તે સાંભળી જંગલનાં બધાં  જંગલી પશુઓ આમ-તેમ વેર-વિખેર થઈને ભાગી ગયાં. જ્યારે તે ભીષણ રાક્ષસી મરી ગઈ ત્યારે વિશ્વામિત્ર રામને પોતાની પાસે બોલાવ્યા, તેમના કેશ પ્રેમપૂર્વક પંપાળ્યા અને તે બોલ્યા, "હે પુત્ર શું તમે ડરી ગયા હતા ? ના, ના, સર્વ વિશ્વોના તારણહાર કેવી રીતે ડરે ? તમારૂ આ પરાક્રમ એ શિલાન્યાસ છે, જે ઇમારતને ખાતરી-પૂર્વક સ્થિર બનાવે છે આવો તમે થાકી ગયા છો. સૂર્ય પણ આથમી ગયો છે. સાયં-સંધ્યા કરો અને  થોડોક સમય આરામ કરો. મારી સાથે આવો." તે બાળકોને નદી પર લઇ ગયા અને પછી બોલ્યા, "બાળકો આજની રાત આપણે અહીં વિશ્રામ કરીશું અને સવારે આશ્રમમાં જઈશું. "વિશ્વામિત્ર જે કથાઓ કહેતા હતા તેમનું શ્રવણ કરવામાં તેમણે તે રાત ત્યાં ગાળી. ગુરૂએ એમનામાં નિગૂઢ રહેલી શક્તિઓને તથા ભવ્યતાને તેની આગળ પ્રગટ કરી.

સવાર પડી, મુનિએ પ્રાતઃ સ્નાન કર્યું, અને કલ્યાણકારી સ્મિત સાથે તે ઊંઘતા ભાઈઓ પાસે આવ્યા મૃદુ અને મધુર શબ્દોથી તેમણે રામને કહ્યું કે-"રામ, હું તમારી વિરતાથી પ્રસન્ન થયો છું. જ્યારે તમે તાટકી રાક્ષસીનો પરાભવ કરી રહ્યા હતા ત્યારે તમે પરમાત્મા છો-એ સત્ય મને સમજાઈ ગયું. સાચેજ હું બહુ ભાગ્યશાળી છું." વિશ્વામિત્રને હર્ષાશ્રુ આવી ગયાં તેમણે મંત્રો ભણીને પોતે જેમના પર સ્વામિત્વ ધરાવતા હતા તે બધાં રહસ્યમય શસ્ત્રાસ્ત્રો સમર્પણભાવ-પૂર્વક રામના હાથમાં મૂકી દીધાં. તે બોલ્યા, "આ આયુધોનો પ્રયોગ કરવાની સત્તા હું તમને આપું છું. મારી પાસે તે હોય, તો પણ મારે તે શા કામનાં છે ? તમે સર્વ આયુધોના સ્વામી છો, પ્રયોગ કરનાર છો. તમારી પાસે આવવાથી તે આયુધો પણ ખૂબ રાજી થશે કારણ કે-તમારી પાસે રહેવાથી એ પોતાની ભવિતવ્યતાને પરિપૂર્ણ કરી શકશે. આ વાતનો ખ્યાલ રાખો, આ ક્ષણથી મારા કાબુ હેઠળનાં બધાં આયુધો તમારાં સાધનો બનશે; તમે જે જીવન-કાર્ય માટે આવ્યા છો

તેમાં તે ઉપયોગી બનશે." એમ બોલીને તેમને સદાકાળ રામના સ્વામિત્વ હેઠળ મૂકી આપ્યાં.

આમ તેમણે રામને દંડચક્ર, કાળચક્ર, ઇન્દ્રાસ્ત્ર, વજ્રાસ્ત્ર, શિવનું ત્રિશૂલ, બ્રહ્મશિરાસ્ત્ર, ઐષિકાસ્ત્ર અને સૌથી વધારે બળવાન બ્રહ્માસ્ત્ર આપ્યાં. પછી થોડા સમય માટે તે આંખો મીચી શાંત બેઠા. પછી તે ઉભા થયા અને બોલ્યા, "મારે હવે આમનું પણ શું કામ છે ?" એમ કહી તેમણે રામને મોદક અને શિખર નામની બે બળવાન ગદાઓ આપી, તે બોલ્યા, "આશ્રમમાં ગયા પછી હું બીજા આયુધો પણ લાવી આપીશ-અગ્નિ-અસ્ત્ર, ક્રૌંચ-અસ્ત્ર, નારાયણ-અસ્ત્ર, વાયુ-અસ્ત્ર વગેરે. હે પુત્ર, આ બધાં અસ્ત્રો સ્વામીનો હુકમ માનવા તત્પર રહે છે. તેમનામાં શત્રુનો પરાભવકરવાની અદભુત શક્તિ છે." એમ કહીને તેમણે રામના કાનમાં અદભુત મંત્ર ફૂંક્યો, જે તે અસ્ત્રોને પ્રગટ કરી શકતો, તેમને સક્રિય બનાવી શકતો, તેમણે રામને તે મંત્ર બોલી જવા કહ્યું. થોડા જ સમયમાં તે શાસ્ત્રાસ્ત્રોના અધિષ્ઠાત્રી દેવતાઓ પ્રગટ થઈ; તેમણે રામનું આભારવૃત્તિ સાથે સન્માન કર્યું. તે દરેક દેવતાઓ રામને સાષ્ટાંગ પ્રણિપાત કર્યો. દરેકે દેવતાએ કહ્યું કે-રામ, આ ક્ષણથી અમે તમારા સેવકો છીએ; અમે પ્રતિજ્ઞાપૂર્વક કહીએ છીએ કે અમે તમારી આજ્ઞાનું પાલન કરીશું. ફરીવાર રામ બોલાવે ત્યારે પ્રગટ થવાનો સંકલ્પ કરીને દેવતાઓને અદ્રશ્ય થઈ ગયા.

આ પ્રગતિથી રામને આનંદ થયો, વિશ્વામિત્રનો ચરણ-સ્પર્શ કરીને તે બોલ્યા, "ગુરૂજી, તમારૂ હૃદય ત્યાગનો નિધિ છે. મને ખ્યાલ આવી ગયો છે કે-"તમે ત્યાગની અને યોગની દિવ્ય મૂર્તિ છો. નહિ તો શું બીજો કોઈ માણસ આવાં અનેક પરિશ્રમથી પ્રાપ્ત કરેલાં આયુધો બીજા કોઈને આપી દે ખરો ? ગુરૂજી, કૃપા કરીને મને કહો કે-ધારેલો વિનાશ કર્યા પછી તે આયુધોનો મારે પ્રતિ-સંહાર કેમ કરવો તે મને શિખવાડો. તેમનો પ્રયોગ કરવાનું તમે મને શિખવાડ્યું છે. તેમને પાછાં બોલાવી લેવાની ક્રિયા હવે મારે જાણવી છે." તે સાંભળીને વિશ્વામિત્ર આનંદ પામ્યા. તે બોલ્યા," આ સત્યકીર્તિ, દષ્ટ, રજાસ, પિતૃસોમસ, કૃષ્ણ, વીરાસ્ય, યૌગંધ, વિધૂત, કરવીરક, જુભંક જેવાં આયુધો પોતે જાતે જ તેમનો પ્રયોગ કરનાર  બાણાવળીની ઈચ્છા મુજબ પાછાં આવી જાય છે.

તે માટેના મંત્રોની દીક્ષા પણ હું તમને આપીશ. જ્યારે તે મંત્રો ભણવામાં આવ્યા, ત્યારે પ્રસન્ન થયેલી તેમના અધિષ્ઠાત્રી દેવતાઓ પ્રગટ થઈ, અને પોતાના નવા સ્વામીને તેણે સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. રામે તેમને કહ્યું કે-હું જ્યારે તેમને બોલાવું, ત્યારે તમારે આવવા માટે તૈયાર રહેવું; અત્યારે તો તમે આરામ કરો.

પછી વિશ્વામિત્રે યાત્રામાં આગળ વધવાનો પ્રસ્તાવ મૂક્યો અને તે ત્રણેય જણે આગળ ચાલવા માંડ્યું, થોડેક દૂર ગયા પછી તેમણે એક ઊંચા શિખરોવાળી ટેકરીઓના પ્રદેશમાં પ્રવેશ કર્યો. તેમની આંખો એક મનોહર ઉદ્યાન પર પડી, જેની સુગંધ તેમનું સ્વાગત કરી રહી હતી અને તેમનાં મન શરીરને તાજાં બનાવી રહી હતી. ભાઈઓને તે જાણવાનું  કુતુહલ થયું કે-તે સુંદર સ્થાનનો માલીક કોણ હતો. તેમણે મુનિને તે બાબત પૂછ્યું, વિશ્વામિત્રે જવાબ આપ્યો, "હે પુત્રો, જ્યારે પોતાની ઇચ્છા પૂર્ણ કરવા માટે, તપ કરવા દેવો પૃથ્વી પર આવે છે ત્યારે તેઓ આ પવિત્ર પ્રદેશને પસંદ કરે છે. અને મહાન કશ્યપે અહીં તપ કરીને લક્ષ્ય-પ્રાપ્તિ કરી હતી.આ સ્થાન બધા પવિત્ર પ્રયાસોને સફલ બનાવે છે. તેથી તેનું સિદ્ધાશ્રમ છે, ભક્તિ અને સમર્પણ-ભાવ વિકસાવવાના આશય હું અહીં નિવાસ કરૂં છું. અહીં કરવામાં આવતા દરેક પવિત્ર યજ્ઞને દૂષિત કરવા માટે રાક્ષસો આ આશ્રમને પોતાના આશ્રમને લક્ષ્ય બનાવે છે. જ્યારે તેઓ પોતાનું અધમ કાર્ય કરવા પ્રયત્ન કરે, ત્યારે તમારે તેમનો સંહાર કરવાનો છે." એમ કહીને વિશ્વામિત્રે તે હૃદયને હુંફ આપનાર શાંતિમય સ્થાનમાં પ્રવેશ કર્યો. લાડ લડાવતાં-લડાવતાં  તેમણે રામનાં ખભા પર પોતાનો હાથ મૂક્યો અને કહ્યું કે અત્યાર સુધી આ આશ્રમ મારો હતો. આજથી તમારો બની ગયો છે, એ શબ્દો બોલતાં વૃદ્ધ મુનિની આંખોમાંથી સંતોષનાં આંસુ ટપક્યાં. તેમણે સિદ્ધાશ્રમમાં પગ મૂક્યો કે તરત જ ત્યાંના તાપસો ગુરૂના ચરણોનું પ્રક્ષાલન કરવા માટે અને રામ-લક્ષ્મણને સ્નાન માટે જલ આપવા માટે ઉત્સુક હોઇ ત્વરાથી દોડી આવ્યા.

આશ્રમના માર્ગ ઉપર તેમણે પુષ્પો વેર્યા અને તેના દ્વાર સુધી દોરી ગયા. તેમણે તેમને ફળો અને શીતલ, મધુર જલ આપ્યાં. તેમણે રામને અને લક્ષ્મણને કહ્યું કે-ખાસ તમારે માટે તૈયાર કરેલી ઝૂંપડીમાં તમે આરામ કરો. તેમણે તેમ કર્યું, આરામ લેવાથી

તેમનો થાક ઉતરી ગયો. તે તાજા બની ગયા. પછી તેમણે પોતાના હાથ-પગ ધોયા અને ગુરૂની આજ્ઞા શી છે તે જાણવા માટે તેઓ વિશ્વામિત્ર પાસે આવ્યા. બે હાથ જોડીને તે ગુરૂ આગળ ઉભા રહ્યા અને બોલ્યા કે-ગુરૂજી, તમે જે યજ્ઞ કરવા માગો છો તેની આવતીકાલે શરૂઆત કરો. તે સાંભળીને વિશ્વામિત્રને આનંદ થયો. તેમણે જવાબ આપ્યો, "હા, બધું તૈયાર જ હોય છે. સાધન-સામગ્રી તૈયાર કરવા માટે રાહ જોવાની જરૂર નથી. અમે હંમેશા તૈયાર જ હોઈએ છીએ. આવતીકાલે સવારે હું વિધિપૂર્વક યજ્ઞ માટે દિક્ષા-વ્રત લઈશ." તે સમાચાર પ્રસરી ગયા અને દરેક જણે તે મહાન ઘટના માટે જરૂરી સામગ્રી એકઠી કરવાનું કામ ઉપાડી લીધું. સવાર પડ્યું. વિશ્વામિત્રે યક્ષની દીક્ષાનું વ્રત લીધું અને યજ્ઞનો પ્રારંભ થયો. જેમ દેવો માટે સ્કંદ અને વિશાખ રક્ષકો તરીકે ઊભા રહે છે, તેમ રામ અને લક્ષ્મણ અવરોધ નાંખનારા  રાક્ષસોનો સામનો કરવાનો નિર્ધાર કરીને યજ્ઞ ભૂમિ આગળ ઊભા રહ્યા. યજ્ઞમાં ભાગ લેનાર બીજાઓને રામે ઈશારો કર્યો કે-રાક્ષસો ક્યારે અને કઈ દિશામાંથી આવે તે સંભવ છે તે શોધી કાઢો. તેમણે માત્ર એટલો જ જવાબ આપ્યો કે રાક્ષસો ક્યારે અને ક્યાંથી આવશે તે કહી શકાય નહિ. રાક્ષસોને કોઈ નિશ્ચિત સમય હોતો નથી; તેઓ ગમે તે ક્ષણે આપણા પર તૂટી પડે; તેમના આક્રમણના સમયની આગાહી કોણ કરી શકે એમ છે ? આશ્રમના માણસોએ રાક્ષસો વિષે વાતો કરી; દરેક જણે પોત-પોતાના અંદાજ અનુસાર તેમનાં લક્ષણો અને ટેવો વર્ણવી બતાવ્યાં.

તેમણે આપેલા જવાબો થી રામ ને આનંદ થયો. તેમણે નિર્ણય કર્યો કે-પવિત્ર યજ્ઞ-વિધિને નિષ્ફળ બનાવવા માટે પ્રયત્ન કરનાર રાક્ષસોને હરાવીને પાછા હાંકી કાઢવા માટે હર-ક્ષણે સાવધાન અને તૈયાર રહેવું તે ડહાપણ-ભરેલું છે. તેમણે પોતાના ભાઈને પણ સાવધાન રહેવા જણાવ્યું. તેમણે ચારેય દિશાઓ પર ચાંપતી નજર રાખી, અને જોખમના આગમનને સૂચવતા, નાનામાં નાના અવાજ પર તેમણે ધ્યાન રાખવા માંડ્યું. તેમની હિંમતને અને ઉત્કટતાને જાણતા એવા તાપસોને ખૂબ આનંદ અને આશ્ચર્ય થયાં, કારણ કે-તે બંને જણની ઉંમર સુકોમળ હતી અને તેમની ચામડીનો રંગ સુંદર હતો; બાળોચિત રમત-ગમતોની અવસ્થાને તેમની ઉંમર ભાગ્યે જ વટાવી ગઇ હતી.

પાંચ દિવસો અને રાત્રિઓ સુધી બંન્ને ભાઈઓએ યજ્ઞ વિધિ પર તથા આશ્રમ પર એક ક્ષણનો પણ આરામ લીધા સિવાય કે એક ક્ષણ માટે પણ તે દૈનિક કાર્યક્રમથી થયો? વિશ્વામિત્રનું ધ્યાન યજ્ઞ-વિધિની ઝીણામાં ઝીણી વિગત પર પરોવાયેલું હતું. ઋત્વિજો મંત્ર જાણી રહ્યા હતા. આહુતિઓ આપી રહ્યાં હતા અને યજ્ઞ પર દેખ-રેખ રાખી રહ્યા હતા.

ઓચિંતી તેમણે ગર્જના સાંભળી. તેથી એમ લાગતું કે જાણે આકાશ તૂટી પડશે. તે ગર્જનાથી તેઓ આશ્ચર્ય-ચકિત થઈ ગયા. યજ્ઞની વેદિ પર દર્ભ ઘાસ પર, રકાબીઓ અને પ્યાલાઓ પર, યજ્ઞના પવિત્ર પાત્રો પર, સમિધો પર, પુષ્પો, કંકુ પર અને દેવોની પૂજા કરવા માટે એકત્રિત કરેલાં શુભ દ્રવ્યો પર-સર્વત્ર અગ્નિ પ્રગટ થયો. બધી બાજુએ તેની જ્વાલાઓ ફેલાવા લાગી.

થોડા જ સમયમાં આકાશ કાળા ભીષણ વાદળો વડે છવાઈ ગયું, અને પ્રકાશમય દિવસનું પરિવર્તન ગાઢ અંધારી રાત્રિમાં થઈ ગયું. જ્યાં યજ્ઞ થઈ રહ્યો હતો ત્યાં ઝડપભેર રહસ્યમય દુર્ગંધો આવવા લાગી. વાદળોમાંથી લોહીની વૃષ્ટિ થવા લાગી; જવાલાઓ લોહીનાં બિંદુઓને સ્વાગત-પૂર્વક ગળી જવા લાગી. તે ક્રૂરતા અને વિહારના દ્રશ્યની મધ્યમાં રામ અને લક્ષ્મણ રાક્ષસોને શોધવા લાગ્યા. પોતાની દિવ્ય દ્રષ્ટિ વડે રામે જોઈ લીધું કે મુખ્ય રાક્ષસ-નેતાઓ મારીચ અને સુબાહુ ક્યાં હતા. તેમણે તે દિશામાં માનસબાણ ફેંક્યું. તે મારીચને છાતીમાં વાગ્યું; તે વધારે ગરબડ કરતો અટકી ગયો. પછી તેમણે સુબાહુના હૃદય પર અગ્નિ-અસ્ત્ર ફેંક્યું. રામને લાગ્યું કે-જો તેમના મૃત-દેહો નીચે પડશે, તો તે પવિત્ર ભૂમિ અને આશ્રમ દૂષિત થઇ જશે, એટલે તેમણે એવાં બાણો ફેંક્યાં; જેમણે તે બંને દુષ્ટ મૃત-દેહોને લઈ જઈને સમુદ્રમાં ફેંકી દીધા. મારીચ અને સુબાહુ અસહ્ય પીડાથી ચીસો પાડવા લાગ્યા અને મરણિયા બનીને તે સમુદ્રના પાણીમાં ડૂબકાં ખાવા લાગ્યા. પણ તે મરી ગયા નહિ. રાક્ષસ-સેનાના બીજા આગેવાનો પોતાનો જીવ બચાવવા માટે ક્ષિતિજની પાર ભાગી ગયા. લક્ષ્મણે કહ્યું કે- રાક્ષસ ગમે તેટલો બાયલો કે ભયભીત દેખાય, પણ કોઈ રાક્ષસને જીવતો રાખવો એ સલાહ-ભરેલું નથી, કારણ કે-તે જલ્દી પોતાનું દુષ્ટ કાર્ય કરવા માટે પાછો આવશે. એટલે તેમણે રામને સર્વ

રાક્ષસ- સેનાને સાફ કરી નાંખવાની પ્રેરણા કરી. આ વીરતાના દ્રશ્યને જોતા મુનિઓ ખુબ આનંદ પામ્યા; તેઓ મનમાં રામ-લક્ષ્મણની પ્રશંસા કરવા લાગ્યા. તેમણે માન્યું કે-ભાઈઓ સાચે જ ભયંકર વરદાન આપતા શિવની જ મૂર્તિઓ છે. માનસિક રીતે તેમણે પૂજ્યભાવ-પૂર્વક બંને ભાઈઓને નમસ્કાર કર્યા, કારણ-કે પોતે નાની ઉંમરના હોવાથી તેઓ મુનિઓના શારીરિક  પ્રણામ સ્વીકારે નહિ.

એક ક્ષણમાં તે જંગલ તેજસ્વી અને આનંદમય બની ગયું. તે બધા વિક્ષેપોમાં પણ વિશ્વામિત્રે સ્થિરતા-પૂર્વક, કોઈ પણ અવરોધ વગર, દેવોનું ધ્યાન અને વિધિપૂર્વક યજ્ઞ-મંત્રો ગાવાનું ચાલુ રાખ્યું હતું. તેમનું મન તથા શરીર જરા પણ હાલતાં-ચાલતાં ન હતાં; એવી તેમની એકાગ્રતા હતી. આભારવૃતિ સહિત, ઝીણવટ-પૂર્વક પવિત્ર અગ્નિમાં પૂર્ણાહૂતિની છેલ્લી આહુતિ આપવામાં આવી. પછી સ્મિત કરતા વિશ્વામિત્ર જ્યાં રામ અને લક્ષ્મણ ઊભા હતા ત્યાં આવ્યા અને બોલ્યા, "હે પ્રશંસા અને કીર્તિ માટે યોગ્ય કુમારો, તમે મારા વ્રતને વિજય અપાવ્યો છે. તમારા વડે હું મારા જીવનની ઈચ્છાને પૂર્ણ કરી શક્યો છું. આ આશ્રમનું નામ સાર્થક બન્યું છે, તે ખરેખર સિદ્ધિનો આશ્રમ બની ગયો છે." મુનિની આંખોમાં હર્ષનાં આંસુ ઉભરાયાં; તેમણે કુમારોને લાડ કર્યાં અને પંપાળ્યા; રામના અને લક્ષ્મણના ખભા પર હાથ મુકીને તે આશ્રમ પ્રત્યે ચાલ્યા. ત્યાં તેમણે બંને ભાઈઓને યજ્ઞના અગ્નિને આપાયેલી આહુતિનો પ્રસાદ આપ્યો. તેમણે તેમને થોડોક આરામ કરીને તાજા બનવાનું કહ્યું.

પોતાને જે હેતુ માટે લાવવામાં આવ્યા હતા તે સિદ્ધ થયો, એટલે તેમના અંગો અને મન માટે તે જ વસ્તુ પૂરતો આરામ આપનારી બની ગઈ હતી; છતાં તેમને લાગ્યું કે-ગુરૂજીની આજ્ઞાનો ભંગ કરવો એ ઉચિત નથી; એટલે તેઓ આશ્રમમાં ગયા અને લાંબા સમય સુધી નિરાંતે ઉંઘ્યા. તેમને ખલેલ ન પહોંચે તે માટે ગુરૂ બીજી ઝુંપડીમાં ગયા. તેમણે કેટલાક લોકોને સૂચના આપી-કે તે બે ભાઈઓને ઊંઘમાં ખલેલ ન પડે તે માટે અહીં ઊભા રહી આ ઝુંપડીની રક્ષા કરજો. જ્યારે ભાઈઓ ઊંઘતા હતા, ત્યારે યજ્ઞ પૂર્ણ થયો તેથી અને રામ-લક્ષ્મણના દિવ્ય પરાક્રમથી વિશ્વામિત્ર આનંદ માણતા હતા. એટલામાં રામ અને લક્ષ્મણ જાગ્યા. મુખ, હાથ અને પગ ધોઈને તેઓ દ્વારની બહાર

આવ્યા. ત્યાં તેમણે જોયું કે-મુનિઓના કુટુંબોના કુમારો પોતાને ઊંઘમાં કોઈ ખલેલ ન પહોંચાડે છે તેટલા માટે ચોકી કરતા ઉભા હતા. તેમને કહેવામાં આવ્યું કે-ગુરૂ બીજી ઝૂંપડીમાં મુનિઓ સાથે વાતચીત કરી રહ્યા છે. એટલે રામ અને લક્ષ્મણ ત્યાં ગયા, મુનિને પગે પડ્યા. પછી તે ઉભા થયા અને બંને હાથ જોડીને બોલ્યા, "હે મહાન ગુરૂજી, જો અમારે-તમારા સેવકોને બીજું કોઈ કામ કરવાનું હોય તો કૃપા કરી અમને તે જણાવો અને અમે હર્ષ-પૂર્વક તે કામ કરીશું." એટલે સમૂહમાંના એક તાપસ ઉભા થયા અને બોલ્યા, "રાક્ષસોનો સંહાર કરી અને તેમણે કરવાનું બધું કામ સિદ્ધ કર્યું છે. હવે શું કરવાનું બાકી હોય ? વર્ષોથી ગુરૂજી જે ઇચ્છા રાખતા હતા તે પરિપૂર્ણ થઇ છે. તેના કરતાં વધારે ઉચ્ચ બીજું કોઈ કામ કરવાનું રહ્યું નથી. તમે બંને શિવ-શક્તિનાં સ્વરૂપો છો. અમારી આંખોને તેમ લાગે છે. તમે સામાન્ય માનવો નથી. અમને તમારાં દર્શન કરવાની તક મળી તે અમારૂં સદ્દભાગ્ય છે. અમે તમારો ખુબ ખુબ આભાર માનીએ છીએ." તે સાંભળીને બધા આશ્રમ-વાસીઓએ રામનો અને લક્ષ્મણનો ચરણ-સ્પર્શ કર્યો.

## અધ્યાય ૭

## સીતાની પ્રાપ્તિ

તે દરમિયાન એક જુવાન વિદ્યાર્થી પોતાના હાથમાં તાડ-પત્રો પર લખેલા લેખો નો સમૂહ લઈને ત્યાં આવ્યો. તેણે તે તાડપત્રો વિશ્વામિત્રના હાથમાં મૂક્યાં. તેમણે કેટલાક તાડ-પત્રોનાં પાનાં ફેરવ્યા, અને પછી તેમને તેમણે પાસે બેઠેલા એક પૂજ્ય વૃદ્ધ તાપસના  હાથમાં મૂક્યાં.

તેમણે વાંચ્યું કે- મિથિલાના રાજા જનકે એક મહાન ધાર્મિક યજ્ઞ કરવાનો નિર્ણય કર્યો હતો; તેમાં પોતાના શિષ્યો સાથે વિશ્વામિત્ર પધારીને તેમને આનંદ આપે તેવી વિનંતી કરી હતી. તે સાંભળીને બધા બોલી ઉઠ્યા કે- શુભં, શુભમ (તે પરિપૂર્ણ બનો.) વિશ્વામિત્રે કહ્યું કે - "પુત્ર, રાક્ષસોનો સંહાર થઈ ગયો છે. એટલે હવે આપણે નિર્ભયતા-પૂર્વક જંગલમાં મુસાફરી કરી શકીશું. એટલે આવતીકાલે જ  મેં બધા આશ્રમવાસીઓ સાથે મિથિલા જવાનો નિર્ણય કર્યો છે."

તે સાંભળીને રામ બોલ્યા, "ગુરુજી, સાચે જ આનંદ પ્રદ વસ્તુ છે. હવે તમારે અમારૂ કશું કામ નથી; એટલે જો તમે રજા આપો, તો અમે અયોધ્યા પાછા જઈએ. કૃપા કરીને અમને જવાની રજા આપો." એટલે વિશ્વામિત્ર બોલ્યા, "મેં દશરથને થોડીક વધારે વસ્તુઓનું વચન આપ્યું છે. મારે તે વચન પાળવાનું છે,  નહીં વારૂ ! મેં તેમને વચન આપ્યું છે કે - હું પોતેજ તમને તેમની પાસે પાછા લઇ આવીશ. એટલે મારા વગર તમે પાછા અયોધ્યા નહિં જઈ શકો. મિથિલાનગરીમાં અનેક અદ્વિતીય થઈ રહ્યો છે ? હું તમને અયોધ્યા પહોંચાડવા આવું, તો સમયસર હું મિથિલા યજ્ઞના પ્રારંભ-દિને પહોંચી શકું નહિ. જો તમે બંને મારી સાથે આવો, તો તમે પણ તે યજ્ઞ જોઈ શકો. ત્યાંથી આપણે બારોબાર અયોધ્યા જઈશું."

આ નિ:શંક, આનાકાની-વગરના શબ્દો સાંભળીને જરા પણ વિચાર કર્યા વગર રામે નિશ્ચયપૂર્વક ઉત્તર આપ્યો કે-ગુરૂજી, મારા પિતાની આજ્ઞા પાળી એ મારૂં મુખ્ય વ્રત છે; એટલે મારે તમને એક વિનંતી કરવાની છે. વિશ્વામિત્રે પૂછ્યું કે-બોલો,  શી વિનંતી કરવાની છે રામે જવાબ આપ્યો, "મારા પિતાએ અમને આજ્ઞા કરી હતી કે યજ્ઞમાં

દૂષિતતા વડે ભગં ન પડે તે રીતે તેની રક્ષા કરજો અને મહાન મુનિને સુખી કરજો. વિજય પ્રાપ્ત કરીને પાછા આવવાની આજ્ઞા તેમણે કરી હતી. તેમણે બીજા કોઈ યજ્ઞામાં જવાની આજ્ઞા અમને આપી ન હતી. મિથિલા જવા માટે મારે મારા પિતાની ખાસ આજ્ઞા શું ન  મંગાવાઈ જોઈએ?"

તે સાંભળીને વિશ્વામિત્ર બોલ્યા, "દશરથે માત્ર એટલું જ કહ્યું ન  હતું. ના, ના, તેમણે એવી આજ્ઞા પણ તમને આપી હતી કે-જાઓ;  મુનિની બધી આજ્ઞાઓનું  પાલન કરજો; તેમની આજ્ઞાઓને રજ-માત્ર પણ ભંગ  કરશો  નહિ. તેમણે મને કહ્યું હતું કે-ગુરુજી, મારાં બાળકો માટે બધી જવાબદારી તમારે માથે છે; તમારે પોતે જ તેમને પાછા લઈને આવવાનું છે. આપણે અયોધ્યામાંથી બહાર નીકળ્યા, ત્યારે તમે પોતે જ આ બધું સાંભળ્યું હતું. એટલે હવે મારા કહ્યા પ્રમાણે કરો. મારી સાથે મિથિલા ચાલો. ત્યાંથી તમે, હું, અને મારા બધા શિષ્યો જઈશું." રામને તે યોજનામાં રહેલા સત્યનો ખ્યાલ આવી ગયો. તેમણે સંમતિ આપી કે-અમે તમારી ઈચ્છા મુજબ કરીશું.

એવી સૂચના કરવામાં આવી કે-મિથિલા  જવા માટે દરેક જણે પ્રભાત સમય પહેલાં તૈયાર થઈ જવાનું છે. વિશ્વામિત્ર વહેલા ઉઠયા અને કુમારોને સ્નાન માટે નદીએ લઈ ગયા. તેમને એમ કહેવાની તક મળી કે-"ભૂતકાળમાં હું જ્યારે જ્યારે યજ્ઞ કરવાનો પ્રયત્ન કરતો, હતો ત્યારે ત્યારે રાક્ષસો તેમાં વિઘ્નો નાંખતા હતા. અમે તે વિઘ્નો દૂર કરવા માટે ખૂબ પ્રયત્નો કર્યા હતા, પણ તે બધા નિષ્ફળ નીવડ્યા હતા. રાક્ષસોનો સંહાર કરવા બદલ હું તમારો આભાર માનું છું, કારણકે હવે આશ્રમમાં તથા આસપાસના પ્રદેશમાં સલામતી સ્થપાઇ છે. હવે લોકો ભય-મુક્ત, શાંતિપૂર્ણ અને આનંદિત બની ગયા છે.

તે જગ્યા શાંત, આશ્વાસન-પ્રદ હતી. મૃદુ રેતી પર બેસીને વિશ્વામિત્ર બે ભાઈઓને જનક રાજા જે યજ્ઞ કરવા ઇચ્છતા હતા તેનાં ખાસ લક્ષણો અને અર્થવતા વર્ણવી બતાવતા હતા.

તે વર્ણનમાં તેમણે જનક પાસેના એક મૂલ્યવાન ધનુષનો ઉલ્લેખ કર્યો. તે ધનુષમાં અદ્વિતીય શક્તિ હતી, તે ખૂબ તેજ વડે પ્રકાશતું હતું રામ-લક્ષ્મણે અને તે

જોવાનું ન ચૂકવું જોઇએ-તેમ વિશ્વામિત્રે કહ્યું. તે સાંભળીને રામે પૂછ્યું કે-તે ધનુષ જનક પાસે કેવી રીતે આવ્યું? વિશ્વામિત્રે જવાબ આપ્યો, "હે પુત્ર સાંભળ. ખૂબ વર્ષો પહેલાં મિથિલાના રાજા દેવરથે એક યજ્ઞ કર્યો હતો કે જેને કરવાની કોઈ મર્ત્ય માનવી હિંમત ન કરી શકે; તે યજ્ઞ વિશાળ આધ્યાત્મિક લાભો આપનારો હતો. તેથી દેવો એટલા બધા પ્રસન્ન થઈ ગયા કે તેમણે તે રાજાને આ દિવ્ય ધનુષ પોતાની પ્રસન્નતા ના ચિહ્ન તરીકે આપ્યું હતું.

તે શિવનું ધનુષ છે. જનક રોજ વિધિપૂર્વક તેની પૂજા કરે છે. તે તેના પર પુષ્પો ચડાવે છે, ચંદનનો લેપ કરે છે, અને કપૂર તથા ધુપ વડે તેની આરતી ઉતારે છે. તે ખૂબ પૂજ્યભાવ-પૂર્વક તે ધનુષ આગળ ભોજનનું અને ફળોનું નૈવેદ્ય ધરાવે છે. તે ધનુષમાં એવી તો ભરપૂર દિવ્યતા છે કે કોઈ પણ તેને ઉંચકી શકતું નથી અને પણછ ખેંચી શકતું નથી. પછી ભલે તે દેવ હોય, રાક્ષસો હોય, ભૂત-પિશાચ હોય કે દેવદૂત હોય. ઘણા રાજાઓએ તેની પણછ ખેંચવાનો પ્રયાસ કર્યો છે, પણ તે બધા નિષ્ફળ ગયા છે. હે રામ, તમે બંને યોગ્ય વીરો છો, તમારે તે ધનુષની પરીક્ષા કરવી જોઈએ. આ થનાર યજ્ઞમાં ઘણું કરીને તે ધનુષ પ્રદર્શનમાં મૂકવામાં આવશે; એટલે જરૂર આ એક સરસ તક છે." વિશ્વામિત્રે તે ધનુષની અદભૂત શક્તિનું વર્ણન કરવાનું ચાલુ રાખ્યું. લક્ષ્મણે મિથિલાની દિશા શોધવા માટે હોય તેમ, પોતાની દ્રષ્ટિ તે તરફ ફેરવી. તે દરમિયાન  રામ આનંદ-પૂર્વક બોલ્યા કે ચોક્કસ અમારે તે ધનુષ જોવું જોઈએ; અમે કાલે તમારી સાથે આવીશું. તે સાંભળીને વિશ્વામિત્ર ખૂબ રાજી થયા.

અંધારું થયું, અને દરેક જણ ઉઠીને સિદ્ધાશ્રમમાં ગયો. વિશ્વામિત્રે આશ્રમના બધા નિવાસીઓને  બોલાવ્યા અને કહ્યું કે-પ્રભાત થાય કે તરત જ તમારે મિથિલા તરફ પ્રયાણ કરવા માટે તૈયાર બની જવું. કેટલાક નિવાસીઓએ મુનિને પૂછ્યું-કે જો આશ્રમમાં કોઇ નહીં રહે, તો આશ્ર-મના રોજિંદાં કામ કેવી રીતે ચાલશે? મુનિએ જવાબ આપ્યો કે- "દરેક જણે જ્યાં હોય ત્યાં પોતે પોતાનું કામ કરી લેવાનું છે; તે જ આશ્રમના દૈનિક કાર્યક્રમ ની યોગ્ય છે આશ્રમવાસીઓ થી ભિન્ન કોઈ આશ્રમ નો કાર્યક્રમ નથી. આશ્રમ આશ્રય યોજના લોકો વડે બનેલો હોય છે  આશ્રમવાસીઓએ વગર આશ્રમ બનતો જ

નથી. જ્યારે આશ્રિત લોકો મારી સાથે છે, તો પછી તમે આશ્રમની અને તથા દૈનિક કાર્યક્રમ ની ચિંતા શા માટે કરો છો? શિષ્યોની જ દરકાર રાખવાની હોય છે તેમણે જ શિસ્તનું પાલન કરવાનું હોય છે વળી હવે આ સ્થાનમાં રાક્ષસોનો રહ્યો નથી; એટલે આશ્રમને કોઈ હાનિ થવાનો સંભવ જ નથી. સુષ્ટિકર્તા આપણા આશ્રમ રૂપ છે જ્યારે આપણે તેમના પર આધાર રાખીએ છીએ, ત્યારે તે આપણા બધાનું રક્ષણ પાલન-પોષણ કરશે જ." આવી અપરિચિત રીતે બોલતા વિશ્વામિત્ર ચાલુ રાખ્યું કે "તમે તમારી સાથે તમારી દૈનિક પૂજા માટે જરૂરી વસ્તુઓ અને આશ્રમના બધા વાસણો અને સાધનો લઈ અહીં કશી પણ ચીજ રાખવાની જરૂર નથી.

કેટલાક નવા શિષ્યોએ પૂછ્યું, "આપણે કેટલા સમય બાદ આશ્રમમાં પાછા આવીશું જો તે તમે અમને કહો તો અમે તેટલા સમય માટે જરૂરી વસ્તુઓ અમારી સાથે લઈ લઇશ જરૂરી ચીજો કરતાં વધારે વસ્તુઓનો ભાર શા માટે ઉપાડી જવો?"

વિશ્વામિત્ર જવાબ આપ્યો, "કાલે તેનો એક સેવક નથી દેહ કાલનું સેવક છે. એટલે ક્યારે પાછા આવીશું એ કદી નિશ્ચિત-રૂપે ન કહી શકાય, મને શંકા છે કે-ફરી હું અહીં આવીશ કે નહીં." તે સાંભળીને બધા આશ્રમ-વાસીઓના હૃદયને આઘાત પહોંચ્યો. તેમના હાથમાં રહેલાં વસ્ત્રો, વાસણો, અને સાધનો તેમના હાથમાંથી નીચે જમીન પર પડી ગયા. તેમને કોઈ જવાબ આપવાનો સૂઝ્યો નહિ. તેઓ વિરોધ પણ કરી શક્યા નહીં અને ગુરૂને કશું પૂછવાની હિંમત પણ કરી શક્યા નહીં; એટલે તેમણે કુશ-ઘાસનુ, સમિધોનુ યજ્ઞ-પાત્રોનું, અને ચમચાઓનુ પોતે ઉંચકી શકે તેટલું પોટલું બાંધી લીધું. વિશ્વા-મિત્રના શબ્દોનો અર્થ એક રહસ્ય હતું, દરેક જાણે તે શબ્દોનો પોત-પોતાનો અર્થ ઘટાવ્યો.

રાત્રિ પસાર થઈ ગઈ. પ્રભાત થયું. દરેક જણ તૈયાર હતું. જ્યારે દ્વારોને બંધ કરીને સાંકળો મારવામાં આવી, ત્યારે વિશ્વામિત્ર બોલ્યા, દ્વારોને સાંકળ મારવાની કશી જરૂર નથી. તેમને ખુલ્લા રાખો. આ આશ્રમ આપણો નથી. જે કોઈ આવે તે તેમાં પ્રવેશ કરી શકે છે. આજે આ આશ્રમે ગમે તે આવનાર અતિથિ સ્વાગત કરવું જોઈએ, આજે આ આશ્રમની અને આપણી વચ્ચેની શૃંખલા તૂટી ગઈ છે. આ પવિત્ર સ્થાનના હે આશ્રય-

દાતા, દેવો, હવે પછી તમે અહીં સુખપૂર્વક રહો મેં મારા પ્રયાસમાં સફળતા પ્રાપ્ત કરી છે. તેના બદલામાં મારું આભાર દર્શન સ્વીકારો. હવે  તેમને રાક્ષસ-સેના પજવવાની નથી. હવે તમે શાંતિપૂર્વક, અનેક સંતાનો સાથે સમૃદ્ધ અને સુખમય જીવન ગાળો. હું સિદ્ધાશ્રમનો ત્યાગ કરું છું. હવે મેં ગંગા-નદીની પેલે પાર, ઉત્તરમાં હિમાલય-પ્રદેશમાં રહેવાનો નિર્ધાર કર્યો છે." તે વન-દેવતાઓ પ્રત્યે પૂજ્ય-ભાવ વ્યક્ત કરતા વિશ્વામિત્રે ભૂમિ પર દંડવત પ્રણામ કર્યા.

પછી તે રામ, લક્ષ્મણ, અને આશ્રમના મોટી ઉંમરના મુનિઓ સાથે યાત્રાએ નીકળી પડ્યા. આશ્રમવાસીઓને ખ્યાલ આવે કે-જ્યાં વિશ્વામિત્ર છે ત્યાં અમારૂં સ્થાન નથી. તેમને લાગ્યું કે-હિમાલયનો પ્રદેશ અમારે માટે આટલો જ ઇષ્ટ છે. એટલે તેમણે પણ વન-દેવતા-ઓનો પૂજયભાવ-પૂર્વક આભાર માન્યો. ઘાસની  ઝુંપડીઓનો પણ આભાર માન્યો, અને મુનિની પાછળ ચાલી નીકળ્યા.

જ્યારે તેઓ આમ ઉત્તર દિશામાં જઈ રહ્યા હતા, ત્યારે તેમણે જોયું કે-તેમની પાછળ-પાછળ હજારો હરિણો, મયૂરો જંગલના પશુ-પંખીઓ ત્વરા-પૂર્વક પોતાની પૂંછડી ઊંચી કરીને, આવતા હતા. વિશ્વામિત્ર ઉભા રહ્યા. તેમના પ્રત્યે ફરીને તે બોલ્યા, "હે જંગલના નિવાસીઓ, હું જ્યાં જઈ રહ્યો છું તે સ્થાન તમારા માટે અનુકૂલ નથી, તમારી સલામતી માટે અનુકૂલ નથી. આ વન તમારૂં સ્વાભાવિક નિવાસ-સ્થાન છે. અમારા વિયોગથી તમે દુઃખી ન થશો. અમારી પાછળ-પાછળ ન આવવો. અહીં જ રહો. ભગવાન તમને શાંતિ અને આનંદ આપશે." પોતાની યાત્રા શરૂ કરતા પહેલાં, તેમણે તેમની પણ રજા લીધી.

આખા દિવસની મુસાફરી કરીને તે  શોણ-નદીના તટ પર આવી પહોંચ્યા. તેમને તે રાત્રિ ત્યાં જ ગાળવી પડી. નદીમાં સ્નાન કરીને તેમણે સાયં-સંધ્યા કરી. પછી બધા ગુરૂની વાતો સાંભળવા માટે તેની આસપાસ એકઠા થયા.  રામે પૂછ્યું કે-હે પૂજ્ય ગુરૂજી, પ્રદેશ સમૃદ્ધ લાગે છે; તેનું નામ અને તેનો ઈતિહાસ પણ કહો; મને તે જાણવાની ઈચ્છા છે. વિશ્વામિત્રે જવાબ આપ્યો, "હે રામ, બ્રહ્માને એક માનસ-પુત્ર હતો તેનું નામ કુશ હતું. તે એક મહાન તપસ્વી હતો, તે કઠોર વ્રત વ્રતો પાળતો. તે આધ્યાત્મિક સાધનામાં વીર

હતો. તે નીતિશાસ્ત્રમાં નિષ્ણાત હતો. તેણે ઉદાત વિદર્ભ-રાજની પુત્રી સાથે લગ્ન કર્યું હતું. તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-રૂપી જીવનના ચાર પુરુષાર્થો સિદ્ધ કરવામાં જીવન ગાળતો હતો. તેમને ચાર પુત્રો થયા-કુશાંબ કુશનાભ અધૂર્તરાજક, અને વસુ.  દરેક પિતા જેટલો સદગુણી, ખૂબ ધાર્મિક પ્રામાણિક અને ક્ષત્રિય ગુણોથી સંપન્ન હતો.

કુશે જગતને ચાર વિભાગોમાં વહેંચી દીધું અને દરેક પુત્રને એક-એક વિભાગ સોંપ્યો. કુશે કહ્યું કે-હે પુત્રો, તમને સોંપેલા વિભાગ પર શાસન કરો અને સમૃદ્ધિશાળી બનો. પછી તે ચારે જણ પોત-પોતાની ફરજ બજાવવા લાગ્યા પિતાની આજ્ઞાનું પાલન કરવા લાગ્યા. દરેક જણે પોત-પોતાના રાજ્યની રાજધાનીનું નિર્માણ કરવાની શરૂઆત કરી. કુશાંબે કૌશાંબી વસાવી, કુશનાભે મહોદયાનું નિર્માણ કર્યું. અધૂર્તરાજકે ધર્મારણ્યનું નિર્માણ કર્યું. અને વસુએ ગિરીવ્રજનું નિર્માણ કર્યું. હે રામ, આ વિસ્તાર વસુના પ્રદેશનો એક ભાગ છે. આપણી આજુબાજુ પાંચ ટેકરીઓ છે. તેથી આ નગરીનું નામ ગિરીવ્રજ છે (ટેકરીઓને : સમૂહ) આ શુભ શોણ-નદીનું બીજું નામ સુમાંગવી છે. એટલે આ પ્રદેશને મગધ કહેવામાં આવે છે. અહીં સુમાગધી નદી પર્વતોની ખીણોમાં મૂકાયેલી મોગરાની માળા પેઠે, પૂર્વમાંથી પશ્ચિમ તરફ વહે છે. વસુની ભવ્યતાએ બે નદીના બંને  તટો પર આવેલા પ્રદેશને હંમેશા લીલોછમ અને ખૂબ પાક વાળો બનાવ્યો છે.

બીજો પુત્ર કુશનાભ ખૂબ ધર્મમાં સુસ્થાપિત હતો. તે ધર્મનો આધાર-સ્તંભ હતો. તેને ઘણી પુત્રીઓ હતી, પણ એકકેય પુત્ર ન હતો. તેણે પુત્રીઓને ધર્મશાસ્ત્રો અનુસાર સદાચાર શીખવાડ્યો હતો, તે ભાર-પૂર્વક કહેતા કે-ક્ષમા એ સમયે સૌથી મહાન દેણ છે; તે સૌથી વધારે ફળ આપનાર યજ્ઞ છે, પ્રમાણિક બનવાનો સૌથી વધારે કલ્યાણકારી માર્ગ છે, સર્વ ધર્મ્ય વિચારોનું અને કાર્યોનું મૂળ છે. પુત્રીઓ માતાને ધાવતી હતી ત્યારથી કુશનાભે તેમને આ બોધપાઠ શીખવાડ્યો હતો પાછળથી તે બધી પુત્રીઓ તે તેણે કાંપિલ્ય નગરીના રાજા બ્રહ્મદત્ત સાથે પરણાવી હતી જ્યારે તે બધી કાંપિલ્ય-નગરીમાં ગઈ ત્યારે કુશનાભનું ઘર શૂન્ય, વેરાન બની ગયું.

તે ખેદ કરવા લાગ્યો કે-"ખેદની વાત છે કે-મારૂં આ ઘર પહેલાં મશ્કરી અને હાસ્ય વડે તેજોમય  રીતે ગુંજાયમાન રહેતું હતું તે ઘર આજે અંધકારમય અને મૂંગું બની

ગયું છે, નીરસ અને શોકમય બની ગયું છે. માણસને ગમે તેટલી પુત્રીઓ હોય પણ એક દિવસ તો પરણ્યા પછી સાસરે જવાની અને પરિણામે પિતાનું ઘર નિરસ અને શુષ્ક બની જવાનુ. જો મારે એક પુત્ર હોત, તો હું આટલો બધો દુઃખી ન બનત." આમ તે પુત્ર માટે ઝંખવા લાગ્યો.

તે સમયે તેના પિતા કુશ તેને મળવા આવ્યા. તેમણે કુશનાભને પૂછ્યું કે- તું દિલગિર અને ચિંતાયુકત કેમ દેખાય છે? પુત્રે પોતાના પિતા સમક્ષ પોતાના મનની ઇચ્છા અને ચિંતા કહી બતાવી. તે ખાસ કારણથી ખૂબ દિલગિર બની જવા બદલ કુશે પુત્રને ઠપકો આપ્યો. તેમણે કુશનાભને આશીર્વાદ આપ્યા કે જા, તને થોડા જ સમયમાં પુત્ર થશે. તે આશીર્વાદ ફળ્યો જન્મેલા પુત્રનું નામ ગાધિ પાડવામાં આવ્યું, તે મોટો થયો ત્યારે તે એક ખૂબ ભક્તિશાળી, સદગુણી રાજ-કુમાર બન્યો. તે કુશના વંશમાં જન્મેલા હતો, એટલે તે કૌશિક-નામે જાણીતો થયો.

થોડા સમય પછી તેની બહેનોના પતિઓ મરી ગયા; ધાર્મિક પત્નીઓ તરીકે તે તેમની સાથે સતી થઈ અને તેમણે સ્વર્ગ મેળવ્યું. તેઓ હિમાલય પર પવિત્ર નદીઓ તરીકે જન્મી, જે એકઠી મળીને 'કૌશિકી' નામથી વિખ્યાત બની. કૌશિકને પોતાની જયેષ્ઠ બહેન સત્ય-વતિ પ્રત્યે ખૂબ જ આસક્તિ હતી. એટલે તેણે નદીના તટ પર નિવાસ કર્યો, સિદ્ધાશ્રમમાં તે રહ્યો, અને પોતે નિશ્ચય કરેલા યજ્ઞને તેણે વિધિપૂર્વક ઉજવ્યો.

હે રામ, તમારી અમેય વીરતાને લીધે મેં જે યજ્ઞ માટે નિર્ધાર કર્યો હતો તે સફળતાપૂર્વક પણ પૂર્ણ થયો છે; તેણે ફળ આપ્યું છે; મારા કઠોર વ્રતો પૂર્ણ થયાં છે."

તે સાંભળીને એકત્રિત થયેલા તાપસો બોલી ઊઠ્યા, કેવું આશ્ચર્ય-કારક! અમે પણ સાચે જ ભાગ્યશાળી છીએ કે અમને અમારા ગુરૂના પૂર્વજોની કથા સાંભળવા મળે છે. આ કથા કેટલી બધી આનંદ-પ્રદ છે! કુશ-વંશ ખરે-ખર પવિત્ર છે. તેમાં જન્મેલા બધા રાજાઓ બ્રહ્મા જેટલા પવિત્ર છે. અમે કેટલા બધા નસીબદાર છીએ કે અમને તે વંશના પ્રતિનિધિ, મુનિ વિશ્વામિત્રની સેવા કરવાની તક મળી છે! ઘણા પૂર્વ-જન્મોમાં કરેલા પુણ્યનું તે ફળ છે."

વિશ્વામિત્રે તેમને વચ્ચે અટકાવીને કહ્યું, "આ બધું વર્ણન મેં ન કર્યું હોત; પણ હે રામ, તમારા પ્રશ્નને મને તે બોલવા પ્રેર્યો; નહીં તો હું કદી આ શરીર બાબત અને તેના પૂર્વજો બાબત કદી વીગતો આપતો નથી. હવે રાત પડી ગઈ છે, ચાલો આપણે આરામ કરીએ, ઊંઘવામાં વિલંબ કરીશું, તો આવતીકાલે આપણી મુસાફરી ઝડપી નહિં બને. રામ, જુઓ તમારા દર્શન કરવા માટે ચંદ્ર પેલા વૃક્ષની શાખાઓમાંથી ડોકિયાં કરી રહ્યો છે. તે સૂર્યના કિરણો  તપી ગયેલી પૃથ્વીને ઠંડી પાડવા માટે પોતાના કિરણો મોકલી રહ્યો છે." તે રાત બધા એ મુનિના પૂર્વજોની કથાઓ પર વિચારમાં ગાળી.

સવારે તેઓ વહેલા ઊઠી ગયા.તેમણે પ્રાતઃ સ્નાન કરી લીધું પ્રાતઃ સંધ્યા પતાવીને તેઓ મુસાફરી માટે તૈયાર થઈ ગયા. વિશ્વામિત્ર પાસે આવીને તેઓ તેમને પગે પડ્યા. પછી તેઓ એક પછી બીજો એમ, એક બાજુએ ઊભા રહ્યા અને ગુરૂની આજ્ઞાની રાહ જોવા લાગ્યા. રામ બોલ્યા, "ગુરુજી આ સ્થાને શોણ-નદી ઊંડી નથી. જલ સ્વસ્થ છે; આપણે તેમાં ચાલીને પાર કરીશું શકીશું. નૌકાની કશી જરૂર નથી." વિશ્વામિત્રે જવાબ આપ્યો," હે પુત્ર, આ જગ્યા તમારી અજાણી છે. એટલે નદીમાં ક્યાં ચાલવું તે તમે ચોકસાઇ-પૂર્વક જાણતા નથી. હું પહેલો ચાલીશ. તમે મારી પાછળ-પાછળ આવો." મુનિએ નદીમાં ચાલવા માંડયું દરેક જણે પોતાની ગાંસડી ગભરાવી દીધી હતી ? ગતિ ધીમી હતી. જ્યારે તેઓ જાહનવી-નદીએ પહોંચ્યા, ત્યારે બપોરે થઈ ગયું હતું.

નદી વિશે તેમને જે પ્રથમ સૂચનો મળ્યા તે મધુર હતા હંસો પોપટો અને બીજા પંખીઓ તટ પર કુહૂ ધ્વનિ કરી રહ્યાં હતા. તે દશ્યના મનોહર સૌંદર્યથી દરેક જણનું હૃદય આનંદથી ઉભરાઇ ગયુ. તેમણે વિશુદ્ધ, સ્વચ્છ પ્રવાહના જલમાં સ્નાન કર્યું. તે નદીની પવિત્ર કથાને તેઓ જાણતા હતા; એટલે તેમણે મરી ગયેલા પૂર્વજોને અને દેવોને અંજલિ આપી. તેમણે તટ પર પવિત્ર અગ્નિને પ્રજ્વલિત કર્યો અને શાસ્ત્રવિધિ અનુસાર યજ્ઞવિધિ કર્યો. પછી તેમણે વૃક્ષો પરથી ખાવા યોગ્ય ફળોને ચૂંટ્યાં અને તે ખાઈને તેમણે પોતાની ક્ષુધાને શાંતિ કરી. પોતાની તૃષા છિપાવવા માટે તેમણે જાહ્નવીનું અમૃત-જલ પીધું.

રામ અને લક્ષ્મણ જે વૃક્ષની છાયામાં વિશ્વામિત્ર આડા પડ્યા તે તરફ ગયા અને પૂજ્ય ભાવપૂર્વક તેમની પાસે બેઠા. રામે તેમને પૂછ્યું કે-"ગુરૂજી, ગંગા ત્રણ સ્વરૂપોમાં ત્રિભુવનમાં વહે છે-એમ શા માટે કહેવાય છે ગંગા કેવી રીતે જગતની બધી નદીઓના અને પ્રવાહોના લક્ષ્યરૂપ સમુદ્રને પહોંચે છે? કૃપા કરીને તે મને કહોઅને મને રાજી કરો. "વિશ્વામિત્ર બોલ્યા," હે પુત્ર, હિમાલયની પર્વતમાળા સમગ્ર જગતનો પાયો છે. તે બધાં પશુઓનું અને ઔષધિઓનું ઘર છે. તેની બે પુત્રીઓ છે, ગંગા અને ઉમા. ગંગા તે બેમાં મોટી છે. સમગ્ર જગત તે બંનેને પૂજે છે. દેવોએ કહ્યું કે-ગંગા અમને આપો, જેથી અમને સમૃદ્ધિ પ્રાપ્ત થાય. એટલે દેવોના આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે અને ત્રિભુવનને લાભ પહોંચાડવા માટે હિમાલયે (હિમાલયની અધિષ્ઠાત્રી દેવતાએ) ગંગા દેવોને આપી.

નાની પુત્રી ઉમાએ કઠોર તપાસ્યાનું જીવન સ્વીકાર્યું. જગતની સર્વ વસ્તુઓ પ્રત્યે અનાસક્ત બનીને તે કઠોર આધ્યાત્મિક સાધનાઓમાં વિલીન બની ગયા, એટલે હિમાલયે તેમનું લગ્ન કરવાનો  પ્રયત્ન કર્યો. ખૂબ પ્રયત્ન કરવા છતાં, લાંબા સમય સુધી તેમને સફળતા ન મળી. છેવટે તેમણે ઇન્દ્રને તેમની સાથે લગ્ન કરવા સમજાવ્યા આમ ઉમાને પણ ત્રિભુવનની પૂજાનો અધિકાર પ્રાપ્ત થયો.

તમે જે ગંગાને અહીં જુઓ છો તે દેવો જેમને લઈ ગયા હતા તે ગંગા છે. તે પૃથ્વી પર આવ્યા છે. તેમના ત્રણ પગલાં છે-એક સ્વર્ગમાં, બીજું પૃથ્વી પર, અને ત્રીજું પાતાળમાં."

તે સાંજે ગંગામાં સ્નાન કરીને તથા સાયં-સંધ્યા કરીને તે રેતી પર બેઠા હતા. રામે તેમને યાદ કરાવ્યું કે-ગંગાના પાવન પ્રવાહનો ઉદગમ જાણવાથી અમને આનંદ થશે, જવાબમાં વિશ્વામિત્રે કહ્યું,  "રામચંદ્ર, ગંગા પૃથ્વી પર આવ્યા તે માટે તમારા પૂર્વજો જવાબદાર છે. તેમના સત્કાર્યોના પરિણામે પૃથ્વીના લોકો ગંગાના પવિત્ર જલમાં સ્નાન કરીને પવિત્ર બને છે. તેમાં પ્રાતઃ સંધ્યા અને સાયં:સંધ્યા કરે છે. ગંગા એ દિવ્ય વિશુદ્ધનો શ્રેષ્ઠ પ્રવાહ છે. તેના અમૃત-જલઅમરતા બક્ષી શકે છે. તે શિવના મસ્તક પર જટામાં રહેતા હતા. તેથી તે સૌથી વધારે શુભ છે. તે બધી કલ્યાણકારી વસ્તુઓ આપે છે, "ગંગા-નદીની પ્રશંસાના આવા શબ્દો સાંભળીને રામચંદ્ર પૂછ્યું," "મારા પૂર્વજો શક્તિના

અને વિશુદ્ધના આવા અદભૂત ગુણોવાળી નદીને પૃથ્વી પર કેવી રીતે લાવી શકાય? જો તમે અમને તે કથા કહી સંભળાવશો તો અમને ખૂબ આનંદ થશે."

તે વિનમ્ર વિનંતીને સાંભળીને વિશ્વામિત્ર બોલ્યા" રામ, સાંભળો. પ્રાચીન સમયમાં આયોધ્યામાં સગર રાજા રાજ્ય કરતા હતા તે ધાર્મિક અને વીર રાજા હતા.તેમના હૃદયના અને મસ્તિકના ગુણોથી આકર્ષિત થયેલા, વિદર્ભના રાજાએ પોતાની વહાલી પુત્રી કેશિનીને તેમની સાથે પરણાવી. તે પણ ખૂબ ધાર્મિક હતી. તે સત્યના માર્ગમાંથી કદી ચ્યુત થતી નહીં.

પણ ઘણા વર્ષો વીતી જવા છતાં તેમને કોઈ સંતાન ન થયું, સગરે કેશિનીની સંમતીથી અરિષ્ટનેમિની સુંદર પુત્રી સુમતિ સાથે બીજું લગ્ન કર્યું. તેને પણ કોઈ સંતાન થયું નહિ. એટલે રાજાએ પોતાના જીવનનો શેષ-ભાગ તપમાં ગાળવાનો નિર્ણય કર્યો. તેઓ ભૃગુમુનિના આશ્રમની નજીક થઈને વહેતી નદીના તટ પર ગયા. પોતાની બંને પત્નીઓ સાથે તેમણે ત્યાં કઠોર તપ કરવા માંડ્યું.

આમ ઘણો સમય વીતી ગયો. એક દિવસ સવારના પહોરમાં સત્યના બળવાન પાલક, ભૃગુઋષિ સગરની સામે પ્રગટ થયા અને બોલ્યા, "હે રાજા, આ તપ વડે દેહને કુશ કરવાનું છોડી દો. તેમને આ જગતમાં અદ્વિતીય કીર્તિ પ્રાપ્ત થશે. થોડાજ સમયમાં પુત્ર-જન્મથી તમે આનંદિત બનશો. તે કરુણામય અને કૃપાલય શબ્દો પર પડ્યા કે તરત જ સગરે પોતાની આંખો ઉઘાડી. તેમણે ભૃગુઋષિને પોતાની સામે ઉભેલા જોયા. તરત જ તે તેમને પગે પડ્યા. તેમણે પોતાની બંને પત્નીઓને પણ તેમ કરવા નિશાની કરી. એવી પ્રાર્થના કરી કે તેમને સીધા આશીર્વાદ આપે.

મોટી રાણી કેશિની પોતાના મસ્તકને નમાવીને પ્રણામ કર્યા, પ્રશંસાનાં સૂકતો ભણીને તે તેમને પગે પડી. ભૃગુએ તેમને પૂછ્યું, "માતા, વંશના તંતુ ને ચાલુ રાખવા માટે તમારે એક જ પુત્ર જોઈએ છે કે અનેક ખૂબ વીરતાવાળા, વિશાલ કીર્તિવાલા, પુત્રો જોઈએ છે? તેમણે જવાબ આપ્યો કે-એક જ પુત્રથી મને સંતોષ થશે. ભૃગુએ તેમની વિનંતિને માન્ય રાખી અને તેમને આશીર્વાદ આપ્યો.

જ્યારે બીજી રાણી સુમતિએ ભૃગુને દંડવત પ્રણામ કર્યા ત્યારે તેમણે રાણીને પણ તે જ પ્રશ્ન પૂછ્યો. તેણે અનેક, બળવાન, હિંમતવાન વિખ્યાત પુત્રો માગ્યા. એટલે ઋષિએ તેમની ઇચ્છા અનુસાર આશીર્વાદ આપ્યા.

ઋષિના આશીર્વાદથી આનંદ પામેલા સગર પોતાની પત્ની સાથે રાજધાનીમાં પાછા આવ્યા. તેમણે પોતાનું ચિત્ર પ્રાપ્ત કરેલાં વરદાનો પર એકાગ્ર કર્યું અને તે પોતાના સમયને સુખ પૂર્વક પસાર કરવા લાગ્યા. થોડાક મહિનાઓમાં બંને રાણીઓને ગર્ભ રહ્યો, તેઓ સુખપ્રદ ઘટનાની રાહ જોવા લાગી. જ્યારે નવ માસ પસાર થઈ ગયા, ત્યારે કેશિનીએ એક પુત્રને સુમતિએ ઘણા પુત્રોને જન્મ આપ્યો.

જેમ જેમ દિવસો વીતતા ચાલ્યા, તેમ તેમ પુત્રો કૂદવા લાગ્યા, અને પોતાની ઉંમરના બાળકો સાથે ઉત્સાહ-પૂર્વક રમવા લાગ્યા, રમવા માટે સાથીદારોની શોધમાં રાજમહેલની બહાર જવા લાગ્યા. કેશિનીનો પુત્ર અસમંજસ તે બાળકોને સરયૂ-નદીની રેતી પર લઈ જતો, તેને તે બાળકોને નદીમાં ફેંકી દેવામાં ખુબ મજા પડતી. બાળકોને ડૂબી ગયેલાં જોઇને તે આનંદ-પૂર્વક પેટ ભરીને હસતો. થોડા જ સમયમાં તેને રાજ્યના એક સૌથી વધારે દુષ્ટ ગુનેગાર તરીકે અપયશ મળવા લાગ્યો.

જ્યારે તે પુત્રો ૨૦-૨૨ વર્ષના થયા, ત્યારે સગરે તે દરેકને માટે યોગ્ય કન્યા શોધી કાઢી અને તે બધાંનાં લગ્ન કર્યા. પણ અસમંજસે પોતાની દુષ્ટતા ચાલુ રાખી. તેની સુધારી ન શકાય તેવી દુષ્ટતાને પરિણામે અયોધ્યા-વાસીઓને હૃદય ચીરી નાંખે એવું દુઃખ થતું એક દિવસ તે બધા સગર પાસે આવ્યા, અને મોટેથી વિલાપ કરીને તેમણે સગર આગળ તેમના સૌથી મોટા પુત્રનાં જુલ્મી કાર્યોની રજૂઆત કરી. એટલે સગરે આજ્ઞા કરી કે-અસમંજસે નગરીનો ત્યાગ કરીને વનમાં ચાલ્યા જવું. તે સમય દરમ્યાન અસમંજસને એક પુત્ર હતો. પત્નીનો, પુત્રનો, અને માતા-પિતાનો ત્યાગ કરીને તેને વનમાં ચાલ્યા જવું પડ્યું.

વર્ષો વીતતા ચાલ્યાં. અસમંજસનો પુત્ર અંશુમાન મોટો થયો. તેણે પ્રેમાળ, સદગુણી, વીર યુવાન તરીકે આખા જગતના કીર્તિ પ્રાપ્ત કરી. એક વાર સગરે મહાન અશ્વમેધ કરવાનો નિર્ણય કર્યો. તેને માટે તેણે તૈયારીઓ કરવા માંડી." વિશ્વામિત્ર કથાના

તે ભાગ સુધી પહોંચ્યા હતા અને રામે એક પ્રશ્ન કર્યો, "ગુરુજી, અશ્વમેધ અયોધ્યામાં કરવામાં આવ્યો હતો કે તે માટે સગરે કોઈ પવિત્ર નદી-તટ પસંદ કર્યો હતો?" સ્મિતપૂર્વક વિશ્વામિત્ર બોલ્યા, "રામ, મને ખ્યાલ આવી ગયો છે કે-યજ્ઞો વિષે જાણવા માટે તમે ખુબ ઉત્સુક છો અને ઋષિઓ પ્રત્યે તમે ખૂબ પૂજ્યભાવ ધરાવો છો. તમારી ઇચ્છા મુજબ હું વીગતવાર તેનું વર્ણન કરીશ. સાંભળો, હિમાલય પર્વતની સામે મુખ રાખીને ઊભેલી વિંધ્ય પર્વતની હારમાળા છે. તે બે પર્વતોની વચ્ચેનો પ્રદેશ યજ્ઞ-યાત્રો માટે પવિત્ર છે. અશ્વમેધ તે પ્રદેશમાં કરવામાં આવ્યો હતો. વૈદિક મંત્રો ભણવામાં નિષ્ણાંત બ્રાહ્મણો ત્યાં એકત્રિત થયા હતા. તે મંત્રોના પડઘા પર્વતોમાં મોટેથી પડતા હતા. તે અસાધારણ યજ્ઞ-વિધિને હજારો માણસો આનંદ પૂર્વક નિહાળી રહ્યા હતા. તે સમયે સુંદર રીતે શણગારેલા અશ્વને ત્યાં લાવવામાં આવ્યો અને તેની પૂજા કરવામાં આવી. પછી તેને સ્વચ્છદંતા પૂર્વક પરિભ્રમણ કરવા માટે છૂટા મૂકવામાં આવ્યો. તે અશ્વની મુક્ત ગતિનો વિરોધ કરનાર રાજાને હરાવવા માટે (જે સગરના સ્વામિત્વમાંથી મુક્ત થવા માટેની અશ્વ રોકનાર રાજાની મહત્વકાંક્ષા સૂચવે છે), અંશુમાન પોતાની શસ્ત્ર સજ્જ સેના સાથે તે અથવા ની પાછળ-પાછળ ચાલતો હતો. અશ્વ આખા દેશમાં ફરી વળ્યો, કોઇ રાજાએ તેને બાંધ્યો નહિ, પછી અશ્વને પાછો લાવવામાં આવ્યો. પ્રાચીન વૈદિક વિધિ અનુસાર યજ્ઞ કરવાનો સમય આવી પહોંચ્યો હતો, તે જ સમયે લોકો અશ્વને યજ્ઞભૂમિમાં લઈ આવવા ગયા.

પણ અશ્વનો ક્યાંક પત્તો લાગ્યો નહીં. શાસ્ત્રોમાં એમ કહેવામાં આવ્યું છે કે શુભ મુહૂર્ત યજ્ઞનો અશ્વ ન જડે અને તેને ફરી પ્રાપ્ત ન કરી શકાય, તો તે યજ્ઞ કરનાર માટે અપશુકન ગણાય. એટલે સ્વાભાવિક રીતે જ સગર વિક્ષુબ્ધ બની ગયા. તેમણે પોતાની બીજી પત્નીના અનેક પુત્રોને શસ્ત્રાસ્ત્રની સાધના સામગ્રી સાથે, અશ્વને શોધી કાઢી યજ્ઞની વેદી પાસે લઈ આવવા માટે મોકલ્યા. તેમણે દેવોની તથા અસુરોની મદદ વડે બધે ઘોડાની શોધ કરી. રખેને ઘોડાને લઈ જનાર લોકોએ તેને જમીન હેઠળ સંતાડી દીધો હોય તેવી આશંકાથી તેમણે પૃથ્વીને ખોદી. પણ તેમને પાછા આવવું પડ્યું અને પોતાના કાર્યની નિષ્ફળતા જાહેર કરવી પડી.

તેથી સગર ગુસ્સે થઈને બોલ્યા, "તમે શોધી લાવવા માટે અસમર્થ નીવડ્યા, તો પછી તમે આટલા બધા પુત્રો છો તેથી શું ફાયદો? કાળાં અને અપકીર્તિવાળાં મુખ લઈને તમે શા માટે મારી સામે ઉભા છો? ચાલ્યા જાઓ. ઘોડો પાછો લઈ આવ્યા આવ્યા સિવાય તમે ફરી મારી પાસે આવશો નહીં."

આ ક્રોધપૂર્ણ શબ્દો સામે પુત્રોએ તીક્ષ્ણ પ્રતિકાર્ય કર્યું. કોઈ પણ સ્થાન તપાસ્યા સિવાય પાછા ન આવવાનો નિશ્ચય કરીને તેઓ જગતમાં શોધ માટે નીકળી પડ્યા. તે બધા પર્વતોને, ટેકરીઓને; નદીઓને ગુફાઓને, શહેરોને, ગામડાંને ખૂણે ખૂણે, દરેક જગ્યાએ શોધી વળ્યા. આમ આગળ ચાલતાં ચાલતાં તેમણે ધ્યાનમાં વિલીન બનેલા એક તપસ્વીને દીઠા. ત્યાં શાંતિ પૂર્વક ઘાસ ચરતા ઘોડાને તેમણે દીઠો.

ઘોડાને જોઈને તેમને ખૂબ આનંદ થયો. મુનિને જોઈને તેઓ બે પડકાર કરતી લાગણીઓથી વિક્ષિપ્ત બની ગયા. દાબી ન શકાય તેવી લાગણીઓ થી તેઓ ભૂલી ગયા. તેમની બુદ્ધિ બહેર મારી ગઈ. તેમના હૃદય પત્થર જેવાં કઠોર બની ગયાં. તાપસના કાનમાં બૂમ પાડીને તેઓ બોલ્યા, "હે દુષ્ટ પશુ, તમે અમારા અશ્વને ચોરી જઈને તેને તમારા વાડામાં સંતાડી દીધો છે!" કપિલ મુનિએ ધીમે રહીને પોતાની આંખો ઉઘાડી, અને આસપાસ નજર ફેંકી. સગરના પુત્રો તેમની આસપાસ ઉભા રહીને તેમને ગાળો ભાંડવા લાગ્યા. કેટલાક તેમને મારવા માટે પણ તૈયાર થઈ ગયા.

કપિલે જોયું કે-એ હરામખોરો આગળ શબ્દો અને દલીલો નિરર્થક હતા. તેમણે તેમની સાથે ભિન્ન પ્રકારે કામ લેવાનો નિર્ણય કર્યો. તેમના પર દષ્ટિપાત કરીને તેમણે તેમને બાળીને ભસ્મ કરી દીધા. તેમને રાજધાનીમાં પાછા આવતાં ખૂબ વિલંબ થયો હતો તેથી સગર ખૂબ દુઃખી અને વિક્ષિપ્ત બની ગયા. પોતે અડધા કરેલા યજ્ઞને વચ્ચે કેવી રીતે બંધ કરી શકે? તે કેવી રીતે યજ્ઞને ચાલુ રાખીને પૂર્ણ કરી શકે? તેમની દશા જોઈને તેમનો પૌત્ર અંશુમાન દાદાને પગે પડયો અને તેણે વિનંતી કરી કે-"હું ઘોડાને અને મારા કાકાઓને ખોળી  આવીશ. તમે મને રજા આપો, તો હું તેમના સમાચાર લઇ આવીશ." સગરે તેને આશીર્વાદ આપ્યા અને તેને તે કામ માટે મોકલ્યો. અંશુમાન તેમની શોધમાં નીકળ્યો. રાત-દિવસ વહી ગયાં, છેવટે તેને સફળતા મળી. તેણે પોતાના

કાકાઓની ભસ્મ જોઈ. મરી ગયેલા કાકાઓની મરણોત્તર ક્રિયા કરવાની તેની ઈચ્છા હતી, પણ કોઈ કૂવો, તળાવ, સરોવર કે નદી તેની નજરે પડ્યા નહિ. મરણોત્તર ક્રિયાનાં તે આવશ્યક હતું. ખૂબ શોકાતુર બનીને તે થોડેક દુર આગળ ચાલ્યો. એક પૂજ્ય મુનિ તેને માર્ગમાં મળ્યા, તે બોલ્યા, "શોક ન કરશો. હે વહાલા જીવાત્મા, તમારા કાકાઓને કપિલમુનિએ, જગતનું કલ્યાણ દૃષ્ટિ સમક્ષ રાખીને, બાળી ભસ્મ કરી નાંખ્યા છે. દુન્યવી જળોમાં તેમને માટે મરણોત્તર અંજલિ આપીને સંતોષ ન માનશો. સ્વર્ગ-ગંગાનાં પવિત્ર જળ લઈ આવો.

ગંગાને નીચે લઇ આવો અને તેનાં પવિત્ર જળોને આ ભસ્મ પર વહેવા દો; એટલે તમારા પિતૃઓનો ઉધ્ધાર થશે. પણ પહેલાં તો અશ્વને લઈ જાઓ અને યજ્ઞ વિધિ યશસ્વી રીતે પૂર્ણ કરો. પછી તમે ગંગાને સ્વર્ગમાંથી પૃથ્વી પર લાવવના ઉપાયોનો અને રીતોનો વિચાર કરજો. અંશુમાન તે મુનિને પગે પડ્યા. પછી ઘોડાને લઈને તે ઝડપભેર પોતાના દાદા પાસે ગયા. કારણ કે અશ્વની  ગેરહાજરીમાં યજ્ઞનું કામ અટકી પડ્યું હતું.

ઘોડા માટે સગર ઊંધ્યા સિવાય, રાત-દિવસ ચિંતાતુર બનીને, રાહ જોતા હતા. જ્યારે ઘોડો આવી ગયો, ત્યારે તેમને અને યજ્ઞકર્તા ઋત્વીજોને ખૂબ આનંદ થયો. પોતાના કાકાઓ મુનિના શાપને લઈને ઓચિંતી મરી ગયા છે-તે હકીકત તે શુભ યજ્ઞોત્સવ ચાલી રહ્યો ત્યારે, જાહેર કરવાનું અંશુમાનને યોગ્ય લાગ્યું નહિ. એટલે તેણે યજ્ઞની પુર્ણાહુતિ થવા દીધી. પુરોહિતોને અને અતિથિઓને દાન-દક્ષિણા અપાઈ ગયાં. પછી અંશુમાનને પોતાના કાકાઓને જે બન્યું હતું તેનું વિગતવાર વર્ણન કર્યું. તેણે પોતાના દાદાને પ્રોત્સાહન આપ્યું કે-અસાધારણ પવિત્રતા વાળી, સ્વર્ગની ગંગાને તે ભસ્મવાળા સ્થાન પર નીચે ઉતારો. તે સૂચન સાંભળીને સગરને આનંદ થયો. વડીલોની સલાહથી તેમણે કઠોર તપસ્યા અને વિધિઓ કરવાનું શરૂ કર્યું, જેથી ગંગા પોતાની ઈચ્છિત વરદાન આપે. પણ સગરને સફળતા ન મળી. પોતાના પુત્રોના મરણના શોકથી અને પોતે તેમના ભાવિને ઉજ્જ્વળ ન બનાવી  શક્યા તેથી, તેમનું શરીર દિવસે-દિવસે ક્ષીણ બનતું ચાલ્યું. છેવટે તે નિરાશ બનીને મૃત્યુ પામ્યા.

હે રામ, પછી લોકોનો અભિપ્રાય જાણીને મંત્રીઓએ અંશુમાનને ગાદીએ બેસાડ્યા. તેમણે કોઈ પણ ભૂલ કે પ્રમાદ કર્યા સિવાય રાજ્ય કરવા માંડ્યું, કારણ કે-તે નીતિમત્તામાં અને આધ્યાત્મિકતામાં બળવાન હતા. પ્રજાજનો જાણે પોતાનાં બાળકો હોય તેમ તેમણે તેમનું ભરણપોષણ કરવા માંડ્યું. જ્યારે તે વૃદ્ધ થયા બન્યા, ત્યારે પોતાના પુત્ર દિલીપને ગાદી સોંપીને હિમાલયમાં તપ કરવા ગયા. તે આત્મ-સાક્ષાત્કારની ઈચ્છા રાખતા ન હતા. તે પોતાના કાકાઓનો ઉદ્ધાર કરવા માટે ગંગાને સ્વર્ગમાંથી પૃથ્વી પર લાવવા માંગતા હતા. પણ તે નિષ્ફળ થયા અને મોતને ભેટ્યા.

પોતાના પિતા અને દાદા ગંગાને પૃથ્વી પર લાવવા માટે ઉંડી આકાંક્ષા સેવતા હતા તે વાત દિલીપ જાણતા હતા, એટલે તેમને પણ તે જ ઈચ્છા થઇ. તેમણે તે માટે અનેક ઉપાયો કર્યા. ઋષિ-મુનિઓના કહેવાથી તેમણે અનેક કઠિન યજ્ઞ કર્યા. પોતે કુટુંબનો આદર્શ સિદ્ધ કરી શકતા ન હતા તે બાબતના શોકની વ્યથા તેમને પીડી રહી હતી. તે સતત માંદગીમાં પટકાયા. પોતાની માનસિક અને શારીરિક શક્તિને ક્ષીણ બનતી જોઈને તેમણે પોતાના પુત્ર ભગીરથને ગાદી આપી. તેમણે ગંગાને પૃથ્વી પર લાવવાનું કામ ભગીરથને સોંપ્યું. થોડા વખત પછી દિલીપ આ પૃથ્વીને છોડીને ચાલ્યા ગયા.

આધ્યાત્મિક તેજથી પ્રકાશમાન ભગીરથે પોતાના પિતાએ સોંપેલા કાર્યને સિદ્ધ કરવાની પ્રતિજ્ઞા કરી. તે ખૂબ સંતોષ-પૂર્વક રાજ્યનું શાસન કરતા હતા, પણ પોતાને વારસ તરીકે કોઈ સંતાન ન હતું. તેથી તે શોકમગ્ન રહેતા. તેથી તે ગંગાને પૃથ્વી પર ઉતારવાની ઈચ્છાથી મંત્રીઓને રાજ્ય કારભાર સોંપીને પ્રસિધ્ધ ગોકર્ણ-ક્ષેત્રની શાંતિમાં ચાલ્યા ગયા. ત્યાં તેમણે કઠોર તપ કરવા માંડ્યું. તે સૂર્યના તાપને સહન કરતા અને મહીનામાં એક જ વાર ભોજન કરતા. છેવટે તેમના તપથી પ્રસન્ન થઈને ભગવાન તેમની આગળ પ્રત્યક્ષ થયા અને બોલ્યા કે-હે પુત્ર ભગીરથ, ઈચ્છિત વરદાન માંગ; હું તને તે આપીશ.

ભગીરથને હજારો સૂર્ય સમાન પ્રકાશવાળા, એક ભગવાનનાં દર્શન થયા. ભક્તિપૂર્વક, આભારવૃતિપૂર્વક તેમણે તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. તેમણે પ્રાર્થના

કરી, "હે ભગવાન, મારા  પ્રપિતામહો નરકમાં ન પડે અને સ્વર્ગમાં જાય તેટલા માટે સ્વર્ગની ગંગાને પૃથ્વી પર વહેવરાવો. અને મને સંતાનો આપવાની કૃપા કરો, જેથી મારી સાથે ઈક્ષ્વાકુ રાજાઓનો વંશ સમાપ્ત ન થઈ જાય. અમારો વંશ ચાલુ રહે અને સમૃદ્ધ બને." ભગવાનના ચરણ જોર પૂર્વક પકડીને તેમણે પોતાની પ્રાર્થના પેશ કરી.

ભગવાને જવાબ આપ્યો, "હે પુત્ર, તારી પહેલી માંગણીને પૂર્ણ કરવી એ બહુ કઠિન કાર્ય છે. છતાં પણ હું તને તે આપીશ. રાજવંશ ચાલુ રહે તે માટેના વરદાનમાં, તને એક ઉદાત્ત પુત્ર પ્રાપ્ત થશે. તારો વંશ ચાલુ રહેશે અને સમૃદ્ધ બનશે. ઊભો થા." તે સાંભળીને ભગીરથ ઊભા થયા અને ભગવાન બોલ્યા, "હે ભગીરથ, ગંગામાં પુષ્કળ જળ છે, તે વેગવાળી છે. જ્યારે તે સ્વર્ગમાંથી પૃથ્વી પર પડશે, ત્યારે પૃથ્વી તેના આઘાતને સહન નહિ કરી શકે. એટલે પૃથ્વીના રાજા તરીકે તારે આ સમસ્યા પર ઊંડો વિચાર કરવો જોઈએ, અને તે સંકટને દૂર કરવાનો ઉપાય વિચારી કાઢવો જોઈએ. જ્યારે ગંગા પૃથ્વી પર ઊતરશે, ત્યારે તેની અસર ખતરનાક હશે. એટલે પ્રથમ ગંગાને શિવના મસ્તક પર ઉતરવું પડશે, અને ત્યાંથી તે જળોને ઓછા બનેલા આવેગ-પૂર્વક પૃથ્વી પર વેહેરાવવાં જોઈએ. પૃથ્વીવાસી લોકોના હિતને લક્ષમાં રાખતાં, આ શ્રેષ્ઠ માર્ગ છે. આના પર ખૂબ વિચાર કરશે." એટલું બોલીને ભગવાન અદ્રશ્ય થઈ ગયા.

ત્યારથી ભગીરથે શિવજીને પ્રસન્ન કરવા માટે તપ કરવા માંડ્યું. છેવટે તે શિવની કૃપા ને પ્રાપ્ત કરવામાં સફળ થયા. સ્વર્ગમાંથી પડતી ગંગાને શિવે પોતાના મસ્તક પર ઝીલવાની વાત કબુલી. તે પ્રમાણે ગંગા શિવના મસ્તક પર ઉતરી અને ત્યાંથી સાત પ્રવાહોમાં વહી હલાદીનની, નલિની અને પાવની પૂર્વ દિશામાં વહી, સુભિક્ષુ, સીતા અને સિંધુ પશ્ચિમ દિશામાં વહી; અને સાતમો ભગીરથની પાછળ પાછળ તે સ્થાનમાં વહ્યો, જ્યાં નરકમાંથી ઉધ્ધાર થવાની રાહ જોતા તેમના પ્રપિતામહ ભસ્મનો ઢગ  પડેલો હતો.

તે ગંગા પ્રવાહ ભગીરથની પાછળ-પાછળ વહેવા લાગ્યો. માર્ગમાં બધા લોકોએ તેનો લાભ ઉઠાવ્યો અને પોતાની જાતને પાવન કરી. સ્વર્ગની જ ગંગાના વિશુદ્ધ કરતા પ્રભાવ વડે તેઓ પાપ મુક્ત બન્યા. ત્રિવિધ પાવન ગંગાના જળ વડે તટ પર તેમની મરણોત્તર ક્રિયા કરવાને પરિણામે, ભગીરથના પ્રપિતામહનો ઉધ્ધાર થઈ ગયો.

ભગીરથ ગંગાને પૃથ્વી પર લઇ આવ્યા, એટલે તે નદીનું નામ ભાગીરથી પડ્યું. પ્રપિતામહ પ્રક્રિયા પૂરી થઈ ગયા પછી, ભગીરથ અયોધ્યામાં પાછા ગયા. પોતાના પિતાની અને પિતામહની તીવ્ર ઈચ્છા પોતે દિવ્ય કૃપા વડે પૂર્ણ કરી હતી તેથી તેમને આનંદ થયો. તેમણે ઘણા વર્ષો સુધી પોતાના સામ્રાજ્ય પર રાજ્ય કર્યું. સંતુષ્ટ બનેલી પ્રજા તેમને સાહજિક રીતે ખૂબ માન આપતી હતી. છેવટે તેમણે પણ શરીર છોડી દીધું."

જ્યારે વિશ્વામિત્રે આમ રામના પૂર્વજોની કથા કહી સંભળાવી, ત્યારે રામ અને લક્ષ્મણ ખૂબ ધ્યાનપૂર્વક તે સાંભળતા હતા. તે ઘટનાઓને સાંભળીને તેઓ આનંદ મુગ્ધ બની ગયા. પણ મુનિ બોલ્યા કે-રાત પડી ગઈ છે; હવે તમે જાઓ, ઉંઘી જાઓ. એટલે તે બંને ગુરૂને પગે પડ્યા અને નદીની ગાઢ રેતી ઉપર સુઈ ગયા. રામ અને લક્ષ્મણ ઊંઘી શક્યા નહિ. તેમને આરામની જરૂર ન હતી. પણ ગુરુની આજ્ઞા માનવા માટે તેઓ રેતી પર આડા પડ્યા. પોતાના મન સમક્ષ તેમણે સ્વર્ગમાંથી ગંગાના પૃથ્વી પર અવતરણનું ચિત્ર ખડું કર્યું. છેવટે સવાર પડ્યું. એટલે તેમણે નદીમાં સ્નાન અને પ્રાત:સંધ્યા કર્યા. પછી તેમણે મુસાફરીની તૈયારી કરી. એક વીસ વર્ષના છોકરાએ શિષ્યે આવીને કહ્યું કે નૌકા તૈયાર છે. એટલે બધા તે દિશામાં ગયા. તેમણે પાવન નદી પાર કરી. તેઓ નદીના ઉત્તર તટ પર આવી પહોંચ્યા. પછી તેમણે આગળ મુસાફરી શરૂ કરી. માર્ગમાંનાં જંગલનાં દ્રશ્યોના સૌંદર્યની તેઓ પ્રશંસા કરતા હતા.

થોડેક દૂર ગયા પછી તેઓ એક સુંદર મકાનોવાળી નગરી પાસે આવી પહોંચ્યા. વિશ્વામિત્ર તરફ ફરીને રામે પૂછ્યું કે-ગુરુજી, અમે આ સુંદર જંગલમાં એક સુંદર નગરી જોઈ રહ્યા છીએ; તે કોના રાજ્યમાં આવેલી છે? મુનિએ જવાબ આપ્યો કે "હે રામ, તે નજીક દેખાય છે, પણ તેને પહોંચતા હજી આપણને થોડોક વધુ સમય લાગશે. કદાચ આપણે સાંજે ત્યાં પહોંચી શકીશું. જ્યારે આપણે તે નગરીમાં પહોંચીશું, ત્યારે હું તમને તેનો ઉદભવ અને ઇતિહાસ કહીશ. તે દરમિયાન ચાલો આપણે આગળ વધીએ." રામે મુનિના શબ્દો સાંભળતાં આંખ ચમકાવી અને હોઠ પર સ્મિત કર્યું. તે મુનિના હુંકાર નો અર્થ સમજી ગયા અને કશું બોલ્યા સિવાય આગળ ચાલ્યા.

જ્યારે તેઓ ખીણમાં ઉતર્યા, ત્યારે તે નગરીનું અને માનવ-વસવાટનું કોઈ ચિહ્ન દેખાયું નહિ; ઊંચાઈ પર ચઢતા તે નગરી પાસે દેખાવા લાગી. તે રીતે આગળ વધતાં તેમને માલુમ પડ્યું કે-સાંજ પડવા આવી હતી, પણ હજી તેઓ નગરીને પહોંચી શક્યા ન હતા. વિશ્વામિત્રના સૂચવ્યા મુજબ, નગરી હજી પણ દૂર હતી. સાંજ પડી, એટલે તેઓ રોકાયા, સ્નાન કરીને તેમણે શાસ્ત્ર-વિધિ અનુસાર સાયં-સંધ્યા કરી. આરામ કરતાં-કરતાં રામે ફરી પોતાનો પ્રશ્ન ઉઠાવ્યો કે-ગુરૂજી, કૃપા કરીને તમે અમને તે નગરી વિષે કહેશો? વિશ્વામિત્ર બોલ્યા, "રામ, હું હમણાં તે જ વિચાર કરી રહ્યો હતો. હું જાણું છું કે-તમે દરેક જણના મનમાં ચાલતા વિચારોને જાણી લો છો, પણ માયાનું આવરણ તે હકીકત પર પડદો ડાલે છે અને મને ગેર-માર્ગે દોરી જાય છે. બધા લોકો મનના સ્વામી બની શકતા નથી. જ્યારે મારા જેવા માણસો પણ  મન પર કાબૂ રાખી શકતા નથી,  તો પછી સામાન્ય લોકોની વાત જ શી કરવી? જે ક્ષણે મારા મનમાં તે વિચાર ઉદભવ્યો કે તમે નગરી વિષે પૂછવાનું ભૂલી ગયા છો,. તે જ ક્ષણે તમે મને તે વિષે પ્રશ્ન કર્યો. તમે સર્વજ્ઞ પરમાત્મા છો, તે માટે હવે બીજા કોઈ પ્રમાણની જરૂર નથી.

હે રામ, પ્રાચીનકાળમાં કશ્યપને બે પત્નીઓ હતી-અદિતિ અને દિતિ.  દિતિના પુત્રો શારીરિક બળના ભંડાર હતા અને અદિતીના પુત્રો નીતિમયતાની ભવ્યતા હતી. દિવસો પસાર થતા, તેઓ વધુ-ને-વધુ બળવાન બન્યા. બાળકો ઝડપ-ભેર સુંદર અને મોટા થતા હતા તે જોઈને માતા પિતાને ખુબ આનંદ થયો.

એક દિવસ દિતિના અને અદિતિના-બંનેના પુત્રો એકઠા મળ્યા, અને વૃદ્ધાવસ્થા ન આવે તે માટેના ઉપાયો પર ચર્ચા કરવા લાગ્યા. છેવટે તેઓ એવા નિગમન પર આવ્યા કે-ક્ષીરસાગરનું મંથન કરીને પ્રાપ્ત કરેલા અમૃત રોગ, નબળાઈ, અને મૃત્યુ જેવી શારીરિક વિપત્તિઓને અટકાવશે તરત જ તેઓ તે કામ કરવા તત્પર બન્યા. મંદાર-પર્વતને તેમણે સમુદ્રનું મંથન કરવાનું રવૈયો બનાવ્યો, વાસુકિ-નાગને નેતરા તરીકે પસંદ કરવામાં આવ્યો. ને નેતરાને તેમણે રવૈયા સાથે બાંધ્યુ, જેથી નેતરું  ઝડપભેર ગોળ-ગોળ ફરી શકે. સમુદ્રનું મંથન લાંબા સમય સુધી ચાલ્યું, એટલે વાસુકિનાગે  વિષનું વમન કરવાનું શરૂ કર્યું. પર્વતની શિલાઓ સાથે અથડાવાથી તેને જે પીડા થતી હતી

તેને લઈને વાસુકિનાગ બહુ ગુસ્સે થઈ ગયો હતો. વિષની જ્વાળાઓ મહાન અગ્નિથી પેઠે કેર વર્તાવતી હતી.

તે જોઈને દિતિના અને અદિતિના પુત્રો ખૂબ ભયભીત બની ગયા. તેમને એમ લાગ્યું કે-તે વિષના અગ્નિથી તેઓ બળીને ભસ્મ થઈ જશે. પોતાને બચાવવા માટે તેમણે ભગવાનને પ્રાર્થના કરી. જ્યારે વિષ્ણુ ભગવાન તેમની આગળ પ્રગટ થયા, ત્યારે દિતિના પુત્રોએ તેમને કરૂણતા-પૂર્વક પ્રાર્થના કરી કે--"હે ભગવાન, અમને બચાવો. આ ભયં-કર સંકટનો અંત લાવો." ભગવાન વિષ્ણુ શિવ બની ગયા અને બોલ્યા, હે વહાલા પુત્રો, દેવોમાં હું જ્યેષ્ઠ છું. એટલે આ મંથનની પ્રક્રિયાનું પ્રથમ ફળ મને મળવું જોઈએ; તે મારો અધિકાર છે." એમ બોલીને શિવ, જરા પણ વિલંબ કર્યા વગર, તેમને પીડા કરતા હળાહળ-વિષનું પાન કરી ગયા.

ત્યાર પછી દિતિના અને અદિતિના પુત્રોએ સમુદ્ર મંથન ચાલુ કર્યું. હવે તેમના પર બીજું સંકટ આવી પડયું. મંડળ પર્વત-સમુદ્રમાં ડૂબવા લાગ્યો. એટલે તેમણે ફરી વિષ્ણુ ભગવાનને પ્રાર્થના કરી. ફરી પ્રગટ થઈને ભગવાને તેમને ખાતરી આપીકે હે વહાલા પુત્રો, ડરશો નહિ. ભગવાને કૂર્મનુ (કાચબાનું) રૂપ ધારણ કર્યું, મંદરાચલ બની નીચે જઈને તે પર્વતને તેમણે પોતાની પીઠ પર ધારણ કર્યો, અને મંથનનું કાર્ય ચાલ્યું ત્યાં સુધી તેને પોતાની કઠોર પીઠ પર સલામત ઊંચકી રાખ્યો. કશ્યપના પુત્રો ખૂબ રાજી થયા, તેમણે ભગવાનનો આભાર માન્યો. તેમણે ભગવાનની ખૂબ સ્તુતિ કરી.

ક્ષીર-સાગરમાંથી એક દેવ પ્રગટ થયા. તેમના હાથમાં દંડ અને કમંડળુ હતા. તેમનું નામ ધન્વંતરી હતું. દિતિના અને અદિતિના પુત્ર તેની સામે જોઈ રહ્યા હતા, એટલામાં તો સમુદ્રમાંથી એક ઘટ્ટ, મધુર રસ નીકળ્યો, જે એકત્રિત થઈને એક દડા-સમાન બની ગયો. તરત જ તે દડો ભાગી ગયો અને તેમાંથી કુમારીઓનું એક વૃંદ પ્રગટ થયું. તેઓ રસમાંથી પ્રગટ થઈ એટલે તેમનું નામ અપ્સરાઓ પડ્યું. તેમણે દિતિના અને અદિતિના પુત્રોને પોતાની સાથે લગ્ન કરવા માટે ઘણી રીતે સમજાવ્યા. પણ તેમની બધી વિનંતિઓ અને આજીજીઓ  નિષ્ફળ ગઈ. એટલે તેમણે અપરિણિત, મુક્ત, સ્વતંત્ર જીવન ગાળવા માંડ્યું. પછી સમુદ્રના તરંગોમાંથી જળના દેવ વરૂણની પુત્રી

વારૂણી (સુરા) પ્રગટ થઈ. તેના હાથમાં મદ-કારક પ્રવાહી દ્રવ્ય ભરેલો એક પ્યાલો હતો. અદિતિના પુત્રોએ તેનું પાન કર્યું. જેમણે તે સુરાનો સ્વીકાર ન કર્યો તેઓ અસુરો કહેવાય; તે સુરાના સ્વીકાર કરનારા સુરો કહેવાયા..

છેવટે ક્ષીર-સાગરમાંથી અમૃત પ્રગટ્યું. તે અમૃતને કોણ પીશે? દિતિના અને અદિતિના પુત્રો વચ્ચે તે બાબત મહાન સંઘર્ષ પેદા થયો. તે ભીષણ યુદ્ધમાં અદિતિના પુત્રો દિતિના પુત્રોનો વિનાશ કરવા લાગ્યા. યુદ્ધ સર્વ-સંહારક યુદ્ધ બની જવાની ધમકી આપી રહ્યું હતું. યુદ્ધના પ્રહોરથી અને પ્રતિ પ્રહારોથી પૃથ્વી કંપવા લાગી. ભયનાં અને ચિંતાનાં વાદળો જગત પર ઘેરાવા લાગ્યાં. ઓચિંતા વિષ્ણુ ભગવાન તે યુદ્ધ કરી રહેલા બંન્ને પક્ષો સમક્ષ એક ખૂબ મનોહર સુંદરીના રૂપમાં પ્રગટ થયા. તેણે બધાનાં ચિત્ત આકર્ષી લીધાં અને યુદ્ધ-કાર્યમાંથી તેમનાં ચિત્તને ખસેડી દીધાં. દરેક જણ તેનાથી મોહ પામ્યો. તેની હાજરીમાં અમૃત અદ્રશ્ય થઈ ગયું. દિતિના બધા પુત્રો મરી ગયા હતા. તેથી માતાને ખૂબ દુઃખ થયું, કોઈના આશ્વાસનને તે સ્વીકારતી ન હતી. કશ્યપ તેને સ્વસ્થ કરી શક્યા નહિ. બધી વસ્તુઓ ક્ષણભંગુર છે-એવી કશ્યપની દલીલની તેમના પર કશી અસર ન થઈ. તે ખૂબ કરૂણ રીતે વિલાપ કરવા લાગ્યાં-જાણે કે પૃથ્વીનો પ્રલય-કાળ પાસે ન આવ્યો હોય!

છેવટે દિતિએ પોતાની જાતને સમજાવી લીધી. તે કશ્યપ પાસે આવ્યાં. પોતાના મનમાં ઊંડી વેદનાને દબાવી દઈને તે બોલ્યા, "હે નાથ શું આ ન્યાયોચ્ય છે? અમને બન્નેને તમારા વડે પુત્રો જન્મ્યા હતા. હવે હું પુત્ર વગરની બની ગઈ છું. શું આ યોગ્ય છે? શું મારે સનાતન કાળ માટે આમ શોક કર્યા કરવાનો? મારો એકપણ પુત્ર જીવતો રહ્યો નથી. સ્વલ્પ આયુષ-વાળા ઘણા પુત્રો હોય તેના કરતા એક દીર્ઘાયુષી પુત્ર હોય તે વધારે સારું છે, નહીં ! વારૂ " જ્યારે તે મોટેથી આમ કશ્યપ આગળ વિરોધ કરી રહ્યાં હતાં. ત્યારે કશ્યપે તેમને આશ્વાસન આપ્યું અને દીર્ઘાયુષી પુત્ર માટે દેવોને પ્રસન્ન કરવા સારૂ તપ કરવાનું કહ્યું.તેમણે કહ્યું કે શોક કરવો ત્યજી દે; નહીતો કદી તારી ઈચ્છા પૂર્ણ નહિ થાય, તેમના શબ્દોથી પ્રોત્સાહિત બનીને, તેમના આશીર્વાદ લઈને, દિતિએ દેવોને

પ્રસન્ન  કરવા માટે તપ કરવા માંડ્યું. તેમની એક જ ઈચ્છા હતી કે-મને એવો પુત્ર જન્મે કે જે દેવોનો રાજા ઇન્દ્રનો પણ પરાજય કરી શકે.

કશ્યપે તેને કહ્યું કે-"તપ કરવું એ સહેલું નથી. તેમાં ઠેઠ સુધી માણસે વિયુદ્ધ રહેવું પડે છે, વ્રતોનું અને ઉપવાસોનું પાલન કરવું પડે છે. તેમાં જરાપણ થવો જોઈએ નહિ ? ત્યારે જ દેવો પ્રસન્ન થઈને વરદાન આપશે."

દિતિ કુશપ્લવ નામના પ્રદેશમાં ગઈ; તેણે કઠોર તપસ્યા શરૂ કરી. તેનો નિશ્ચય જાણી લીધેલા ઇન્દ્રે તેમની પરીક્ષા કરવાનો વિચાર કર્યો. ઇન્દ્ર તેમનો પરિચારક બનીને તેમની પાસે રહ્યો. દિતિની પ્રાર્થના ફળી. દિવ્ય કૃપાથી તે સગર્ભા બન્યાં. દિવસો પસાર થતા ગયા, મહીનાઓ વીતતા ચાલ્યા. ઇન્દ્ર તેમનો પરિચારક બનીને તેમની પાસે જ રહ્યો હતો, એક દિવસ બપોરની ગરમીમાં દિતિને ઊંઘ આવી ગઈ. તેમણે પોતાના કેશ છુટા રાખ્યા હતા અને તે પગ રાખવાની જગ્યાએ માથું મૂકીને સુઈ ગયાં હતાં, તેમણે જે કઠોર નિયમો પાળવાના હતા તેનાથી આ વિરુદ્ધ હતું. એટલે ઈન્દ્રને તક મળી ગઇ. તેણે જોયું કે દિતિની મુદ્રા શાસ્ત્રના નિયમોથી વિરુદ્ધની હતી. એટલે ગર્ભના ટુકડા કરીને કરી દઈને ઇન્દ્રે તેમને શિક્ષા કરી. ગર્ભના ટુકડા રડવા લાગ્યા, કારણ કે તેમનાં અંગો છેદાઈ ગયાં હતાં. પરિચારક ઇન્દ્રે તેમને મૃદુતા-પૂર્વક કહ્યું કે-મા રૂદ, રડશો નહિ. (તેથી તે મારૂતો કહેવાયા) દિતિને ખૂબ લોહી પડ્યું. તે પોતાના દુર્ભાગ્ય માટે ખૂબ કરૂણ વિલાપ કરવા લાગ્યાં.

ઇન્દ્ર પોતાના હાથ જોડીને તેમને કહેવા લાગ્યો, "માતા મને ક્ષમા કરો. તમે ધર્મશાસ્ત્રોની આજ્ઞાઓથી વિરુદ્ધ વર્ત્યા અને વ્રતના નિયમોનો ભંગ કર્યો. તમારા કેશ છુટા હતા. તમારૂં માથું પગ રાખવાની જગ્યાએ પથારીમાં હતું જ્યારે તમે આ રીતે ઉંઘી ગયા, ત્યારે તમારૂ તપ દૂષિત બની ગયું. જ્યારે તમારા શત્રુને તમારા સદ્દભાગ્યને મિટાવી દેવાની આવી તક મળે, ત્યારે શું તે શાંત બેસી રહે ખરો? હું આ રૂપમાં ઇન્દ્ર છું. તમે ઈન્દ્રને મારે તેવા પુત્ર માટે પ્રાર્થના કરી હતી, નહિ ! વારૂ તમારો ગર્ભ મારો વિનાશ કરવાનો હતો; એટલે મારા શત્રુને નિષ્ફળ બનાવી દેવાની તે તક મેં ઝડપી લીધી. મેં તિરસ્કાર-યોગ્યયુક્તિ-પ્રયુક્તિઓ વડે તેનો વિનાશ કર્યો નથી. તમે જાણો છો કે-તમારી

યોજનાની સફળતા માટે વ્રતનું કડક પાલન આવશ્યક હતું; તમારે નીતિ-નિયમોનો ભંગ કરવો જોઈતો ન હતો. ગર્ભના સાત ટુકડા કરી દેવામાં આવ્યા છે. હું 'મા રૂદ' (રડીશ નહિ) એવા શબ્દો બોલ્યો છું. એટલે તેઓ સાત મરુત્-દેવો (વાયુના દેવો) તરીકે જન્મશે-એવું વરદાન હું તમને આપું છું." એમ કહીને ઇન્દ્ર સ્વર્ગમાં પાછો ચાલ્યો ગયો.

હે રામ, આ તે સ્થાન છે, જ્યાં ઇન્દ્રે અને દિતિએ તે સંવાદ અને સમાધાન કર્યાં હતાં. અહી ઇક્ષ્વાકુને, અલંબા-દેવી દ્વારા, વિશાલ નામનો પુત્ર પ્રાપ્ત થયો હતો. તેથી આ રાજ્યને વિશાલ કહેવામાં આવે છે. વિશાલને હેમચંદ્ર નામનો બળવાન પુત્ર પ્રાપ્ત થયો, તેનો પુત્ર સમુદ્ર હતો, સમુદ્રનો પુત્ર ધૂમરસ્વ હતો, તેનો, પુત્ર શ્રૃંજય હતો, અને તેનો પુત્ર સહદેવ હતો.

સહદેવ બહુ સમૃદ્ધિશાળી હતો, તે ધર્મનો અને નીતિમયતાનો બળવાન આધાર-સ્તંભ હતો; તેણે લાંબા સમય સુધી એક વીર રાજા તરીકે રાજ્ય કર્યું હતું. તેના પુત્ર સોમદતને કકુત્સ્થ નામનો પુત્ર હતો. તે વીર રાજાનો પુત્ર સુમતિ હતો. તે પણ એક પ્રામાણિક સદ્-ગુણી, વીર રાજા હતો. વિશુદ્ધિમાં અને પવિત્રતામાં તે દેવો સમાન હતો. હે રામ, આજે આપણે આ વિશાલા-નગરીમાં પ્રવેશ કરીશું અને ત્યાં ઊંઘીશું. આવતી કાલે આપણે જનક રાજાની નગરીમાં પહોંચી જઈશું." તે શબ્દો સાંભળીને બધા હર્ષ પામ્યા. દૂતો દ્વારા વિશ્વામિત્રના આગમનના સમાચાર સુમતિને પહોંચાડવામાં આવ્યા. તે રાજા પોતાના દરબારીઓને, મંત્રીઓને, વિદ્વાનોને અને પુરોહિતોને લઇને વિશ્વામિત્રને પોતાની નગરીમાં પ્રવેશ કરીને પોતાના રાજ-મહેલને પવિત્ર કરવા માટે વિનંતી કરવા દોડી ગયો.

આ નમ્રતા અને પૂજ્યભાવ જોઈને વિશ્વામિત્ર રાજી થયા. તેમણે રાજાને તેમના સ્વાસ્થ્ય અને સુખ સંબંધી તથા રાજ્યના સુખનું સંબંધી પૂછપરછ કરી. થોડાક સમય માટે તેમણે બંનેએ રાજ્યની બાબતો પર તથા રાજ-વંશ બાબત વાર્તાલાપ કર્યો. એટલામાં સુમતિની નજર રામ અને લક્ષ્મણ પર પડી. તેમની સુંદરતાથી અને ગૌરવથી મુગ્ધ બની જઈને સુમતિએ વિશ્વામિત્રને પૂછ્યું કે-આ સિંહ-બાળકો કોણ છે? વિશ્વામિત્ર જવાબ આપ્યો, "હે સુમતિ, તેમની કથા બહું લાંબી છે અત્યારે મને તે સંભળાવવાનો

સમય નથી, તમારા મહેલમાં પહોંચ્યા પછી હું તમને તેમની બધી કથાઓ કહી સંભળાવીશ," પછી વિશ્વામિત્રે પોતાની સાથે આવેલા મુનિઓને, તાપસોને તથા રામ-લક્ષ્મણને વિશાલા-નગરીમાં આગળ વધવાની આજ્ઞા આપી, પોતે પણ ઉઠીને ચાલવા માંડ્યું. ચાલતાં-ચાલતાં સુમતિ તેમને પોતાના રાજ્ય સંબંધી વાતો કરી રહ્યો હતો. નગરીને દરવાજે તેઓ પહોંચ્યા ત્યારે સંગીતનાં અને વાદ્યોના ધ્વનિ-હવામાં વ્યાપી રહ્યા, બ્રાહ્મણો શાસ્ત્રમાંથી સ્વાગતના અને શુભેચ્છાઓના મંત્રો ભણી રહ્યા.

રાજાએ ગોઠવેલા સ્વાગતના ભોજન-સમારંભમાં ભાગ લીધા પછી, વિશ્વામિત્રે ત્યાં એકત્રિત થયેલા રાજાના સગાં-સંબંધીઓ, પુરોહિતો, અને પંડિતો સમક્ષ પોતાના સિદ્ધાશ્રમનું; ત્યાં પોતે કરેલાયજ્ઞનું, અને આક્રમણખોર રાક્ષસો યજ્ઞભૂમિમાં ધૂસી ન જાય તે માટે રામ-લક્ષ્મણે જે વીરતા-પુર્વક યજ્ઞની રક્ષા કરી હતી તેનું વર્ણન કર્યું. રાજ-કુમારોની કુશળતા તથા હિંમત વિષેની વાતો સાંભળનાર બધા આશ્ચર્ય-ચકિત અને આનંદિત બની ગયા, તેઓ બે ભાઇઓ તરફ પ્રશંસા-પૂર્વક જોવા લાગ્યા; તેમને એમ લાગતું કે આ તો ફરી નર-નારાયણ પ્રગટ થયા હોય એવા પૂજ્ય-ભાવ-પૂર્વક તે બધાએતેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં.

બહું મોડું થઈ ગયું હતું. એટલે રામ અને લક્ષમણ વિશ્વામિત્રને પગે પડ્યા, અને તેમની રજા લઈને પોતાના આરામ માટે જે ખાસ ઘર અલગ રાખવામાં આવ્યું હતું તેમાં ગયા. પ્રભાત પડતા પહેલા તેઓ જાગી; તેમણે સ્નાન કર્યું. પ્રાત:સંધ્યા કરી, અને આગળ મુસા-ફરી કરવા માટે સમય-સર ગુરુ પાસે આવી પહોંચ્યા. તેમણે સુમતિ રાજાનો આભાર માન્યો અને પછી તે બધા મિથિલા તરફ ચાલ્યા.

થોડેક દૂર સુધી સુમતિ તેમની સાથે ગયા. પછી તેમણે મુનિની અને બીજા બધાની વિદાય લીધી. વિશ્વામિત્ર પોતાના શિષ્યો અને રાજ-કુમારો સાથે આગળ ચાલ્યા. બપોરે તેઓ એક વિશાલ ઉદ્યાન નજીક આવી પહોંચ્યા. એમ લાગતું હતું કે-વર્ષો પહેલાં તેમાં અનેક આશ્રમો હશે, પણ હવે તે પડી ભાગ્યા હતા. તેમાં એક વાર પ્રેમપૂર્વક અને કાળજીપૂર્વક રાખવામાં આવેલી વેદિઓ પણ દેખાતી હતી, પવિત્ર અગ્નિને જ્યાં એકવાર પ્રગટાવવામાં આવતો અને જેમાં આહુતિઓ આપીને તેને પુષ્ટ કરવામાં આવતો તે

સ્થાનો પણ ત્યાં દેખાતાં હતાં. રામે જોયું કે-તે એક મુનિઓ અને તાપસો વડે પવિત્ર બનેલું સ્થાન હતું. તેમણે પોતાના અનુમાન પ્રત્યે વિશ્વામિત્રનું ધ્યાન ખેંચ્યું. વિશ્વા-મિત્રે સ્મિતપૂર્વક કહ્યું કે "રામ, તમારૂં અવલોકન સાવ સાચું છે. મને તેથી ખૂબ હર્ષ થયો છે. આ સ્થાનમાં રહેનાર મહાન વ્યક્તિ તેને છોડીને શા માટે બીજે ચાલી ગઈ તે વાત હું તમને કહીશ. ધ્યાનપૂર્વક સાંભળો.

દેવો પણ આ આશ્રમની પ્રશંસા કરતા. આ ગૌતમ મહર્ષિનો આશ્રમ છે. ઘણા વર્ષો સુધી તે પોતાના પત્ની અહલ્યા સાથે અહીં રહ્યા હતા. તે હર્ષ-પૂર્વક ખૂબ કઠોર તપ કરતા હતા. તેમણે અહીં ઘણા પરિશ્રમ-સાધ્ય યજ્ઞો પણ કર્યા હતા. આ ઉદ્યાન આધ્યાત્મિક તેજથી તેજસ્વી હતું; તે ખૂબ શાંત અને આનંદ-પૂર્ણ હતું. અહીં લોકો માટે પ્રત્યેક દિવસ એક પવિત્ર દિવસ હતો. ઋષિની પત્ની અહલ્યા એક બહુ સદગુરુની સ્ત્રી હતી; તે પરિપૂર્ણ સૌદર્યના તારા સમાન હતી. અંગત સુંદરતામાં અને મનોહર તામાં કોઇપણ સ્ત્રી તેમની બરાબરી કરી શકે તેમ ન હતું. તેથી ગૌતમ હંમેશા તેમના પર જ નજર રાખતા, અને સાવધાનતા-પૂર્વક તેમની દરકાર કરતા. એક દિવસ, જ્યારે ગૌતમ આશ્રમમાં ન હતા ત્યારે દેવોના રાજા ઇન્દ્ર ગૌતમનું રૂપ ધારણ કરીને આશ્રમમાં આવ્યો. સદ્ગુણી પત્નીએ તેને પોતાના પતિ માની લીધા, પૂજ્યભાવ-પૂર્વક તેની સેવા કરી. પણ એટલામાં સાચા ગૌતમે અંદર પ્રવેશ કર્યો. તેમણે તેની બેવફાઈને જોઈ. ખોટું રૂપ ધારણ કરેલા ઇન્દ્રને તેમણે ઓળખી લીધો. તે ખૂબ ક્રોધાવિષ્ટ બની ગયા. તેમણે બૂમ પાડી કે-હે દુષ્ટ મનવાળા નરાધમ; પણ એટલામાં તો ઇન્દ્ર ઓચિંતો અદ્રશ્ય થઈ ગયો.

અહલ્યા પ્રત્યે વળી નેં ગૌતમ ગજર્યા, "તે દુષ્ટતા કરીને આ આશ્રમનો વિનાશ કરવાની પ્રતિજ્ઞા લીધી છે, નહિ વારુ? હું એક ક્ષણ પણ નહીં રહું. હું તારા મુખના દર્શનને સહન કરી શકતો નથી. જા, કોઈ ઝાડીની પાછળ પડી રહે, હવામાં ભૂંડી બનીને રહે-ભોજન અને પાણી વગર, હું આ ચાલ્યો." કપટ વડે દૂષિત થયેલા તે સ્થાનનો ગૌતમ તિરસ્કાર કર્યો.

અહલ્યા ખૂબ રડી પડી. તે બોલી, "હું નિર્દોષ છું, મેં પાપ નથી કર્યું. તમારો સ્વાંગ સજીને તેણે મને છેતરી હતી, મેં તમારી પ્રત્યેના પૂજ્ય-ભાવથી તે કાર્ય કર્યું હતું. હું તો

મારા પતિ પ્રત્યેની વફાદારીની ભાવનાથી ખેંચાઈ ગઈ હતી." તેણે ગૌતમના પગ પકડ્યા અને તેમની ક્ષમા માગી. તેમની આજીજીઓથી ગૌતમનું હૃદય જરાક પીગળ્યું. સત્ય તેમની આગળ સ્પષ્ટ બની ગયું. પણ એકવાર બોલાયેલા શબ્દો પાછા ખેંચી લઈ શકતા નથી. એટલે તે બોલ્યા, "અહલ્યા તુ જાણે છે કે-એક વાર બોલેલા શબ્દોની વિરુદ્ધ ન જવાની મેં પ્રતિજ્ઞા લીધી છે. એટલે તારે ઝાડીમાં અને કાંટામાં શોકમગ્ન બનીને અને ભૂખે મરીને રહેવું પડશે; પણ દશરથના પુત્ર રામ અહીં આવશે, તને જોઈને તે તારા પર કૃપા વરસાવશે, તે તને તેમનો ચરણ-સ્પર્શ કરવા દેશે, તે ખૂબ કરૂણા-પૂર્વક તારી સાથે વાત કરશે; તેમના દર્શનથી, સ્પર્શથી અને સંભાષણથી તું પવિત્ર બનીશ. પછી તું તારા મૂળરૂપમાં અને સૌંદર્યમાં પ્રકાશી ઉઠીશ, હું ત્યારે ફરી તારી સાથે સંયુક્ત થઈશ." એમ કહીને ગૌતમ આ સ્થાનને છોડી ગયા. તે હિમાલય-પ્રદેશમાં ચાલ્યા ગયા. તે ક્ષણથી અહલ્યાએ પોતાનું નામ રૂપ ગુમાવી દીધું. તે હવા પર જીવે છે કઠોર તપ કરે છે. પોતાના સ્વામી સાથે સંયુક્ત બનવા માટે ઉત્સુક છે. અને એક વાર મનોહર એવું આ ઉદ્યાન ઉપેક્ષિત બની ગયું છે."

જ્યારે વિશ્વામિત્રે આ કથા કહી, ત્યારે રામચંદ્રે બહુ આશ્ચર્ય વ્યક્ત કર્યું, શું તમે એમ કહો છો કે-તે મારી પ્રતીક્ષા કરી રહી છે! બિચારી! જો તે ક્યાં છે તે મને જણાવો તો કેવું સારૂં! તે બિચારી ખૂબ તપ કરી રહી છે. તમે મને કહો કે તે ક્યાં છે." રામ આગળ ચાલ્યા, વિશ્વામિત્ર અને લક્ષ્મણ તેમની પાછળ પાછળ ચાલ્યાં. તે કેટલીક ગાઢ ઝાડીઓમાંથી પસાર થયા અને એક કાંટાની ઝાડી પાછળ આવેલી ઝુંપડીમાં પ્રવેશ્યાં.

તે ક્ષણ સુધી અહલ્યા તપસ્યામાં વિલીન હતી. દેવોની, રાક્ષસોની અને મનુષ્યોની દૃષ્ટિથી તે ખૂબ દૂર રહેતી. તે પોતાનું નામ ભૂલી ગઈ હતી. તેણે પોતાનું રૂપ ગુમાવી દીધું હતું. તેને નિદ્રાની અને આહારની કોઈ દરકાર ન હતી. તે માત્ર એક શિલા તરીકે જીવી રહી હતી. તે વાદળો વડે આચ્છાદિત ચંદ્રના મંડળ જેવી, ખૂબ ધૂમ્રના પડદાઓ વડે આચ્છાદિત યજ્ઞ-અગ્નિ જેવી દેખાતી હતી. રામ પાસે આવ્યા; તેમનો પગ અહલ્યાને અડકયો!.

અહલ્યાએ મસ્તક ઊંચું કર્યું. રામના દિવ્ય-સુંદર રૂપને જોઈને તેણે તેમના પગ પકડયા. તે આનંદ-પૂર્વક બોલી ઉઠી, "ઓહ, મારો ઉદ્ધાર થઈ ગયો. હે ભગવાન, મને પાપમાંથી બચાવવા પધારો. છેવટે તમારું હૃદય પીગળ્યું ખરું!" આભારની લાગણીથી તેણે રામની ખૂબ સ્તુતિ કરી. વાદળમાંથી બહાર નીકળેલા ચંદ્રની પેઠે તેજસ્વી અને તાજી બનીને તે ઉઠી. તે ક્ષણે યોગનાં રહસ્યોના સ્વામી ગૌતમ પણ તેમની પાસે દેખાયા, કારણ કે તે જાણતા હતા કે-રામ આવી ગયા છે અને તેમણે પોતાની પત્નીનો ઉદ્ધાર કર્યો છે. કઠોર તપ વડે વિશુદ્ધ બનેલી અને રામના આશીર્વાદને પામેલી પોતાની પત્નીનો તેમણે સ્વીકાર કર્યો. બંને પતિ-પત્ની રામના અને લક્ષ્મણના પગે પડ્યા. બન્ને ભાઈઓ આનંદ-વિભોર બની ગયા. ગૌતમે વિશ્વામિત્રનું પૂજ્યભાવ-પૂર્વક સન્માન કર્યું. પોતે જે આશ્ચર્ય નિહાળ્યું હતું તેથી શિષ્ય-મંડળી આશ્ચર્ય-ચકિત બની ગઈ. આશ્ચર્ય વડે સ્તબ્ધ બનેલી આંખો વડે તે બે ભાઈઓ સામે જોઈ રહી. વિશ્વામિત્રે ગૌતમની રજા લીધી, અને રામ લક્ષ્મણની સાથે ઇશાન-દિશામાં ચાલવા માંડ્યું.

સાંજરે તેઓ એક નગરીમાં પાસે આવી પહોંચ્યા. દૂરથી નગરી તરફ અંગુલિ-નિર્દેશ કરીને મુનિ બોલ્યા જે અનેક, વિશાળ ભવ્ય મકાનોવાળી આ નગરી મિથિલા છે. તે સાંભળીને બન્ને ભાઈઓ  તથા મુનિનાં શિષ્યો હર્ષપૂર્વક કૂદી ઉઠ્યા. તેઓ આનંદને પોતાની અંદર સમાવી શક્યા નહિ. તે સ્થાનથી તેમણે ઝડપ ભેર ચાલવા માંડ્યું. શારીરિક થાકને ભૂલી જઈને તેઓ ઝડપભેર નગરીના મુખ્ય દરવાજે પહોંચી ગયાં.

જ્યાં જ્યાં તેઓ વળતા, ત્યાં ત્યાં વેદ-મંત્રો ભણતા તાપસો અને બ્રાહ્મણો તેમની નજરે પડ્યા. તેમણે જોયું તો અનેક ઘરોમાં યજ્ઞના અગ્નિનાં વિધિ-પૂર્વક આહુતિઓ અપાઇ રહી હતી. આસપાસનાં ગામડામાંથી આવેલા લોકોના ગાડાંની આસપાસ  બેસીને તે લોકો દરેક વૃક્ષની છાયામાં આરામ કરી રહ્યા હતા. ત્યાં ભિન્ન-ભિન્ન ઉમરનાં સ્ત્રી-પુરુષો હતાં. તેમનાં બાળકો તેમની સાથે હતાં. તે બધા વર્ણોના, ભિન્ન ભિન્ન ધંધાઓ કરતાં, જીવનના ચારેય આશ્રમોમાં જીવન ગાળતા. તે લોકો ખૂણે-ખૂણેથી એકઠા મળ્યા હતા. તે એક આનંદમાં પ્રવાહમાં ગતિ હતી. નગરીમાં ઉત્સુક લોકો બધા માર્ગો પર આમ-તેમ વિચારતા હતા. મુનિ અને તેમના અનુયાયીઓ એક ઓછી ભીડવાળા તળાવને ઓવારે

પહોંચ્યા, કારણ કે-તેમને ક્યાં રહેવાનું છે તેનો નિર્ણય તેમણે હજી હવે કરવાનો હતો, તેમના ઉતારા માટે તેઓ કશું જાણતા ન હતા. સાયં-સ્નાનનો સમય નજીક આવી રહ્યો હતો. એટલે તેમણે પોતાના સર-સામાન કિનારા પર મુક્યો, સ્નાન કર્યું અને સાયં-સંધ્યા કરી લીધી.

યજ્ઞનો સમય આવી રહ્યો હતો. એટલે દરબારીઓ અને સૈનિકો રાજમહેલમાંથી નીકળીને દરેક કલાકે આવતા તાપસોની વચ્ચે ઘૂમી રહ્યા હતા, તેમના ગુરૂઓના અને આશ્રમોનાં નામ શોધી કાઢવા પ્રયત્ન કરી રહ્યા હતા, તેમનો આધ્યાત્મિક દરજ્જો જાણી લેવા કોશીશ કરી રહ્યા હતા, અને આ પ્રસંગ પર આવવાનું અને તેમને ખાસ નિમંત્રણ મોકલવામાં આવ્યું હતું કે નહીં તે જાણવા પ્રયત્ન કરી રહ્યા હતા. જનક રાજાનો એવો આગ્રહ હતો કે-તેવા બધા સમાચાર તેમને વિલંબ વગર પહોંચાડવા.

તે દરમિયાન વિશ્વામિત્રે સ્નાન-સંધ્યા પૂરાં કર્યાં હતાં. તળાવને કિનારે તે અને તેમના શિષ્યો બે ભાઈઓ સાથે બેઠા હતા, રામ અને લક્ષ્મણ સ્વર્ગમાંથી પૃથ્વી પર પડેલા બે તારાઓ જેવા દેખાતા હતા. મુનિ તેમની સામે મિથિલાના યશનું વર્ણન કરી રહ્યા હતા. તેટલામાં દરબારમાંથી આવેલા એકદૂતે વિનય-પૂર્વક તેમને પૂછ્યું કે-"ગુરૂજી, કૃપા કરીને આપ કોણ છો તે મને કહો. આપ ક્યાંથી પધાર્યા છો? અમે રાજાનાં દૂતો છીએ, અમે તેમની આજ્ઞાઓનું પાલન કરીએ છીએ અને અમારી ફરજ બજાવીએ છીએ. આપ આપનું નામ કહો, એટલે અમે રાજાને આપના આગમનના સમાચાર આપી શકીએ."

જ્યારે દૂતે ઝડપભેર રાજ-મહેલમાં જઈને જનક રાજાને સમાચાર આપ્યા કે-મુનિ વિશ્વામિત્ર આવી ગયા છે, ત્યારે તેમણે તે મહાનમુનિના સ્વાગત માટે યોગ્ય વ્યવસ્થા કરી, અને દરબારના મુખ્ય બ્રાહ્મણોને પુરોહિતોને અને પંડિતોને તેમના આગેવાન શતાનંદની દેખરેખ હેઠળ, વિશ્વામિત્ર પાસે મોકલ્યા.

તે મંડળી, સ્વાગત અને શુભેચ્છાઓના વેદ-મંત્રોનો ઉચ્ચાર કરતી-કરતી તળાવને કિનારે આવી પહોંચી. વિશ્વામિત્રને ખ્યાલ આવી ગયો કે-તે પોતાને રાજા પાસે લઈ જવા માટે આવે છે. તેમણે રામને અને લક્ષ્મણ ને પોતાની સાથે જવા માટે તૈયાર રહેવાનું

કહ્યું. દરેક જણ તૈયાર થઈ ગયું. તે દરમિયાન શતાનંદે વૈદિક વિધિ અનુસાર, એક મહાન મુનિને છાજે તેવું વિશ્વામિત્રનું સન્માન કર્યું. શતાનંદ વિશ્વામિત્રને પગે પડ્યા, બધાને વેદ-મંત્રો વડે પવિત્ર કરાયેલો અલ્પાહાર તેમણે આપ્યો, અને તે દષ્ટાંત-રૂપ નમ્રતા-પૂર્વક બોલ્યા કે રાજાની આજ્ઞા-નુસાર હું આ બધાઓને લઈને તમારા બધાનું સાચાદિલથી સ્વાગત કરવા આવ્યો છું. તેમણે વિશ્વામિત્રની મંડળીના સરસામાનનાં પોટલાં લઈ આવવા માટે એક પાલખી ત્યાં મૂકાવી, અને મુનિ વિશ્વામિત્રને તથા તેમના સાથીદારોને તે પોતાની સાથે લઈને ચાલ્યા. આગળ સંગીતકારોના વૃંદો પોતાના વાદ્યો વગાડી રહ્યા હતા.

તેઓ રાજમાર્ગ પર પ્રવેશ્યા કે જનક રાજા, પોતાના દરબારીઓ અને મંત્રીઓ સાથે અને પોતાનાં નજીકના સગાં-વહાલા સાથે, તેમને લેવા સામા આવ્યા. જનક રાજાએ વિશ્વામિત્રને દંડવત પ્રણામ કર્યાં. અને તે બોલ્યા કે-હે સ્વામી, આજે મારી સૌથી મહાન મહત્વકાંક્ષા સિદ્ધ થઈ છે; તમારા આગમનથી મિથિલાને એક અસાધારણ તેજ પ્રાપ્ત થયું છે. પછી તેમણે મુનિના, તેમના શિષ્યોના કુશલ-સમાચાર પૂછયા. તેમની નજર રામ અને લક્ષ્મણ પર પડી. જનક રાજાને તે બંને સૂર્યના મૂર્તિમંત પ્રકાશ સમાન લાગ્યા. થોડીક ક્ષણો સુધી તો તેમને શું બોલવું તે જડ્યું નહીં. પોતે અત્યારે ક્યાં હતા તેનું ભાન તેમણે ગુમાવી દીધું. પ્રયત્ન-પૂર્વક તેમણે પરિસ્થિતિનું ભાન પ્રાપ્ત કર્યું. અને તેમણે વિશ્વામિત્રને પૂછ્યું, "ગુરૂજી, આ બે જણ કોણ છે? તે મને બે અશ્વિનીકુમારો જેવા લાગે છે. એમ લાગે છે કે-તે બંને મારા પર કૃપા કરવા માટે હમણાં જ સ્વર્ગમાંથી નીચે આવ્યા છે. તેમનામાં તે દેવોનું સુકોમળ, દિવ્ય સૌન્દર્ય છે. અથવા તો કદાચ તે પૃથ્વી પર આવેલા સૂર્ય અને ચંદ્ર પણ હોય. આ બે સૌંદર્યની કુમાર-મૂર્તિઓ આટલે બધે દૂર ચાલીને તમારી મંડળી સાથે કેવી રીતે આવી ચઢી? અથવા શું તમને અહીં જ તેમનો પરિચય થયો અને તેઓ તમારી સાથે આવ્યા?" જનક રાજા એક પછી બીજો એમ પ્રશ્નોની પરંપરા રેલાવી રહયા હતાં-જાણે કે તે પોતાની જાત સાથે વાત ન કરતા હોય! તે ક્યાં હતા અથવા તેમને શું જાણવાની ઇચ્છા હતી-તે બધું તે ભૂલી ગયા.

વિશ્વામિત્રે તેમની દશા જોઈ. તે પોતાના સ્મિતને રોકી શક્યા નહિ. તે બોલ્યા, "આ બે અયોધ્યાના રાજા દશરથના પુત્રો છે. તેમના નામ રામ અને લક્ષ્મણ છે. આ કુમારોની વીરતા અને કુશલતા ચમત્કારિક, આશ્ચર્યજનક છે." મુનિ ઘણું વધારે કહેવા ઇચ્છતા હતા, પણ પોતાના ઉતારાના સ્થાને પહોંચ્યા પછી તેમને વિષે બધું કહેવાનું તેમણે વધારે યોગ્ય માન્યું. એટલે તેઓ વિશ્વામિત્ર માટે અને તેમની મંડળી માટે અલગ રાખેલા ઉતારા પ્રત્યે ચાલ્યા.

તેમનો ઉતારો એક નાનકડા, મંદિર જેવા મકાનમાં હતો. તે એક સુંદર ઉદ્યાનમાં આવેલું હતું. તેને સુંદર લીલા પાંદડાંથી અને તોરણોથી શણગારવામાં આવ્યું હતું. તેમાં ગાઢ શાંતિ હતી. ત્યાં જાણે કે સ્વર્ગ-માંથી કૃપાની આંખો શાંતિ વરસાવતી હતી. તે રાજ-મહેલતી તદ્દન તેમને તે મકાન બતાવીને જનક ફરી મુનિને પગે પડ્યા  અને બોલ્યા," તમારા આગમનથી મને અપાર બળ અને આનંદ પ્રાપ્ત થયાં છે મને ખાતરી છે કે-તે મારાં પૂર્વજન્મોમાં કરેલાં પુણ્યનું ફલ છે. હવે તમારી રજા લઇશ. ઋત્વિજોના અભિપ્રાય મુજબ હજી યજ્ઞની શરૂઆતને ૧૨ દિવસ બાકી છે. એટલે તમે કૃપા કરીને મિથિલા નગરીમાં રહો અને મને આશીર્વાદ આપો. "વિશ્વામિત્રે તેમને ખાતરી આપી કે-મને તમારા પ્રસ્તાવને પ્રત્યે કોઈ વાંધો નથી. જનકના મનમાંથી તેમણે તે બાબત સર્વ ભયને દૂર કર્યા. રામે અને લક્ષ્મણે એકબીજાની સામે જોયું જાણે કે લાંબા સમય સુધી તેમને દૂર રહેવું પડશે.

તે રાતે તેઓ આરામ અને અવિક્ષિપ્ત નિદ્રા પ્રાપ્ત કરે તે માટે વ્યવસ્થા કરવામાં આવી. રાજમહેલમાંથી તે બધાને માટે દૂધ, ફળ, વસ્ત્રો અને બીજી વસ્તુઓ લાવવામાં આવ્યાં. રજા લેતાં જનક બોલ્યા કે આવતી કાલે સવારે હું તમારા દર્શન માટે આવીશ; તમારા આરામમાં વધુ સમય ખલેલ કરવી એ યોગ્ય નથી, કારણ કે તમારે લાંબી અને થાકી જવાય તેવી મુસાફરી કરવી પડી છે, પંડિતો, પુરોહિતો, અને વિદ્વાનો સાથે જનક રાજમહેલમાં ગયા.

રામે અને લક્ષ્મણે રાજાની વિનમ્રતા અને ભક્તિ બાબત તેના મુખ પર પ્રકાશના શાંતિના અને આનંદના તેજ વિષે વાતો કરી. તેઓ ગુરૂની પડખે બેઠા અને ફળો તથા દૂધ લીધા. પછી ગુરૂની રજા લઈને આરામ કરવા માટે તેઓ પોતાની રૂમમાં ગયા.

તે રાત્રે સારી રીતે ઊંઘ્યાં. જ્યારે પ્રભાત થયું, ત્યારે બારણા આગળથી શરણાઈ અને દુંદુભિનું સંગીત સંભળાવા લાગ્યું. બ્રાહ્મણો વેદ-સૂકતોનું ઉચ્ચારણ કરવા લાગ્યા. રામ અને લક્ષ્મણ ઉઠ્યા. સ્નાન-સંધ્યા કરીને તેઓ વિશ્વામિત્રની પાસે ગયા મુનિએ તેમને પીવા માટે દૂધના પ્યાલા આપ્યા, અને તે બોલ્યા કે-પુત્રો જનક ગમે ત્યારે હવે અહિ આવી ચઢશે; નાસ્તો લઈને તૈયાર થઈ જાઓ. તરત જ તેઓ અને મુનિના બીજા શિષ્યો પોત-પોતાની રૂમમાં ગયા, તેમણે ફળો અને દૂધ લીધાં. તેમણે પોતાના હાથ ધોયા, અને શાંતિપૂર્વક, પૂજ્ય-ભાવ-પૂર્વક ગુરૂજીની પાસે જઈને બેઠા.

તે દરમિયાન સમાચાર આવ્યા કે રાજ-પુરોહિત સાથે જનકરાજા ગુરૂજીને પગે લાગવા આવી રહ્યાં હતા. શંખોનો અને પરંપરાગત નવ વાદ્યોનો ધ્વનિ રાજાના આગમનને જાહેર કરતો હતો શુભ ચંદન-લેપ લઈને જનકે પ્રવેશ કર્યો. તેમના હાથમાં અક્ષતના દાણા હતા. શતાનંદે અને તેમની મંડળીએ પણ તે પવિત્ર સ્થાનમાં પ્રવેશ કર્યો. તેમણે આભાર વૃત્તિ-પૂર્વક અને આનંદપૂર્વક મુનિ વિશ્વામિત્રના પગ ધોયા.

પછી જનક વિશ્વામિત્રને પગે પડ્યા અને મુનિ માટે રાખેલા ઉચ્ચ આસનની એક બાજુએ ઉભા રહ્યા. વિશ્વામિત્રના કહેવાથી તે પોતાના આસન પર બેઠા. જનક બોલ્યા, "હે મહામુનિ, હવે તમારી શી આજ્ઞા છે? હું તેનું પાલન કરવા  તૈયાર છું કૃપા કરીને મને જણાવો." જનકે પોતાના બે હાથની અંજલિ રચી. વિશ્વામિત્ર સ્મિત-પૂર્વક  બોલ્યા, "કાલે રાત્રે સમય ન હતો, એટલે હું તમને બધું વીગતવાર કહી શક્યો ન હતો. હું તમને આ કુમારો વિષે-રામ અને લક્ષ્મણ વિષે કહીશ, કારણ કે તમે તેમની કથા સાંભળવા ઈચ્છતા હતા. જો અત્યારે તમને ફુરસદ ન હોય, તો તેમની કથા કોઈ બીજે વખતે સંભળાવીશ." જનકે જવાબ આપ્યો, "ગુરૂજી, તમારી સાથે વાર્તાલાપ કરતાં વધારે મહત્વનું બીજું કાર્ય મારે માટે કયું હોઈ શકે? લાંબા સમય સુધી મેં કરેલા તપને લઈને મને આ તક મળી છે.

તમે મને તેમની કથા કહી સંભળાવશો તે અપેક્ષાથી મને ખૂબ આનંદ થયો છે; હું તેને મારૂં પરમ સદભાગ્ય માનું છું."

પછી વિશ્વામિત્રે પોતે દશરથની રાજસભામાં ગયા હતા ત્યાંથી માંડીને રાક્ષસોના પોતાના યજ્ઞને દુષિત કરવાના બધા પ્રયાસો રામે અને લક્ષ્મણે કેવી રીતે ધિરતા પૂર્વક નિષ્ફળ બનાવ્યા હતા તે બધી ઘટનાઓ વર્ણવી બતાવી. રાક્ષસો સાથેના યુદ્ધમાં તે બે ભાઈઓએ બતાવેલી હિંમત અને કુશળતાનું તેમણે વર્ણન કર્યું; અને તે બેની સિદ્ધિઓની સ્તુતિ કરી. વર્ણન કરતાં કરતાં, મુનિની આંખોમાં આભાર-વૃત્તિના અને હર્ષનાં આંસુ ઉભરાયાં; તેમને ઘણીવાર પોતાના વસ્ત્રના છેડો વડે તે આંસુ લૂછવાં પડ્યાં.

તે શબ્દો સાંભળીને કુમારોની મનોહર સુંદરતા અને ભવ્યતા વડે પોતાની આંખોને તૃપ્ત કરતા જનકને પોતે સમાધિમાં જે આનંદ અનુભવતા હતા તે આનંદ પ્રાપ્ત થયો. તેમને લાગ્યું કે-કુમારો સાચે જ દિવ્ય તેજની મૂર્તિઓ છે. ઘણીવાર તેમણે બીજે જોવાનો પ્રયત્ન કર્યો પણ તેમની આંખો તો તે કુમારોનાં બ્રહ્મતેજ વરસાવતાં કમળ જેવા સુંદર મૂખોને જોવા માટે તરસતી હતી. જનકે પોતાના આંતર આનંદની બાહ્ય અભિવ્યક્તિને મહા-મુશ્કેલીએ દબાવી દીધી. નમ્રતા-પૂર્વક અને ભક્તિભાવ-પૂર્વક કુમારો તરફ પોતાની દ્રષ્ટિને સ્મિત સ્થિર કરીને જનક બેઠા. એક ક્ષણ માટે પણ તેમને એમ ન લાગ્યું કે-પોતે રાજા છે અને તે કુમારો બીજા રાજાના પુત્રો છે. તેમને એવી પ્રબળ લાગણી થઈ કે-તેઓ સ્વર્ગમાંથી પૃથ્વી પર આવ્યા હતા. કુમારોના પાર-માનવબળની અને કુશળતાની વાત સાંભળીને તેમની તે લાગણી વધારે દૃઢ બની હતી. તેમને ખ્યાલ આવ્યો કે-તે કુમારો વિરલ હતા, ભગવાન જેવા હતા, કારણ કે વીસ વર્ષની ઉંમર પહેલાં જ તેમણે સફળતાપૂર્વક એવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી, જે યજ્ઞને દૂષિત થવા દીધા સિવાય વિખ્યાત વિશ્વામિત્ર પણ પૂરો કરી શક્યા ન હતા તે યજ્ઞની તેમણે રક્ષા કરી હતી.

પછી મુનિએ મિથિલા પ્રત્યે મુસાફરીની વાત કહેવાની શરૂઆત કરી. જે કથાઓ તેમણે કુમારોને કહી સંભળાવી હતી. તે તેમણે જનકને પણ કહી સંભળાવી. જ્યારે ગૌતમ મુનિની પત્ની અહલ્યાના વિશુદ્ધિ-કરણની અને ઉદ્ધારની વાત સાંભળવામાં આવી, ત્યારે શતાનંદને ઘણું-ઘણું આશ્ચર્ય થયું. તે બોલ્યા, "શું મારી માતાને શાપ-માંથી મુક્ત

કરવામાં આવી છે? આ દિવ્ય વિભૂતિઓએ શું મારી માતાને પાવન કરીને મારા પિતાને પાછી સોંપી છે? ઓહ, તેઓ ચોક્કસ ભગવાન છે." તેમની આંખોમાં આભાર વૃત્તિના અને હર્ષના આંસુ ઉભરાયાં. તે એટલા બધા લાગણી-વશ બની ગયા કે-તે હાલી ચાલી શક્યા નહિ; ને સ્તંભ જેવા નિશ્ચેષ્ટ બની ગયા. વિશ્વામિત્રે તેમના તરફ બારીક નજર ફેંકી અને બોલ્યા, "હે પુત્ર, અત્યાર સુધી બનેલી આવી નાનકડી ઘટનાઓથી અભિભૂત ન બની જશો. હવે પછી ઘણી વધારે આશ્ચર્ય-જનક ઘટનાઓ બનવાની છે. પોતાની પાર-માનવ વીરતા વડે તેઓ આશ્ચર્ય અને આનંદ પ્રગટ કરવાના છે. આવતીકાલે કે પરમ દિવસે તમારાં માતા-પિતા પણ મિથિલા-નગરીમાં આવશે. તેમની પાસેથી સીધીસટ રીતે તમે રામ-લક્ષ્મણની અદ્ભુત કથા સાંભળી શકશો. તમારી જાતને શાંત કરો."

તે સાંભળીને જનક બોલ્યા, "ગુરૂજી, આવા દિવ્ય ગુણોવાળાપુત્રોનાં માતા-પિતા કેટલાં ભાગ્યશાળી છે? હું કેટલો બધો ભાગ્યશાળી છું કે વિચાર આવતાં તેઓ મારે ઘેર પધાર્યા!" રામ-લક્ષ્મણ પ્રત્યે વળીને તે બોલ્યા, "વહાલા સ્વજનો, મેં તમને ઉતારા માટે જે મકાન આપ્યું છે તે તેમને ગમતુ ન હોય અથવા તમારા દરજ્જા માટે યોગ્ય ન હોય, તો તે માટે મને ક્ષમા કરજો. જો તમે ઈચ્છો, તો હું તમારા માટે બીજી વધુ યોગ્ય સગવડ કરૂં. તમે મિથિલાથી અપરિચિત છો; એટલે જો  તમને ઠીક લાગે, તો નગરીનાં દ્રશ્યો જોવા માટે હું વ્યવસ્થા કરૂં જરા પણ સંકોચ રાખ્યા વગર, તમારે જે કાંઈ જોઈતું  હોય તે મને જણાવશો; તેથી મને ખૂબ હર્ષ થશે." વિનમ્રતા-પૂર્વક સારી રીતે બોલાયેલા તે શબ્દો સાંભળીને રામે જનક પ્રત્યે સન્માન-પૂર્વક જવાબ આપ્યો.

રામ બોલ્યા, "હે મહારાજ, અમે તો માત્ર બાળકો છીએ. તમે કરેલી સગવડોમાં અમને કશી ન્યૂનતા જણાતી નથી. અમે બહુ સુખી છીએ. અમારે માટે બીજે ક્યાંય વધારે સગવડ કરવાની કશી જ જરૂર નથી. પણ જો તમને મારે માટે ખૂબ પ્રેમ હોય, તો મારી એક ઇચ્છા તમે પૂર્ણ કરજો." તે ઇચ્છાને વ્યક્ત કર્યા સિવાય તે વિશ્વામિત્ર ગુરૂ તરફ વળ્યા. એટલે મુનિએ જનકને કહ્યું, "હે જનક, જે કામ માટે આ કુમારો મારી સાથે આવ્યા હતા તે પૂરૂં થઈ ગયું છે. મારો યજ્ઞ જરા પણ દૂષિત થયા વગર પૂરો થઈ ગયો છે. રામે અને લક્ષ્મણે પાછા અયોધ્યા જવા માટે મારી રજા માગી હતી. તે દરમિયાન તમે નક્કી

કરેલા યજ્ઞ માટે મને તમારું આમંત્રણ મળ્યું, એટલે મેં આ કુમારોને પણ મારી સાથે મિથિલા આવવાનું કહ્યું એટલે રામે કહ્યું કે-મારા પિતાએ મને આશ્રમમાં તમારા યજ્ઞની રક્ષા કરવા માટે જ મોકલ્યો છે; રામ મારી સાથે અહીં આવવા રાજી ન હતા; લાંબા સમય માટે તે પોતાના પિતાથી દૂર રહેવા માગતા ન હતા. પણ મેં તેમને તમારી પાસેનાં અનેક દિવ્ય આયુધો વિષે વાત કરી. તેઓ તે વસ્તુઓ જોવા માટે અને તેમનો પ્રયોગ કરવા માટે સ્વાભાવિક રીતે જ ઇંતેજાર છે. તમારી પાસે જે શિવ-ધનુષ છે તે તેમણે ખાસ જોવા જેવું છે. મેં તેમને તે ધનુષની કથા કહી સંભળાવી. તે જોવા માટે તેઓ અહીં મારી સાથે આવવા માટે સમંત થયા. નગરીના દ્રશ્યો જોવાની તેમની ઇચ્છા નથી. તેઓ તો સાધુ-જનોનું રક્ષણ કરતાં અને દુર્જનોને દંડ આપતાં ધનુષો, બાણો, અને આયુધોજ જોવા ઈચ્છે છે" જનકને લાગ્યું કે વધુ સાંભળવાની પોતાને જરૂર નથી. તે બોલ્યા કે-"તો તો હું ધનુષને યજ્ઞ-ખંડમાં લાવવાની વ્યવસ્થા કરીશ, અને તેને માટે શતાનંદ ગુરૂને શુભ મુહૂર્ત ખોળી કાઢવાની વિનંતી કરીશ." તેમણે તે વાત શતાનંદને જણાવી.

તે દરમિયાન રામે જનકને પૂછ્યું કે-મહારાજ, જો તમે અમને તમે તે દિવ્ય ધનુષ કેવી રીતે પ્રાપ્ત કર્યું તે કહો, તો અમને ખૂબ આનંદ થાય. જનકે હર્ષપૂર્વક તે બાબતની વીગતો જણાવી, હે વહાલા કુમારો, મારા કુળના મહાન પુર્વજ નિમિ પછી, છ પેઢીઓ પછી દેવ-રથ નામના રાજા આ રાજ્ય પર શાસન કરતા હતા. દેવોએ શિવના આ ધનુષને તેમના રાજ-મહેલમાં મૂક્યું હતું ત્યારથી તે અમારી પાસે જ રહ્યું છે. તે દેવોનું આયુધ છે; એટલે હું કહું છું કે-તે સામાન્ય ધનુષ નથી. તેનું વજન હજારો ટન છે, અત્યાર સુધી કોઈ તેને ઉંચકી શક્યું નથી. ભૂતકાળમાં ઘણીવાર મેં તેવા માણસને શોધી કાઢવા પ્રયત્ન કર્યો હતો કે જે તેને નમાવી શકે, વાપરી શકે અથવા લોકો તેને જોઈ શકે તેટલા માટે તેને ધારણ કરી શકે. મેં ઘણા માણસોને તેવા પ્રયત્ન કરવા નિમંત્ર્યા હતા. પણ તેમ કરનાર માણસને જોવા એ બાકી રહ્યું છે, જે જે રાજાએ અને રાજકુમારે તે પરાક્રમ કરવા પ્રયત્ન કર્યો હતો. તે દરેક જણ નિષ્ફળ ગયો છે અને નીચે મુખે વિદાય થયો છે. તે લોકો તે ધનુષને વાળી પણ શકયા ન હતા. અથવા જરા પણ ખસેડી શક્યા

ન હતા, એક દિવસ, મેં જયાં યજ્ઞ કરવાનો નિર્ણય કર્યો હતો ત્યાં હું જમીન કરી રહ્યો હતો; ત્યારે તેના ચાસમાં એક પાત્ર દેખાયું. જ્યારે મેં તેનું નિરીક્ષણ કર્યું, ત્યારે તેમાં મેં એક સુંદર કન્યાને જોઇ. તે કન્યા ચાસમાંથી-ભૂમિમાંથી પ્રગટ થઈ હતી, એટલે અમે તેનું નામ સીતા પાડ્યું. તેને અમે અમારી પુત્રીને પેઠે ઉછેરીને મોટી કરી. એક દિવસે તે તેની સખીઓ સાથે રમતી હતી, ત્યારે તેનું રમકડું તે ધનુષ્યની પેટી નીચે ગબડી ગયું. જેમ જેમ તે દડાને (રમકડાંને) અનેક સાધનો તથા યુક્તિ-પ્રયુક્તિઓ વડે પાછો પ્રાપ્ત કરવા પ્રયાસ કરતી, તેમ તેમ તે પેટીની તળે તે વધારે ને વધારે દૂર સરકતો ગયો. પોતાની સખીઓની અને રાજમહેલના રક્ષકોની નિષ્ફળતાથી સીતા હસી પડી, તેણે પોતાના કોમલ હાથ વડે તે પેટીને ખસેડી દીધી અને તે દડો પાછો પ્રાપ્ત કરી લીધો. તે જોઈ બધા આશ્ચર્ય-ચકિત બની ગયા. તે વખતે સીતાની આસપાસ જે લોકો હતા તેમણે રાણીઓને તે વાત કરી; રાણીઓએ મને વાત કરી.

તે દિવસે મેં નિર્ણય કર્યો કે-જે પુરુષ આ ધનુષને પણછ ખેંચીને ચઢાવશે તેની સાથે હું સીતાને પરણાવીશ. સીતાને મેળવવા માટે ઘણા રાજકુમારોએ તે ધનુષને ઉચકીને નમાવવાનો પ્રયાસ કર્યો છે પણ તે બધા નિષ્ફળ નીવડયા છે અને નિંદાપાત્ર બન્યા છે. તેમને અપમાન લાગ્યું; તે બોલ્યા કે-તમે જાણી જોઈને અમારૂં અપમાન કર્યું છે. તેઓ ક્રોધપૂર્વક અને નિરાશા-પૂર્વક મિથિલા-નગરી પર ચઢી આવ્યા; તેમનાં સૈન્યો તેમની સાથે હતા. તે ઘેરો એક વર્ષ સુધી ચાલ્યો, પરિણામે મારાં બધાં શસ્ત્રાસ્ત્રો અને સેના ખલાસ થઈ ગયા. મને મિથિલાના ભાવિ માટે ચિંતા થઈ. તપ વડે દેવોની કૃપા પ્રાપ્ત કર્યા સિવાય મારી પાસે બીજો કોઈ ઈલાજ ન હતો. દેવો પ્રસન્ન થયા. તેમણે મને પાયદળ, અશ્વદળ, ગજદળ, અને રથદળ આપ્યાં અને આશીર્વાદ આપ્યાં. તે મદદ મને તેવા સ્થાને આપવામાં આવી કે જે ઘેરો ઘાલનાર સૈન્યોની પાછળ હતું, મેં શત્રુઓ પર પાછળથી હુમલો કર્યો. તેઓ વેર-વીખેર થઈ ગયા. આ વેર-વૃતિથી થયેલાં યુદ્ધો દરમિયાન હું ધનુષને સાચવી રાખી શક્યો હતો. હું આંખની કીકીને પેઠે તેનું રક્ષણ કરતો. તેનું રહસ્યમય બળ અવર્ણનીય છે.

હે રામ, રામચંદ્ર હું તમારી ઈચ્છા પૂર્ણ કરવાની મના નહીં કરું. જો તમે સંમત થાઓ, તો તે ધનુષ યજ્ઞ-મંડપમાં લાવવામાં આવશે હું ઘોષણા કરીશ કે-જે કોઈ માણસ તે ધનુષ ઉચકવાની અને બળવાની હિંમત બતાવવા તૈયાર હશે, તે તેમ કરી શકશે. "જ્યારે જનક આમ સતા પૂર્વક બોલ્યા, ત્યારે રામે તથા લક્ષ્મણે એક બીજા સામે જોયું, પણ તેમણે કશો જવાબ ન આપ્યો, કારણ કે-તેઓ તે બાબત ગુરૂજીની આજ્ઞાની રાહ જોઈ રહ્યા હતા.

તે જ વખતે તે ભાઈઓની કુશળતાને તથા બળને જાણનાર વિશ્વામિત્ર બોલ્યા કે-જનકે જે પ્રસ્તાવ મૂક્યો છે તેનો અમલ ભલે થાય; તેમાં કોઇ અવરોધ ઉભો થવાનો ભય રાખવાની જરૂર નથી. જનકે પણ જાહેર કર્યું કે-હું જે માણસ ધનુષને ઉઠાવીને વાળશે તેની સાથે સીતાને પરણાવીશ, કારણ કે મેં તેવી પ્રતિજ્ઞા કરી છે, વિશ્વામિત્રે પણ તે પ્રક્રિયામાં સંમતિ આપી.

મુનિની રજા લઈને જનક રાજ-મહેલમાં ગયા. ધનુષને યજ્ઞ-મંડપમાં લઇ જવાનું કામ તેમણે ઉપાડ્યું તેમણે સાદ પડાવ્યો કે-ધનુષનાં દર્શન બધા લોકો કરી શકશે; બને તેટલા રાજાઓને તથા રાજકુમારોને તેમણે તે સમાચાર મોકલ્યા. ખૂબ ભારે વજન ઉંચકનાર લોકોના સમૂહે ધનુષ્યવાળી પેટીને એક આઠ પૈડાંવાળા વાહનમાં મૂકી, અને તેને ધકકેલીને યજ્ઞ-મંડપમાં લઈ જવા માટે પ્રયત્ન કરવા લાગ્યા. પણ તેઓ એક ડગલું પણ આગળ ભરી શક્યા નહિ. એટલે તેમને મદદ  કરવા માટે મજબૂત બાંધાના બીજા અનેક લોકોને બોલાવવામાં આવ્યા. તે બધા મળીને તે વાહનની સાંકળો ખેંચવા લાગ્યા અને પાછળથી ધકકેલવા લાગ્યા. છેવટે ધનુષ યજ્ઞ-મંડપમાં પહોંચી ગયું, પુરોહિતો શુભ સ્વાગતના મંત્રો ભણવા લાગ્યા.

સવાર થયું. નવ પરંપરાગત વાદ્યોએ સંગીતનો ધ્વનિ પેદા કર્યો અને તે આકાશ સુધી પહોંચી ગયો. શંખો વગાડવામાં આવ્યા ગીતો અને વિધિઓ વડે તે દિવસની શુભ કલ્યાણમયતા પ્રગટ કરવામાં આવી. પુરોહિતો સાથે જનક રાજાએ યજ્ઞ-મંડપમાં પ્રવેશ કર્યો, પરિચારિકો દિવ્ય ધનુષની પૂજા-વિધિ કરવા માટેના દ્રવ્યો લઈ આવ્યા, ત્યાર પહેલાં તો યજ્ઞ-મંડપ રાજાઓ, પુરોહિતો, મંત્રીઓ, દરબારીઓ, મુનિઓ અને વિદ્વાનો વડે

ભરાઈ ગયો હતો. જનક રાજાએ પ્રવેશ કર્યો કે તરત જ માન આપવા માટે આખી સભા ઊભી થઈ ગઈ. વેદના પંડિતો કૃપા વરસાવવા માટે દેવોનું આવાહન કરવા કરતા વેદ-મંત્રો ભણી રહ્યા હતા. એકી સાથે સાથે તેમનો અવાજ સ્વર્ગમાં પહોંચી ગયો. બીજા બ્રાહ્મણો વેદોમાંથી બીજા મંત્રો ભણી રહ્યા હતા. બધા લોકો અપેક્ષાથી એટલા બધા વ્યાપ્ત થઈ ગયા હતા કે-આંખનું એકપણ મટકું માર્યા વગર તેઓ આશ્ચર્ય-પૂર્વક જોઈ રહ્યા હતા.

જનકે ધનુષવાળી પેટીની પૂજ્યભાવ-પૂર્વક પ્રદક્ષિણા કરી; તેના પર પુષ્પો ચઢાવ્યાં. તે સમયે ધનુષને પ્રસન્ન કરવા માટે મંત્રો બોલાઇ રહ્યા હતા. જનકે દિવ્ય ધનુષને પ્રણામ કર્યા. પછી વિખ્યાત સભાને સંબોધતા તેમણે જાહેર કર્યું કે- "મુનિઓને મારા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ. સભામાં આવનાર બધા લોકોનું હું સ્વાગત કરૂં છું તમે બધા જાણો છો તેમ, ઘણા વર્ષોથી મારા પૂર્વજો તથા બીજા રાજાઓ આ દિવ્ય ધનુષની પૂજા કરતા આવ્યા છે, વળી તે પણ એક જાણીતી હકીકત છે કે દેવ, રાક્ષસ, યજ્ઞ, અસુર, ગરુડ, ગાંધર્વ, કિન્નર, કે મહોરગ (મહાનસર્પ)- કોઈ પણ આ ધનુષને ઉચકવા, ધારણ કરવા, અને ચઢાવવા સાર્થક થયું નથી. જેમણે જેમણે કોશિશ કરી છે, તે બધા અપમાન પામીને વિદાય થયા છે. તેમ છતાં આજે મેં આ પવિત્ર ધનુષને આ યજ્ઞ-મંડપમાં લાવવાનો નિર્ધાર કર્યો છે. અહીં એકત્રિત થયેલા માણસોમાંથી ગમે તે માણસ આ ધનુષને ઉંચકી શકે છે, પણછ ખેંચી શકે છે, તેના પર બાણનું અનુંસંધાન કરી શકે છે, અથવા ધનુષના વજનને ધારણ કરી શકે છે. ધનુષ તમારી સામે જ છે. "એટલા શબ્દો બોલીને જનકે સભા સમક્ષ હાથની અંજલી જોડી અને પછી તે સિંહાસન પર બેઠા.

વિશ્વામિત્રે સ્મિત-પૂર્વક રામ તરફ દ્રષ્ટિ ફેંકી. રામ તરત વાહન પાસે ગયા, પોતાના ડાબા હાથથી તેમણે તેના પરલોઢાનું ઢાંકણું દૂર કર્યું, અને જમણા હાથ વડે પેટીમાંથી જરાપણ શ્રમ વગર નિશ્ચિતપણે ધનુષને ઉચકી લીધું. ધનુષને સીધું ધારણ કરીને તેમણે આસપાસ નજર ફેંકી દરેકનાં મુખ પર આશ્ચર્ય છવાઈ ગયું. તે આશ્ચર્ય કારક ઘટનાને જોઈને હજારો નાગરિકોએ, રાજાઓએ, રાજકુમારોએ, મુનિઓએ, અને વડીલોએ હર્ષપૂર્વક એવી તો તાળીઓ પાડીકે આકાશમાં તેના અવાજના ધ્વનિ-પ્રતિધ્વનિ પડવા

લાગ્યા. તરત જ રામે બાણનું અનુસંધાન કરીને તે ભવ્ય ધનુષને ચઢાવ્યું, પણછને તેમણે પોતાના કાન સુધી ખેંચી પણ ધનુષ કડાક દઈને તૂટી ગયું.

તે વિચિત્ર, અચિંતિત ધડાકાથી દરેક જણને ભયનો તથા ગૂંચવાડોનો આઘાત થયો, કેટલાક મૂર્છિત બની, કેટલાક ભયભીત બનીને ચીસ પાડી, કેટલાક ભયભીત બનીને નાસી ગયા. ભગવાનને પ્રાર્થના કરી. વધુ વિસ્તાર કરવાની શી જરૂર ? જનક વિશ્વામિત્ર, અને રામ-લક્ષ્મણ સિવાયની આખી સભા ન સમજાવી શકાય તેવા, આશ્વાસનરહીત ભયમાં ડૂબી ગઈ.

તે દરમિયાન જનક પોતાના આસન પરથી ઊભા થયા, વિશ્વામિત્રને તેમણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા, અને બોલ્યા, "ગુરૂજી પૃથ્વી પર એવો કોઈ માણસ નથી, જેનામાં રામ કરતાં વધારે બળ હોય; આવું બળ પાર્થિવ ના હોઈ શકે. હું મારૂં વચન પાળીશ. જેમણે ધનુષ્યને ઉચક્યું અને ભાંગી નાખ્યું તેમની સાથે હું સીતાને પરણાવીશ."

વિશ્વામિત્રે જવાબ આપ્યો, "જનક, તમે આ સમાચાર દશરથ રાજાને મોકલી આપો, અને તેમના આવ્યા પછી શુભ લગ્ન- પ્રસંગ ઉજવો તે વધારે સારું છે, મારી એવી ઈચ્છા છે. રામ પોતાના પિતાના એવા આજ્ઞાંકિત પુત્ર છે કે-દશરથ સંમતિ આપે ત્યાર પહેલાં તે લગ્ન માટે સંમતિ નહીં આપે, "એટલે જનકે દરબારના બ્રાહ્મણોને તથા કેટલાક મંત્રીઓને પોતાની પાસે બોલાવ્યા. સવાર પડી કે તરત જ તેમને અયોધ્યા મોકલ્યા. તેમણે ત્રણ દિવસો અને ત્રણ રાતો સુધી વેગવાન ઘોડા જોડેલા રથોમાં ઝડપભેર મુસાફરી કરી. ચોથે દિવસે સવારે તેઓ અયોધ્યા આવી પહોંચ્યા રાજમહેલના મુખ્ય દરવાજે તેમણે પોતાના રથોને ઉભા રાખ્યા, જેથી દશરથ રાજાને તેઓ પોતાના સમાચાર વિલંબ વગર જણાવી શકે. જ્યારે દ્વારપાળોએ તેમનાં નામ અને આવવાનું કારણ પૂછયાં, મંત્રીઓએ કહ્યું કે-રાજાને જઈને કહો કે અમે મિથિલાથી તેમને મળવા આવ્યા છીએ, દ્વારપાળોએ દશરથને તરતજ તે સમાચાર જણાવ્યા રાજાએ તરત જ તેમને રાજમહેલમાં પોતાની પાસે બોલાવ્યા.

જ્યારે મિથિલાના બ્રાહ્મણોએ અને મંત્રીઓએ દશરથને પોતાના સિંહાસન પર બેઠેલા જોયા, ત્યારે તે વૃદ્ધ હોવા છતાં દિવ્ય રીતે તેજસ્વી દેખાતા હતા. તેમનું તેજસ્વી

સન્માન-યોગ્ય મુખ જોઈને તેઓ જરા પણ સંકોચ કે આનાકાની વગર તેમને પગે પડ્યા. ઉભા થઈને તેઓ બોલ્યા, "હે મહારાજ, અમે મિથિલાના રાજા જનકના દૂતો છીએ. જનક રાજાએ અમને ફરમાન કર્યું છે કે-જઈને દશરથ રાજાના અને તેમના પ્રજાજનોના કુશળ સમાચાર પૂછજો. અમને તેમણે, વિશ્વામિત્રની અને રાજ-પુરોહિતની શતાનંદની સંમતિથી, તેમને એક મહત્વના સમાચાર જણાવવા માટે મોકલ્યા છે."

દશરથનું મુખ સ્મિતો વડે પ્રકાશિત બની ગયું; તેમને અડગ ખાતરી હતી; મિથિલાના પ્રતિનિધિઓની નમ્રતાથી તથા સારી રીત-ભાતની તેમના પર સારી અસર પડી. તે બોલ્યા, "હે બ્રહ્મણશ્રેષ્ઠ, હે મિથિલાના મંત્રીઓ. અયોધ્યાના રાજ્ય-વહીવટમાં કોઈ ક્ષતિ નથી, અગ્નિહોત્ર જેવા વિધિઓમાં ક્યાંય અવરોધ નથી, મારા પ્રજાજનોના સુખમાં કશી પણા નથી, તેમના નૈતિક અને આધ્યાત્મિક વિકાસના માર્ગમાં કોઈ વિઘ્ન નથી. માસ પ્રજાજનો સમૃદ્ધ છે; તેઓ સ્થિરતા-પૂર્વક ઊચ્ચતમ લક્ષ્ય પ્રત્યે પ્રગતિ કરી રહ્યા છે. તે તેમને જણાવતાં મને આનંદ થાય છે;હું મિથિલા- નરેશ જનકના કલ્યાણ અને સ્વાસ્થ્ય વિષે. તેમના રાજ્યમાં નિર્વિઘ્ને થતાં, વેદ-વિધાન અનુસાર કરાતાં ધાર્મિક કાર્યો વિષે જાણવાની ઈચ્છા રાખું છું. તમે જે સંદેશ લઈને આવ્યા છો તે જરા પણ સંકોચ રાખ્યા વગર મને કહો હું સાંભળવા બહુ ઉત્સુક છું."

જ્યારે દશરથે મૃદુતા-પૂર્વક અને મધુરતા-પૂર્વક આવી રજા આપી ત્યારે મંત્રીઓએ બ્રાહ્મણોને બોલાવવા માટે નિશાની કરી. મુખ્ય પુરોહિત પોતાના આસન પરથી ઊભા થયા. અને બોલ્યા, "હે મહાન સમ્રાટ, અમારા મહારાજ જનકે એવી પ્રતિજ્ઞા લીધી હતી કે-બળવાન વીર સાથે હું મારી પુત્રી સીતાદેવીને પરણાવીશ ? તમે બેશક તે જાણતા હશો કે-ઘણા રાજકુમારોએ પોતાની વીરતા બતાવવાનો પ્રયત્ન કર્યો હતો, અને તે બધા અપમાનિત અને નિષ્ફળ બનીને મિથિલામાંથી વિદાય થયા હતા. ભગવાનની ઇચ્છાથી તમારા બે પુત્રો-રામ અને લક્ષમણ, મુનિ વિશ્વામિત્ર સાથે, અમારા મહારાજ જે મહાન યજ્ઞ કરી રહ્યા છે તે જોવાની ઉત્સુકતાથી મિથિલામાં આવ્યા હતા. બન્યું એવું કે-તમારા જયેષ્ઠ પુત્ર રામે પોતાની અદ્વિતીય વીર્ય વડે સીતાદેવીને પ્રાપ્ત ક્યાં છે. હે મહારાજ, અમારે શું કહેવું? અમે કેવી રીતે તેનું વર્ણન કરીએ? મુનિઓની, રાજાઓની,

રાજકુમારોની, તે ગૌરવપૂર્ણ સભાના દેખતાં, વીરતાના ઉચ્ચતમ શિખરે પહોંચેલા રામે શિવ-ધનુષને વચ્ચેથી ઉપાડ્યું, તેને સીધું કર્યું; તેની પણછ ખેંચી એટલું જ નહિ, પણ તેમણે તે અપરાજેય પવિત્ર ધનુષ્યના જાણે તે રમત કરતા હોય તેમ-બે ટૂકડા કરી નાખ્યાં, શિવધનુષને ઊંચકનાર વ્યક્તિ સાથે સીતાદેવીને પરણાવવાનાં હતાં, એટલે એકત્રિત થયેલા મુનિઓએ તથા જનક મહારાજે સીતાને રામ સાથે પરણાવવાનો નિર્ણય કર્યો છે."

"તમારી સંમતિ લેવા માટે અમને મોકલવામાં આવ્યાં છે. તમે મિથિલા પધારો એવું સહૃદય નિમંત્રણ આપવા અમને મોકલવામાં આવ્યા છે કે ગુરૂઓ, પુરોહિતો, મંત્રીઓ, દરબારીઓ, સગા-સબંધીઓ, પરિચારકો અને અનુયાયીઓ સાથે આપ મિથિલા પધારો. તમારૂં દર્શન પ્રાપ્ત કર્યા પછી અમારા મહારાજ પોતાની પુત્રીનો લગ્ન-પ્રસંગ ઉજવવા માગે  છે. તે કહેવા માટે અમને તમારી પાસે મોકલવામાં આવ્યા છે."

પુરોહિતો અને મંત્રીઓ પ્રણામાંજલિ કરીને દશરથનો જવાબ સાંભળવાની રાહ જોતા ખડા રહ્યા. પણ દશરથે ખૂબ જ ઝીણવટ-પૂર્વક તે વાતનો મનમાં વિચાર કર્યો; જવાબ આપતા પહેલાં વશિષ્ઠ, વામદેવ વગેરે મુનિઓની સલાહ લેવા માટે દશરથે તેમને બોલાવ્યા. તેમણે રાજસભાના બ્રાહ્મણોના અગ્રણીને પણ બોલાવ્યા. જ્યારે તે બધા આવી ગયા; ત્યારે તેમણે મિથિલાના પ્રતિનિધિઓને પોતે લાવેલા સંદેશનું પુનરૂચ્ચારણ કરવા જણાવ્યું. તે સમાચાર તેમણે બધાએ સાંભળ્યા. પછી દશરથે  તેમના અભિપ્રાયો જણાવવાનું કહ્યું. પણ પ્રથમ દશરથે વસિષ્ઠ મુનિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. અને તેમની સંમતિ માટે વિનંતી કરી. વસિષ્ઠે વામદેવે, અને બીજા બધાઓએ હર્ષપૂર્વક નાદ કર્યો કે-બહું સુંદર, બહુ શુભ! તેમણે કહ્યું કે-"આ બાબતમાં વધુ વિચારમાં વખત શા માટે બગાડવો? મિથિલા જવા માટે તૈયારી કરો."

મંત્રીઓ હર્ષપૂર્વક નાચી ઊઠ્યા. રામના લગ્નના સમાચાર આખી નગરીમાં અને રાણીઓના અંત:પુરમાં પ્રસરી ગયા. નાગરિકોએ હર્ષ-પૂર્વક 'જય-જય'ના ધ્વનિથી નગરીને ગજવી મૂકી. પરિચારિકોએ અને નોકરોએ જલ્દી મુસાફરી માટે તૈયારીઓ કરવા

માંડી. ખૂબ મોટા જથામાં વિવિધ પ્રકારનાં રત્નો, રેશમી વસ્ત્રો, અને બીજી ભેટો પોટલામાં બાંધવામાં આવ્યા; તેમાં અસંખ્ય દાનોની વસ્તુઓ પણ મૂકવામાં આવી.

રાજા, તેના પરિચારિકો, રાજગુરૂ વસિષ્ઠ, મુખ્ય પુરોહિતો, બીજા બ્રાહ્મણ અને પંડિતો રથમાં બેઠા. એવું લાગતું હતું કે-અયોધ્યા પોતે જ લગ્ન જોવા માટે મિથિલા જઇ રહી હતી. દશરથ સાથે જવા ઇચ્છતા લોકોએ યોગ્ય વ્યવસ્થા કરી લીધી. જવા માગતો કોઈપણ માણસ બાકી ન રહ્યો. રથમાં બેઠેલા લોકોના આનંદમાં ઘોડાઓ પણ જાણે ભાગીદાર બનતા હતા, કારણ કે-તેઓ થાક્યા વગર, વેગને શિથિલ બનાવ્યા વગર, આગળ દોડ્યે જ જતા હતા. માર્ગમાં તેમને બે દિવસો અને બે રાતો વીતી ગયાં. ત્રીજે દિવસે રાતે તેઓ મિથિલા પહોંચ્યાં.

મિથિલાના દરવાજે જનકરાજાએ દશરથ રાજાનું સ્વાગત કર્યું. તેમના મોભા પ્રમાણે તેમણે મંત્રીઓનું, મુનિઓનું અને પુરોહિતોનું પણ સ્વાગત કર્યું. તેમને નિવાસ-સ્થાનો આપીને, રાત માટે આરામ લેવાની વ્યવસ્થા જનકે કરી. પ્રભાત પડતાં જ દશરથે ઋત્વિજોને, રાણીઓને, અને સગાં-સંબંધીઓ  બોલાવડાવ્યાં, અને તેમની જરૂર પડે કે તરત જ જવાની તૈયારી કરી લેવા માટે સાવધાન કર્યા. તે દરમિયાન જનક દશરથરાજાના નિવાસ-સ્થાને આવ્યા અને તેમને યજ્ઞ-મંડપમાં લઇ ગયાં. તેમની સત્તા અને દરજ્જા અનુસાર ગુરૂઓ, રાજા, અને તેમના પરિચારિકો માટે આસનો રાખવામાં આવ્યા હતા.

જ્યારે બધા પોત-પોતાનાં આસનો પર બેસી ગયા, ત્યારે જનકે દશરથનું સ્વાગત કર્યું. તે બોલ્યા, "આ મહાનમુનીઓ, બ્રાહ્મણશ્રેષ્ઠો, સગાં-સંબંધીઓ અને પરિચારિકો સાથે તમે મિથિલા પધાર્યા તે અમારૂં મોટું સદભાગ્ય છે. તે અમારા પૂર્વજન્મોમાં કરેલા પુરુષોનું ફળ છે ? તમારા પુત્રની વીરતાથી અને વિજયથી તમારૂં મન આનંદથી ઉભરાઇ ગયું છે તેની મને ખાતરી છે. અસીમ વીરતાથી તેજસ્વી નબીરાઓવાળા મહાન રઘુ-વંશ સાથે મારો સંબંધ બંધાઈ રહ્યો છે. તે સંબંધથી મારો વંશ પહેલાંના કરતાં વધારે પવિત્ર બની રહ્યો છે. હું માનું છું કે-મારા પૂર્વજોએ મારા પર જે આશીર્વાદો વરસાવ્યા હતા તેનું આ પરિણામ છે. મહારાજ, આજે સવારે અમે જે યજ્ઞને ઊજવી રહ્યાં છીએ તેની પૂર્ણાહુતિ

થવાની છે. યજ્ઞની પૂર્ણાહુતિ પછી રામ-સીતાના લગ્નને ઉજવવાનો વિચાર મેં રાખ્યો છે. હું વિનંતી કરૂં છું કે-તમે તેમાં સંમતિ આપો."

દશરથ આનંદ-વિભોર બની ગયા. તેમનું તેજોમય સ્મિતો વડે પ્રકાશિત બની ગયું ? તે બોલ્યા, "મહારાજ, તમે દાતા છો. વડીલો કહે છે કે-દાતાની મધુર ઈચ્છા અને ખુશી અનુસાર દાનનો સ્વીકાર થવો જોઈએ. એટલે જ્યારે તમારી ઈચ્છા થાય, ત્યારે હું દાન સ્વીકારવા તૈયાર છું." જ્યારે દશરથ આવી રમૂજ અને જ્ઞાન સાથે હૃદયને દ્રવીભૂત કરી દે તેવી સ્નેહની ઉષ્મા સાથે, આ શબ્દો બોલ્યા, ત્યારે જનકના મનમાં આનંદ ઉભરાઈ ગયો.

તે સમયે રામ અને લક્ષ્મણે વિશ્વામિત્રમુનિ સાથે યજ્ઞ-મંડપમાં પ્રવેશ કર્યો. તેઓ પોતાના પીતાને તથા વસિષ્ઠ વામદેવ અને બીજા ગુરૂઓને ચરણે પડ્યા. પોતાના પુત્રોને ઘણા સમય પછી જોતાં, દશરથની આંખો આનંદથી ચમકી ઊઠી. તેમણે પુત્રોને પોતાની પાસે ખેંચી લીધા, તેમના ખભા પર પોતાના હાથ મૂક્યો, અને તેમને દ્રઢ આલિંગન આપ્યું. પોતાના પુત્રોને લાડ લડાવતા પિતાનો આનંદ જોઈને બ્રાહ્મણો અને મંત્રીઓ દશરથની લાગણીના ઊંડાણનું મૂલ્યાંકન કરવામાં પોતાની જાતને ભૂલી ગયા, તેઓ તેમની પ્રશંસા કરવા લાગ્યા.

દશરથ પ્રેમ પૂર્વક પોતાના પુત્રો સાથે વાતચીત કરતા હતા. રાક્ષસોથી ગુરૂનો યજ્ઞ દૂષિત ન બને તે માટે યજ્ઞની તેમણે કરેલી રક્ષાનું મધુર, સરળ વર્ણન તે સાંભળતા હતા. વિશ્વામિત્રના આશ્રમથી મિથિલા-નગરી સુધીની મુસાફરીની ઘટનાઓ પુત્રોએ વર્ણવી. વસિષ્ઠ, વામદેવ, બીજા મુનિઓ, ભરત, શત્રુઘ્ન, સુમંત્ર અને ઘણા મંત્રીઓ, દરબારીઓ અને અમીર-ઉમરાવો પણ તે કથા સાંભળતા હતા. તે કથાના તાણા-વાણારૂપ આશ્ચર્યને અને રહસ્યને યાદ કરવામાં તેમણે તે રાત ગાળી.

તે દરમિયાન જનક રાજા લગ્ન માટે તૈયારીઓ કરવામાં ગુંથાયા હતા. મોટે ભાગે તે રાજમહેલમાં જ રહેતા. તેમણે મુખ્ય પુરોહિત શતાનંદને દરબારમાં બોલાવ્યા, અને પૂજ્ય ભાવ-પૂર્વક લગ્ન-વિધિ પહેલાં પતાવવાની વિવિધ વિધિઓ માટે જરૂરી માણસો તથા સાધન-સામગ્રી એકત્રિત કરવાની તેમણે તેમને વિનંતી કરી. મુનિએ જવાબ

આપ્યો, "મહારાજ, યજ્ઞની પૂર્ણાહુતી આજે જ થઈ છે. આવતા બે-ત્રણ દિવસો દરમિયાન થોડાક કલાકો લગ્ન-વિધિ માટે શુભ મુહૂર્તવાળા છે. જો તમારે વીગતો જાણવી હોય, તો હું આપને વીગતો જણાવું."

તે સાંભળીને શતાનંદને પ્રણામાંજલિ કરીને જનક બોલ્યા, "ગુરૂજી, ગઈ કાલે રાતે દશરથ રાજાએ મને સંમતિ આપી છે. તે સાચે જ એક પરમ સદભાગ્ય છે. અત્યારે મારો નાનો ભાઈ કુશધ્વજ અહીં હાજર નથી; અત્યાર સુધી, યજ્ઞ માટે પુરોહિતોને જે સાધન-સામગ્રી માટે તે પૂરી પાડવાના કામમાં તે ગુંથાયેલો હતો. તે જ્યાં સુધી અમારી પડખે ન હોય, ત્યાં સુધી હું આ ખૂબ શુભ લગ્ન-વિધિ ઉજવવા માટે રાજી નથી. હું તેનો આનંદનો ભાગ ઝુંટવી લેવા માગતો નથી. તે અહી જલ્દી આવી ચઢે તેવી યોજના મેં અમલમાં મૂકી દીધી છે. તેના આવ્યા પછી જો આપણે લગ્નનો દિવસ અને કલાક નક્કી કરીએ, તો તે શ્રેષ્ઠ ગણાય." શતાનંદે જવાબ આપ્યો, "બરાબર, બરાબર. તેથી અમે બધા ખૂબ ખુશી થઇશું." એમ કહીને તેમણે રાજમહેલમાંથી વિદાય લીધી.

જનકે પોતાના નાના ભાઈને મિથિલામાં ઝડપથી લઈ આવવા માટે દૂતો મોકલ્યા. તેઓ તેમને તેમની રાજધાની સંકાસ્યમાં મળ્યા, કારણ કે-તેમના અશ્વો તેમને બહુ ઝડપભેર ત્યાં લઇ ગયા હતા. દૂતોએ વીગતવાર મિથિલામાં બનેલી ઘટનાઓ કુશધ્વજ આગળ વર્ણવી. કુશધ્વજ  તે સાંભળીને આનંદ-વિભોર બની ગયો. તેણે બહુત્વરા-પૂર્વક પોતાનાં સગાં-સંબંધીઓને તથા પરિચારિકોને એકઠા કર્યા. દાનો, ભેટો,  કીમતી સાધન-સામગ્રી તેણે  રથોમાં ખૂબ પ્રમાણમાં ભરી.  તે જ રાતે  તે નીકળી ગયો અને થોડા જ સમયમાં મિથિલા પહોંચ્યો.

જનક  ત્વરા-પૂર્વક તેને મળ્યા. તેને મળવા માટે જનક મિનિટો ગણી રહ્યા હતા. તેમણે ભાઈને પ્રેમ-પૂર્વક ગાઢ આલિંગન આપ્યું. તે આનંદ-વિભોર બની ગયા. કુશધ્વજ પોતાના મોટા ભાઈના પગે પડયો, શતાનંદને  તેણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. અને પછી તે ત્રણેય જણ ભાવિ કાર્યક્રમ પર વિચારણા કરવા માટે ઊંચા આસનો પર બેઠા. પરસ્પર વાટાઘાટ કરીને તે કાર્યક્રમ બાબત આખરી નિર્ણય પર આવ્યા. પછી તેમણે ખૂબ સન્માનનીય, વડા સભાસદ સુધામને બોલાવ્યા. તેમણે સુધામને કહ્યું, "હે

રાજ્યમંત્રી, હવે તમે દશરથ પાસે જાઓ, અને તેમને આ રાજમહેલમાં પોતાના મંત્રીઓ, પુરોહિતો, દરબારીઓ, સગાં-સંબંધીઓ અને જે બીજાઓને તે પોતાની સાથે લાવવા માગતા હોય તેમની સાથે આવવાની વિનંતી કરો. તેમને બધાને યોગ્ય સન્માન-પૂર્વક અહીં લઈ આવો."

સુધામે પોતાની સાથે દરબારીઓની, વિદ્વાનોની અને રાજ-પુરોહિતોની મંડળી લીધી. તેણે દશરથના પક્ષને લઇ આવવા માટે સુંદર રીતે શણગારેલા રથોને તૈયાર કરાવ્યા, અને તે જે મહેલમાં દશરથ રહેતા હતા ત્યાં પહોંચ્યા. મૃદુતા-પૂર્વક અને મધુરતા-પૂર્વક તેણે જનક રાજાનો સંદેશ તેમને સંભળાવ્યો, અને ખૂબ સન્માન-પૂર્વક તેમને જનકના રાજમહેલમાં આવવા નિમંત્ર્યા.દશરથ તૈયાર હતા. પોતાના પરિચારકો સાથે તે ચાલ્યા અને થોડાજ સમયમાં જનકના રાજ-દરબારમાં પહોંચી ગયા. પ્રસંગને તથા દરેકના દરજ્જાને યોગ્ય રીતે તેમણે એક-બીજાનું અભિવાદન કર્યું. અને પોતાને માટે રાખેલાં આસનો ઉપર બેઠા.

પછી દશરથ ઊભા થઈને બોલ્યા, "જનક, ઇક્ષ્વાકુ-વંશ માટે વસિષ્ઠ મુનિ પૃથ્વી પરના પરમાત્મા છે. તે અમારા પરમ ગુરૂ છે. તે અમારા વંશની પરંપરા બાબત પૂરી સત્તાથી કહી શકશે." દશરથ બેસી ગયા કે તરત જ વસિષ્ઠ સભા સમક્ષ ઉભા થયા અને બોલ્યા, "હે રાજર્ષિ, સાંભળો. અહીં એકઠા થયેલા બધા લોકો, સાંભળો. અવ્યક્ત સનાતન, વિશુદ્ધ પરબ્રહ્માએ પોતાના સંકલ્પ દ્વારા મરીચિનું સર્જન કર્યું હતું. કશ્યપ મરીચિના પુત્ર હતા, સૂર્ય તેમના પુત્ર હતા. મનુ સૂર્યના પુત્ર હતા. મનુના પુત્ર વૈવસ્વત મનુ હતા. તેમણે પ્રજા પર શાસન કર્યું. તેઓ પ્રજાપતિ કહેવાયા. તેમને ઇક્ષ્વાકુ નામના પુત્ર હતા. કુક્ષિ ઇક્ષ્વાકુના પુત્ર હતા. વિકુક્ષિ કુક્ષિના  પુત્ર હતા. બાણ તેમના પુત્ર હતા. અનરણ્ય બાણના પુત્ર હતા. ત્રિશંકુ અનરણ્યના પુત્ર હતા. ધુંધુમાર ત્રિશંકુના પુત્ર હતા. યુવતાશ્વ ધુંધુમારના પુત્ર હતા. માંધાતા યુવતાશ્વના પુત્ર હતા. માંધાતાના પુત્ર સુસંધિને બે પુત્ર હતા-દૈવસંધિ અને પ્રસેનજીત પ્રસિધ્ધ ભરત એ દૈવસંધિના પુત્ર હતા. અસિત ભરતના પુત્ર હતા. જ્યારે અસિત રાજ્ય પર શાસન કરતા હતા, ત્યારે હૈહયો, તાલજઘો અને શશિબિંદુઓ એકઠા મળ્યા અને તેમણે અસિતના રાજ્ય પર આક્રમણ કર્યું. અસિતને

પોતાની બે રાણીઓ સાથે, હિમાલય પ્રદેશમાં ભાગી જવું પડયું. તેમણે ભૃગુ પ્રસ્ત્રવણ નામના પ્રદેશમાં આશ્રય લીધો અને થોડાંક વર્ષ પછી તે ત્યાંજ મરી ગયા.

જ્યારે અસિત મરી ગયા, ત્યારે તેમની બંને રાણીઓ સગર્ભા હતી. તેમણે ચ્યવનના આશ્રમમાં આશ્રય લીધો. ચ્યવનને તેમની દશા જોઈને કરૂણા ઊપજી. તેમને આશ્વાસન આપતા ચ્યવન બોલ્યા, "માતાઓ જરા પણ ભય ન રાખશો. આ તમારૂં જ ઘર છે. તમને સલામત, પ્રસૂતિ થશે. તમારા બાળકો બળવાન, તેજસ્વી અને ભાગ્યશાળી થશે." તેમના આશીર્વાદ સાચા પડ્યા. થોડા જ દિવસોમાં મોટી રાણીએ સગર નામના પુત્રને જન્મ આપ્યો. તેમને અયોધ્યાની ગાદી પર બેસાડવામાં આવ્યા.

તેમના પુત્ર નું નામ અસમંજસ હતું તેમના પુત્રનું અમુસુમંતના પુત્ર  હતા. દિલીપ અમુસુમંતના પુત્ર હતા. ભગીરથ દિલીપના પુત્ર હતા. ભગીરથના પુત્રનું નામ કકુત્સ્થ હતું. કકુત્સ્થના પુત્ર રઘુ હતા. પ્રવર્ધ-રઘુના પુત્ર હતા. પ્રવર્ધના પુત્ર સુદર્શન હતા. સુદર્શનના પુત્ર અગ્નિવર્ણ હતા. અગ્નિવર્ણના પુત્ર શીઘ્રગ હતા. તેમના પછી અનુક્રમે પ્રસુસૃક, અંબરીશ અને નહુષ ગાદીએ આવ્યા.

યયાતિ નહુષના પુત્ર હતા. નાભાગ યયાતિના પુત્ર હતા. નાભાગના પુત્ર અજ હતા. દશરથ અજના જયેષ્ઠ પુત્ર છે. તેમના ચાર પુત્રો રત્ન સમાન મૂલ્યના અને તેજસ્વી છે. તેમના નામ રામ, લક્ષ્મણ, ભરત, અને શત્રુધ્ન છે. જયેષ્ઠ પુત્ર રામે શિવ-ધનુષને ઉંચકયું, પણછ ખેંચી, અને ભાંગી નાખ્યું.

હે રાજર્ષિ, આ રાજ-વંશ પવિત્ર અને વિશુદ્ધ છે. આ વંશમાં જન્મેલા દરેક રાજાએ આધ્યાત્મિક પ્રકાશને પ્રાપ્ત કર્યો છે, અને તે પ્રકાશથી તે પ્રકાશિત બન્યા છે. તેઓ ધર્મમાં સુસ્થિર છે, અને સાથે-સાથે વીરોની આગલી હરોળમાં છે. રામ, લક્ષ્મણ, ભરત, અને શત્રુધ્ન  મૂલ્યવાન પ્રદીપો છે, જેમણે આ વંશના ઇતિહાસને તેજસ્વી બનાવ્યો છે.

હવે મારે સૂચવવું જોઈએ કે-લક્ષ્મણનો પણ શુભલગ્ન-સંસ્કાર ઉજવાય કારણ કે તે રામની પ્રતિમૂર્તિ છે. તારી પુત્રી ઊર્મિલા લક્ષ્મણની તેજસ્વી પત્ની બનીને સારી રીતે પ્રકાશી શકશે. આનાકાની ન કરીશ. તેનો નિર્ણય કરી લે, અને તેને માટે જરૂરી તૈયારીઓ કર." વસિષ્ઠે સભાને આશીર્વાદ આપ્યા અને પોતાના આસન પર બેઠા.

મહામુનિ વસિષ્ઠ પાસેથી ઇક્ષ્વાકુ-કુલની કથા સાંભળ્યા પછી, જનક પોતાના સિંહાસન પરથી ઊભા થઈને બોલ્યા, "હે બ્રહ્મર્ષિ, જ્યારે ઉદાત્ત વશંના નબીરા પુત્રીનું લગ્નમાં દાવ કરવા ઈચ્છે છે, ત્યારે તેમણે પોતાના વંશના ઇતિહાસના યશનું વર્ણન કરવું જોઈએ, નહીં ! વારૂ હું તમારા દ્રષ્ટાંતનું અનુકરણ કરીને પોતે જ વંશનું વર્ણન કરીશ, કારણ કે-મારા પૂર્વજોના નામોનું અને તેમના યશનું કથન કરવાથી મને ખૂબ આનંદ થશે. આ વંશના પૂર્વજોના આશીર્વાદથી મને આ દેહ મળ્યો છે. હું પોતે આ વિશાલ સભા સમક્ષ તેમનું વર્ણન કરીશ; તેથી મારો દેહ કૃતાર્થ થશે અને તેનો હેતુ પરિપૂર્ણ થશે.

જનક બધા સામે પ્રાર્થના-પૂર્વક ઉભા. વસિષ્ઠે તેમની વિનંતિને સંમતિ આપી, જનકે માગેલી રજા આપી. પછી જનકે વર્ણન કરવા માંડ્યું "બ્રહ્મર્ષિ, પૂજ્ય ગુરૂઓ અને મહારાજ દશરથ! ખૂબ દૂરના ભૂતકાળમાં નિમિ નામના એક રાજા હતા. તે દ્રઢતા-પૂર્વક ધર્મના માર્ગને ચીટકી રહેતા, અને પોતાના બળને તથા દીર્ઘ-દ્રષ્ટિને કારણે વિખ્યાત બન્યા હતા. તેમના પુત્ર મિથિ હતા. તેમણે આ મિથિલા નામની રાજધાનીનું નિર્માણ કર્યું હતું. તે આ પ્રદેશના પ્રથમ રાજા હતા. તે ખૂબ લોકપ્રિય હતા. તેમની પ્રજા બહુ સુખી અને સમૃદ્ધ હતી. તેમના પુત્ર શુદ્ધવસુને નંદિવર્ધન નામનો પુત્ર હતો. જેણે તેમના પછી રાજ્ય કર્યું હતું. નંદિવર્ધનના પુત્ર સુકેતુ હતા. સુકેતુના પુત્ર દેવરથ હતા. બૃહદ્રથ દેવરથના પુત્ર હતા. બૃહદ્રથના પુત્ર મહાવીર હતા. તેમનું નામ સૂચવે છે તેમ મહાવીર એક મહાન વીર હતા. તેમના પુત્ર સુધૃતિને ધુષ્ટકેતુ નામના પુત્ર હતા. હર્યશ્વ નામના પુત્ર હતા. હર્યશ્વ ધુષ્ટકેતુના વિખ્યાત પુત્ર હતા. હર્યશ્વને ભરૂચ નામના પુત્ર હતા. પ્રતીન્ધક મરૂના પુત્ર હતા. કીર્તિરથ પ્રતીન્ધકના પુત્ર હતા. કીર્તિરથને દેવમીઢ નામના પુત્ર હતા. વિબુધ દેવમીઢના પુત્ર હતા. કીર્તિરથ વિબુધના પુત્ર હતા. મહારોમ કીર્તિરથ પુત્ર હતા. હ્રસ્વરૂપ મહારોમના પુત્ર હતા. તે બુદ્ધિશાળી રાજા હતા, ધર્મના ચૂસ્ત પાલક હતા. તેમને મહાત્મા કહેવામાં આવતા.

તે મારા પિતા છે. મારા પિતા એક આદર્શ પુરુષ હતા તે સ્વિકારતાં મને ખૂબ આનંદ થાય છે. સાચી વાત એ છે કે-મારા પૂર્વજો એ મને વારસામાં આપેલા મૂલ્યના પરિણામે હું આ મિથિલા-નગરી પર સુખ પૂર્વક અત્યારે રાજ્ય કરી રહ્યો છું.

મારો ભાઈ કુશધ્વજ મારે માટે ભાઈ કરતાં ઘણો વધારે-અધિક છે, હું તેને એક દિવ્ય વ્યક્તિ માની પૂજું છું. તે ભાઈ કરતાં અધિક મારા મિત્ર છે. મેં તેને એટલાં બધા પ્રેમથી ઉછેર્યો છે કે મને તેના પ્રત્યે ખૂબ આસક્તિ છે. વર્ષો પહેલાં  શકાસ્યના રાજાએ મને કહ્યું હતું કે-કાં તો શિવ-ધનુષ મને આપી દો, અને નહી તો મારી સાથે યુદ્ધ કરો. મેં ધનુષ આપવાની ના પાડી. તેણે મિથિલા-નગરીને ઘેરો ઘાલ્યો. તેથી અમારી બેની વચ્ચે કટું યુદ્ધ થયું. તેમાં સુધત્વા માર્યો ગયો અને મેં મારા ભાઈને શંકાસ્યનો રાજા બનાવ્યો. તે નગરી  ઈક્ષુમતી-નદીના તટ પર પ્રકાશે છે. દૂરથી જોતાં, તે નગરી દેવોના રથ સમાન વિખ્યાત પુષ્પક વિમાન સમાન દેખાય છે. હવે હું તમને દેવોએ મારા મનમાં પ્રેરેલો એક શુભ વિચાર જણાવીશ.

મેં કુશધ્વજને આજે અહીં બોલાવ્યો છે, જેથી તે લગ્નના ઉત્સવના આનંદમાં ભાગ લઇ શકે. હે બ્રહ્મર્ષિ, તમે આજ્ઞા આપી કે-રામ સીતાને પરણે અને લક્ષ્મણ ઉર્મિલાને પરણે. ઉર્મિલા મારી બીજી પુત્રી છે. હું તમારી તે આજ્ઞાનો અમેય આનંદ-પૂર્વક સ્વીકાર કરૂં છું. સીતા એક સ્વર્ગ સુંદરી છે, તે વીરને અપાતા દાનની પેઠે રામને પરણશે. હું ખૂબ નમ્રતા-પૂર્વક અને હર્ષ પૂર્વક મારૂં મસ્તક નમાવીને મારી પુત્રી ઉર્મિલાને લક્ષ્મણ સાથે પરણાવીશ.

હવે મારી તમારી વિચારણા માટે એક બીજો પ્રસ્તાવ મૂકવાનો છે. મહારાજ દશરથ,  ભગવાનની કૃપાથી જન્મેલા એવા ચાર પુત્રો તેમને છે. બીજા બેને શા માટે અપરણિત રાખવા? જો તે બે પણ પરણે, તો અમે ખૂબ રાજી થઈશું. આજે માઘ નક્ષત્ર છે, લગ્નની પ્રારંભિક વિધિ શરૂ કરવા માટે આજે શુભ મુહૂર્ત છે. આવતી કાલે ઉત્તર-ફાલ્ગુન નક્ષત્ર છે. તે સમયે હું મારા ભાઈની બે પુત્રીઓને-માંડવીને ભરત સાથે અને પરણાવવામાં અને શ્રુતકીર્તિને શત્રુધ્ન સાથે પરણાવવામાં તમારી સંમતિ માગું છું."

સભામાંના બધા લોકોએ 'શુભ, શુભ' કહીને પ્રસ્તાવને વધાવી લીધો. તેના ધ્વનિથી આકાશ ભેંદાઇ ગયું.

જ્યારે જનક રાજાએ ભરતના અને શત્રુઘ્નના લગ્ન વિષે આ સૂચન કર્યું, ત્યારે વસિષ્ઠ, વામદેવ, વિશ્વામિત્ર અને બીજા મુનિઓ માંહ્યો માંહ્ય વિચારણા કરવા લાગ્યા. દશરથની સંમતિ સહેલાઈથી પ્રાપ્ત થઈ ગઈ. પછી તેમણે જનકને આમ કહ્યું, "હે રાજા, ઇક્ષ્વાકુ-વંશની અને વિદેહ-વંશની પરંપરાઓ અમેય રીતે પાવન છે. કોઈપણ વિદ્વાન અને કૂશલ માણસ તે બે કુળોની મહત્તાનું વર્ણન કરી શકે તેમ નથી. અગાઉ પૃથ્વી પર આવાં ઉચ્ચ દરજ્જાવાળાં અથવા તેમની સમાન પ્રગટ થયા નથી. આ લગ્ન-સંબંધોથી તેવાં બે કુળો સંયુક્ત બને તે સાચે જ એક શુભ ઘટના છે.

આ ખૂબ યોગ્ય, પ્રશસ્ય, અને પાવન ઘટના છે. વળી અમને જણાવતાં આનંદ થાય છે કે-વરો અને કન્યાઓ એક-બીજા માટે યોગ્ય છે. હે જનક, તમારા ભાઈ કુશધ્વજ ધર્મ જાણે છે અને તેનું આચરણ કરે છે. પોતાની પુત્રીઓનાં લગ્નદ્વારા તે પણ દશરથના સંબંધી બને તે સાચે જ એક સુંદર ઘટના છે. તે ખૂબ આનંદ-પ્રદ છે. એટલે તેમની પુત્રીઓ, માંડવી અને શ્રુતકીર્તિ ભરત અને શત્રુઘ્ન સાથે પરણે તે પ્રસંગ પર અમે અમારા આશીર્વાદ આપવા તૈયાર છીએ. અમારી ઇચ્છા છે કે-આ લગ્ન-ગ્રંથીઓ વડે આ બે રાજવંશો જોડાય."

પોતાની ઈચ્છાપૂર્ણ થવાથી જનકે અને કુશધ્વજે ખૂબ હર્ષ-પૂર્વક મુનિઓને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. તેઓ બોલ્યા, "આ કોઈ સામાન્ય ઘટના નથી અમને આ સિદ્ધ પ્રાપ્ત થવાના આશીર્વાદ મળ્યા તે અમારૂં મોટું સદભાગ્ય ! મુનિઓએ સંમતિ આપી અને મને અમારા માર્ગને સરલ બનાવ્યો, તેથી અમે કેટલા બધા નસીબદાર! મુનિઓ કદી અશુભ ઘટનાઓને પ્રોત્સાહન આપે જ નહિ. અમે પૂજ્યભાવ-પૂર્વક તમારી બધી આજ્ઞાઓનું પાલન કરીશું."

પછી વસિષ્ઠ બોલ્યા, "ના, આપણે આ બે લગ્નને પરમ દિવસ સુધી અથવા પછીના કોઈ દિવસ શા માટે શા માટે મુલતવી રાખવાં? આવતી કાલનો દિવસ શુભ છે. એક જ દિવસ ચારેય લગ્નો ઉજવાય તે વધારે સારૂં છે. જનકે જવાબ આપ્યો, "સાચે જ

હું ધન્ય છું, હે પૂજ્ય ગુરૂજી, ઘણા સમયથી દશરથ રાજા આપના શિષ્ય છે; તમારી બધી આજ્ઞા તે પાળે છે.  અમે બે ભાઈઓ પણ આપણા શિષ્યો છીએ અમારી બધી જવાબદારીઓનો ભાર આપને શિરે છે, અમારે કેમ વર્તુવું,  હું કેવી રીતે કાર્ય કરવું તે કહો; અમે નિઃશંકપણે અનુસરીશું."  નમ્રતા-પૂર્વક અને પૂજ્યભાવ-પૂર્વક પ્રણામાંજલી રચીને તેઓ જવાબની રાહ જોતા ઊભા રહ્યા. એટલે દશરથ ઊભા થઈને બોલ્યા, "હે મિથિલા-નરેશ, તમારા બેમાં હું જે સદગુણો જોઉં છું તે વર્ણવી શકાય તેમ નથી. તમે મહારાજાના, મહર્ષિઓના, આ નગરીમાં મોટી સંખ્યામાં આવેલા લોકોના ભવ્ય સમૂહના ઊતારાઓ તથા સ્વાગત માટે સુંદર વ્યવસ્થા કરી છે. હવે હું મારા નિવાસ-સ્થાને જઈશ, અને વૈદિક વિધિ અનુસાર નાંદી અને સમાવર્તન વિધિઓ કરીશ." દશરથ સભાગૃહમાંથી બહાર નીકળ્યા ત્યારે તે બે ભાઈઓ તેમને સન્માન-પૂર્વક દરવાજા સુધી વળાવવા ગયા. પછી તેઓ પોતાનાં કામો કરવા પોતાના મહેલોમાં ગયા.

દશરથે નાંદીશ્રાધ્યનો વિધિ કર્યો. તે દિવસના પ્રારંભ કાળમાં જ તેમણે ચારેય પુત્રો પાસે સમાવર્તન-વિધિ કરાવ્યો. બ્રાહ્મણોને દાનમાં આપવા માટે પસંદ કરેલી ગાયોનાં શિંગડાં પર તેમણે સોનાના આભૂષણો સ્થાપ્યાં, અને તેમને દોહવા માટે મૂલ્યવાન પાત્રો આપ્યાં. કુમારોએ ગાયોનું દાન કર્યુંએ દશ આંખો માટે એક ઉત્સવ-રૂપ હતું. નાગરિકોને એમ લાગ્યું કે ચાર દિશાઓનો પ્રતિપાલ દેવો બ્રહ્મા સાથે, તેમની સામે ખડા હતા; ચાર પુત્રો અને દશરથ તેમને તેવા દેખાતા હતા.

જ્યારે આ દાન અપાઈ રહ્યું હતું, ત્યારે ભરતની માતા કૈકયીનો ભાઈ, કૈકયનો રાજકુમાર યુધાજિત્ આવી પહોંચ્યા, "મારા પિતા ઈચ્છતા હતા કે પોતાનો દૌહિત્ર ભરત થોડો સમય પોતાની પાસે આવીને રહે; એટલે હું અયોધ્યા ગયો હતો. પણ ત્યાં સાંભળ્યું કે રાજકુટુંબ રામના લગ્ન-પ્રસંગે મિથિલા ગયું છે, મારા પિતાને રામના લગ્નની ખબર ન હતી. મને પણ તેની ખબર ન હતી. એટલે હું અહીં આવ્યો-એવી ઈચ્છાથી કે હું લગ્ન પણ જોઈ શકીશ અને ભરતને થોડો સમય પોતાની પાસે રાખવાની મારા પિતાની ઈચ્છા પણ જણાવી શકીશ."યુધાજિતના આવવાથી દશરથ નેઆનંદ થયો.

તે રાત્રે દશરથે પ્રેમપુર્વક પોતાના પુત્રોને અને બીજાઓને અનેક સુખપ્રદ વિષયો પર વાતો કહી. તેમના તંબુમાં કોઈ ઉંઘ્યું નહિ. દરેક જણ ક્યારે સવાર પડે અને રાજકુમારોના લગ્ન-વિધિને નીરખે તે માટે ઉત્સુક હતું.દરેક જણને એટલો બધો આનંદ થયો કે જાણે પોતાનો જ પુત્ર અથવા પુત્રી પરણ્યાં હોય.બધાને રામ અને તેમના ભાઈઓ પ્રત્યે એટલો બધો પ્રેમ હતો કે જેને માત્ર બ્રહ્મનંદ સાથે જ સરખાવી શકાય.

વહેલી સવારે જનક તે સ્થાને પહોંચી ગયા જ્યાં લગ્ન-વિધિ થવાનો હતો. તેમની સાથે ખૂબ આધ્યાત્મિક તેજ વરસાવતા મુનિઓની મંડળીઓ હતી. તેમણે પ્રારંભિક વિધિ પૂરો કર્યો. પછી તે વનરાજાઓનાં, તેમનાં માતા-પિતાના અને સગા-સંબંધીઓના આગમનની પ્રતિક્ષા કરવા લાગ્યા. રામે, લક્ષ્મણે, ભરતે, અને શત્રુઘ્ને વિધિ પૂર્વક સ્નાન કર્યું. તેમણે પીળાં રેશમી વસ્ત્રો પરિધાન કર્યાં, માથે પીળું રેશમી વસ્ત્ર વીંટયું, રત્ન-જડિત અને સ્ફૂટિક-મણિજડિત આભૂષણો ધારણ કર્યાં એમ લાગતું હતું કે તેઓ સ્વર્ગમાંથી ઉતરી આવેલા, આકર્ષક હૃદયનો મનોહર દેવો છે.

વિજય નામનું મુહૂર્ત પાસે આવી ગયું હતું તેઓ ચોરી પાસે આવ્યા. તેમની આગળ સંગીતકારો ચાલતા હતા જેમનાં વાદ્યોનો ધ્વની સ્વર્ગમાં શિખરે પહોંચી ગયો. રાજસભાના સભાસદો, ખંડિયા રાજાઓ અને તેમના પરિચારિકો હાથમાં રત્નો, રેશમી વસ્ત્રો સુવર્ણમુદ્રાઓ અને વિધી માટે જરૂરી બીજાં દ્રવ્યો ભરેલી મોટી થાળીઓ લઈને તેમની પાછળ પાછળ  ચાલ્યા,

નાગરિકો આંખોમાં મટકું માર્યા સિવાય રાજકુમારોના સૌંદર્યને અને તેમની વીરતાને જોઈ રહ્યા હતા. તેમણે પરસ્પર કહેવા માંડ્યું કે તેમના હીલચાલની ભવ્યતા એમ બતાવી આપે છે કે તેઓ દિવ્ય છે. માનવો નહિ. તેઓ બોલી ઉઠ્યા, "કેવી મનોહરતા, સુંદરતાનો કેવો ઉજારો !" દરેક જણ આશ્ચર્યચકિત થઈ ગયું પ્રેક્ષકોની વચ્ચે થઈને પસાર થતાં વરરાજાઓને જોઈને તે માંહયો માંહય કહેવા લાગ્યા કે આ તો સ્વર્ગના નિવાસીઓ પૃથ્વી પર ઊતરી આવ્યા છે ! નારીઓ પ્રતિજ્ઞા પૂર્વક કહેવા લાગી કે-અમે કદી પણ આવા મનોહર રાજકુમારો જોયા નથી. દરેક અગાસીમાં અને બારીએ માણસોની ઠઠ જામી હતી. છેવટે રાજકુમારો વેદિ પાસે જઈને બેઠા.

પછી જનક અને તેમના ભાઈ કુશધ્વજ પોતાની પુત્રીઓને વૈદી પાસે  લઈ ગયા આવ્યા. તેમને વિધિપૂર્વક સ્નાન કરવામાં આવ્યું હતું અને લગ્નદિવસે યોગ્ય ગણાય તેવી રીતે શણગારવામાં આવી હતી. તેમણે ઘુંઘટ રાખ્યો હતો. તેઓ પિતાઓની પાછળ પાછળ ચાલતી હતી. તેમની પાછળ હજારો દાસીઓ ચાલતી હતી. દાસીઓના હાથમાં ફળો, પુષ્પો, લીલા પીળા સુગંધિત દ્રવ્યો અક્ષતરત્નો અને હીરા હતા. એમ લાગતું હતું કે મિથિલાનો નિધિ લગ્ન પ્રસંગે એક તેજોમય પ્રકાશમાં વહી રહ્યો હતો.

ચાર કન્યા ભવ્ય પ્રદીપો પેઠે પ્રકાશતી હતી. રામ, લક્ષ્મણ, ભરત, અને શત્રુઘ્ન એક બાજુ બેઠા; સીતા, ઉર્મિલા, માંડવી, અને શ્રુતકીર્તિ, તેમની સામે બેઠી. તે બે ની વચ્ચે એક રેશમી પડદો રાખવામાં આવ્યો હતો. અયોધ્યાવાસીઓ અને ત્યાંથી આવેલા અમીર ઉમરાવો દશરથ ની પાછળ બેઠા. મિથિલા વાસીઓએ જનકે જેમને લગ્ન પ્રસંગે નિમંત્ર્યા હતા તે જનકની પાછળ બેઠા.

લગ્નમંડપ ને જે કલામય અને સમૃદ્ધ સુશોભન વડે શણગારવામાં આવ્યો હતો તેમણે બધાની આંખોને આકર્ષી. તે બધું સુવર્ણ, ચાંદી, પુષ્પો અને રેશમ હતું. તોરણો, ધજાઓ, ધુપદાનીઓ, સ્થંભો, કમાનો, વગેરે. તેમને એક વાર જોયા પછી, કોઈ પણ પોતાની આંખોને ત્યાંથી પાછી ખેંચી શકતો નથી. સગા-સંબંધીઓ તથા શુભેચ્છકો વડે તે વિશાલ પ્રદેશ ઠસોઠસ ભરાઈ ગયો હતો, એમ લાગતું હતું. કે મિથિલા પોતે લગ્નના આનંદની સનેનાટી અનુભવી રહી હતી. અને તે ઉત્સવ પોતાનો જ હોય તેમ તેને માણી રહી હતી.

તરત જ દશરથ ઊભા થયા અને વિનમ્રતા પૂર્વક તેમના ગુરુને યાદ કરાવ્યું કે હવે વિલંબ શા માટે કરવો ? તે સાંભળીને જનક પ્રણામાંજલિ કરીને વસિષ્ઠ પ્રત્યે બોલ્યા કે તેમજ પોતે જ લગ્નનો વિધિ કરાવો.

વસિષ્ઠે સંમતિ આપી. વિશ્વામિત્ર અને શતાનંદ સાથે તેમણે વેદીમાં અગ્નિ પ્રગટાવ્યો. તે સમયે વેદના વિદ્વાનો અને પંડિતોને શુભ વિધિ માટે યોગ્ય મંત્રો ભણવા લાગ્યા.

અગ્નિની વેદી પાસે તેમણે પુષ્પો અને ચંદન રસ વડે શણગારેલી સુવર્ણ રકાબીઓ ગોઠવી. જેમા નવજાતના અનાજોના કોમળ છોડ હતા. ત્યાં ધૂપદાની પવિત્ર અગ્નિમાં આહુતિઓ હોમવા માટે પવિત્ર ચમચાઓ, જલના સુવર્ણ કુંભો, પ્યાલાઓ, અને વિધિ માટે જરૂરી બીજી સામગ્રી હતા. તેમણે જમીન પર ખૂબ પ્રમાણમાં પવિત્ર કુશઘાસ (દર્ભ) પાથરી દીધું અને તેને એક સ્તરવાળું અને સુવાળું બનાવ્યુ, પછી તેઓ વર-કન્યા સુખી થાય અને સમૃદ્ધ બને તેવા મંત્રો ભણવા લાગ્યા અને અગ્નિમાં આહુતિઓ નાખવા લાગ્યાં. દરેક વિધિ ખૂબ કાળજી-પૂર્વક નિશ્ચિતતા-પૂર્વકમાં કરવામાં આવ્યો. રાજકુમારોના કાંડા પર દીક્ષાના તંતુઓ બાંધવામાં આવ્યા.

પછી કન્યાદાનનો વિધિ કરવામાં આવ્યો. વશિષ્ઠે જનક રાજાને  બોલાવ્યા, અને રાજા પ્રકાશતા, અને રત્નજડિત આભૂષણોની ધારણ કરીને પવિત્ર અગ્નિની વેદી પાસે આવ્યા. મુનીની આજ્ઞા અનુસાર તેમણે સીતાના હાથને પકડીને રામના હાથમાં મુક્યા. તેમની આંખોમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યા. ત્યાર પહેલા રામને હાથમાં સમૃદ્ધિ સૂચક નાળિયેર મૂકવામાં આવ્યું હતું. સીતાના હાથ રામના હાથમાં મુક્યા પછી જનક વિધિપૂર્વક તેમને હાથ પર દૂધનો અભિષેક કર્યો.

તે સમયે જનકે રામને આ શબ્દો કહ્યા, “રામ, અમારી પુત્રી સીતા છે. આજથી તે તમારી સાથે ધર્મના માર્ગે ચાલશે. તેનો સ્વીકાર કરો. તે સમૃદ્ધિને, શાંતિને, આનંદને લઈ આવે છે. તમારા હાથ વડે તેનો હાથ પકડો. તે ખૂબ  સદ્ગુણી અને સત્ય છે. આ ક્ષણથી સદાને માટે તમારો પડછાયો બની ગઈ છે.” એમ કહીને તેમણે દાનના ચિહ્ન તરીકે રામ હાથ પર જળ રેડ્યું.

પછી તે લક્ષ્મણ પાસે આવ્યા અને બોલ્યા, “લક્ષ્મણ, હું તમને ઉર્મિલા પત્ની તરીકે આપું છું. તેનો સ્વીકાર કરો. મંત્ર બોલીને તેમણે વરને કન્યાદાન કરવાનો વિધિ પૂરો કર્યો. તે જ રીતે ભરત પાસે આવ્યા અને લગ્ન-મંત્રો ભણીને તેમણે માંડવીનું તેમણે કન્યાદાન કર્યું. તે જ રીતે, તેમને પવિત્ર જલ રેડીને મંત્રો ભણીને શત્રુઘ્નને શ્રુતકીર્તિનું કન્યાદાન કર્યું, ત્યાર પછી પરિણીત યુગલો પર દેવોની કૃપા વરસે તે માટે વેદ પંડિતોએ પરંપરાગત વિધિઓ પૂરી કરી.

પછી જનક લગ્ન-મંડપની મધ્યમાં ઉભા થયા અને વરો પ્રત્યે બોલ્યા, હે વાહલા પુત્રો, અમારી પુત્રીઓ તમારી ગૃહ-રાણી તરીકે સ્થાપજો, તે માટેની ધન્ય ઘડી આવી પહોંચી છે ત્યારે મેં તેમણે તેમ કર્યું કે તરત જ વસિષ્ઠ ના આશીર્વાદથી અને સંમતિથી ચારેય ભાઈઓ કન્યાઓનો હાથ પોતાના હાથમાં પકડ્યો, અને પવિત્ર અગ્નિથી પ્રદક્ષિણા કરી, પછી જનકની અને વસિષ્ઠની પ્રદક્ષિણા કરીને તેમણે તેમને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા.

તેઓ તેમ કરતા હતા, ત્યારે તેમના પર પુષ્પ-વૃષ્ટિ થઇ, અનેક વાદ્યોમાંથી આનંદ-પૂર્ણ સંગીત પ્રગટયું. વિખ્યાત સભાએ તે ક્ષણને હર્ષ-નાદથી વધાવી લીધી અને તેમનું જીવન હર્ષ-પૂર્ણ વીતે તેવી ઈચ્છા પ્રગટ કરીને તેમને અક્ષતથી વધાવ્યાં. તેમણે 'શુભ, શુભ'નો જે હર્ષનાદ કર્યો તેણે આકાશને ગજાવી મૂક્યું. તેણે બધાનાં હૃદયને આનંદિત કરી દીધાં. દેવોએ સ્વર્ગમાં દિવ્ય સંગીત રેલાવ્યું. હર્ષપૂર્વક સ્વર્ગનાં દુંદુભિઓ વાગ્યાં.સ્વર્ગના સંગીતકારોએ આનંદ-ગીતો ગાયાં.

મંચ ઉપર રાજસભાના સંગીતકારોએ પરંપરાગત લગ્ન-ગીતો ગાયાં, જેમાં લગ્ન-વિધિની સ્તુતિ કરવામાં આવી હતી અને તે લગ્નને શિવ-પાર્વતીના લગ્ન જેવું વર્ણવવામાં આવ્યું હતું. તેમણે તે ગીતો અનેક રાગોમાં તાલોમાં ગાયાં; આખું વાતાવરણ આનંદના આકંપનોથી ઉભરાઈ ગયું. પોતાની પત્નિઓ સાથે ચારેય ભાઈઓ વિશાલ સભા સમક્ષ મંચ ઉપર ઊભા થયા. સર્વને તેમને પ્રણામ કર્યા. અને તેમના હર્ષનાદોના અને અભિનંદનનો સ્વીકાર કર્યો, "તમે હંમેશા સુખી થાઓ તમારા સુખમાં વૃદ્ધિ થાઓ."

આરોગ્ય, વિરતા, અને સૌન્દર્ય વડે પ્રકાશના ભાઈઓ, પોતાની પત્નીઓ સાથે, પડદા પાછળના ભાગમાં ગયાં, જયાં તેમની માતાઓ લગ્નવિધિને જોવા બેઠી હતી. તેમણે માતાઓને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને તેમનાં આશીર્વાદ પ્રાપ્ત કર્યા. પછી તેઓ રાજ પક્ષને રહેવા માટેના મહેલમાં ગયા. તે દિવસથી ત્રણ દિવસ સુધી અનેક આનંદ-પૂર્ણ ભવ્ય વિધિઓ અને ઉત્સવો ચાલ્યા; મિથિલા આવેલા અયોધ્યા વાસીઓને તથા મિથિલાવાસીઓને રાત-દિવસની ખબર ન પડી. ઉત્સવ સતત ચાલુ જ રહેતો.

લગ્ન પછીના દિવસે વિશ્વામિત્ર દશરથ પાસે ગયા, અને બોલ્યા કે- જે કામ હાથમાં લીધું હતું તે પૂરું થયું છે. તેમણે ભાઈઓને પોતાની પાસે બોલાવ્યા અને પ્રેમપૂર્વક તેમને લાડ કર્યાં. તેમને તેમણે ખૂબ આશીર્વાદ આપ્યા અને દશરથ તરફ વળીને પોતાના હિમાલય-પ્રદેશમાં જવાનો ઈરાદો પ્રગટ કર્યો. રામ, લક્ષ્મણ, ભરત, અને શત્રુઘ્ન મુનિને પગે પડ્યા. પછી વિશ્વામિત્ર જનકના રાજ-મહેલમાં ગયાં અને બોલ્યા કે- મારી ઈચ્છા વિજય-પૂર્વક સફળ બની છે. તેમણે જનકને અને સીતા-ઉર્મિલા, માંડવી, અને શ્રુતકીર્તિ-ચારેય વધુઓને આશીર્વાદ આપ્યા. ત્યાં પણ તેમણે જણાવ્યું કે- હું હિમાલય તરફ જઈ રહ્યો છું. દશરથ, જનક, અને ઘણા અયોધ્યા વાસીઓ તથા મિથિલાવાસીઓ ગુંચવાડામાં પડી ગયા. તેઓ મુનિને જવા દેવા ઇચ્છતા ન હતા અને તેમને વધુ રોકવા માટે સમજાવી પણ શકતા ન હતા. છેવટે તેમણે મુનિ આગળ પોતાની આભાર-વૃતિનો ભાર મુકયો, દરેકને આશીર્વાદ આપીને અને ચાલી નિકળેલા મુનિની ચરણ-રજ માથે ચઢાવી.

ત્રીજે દિવસે દશરથે અયોધ્યા પાછા જવાની પોતાની ઈચ્છા જણાવી. જનકે વચ્ચે કોઈ ડખલ ન કરી પણ તેમની વિદાય માટે સઘળી તૈયારીઓ-વ્યવસ્થા કરી. તેમણે સભાસદોને અને વધુઓ સાથે જનારી દાસીઓને એકત્રિત કર્યાં. વર-વધુઓને સાથે લઈ જવાની વસ્તુઓ તેમણે અનેક રથોમાં મૂકાવી. તેમણે અનેક હાથીઓ, રથો, ઘોડા, અને ગાયો ભેટમાં આપ્યાં. તેમણે જમાઇઓને કિંમતી રત્નો અને કીંમતી મણીઓ ભેટમાં આપ્યાં, અને વળી દૈનિક જીવનમાં ઉપયોગી એવી અનેક મૂલ્યવાન ભેટો આપી. બીજે દિવસે સવારે છાયા-પટવાળા રથો યાત્રા માટે તૈયાર હતા. રાજસભાની નારીઓ રડી પડી; સાચે જ નગરીની બધી સ્ત્રીઓ પર સ્ત્રીઓ  ચાર વાહલી રાજકુમારીની વિદાય-વેળાએ રડતી હતી.

સીતાના અને ઊર્મિલાના વિયોગની વ્યથા સાંભળવા માટે અસમર્થ એવી ઘણી ધાત્રીઓ અને દાસીઓ શોકથી ભાંગી પડી. માતાઓએ હાથ પકડીને તેમને પ્રાર્થના કરી કે-અમારી પુત્રીઓ મૃદુ અને પ્રેમપૂર્ણ વ્યવહાર કરજો; તેમણે કદી મુશ્કેલી કે શોક અનુભવ્યાં નથી. તેઓ મૃદુ અને કોમલ પ્રકારે મોટી થઈ છે. એવા કરૂણ શબ્દો બોલીને

તેઓ રૂદન કરવા લાગી જાણે કે તેઓ પોતાની આંખોની કીકીઓને ગુમાવતી ન હોય ! છેવટે તેઓ રથમાં બેસીને ચાલી નીકળ્યાં. નગરીમાં શોકનો અંધકાર વ્યાપી ગયો, જે શોક તેમણે આગળના ત્રણ દિવસો સુધી અનુભવેલા આનંદ જેટલો વિશાળ હતો.

જનક માટે સીતા ની વિદાય લેવાનું કામ કઠિન બની ગયું. બહુ પ્રયત્નો વડે તેમણે આંસુને રોકવા કોશિશ કરી. તે દશરથને થોડેક દૂર સુધી વળાવવા ગયા; તે વખતે સીતાના ગુણવતા હતા, અમે તેમની સાથે, પ્રેમ પૂર્ણ, કોમળ વ્યવહાર કરવાની આજીજીઓ કરતાં હતા. તેમની  આંખોમાં આંસુ ઉભરાયા, તે બોલ્યા કે અવાર-નવાર મને સીતા કલ્યાણ અને સુખ બાબત સમાચાર મોકલતા રહેજો, તેમણે બીજી વધુઓ વિષે  પણ વાત કરી અને તેમને માટે પણ ચિંતા વ્યક્ત કરી. દશરથે  ખૂબ સહાનુભૂતિ પૂર્વક  જવાબ આપ્યો. જનકના મનના વિક્ષોભ ને શાંત કરવા માટે તે આશ્વાસન પણ શબ્દોમાં બોલ્યા, “હે જનક, અમને પુત્રીઓ નથી. એટલે આ ચાર પુત્રી અમારી છે. જેમને લાડ કરવાની અને લાંબા સમય સુધી ઈચ્છા રાખતા હતા. અમારી માટે તે પુત્રીઓ અને પુત્રવધુઓ છે. તેમને કોઈ વાતની તકલીફ નહીં પડે. આનંદ અને સુખ માટે જરૂરી એવી બધી વસ્તુઓ તેમને આપવામાં આવશે. તમે જરા પણ ચિંતા કે શોકકરશો નહિ. અમે તેમને માટે પ્રેમ પૂર્વક કાળજી રાખીશું. એવી ખાતરી રાખીને પાછા વળો.” એમ કહીને દશરથે  પોતાના રથને ઊભો રખાવ્યો.

જનક દશરથના રથમાંથી નીચે ઉતર્યા અને વરોની સાથે બેઠેલી વધુઓની પાસે ગયા. તેમને પ્રેમપૂર્વક આટલા લાંબા સમય સુધી ઉછેરીને મોટી કરવામાં આવી હતી. તે ઘટના વિયોગની વ્યથા સહન કરવા માટે તેમણે તેમને અનેક રીતે સમજાવી. તેમને હિંમત આપી અને ઘણા શાસ્ત્ર વચનો ટાંકયા કે નારી એ પતિ તેના અને તેના સગા સંબંધીઓ પ્રત્યે વફાદાર રહેવું એ તેનો ધર્મ છે. જે ઘરમાં પોતે જવાની છે તે ઘરના નોકરો સાથે કેવો વ્યવહાર રાખવો તે બાબત તેમણે તેમને યાદ દેવડાવી. જનકે તેમના માનપૂર્ણ પ્રણિપાત સ્વીકાર્યા, ફરીવાર તેમને પંપાળીને લાડ કર્યા, અને તેમને આશીર્વાદ આપ્યા. જ્યારે જનકે મિથિલા જવા માટે તેમની સામે પીઠ કરી, ત્યારે જનકને ડૂસકાં આવી ગયા. પણ તે રથમાં બેઠા અને ઘર તરફ ચાલ્યા. રથો ઝડપભેર અયોધ્યા તરફ

અને મિથિલા તરફ દોડવા લાગ્યા. થોડીક વારમાં તો તેમની વચ્ચે માઈલોનું અંતર પડી ગયું, જ્યારે જનક મિથિલા પહોચ્યા ત્યારે રાજમહેલના ખંડો ખાલીખમ હતા; ત્યાં જીવનનું કોઈ ચિન્હ ન હતું, આનંદનો પ્રકાશ નહતો. હર્ષના ધ્વની ન હતો. તે ક્ષણ સુધી પણ ત્યાં રહી શક્યા નહીં મિથિલા શોકની નગરી બની ગઈ હતી. પોતાના મનમાં ના આવેગને જરાક ન્યૂન બનાવવા માટે. તેમણે મુનિ શતાનંદને અને મંત્રીઓને બોલાવ્યા અને તેમની સાથે અનેક રાજ્ય વહીવટની વાતોની ચર્ચા કરી. તે ચર્ચાઓ દરમિયાન તેમનું મન ફરી શોકપૂર્ણ બની જતું. તે ચર્ચાની સમસ્યાઓ સાથે અસબંધ જવાબો આપતા. એટલે એક મંત્રીએ કહ્યું, “ હે રાજા, સીતાના વિયોગથી તમારા હૃદયમાં ખૂબ દુઃખ થયું હોય એમ નથી. એકવાર પુત્રીને તેના વર ને સોંપી દીધા પછી પિતાની ફરજ છે,કે તેણે ધીમે ધીમે પોતાની પુત્રી પ્રત્યેની આસક્તીને ઓછી કરવી. આ વાતથી આપ અજાણ નથી ! અમે જાણીએ છીએ કે સીતા સામાન્ય કન્યા નથી. તે એક દિવ્ય દેવદૂતી છે. એટલે તેના વિયોગ તમને ખૂબ સાલેજ. હે રાજા, પુત્રીઓ દિવ્ય છે અને તેની પણ નોંધ લો કે જમાઈઓ પણ દિવ્ય તેજવાળા છે. તેઓ સ્વર્ગ માંથી ઉતરી આવ્યા હોય એમ લાગે છે. મિથિલાના દરેક વૃદ્ધ તેમ જ યુવાન માણસને તેમ જ લાગતું હતું; બધા તેમના પ્રત્યે પૂજ્યબુદ્ધિ રાખતા હતા. એ સાચે જ એક અદભૂત સમ ઘટના છે કે આવા વરોને આવી કન્યાઓ પ્રાપ્ત થઇ, જેઓ શારીરિક, માનસિક, બૌદ્ધિક, અને આધ્યાત્મિક, લક્ષણોમાં મોભામાં, ધન-સંપત્તિમાં, સત્તામાં કુટુંબના, સન્માનમાં, વંશની પવિત્રતામાં, અને ધાર્મિક શ્રદ્ધામાં યોગ્ય છે. બધાની બાબતોમાં આવું બનતું નથી, એટલે પુત્રીઓ અને સતત પૂર્ણ સુખ પ્રાપ્ત થવાનું જ. જેમ-જેમ વર્ષો વીતશે. તેમ તેમ તેમનું જીવન વધુ ને વધુ આનંદપૂર્ણ બનશે.” તેમને લગ્ન વિધિની ભવ્યતાને યાદ જનકે દેવડાવી અને તેમના વિક્ષુબ્ધ મનને શાંત પાડ્યુ. તેમણે જનક ને આશ્વાસન આપ્યું અને તેમને ફરી પાછી સમતા અને માનસિક શાંતિ પ્રાપ્ત કરાવી.

## અધ્યાય ૮

## બીજો પડકાર

તે દરમિયાન દશરથ અયોધ્યા તરફ જઈ રહ્યા હતા. તેમના પુત્રો, પુત્રોવધૂઓ, મુનિઓ, વિદ્વાનો, પાયદળ  અશ્વદળ, ગજદળ, રથદળ, અને અયોધ્યા-વાસીઓ તેમની સાથે હતા. ઓચિંતા તેમણે દુનિર્મિતો જોયાં. તેમને એવી આગાહી થઈ કે-કોઇક ગંભીર ઘટના બનવાની તૈયારી હતી. દશરથ વશિષ્ઠ પાસે જઈને વાટાઘાટ કરવા લાગ્યા, "ગુરૂજી, આ શી અદ્ભુત વસ્તુ બની રહી છે? કાળાં વાદળ ભયંકર ગર્જી રહ્યા છે. પૃથ્વી પર પશુઓ ગોળાકાર ગતિ કરી રહ્યા છે. તેમણે તેમ ન કરવું જોઈએ નહીં વારુ? તેનું કારણ શું હોઈ શકે? તે શું સૂચવે છે? હું આ અપશુકનો જોઈને ચિંતા-વ્યગ્ર બની ગયો છું." વસિષ્ઠે આંતર-દ્રષ્ટિ વડે તે બધું જોઈ લીધું અને તે બોલ્યા, "હે રાજા, આ ચિન્હોનો બતાવે છે કે  કોઇ દુર્ઘટના આપણા પર આવી રહી છે. વાદળ ભયંકર ગર્જનાઓ કરે છે. પણ પૃથ્વીનાં પશુઓ આપણાં રથોની પ્રદક્ષિણા કરી રહ્યા છે તે જોતા એટલું અનુમાન તારવી શકાય કે જે સંકટ આવી પડશે તેને દૂર કરી શકાશે. એટલે તમારે ચિંતા કરવાની જરૂર નથી." વસિષ્ઠે  દશરથમાં શ્રદ્ધા અને વિશ્વાસ સ્થાપયા અને ઘટનાની રાહ જોવા લાગ્યા.

ઓચિંતો ભયંકર ઝંઝાવાત પેદા થયો. તેમણે જોયું કે-વૃક્ષો જડમૂળથી ઉખડીને નીચે પડી જતા હતા તેથી ખૂબ મોટો અવાજ થતો હતો. પર્વતનાં શિખરો એક-બીજા પર ગબડતાં હતાં. જાણે પૃથ્વી ના ટુકડા થઈ જતા હોય તેમ ગર્જનાઓ હવા ને ચીરી નાંખતી હતી; રથમાં બેઠેલા માણસો આગળ-પાછળના રથોને જોઈ શકતા નહિ-એટલો બધો અંધકાર આસપાસ વ્યાપી ગયો હતો. ઘોડા અને હાથીઓ ભયભીત બનીને દોડવા લાગ્યા. પાયદળના સૈનિકો મૂર્છિત બનીને નીચે પડ્યા. બીજાઓ અદૃષ્ટ  ભયથી સ્તબ્ધ બનીને ઊભા રહ્યા.

તે અનેક માણસોમાં માત્ર દશરથ, વસિષ્ઠ, અને ચાર પુત્રો ભય-રહિત બીજા બધા નિર્બલ અને નિવીર્ય બની ગયા હતા. તેને માટે કારણ પણ હતું. પૃથ્વી અને આકાશ અંધકારથી આચ્છાદિત થઈ ગયા હતાં. અંધ બનાવી મૂકે તેવા ઝબકારાથી અંધકાર વધુ

ગાઢ બનતો હતો. પ્રકાશના અંધ  બનાવી મૂકે તેવા ઝબકાર વધુ ગાઢ બનતો હતો. અને એક ભયંકર આંખોવાળી ભીષણ આકૃતિ તેમની સામે આવીને ઊભી રહી.

તેના મસ્તક પર જટાઓ હતી. તેના ખભા પર એમ મોટી  બે ધાર-વાળી પરશુ (ફરશી) હતી. તેના બીજા ખભા પર વિજળી પેઠે ચમકતા બાણોનું ભાથું હતું. તે ત્રિપુરના બળવાન અસુરનો નાશ કરવા તૈયાર થયેલા, ત્રણ લોચનોવાળા શિવ જેવો દેખાતો હતો. પાસે આવતા વસિષ્ઠ તેને ઓળખી ગયા કે-આતો પરશુરામ છે. પણ યુદ્ધમાં તેમણે ક્ષત્રિયોનો સંહાર કર્યો હતો અને તેથી તેમનો ક્રોધ શાંત પડી ગયો હતો, પણ અત્યારે તો તે ખૂબ ક્રોધે ભરાયેલા દેખાતા હતા. તેથી વશિષ્ઠને આશ્ચર્ય થયું. શાંત બની ગયેલા અંગારામ આથી તે ક્રોધની જ્વાળાઓ કેમ ફરી પાછી ભભૂકી ઉઠી તેનું કારણ શોધવા માટે પ્રયત્ન કરવા લાગ્યા.

સ્વાગત કરવાના ચિન્હો સાથે વશિષ્ઠ તેમના તરફ ગયા-જાણે કે તે તેમને હાથ ધોવા નિમંત્રતા ન હોય અને તેમના પગ ધોવાની રજા માંગતા ન હોય! પરશુરામે આ શુભેચ્છાના અને સ્વાગતના ચિન્હો સ્વીકાર્યા, પણ તે જલ ના અગ્નિ ? જેવી આંખો વડે રામ સામે તાકી-તાકીને જોઇ રહ્યા હતા. પણ રામ તેમનું લાક્ષણિક સ્મિત કરી રહ્યા હતા. તે સ્મિતથી પરશુરામ વધારે ગુસ્સે થયા. તેમણે મોટી ગર્જના કરી કહ્યું, "હે દશરથના પુત્ર, હજારો લોકો તમારા પરાક્રમોની પ્રશંસા કરે છે તે મેં સાંભળી છે. તમે રમતમાં હોય તેમ, શિવ-ધનુષ ભાંગી નાંખ્યું તે પણ મેં સાંભળ્યું છે. પણ તે બધું તો લોક-વાયકા છે. એમ હું સ્પષ્ટ રીતે જોઈ શકું છું. હવે હું જાતે તમારી વીરતાની પરીક્ષા કરવા આવ્યો છું. હું આ દિવ્ય ધનુષ લઈ આવ્યો છું. તે મારા પૂજ્ય પિતા જમદગ્નિનું ધનુષ છે. તેની પણછ ખેંચીને અને બાણનું-સંધાન કરીને તમારૂં બળ બતાવી આપો, નહિ તો મારી સાથે યુદ્ધ  કરો. ખૂબ ક્રોધથી તેમણે રામને આવો પડકાર કર્યો.

રામ પર તે ક્રોધના પ્રદર્શનની કશી અસર પડી નહિ. તે ઠંડે પેટે  સ્મિત કરવા લાગ્યા, અને બોલ્યા, "હે ભાર્ગવ રામ મને એવો ખ્યાલ હતો કે-તમારી ક્ષત્રિયો સામેની વૈર-વૃત્તિનો  ઘણા સમય પહેલા અંત આવી ગયો છે. તે વૈર-વૃત્તિ ફરી પાછી કેમ ભભૂકી ઉઠી? તમારૂં આવું પતન શા માટે? આ અસંભાવના શા માટે?  તે સમયે દશરથે પ્રણામ

કરીને આજીજી-પૂર્વકના શબ્દોમાં પરશુરામને અપીલ કરી, "હે ભગવાન, આપ બ્રાહ્મણ છો. તમે ખૂબ કીર્તિ પ્રાપ્ત કરી છે. મારા પુત્રો કોમળ, વીસેક વર્ષના છે. કોઈપણ કારણ વગર તમે શા માટે તેમના પ્રત્યે વૈર-વૃત્તિ-યુક્ત તિરસ્કાર ધરાવો? આ વસ્તુ તમારા વંશના ઉચ્ચ દરજ્જા ને છાજતી નથી. તમારા પૂર્વજો સતત વેદાધ્યન કરતા હતા અને પરિશ્રમ પૂર્ણ પરવા વગર યજ્ઞ-વિધીઓ કરતા હતા. જ્યારે તમે ચાંદ્રાયણ-વિધિમાં પ્રવેશ કર્યો હતો ત્યારે તમે પોતે જ કહ્યું હતું કે-હવેથી હું શસ્ત્ર હાથમાં નહી લઉં. મારી ઇચ્છા પૂર્ણ થઈ ગઈ છે." આ વાત તમે ઇન્દ્ર જેવા મોટા દેવ સમક્ષ જાહેર કરી હતી. તમે જીતેલા બધા પ્રદેશો કશ્યપને દાન કરી દીધા હતા. તમે જીવનના બાકીના દિવસો સત્કાર્યોમાં અને ક્ષમતા પ્રાપ્ત કરવામાં ગાળવાનો નિશ્ચય કર્યો હતો.

અત્યાર સુધીનો લાંબો સમય તમે મહેન્દ્ર-પર્વતના શિખર પર તપ કરવા માં ગાળ્યો છે. તમારા તે જાહેર કરેલા ઈરાદાઓ ની વિરુદ્ધ જઈને હવે તમે મારા વંશનો અને કુલનો વિનાશ કરવાનો નિર્ણય કર્યો છે.આમ પ્રતિજ્ઞા-ભંગ કરવો તે શું એક ભયંકર પાપ નથી? પ્રતિજ્ઞાનો ભંગ કર્યા પછી તપ શું ખપ લાગવાનું હતું? સત્ય કરતાં વધારે ઉચ્ચ ભગવાન પણ નથી, નહીં ! વારૂ તમે રામને પડકાર ફેંકો છો અને કહો છો કે-હું માત્ર રામ સાથે જ યુદ્ધ કરીશ. જો મારા તે પુત્રને કશી પણ ઈજા થશે, તો મારૂં આખું કુટુંબ શોકમાં ડૂબી જશે, અમારા જીવનનો અંત આવી જશે. તમારા જેવા બ્રાહ્મણે આટલા બધા જીવનોના અંત માટે જવાબદાર ન બનવું જોઈએ. તે માત્ર બ્રાહ્મણત્વનો દ્વેષ નથી, પણ ભયંકર પાપ છે.

પરશુરામે દશરથના શબ્દો પર ધ્યાન આપ્યું નહી. તેમણે તે શબ્દોને સાંભળ્યા જ નહિ. તે માત્ર રામ પર દૃષ્ટિ સ્થિર કરી રહ્યા હતા. તે બોલ્યા, "તમે જે ધનુષ ભાગ્યું હતું તે અને આ-બંને ધનુષ સ્વર્ગમાંથી આવ્યાં હતાં, દેવોના કારીગર વિશ્વકર્માએ તે બંનેનું નિર્માણ કર્યું હતું. એક ધનુષ ત્રિપુરાસુર સામે વાપરવા માટે શિવને આપવામાં આવ્યું હતું; બીજું ધનુષ વિષ્ણુને સોંપવામાં આવ્યું હતું. રાક્ષસોનો વધ કર્યા પછી, શિવે યુદ્ધમાં વપરાયેલાં બાણો સહિત તે ધનુષ દેવરથ રાજાને આપ્યું હતું. જે કામ માટે તે ધનુષ

આપવામાં આવ્યું હતું તે પૂરૂં થઈ ગયું હતું, એટલે કદાચ તે ધનુષ નબળું બની ગયું હતું. તેવું ધનુષ ભાગવું એ કાંઈ બળની કે વીરતાની નિશાની ન ગણાય.

આ ધનુષને હજી કામ કરવાનું છે. એટલે તેમાં હજી શક્તિ અને બળ કાયમ રહ્યા છે. તેનામાં ખૂબ પ્રભાવ અને શક્તિ છે. તમે જેમ બીજા ધનુષને ભાંગી નાખ્યું હતું તેમ, આ ધનુષને લો, તેને પણછ ચઢાવો, અને ભાંગી નાંખો, તેથી તમારા બળ અને વીરતા પુરવાર થશે. તમે શિવનું ધનુષ ભાંગી નાખ્યું એટલે અભિમાન-પૂર્વક છાતી કાઢીને ન ચાલશો. આને ભાંગો અને શૌર્યના ઇતિહાસમાં તમારૂં નામ લખો."

પરશુરામે બોલવાનું ચાલુ રાખ્યું, "આ વિષ્ણુનું ધનુષ છે તે બાબતમાં તમને કદાચ શંકા થશે. વિષ્ણુએ પોતે આ ધનુષ મહાનમુની હ્રષીકને સોંપ્યું હતું. તેમણે તે જમદગ્નિ  નામના પોતાના પુત્રને આપ્યું હતું. જમદગ્નિ  મારા પિતા છે. તેમણે તપસ્યા કરીને ખુબ પુણ્યનો નિધિ પ્રાપ્ત કર્યો હતો. તેમનું હૃદય એટલું બધું વિશુદ્ધ હતું કે તેમનામાં જરા પણ ધિકાર કે વૈર-વૃત્તિ ન હતા. મારા પિતાએ આયુધોના ઉપયોગનો ત્યાગ કર્યો હતો, છતાં દૃષ્ટ કાર્તવીર્ય-અર્જુને તેમને મારી નાખ્યાં હતાં. ગૂન્હો અપૂર્વ ક્રૂરતા-પૂર્વક મારી નાંખ્યો ન હતો. મેં નિર્ણય કર્યો કે-મારે તેની પ્રત્યે દયા ન બતાવવી જોઈએ, મારે તેને પદાર્થ પાઠ ભણાવવો જોઈએ. મેં પ્રતિજ્ઞા લીધી કે-હું માત્ર તે રાક્ષસનો જ નહિ, પણ બધા અધાર્મિક રાજાઓનો વિનાશ કરીશ. તે દિવસથી હું તેમના ટુકડા કરી નાખું છું અને તેમના મસ્તકો દડા હોય તેમ તેમની સાથે ક્રીડા કરૂં છું. તે બધા યુદ્ધોમાં  આ ધનુષ મારી પાસે હતું, મેં ઘણા દુષ્ટ રાજાઓનો સંહાર કર્યો.  મેં સમગ્ર જગત પર કાબૂ મેળવ્યો, તેથી મારા પિતા ને મારી નાંખનાર લોકો પ્રત્યેના મારા ક્રોધ થોડાક શાંત પડ્યો. મેં વૈર-વૃત્તિનો ત્યાગ કરીને એક યજ્ઞનો પ્રારંભ કર્યો છે, તે યજ્ઞ માટે મેં કશ્યપને નિમંત્ર્યા, કારણ કે-તે મહાન પુણ્યકારી પ્રવૃત્તિઓમાં નિમગ્ન એવા એક મહાન મુનિ હતા. મેં જીતેલી પૃથ્વીનું તેમને યજ્ઞ પર દેખરેખ રાખવા બદલ દક્ષિણા તરીકે દાન કરી દીધું.  ત્યારથી જ હું મહેન્દ્ર-પર્વતના શિખર પર મારા દિવસો ગાળું છું, મનને શાંતિમાં રાખું છું, બુદ્ધિને આધ્યાત્મિક તેજવાળી રાખું છું.

તમારા પિતાએ મને પૂછ્યું કે-તમે વૈર-વૃત્તિનો અને ધિકકારનો ત્યાગ કર્યો છે, છતાં પણ તમે આયુધોને ધારણ કરીને પડકારની મુદ્રા કેમ અપનાવી? હવે હું તેમને જવાબ આપીશ.  રામ, બે ધનુષોનું નિર્માણ સ્વર્ગમાં થયું હતું, અને તે પૃથ્વી પર આવ્યાં હતાં. તમે શિવ ધનુષને ભાંગી નાખ્યું. હવે આ એકલું જ ધનુષ બાકી રહ્યું .છે, જો આ ધનુષને ભાગી નાખવામાં આવે (તેનું કામ પૂરું થઇ ગયું છે એટલે તે મારી પાસે રહે તેનો કોઈ અર્થ નથી), તો મારો ત્યાગ પરિપૂર્ણ થશે. એટલે હું ઇચ્છું છું. કે આ ધનુષને પણ ભાંગી નાખવામાં આવે અથવા તમારી પાસે રાખવામાં આવે. હું આ પરિપૂર્તિ માટે પ્રતીક્ષા કરતો હતો, તે ક્ષણ આવી પહોંચી છે. હું તે તકનો ઉપયોગ કરી લેવા માગું છું; જેથી તે ધનુષ્ય ગમે તેના હાથમાં ન જાય અને તેનો દુરુપયોગ ન થાય. કદાચ તમને શંકા થશે કે શું યુદ્ધ એ સમયનો શ્રેષ્ઠ ઉપયોગ છે? પણ યુદ્ધના હેતુનુ પણ નિરીક્ષણ કરવાનું છે, તે જગતની પ્રગતિ માટે અને કલ્યાણ માટે પણ હોઈ શકે; તેથી દુષ્ટ લોકોનો નિરોધ થાય અને ધાર્મિક લોકોને પ્રોત્સાહન મળે. ઉપરચોટીયા દૃષ્ટિબિંદુથી તમે યુદ્ધને અનિષ્ટ ન કહી શકો. આ હેતુનું પૃથકરણ કરો. જ્યારે ચપ્પુ અને ધારદાર બનાવવાનું હોય છે, ત્યારે તેને પથ્થર પર ઘસવું પડે છે, તેથી કોઇ એમ ન કહી શકે કે-તે પ્રક્રિયા ચપ્પુને હાનિકારક છે. જો શરીરને અન્નમાંથી બળ પ્રાપ્ત કરવું હોય, તો અન્નને કઠોર દાંતની પંક્તિઓ  વચ્ચે મૂકીને નિર્દય રીતે ચાલવું પડે છે. પ્રવાહી બનાવવું પડે છે. તેથી એમ ન કહી શકાય કે-તે પ્રક્રિયા અન્ન પર કરાતી હિંસા છે. શરીરને સાત્વિક અન્ન આપવા માટે તે પ્રક્રિયા જરૂરી બની જાય છે; અને રાજકારણને સંઘર્ષનો યુદ્ધનો, દેખીતી રીતે પીડા પમાડવાનો આશ્રય લેવો પડે છે.

ઠીક, આપણે યાત્રાની વચ્ચે અધવચ માર્ગ છીએ. અહીં ઉભા રહીને વાતો કરવી તે યોગ્ય નથી. આપણે કાર્ય કરવાની શરૂઆત કરવી જોઈએ. તેની શરૂઆત કરવી અનિવાર્ય છે. આવી જાઓ! કાં તો આ ધનુષને પણછ ચઢાવો અને ભાંગી નાંખો, અથવા મારી સાથે દ્વંદ્વયુદ્ધ કરો." પરશુરામે તેવો પડકાર ફેંક્યો. તે સાંભળીને લક્ષ્મણમાં ક્રોધ ઉભરાઈ ગયો. તેમણે કડક જવાબ આપવાની તૈયારી કરી પણ રામ તેમને શાંત પાડતા બોલ્યા કે- "આ વાત સાથે તારે કશી લેવા-દેવા નથી. મને પૂછેલા પ્રશ્નોનો જવાબ મારે

પોતાને જ આપવો જોઈએ. અમારી વચ્ચે પડવું એ સારી રીત-ભાત ન કહેવાય. આ સમસ્યાનો નિકાલ મારા પર છોડી દે." તેમની પ્રેમપૂર્ણ અને મૃદુ સલાહથી લક્ષ્મણ અટકી ગયા. પણ જ્યારે પરશુરામ રામની પ્રત્યે હસવા લાગ્યા, અને પોતે ફેંકેલા પડકારને તરત ન ઝીલી લેવા બદલ ઠેકડી ઉડાડવા લાગ્યા, ત્યારે લક્ષ્મણ પોતાના ક્રોધને દબાવી રાખી શક્યા નહિ.

તેમણે બૂમ પાડીને કહ્યું, "હે ભાર્ગવ શિવ-ધનુષ ભાંગનાર માટે આ કામ કાંઈ અઘરું નથી. આ નાનકડા ધનુષને ભાંગવા માટે તમે રામને કેમ પડકાર કરો છો? આ બ્રાહ્મણનો આયુધ છે. તે તો દર્ભના ઘાસ જેવું છે. હું પોતે એક જ ક્ષણમાં, પ્રયત્ન કર્યા સિવાય તેને ભાંગી નાખી  શકીશ, રમતમાં તેના ટુકડા કરી નાંખીશ. આ નાનકડા કામ માટે તમે રામને શા માટે કહો છો? મારે તે કામ રામને સોંપવાની જરૂર નથી." લક્ષ્મણના તે શબ્દો સાંભળીને પરશુરામનો ક્રોધ વધારે ભભૂકી ઊઠયો. પણ રામે શાંતિપૂર્વક તે વસ્તુને સ્વીકારી. તેમણે લક્ષ્મણ પ્રત્યે સ્મિત કર્યું, અને મૃદુ વાણીથી તેમને શાંત પાડ્યાં. પરશુરામ નો ક્રોધ જેમ જેમ વધ્યો, તેમ તેમ રામ નું પ્રતીક કાર્ય વધારે સંયમિત  બન્યું.

પરશુરામે તરત જ પોતાના પરનો કાબુ ગુમાવી દીધો. તેમણે પોતાની જીભને તદ્દન સ્વતંત્ર કરી દીધી. ગાળો ભાંડવા લાગ્યાં. તેથી દશરથના હ્રદયમાં ભય પેદા થયો. તે ભીષણ આક્રમણથી દાસીઓ અને નોકરો સંતાઈ ગયાં. સેનાના ચારેય અંગો ભયથી કંપી ઉઠ્યાં. પંડિતો ભય-ભીત બની ગયા. પણ સીતા રમૂજ-પૂર્વક તે દ્રશ્યને જોઈ રહ્યાં હતાં. તે જરા પણ વિક્ષુબ્ધ થયા ન હતા; તે જરા પણ ભયભીત બન્યા ન હતા. ઉર્મિલાને, માંડવીને, અને શ્રુતકીર્તિને હિંમત અને વિશ્વાસ આપી રહ્યાં હતાં. તે તેમને કહેતા હતા કે રામ-રૂપી સિંહ આગળ પરશુરામ શિયાળવા જેવા છે. જ્યારે ભરત અને શત્રુઘ્ને રામને લક્ષ્મ-ણને ઠપકો આપતા જોયા ત્યારે, તેમણે વચ્ચે પડવાનો યોગ્ય ન માન્યું. નહિ તો તેઓ આ યુદ્ધના જોડાત અને તે માટે રામની રજા માગત અથવા પડકારને ઝીલી લેત, તે રામ ની આજ્ઞા ની રાહ જોતા ઊભા. વશિષ્ઠ ભૂતકાળને અને

ભવિષ્યકાળને જાણી શકતા હતા; તેમને ખ્યાલ આવી ગયો કે આ ઘટના તો માત્ર દિવ્ય નાટકનું એક દ્રશ્ય છે. તે અડગ અને મૌન રહ્યા.

ખુબ શાંતિ પૂર્વ રામચંદ્ર બોલ્યા, "પરશુરામ તમે, બ્રાહ્મણ છો. વર્ણની દ્રષ્ટિએ જોતાં, તમે ક્ષત્રિય માટે પૂજ્ય છો. તમે પૂજ્ય વિશ્વામિત્રના સગા-સંબંધી છો, તેવા ઉચ્ચ વર્ણના બ્રાહ્મણને મારવા તે હું યોગ્ય માનતો નથી. આ પવિત્ર આયુધના તમને લક્ષ્ય બનાવવા તે પણ યોગ્ય નથી. તમે જાતે જ હમણાં કહ્યું હતું કે-આ ધનુષ દેવોનું છે; અત્યાર સુધી જે જે શત્રુ સામે, નગરી સામે, અને દુર્ગ સાથે તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે બધાનો વિનાશ તેણે કર્યો છે; તેનામાં દરેક પ્રતિસ્પર્ધી ના અભિમાનને અને બળને પરાજીત કરવાની શક્તિ છે. તે સેવા-યોગ્ય ન રહે તેવું તેને બનાવી દેવુ તે શું નિરર્થક નથી? એટલે આ વિકલ્પોમાંથી એકને પસંદ કરી ને મને કહો કે-તમે પગે ચાલી ન શકો તેવા તમને બનાવી દેવા માટે હું તેનો ઉપયોગ કરું કે તપ વડે તમે જે ઉચ્ચતર લોકોને પ્રાપ્ત કરવાના છો તેમાં જતાં તમને રોકુ?" જ્યારે પરશુરામે આ શબ્દો સાંભળ્યા, ત્યારે તે વધારે ક્રોધ પૂર્ણ બની ગયા, કોધથી તેમની આંખો લાલચોળ બની ગઈ. રામ સામે ધસી જઈને તે બોલ્યા, તમે શું બબડી રહ્યા છો?" તેમના ખભા પર રહેલા વિષ્ણુ-ધનુષને રામે પોતાના હાથમાં લીધું. તે ઉપહાસમય હાસ્ય કરતા હતા; પરશુરામનુ અભિમાન તેથી ઘવાયું, ધનુષ રામના હાથમાં આવ્યું કે તરત જ પરશુરામનું બળ ચાલ્યું ગયું. તેમણે પોતાની બધી શક્તિ ગુમાવી દીધી, અને રામનું તેજ એટલું બધું વધી ગયું કે કોઈ પણ તેમની સામે જોઈ શક્યું નહી. જાણે અસંખ્ય પ્રદીપોને તે સ્થાને પ્રગટાવવામાં આવ્યા હોય, અને અંધ બનાવી મૂકે તેવો તેમનો પ્રકાશ ચારેય બાજુ ફેલાઈ રહ્યો હોય, એમ રામ ઉભા રહ્યા. જ્યારે તે ધનુષના સાચા માલિક નારાયણ ભગવાને પોતે તે ધનુષ પોતાના હાથમાં પકડ્યું, ત્યારે તે ધનુષના તેજમાં પણ વૃદ્ધિ થઈ. ધનુષ ની આસપાસ વિજયી તેજોમંડલ પ્રસરી ગયું અને તેમાંથી વીજળી વહેવા લાગી. આકાશના દેવો એકઠા થયા, તેમણે રામ પર પુષ્પ વૃષ્ટિ કરી. ઉપરથી શુભ સંગીતનોધ્વનિ સંભાળવા લાગ્યો.

તે દરમિયાન પરશુરામ સ્મિત કરી રહ્યા હતા. તે બોલ્યા, "રામ શું બન્યું તે તમે જોયું? મને દિવ્ય આવિર્ભાવના તમારા દિવ્ય તેજના આનંદનો અનુભવ થયો. ભૂતકાળમાં મેં આ પ્રદેશ કશ્યપને દાનમાં આપ્યો હતો, તે દાન સ્વીકારતા, કશ્યપે કહ્યું હતું કે- "તમારે ફરી આ પ્રદેશમાં પ્રવેશ કરવો નહિ. પ્રવેશ કરો, તો તમારે એક પણ રાત્રી અહીં ગાળવી નહિ. મને તેમણે તેવો શાપ આપ્યો હતો. ઠીક અંધારૂં થઈ ગયું છે. હવે હું અહીં રહી શકું તેમ નથી. મારે જલ્દી મહેન્દ્ર-પર્વત તરફ ચાલ્યા જવું જોઈએ, મારા અસાધારણ તપને કારણે, મેં ઉચ્ચ સ્વર્ગના પ્રદેશો પ્રાપ્ત કર્યા છે. ધનુષને ભાંગી નાંખો. અને તેની સાથે મેં પ્રાપ્ત કરેલી બધી શક્તિને પણ ભાંગી નાખો. મારામાં જે શક્તિ છે. તે તમારી છે. હે રામ, જુઓ, મેં પ્રાપ્ત કરેલી શક્તિ હું તમને પછી આપી આપું છું."

એમ કહીને પરશુરામ પાસે આવ્યા, અને તેમણે રામને દ્રઢ આલિંગન કર્યું, તે ક્ષણે તેમનામાં રહેલી દિવ્યતાની ત્રણ બાજુઓ બહાર નીકળીને રામ માં પ્રવેશી. પછી પરશુરામ રામ પ્રત્યે બોલ્યા, "રામ જગત સહેલાઈથી ભગવાનના રહસ્યને સમજી ન શકે. ત્યાગ, અનાસક્તિ, અને તપ દ્વારા મહાન શક્તિ પ્રાપ્ત કરેલા, મારા જેવા લોકો પણ પોતાની આધ્યાત્મિક સિદ્ધિઓ પર વધારે વિશ્વાસ રાખે છે, અને વિષ્ણુની દિવ્ય યુક્તિ-પ્રયુક્તિની ઉપેક્ષા કરે છે.

એટલે તમારી વાસ્તવિકતા અને સાચી શક્તિ જગત આગળ પ્રસિદ્ધ કરવાનો મેં નિર્ણય લીધો છે. મારી પાસે જે શક્તિઓ હતી તેમને મેં તમને સમર્પિત કરી દીધી છે. મેં ફરી એકવાર સિદ્ધ કર્યું છે કે-તમે અસાધારણ શક્તિ વાળા ભગવાન વિષ્ણુ છો, જે આ વિશ્વના નાટકને ચલાવે છે. તમારા સિવાયની કોઈપણ વસ્તુ નથી, બધું તમે જ છો. તમે સર્વરૂપ છો, બધું તમારૂં છે, થોડા સમય સુધી તમારા દિવ્ય-ધનુષનો ઉપયોગ કરવા માટે હું ભાગ્યશાળી બન્યો હતો, અને પરિણામે જગત મને પૂજતું હતું. તે પુણ્ય મને મળ્યું છે. તે મારૂં સમર્પણ છે." એમ બોલીને પરશુરામ અદ્રશ્ય થઈ ગયા.

રામે અવિક્ષિપ્ત સ્મિત-યુક્ત મુખ રાખીને, તે ધનુષ અને બાણો વરુણ-દેવને આપી દીધાં, પાસે ઉભેલા વશિષ્ઠને અને દશરથને તેમણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. તે

બધો સમય દશરથ ભયથી ધ્રુજતા હતા કે-આ આકૃતિને (પરશુરામને) કારણે મારા પુત્ર પર કેવું સંકટ ઉતરી આવશે હવે તે ચિંતામુક્ત બની ગયા હતા. રામને પાસે ખેંચીને તેમણે તેમને અનેક રીતે લાડ કર્યા. તેમણે પોતાના હાથ વડે રામની દાઢીને ઉંચી કરી, અને પોતાની લાગણીને શબ્દોમાં અભિવ્યક્ત કરવામાં કઠિનતા અનુભવતા દશરથ બોલ્યા, "હે વાહલા પુત્ર, હું સાચે જ ભાગ્ય-શાળી છું. હું તમને ફરી જોઈ શકીશ કે-નહિ તે બાબત મને ભય હતો. તમારી નિશ્ચયાત્મક હિંમત, તમારી વીરતા કલ્પનાતીત છે." આમ તેમણે રામની ખૂબ પ્રશંસા કરી, અને અનેક પ્રકારે તેમના પરાક્રમના વખાણ કર્યા. જવાબમાં રામ બોલ્યા, "ધર્મનો વિજય થાય છે. ધર્મનું અનિવાર્ય પરિણામ છે વિજય. સંઘર્ષની પ્રાથમિક ભૂમિકાઓમાં તે ભીષણ  લાગતા અવરોધોને અને ભયને પેદા કરે, તેથી મનની નિર્બલતા પણ આવી જાય, તે પરાજયની અથવા નિષ્ફળતાની  શંકાઓ પણ જગાડે. પણ તેમની સામે ઝૂકી પડ્યા સિવાય માણસે માત્ર લક્ષ્ય ઉપર જ ધ્યાનને એકાગ્ર કરવું જોઈએ. તો પછી તે કદી નિષ્ફળ નીવડતો નથી. નિષ્ફળતાની તેના પર કશી અસર થતી નથી. માણસો ધર્મના બળના સત્યનું ઊંડાણ-પૂર્વક નિરીક્ષણ કરતા નથી, તેઓ ઉપરચોંટિયા અવરોધોથી અને ચિંતાઓથી ઘસડાઈ જાય છે; પરિણામે તેઓ ધર્મના માર્ગેને ત્યજી દે છે અને દુઃખી થાય છે. જે કાંઈ બન્યું છે તે સારા માટે જ બન્યું છે. તે તમારા આશીર્વાદથી બન્યું છે એમ હું માનું છું.

એમ કહીને રામ પિતા ને પગે પડ્યા. રામ બોલ્યા, "અયોધ્યા તરફ મુસાફરી ફરી શરૂ કરવા માટે સૈન્ય તમારી આજ્ઞા ની રાહ જોઈ રહ્યું છે. કૃપા કરીને તેને આગળ જવાનો હુકમ આપો." તે સાંભળીને દશરથ આનંદ-વિભોર બની ગયા. તે બોલ્યા, "હે પુત્ર હવે આપણને વિલંબ શા માટે કરવો? શોક અને હર્ષ વારા-ફરતી આપણે પીડે છે, માણસને અને તેના શરીરને દુઃખ આપે છે. આપણે આપણી રાજધાનીમાં જઈશું અને ત્યાં દરેક રીતે સુખમય જીવન જીવવાની કોશિશ કરીશું." તેમણે મંત્રીઓને બોલાવીને કહ્યું કે સૈન્યને આગળ વધવાનો હુકમ આપો.

સૈનિકોએ હર્ષ-પૂર્વક મુસાફરી શરૂ કરી. ભયનો વચગાળો પતી ગયો હતો. માર્ગમાં દશરથ તે દિવસની આશ્ચર્યકારક ઘટનાઓનું વર્ણણ કરતા હતા. નગરીની પાસે આવતાં,

કેટલાક સૈનિકો ને આગળ મોકલવામાં આવ્યા, જેથી તેઓ નાગરિકોને કહી શકે કે- પૂત્રો અને પૂત્રો-વધુઓ સાથે જાન પાછી આવી રહી છે. મિથિલામાં અનુભવેલી ભવ્ય અને યશસ્વી ઘટનાઓની સ્મૃતિ, અને માર્ગમાં બનેલી ઘટનાઓની સ્મૃતિ તેમના પગને વેગ આપતી હતી. બાણાવણી એ ફેંકેલા બાણની પેઠે, તેમણે નગરીમાં ઝડપભેર પ્રવેશ કર્યો. તેમણે જાહેર કર્યું કે- "પોતાની પુત્ર-વધુઓ સાથે રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન નગરી માં પ્રવેશ કરી રહ્યા છે. આ ખુશીના સમાચાર તમને જણાવવા માટે દશરથે અમને આગળ મોકલ્યા છે."

અયોધ્યાવાસીઓએ, અનેક આકર્ષક શૈલીઓમાં, શેરીઓને તથા પોતાના ઘરોને શણગાર્યા. પોતાનામાંથી પસંદ કરાયેલા માણસોએ માર્ગો ધોયા અને તેમણે સુંવાળા બનાવ્યા. માર્ગની બંને બાજુએ થાંભલાઓ ઉપર કેળના છોડ બાંધવામાં આવ્યા; તેમના પણ નાળિયેરના ગુચ્છો લટકાવવામાં આવ્યાં. ગુલાબ જળ છાંટવામાં આવ્યું, સમગ્ર નગરીને મનોહર, આંખોને આકર્ષક, અને હૃદય માટે આનંદ-પ્રદ બનાવી દેવામાં આવી.

માર્ગમાં પોતાનાં વાદ્યો સાથે સંગીતકારો ઉભા રહ્યા. પંક્તિબધ્ધ લોકોને ફટાકડા અને દારૂખાનું વેચવામાં આવ્યાં, જેથી તેઓ રંગને અને અભિવાદનના ધ્વનિને વહેવરાવી શકે. આનંદની લાગણીઓ પૂર્વક તેઓ જાનની પ્રતીક્ષા કરતા ઊભા મિનિટો ગણવા લાગ્યા, અને તેના આગમનનું પ્રથમ દર્શન કરવા માટે દૂર સુંદર દ્રષ્ટિ ફેંકવા લાગ્યા. ઘૂંઘટ ઓઢીને સ્ત્રીઓ મકાનોની બારીઓ આગળ તથા અગાસીઓમાં મોટી સંખ્યામાં એકઠી થઇ. તેઓ ઘૂંઘટમાંથી ડોકિયા કરી જોતી હતી. પૂત્રો અને પૂત્ર-વધુઓ સાથે દશરથ રાજાએ રાજધાની અયોધ્યામાં પ્રવેશ કર્યો. તેમને જોયા કે તરત જ સંગીતના અવાજે આકાશને ભેદી નાખ્યું. પોતાનું ગળું બેસી જાય ત્યાં સુધી લોકોએ ઉત્સાહ-પૂર્વક 'જય-જય'ના નાદ કર્યા. સ્ત્રીઓએ આરતી ઉતારી, તેમના માર્ગો પર પુષ્પ-વૃષ્ટિ કરી અને ગુલાબજળ છાંટયું. સૂર્ય જેમ તારાઓ સાથે પ્રકાશે તેમ, કુમારો પોતાની પત્નીઓ સાથે પ્રકાશતા હતાં. એ ઉદાત દ્રશ્યને જોઈને ઘણા લોકોએ તો ભૂલી ગયા કે- પોતે ક્યાં ઊભા છે, અને પોતે કોણ છે, તેમનો આનંદ અસીમ હતો, ગમે તેટલો સમય તેઓ તેમને તાકી-તાકીને જોતા પણ તેમની તૃષા છીપાતી નહિ, એટલે તેઓ ચાલી ને

થોડે દૂર પાછળ-પાછળ ગયા, જેથી તેઓ રાજકુમારોને અને તેમની પત્નીઓને જોઈ શકે. પછી જાન રાજમહેલ ને દરવાજે આવી પહોંચી ત્યાં બ્રાહ્મણો ઉભા હતા, જેથી તેઓ વેદ-મંત્રો ભણીને નવ-પરિણીત યુગલો પર સદભાગ્ય અને સમૃદ્ધિ વરસાવી શકે. દાસીઓએ આરતી ઉતારી, અને કોઈની નજર ન લાગે તે માટે ઘણી વિધિઓ કરી. તેમણે પુત્રવધૂઓને પહેલો ડાબો પગ મૂકીને અંદર આવવાની પ્રાર્થના કરી.

તે દરમિયાન, અંત:પુરના પ્રવેશદ્વાર આગળ કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી રાણીઓ ઊભી હતી, તેઓ આતુરતા-પૂર્વક તેમના આગમનની પ્રતીક્ષા કરતી હતી; તેઓ તેમને જલ્દી જોઈ શકે તે માટે તેમની આંખોના ડોળા બહાર નીકળી પડતા હતા, તેમણે ચંદનનું અત્તર છાંટ્યું, તેમના કેશમાં પુષ્પો ખોસ્યાં, કપાળમાં લાલ ચાંલ્લો કર્યો. તેઓ આનંદ-વિભોર બની ગઈ હતી. તેમણે પુત્રવધૂઓને પોતાની પાસે ખેંચી, તેમને લાડ કર્યા, તેમના મસ્તકનો અને દાઢીનો સ્પર્શ કર્યા, તેમને ખૂબ આશીર્વાદો આપ્યા. ચાર પુત્રોએ અને પુત્રવધુઓએ ત્રણ માતાઓને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પ્રેમ કરતા તેમની આંખોમાં હર્ષાશ્રુ ઊભરાયાં, કારણ કે-તેમના આનંદને કોઈ સીમા ન હતી.

તે દરમિયાન દાસી સુવર્ણની રકાબીમાં ખીર લઇ આવી. માતાઓએ ખીર પુત્રવધુઓના મુખમાં મૂકી અને તેમને ખાવાનો આગ્રહ કર્યો. તેમણે તેમને પીવા માટે દૂધ આપ્યું, પછી પુત્રવધૂઓને અંત: પુરમાં લઈ જવામાં આવી; પહેલેથી જ વ્યવસ્થા કરવામાં આવી હતી તે મુજબ, તેમને પુરુષો તથા સ્ત્રીઓને સ્નાન કરવા માટે અલગ રાખેલી રૂમમાં લઇ જવામાં આવી. લાંબી મુસાફરીથી થાકને દૂર કરવા માટે, પુરુષ-સેવકોએ તથા દાસીઓએ તેમના શરીરને માલિશ કર્યો અને સ્નાન કરાવવામાં મદદ કરી, પછી તેમને થોડો સમય માટે આરામ લેવાનું કહેવામાં આવ્યું.

જ્યારે તેઓ ઊંઘતી હતી, ત્યારે કેટલીક પરિચારિકાઓને તથા દાસીઓ ધુપ વડે તેમના કેશને સુકવી રહી હતી; કેટલીક પગ દબાવતી હતી, કેટલીક વીંજણો નાખી રહી હતી, ચામર ઢોળી રહી હતી, અને અનેક રીતે તેમની સેવા કરવામાં આનંદ અનુભવતી હતી. તે દિવસનું ભોજન તેમના ખંડમાં મોકલી આપવામાં આવ્યું, જેથી તેમને રસોડામાં જવાનો શ્રમ ઉઠાવવો પડે.

સાંજે અયોધ્યાની નારીઓને નવ-પરિણીતાઓનું સ્વાગત કરવાના શુભ વિધિમાં ભાગ લેવા માટે નિમંત્રવવામા આવી હતી. એક બહુ સુંદર મંચ તૈયાર કરવામાં આવ્યો હતો; તેના પર સુવર્ણ-આસનો મૂકવામાં આવ્યા હતા. રાણીઓ કલામય નમૂનાઓમાં રત્ન-જડિત આભૂષણો અને મૂલ્યવાન વસ્ત્રો લઇ આવી. પુત્રવધૂઓને તે પહેરવામાં મદદ કરવાની આજ્ઞા તેમણે બુદ્ધિશાલી દાસીઓને કરી. તે બધુ સારી રીતે પહેરાય અને પુત્રવધૂઓની સુંદરતામાં વૃદ્ધિ થાય તે માટે તેમણે પોતે દેખરેખ રાખી. પુત્રવધૂના હાથ પકડી માતાઓ તેમને પોત પોતાના આસનો પાસે લઈ ગઈ.

તે  સમય દરમિયાન, રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુધ્ન ક્યાં આવીને પોતાના આસન પર બેસી ગયા હતા. તેમણે બાદશાહી પોશાક પહેર્યો પહેર્યો રત્ન-જડિત આભૂષણો પહેર્યા હતા, અને માથે મુગટ ધારણ કર્યા હતા. દરેક રાજકુમાર પોતાની પત્નીની જમણી બાજુએ બેઠો. માતા અને અયોધ્યામાંથી નીમંતરેલી નારીઓ ? તે દ્રશ્યના તેજથી પોતાની આંખોને ભરતી હતી; તેમનો આનંદ આમેય હતો, અવર્ણનિય હતો. જ્યારે વિધિ કરી રહ્યાં હતાં, ત્યારે રાજમહેલની બહાર લોકોને ખૂબ ભેટો અપાતી હતી. ગાયો, રોકડ નાણું, જમીન, અનાજ, વાહનો, અને ઘોડાઓ-પુષ્કળ પ્રમાણમાં આ બધી વસ્તુઓનું દાન કરવામાં આવ્યું.

બ્રાહ્મણો મંચની પાસે આવ્યા. વેદ- મંત્રો ભણતાં ભણતાં તેમણે નવપરિણીત યુગલો ના મસ્તક પર શુભ અક્ષત વેર્યા. પછી પરણેલી નારીઓએ, તેમને કોઈની નજર ન લાગે તે માટે, દિવાઓ લઈ આરતી ઉતારી. પછી રાજકુમારો ઉભા થયા, અને પોતાની પત્નીઓ સાથે તેમણે માતાઓને, પિતાને અને ગુરૂ વશિષ્ઠને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા પછી સૌ પોત-પોતાના ખંડમાં ગયા.

## અધ્યાય ૯

## રાજ્યાભિષેક માટે તૈયારીઓ

તે દરમિયાન, ભરતના મામા કેકયનો રાજ-કુમાર દશરથ પાસે આવ્યો અને બોલ્યો, "મારા આવ્યાને ઘણો સમય વીતી ગયો છે, પિતા મારી પાછા જવાની રાહ જુએ છે. તે પોતે આ ઉત્સવો દરમિયાન હાજર રહેવાથી ખૂબ ખુશ થયા હોત. તે ભરતના લગ્ન વિશે કાંઇ જાણતા નથી. પોતાની ગેર-હાજરીમાં પોતાના દૌહિત્ર ભરતનું લગ્ન થઈ ગયું તે જાણીને તે બહુ નિરાશ થશે, જો ભરતને મારી સાથે મોકલવામાં આવે, તો તેમની નિરાશા કંઈક અંશે શાંત થશે; તેમના સંતોષ અને આનંદ માટે ત્યાં કેટલાંક, ઉત્સવો ગોઠવાઇ શકશે."

દશરથે પોતાની રાણીઓનો અભિપ્રાય લીધો, અને ભરતને પોતાની પાસે બોલાવીને કહ્યું, "હે પુત્ર, તારા મામા યુધાજિત્ તને પોતાની સાથે લઈ જવા આવ્યા છે. જ્યારે તેમણે તને મિથિલામાંથી જ પોતાની સાથે લઈ જવાની રજા માગી, ત્યારે મેં સંમતિ આપી ન હતી એટલે તેમની સાથે જવા માટે તૈયારીઓ કર." એટલે ભરત બોલ્યા કે-પિતાજી, જો શત્રુઘ્ન પણ મારી સાથે આવે, તો બહુ સારૂં થાય, એટલે શત્રુઘ્નને પણ જવા માટે તૈયારીઓ કરવાની આજ્ઞા થઈ. બંને પોતાની પત્નીઓ સાથે ગિરિવ્રજ-નગરીમાં જવા નીકળી પડ્યા.

પોતાના વડીલો પ્રત્યેના માનથી પ્રેરાઈને, ભરતે પોતાની પત્ની સાથે અયોધ્યામાંથી જવાની તૈયારીઓ કરી. તેની સામે કોઇ વિરોધ કે વાંધાઓ પ્રદર્શિત કરવામાં આવ્યા નહિ, ભરત ખૂબ બુદ્ધિશાળી હતા. વળી તેમને પોતાની જાત પર ઈન્દ્રિયો અને ઈચ્છાઓ પર કાબૂ હતો. ભરત અને શત્રુઘ્ન, પોતાની પત્ની સાથે, સુખપૂર્વક મુસાફરી કરીને ગિરિવ્રજ-નગરીમાં પહોંચી ગયા. અને માતામહ તેને જોવા તથા લાડ કરવા માટે ઉત્કટ ઇચ્છા રાખતા હતા. તેમને અને શત્રુઘ્નને લાડ કરવા માટે તે દોડી આવ્યા. તેમણે અયોધ્યાના લોકોના કુશલ-સમાચાર પૂછયા. તેમણે કહ્યું કે તમે લાંબી મુસાફરીથી થાકી ગયા લાગો છો, માટે આરામ કરો. તે તેમને માટે નક્કી કરેલાં

નિવાસ-સ્થાનોમાં લઇ ગયા, તે ક્ષણથી તેમણે પોતાના પુત્રો કરતાં પણ તેમની સાથે વધારે પ્રેમ-પૂર્ણ વ્યવહાર કર્યો, અને તેમની નાનામાં નાની જરૂરિયાતોને પણ સંતોષી.

માતામહ તેમના આનંદ અને સગવડો માટે દરકાર રાખતા હતા, છતાં પણ તે ભાઈઓ નિગૂઢ અસંતોષથી પીડાતા હોય એમ લાગતું, કારણ કે તેઓ પોતાના વૃદ્ધપિતાના અને રામના વિયોગને  સહી શકતા ન હતા. રામ તો તેમને પોતાના પ્રાણસમાન વહાલા હતા, તેઓ સતત પરસ્પર દશરથ અને રામ વિષે જ વાતો કર્યા કરતા. અવાર-નવરા તેમને પિતાના સ્વાસ્થ્ય અને કલ્યાણ બાબતની ચિંતા સતાવતી અને તેમના મનને ચિંતિત બનાવી મૂકતી.

જ્યારે ગિરિવ્રજમાં તેમની લાગણીઓ આ પ્રકારની હતી, ત્યારે અયોધ્યામાં દશરથ પણ દર ક્ષણે તેમના વિયોગથી પીડાતા હતા. તેમના વગર તેમને બધું શૂન્ય લાગતું, ઘણીવાર તે પોતાની જાતને પૂછતા કે-મેં શા માટે તેમને અહીંથી મોકલી દીધાં? ઓહ, જો મેં તેમને મોકલવા બાબત સંમતિ ન આપી હોત, તો સારૂં થાત.

દશરથ માટે ચાર પુત્રો એ ચાર બાહુઓ સમાન હતા.  હવે તેઓ બેથી વંચિત બની ગયા હતાં. એક દિવસ રામે તેમને ભરત-શત્રુઘ્નના વિયોગથી ચિંતા-મગ્ન બની ગયેલા દીઠા. તે પિતાની પાસે ગયા, તેમની નજીક બેઠા, અને મૃદુ મધુર શબ્દો બોલીને તેમને રાજી કરવા લાગ્યા. રામ બહુ જ મૃદુ હતા. બીજાઓ ગમે તેટલા કઠોર શબ્દો બોલે, તો પણ તે મૃદુ અને મધુર જવાબ આપતા. બીજાઓ તેમને ઈજા પહોંચાડે, તો પણ તે વાતને તે કદી પણ યાદ રાખતા નહિ. તે ભલા થવાનો જ પ્રયત્ન કરતા, તો બીજાઓની સેવા કરતા. જ્યારે જ્યારે તેમને સમય મળતો, ત્યારે ત્યારે વૃદ્ધ મુનિઓ, પૂજ્ય બ્રાહ્મણો, અને પડિતો સાથે સદાચારના અને નીતિમત્તાના નિયમો વિષે જ ચર્ચાઓ કરતા, તે વેદાંતના વિચારતાં રહસ્યોનું સરળ શબ્દોમાં પૃથક્કરણ કરતા, અને એક સામાન્ય જિજ્ઞાસુની પેઠે પંડિતો સમક્ષ સમસ્યાઓના ઉકેલ માગતા. વેદાંત-વિધા અને તત્વચિંતનીય સંશોધનના સ્વામી એવા મુનિઓ અને વિદ્વાનો રામે  પોતે જે ગૂંચવાડા ભરેલાં મુદ્દાઓ ઉભા કર્યા હતા તેમની તે પોતે જે સમજૂતિઓ આપતા તેનાથી રાજી

થતા, આનંદ-વિભોર બની જતા. રામની બુદ્ધિની અને ઊંડી વિદ્વત્તાની તેઓ હજારો પ્રકારે પ્રશંસા કરતા.

રામના પ્રજાજનો તેમની સાથે બોલે ત્યાર પહેલાં તેમની સાથે બોલતા; એટલો બધો પ્રેમ તેમને પોતાના પ્રજાજનો માટે હતો તે પ્રેમપૂર્વક તેમના કુશળ-સમાચાર પૂછતા. તેમને પ્રજાજનો માટે ખૂબ સહાનુભૂતિ હતી. એટલે પ્રજાજનો પણ તેમને પોતાના ગાઢ મિત્ર તરીકે, સૌથી વધારે વહાલા સ્વજન તરીકે ચાહતા. તે પોતામાં પ્રેમપૂર્ણ રસ લેતા; એટલે પ્રજાજનો તેમને પૂજતા. પોતાને ગમે તેટલી અગવડ કે મુશ્કેલી પડે પણ રામ હંમેશા કડક રીતે પરંપરાગત નીતિ-નિયમોનું પાલન કરતા. તે ગમે તેની સાથે વાત કરતા હોય, પણ તેમના મુખ પર મનોહર સ્મિત રહેતું આંખનો ચમકારો, આનંદમય હતો, અને શબ્દોમાં સ્થિર મધુરતા હતી. કોઈને પણ તેમના મુખ પર થોડાય ક્રોધ, અણગમો, નિરાશા કે તિરસ્કાર દેખાતા નહિ.

તે કરુણાની અને સહાનુભૂતિની મૂર્તિ હતા. જે લોકો પોતાની ઈચ્છાઓ તેમને સમર્પિત કરી દેતા તેમને મદદ કરવા માટે તે હંમેશા ઉત્સુક રહેતા. રાજાઓ સામાન્ય રીતે જેમના સહેલાઈથી શિકાર બની જાય છે એવી અનિષ્ટ ટેવો કદી પણ તેમની સામે ફરકવાની ધૃષ્ટના કરી શકતી નહિ. છતાં પણ જો કોઈપણ માણસ તેમની સમક્ષ દલીલોનું પ્રદર્શન કરવાની ઈચ્છા કરતું, તો તે હંમેશાં વધારે ચતુર દલીલો તેની સામે રજૂ કરીને તેને ચૂપ કરી દેવામાં ચૂકતા નહિ. તે કદી વાચાળતાનો અને અછકલાપણાનો શિકાર બનતા નહિ. તેમનું શરીર કદી માંદું પડતુ નહિ, અને મન કદી ચિંતા-વ્યગ્ર બનતું નહિ, તેઓ લોકોની જરૂરિયાતો જાણી લેતા, અને તેઓ રાજાને કહે ત્યાર પહેલા તે દશરથ રાજાની રજા લઈ તે તેમની મુશ્કેલીઓ દૂર કરતા, મંત્રીઓને તે મુશ્કેલીઓ દૂર કરવામાં રસ લેતા બનાવી મુકતા દશરથ પણ કદી રામની ઈચ્છાઓની આડે આવતા નહિ. તેમની ઇચ્છાઓ જાણે કે દશરથ તરત જ તેમનો અમલ કરતા. રાજ વહીવટની નાનામાં નાની વિગત પર પણ રામ ધ્યાન આપતા. એકવાર સમસ્યાઓનો ઉકેલ થઈ જાય ત્યાર પછી તેઓ ફરી પોતાનું માથું ન ઉંચકે તે માટે રામ બરાબર સાવધાની રાખતા. રામની બીજી એક વિશેષતા એ હતી કે-પોતાના મનમાં કરેલા નિશ્ચયને તે

સમય પહેલાં કદી પણ પ્રગટ કરતાં નહિ. તેમની ઇચ્છા કે તેમનો સંકલ્પ સિદ્ધ થયા પછી બીજાઓને તેમની ખબર પડતી. તેમનો ક્રોધ  અથવા સંતોષ કદી નિષ્ફળ જતો નહિ. તે કદી વિલંબ કરતા નહિ, પોતાની જાતને બીજા માર્ગે લઈ જવા દેતા નહિ, છેતરાતા નહિ આવાં પરમ લક્ષણોથી રામ યશસ્વી બની પ્રકાશવા લાગ્યા રામ જે રીતે પ્રજાજનોના પ્રેમને  અને વફાદારીને  જિતી લેતા હતા તે જોઈને દશરથને આનંદ થતો. મંત્રીઓ, પુરોહિતો, અને બીજાઓ પાસેથી તે રામની વધતી જતી કીર્તિ બાબત સાંભળતા અને આનંદવિભોર બની જતા.

એક દિવસ રાતે દશરથને તરસ લાગી, થોડુંક પાણી પીવાની તેમને ઈચ્છા થઈ. ઊંઘતી રાણીઓને  જગાડવા તે ઈચ્છતા ન હતા. એટલે પથારી પાસે મુકેલા ઘડામાંથી એક પ્યાલામાં તેમણે થોડુંક પાણી રેડ્યું.  તેમને જણાયું કે-પોતાની પકડ શિથિલ હતી, આંગળીઓ ધ્રૂજતી  હતી. પછી તેમને ઉંઘ આવી નહિ. તેમનું મન અનેક પ્રકારના વિચારોમાં ડૂબી ગયું. આખરે  તેમણે અનુમાન કર્યું કે વૃદ્ધાવસ્થાને તેમનામાં નિર્બલતા પેદા કરી છે. તેમણે નિર્ણય કર્યો કે-હવે મારે લાંબા સમય સુધી રાજ્ય ન કરવું જોઈએ. અંગોના અને સંકલ્પના બળ વગર લોકો પર શાસન ચલાવવાનો પ્રયત્ન માત્ર ગૂંચવાડો અને સંકટ પેદા કરે છે. પછી તે મિનિટો ગણવા લાગ્યા, સવાર પડે કે તરત જ  પોતાના મંત્રીઓને પોતાનો નિર્ણય જણાવવા માગતા હતા. છેવટે રાત વીતી ગઈ અને સવારનો પ્રકાશ આવી ગયો.

પ્રાતઃ સ્નાન અને પ્રાતઃ સંધ્યા પૂરાં કરીને તેમણે દ્વારપાળ મારફતે મંત્રીઓને પ્રજાના આગેવાનોને, અને પુરોહિતને રાજ-મહેલમાં એક ખાસ સભા માટે બોલાવ્યા.રાજાની આજ્ઞા ને નમન કરીને, તે બધા થોડા જ સમયમાં આવી પહોંચ્યા અને રાજાના આવવાની રાહ જોવા લાગ્યા. દશરથ વસિષ્ઠને પગે પડ્યા અને તેમને રાતની બધી ઘટનાઓ અને તેમનાથી પોતામાં ઉત્પન્ન થયેલા વિચારોમાં તે બોલ્યા કે- "મેં રાજ્ય-વહીવટ નો ભાર રામને સોંપી દેવાનો નિર્ણય છે. હું પ્રાર્થના કરું છું. કે કોઈપણ આ પ્રસ્તાવનો વિરોધ કરશો નહિ. એ મારી ઇચ્છા પરિપૂર્ણ કરવા માટે જલ્દી તૈયારીઓ કરે.

મુખ્ય મંત્રી સુમંત્રે સભા સમક્ષ દશરથનો આ નિર્ણય જાહેર કર્યો, મંત્રીઓએ, સભાસદોએ, નાગરિકોએ, પુરોહિતોએ, અને વિદ્વાનોએ આ સમાચારને આનંદપુર્વક વધાવી લીધા, તે બોલ્યા કે શુભમ્-શુભમ્ (સરસ, કલ્યાણકારી) તેમની તાળીઓના ગડગડાટનો ધ્વનિ આકાશ સુધી પહોંચી ગયો, વશિષ્ઠ ઉભા થઈને બોલ્યા, મહારાજ તમારે આની જરા પણ ચિંતા કરવાની જરૂર નથી. રામ આ મહાન ભાગ ભજવવા માટે દરેક રીતે લાયક છે. પણ આપણે થોડો વખત રાહ જોઈએ, અને આ પ્રસંગને ભવ્ય રીતે ઉજવવા માટે યોગ્ય લોકોને નિમંત્રણ આપીએ. હું સૂચવું છું કે-આપણે એક બે મહિના સુધી થોભી જઈએ જેથી રામનો અભિષેક આપણી ઇચ્છા મુજબ ભવ્ય રીતે ઉજવી શકાય.

પણ દશરથ બોલ્યા, "મહાત્મા, કોઈ વસ્તુ તમારી નજર બહાર નથી, તમે સર્વજ્ઞ છો. જ્યારે રાજાના અંગો ઢીલાં પડી જાય છે ત્યારે તે ઉચ્ચ અધિકારીની લગામો પોતાના હાથમાં ધારણ કરવા માટે યોગ્ય રહેતો નથી. વૃદ્ધાવસ્થાથી નિર્બળ બની ગયેલો રાજા ગાદી પર ચાલુ રહેવાનો લોભ કરે, તો તે એક ખરાબ ચિન્હ છે. તે હૃદયના લોભને સૂચવે છે. આ બધું જાણવા છતાં, જો હું આમાં વિલંબ કરૂ, તો મુલતવી રાખવાનો ? પ્રયત્ન ન કરો. બે-ત્રણ દિવસમાં જ હું-રામને યુવરાજ પદે સ્થાપું તેવી મને રજા આપો. "ખૂબ નમ્રતા-પૂર્વક અને ઊંડા સન્માનપૂર્વક દશરથે આવી આજીજી કરી.

વશિષ્ઠે દશરથને ઉંચકી લીધા ? અને તેમના પર આશીર્વાદ વરસાવ્યા. તે બોલ્યા, "હે રાજા રામનું લગ્ન પણ તાત્કાલિક જ થયું હતું. તે સ્વર્ગમાંથી કૃપા રૂપે ઉતરી આવ્યું હતું. એટલે આપના પ્રજાજનોને તે મહાન પ્રસંગના આનંદમાં ભાગ લેવાની તક મળી ન હતી, જો અભિષેકને પણ ઉજવવાનો નિર્ણય ઓચિંતો લેવામાં આવશે, તો તેથી આ દેશના ઘણા ભાગોના રાજાઓ દુઃખી થશે, એટલું જ નહિ, પણ ખાસ કરીને ભરત-શત્રુઘ્નને તેથી ખૂબ શોક થશે. અને આપણા સગા-સંબંધી અને મિત્ર બનેલા જનક પણ તેમાં હાજર નહિ રહી, શકે. તેથી હું સૂચવું છું કે-તારીખ નક્કી કરતા પહેલા તમે આ બાબતની વિચારણા કરજો."

પછી મુખ્ય મંત્રી ઉભા થઈને બોલ્યા, પૂજ્ય કુલ-ગુરુ મને ક્ષમા કરે. રાજાના નિર્ણયને દરેક જણે વધાવી લીધો છે; તેમનું નામ સૂચવે છે. તેમ રામચંદ્ર એ ચંદ્ર છે, જે

ઉગ્રતાપને દૂર કરીને બધાને શીતલતા આપે છે. તે દ્વેષ, તિરસ્કાર, લોભ, અને ઈર્ષ્યા વડે થતા દુઃખને દૂર કરે છે. કોઈપણ કારણસર, તેમને યુવરાજપદે સ્થાપવામાં વિલંબ કરવાની જરૂર નથી. હે રાજા, તે માટે જરૂરી  હુકમો આપો. આ રાજ્યના બધા લોકો વતી હું તમને આવિનંતી કરું છું."

જ્યારે રાજાએ અને મુખ્ય મંત્રીએ વિનંતી કરી ત્યારે વશિષ્ઠ પોતાના વલણને વળગી રહી શક્યા નહિ. તેમણે કહ્યું કે-આ બાબતમાં લોકોનો અભિપ્રાય જાણવા ની જરૂર છે. તે સાંભળીને દશરથ રાજા ઊભા થયા, અને તેમણે મંત્રીઓ, આગેવાન નાગરિકો, પંડિતો, પુરોહિતો, તથા તે વિશાલ સભામાં બેઠેલા બીજા લોકો તરફ દૃષ્ટિ કરી સભાઓ તે શુભ પ્રસ્તાવને તાળીઓના ગડગડાટથી વધાવી લીધો. તે ઉશ્કેરાટમાં એક મહત્વના પક્ષનો નાગરિક ઉભો થયો અને બોલ્યો, "મહારાજ, તમારા વંશના બળવાન રાજાઓએ જાણે અમે તેમનાં પોતાનાં બાળકો હોઈએ તેમ રાજ્યના પ્રજાજનોનું પાલન કર્યું છે ઇક્ષ્વાકુનાં પ્રેમને અને દરકારને કારણે કોસલ દેશ સમૃદ્ધ અને શાંતિ પ્રાપ્ત કર્યા હતાં. તમારા જયેષ્ઠ પુત્ર રામ ખૂબ સદગુણી છે, ધર્મના માર્ગના મોટા ભક્ત છે. દેવરાજ ઇન્દ્ર સમાન વીર છે અને સૌથી વધારે તો તે ત્રિભુવન નું શાસન કરવા સમર્થ છે. તમે તેમનો યુવરાજ-પદે અભિષેક કરવા ઇચ્છો છો તે સાચે જ અમારું સદભાગ્ય છે તે અમારૂં સદભાગ્ય છે તે બાબત કોઈને પણ શંકા ન હોઈ શકે."

જ્યારે રાજ્યના બધા પ્રજાજનો વતી તે નાગરિક એમ બોલ્યા, ત્યારે દશરથે સભાને  સંબોધતા કહ્યું, "હે સભ્યો, અત્યાર સુધી મેં મારા પૂર્વજોએ નિયત કરેલા માર્ગે આ દેશ પર રાજ્ય કર્યું છે અને મારી બધી શક્તિઓ ખર્ચીને તેની સમૃદ્ધિનું અને શાંતિનું રક્ષણ કર્યું છે, તેમ કરવામાં મારી સાચા દિલની ઇચ્છા એ હતી કે સમગ્ર જગતનું કલ્યાણ થાય. મારા જીવનનાં બધા વર્ષો મેં મારા સિંહાસનની ઉપર રહેલ ધવલ છત્રની છાયા હેઠળ ગાળ્યાં છે. હવે હું વૃદ્ધ થયો છું, મારા અંગોની શક્તિ અને સ્ફૂર્તિથી ક્ષીણ થઈ ગઈ છે. આ નબળા શરીરને થોડોક આરામ આપવાની જરૂર છે. મેં તેનો નિર્ણય કરી લીધો છે. દેશ પર રાજય કરવું એ સહેલું કામ નથી, એ અર્થશૂન્ય કાર્ય પણ નથી, કારણ કે-તે પોતાની જાતનું ધર્મને સમર્પણ છે. જે માણસ સતત સાધનામાં પરોવાયેલો હોય

અને જેણે ઈન્દ્રિયો પર કડક કાબુ પ્રાપ્ત કર્યો હોય, તે જ માણસ રાજ્ય-વહીવટ દ્વારા ધર્મને અખંડિત ટકાવી રાખી શકે આ ભારનું વહન મેં એટલા બધા લાંબા કાળ સુધી કર્યું છે કે હું થાકી ગયો છું. જો તમે બધા મારી યોજનાનું મૂલ્યાંકન કરશો, તેમાં સંમતિ આપશો, તો હું તે યોજના તમને પૂરે પૂરી જણાવીશ. હું કદી પણ તમારી ઈચ્છાઓની તથા પસંદગીની વિરુદ્ધ નહી વર્તૂં.

તમારા પર કોઈ દબાણ નથી. હું મારી ઇચ્છાઓ બળ-જબરીથી તમારા પર લાદી રહ્યો છું અથવા તમારે જેને માનવો જ પડે તેઓ આ રાજનો હુકમ છે-એવો ડર ન રાખશો. હું તમને મુક્ત રીતે નિર્ણય કરવાની છૂટ આપું છું. જો તમને કોઈ બીજી વ્યવસ્થા વધારે લાભકારક લાગતી હોય, તો ખુલ્લે હૃદયે તેની વિચારણા કરવા માટે તે રજુ કરવાની તમને પૂરી સ્વતંત્રતા છે. એટલે તમે માંહ્યોમાહ્ય વાટાઘાટ કરી લો, અને રાત પડતા પહેલા મને તમારા બધાનો નિર્ણય જણાવો."

દશરથે પોતાના વાક્યને પૂરૂં કર્યું ત્યારે પહેલાં, જેમ વૃષ્ટિનાં વાદળોથી ભરેલું આકાશ જોઈને મયુર-વૃંદ નાચી ઉઠે તેમ, સભા ચંચળ અને ઉશ્કેરાટભરી થઈ ગઈ. નિશ્ચિત શબ્દોમાં તેમણે મોટા પોકારો વડે પોતાની સંમતિ પ્રગટ કરી પોતાનાં આભાર-વૃતિ અને આનંદ પ્રગટ કર્યા. સભાજનો બોલ્યા, "તમારી ઈચ્છા એ અમારી ઇચ્છા છે. અમે બીજી કોઈ ભેટ ઇચ્છતા નથી, અમને આ જ ભેટ આપો. આ તો અમારૂં પરમ સદભાગ્ય છે. યુવરાજ રામચંદ્ર કી જય ! જય દશરથ-રામ !" તે નિનાદથી આકાશ ભેદાઈ ગયું. લોકોનો નિનાદ સાંભળીને દશરથને આનંદ અને ભય થયાં.

આ સ્વયંભૂ વફાદારીના અને પ્રેમના ઉભરાથી દશરથ દિગ્મૂઢ બનીને ઊભા રહ્યા. થોડાક સમય પછી તે શાંત બન્યા. પછી સભા સભા પર દ્રષ્ટિપાત કરીને તે બોલ્યા, "આ સભાના સભ્યો, તમારી ઇચ્છાઓનો સ્વીકાર કરતા બીજું કોઈ પણ કામ મારે મન મહત્ત્વનું નથી. હું જરૂર રામનો યુવરાજ પદે અભિષેક કરીશ. પણ થોડોક ભય પણ છે. હું તે તમને જણાવવા માગું છું અને તમારી પાસે થોડુંક આશ્વાસન મેળવવા માગું છું. તમે મને તમારો સાચો અભિપ્રાય આપો મને આપો અને હું જે માગું છું તે સંતોષ આપો એવી મારી ઇચ્છા છે. હકીકત આ છે. જ્યારે હું રામનો યુવરાજ-પદે અભિષેક કરવાનો પ્રસ્તાવ

તમારી સમક્ષ મૂકવાની તૈયારીમાં હતો અને મેં તે વિષે વાત કરી, ત્યાર પહેલાં તો તમે બધાએ જાહેર કર્યું કે-મારે ચોક્કસ રામને ગાદીએ બેસાડવા જોઈએ, રામમાં સારી રીતે, અસરકારક રીતે આ દેશ પર રાજ્ય કરવાની ખૂબ શક્તિઓ છે. તે વાતને ધ્યાનમાં લેતા મને એમ લાગે છે કે-મારા શાસનથી તમને થોડોક અસંતોષ છે અથવા તો મેં ઘડેલા કેટલાક કાયદાઓ તમારા હિતની અથવા વલણની વિરુદ્ધ છે અથવા શું મેં ધર્મ વિરુદ્ધ કોઈ વલણ બનાવ્યું છે ? હું તમારા કલ્યાણને ધ્યાનમાં રાખીને તમારા પર શાસન કરવા માટે સમર્થ છું કે નહિ તે બાબત તમને શું શંકા છે અને તેથી તમે રામના યુવરાજ પદે અભિષેક માટે આટલી ઉત્કટ ઇચ્છા રાખો છો ? મેં જે કોઈ ભૂલો કરી હોય, દોષો કર્યા હોય તેમને નિર્ભય પણે જણાવવા માટે હું તમને નિમંત્રું છું, ખુલ્લા દિલથી તેમને જણાવવામાં કોઈ વાંધો નથી."

તે સાંભળીને લોકોના એક આગેવાને ઊભા થઇને જવાબ આપ્યો, "રામની શક્તિ અને બુદ્ધિ અવર્ણનીય છે. અને હે રાજા, તમે દેવા-ધિદેવ શંકર સમાન છો, તમારામાં દિવ્ય કરુણા છે, તમે પ્રજાજનો માટે જે માંગવામાં આવે તે આપવા સદા તત્પર રહો છો. અમારૂં પાલન કરવામાં તમે વિષ્ણુ જેવા છો. જો અમે તમારા શાસનનો દોષ કાઢીએ. તો અમે ખૂબ દુષ્ટ અને અધમ ગણાઇએ. તમારી નિંદા કરનાર લોકો ક્રૂર પાપી છે. તમે આ નિર્ણય લીધો છે, કારણ કે-તમે અમારૂં કલ્યાણ કરવા, અમને સુખી કરવા ખૂબ ઉત્સુક છો. અમે કોઈપણ પ્રશ્ન ઉઠાવ્યા સિવાય તમારી આજ્ઞાનું પાલન કરીએ છીએ." તે સાંભળીને દશરથે મુખ્ય પુરોહિતોને કહ્યું, "હે બ્રાહ્મણશ્રેષ્ઠ તમે લોકોની ઈચ્છા સાંભળી છે. હવે વિલંબ ન કરો. રાજ્યાભિષેક માટે જરૂરી બધી સામગ્રી એકઠી કરો." અપેક્ષાના ઉશ્કેરાટથી સનેનાટી અનુભવતા દશરથ બોલ્યા કે-ધર્મ શાસ્ત્રમાં કહ્યા મુજબ મંડપો અને મંચો રચાવો, યજ્ઞની વેદિઓ રચાવો.

તે કુલ-પુરોહિતોને ચરણે પડ્યા અને તેમણે તે પ્રક્રિયા પર દેખરેખ રાખવાની તેમને વિજ્ઞપ્તિ કરી, "ગુરૂજી, તે બધાની રચના કરનાર બધા માણસો હાજર રહેશે. દૂરથી આવનાર લોકો માટે રાહ જોઈને આપણે વિલંબ કરવો નથી. રામનો રાજ્યાભિષેક થયો સાંભળીને તે લોકો તેટલો જ આનંદ પ્રાપ્ત કરશે. કૈકેય-રાજને અથવા જનકને

બોલવાની જરૂર આગળ ધરીને, આ વિધિમાં વિલંબ ન નાંખશો. બને તેટલી ઝડપથી રાજ્યાભિષેકનો પવિત્ર વિધિ કરવાની રજા આપો." પ્રણામાંજલિ કરીને તેમણે વસિષ્ઠને પ્રાર્થના કરી.

વશિષ્ઠે જવાબ આપ્યો, "મહારાજ મેં બધી વસ્તુઓ તૈયાર રાખી છે. તમે કહેશો કે તરત જ અમે પ્રારંભ કરી દઈશું. સેંકડો પવિત્ર કુંભો, વ્યાઘ્રચર્મ મંડપ, શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણેની પૂજામાં જરૂર સાધન-સામગ્રી, ઔષધિઓ, પુષ્પો આવતી કાલે સવારે આવી જશે, એટલું જ બસ નથી. મેં સૈન્યની ચારેય પાંખોને તૈયાર રહેવાની સૂચના આપી દીધી છે. શાસ્ત્રોમાં કહ્યા મુજબનાં શુભ લક્ષણોવાળા, હાથી શત્રુંજયને ખૂબ ભવ્ય રીતે શણગારવાની આજ્ઞા પણ આપી દીધી છે. તેજોમય ધવલ છત્ર, રાજ-વંશનો રાજધ્વજ પણ રાજ-મહેલમાં તૈયાર રહેશે. શુભ મુહૂર્ત મેં જોઈ લીધું છે, આવતી કાલે શુભ મુહૂર્ત છે ." જ્યારે વશિષ્ઠે આ શુભ સમાચાર આપ્યા, ત્યારે પ્રજાજનોને ખુબ આનંદ અને આભાર-વૃત્તિ થયાં, તેઓ આનંદમાં નાચી ઉઠ્યા.

માર્ગોને કાળજી-પૂર્વક વાળી-ઝૂડીને સ્વચ્છ કરવામાં આવ્યા, માર્ગો પર, દીવાલો પર અને માર્ગોની બંને બાજુએ આવેલા મકાન ઉપર પરિશ્રમ-સાધ્ય આકૃતિઓ ચીતરવામાં આવી. તોરણો લટકાવવામાં આવ્યા. માર્ગો પર તોરણો, કમાનો અને છાયાઓ રચવામાં આવ્યાં, દરેક નાગરિક કાર્યરત અને સુખી હતો. સમગ્ર નગરી ઝડપભેર અને ઉત્સાહ-પૂર્વક કામ કરી રહી હતી. બ્રાહ્મણો અને આગેવાન નાગરિકો દશરથની રજા લઈને રાજમહેલમાંથી બહાર આવ્યા. તે એક રાજા સાથે મહેલના અંતર્ભાગમાં ગયા.

દશરથે રામને બોલાવ્યા. રાજસભામાં તેમને મળીને, દશરથે તેમને રાજ્યાભિષેક સાથે સંકળાયેલી બધી વિધિઓ સમજાવી. તેમણે રામને યાદ કરાવ્યું કે-તમારે સૂર્યોદય પહેલાં તૈયાર થઈ જવાનું છે. રામે જે પ્રાથમિક વસ્તુ કરવાની હતી તે દશરથે વર્ણવી બતાવી, લક્ષ્મણે તે સમાચાર સાંભળ્યા, તે આનંદપ્રદ સમાચાર કહેવા માટે અને પોતાનો આનંદ વ્યક્ત કરવા માટે તે કૌશલ્યા માતા પાસે દોડી ગયા. માતા પોતાના સુખને અંદર સમાવી શકયાં નહિ. તે રામ પોતાની પાસે આવે તેની રાહ જોઇ રહ્યાં હતાં.

સમય બહુ થોડો હતો, એટલે આખી નગરી ઉશ્કેરાટથી ઉભરાઈ ગઈ. માઈલો સુધી દૂરનાં આસપાસના ગામડાને તથા પડોશી રાજ્યોને તે સમાચાર જલ્દી પહોંચી ગયા, કારણ કે શુભ સમાચાર જલ્દી પ્રસરી જતાં હોય છે. કોઈ પણ બીજાની રાહ જોઈ બેસી રહેતું નહિ. સાંભળીને તરત જ રાજધાની પ્રત્યે દોડી જતું. અયોધ્યા તરફ જતા માર્ગો પર માનવ-મેદની ઊભરાતી હતી; તેને કાબુમાં રાખવું એ અશક્ય હતું.

દશરથ જે કહી રહ્યા હતા તેમને રામચંદ્ર ધ્યાન-પુર્વક સાંભળતા હતા, પણ તે કશો જવાબ આપતા ન હતા; તેમની લાગણીઓને શબ્દોમાં વ્યક્ત કરી શકે તેવી ન હતી. પોતાના મનમાં જે ચાલી રહ્યું હતું. તેને તે અભિવ્યક્ત કરી શકતા ન હતા. તે મૌન રહ્યા. એટલે દશરથે તેમને પૂછ્યું, "હે પુત્ર આવતી કાલે તમારો રાજ્યાભિષેક થવાનો છે, પણ તમારામાં આનંદનુ ચિહ્ન હું કેમ જોઈ શકતો નથી ? શું તમને યુવરાજ થવું નથી ગમતું ? અમે તમારા મસ્તક પર રાજ્યનો ભાર મૂકી રહ્યા છે તેથી શું તમને ભય કે ચિંતા થાય છે ? દશરથે લાબાં સમય સુધી પ્રશ્નો પૂછ્યા, પ્રેમપૂર્ણ આજીજીઔ કરી પણ એક શબ્દ પણ ન બોલ્યા, છેવટે તે બોલ્યા, "પિતાજી તમે આટલી બધી ઉતાવળથી આ કામ શા માટે કહો છો તે મને સમજાતું નથી. અત્યારે મારા વહાલા ભાઈઓ ભરત અને શત્રુઘ્ન અહીં નથી. વળી માસ માતામહ બહુ દૂર છે, તે સમયે અહીં આવી શકશે નહિ. મારા સસરા પણ નહિ. આવી શકે. બીજા રાજ્યોના રાજાઓ, રાજકુમારો ઘડિયા રાજાઓ હાજર રહેવામાં મુશ્કેલી અનુભવશે. આપણે ઘણા લોકોને નિરાશ કરીશું , એટલે મારૂં મન ભારેખમ બની ગયું છે. આટલા બધા લોકોને ચોક્કસ દુઃખ થશે, એટલે મારુ મન રાજયાભિષેકના વિચારને સ્વીકારી શકતું નથી." પોતાની લાગણીઓ માટે ક્ષમા યાચના રામ દશરથને પગે પડ્યા.

પણ વશિષ્ઠે જવાબ આપ્યો, "અમે પણ આ વાંધો ઉઠાવ્યો હતો. અમે મૌનપૂર્વક રાજાની ઈચ્છા સાથે સંમત થયા એ ન માનશો અમે તરફેણની અને વિરુદ્ધની, બધી દલીલો પર વિચાર કર્યો હતો; નિર્ણય લેતા પહેલા અમે પ્રજાજનોનો અભિપ્રાય પણ માગ્યો હતો. હવે કોઈ વાંધો ના ઉઠાવશો; રાજાની ઇચ્છાને માન આપો; કાલે જ રાજ્યાભિષેકનો અને તિલકનો વિધિ થશે, તમારે કેટલાંક વ્રતોનિયમો પાળવાનાં છે.

આજે તમારે ખાટલાનો કે સુવાની પથારીનો ઉપયોગ કરવાનો નથી. તમારે અને સીતાને આજે ઉપવાસ કરવાનો છે. પ્રાતઃકાળે તમારે બંનેએ મસ્તક પર પવિત્ર તેલ લગાવીને સ્નાન કરવાનું છે. પછી તમારે પીળાં વસ્ત્રો પહેરીને તૈયાર રહેવાનું છે, કારણ-કે પવિત્ર વિધિ માટે પસંદ કરાયેલું શુભ પુષ્ય-નક્ષત્ર તે સમયે બેસે છે. એટલે હવે તમે વિલંબ કર્યા વગર તમારા નિવાસ-સ્થાનમાં જાઓ," ગુરૂ બોલી રહ્યા કે તરત જ રામ ગુરુને અને પિતાને પગે પડ્યા, અને વિશ્વાસુ મંત્રી સુમંત્ર સાથે પોતાના મહેલમાં ગયાં. આ વખતે રામે કશી આનાકાની કરી નહી. તેમણે સીતાને તે સમાચાર આપ્યા. પછી તે જલ્દી પોતાની માતાના અંત:પુરમાં ગયા. તેમણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. માતાએ તેમને ઊઠાડીને મૃદુતાપૂર્વક લાડ કર્યું; માતા આનંદ-વિભોર બની ગયાં હતા. તેમણે મૂલ્યવાન આભૂષણો વડે પોતે શણગારેલી અને દાન માટે રાખેલી ગાયોનું, આભાર-પ્રદર્શનના ચિન્હ તરીકે, બ્રાહ્મણોને દાન કરવાનું રામને કહ્યું. બીજાઓને પણ તેમણે રામ પાસે બીજી ઘણી વસ્તુઓનું દાન અપાવ્યું. તે વખતે લક્ષ્મણ અને તેમના માતા ત્યાં હતાં. કૌશલ્યાએ રામને પોતાની પાસે બેસાડ્યા, અને પોતાની આંખોમાં ખૂબ ઉભરાતાં હર્ષાશ્રુ લુછીને બોલ્યાં, "હે પુત્ર, હું ઘણા સમયથી આ મુલ્યવાન ક્ષણની રાહ જોતી હતી. હવે મારી ઝંખના પૂર્ણ થઈ છે. હું સુખી છું. મારૂ જીવન ધન્ય બની ગયું. હે પ્રિયતમ રત્ન, મારા સુર્વણ-આત્મા, આવતી કાલથી તું યુવરાજ બનશે. દીર્ઘ આયુષ્માન બન, રાજ્ય પર શાસન ચલાવ, પ્રજાના કલ્યાણને તારો આદર્શ બનાવ, ન્યાયપૂર્વક અને નીતિપૂર્વક તારૂં શાસન સુખી અને સલામત બનો, નિષ્કલંક કીર્તિ પ્રાપ્ત કર, આ વંશના રાજાઓએ પ્રાપ્ત કરેલી કીર્તિ અને યશ ટકાવી રાખ, તારા પિતા કરતા પણ વધારે બળ અને ભવ્યતા પ્રાપ્ત કર. જે દિવસે તું તેવી સ્થિતિ પ્રાપ્ત કરીશ, ત્યારે મને મારૂં જીવન કૃતાર્થ બન્યું એમ લાગશે; મારાં વ્રતો, ઉપવાસો, અને જાગરણો સફળ બન્યાં લાગશે."

કૌશલ્યા માતાએ રામને લાડ કર્યા, તેમના કેશને પંપાળ્યા, અને આશીર્વાદના મૃદુ, મધુર શબ્દો બોલ્યાં, તેમણે રામને ખૂબ કીમતી ઉપદેશ કહયો; રામે ખૂબ ધ્યાનપૂર્વક તે સાંભળ્યો. રામે લક્ષ્મણ તરફ સ્મિત કર્યું, અને નિર્દોષ રમૂજ-વૃત્તિથી તેમને ચીંડવ્યા, "ભાઈ આ સુંદર ઉપાલંથી કયી રાજય-લક્ષ્મીને આનંદ થશે તે તું મને કહી

શકીશ" ? લક્ષ્મણે જવાબ વાળ્યો, "ભાઈ, કોઈ રાજયલક્ષ્મી મને વરે તેવી જરૂર નથી. તમારા રાજયમાં જો તમે મને કોઈ જવાબદારી સોંપશો, તો તે હું પૂર્ણ કરીશ; મારે માટે તે પર્યાપ્ત સદભાગ્ય છે." એમ બોલીને લક્ષ્મણે સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા.

રામ બોલ્યા, "લક્ષ્મણ, તું મારો પ્રાણ છે. એટલે શાસનની અડધી જવાબદારી તારી એટલે તારે પણ રત્ન-જડિત આભૂષણો પહેરીને બાદશાહી પોષાક પહેરીને, મારી સાથે તૈયાર થવું જોઈએ. મારા ભારોમાં, મારા સુખમાં, મારી કીર્તિમાં, અને મારા સદભાગ્ય માં તારો અડધો ભાગ છે. હું જે છું અને જે બનીશ તેમાં તારો અડધો ભાગ છે.

જ્યારે રામ આમ બોલતા હતા, ત્યારે સુમિત્રા આંસુ સારતાં હતાં અને રામ પર તથા લક્ષ્મણ પર-બંને પર આશીર્વાદ વરસાવતાં હતાં. તે બોલ્યા, "રામ તમારી અને લક્ષ્મણની વચ્ચે જે પ્રેમ છે તે મને ખૂબ સુખ આપે છે મારા પુત્રને તમારો સેવક બનવા કરતાં કોઈ ઉચ્ચત્તર દરજ્જાની જરૂર નથી. જો  તેને સદા તમારો પ્રેમ મળતો રહે, તો તેને માટે તે બસ છે. જ્યારે સુમિત્રા બોલી રહ્યાં, ત્યારે રામ તેમને પગે પડ્યા. લક્ષ્મણે પણ તેમ જ કર્યું, પછી રામ અને લક્ષ્મણ રાજમહેલમાં ગયા. રાતે રામે ઉપવાસનું વ્રત શરૂ કર્યું, તે પવિત્ર દર્ભની પથારીમાં સૂઈ ગયા.

## અધ્યાય ૧૦

## બે વરદાનો

બધે વેદમંત્રોના પડઘા પડ્યા હતા. રામ-સીતાના વૈદિક સ્નાન માટે સરયૂ નદીનું પવિત્ર જળ પરીચારકો સુવર્ણ-કળશોમાં ભરી લાવ્યા, મંત્રો ભણીને પંડિતોએ તે બંનેને આશીર્વાદો આપ્યા. વેદ-ધ્વનિ બહુ જ હૃદયહારી અને આનંદપ્રદ હતો.

જ્યારે આગલી રાતે કૈકેયીની દાસી મંથરા આવતી હતી, ત્યારે તેણે પ્રજાનો આનંદ-ઉત્સાહ નિહાળ્યો. તેણે તેનું કારણ પૂછ્યું. તેણે જાણ્યું કે રામચંદ્રના નિકટ આવી રહેલા રાજ્યાભિષેકને કારણે આનંદ અને આભાર-દર્શન થઈ રહ્યાં હતાં. તેણે જોયું કે કૌશલ્યના અને સુમિત્રાના રાજમહેલોની દાસીઓ જુઈ-સમાન ધોળી સાડીઓ અને રત્નજડિત આભૂષણોનો પહેર્યા હતાં અને તેઓ આમતેમ આવ-જા કરી રહી હતી તે દશ્યને સહન કરી શકી નહિ. તેને આખે શરીરે વીંછીના ડંખ જેવી વેદના થઈ. તે કૈકેયીના મહેલમાં દોડી ગઈ. તેણે જોયું કે કૈકેયીને સુવા માટે અંદરના ખંડમાંગઈ હતી. બારણાં પાસે આવીને મંથરાએ  ચીસ પાડી, માતાજી, માતાજી, દ્વાર ખોલો બહુ અગત્યની વાત તમને કરવાની છે. તમારૂ જીવન ખતરનાક જોખમમાં છે. ધરતીકંપ શરૂ થયો છે." ઉપરા-છાપરી ઉશ્કેરાટ ભર્યા શબ્દો સાંભળીને રાણીએ જલ્દી બારણું ઉઘાડયું અને ભય-પૂર્વક પૂછ્યું  "શા માટે ? શું થયું છે ? શી વિપત્તિ આવી પડી છે ? શું કંઈક બન્યું છે ? આ બધી ચિંતા અને ભય શા માટે ? મંથરા બોલ. ના મારું કશું બગડંયું નથી. માત્ર તમારા જીવનનો વિનાશ થયો છે. હવેથી તમારે એક પાગલ, ચિંતા-મસ્ત સ્ત્રી તરીકે જીવવું પડશે. આંસુ સારતાં-સરતાં તેણે રાણીની જે દયાજનક સ્થિતિ થવાની હતી તેનું વર્ણન કર્યું. ખૂબ અભિનય-પૂર્વક ડુસકાં-ભરતાં ભરતાં તેણે લાંબા સમય સુધી મોટેથી વિલાપ કર્યો.

કૈકેયીને તેનું કારણ જાણી શકી નહિં. તે બોલ્યાં, "મહારાજ, રામ, લક્ષ્મણ, કૌશલ્યા, સુમિત્રા બધાંની તબિયત સારી છે તે ? તે કોઈ માંદું તો નથી પડ્યું ને ? ઠીક જો તે બધાં સારાં-સાજાં હોય, તેમના પર કોઈ જોખમ ન હોય તો મને જરા પણ ચિંતા નથી. મને શું થવાનું હતું ? તેમના પર કશું જોખમ તો નથી આવ્યું ને ? મંથરા મને

જલદી કહે. " આગ્રહ કરતાં રાણીએ મંથરાનું મસ્તક પોતાના તરફ ફેરવ્યું, પ્રેમપૂર્ણ આજીજી કરતાં-કરતાં તેની દાઢી પોતાના હાથમાં પકડી, અને તેને જવાબ આપવા કહ્યું.

મંથરાએ જવાબ આપ્યો, "તમે જેમનાં નામ દીધાં તેમને કશું થયું નથી. પણ તેમણે તમારા પુત્રનું ગળું દબાવી દેવાનો નિર્ણય કર્યો છે. એમ કહીને તે કરુણ વિલાપ કરવા લાગી. તે સાંભળીને કૈકેયી બોલ્યાં, મંથરા, તું ભૂલ કરી રહી છે. દશરથ રામ, લક્ષ્મણ કે મારી બહેનો- કૌશલ્યા અને સુમિત્રા તે પ્રકારના નથી. આ મારી બહેનો પોતાના પુત્રો કરતાં પણ મારા પુત્રને વધારે ચાહે છે. તારૂં કથન માત્ર તારી વિકૃતબુદ્ધિને જ પ્રગટ કરે છે. તારી વાત સત્ય નથી. પણ તેં મને હજી સાચી હકીકત જણાવી નથી. આવ અને મને વિગતો જણાવ."

મંથરાએ જવાબ આપ્યો, "હકીકત ? કાલે સવારે રામચંદ્ર નો રાજ્યાભિષેક કરવાનો છે, મહારાણી કૌશલ્યાનું મન ખૂબ આનંદ-વિભોર બની ગયું છે. તે પોતાની દાસીઓને મૂલ્યવાન સાડીઓ અને રત્નો ભેટમાં આપે છે, તે રામ પાસે સુવર્ણનું અને ખૂબ ગાયોનું દાન કરાવી રહ્યાં છે. ઉત્સવની પ્રવૃત્તિઓમાં ગૂંથાયેલા એવાં તેઓ તમારી ઉપેક્ષા કરી રહ્યાં છે. હું મૌનપૂર્વક આ સહન કરી શકતી નથી, મારાથી તે જોયું જતું નથી. તમે હજી તેનો અર્થ સમજવા અસમર્થ છો. તમે એવી શૂન્ય બડાશ મારવામાં આનંદ અનુભવો છો કે- મારા જેવું કોઈ ભાગ્યશાળી નથી. તમારૂં સદભાગ્ય ઝડપભેર સુકાઈ જતું ચાલ્યું છે. તમારા પતિ અને સપત્નીઓ માટે તમે ઉપેક્ષણીય બની ગયાં છો, થોડો જ સમયમાં તમારી દશા એક દાસી જેવી થઈ જશે. તે અપમાન-જનક સ્થિતિ આવી પડે ત્યાર પહેલાં જરા સાવધાન થાઓ. નિંદ્રામાંથી જાગો, પરિણામોના પૂરા ભાન સાથે. તમારે કાર્યક્રમની યોજના ઘડી કાઢો. ઝડપભેર તમારા પર આવી પડતી વિપત્તિમાંથી છટકી જવાના ઉપાયો વિચારી કાઢો અને તેમનો નિર્ણય કરી લો.

"જ્યારે રામ યુવરાજ બનશે, ત્યારે યાદ રાખો કે- આખું રાજ્ય કૌશલ્યા અને સુમિત્રાના પકડમાં આવી જશે. બીજા દરેકની પેઠે તમારે પણ તેમની આજ્ઞા માનવી પડશે. તેમને રાજી રાખવાં પડશે." પોતાની લુચ્ચાઈ-ભરેલી યુકિતને વધારે બળવાન બનાવવા માટે મંથરા પોતાનો ભાગ ભજવતી હતી અને ખોટા આંસુ સારતી હતી.

તેની વફાદારીનો પ્રભાવ કૈકેયી પર પડ્યો, પણ તેમને તેની દલીલો સાચી ન લાગી, તે બોલ્યાં મંથરા, તને શું થયું છે? શું તું પાગલ બની ગઈ છે? તું પાગલની પેઠે કેમ બોલે છે? રામ યુવરાજ બને એ સમગ્ર રાજ્ય માટે એક સુખમય ઘટના છે. મને પ્રથમ આ, મહાન ખુશીના સમાચાર લાવવા બદલ મારી આ મોતીની માળા ભેટ તરીકે લે. સુખી થા, આનંદ માણ. રામનો યુવરાજ તરીકે રાજ્યા-ભિષેક મને કદાચ કૌશલ્યા કરતાં પણ વધારે આનંદ આપે છે. શુભ સમાચારથી મને અસીમ આનંદ થયો છે. રામચંદ્ર પણ મને પોતાની માતા કરતાંય વધારે ચાહે છે, તે મને વધારે પૂજ્ય ગણે છે, તેવી વિશુદ્ધ, પ્રેમપૂર્ણ વ્યક્તિ પર મુકાતા આવા આક્ષેપોને હું નહિ સાંભળું, તારી બુદ્ધિ બહેર મારી ગઈ છે, બગડી ગઈ છે," કૈકેયીએ મંથરાને કઠોર ઠપકો આપ્યો.

દેખીતી રીતે મંથરા વધારે દુઃખી બની ગઈ, તે વધારે ઉશ્કેરાઇ ગઈ. તે બોલી, "મારી બુદ્ધિ સ્પષ્ટ તાજી છે, બુદ્ધિ તમારી ક્ષીણ થઈ ગઈ છે. તમારે માથે આવી પડનાર વિપતીની તમને પરવા નથી. તમે તમારી પહેલાંની શ્રદ્ધાને અને પ્રેમપૂર્ણ આસક્તિને આલિંગન આપી રહ્યાં છો. તમારા સુખ અને સ્વમાન માટે મને ચિંતા થાય છે, બીજા બધાં તે નાટક કરે છે, તમને છેતરવા માટે દંભ-દેખાડો કરે છે, તેમને પોતાના હૃદયોમાં તમારે માટે કશુ માન નથી. મહારાજને તેમની બીજી રાણીઓ માટે પ્રેમ નથી; તે તો મહારાણી કૌશલ્યા પર જ મુગ્ધ બની ગયા છે. તમને રાજી કરવા માટે તે અવાર-નવાર વહાલભર્યા શબ્દો બોલતા હશે, બસ એટલું જ પણ તમને પણ તેમના હૃદયમાં તમારા માટે પ્રેમ નથી. આનો વિચાર કરો. એ લોકોએ તમને ખબર પણ ન આપી, તેમણે તે પ્રસ્તાવ માટે સલાહ-સૂચન ન માગ્યાં, કારણ કે તેમને  તમારે જરા પણ પ્રેમ કે માન-બુદ્ધિ નથી. તેમણે એક પણ દિવસે, એકવાર પણ  તમને એ બાબત વાત કરી છે ? આવો નિર્ણય લેતા તેમને કેટલા મહિના સુધી વિચાર કરવો પડ્યો હશે યોજનાઓ ઘડવી પડી હશે તેનો વિચાર કરો રાજ્યાભિષેકની એકદમ ન થઈ શકે પોતાની સુંદર દિવસે આકાશમાંથી ? નીચે નથી આવી હો તો આવી પડે શકે ખરો પણ તેમણે મૌન પૂર્વક અને ગુપ્ત રીતે તે બાબત નિર્ણય કર્યો.

આ બધું કૌશલ્યનું છળ-કપટ છે. કૈકેયી તે વધુ વખત સહન કરી શકયાં નહિ. તે વચ્ચે બોલી ઉઠ્યાં, મંથરા, આ કચરો કાઢવો બંધ કરી દે. મારી બહેન છળ-કપટ કરવા અસમર્થ છે; તે કદી તેટલી નીચી ભૂમિકા પર ઉતરી શકે જ નહિ. તેમ કદી ન બને, કદી નહિ. અને મહારાજ ? એ તો મહારી બહેનો કરતાં પણ વધારે ઊદાત્ત અને ન્યાયી છે. અને તેમનામાં જરાપણ છળ-કપટ અથવા અધમતા નહિ જડે. યોગ્ય કારણોસર તેમણે રાજ્યાભિષેકનો નિર્ણય જલ્દી કર્યો હશે. રામનો લગ્નોત્સવ. જેની તૈયારી કરતાં ઘણો સમય અનેક મહિનાઓ લાગે, તે તરત જ ઉજવવામાં આવ્યો હતો, નહી ! વારૂ તે જ રીતે રામના રાજ્યાભિષેકની નિર્ણય પણ જલ્દી, ઝડપભેર લેવામાં આવ્યો હોવો જોઈએ તેવું કેમ ન બને ? મહારાજ પોતે જ મને તેમ કરવાનાં કારણો જણાવશે. તે સત્ય જાણવાની દરકાર રાખી નથી. તેં અનેક જાતનાં અસંભવિત કારણોની અને બિન-પાયેદાર ભયોની કલ્પના કરી દીધી છે, અને નિર્દોષ લોકોના હેતુ ઉપર શંકાઓનો અધ્યારોપ કર્યો છે. થોડી જ મિનિટોમાં વસ્તુઓ સ્પષ્ટ બની જશે. ધીરજ પર કૈકેયી એ દાસીને કડકતા-પૂર્વક ઠપકારી.

પોતાની યુવતીનો ઓ કીર્તિકર અંજામ આવશે એવી ભીતિ મંથરા મને લાગી ? તે યુક્તિ પર પૂર્ણ નિષ્ફળતાનું જોખમ ઝઝૂમી રહ્યું હતું. એટલે તેણે વધારે ખરાબ સમજાવટની યુક્તિ પ્રયુક્તિઓના આશ્રય લીધો તે બોલી, "વ્હાલાં માતાજી, તે વાત પર વધારે ઊંડાણથી વિચાર કરો. રાજ-મહેલની બહાર ફરતાં-ફરતાં મેં બીજી ઘણી બધી વાતો સાંભળી છે, હકીકતમાં આ રાજ્યાભિષેકનો નિર્ણય મહિનાઓ પહેલાં લેવાયો હતો, તે કારણે, ભરતને અને શત્રુઘ્નને રાજધાનીમાંથી બહાર મોકલી દેવામાં આવ્યા હતા. તેમને એવો ભય હતો કે-તેમની હાજરી વધારે ગૂંચવાડા પેદા કરશે. અને તેવા ભય માટે સારાં કારણો પણ છે. નહિ તો તેમની ગેરહાજરીમાં રાજ્યાભિષેકની ગોઠવણી કોણ કરે ? શું તમે તમારી જાતને આ સાદો સવાલ પૂછવા માટે પણ અસમર્થ થઈ ગયાં છો ? જ્યારે તમારો લગ્નમાં સ્વીકાર કરવામાં આવ્યો, ત્યારે દશરથે વચન આપ્યું હતું કે-તમારા જન્મેલા પુત્રને ગાદીએ બેસાડવામાં આવશે. તમે તે ભુલી ગયાં હશો, પણ હું ભુલી શકું તેમ નથી. તેમનો એવો ભય હતો કે-જો ભારત આ પ્રસંગે અહીં હાજર હશે. તો

દશરથે આપેલા વચનની સ્મૃતિ તેથી જાગશે અને પોતાની યોજનામાં અવરોધ ઊભો થશે; તેથી ભરતને માતામહની નગરીમાં મોકલી દઈને તેમણે પોતાના માર્ગને સાફ બનાવ્યો રાજ્યાભિષેક થઈ ગયા પછી તેને ઉલટાવવા માટે કશું જ થઈ શકે નહિ. આ અધમ પ્રયુક્તિને સફળ બનાવવા માટે તેમણે તે વિચારને ગુપ્ત રાખ્યો. આટલા લાંબા સમય સુધી તમને જણાવ્યો નહિ. આ અંતઃયોજના બાબત થોડા સમય માટે વિચાર કરો. તમે આવી બાબતો પર વિચાર કરતાં નથી, તમે એમ માનો છોકે ધોળું તે બધું દુધ જ છે, બીજાઓ તમારી નિર્દયતાનો અને મૂર્ખતાનો ગેર-લાભ ઉઠાવે છે. તમે માત્ર તમારા રામ માટેનાં પ્રેમમાં આનંદ માણો છો અને તમારા મોહમાં 'રામ,રામ' રટયા કરો છો, ઠીક, બીજું બધું બાજુએ મૂકી દો. તમે જેને ખૂબ ચાહો છો તે રામે તમને પોતાના આ મહાન સદ્દભાગ્યની જરા જેટલી પણ જાણ કરી હતી ?"

કૈકેયીના વિશુદ્ધ નિ;સ્વાર્થી મનને દૂષિત અને આચ્છાદિત કરી દેવા માટે દુષ્ટ મંથરાએ ઘણી વક્ર દલીલો કરી. તેણે પોતાનું કામ એવી તો ચતુરાઈથી કર્યું કે રાણી એ દશરથ પાસેથી પોતાના અધિકારો મેળવી લેવા આગ્રહ કરવાનો નિર્ણય કર્યો. પણ કદાચ તેમનો વિશુદ્ધ આશ્રય પૂરે પૂરો નહિ બદલાયો હોય એવા ભયથી મંથરાએ પોતાની અધમ યુક્તિ-પ્રયુક્તિઓ ચાલું રાખી. તેણે રાણીની વધારે સેવા કરવાનો તેમને માટે ચિંતા કરવાનો દેખાડો કર્યો, અને તેમના ચરણો આગળ ખૂબ ખોટાં આંસુ સારવા માંડ્યાં.

મંથરા બોલી, "માતાજી, અયોધ્યામાં એવું કોણ છે જે આપણને જરા વધારે માન આપે ? અહિ પણ તમારી સાથે માનભર્યો વ્યવહાર કરે છે ? તે બધાં તમારી વિરુદ્ધ એકઠાં, એકરૂપ બની ગયાં છે, તમે અહીં અેક અજાણી વ્યક્તિ બની ગયાં છો. થોડા જ સમયમાં તેઓ કદાચ તમને અયોધ્યામાંથી બહાર ફેંકી દેશે. તેઓ એવું અધમ કાર્ય કરતાં પણ અચકાશે નહિ. રાજા લુચ્ચાં છે, ચતુર જાદુગર છે જ્યારે તમારી પાસે આવે છે, ત્યારે પોતાની ઇચ્છા પૂર્ણ કરવા માટે તે તમારી પ્રત્યે મૃદુ વહાલ ભર્યા શબ્દો બોલે છે, અને પછી વિજયી બનીને વિદાય થાય છે. તમે તમારા દોષને જોતાં નથી; કે જે તમે તમને તમારો યોગ્ય, ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત કરતાં અટકાવે છે. માતાજી, તમે યાદ રાખો કે-રાજાઓ પર કામવૃત્તિ સત્તા ચલાવતી હોય છે, પ્રેમ નહિ. તમારા પિતા આ હકીકત

જાણતા હતા, અને તેથી તે આ વૃદ્ધ પતિ સાથે તમને પરણાવવા ઈચ્છતા ન હતા. ખૂબ લાંબી વાટાઘાટો પછી, જ્યારે મુનિ ગર્ગના વચ્ચે પડવાથી તમને દશરથ સાથે પરણાવવાનો નિર્ણય કરવામાં આવ્યો, ત્યારે દશરથને ઘણી શરતો કબુલ કરવાની ફરજ પાડવામાં આવી હતી.

આજે તે શરતોને અગ્નિમાં હોમી દેવામાં આવી છે. અને તમારા પુત્રને છેતરવામાં આવ્યો છે. આ બધો સમય તેઓ શાન્તિ પૂર્વક તેમનું આનંદ-પૂર્ણ નાટક ભજવી રહ્યાં છે. નહિ તો તેઓ શા માટે તમારા પુત્ર દૂર છે તે તકને ઝડપી લે ? તેઓ શા માટે રાજ્યાભિષેક માટે આટલી બધી ઉતાવળ કરે કે જેથી બીજા કોઈ રાજ્યનો રાજા તેમાં હાજર રહી શકે નહિ.? તેમના મનની અધમ વૃત્તિ કેવી રીતે પોતાની જાતને પ્રગટ કરે છે તેનો ખ્યાલ કરો. તેઓ  કેટલા બધા કપટી અને લુચ્ચા છે ?

જ્યારે પડોશી રાજાઓને નિમંત્રવવામાં આવે, ત્યારે તમારા પિતા હાજર રહેવાનું ચોક્કસ ચૂકે નહિ. ત્યારે સ્વાભાવિક રીતે જ પોતાને અપાયેલું વચન બધાઓને જણાવે. એટલે તે બધાની યોજના એવી છે કે- કોઈને પણ ખબર આપ્યા સિવાય રાજ્યાભિષેકનું કામ પતાવી દેવું. એકવાર પતી જાય, પછી તમે જાણો છો કે- તેમાં કશો ફેરફાર થઈ શકે નહિ. એ હેતુ મનમાં રાખીને, શિયાળ જેવા લુચ્ચા એ લોકોએ આ યોજના ગુપ્તતા-પૂર્વક ઘડી છે. એટલે સમયસર ચેતી જાઓ, જો  આ ક્ષણ ચૂકી જશો, તો તમારૂં નસીબ કૂતરા જેવું તિરસ્કાર-પાત્ર બની જશે. એટલે વિલંબ ન કરો. ઊંડો વિચાર કરો, અને રાજ્યાભિષેકને અટકાવી દેવાની કોઈ પદ્ધતિ શોધી કાઢો." મંથરાએ ક્રોધની અને ધિક્કારની જવાળાઓને પંખા વડે પવન નાંખીને ભભુકાવી મૂકી. છેવટે કૈકેયી તેની યુક્તિ -પ્રયુક્તિઓને નિયુક્તિ વંશ થયાં. તે બોલ્યાં, "તમારા શબ્દો સાંભળી મને એમ લાગે છે કે- તમારૂ દરેક કથન તેના પૂર્વ -કથન કરતાં વધારે સાચું છે. હા, સાચે જ આ બાબતમાં ઢીલ કરવીએ પાલવે તેમ નથી. હવે મારે શું કરવું જોઈએ? જો તું મને કહે તો હું તે પ્રમાણે કરીશ."

કૈકેયીના મનને પરિપૂર્ણ રીતે પોતાનો અભિપ્રાયવાળું બનાવી દેવામાં આવ્યું છે તે જોઈને મંથરા અભિમાનથી અને આનંદથી અભિભૂત થઈ ગઈ, હવે તે વધારે ખાતરી-

પુર્વક બોલી, માતાજી, વધારે વિચાર કરવાની જરૂર નથી તમારી માંગને ટેકો આપતી દલીલો તૈયાર અને બળવાન છે. જ્યારે એક દિવસ તમે રાજાને મદદ કરી હતી, ત્યારે આભાર-વૃત્તિ પૂર્વક તેમણે તમને ગમે તેવાં બે વરદાનો માંગી લેવાનું કહ્યું ન હતું? તે વરદાનો મુજબ તમારી ઈચ્છાઓ પૂર્ણ કરવાનું તેમણે તેમને વચન આપ્યું હતું. ત્યારે તમે શું એમ કહ્યું ન હતું કે-હમણાં મારે કશી વસ્તુની જરૂર નથી, ભવિષ્યમાં જરૂર પડે હું તે બે વરદાન માંગી લઈશ! આજે તે બે વરદાન આપણા હજારો હેતુઓ સિદ્ધ કરશે. દશરથ તે વરદાનો તમને અત્યારે આપે એવી તમે માંગ કરો, નહિ વારૂ"? જ્યારે મંથરા આમ સ્પષ્ટ રીતે ભાર-પૂર્વક બોલી ત્યારે પોતે સંતોષ પામી હોય તેમ કૈકેયીએ પોતાનું મસ્તક ઊંચું કર્યું અને તે બોલ્યાં, "મંથરા, તું કેટલી બધી ચતુર છે! દેખાવમાં તું કદરૂપી, ગરદનાં ખુંધવાળી છે, પણ બુદ્ધિમાં અને ઉપાયો શોધી કાઢ-વાની શક્તિમાં તું ખૂબ મનોહર છે. તારામાં શરીરનું સૌંદર્ય નથી, પણ તારી કુશલ બુદ્ધિ તે ઉણપને પૂરી કરી દે છે. એ બે વરદાન મારે કેવી રીતે પ્રાપ્ત કરવાં અને તે બે વરદાનો-પેટે મારે શું માંગી લેવું તે મને કહે."

મંથરાએ જવાબ આપ્યો, "માતાજી, એક વરદાનમાં માંગી લો કે-મારા પુત્રનો યુવરાજ તરીકે રાજ્યાભિષેક કરો. બીજા વરદાનમાં એમ માગી લો કે-રામ અયોધ્યાના રાજ્યમાં ન રહે." એક ક્ષણનો પણ વિચાર કર્યા વગર, ત્યાં ને ત્યાં જ અપાયેલાં એ બે સૂચનો તે સાંભળી કૈકેયી વિચાર-નિમગ્ન બની ગયા પછી સભાન બનીને તે બોલ્યા, મંથરા, મારો પુત્રનો રાજ્યાભિષેક થાય એ માંગ તો ન્યાયી છે, પણ રામને રાજ્યની બહાર મોકલી દેવાની વાત માં મારૂં મન સંમતિ આપતું નથી. તેવો વિચાર કરતાં પણ મને દુઃખ થાય છે." એમ બોલીને તે આસન પર પડ્યાં, મંથરાને લાગ્યુ કે-તેમણે જલ્દી કાર્ય કરવું જોઈએ, તે બોલી, માતાજી, દિલની નિર્બળતા માટેનો આ પ્રસંગ નથી. વિલંબ કરવાથી અમૃત પણ વિષ બની જાય છે. આમાં કશું અજુગતું નથી, તમારે જરાક વધુ કઠણ બનવું પડશે; નહિ તો આપણે આપણી યોજનામાં સફળ નહિ થઈએ. તેમણે જે કઠોર અન્યાય કર્યો છે, તેને માટે આ પર્યાપ્ત બદલો નથી. જો તમે એમ ઈચ્છતાં હો કે-મારો પુત્ર રાજા બને અને મહારાણી- માતાની પદવી મળે તો આ પ્રમાણે વર્તો .નહિ તો

હું વિષ ઘોળીને પી લઈશ; હું જીવતી હોઉં તો હું તમને દુઃખી જોવાનું સહન કરી શકીશ નહિ," પોતે જાણે કૈકેયીને પ્રત્યે ખૂબ પ્રેમ અને આસક્તિ રાખતી હોય તેમ તે ખૂબ રડી પડી.

ધાત્રી તરીકે તેણે નાનપણથી કૈકેયીને ઉછેરીને મોટા કર્યા હતાં. તેણે તેમને લાડ કર્યા હતાં, તેમની સાથે તે ખેલી હતી, તેણે તેમણે થાબડયાં હતાં. તે બધા સમય માટે કૈકેયીને મંથરા પ્રત્યે ખૂબ પ્રેમ અને માન હતાં. તેમણે કોઈ વાંધો ઉઠાવ્યો નહિ ઉલટી તેમણે મંથરાના શોકને શાંત કરવાની શરૂઆત કરી, મંથરા, ખાતરી રાખ હું એવી રીતે વર્તીશ કે તું ખુશ થઈ જઈશ, હવે મારે કેવી રીતે વર્તવું તે કહે."

મંથરાએ જવાબ આપ્યો, "જ્યારે મેં એમ સૂચવ્યું કે-રામને રાજ્યની બહાર જંગલમાં દેશપાર કરવા ત્યારે એમ ન માનતાં કે મેં પરિણામોનો પૂરો વિચાર કર્યો ન હતો. પૂરો વિચાર કરીને જ મેં તેમ સૂચવ્યું  હતું. "રાજકારણી બાબતોમાં અને કાયદા-શાસ્ત્રમાં કૈકેયી માત્ર બાળક હતાં, એટલે મંથરા બોલી, "કાયદો એવો છે કે- જે માણસ બાર વર્ષ સુધી મિલ્કતનો, કોઈપણ અવરોધ વગર ભોગવટો માણે, તેની તે મિલકત ગણાય છે, તે મુદત પૂરી થયે તે પાછા આવે ત્યારે તે રાજ્ય પર કશો હકક- દાવો નહિ કરી શકે; રાજ્ય તમારા પુત્રની નિશ્ચિત માલિકીનું બની જાય."

મંથરાએ જોયું કે- પોતાની સૂચના મુજબ બે વરદાન માગવાનો પ્રસ્તાવ રાણીએ સ્વીકારી લીધો હતો એટલે તે બોલી, માતાજી, હવે જરા પણ વિલંબ કરશો નહિ. તમે અત્યારે છો કે તેવાં રહીને તમે રાજા પાસે એ બે વરદાનો માગશો, તે કબૂલ નહિ થાય તમારે એક ક્રોધનું મોજું પ્રગટ કરવું પડશે. તમારા શયનખંડમાંના ઓશીકાં અને પથારી આમ-તેમ ફેંકી દો, તમારાં રત્નો એક ખૂણામાં ફેંકી દો, તમારા વાળ વીખેરી નાંખીને અસ્ત-વ્યસ્ત બનાવી દો, તમે જાણે તમારા જીવનનો ત્યાગ કરવાનો નિર્ણય કર્યો હોય તે રીતે વર્તો. ક્રોધાગારમાં જઈને જમીન પર સુઈ જાઓ, જેથી રાજા તમને મનાવતા અને આશ્વાસન આપવા ત્યાં આવશે. તમે છો એવાં રહીને તમે રાજા પાસેથી વરદાનો પ્રાપ્ત નહિ કરી શકો. તમને અપાર વેદના થતી હોય એવો દેખાડો કરો માત્ર બે વરદાનો

આપવાથી તમે મૃત્યુમાંથી ઉગરી શકશો એવો દેખાડો કરો તો જ તમારી માંગો સ્વીકાર-યોગ્ય ગણાશે. ઊભા થાઓ. કામ કરવાની શરૂઆત કરો."

જ્યારે મંથરાએ કૈકેયી પર તેવું દબાણ કર્યું, ત્યારે કૈકેયીએ તેનું કહ્યું માન્યું. તેના કહ્યા પ્રમાણે બધું કર્યા પછી તારે ક્રોધાગારમાં ગયાં અને આગામી સંકટ માટે અને પોતાના કમ-નસીબ માટે વિલાપ કરવા લાગ્યાં. મંથરાએ ક્રોધાગારનાં બારણાં બરાબર બંધ કરી દીધાં- જાણે કે અંદર શી ગરબડ થઈ રહી છે, તેવું તેને ભાન જ ન હોય.

તે દરમિયાન દશરથ રાજાએ રાજ્યાભિષેક માટેની બધી વ્યવસ્થા કરી લીધી. જ્યારે તે રાજ્યસભાના ખંડમાંથી બહાર નીકળ્યા, ત્યારે તેમને એમ લાગ્યું કે- મારે કૌશલ્યાના અંત:પુરમાં જવાને બદલે આ સુખપ્રદ સમાચાર પ્રથમ કૈકેયીને આપવા જોઈએ. એટલે તે કૈકેયીના મહેલ તરફ ઉતાવળથી ગયા. માર્ગમાં ઊભેલી દાસીઓ વ્યગ્ર અને ચિંતાતુર દેખાતી હતી. રાજાએ મનમાં વિચાર્યું કે- તેમને શુભ સમાચાર નહિ. નહિ તો તે તેમનાં મુખ આનંદથી ચમકી ઊઠ્યાં હોત, રામ બીજે દિવસે રાજા બનવાના છે તે હકીકત નહિ જાણવા બદલ રાજાને તેમની દયા આવી. તે શયનખંડ તરફ વળ્યા, કારણ કે- કૈકેયી ત્યાં હશે તેવી તે અપેક્ષા રાખતા હતા.

પછી તેમની નજર વેર-વિખેર પડેલાં રત્ના-ભૂષણ પર ફેંકી દેવાયેલી પથારી પર, જમીન પર પડેલા કચરાના ઢગલા પર પડી. તેથી તેમને આશ્ચર્ય થયું, અને તેમણે તે ખંડના ખૂણે-ખૂણે રાણીની શોધ કરી. એક દાસીએ તેમને ખબર આપી કે- કૈકેયી દેવી ક્રોધાગારમાં છે. તે સાંભળીને રાજા નિરાશ બની ગયા. તે ક્રોધાગાર તરફ ગયા. ત્યાં ખૂબ અંધકારમાં કૈકેયી જમીન પર આળોટતાં હતાં અને વિલાપ તથા રૂદન કરતાં હતાં. રાજા બોલ્યા, "કૈકેયી, આ કેવું કદ્રુપું દ્રશ્ય છે! તું શા માટે આટલી બધી ક્રોધે ભરાઇ છે? કોણે તને આટલી બધી દૂભવી છે? મને કહે, તેને હું હમણાં જ મારી નાંખીશ અને હું તારી ઇચ્છાને પૂર્ણ કરીશ. તારો આનંદ તે મારો આનંદ છે તું શું જાણતી નથી? કે- મને આ જગતમાં તારા કરતાં વધારે વહાલું અને ઉચ્ચ કશું જ નથી? આવી, મારી વધારે કસોટી ન કરીશ." રાજા તેની પડખે બેઠા, તેના મસ્તકને પંપાળ્યુ, અનેક રીતે તેમણે રાણીને આશ્વાસન આપ્યું, અને તેમના પોતાના શોકનું તથા દુ:ખનું કારણ પૂછ્યું.

કૈકેયી ખૂબ ક્રોધાવશ હતાં. તેમણે જોરથી પોતાના દાંત કચકચાવ્યા, લાડ કરવા જતા દશરથના હાથોને દૂર ફેંકી દીધાં. તે ક્રોધ-પૂર્વક બોલ્યાં, "આ દંભ કરવો રહેવા દો. બહું લાંબા સમય સુધી મેં તમારામાં વિશ્વાસ રાખ્યો છે, અને તેનું પરિણામ મારા પતનમાં આવ્યું છે. હવે હું તમારા પર જરા પણ વિશ્વાસ રાખતી નથી. તમે આવી દંભની રમત રમી શકો છો. તેમ હું માનતી ન હતી.તમારામાં વિશ્વાસ મૂકવા બદલ મને આ શિક્ષા કરો છો? તમારાં કૃપાપાત્ર સ્વજનો પાસે જાઓ. અહીં મારી પડખે શા માટે બેઠા છો? તમે તમારા મનને એક જગ્યાએ ગિરે મૂકો છો ને જીભને બીજી જગ્યાએ! જ્યાં તમે તમારૂં મન આપ્યું છે, ત્યાં તમારી જીભને પણ આપો. હવે હું તમારા શબ્દોમાં વિશ્વાસ મૂકવાની મનોદશા ધરાવતી નથી. મને વધારે દુઃખી ન કરશો, જયાંથી આવ્યા ત્યાં પાછા જાઓ. મારૂં શું થાય છે તેની તમે ક્યાં દરકાર રાખો છો? ગુલામડી તરીકે જીવનનો ઢસરડો કરવો તેના કરતાં તો મરી જવું વધારે સારૂં. આજનો દિવસ મારા જીવનનો છેલ્લો દિવસ છે."

ડૂસકાં અને નિસાસા વચ્ચે બોલાયેલા આ શબ્દનો અર્થ દશરથ સમજી શક્યા નહિ. તે ખૂબ ગૂંચવાડામાં પડી ગયાં, આશ્ચર્ય-ચકિત બની ગયા. તે રાણીની વધારે નજીક ગયાં, તેમણે તેમના ક્રોધને શાંત કરવાનો અને આશ્વાસન આપવાનો પ્રયત્ન કર્યો. તે બોલ્યા, "કૈકેયી, તારા આ શબ્દનો અર્થ શો છે? મને તે સમજાતો નથી. હું કદી જૂઠા, દંભ-પૂર્ણ શબ્દો બોલતો નથી, હું કદી તેમ કરી જ ન શકું, મારૂં મન અને મારી જિહ્વા સંવાદી બનીને કામ કરે છે, તે હંમેશા તેમ જ કરતાં રહેશે. જ્યાં મારો પ્રેમ છે, ત્યાં મારા મધુર શબ્દો પણ બોલાશે મારી જિહવા મારા મનને અસત્ય નહિ ઠેરવે, તેમ કરવું તે તેના માટે અસંભવિત છે. આમ કેમ બન્યું તે હું જાણતો નથી. ઘણા વર્ષો સુધી આપણે સાથે રહ્યા, પણ તું મારા દિલની સચ્ચાઇ જાણવા શકિતમાન બની નથી. તને શા કારણે આટલું બધું દુઃખ અને શોક થયાં છે તે સ્પષ્ટ રીતે મને જણાવ્યા વગર, તું મને આમ અપાર પીડા ન આપીશ. શું બન્યું છે તે મને કહે. તું આમ કેમ વર્તે છે? તને કોણે આવી વેદના આપી છે.?"

લાંબા સમય સુધી દશરથે કરૂણતા-પૂર્વક આજીજીઓ કરી, પણ તેનું કશું પરિણામ આવ્યું નહિ. રાણીએ તીક્ષ્ણ જવાબ આપ્યા પહેલાં ધકકો મારીને રાજાને દૂર હડસેલી દીધા, કટાક્ષમય રીતે તેમને કૈકેયી ઉડાવવા માંડી, અને રાજાની વિજ્ઞપ્તિઓ સાંભળી-ન સાંભળી કરી. પોતે રાજાના શબ્દોને કિંમત વગરના ગણાતી હોય તેવો દેખાવ કૈકેયીએ કર્યો. દશરથને હૃદયમાં ઉંડે ઘા પડ્યાં. શું કરવું તેની સમજ ન પડવાથી તેમણે મંથરાને અંદર બોલાવી. તે પોતાના કાવતરાનો ભાગ બરાબર ભજવતી ઝડપભેર અંદર આવી. તે પોતાની સ્વામિની એવી રાણીને મદદ કરવા માટેની ચીસો પાડવા લાગી. તે બોલી કે-હે રાજા, મારી માતાને બચાવી લો, તેણે રાજાના પગ પકડ્યા.

રાજા તો ખરેખર નિર્દોષતાની મૂર્તિ હતા. તેમનામાં છલ-કપટનો જરા જેટલો પણ અંશ ન હતો. એટલે તે બે જણ જે નાટક ભજવી રહ્યાં હતાં તેને તે પારખી શક્યા નહિ. તેમનો ભય થયો કે-મારી પ્રિયાને આટલી બધી વિકૃતિ અને કઠોર બનાવી દેવા માટે કોઈક વિપત્તિ તેમના પર આવી પડેલી હોવી જોઈએ. એટલે તેમણે મંથરાને ફરી પૂછ્યું કે શું બન્યું છે તે મને યથાર્થ રીતે જણાવ. મંથરા બોલી, "મહારાજ, હું તમને શું કહી શકું? શું બન્યું છે તે હું લગીરેય જાણતી નથી. માતાજી કોઈને પણ પોતાના ક્રોધનું કારણ જણાવતા નથી ઓચિંતાં તે શયન-ખંડમાંથી ક્રોધાગારમાં ચાલ્યાં ગયાં છે. તે જોઈને હું અહીં આવી. મેં અનેક રીતે તેમને પ્રાર્થનાઓ અને આજીજીઓ કરી પણ તે કારણ જણાવતાં નથી. તે તમારામાં પણ વિશ્વાસ મૂકતા નથી, તો પછી તે ગરીબડી એવી મને જણાવશે ખરાં? અમે તમને દુઃખી અને પીડિત જોઈએ છીએ, તે અસહ્ય છે, અમે તે લાંબો સમય જોઈ શકીએ તેમ નથી, તેમનું શું થશે તેનો અમને ભય લાગે છે. તેથી અમે તમારા આવવાની રાહ જોઇને બેઠાં હતાં. જો તમે તેમને આશ્વાસન આપી આનંદ-પૂર્ણ નહિ બનાવો, તો તેમની સ્થિતિ બહુ જ કકોડી બની જશે. લાંબા સમય સુધી તેમણે ખૂબ ઊંડી વેદના સહન કરી છે. દરેક ક્ષણે તેમની સ્થિતિ વધુ-ને વધુ ખરાબ બનતી જાય છે. હવે અમે જઈએ છીએ.

બીજી દાસીઓ સાથે મંથરા ક્રોધાગારમાંથી વિદાય લેતી બોલી કે-તેમના ક્રોધનું અને શોકનું કારણ જાણી લો; યોગ્ય ઉપાયો વડે તેમને જલ્દી શાન્ત કરો. મંથરાએ

રહસ્યમાં માત્ર બુદ્ધિ જ કરી હતી. તેનાં કથનોની દશરથ વધારે ગૂંચવાડામાં પડી ગયા. દુઃખી રાણી પાસે તે બેઠા અને બોલ્યા, "કૈકા તું તુ શા માટે અંધારામાં રાખે છે ? તેમણે મૃદુતા-પૂર્વક રાણીનું માથું જમીન પર થી લઈને પોતાના ખોળામાં મૂક્યું અને તેમના ભારે દુ:ખનું કારણ પોતાને જાણવવા માટે આગ્રહ કર્યો. થોડાક સમય પછી કૈકેયીએ પોતાનું મૌન ખંખેરી નાંખ્યું, અને તે બોલ્યાં, "મહારાજ, જ્યારે દેવો અને અસુરો, વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું હતું, ત્યારે તમે મને વરદાનોનું વચન આપ્યું હતું તે તમે મને ભૂલી ગયા તો નથી ને "દશરથને શાતા વળી. તે બોલ્યા, કૈકા, એવી સાદી વસ્તુ માટે તું શા માટે આટલી બધી દુઃખી અને ગુસ્સે થાય છે? હું જીવતો હોઈશ ત્યાં સુધી હું તે બે વરદાનોના વચનની વાત કદી ભૂલું ? તે વચન મને કૈકા જેટલું જ વહાલું છે. તું મને પ્રાણ જેટલી વહાલી છે; તે વચન પણ મારા પ્રાણ સમાન છે."

"હે રાણી, કોઈએ પહોંચાડી છે ? કે તારી તબિયત ના-દુરસ્ત થઈ છે કોઈ દુષ્ટ માણસે તારી ઇચ્છા વિરૂદ્ધ વર્તવાની ધૃષ્ટતા કરી છે? કહે. તારી ખાતર હું મૃત્યુતે પણ વહોરી લેવા તૈયાર છુ; તું સુખી બને તે માટે હું તેને શિક્ષા કરીશ. મારા પર શંકા ન કરીશ. મનોહરતાની મૂર્તિ, તું શા માટે આમ દુઃખી થાય છે? શું તને ખબર નથી કે-તારો હુકમ માનવા આખુ રાજ્ય તૈયાર છે ? તારે ગમે તે પ્રદેશમાંથી કોઈપણ ચીજ જોઈતી હશે, તો તારે માત્ર મને કહેવાનું જ  છે અને હું તે વસ્તુ લાવી આપીને તને રાજી કરીશ. મને કહે. તને શેનો ભય છે? કઈ વસ્તુએ તારામાં શોક પેદા કર્યો છે? કશી વસ્તુ મારાથી ગુપ્ત રાખીશ નહિ, મને કહેવામાં તું જરા પણ સંકોચ રાખીશ નહિ; સૂર્ય જેમ ધુમ્મસને ઉડાડી મૂકે છે તેમ હું તને ગુંગળાવી મુકતા તારા શોકને છિન્ન-ભિન્ન કરી દઈશ. "દશરથે રાણીને તેમ લાડ કર્યાં, તેમની ખુશામત કરી, તેને આશ્વાસન આપવાના અને ફરી આનંદ પાછો લાવવાના બધા ઉપાયો અજમાવ્યા.

મંથરાએ આપેલા ઉપદેશને કૈકેયીએ પોતાના મનમાં રાખ્યો. પોતાની કટુ ઇચ્છાઓ પ્રગટ કરતા પહેલાં તે પોતાનાં પતિ પાસેથી તે પ્રતિજ્ઞા કરે એવું ઇચ્છતા હતાં. તેમને પ્રતિજ્ઞા લેવડાવવા માટે, તેમણે અતિશયોક્તિ-ભરેલો, આકર્ષક પ્રેમ બતાવ્યો, પોતાની આંખોમાંથી આંસુ લૂછી નાંખ્યા. તેમણે દઢતા-પૂર્વક રાજાના હાથ પકડયા. રાજા

કરૂણતા-પૂર્વક રાણીની  મનોહરતાના ગુલામ બની ગયા હતા, ખૂબ મંત્રમુગ્ધ બની ગયા હતા. તે બોલ્યાં, "હે સ્વામી, મને કોઈની સામે ક્રોધ નથી, કોઈએ મારૂં અપમાન કર્યું નથી, મને કશી ઇજા પહોંચાડી નથી, પૃથ્વીના કોઈ પણ દુરના દેશમાંથી કોઈ પણ વસ્તુ મેળવવાની મને ઈચ્છા નથી, પણ મારે કહેવું જોઈએ કે- લાંબા સમયથી મેં મારા મનમાં ઈચ્છા સંઘરી રાખી છે. તેને પૂર્ણ કરવાની જો તમે પ્રતિજ્ઞા કરો, તો હું તમને ઈચ્છા જણાવીશ. "પોતાના મુખ પર સ્મિત કરીને તેમણે રાજાને લલચાવ્યા, જવાબમાં રાજાએ પણ સ્મિત કર્યું, અને રાણીની નજીક સરકીને તે બોલ્યા, હે મૂર્ખ રાણી આવી નાનકડી બાબત માટે તારો એટલો બધો ક્રોધ કરવાની અને આટલી બધી ચિંતા તથા પીડા ઉત્પન્ન કરવાની શી જરૂર હતી? સાંભળ, સ્ત્રીઓમાં તું મને સૌથી વધારે વહાલી છે; પુરુષોમાં મને રામ સૌથી વધારે વહાલા છે. તમે બંને મને પ્રાણ-સમાન વહાલાં છો. તું તે બરાબર જાણે છે,  નહિ ! વારૂ તારા અને રામના દર્શનનો આનંદ પ્રાપ્ત કર્યા સિવાય હું એક દિવસ પણ જીવતો રહી શકું તેમ નથી. એટલે હું રામના સોગંદ ખાઈને કહું છું કે-તું તારી ઈચ્છા જણાવ અને હું ચોક્કસ પૂર્ણ કરીશ." જ્યારે પોતાના બંને હાથમાં  કૈકેયીના હાથ લઈને, રાજાએ સોગંદ પૂર્વક તેમ કહ્યું ત્યારે કૈકેયીને  ખૂબ આનંદ થયો. તે ઊઠીને બેઠાં. તેમણે રાજા પ્રત્યે વધારે પ્રેમ બતાવ્યો, કારણ કે રાજા તેમના શુભેચ્છક બની ગયા હતા તેથી તે રાજી થયાં હતાં.

તેમણે પૂછ્યું કે -તમે રામના સોગંદ લીધા છે; આ પ્રતિજ્ઞાની સાક્ષી છે; એ પ્રતિજ્ઞા સાચી તો છે ને? તેમણે પોતાની સ્થિતિને બમણી નિશ્ચિત કરવા માટે કહ્યું, "સ્વામી, તમે સત્યના પુજારી છો. તમે ધાર્મિક લોકોમાં શ્રેષ્ઠ છો. તમારામાં પરમ બળ અને ભવ્યતા છે. તમને દેવો અને અસુરો વચ્ચે ખેલાયેલું યુદ્ધ યાદ હશે જ, છતાં હું તે પરાક્રમની ફરી એક વાર તમને યાદ કરાવીશ, તે દિવસે શબરાસુરે બધાનો સંહાર કર્યો હતો, ત્યારે તમે તેને હરાવવા માટે ખૂબ પ્રયાસ કર્યો હતો. જો મેં મૂર્છામાં પડેલા એવા તમારી માવજત અને રક્ષા ન કરી હોત, હું સાવધાન અને ચપળ ન રહી હોત, તો તમારૂં શું થયું હોત તે તમે જાણો છો. તમે મારા ભક્તિ પૂર્ણ સમર્પણનું મૂલ્યાંકન આંકયું અને કહ્યું કે- કૈકેયી, તે મારા જાન બચાવ્યો. તેનો હું તને શો બદલો આપી શકું? તે ગમે તેમ હોય, પણ હું પણ

તું વરદાન માગી લે; હું તેમને પૂર્ણ કરીને તારૂં ઋણ ચૂકવીશ. મારે મારી આભાર-વૃતિને ચારિતાર્થ કરવી જોઈએ." હું ક્યાં બે વરદાનો માગું છું તે જાણવાની તમે ઈચ્છા કરી. પણ ત્યારે મને એમ લાગ્યું હતું કે-તમે પાછા મૂર્છામાંથી જાગ્યા અને ભાનમાં આવ્યા તે મારા માટે એક ખૂબ મૂલ્યવાન વરદાન હતું, એટલે મે જવાબ આપ્યો, "સ્વામી, અત્યારે મારે તમારી પાસેથી કોઈ વરદાન માગવાની જરૂર નથી. ભવિષ્યમાં કોઈક વાર તે વરદાનો માગી લઈશ. મારે માટે તે તમારી પાસે અનામત રાખો. મારા વલણથી તમે આનંદ-વિભોર બની ગયા. તમે મારી પ્રશંસા કરી તમે કહ્યું કે-મને તારો ત્યાગ ગમ્યો છે; મારા જીવન-પર્યંત હું તને આપવાનાં બે વરદાનો મારી પાસે થાપણ તરીકે રાખીશ; તું જ્યારે માગીશ, ત્યારે હું તને તે આપીશ, એ બધું તમને યાદ આવે છે ને? તમે પૃથ્વીના સમ્રાટ છો. તમે લીધેલી પ્રતિજ્ઞા પાળો છો. એટલે તમે થાપણ તરીકે રાખેલાં તે બે વરદાનો અત્યારે મને આપો. જેથી હું સુખી થઈશ. હું તમારી પાસે કોઈ નવું વરદાન માગતી નથી. હું તો તે જ બે વરદાન માગું છું કે જે મારાં છે. હું તમને યાદ કરાવતી નથી, કારણ કે તમે બરાબર જાણો છો કે-થાપણ તરીકે મુકેલા ધનને પાછું ન આપવું એ ઘોર પાપ છે, જો તમે અત્યારે એમ કહેશો કે-હું વરદાનો તને આપી શકું તેમ નથી, તો તે વચન-ભંગથી મને દુઃખ થશે, હું તે નિરાશાને સહન નહિ કરી શકું. તે પરાજયની ભાવના સાથે જીવવા કરતાં તો મરી જવું એ વધારે માનપૂર્ણ છે. જ્યારે પત્નીને આપેલું વચન પતિ પાળતો નથી, ત્યારે રાજ્યના લોકોની ઈચ્છાઓ તે કેવી રીતે પૂર્ણ કરી શકવાનો હતો? પોતાની પત્ની પાસે અમુક વસ્તુમાં વિશ્વાસ રખાવીને પછી તેનો વિશ્વાસ ભંગ કરનાર અને પત્નીને છેતરનાર રાજા પોતાની પ્રજાના રક્ષણહાર તરીકેના પદ માટે યોગ્ય નથી. નહિ ! વારૂ તમે જાણો છો કે-મનુ મુનિએ કાયદા શાસ્ત્રીએ પોતાની સ્મૃતિમાં કહ્યું છે કે-તેવા વચન ભંગ કરનારા રાજાઓને રાજા ન ગણવા જોઈએ, માટે આ મુદ્દાને વધુ છણવાની અને તે માટે હજારો દલીલોનું પુનઃકથન કરવાની શી જરૂર છે? જો આજે મને મારા વરદાનો આપવામાં નહિ, આવે તો કાલે સવારે કૈકેયી જીવતી નહિ હોય."

એમ બોલીને કૈકેયી ખૂબ રૂદન અને વિલાપ કરવા લાગ્યાં, તેમની પીડાથી દશરથ અનાથ અને નિર્બળ બની ગયા. શિકારીના અનુકરણ કરવા અવાજોથી જાળમાં

પકડાયેલા મૃગની પેઠે, રાણીના પ્રેમના કલકલ-તિનિનાદથી અભિભૂત થયેલા અને મોહક અભિનયોથી આકર્ષાયેલા દશરથ, એક પાગલ માણસની પેઠે, પાંજરામાં ફસાયા રાણી ના હાથ પોતાના હાથમાં સખ્ત રીતે લઈને તેમણે ગંભીરતા-પૂર્વક પ્રતિજ્ઞા કરી કે-હું ચોક્કસ તને બે વરદાનો આપીશ.

તે શબ્દો સાંભળીને કૈકેયીની આંખો વિશાલ અને ચળકતી બની ગઈ, થોડાક સમય સુધી તેમણે સ્થિરતા-પૂર્વક દશરથના મુખ સામે જોયા કર્યું, અને પછી તે બોલ્યાં, "હે રાજા આજે મને ખાતરી થઇ ગઈ કે-તમે ખૂબ ભલા માણસ છો. તમે આપેલું વચન હંમેશા પાળો છે-તે સત્યને તમે આજે પુરવાર કર્યું છે. "આમ દશરથની પ્રશંસા કરતાં-કરતાં તે તેમની સામે તાકીને જોઇ રહ્યાં. તેમની પ્રશંસાથી પ્રેમ-વિવશ બનેલા રાજા ખૂબ આનંદ-વિભોર બની ગયા. તેમણે રાણીને વારંવાર કહ્યું કે કૈકેયી, તું વિલંબ શા માટે કરે છે? વરદાનો માગી લે. કૈકેયી સંકોચ-પૂર્વક બોલ્યાં, "રામના રાજ્યાભિષેક માટે કરેલી ગોઠવણો વડે મારા પુત્ર ભરતનો રાજ્યાભિષેક કરો, આ મારૂં પહેલું વરદાન છે. મારૂં બીજું વરદાન એ છે કે- જટા અને મૃગચર્મ ધારણ કરીને, વલ્કલ-વસ્ત્રો પહેરીને રામ ચૌદ વર્ષ માટે દંડકારણ્યમાં જાય અને ત્યાં વનવાસી તરીકે રહે. કોઈ પણ જાતના અવરોધ વગર ભરત યુવરાજ બને મારી આંખો આગળ જ રામને વનમાં મોકલવામાં આવે. આ બે વરદાનો આપો, અને તમારા વંશની કીર્તિને નિષ્કલંક રાખો; અથવા આજ ક્ષણે કૈકેયીના મૃત્યુમાં સંમતિ આપો. આમ બોલીને કૈકેયી ઉભાં થયાં, અને રાક્ષસીની પેઠે, નિશ્ચયાત્મક મુદ્રા ધારણ કરીને, જંગલી રીતે દશરથ સામે તાકી-તાકીને જોવા લાગ્યા.

પોતાના પર વરસેલાં ક્રૂર બાણોથી રાજા સંકોચાઇ ગયા. શું તે સ્વપ્ન હતું કે સત્ય હતું? શું કૈકેયી પોતેજ આ વરદાન માગી રહી હતી? કે પછી કોઈ લોહી-તરસી ભૂત? શું તે પોતાની એક ભીષણ ભ્રમણા હતી? શું તે કોઈ ભિષણ માંદગીએ કરેલી અધમ છેતરપિંડી હતી? તે કશું અનુમાન તારવી શકાય નહિ, એટલે તે બોલ્યા, "કૈકેયી, શું ત્યાં ઉભી છે કે પછી તારૂં રૂપ ધારણ કરીને કોઈ પિશાચીણ પ્રથમ તો મને કહે કે- તું કોણ છે? પોતાનાં અંગો પર કાબૂ ગુમાવી બેઠેલા માણસની પેઠે તે લથડિયાં ખાવા લાગ્યા;

પોતે જે બોલવા માગતા હતા તે શબ્દો તે બોલી શકયા નહિ, પાગલ માણસની પેઠે તે એક બાજુએથી બીજી બાજુએ ઘૂમતા હતા. તેમની આંખો કોઈ લક્ષ્ય વગર આસપાસ તાકી-તાકીને જોઇ રહી હતી. તે કૈકેયી તરફ તાકીને જોઈ રહ્યા હતા, એટલામાં ઓચિંતા તેમની આંખોમાંથી તણખા ઉડવા લાગ્યાં. ખૂબ ક્રોધપૂર્વક તે બોલ્યા, "હે દુષ્ટ નારી, તારો ચોક્કસ હેતુ શો છે? શું સમગ્ર રાજ-વંશને જળ-મૂળથી ઉખેડી નાંખવાની તારી ઈચ્છા છે? મારા વહાલા પુત્રે તારૂં શું બગાડયું છે? તે તને પોતાની માતા કરતાં પણ વધારે ચાહે છે. તારૂં હૃદય કેવી રીતે મારા રામને ગાઢ અંધકારમય જંગલમાં મોકલવામાં સંમત થાય છે? અત્યાર સુધી  હું તને રાજકુમારી માનતો હતો; હવે મને જણાય છે કે તુ એક ઝેરી નાગણ છે. કેવળ અજ્ઞાનથી જ મેં તને મારા ઘરમાં રહેવા દીધી હતી.જ્યારે જીવતો માણસ મારા પ્રાણ-સમાન રામની પ્રશંસા કરે છે, ત્યારે આવો પાપી વિચાર તારા મનમાં પ્રવેશ્યો જ કેવી રીતે? જો અનિવાર્ય હશે, તો હું મારા સામે સામ્રાજ્યનો અને મારા જીવનનો પણ ત્યાગ કરીશ, પણ હું રામનો ત્યાગ નહિ કરી શકું, ના કદી નહિ. તું ઇચ્છે છે કે-તારો પુત્ર ગાદીએ બેસે નહિ ! વારૂં ઠીક, તે ભલે રાજા બને. હું રામને મારી સાથે લઈને, કૌશલ્યા, સુમિત્રા અને બીજાઓ સાથે વનમાં જઈશ પણ હું રામને એકલાને જંગલમાં નહિ જવા દઉં. તે અશક્ય છે, આ ક્રુર, પાપી ઈચ્છાને ત્યજી દે. રામ પ્રત્યે તેં જે દ્વેષ વિકસાવ્યો છે તેનો ત્યાગ કર. કૈકેયી, મને નિખાલસ દિલથી કહે કે-આ બધી વસ્તુઓ બને એમ તું શું સાચે સાચ ઇચ્છે છે? કે પછી આ પ્રયુક્તિઓ વડે તું જાણવા માગે છે કે- મને તારા પુત્ર ભરત પ્રત્યે પ્રેમ છે કે નહિ? જો તેમ હોય, તો ભરત યુવરાજ-પદે આવે તે તું માગી શકે છે. પણ રામને વનમાં અપાય તેવી માગણી કરવાનો કશો અર્થ નથી. તેવી ઈચ્છા હલકટ પણાથી રાખવી પણ ન જોઈએ અને પ્રગટ પણ કરાવી ન જોઈએ. કૈકેયી રામ જયેષ્ઠ પુત્ર છે. તે સદગુણોના ભંડાર છે. તેમનાં શાસનનાં વષો સૌથી વધારે યશસ્વી નીવડશે. તે મને  અનેક વાર કહ્યું છે- કે એવાં સોનેરી સ્વપ્નો ક્યારે સિદ્ધ થશે, તેની હું રાહ જોઇ રહી છું. અને હવે તું માંગી રહી છે કે- એ જ રામને વનમાં મોકલવામાં આવે. આ વિજ્ઞપ્તિ વધારે ઊંડો અર્થ શો છે? શું તું મારી મશ્કરી કરી રહી છે ? જો તે મજાક હોય, તો પછી કોધાગારમાં આ બધું દ્રશ્ય શા માટે? કઠોર

પથ્થરની જમીન પર આળોટવાનું શું કારણ? મશ્કરીઓને પણ મર્યાદાઓ હોય છે; તે મર્યાદાઓને વટાવી જવાથી તે મજાકો પણ કરૂણ રીતે ક્રુર બની જાય છે. મજાક-મશ્કરી તરીકે પણ હું આ વિચારોને સ્વીકારી શકતો નથી. ના, હું કદી રામના વિયોગમાં નહિ રહી શકું, કૈકેયી, આ બધાં વર્ષો સુધી તું એક બુદ્ધિ-શાળી નારીની પેઠે વર્તતી હતી. પણ હવે તારી બુદ્ધિ વક્ર અને દુષ્ટ બની ગઈ છે. આવી વિકૃતિઓ આત્મ-વિનાશ પહેલાં આવતી હોય છે. સારા માણસને ઇજા પહોંચાડવીએ એક ઘોર પાપ છે. અલબત્ત, આવી યુક્તિ-પ્રયુક્તિઓની સારા માણસ પર કશી અસર પડતી નથી. દુષ્ટ લોકોની યુક્તિ-પ્રયુક્તિઓથી માત્ર તે સારા માણસની કિર્તીમાં યશમાં વૃદ્ધિ જ થતી હોય છે. માત્ર થોડા સમય માટે જ અસહ્ય લાગતી હોય છે.

મને એમ લાગે છે કે- તારી દુષ્ટ યોજનાઓનું પરિણામ ઇક્ષ્વાકુ-વંશ માટે ખતરનાક નીવડશે, કારણ કે અત્યાર સુધીનું કદી પણ એક કડવો શબ્દ બોલી નથી, તે અશુભ કાર્યનો વિચાર પણ કર્યો નથી. આજે આવી વસ્તુઓની માગણી કરતી તું પહેલાંની કૈકેયી જ છે-એમ હું માની શકતો નથી. કૈકા, અત્યાર સુધી નીતિ-નિયમોનો ભંગ કરતાં તું ડરતી હતી; દરેક નાનકડા વિચાર, શબ્દ, અને કૃત્ય વડે તું પરમાત્માની કૃપા પ્રાપ્ત કરવા માટે આતુર રહેતી હતી. અત્યારે તારી એ ધર્મની નીતિ ક્યાં ચાલી ગઈ છે? તને ધર્મ માર્ગે રાખનાર ભગવાનની ભક્તિનો તે શો ઉપયોગ કર્યો છે? ચૌદ વર્ષ સુધી રામને વનમાં મોકલવાથી તને શો ફાયદો થવાનો છે?

રામનું શરીર તાજા ખીલેલા પુષ્પની પાંખડી જેવું મૃદુ અને કોમલ છે. તેમનો દેખાવ ખૂબ મનોહર છે. એટલા બધા સુંદર છે કે બધા તેમની પ્રત્યે આકર્ષાય છે. તે વનમાં દુ:ખની અસહ્ય વેદનાઓ સહન કરે તેથી તને શો લાભ થવાનો હતો? આ રાજ મહેલમાં હજારો પરિચારકો અને દાસીઓ છે; તેમાંનું કોઈપણ રામ પ્રત્યે અંગુલિ-નિર્દેશ કરીને એમ કહી શકે તેમ છે. કે આ બાબતમાં રામનો દોષ છે? ઠીક, આપણા રાજ-મહેલની વાત રહેવા દે રાજધાનીમાંથી તું એવા કોઈ માણસને લાવી શકીશ કે જે રામનો દોષ બતાવે? તેમણે ઘણા દુ:ખી લોકોને શોધી કાઢીને ધન-દાન આપ્યાં છે; તેમને માટે રામે ખૂબ હમદર્દી અનુભવી છે. તેમણે ઘણા ઘર-વિહોણા લોકોને ઘર બનાવી આપ્યાં છે.

પોતાનાં પ્રેમથી અને દરકારથી તેમણે બધા લોકોને પ્રેમ સંપાદન કર્યો છે. આવા પ્રેમ-યોગ્ય પુત્ર સામે તને આટલો બધો દ્વેષ છે તેથી હું મૂંગો બની જાઉં છું. તારા રાક્ષસી જંગલીપણાને  વર્ણવવા માટે મને શબ્દો જડતા નથી.

ઘણા રાજાઓ પોતાની પ્રજાને લૂંટે છે, અને પોતાના સ્વાર્થ સાધવાનાં કામો જ કરે છે. આજ કાલ એવા રાક્ષમો મોટી સંખ્યામાં નજરે પડે છે, પણ કાં તો ઉંમરને કારણે અથવા તારાં પૂર્વ-જન્મોના કરેલા પાપોને કારણે, જે લોકો ગરીબોનાં દુઃખો દૂર કરી તેમના વિકાસને પોષે છે, તેમની મુશ્કેલીઓની અને સમસ્યાઓની તપાસ કરી તેમને મદદ કરે છે, એવા સારા માણસો તેને ખરાબ, વનવાસમાં મોકલવા યોગ્ય, દંડ-પાત્ર જણાય છે!

રાજ્યનો દરેક માણસ રામના ગુણોનું વર્ણન સાંભળતાં અને તેમની ભલમનસાઈનું વર્ણન કરતાં આનંદ અનુભવે છે. જ્યારે પોતે થાકી જાય છે, ત્યારે ખેતરમાં કામ કરતા ખેડુતો અને મજુરો, પોતાનો થાક ઓછો કરવા માટે અને કામને હળવું બનાવવા માટે રામનાં ગીતો ગાય છે. તે સાંભળીને મને ખૂબ આનંદ થયો હતો. તેવા કરૂણાળુ જીવાત્મા પર આવી કઠોર સજા ફટકારવામાં તારૂં હૃદય કેવી રીતે સંમત થાય છે? આજે સાંજે જ્યારે મેં મુનિઓની, વડાઓની, મંત્રીઓની, આગેવાન નાગરિકોની, વિદ્વાનોની, રાજ્ય-વહિવટમાં નિષ્ણાંત લોકોની સભામાં રામના રાજ્યાભિષેકનો પ્રસ્તાવ રજૂ કર્યો, ત્યારે કોઈએ પણ વિરોધનો અસંમતિનો સુર ઉઠાવ્યો ન હતો. ઉલટું તે બધાએ અસંખ્ય રીતે રામની પ્રશંસા કરી કે જેમણે પોતાની ઈન્દ્રિયો પર કાબુ મેળવ્યો છે, જે નિઃસ્વાર્થ સેવાની મૂર્તિ છે, બુદ્ધિ-યુકત અનાસક્તિની અને સત્ય પ્રત્યે અડગ વફાદારની મૂર્તિ છે તેવા આધ્યાત્મિક વીરને અમે અમારા યુવરાજ અને સ્વામી તરીકે પ્રાપ્ત કરીએ છીએ, તે અનેક પૂર્વ-જન્મોમાં અમે કરેલાં પુણ્યનું ફળ છે; સતત 'જય-જય'ના પોકારો વડે તેમણે પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો. શું તું મારા પ્રેમના આ ખજાનાને, મારી પ્રજાના આ કૃપા-પાત્ર (વહાલા) રામને વનમાં મોકલવાની ઈચ્છા રાખે છે? તું ગમે તે કહે, પણ એક વાત નિશ્ચિત છે કે- હું મારા રામને વનમાં નહિ મોકલું. અને આ પણ સાંભળી લે. કાલે

રામનો રાજ્યાભિષેક થશે જ: તેને રદ કરવામાં નહિ આવે.' ઉઘાડા-છોગ અભિમાનથી અને હિંમત-પૂર્વક દશરથે આ વાત જાહેર કરી.

તે સાંભળીને કૈકેયીનું મુખ વિકરાળ બની ગયું અને તે બોલ્યાં, "રાજા, યાદ કરો કે થોડીક જ ક્ષણો પહેલાં તમે ઘણી પ્રતિજ્ઞાઓ લઈને જાહેર કર્યું હતું કે- હું તું જે માગીશ તે આપીશ અને હવે તમે ફરી જાઓ છો. હવે કોણ ઇક્ષ્વાકુ-કુળના યશને ધુળમાં મેળવી રહ્યું છે. તમે કે હું? આ બાબત ઊંડો વિચાર કરો. ઈક્ષ્વાકુ-કુળનું એ ગૌરવ છે કે-તે વંશનો કોઈ પણ રાજા વચન ભંગ કરતો નથી. તમે હવે તે કીર્તિને કલંક લગાડી રહ્યા છો. તમે તરફેણની અને વિરૂધ્ધની વાતોનો વિચાર કર્યા વગર જ મને વચન આપ્યું હતું કે- હું ચોક્કસ તું માગીશ તે આપીશ, જો ભૂલ હોય, તો તે તમારી છે, મારી નહિ તમે મને વરદાનો આપ્યાં હતાં, તમે તે આજે આપશો એવું વચન આપ્યું હતું તમે પોતે જ બે વાર તેવું વચન આપ્યું હતું. તમે ત્યારે અને અત્યારે આપેલાં વચનોનો ભંગ કરી રહ્યા છો; ત્યારે તમે તમારા માનનો, દરજ્જાનો ગૌરવનો વિચાર કરો.

સામાન્ય રીતે રાજાઓ નિર્બળ લોકોને ઇજા પહોંચાડતા હોય છે, તેમનું અપમાન કરતા હોય છે, અને ગંભીરતા-પૂર્વક આપેલાં વચનોનો ભંગ કરતા હોય છે. પણ- તેથી આત્મા-ગૌરવ વધતું નથી. વચન-ભંગ કરીને સ્ત્રીઓને છેતરનાર માણસો રાજાઓ નથી, જંગલી લોકો છે. જ્યારે રાજાઓ આવા જંગલી બની જાય, ત્યારે પ્રજાજનો સ્વાભાવિક રીતે જ ગુસ્સે થાય, તેમનો વિરોધ કરે. રાજ્ય ઝડપભેર રાક્ષસ-રાજ્ય બની જશે.

આ બધાં વર્ષો સુધી તમે સન્માન અને કીર્તિ પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો છે; મોટા પ્રમાણમાં તમે તે પ્રાપ્ત પણ કર્યા છે. હવે વચન-ભંગ કર્યાનો ગુનો તમારે માથે છે, મારે માથે નહિ. પ્રાચીન રાજાઓનાં જીવન યાદ કરો. ખૂબ વિચાર કરો. તમે દુષ્ટ માર્ગે પ્રસ્થાન કરી રહ્યા છો. સાવધાન થાઓ. તમે ધર્મથી વિરુદ્ધ જઈ રહ્યા છો. ઠીક, તમને ગણવામાં આવે છે એટલા તમે બુદ્ધિશાળી હો, તો તમારે વચન આપતા પહેલાં, હું ક્યાં વરદાનો માગીશ તેની પૂરી ખાતરી કરી લેવી જોઈતી હતી. તે વખતે તમે આગળ પાછળનો વિચાર ન કર્યો, તમે મારા શબ્દોથી મુગ્ધ બની ગયા અને મને વચન આપ્યું કે-તું જે માગીશ તે હું આપીશ. હવે જ્યારે હું વચન પૂર્ણ કરવાનું કહું છું, ત્યારે તમે મારો

દોષ કાઢો છો. આ તમારી કેવી મોટી ભૂલ છે તેનો વિચાર કરો. તમે તમારી જાતને કેટલી બધી મૂર્ખ જાહેર કરો છો? તમે મારા પર આક્ષેપ કરો છો કે તું અધર્મ-કૃત્ય કરવાનો ભય ત્યજી દીધો છે, ભગવાનની ભક્તિ તું ભૂલી ગઈ છે, તું તિરસ્કાર-પાત્ર-ક્રૂરતા બતાવી રહી છે. પણ તમારી બાબતમાં શું છે? તમને ધર્મવ્રત (વચન-વાણી-વર્તનમાં ધાર્મિક), દેવ-સમાન કહેવામાં આવે છે. પ્રતિજ્ઞા-ભંગ કર્યા પછી, હવે તમને કયું નામ આપવું જોઈએ? તમારી જાતનો ન્યાય કરો. બીજાઓનો દોષ કાઢવામાં ચતુરાઈ એ પ્રશસ્ય નથી. પોતાના દોષો શોધી કાઢીને તેમનાથી ગેરમાર્ગે દોરાઈ ન જવાય તે બાબત સાવધાનતા રાખવી-એ પ્રકારનો બુદ્ધિનો ઉપયોગ પ્રશસ્ય  છે. રાજાઓ બહુ બુદ્ધિશાળી હોય છે; તેમને સર્વજ્ઞ માનવામાં આવે છે. જો તમારા જેવા લોકો આત્મ-નિરીક્ષણ કરીને લાભ પ્રાપ્ત ન કરે અને માત્ર સ્વાર્થ જ સાધે, તો પછી તેમને અમે સ્વાર્થી અને સંકુચિત મન વાળા છીએ- એવો અમારો દોષ કાઢવાનો શો અધિકાર છે? તમે વરદાનો આપ્યાં હતાં એ એક હકીકત છે; તમે પ્રતિજ્ઞા કરી હતી એ એક હકીકત છે; તમે વચન ભંગ કર્યો એ એક હકીકત છે. આ ત્રણ વાર્તા સત્ય છે કે નહિ-તે બાબત મનમાં વિચાર કરો. તમે પુત્ર પ્રત્યેની આસક્તિથી ભ્રાંન્તિમાં પડ્યા છો, તમે પત્ની પ્રત્યેના મોહથી ગુલામ બની ગયા હતા. એટલે તમે તમારા વચનને પાણીમાં ડુબાડી દો છો હું ગુનેગાર નથી, ગુન્હો તો તમે કર્યો છે. કારણ કે-માતાને પુત્ર પ્રત્યે આસક્તિ હોય એ સ્વાભાવિક છે. દરેક માતા એમ ઈચ્છે કે-મારો પુત્ર સતાના ઉચ્ચ પદને પ્રાપ્ત કરે, રાજા બને એ તો પ્રકૃતિની પ્રેરણા છે. પોતાની યોજના પર બીજાઓ આક્રમણ ન કરે તે જોવાની માતાની ફરજ છે. બધાં શક્ય આક્રમણોનો સામનો કરવા માટે તે અગાઉથી યોજનાઓ ઘડે એ સ્વાભાવિક છે. યાદ રાખો કે-હું માત્ર મારી સ્વાભાવિક ફરજો અને જવાબદારીઓ અદા કરૂં છું મારા આચરણમાં કશું અસ્વાભાવિક કે અધર્મ્યે નથી.

રામને યુવરાજ-પદે સ્થાપતાં  તેમનાં માતા કૌશલ્યા રાજમાતા બનશે. મારો પુત્ર હાથ જોડીને, રામની આજ્ઞાઓની પ્રતિજ્ઞા કરતો, તેમનાં કામકાજ કરવા માટે તૈયાર ખડો રહેશે. પોતાના સોંપેલું કાર્ય તેણે કર્યું છે તે જણાવતાં તે રામને પગે પડશે. કદાચ તેને ઠપકો પણ મળે. ના, હું તેવાં દ્રશ્યોની સાક્ષી નહિ, બની શકું. મારૂં એવું અપમાન થશે કે

હું એક દિવસ પણ વધારે નહિ જીવી શકું. મારા પુત્રની શરમ-જનક સ્થિતિના સાક્ષી બનવું તેનાં કરતાં તો અત્યારે વિષ પીને મરી જવું એ વધારે સારૂં છે. હું મારા પુત્ર ભરતના સોગંદ ખાઈને આ જાહેર કરૂં છું હું ભરતને મારા પ્રાણ-સમાન ગણું છું. રામને વનમાં મોકલ્યા સિવાય, મને બીજા કશાથી સંતોષ નહિ થાય." આ પીડાકારક, કઠોર શબ્દો બોલીને કૈકેયી જમીન પર પડ્યાં અને હૃદય ચીરી નાંખે તેવા શોખથી ડૂસકાં ભરવા માંડ્યાં, નીસાસા નાંખવા લાગ્યાં.

દશરથે નિરાશામાં પોતાની છાતી કુટી. તે બોલ્યા, "કૈકા શું કોઇએ તને એવી સલાહ આપી છે કે-તારા પર આવું સંકટ આવી પડશે? કે પછી કોઈ ભૂત તારામાં પ્રવેશ કરીને તારી પાસે આવી ઇચ્છાઓ પ્રગટ કરાવી રહ્યું છે? આ કેવી અસંભવિતતા છે. હાસ્યાસ્પદ પાગલ પણું છે કે તું રામને વનવાસ આપી ભરતને ગાદી પર બેસાડવા માગે છે? મારા પુત્ર ભરતની ખાતર અને અયોધ્યાના રાજ્યની ખાતર, તું શા માટે મારૂં-તારા પતિનું કલ્યાણ ઈચ્છતી નથી? જે ઇચ્છા વડે ચોક્કસ સંકટ આવી પડવાનું છે તે ઇચ્છાનો ત્યાગ કર; પરિણામોનો ઊંડો વિચાર કર; નહિ. તો તું હું, અને તારો પુત્ર ત્રણેય જણ અપકીર્તિનાં લક્ષ્ય બની જઇશું. એટલું જ બનીને અટકી નહિ જાય; સમગ્ર રાજ્યનો વિનાશ થઇ જશે, બીજી ઘણી કરૂણ ઘટનાઓ ચોક્કસ બનશે હે અધમ પતિત નારી, જો હું અત્યારે તારી માગણી સ્વીકારીને ભરતને ગાદી આપવાનું વચન આપું. તો પણ શું ભરત રાજગાદીનો સ્વીકાર કરશે એમ તું માને છે? ભરત ધર્મનો સાચો અનુયાયી છે; તે બુદ્ધિશાળી છે, પ્રામાણિકતાની મૂર્તિ છે. તે રામને વનવાસ આપવાની કે પોતે યુવરાજ-પદે સ્થપાય તે વાતમાં સંમતિ નહિ આપે. તે એકલો જ નહિ, પણ મંત્રીઓ, દરબારીઓ, વશિષ્ઠ, ખંડિયા રાજાઓ, મુનિઓ, પ્રજાજનો, નાગરિકો તે બધા તારી ઈચ્છાનો વિરોધ કરશે.  જ્યારે આટલા બધા દુઃખી થશે, ત્યારે તું કેવી રીતે સુખી થઈશ.

જેને માટે તું જવાબદાર છે તે પરિસ્થિતિનો વિચાર કર. વડીલોએ અને મુનિઓએ તેને સંમતિ આપી હતી. તે બધા એક જ માનતા હતા. આજે સાંજે નાગરિકોની તે ભવ્ય સભામાં જાહેર કર્યું હતું કે-હું રામનો રાજ્યાભિષેક ઉજવીશ. જો  હું તે જાહેરાતથી વિરુદ્ધ વર્તુ, તો શત્રુઓને જોઈને રણ-ભૂમિમાંથી ભાગી જતો હું બાયલો ગણાઈશ. રાજ્યાભિષેક

માટે બધી ગોઠવણો પૂરી થઈ ગઈ છે. તે ઉત્સવ માટે બધાને ખબર અપાઇ ચૂકી છે. લોકોએ તે ઉત્સવ માટે તૈયારીઓ કરવા માંડી છે. આકાંક્ષિત આનંદ વડે પ્રકાશતાં મુખોવાળા લોકોનાં ટોળાં વડે માર્ગો ઉભરાઇ રહ્યા છે. જો આ ક્ષણે હું રામને વનમાં મોકલું. તો લોકો મારો ઉપહાસ કરીને કહેશે કે- એક જ રાતમાં રાજાએ ત્રણ પ્રકરણો પુરા કીધાં રાજ્યાભિષેક, રાજ્યશાસન અને વનવાસ, કેવી વિચિત્ર વાત? જન-મેદની સમક્ષ જાહેરાત કર્યા પછી હું તેમને મારૂં કાર્ય કેવી રીતે સમજાવી શકીશ? લોકો કેવી કઠોર રીતે મારો દોષ કાઢશે કે રાજા કેવા મૂર્ખ છે? આટલાં બધાં વર્ષો સુધી મેં તેમના પર શાસન કર્યું અને એક ધાર્મિક, સદગુણી, હિંમતવાન, બહાદુર વીર તરીકે કીર્તિ પ્રાપ્ત કરી. પછી હવે હું કેવી રીતે આચરણના આ નિમ્ન સ્તર પર ઉતરી પડેલા મૂર્ખ તરીકેનું અપમાન સહન કરી શકું."

આમ બોલતાં દશરથે કૈકેયીને યાદ કરાવ્યું કે- તારૂં કહ્યું કરવાથી મારી નિષ્કલંક કીર્તિને અને આબરૂને ફટકો પડશે. પણ કૈકેયી તો વિનાશ કરનારી રાક્ષસી જ બની રહ્યાં, તેમણે દશરથની બધી આજીજીઓને ક્ષુદ્ર ગણીને ફગાવી દીધી. તેમણે તે દલીલોને એક કણ જેટલું પણ ધ્યાન આપ્યું નહિ. તેમણે આધીન થવાની અથવા પોતાની પકડ ઢીલી કરવાની ઘસીને ના પાડી. ઊલટું, હર-ક્ષણે તેમની પકડ વધારે સખ્ત બનતી ચાલી, તમે તો લોભે વધારે ઉંડા મૂળ નાંખ્યા. તે મહારાજની આજીજીઓથી તદ્દન વિરુદ્ધ બોલવા લાગ્યાં અને તેમના વચન-ભંગની યાદ આપવાનો આગ્રહ સેવવા લાગ્યા. એટલે દશરથે કહ્યું, "કૈકા, જો રામ વનમાં જશે, તો હું એક ક્ષણ પણ વધારે નહિ જીવી શકું. પછી કૌશલ્યનું શું થશે તે મારે તને કહેવાની જરૂર નથી, તે જ ક્ષણે તે પણ છેલ્લો શ્વાસ લેશે અને સીતાને સખ્ત આઘાત થશે. રામ વગર તે એક ક્ષણ પણ જીવી શકશે નહિ, શું પ્રજાજનો આ બધું સમતા-પૂર્વક જોઈ રહેશે? જ્યારે શ્રેષ્ઠ જ્ઞાની, મહાનવીર, રામને વનવાસમાં મોકલવામાં આવશે, ત્યારે લક્ષ્મણ શું શાંત બેસી રહી શકશે? મારે આવી હજારો વસ્તુઓનું વર્ણન કરવાની જરૂર નથી. બીજી જ ક્ષણે લક્ષ્મણ પોતાના પ્રાણ ત્યજી દેશે. આ કેવળ સત્ય છે. આમ આપણા રાજ્યને આ બધા સંકટો અને વિપતિઓ સહન કરવાનાં આવશે. આ બધી કરૂણ-કથાઓની તને પણ ખબર છે. પણ મને એ સમજાતું

નથી કે-તું ઉઘાડી આંખે વિધવા બનવાનો પ્રયત્ન શા માટે કરી રહી છે? હે દુષ્ટ, અધમ જીવ, હું તારી સુંદરતાથી છેતરાયો હતો. તે એક સોનાની તલવારથી મોહ પામીને પોતાનું જ ગળું કાપવા જેવી વાત હતી. હું દૂધનો પ્યાલો પી ગયો, પણ મને ખ્યાલ ન હતો કે તેમાં ઝેર ભેળવેલું હતું. તે અનેક મનોહર યુક્તિ-પ્રયુક્તિઓ વડે ઠગયો છે. આખરે તે મારા વંશને જ ધૂળ-ધાણી કરી દેવાની યોજના ઘડી છે. મને શરમ આવવી જોઈએ, હું કેવો મૂર્ખ છું! વિધિપૂર્વક યજ્ઞ કર્યા પછી મેં આ પુત્રને પ્રાપ્ત કર્યો હતો, દિવ્ય કૃપાથી તે મને મળ્યો હતો. એક ક્ષુદ્ર નારી જે સુખ આપે તેના બદલામાં શું મારે તે પુત્રના સદભાગ્યને અને ભાવિને વેચી મારવું? શું આ રાજાધિરાજ દશરથ માટે યોગ્ય છે? શું મારા રાજ્યનો અધમમાં અધમ કુતરો ઉપહાસ પૂર્વક મને પથ્થરોથી નહિ મારે? ખેદની વાત છે કે-શું અંતિમ દિવસોમાં દશરથની આ દશા થવાની છે? મેં મારા ગળાની આસપાસ એક દોરડું મજબૂત રીતે બાંધ્યું, પણ મને ખબર ન હતી કે તે દોરડું મને ગૂંગળાવી મારશે. મને ખબર ન હતી કે આટલા લાંબા સમય સુધી હું મૃત્યુના દેવ યમરાજ સાથે ક્રીડા કરી રહ્યો હતો. ખેદની વાત છે કે મેં  મૃત્યુ સાથે રતિ ક્રીડા કરી, તેને આલિંગન આપીને લાડ કર્યા. તે મારી વહાલી મિત્ર, સાથીદાર હોય તેમ મેં તેની સાથે વર્તાવ કર્યો. ચોક્કસ મારા પાપોનો ભાર જ હવે મારા પર ભરડો લઈ રહ્યો છે. નહિ તો, અત્યાર સુધી શું કોઈ એવો પિતા થયો છે, જે એક નારી સાથે શયન કરવા ખાતર પોતાના પુત્રને દેશ પાર કરે, ભીષણ વનમાં મોકલી આપે?

ઓહ! માનવી માટે આ કેવી વિચિત્ર વર્તણૂંક કહેવાય! બધું હોવા છતાં હું આ માની શકતો નથી. કૈકા, તારો મૂર્ખાઈ ભરેલો વિચાર બદલી નાંખ. રામ મારા શબ્દોનો કોઈ પ્રત્યુત્તર નહિ આપે. આ ઘટનાઓની ખબર જ પર્યાપ્ત છે. તે વનમાં જવા માટે તૈયારીઓ કરશે. તે એમ પણ નહીં પૂછ્યું કે-તમે મને શા માટે વનમાં મોકલવા ઇંતેજાર છો? તે એટલો બધો સદ્ગુણી છે. માત્ર રામની જ વાત શા માટે? મારો કોઈ પણ પુત્ર મારી આજ્ઞાનું ઉલ્લંઘન નહિ કરે.

તારી યોજના સાંભળીને ભરત ખૂબ અકળાશે. તું તેની માતા છે તે વાતની પણ તે ઉપેક્ષા કરશે, અને ન સમજાવી શકાય તેવી રીતે વર્તશે. તે ગમે તેવા પગલાની પણ

તૈયારી કરે. રામ ભરતના પ્રાણ છે, પંચ પ્રાણોનો સમૂહ છે. તારી વહાલી ઇચ્છાને પરાજિત કરવા તે કોઈ પગલું ભરશે, અર્થાત્ તે પોતે વનમાં જશે અને રામને રાજા બનવાનું કહેશે. તેઓ ધાર્મિક અને પ્રામાણિક છે. ભરતના મનના વિચારો જાણવા અશક્તિમાન એવી તારી વક્ર બુદ્ધિ જોઇને મને આશ્ચર્ય થાય છે. કૈકા, કહેવત છે કે દુષ્ટ યોજનાઓ આત્મવિનાશને લઈ આવે છે. યાદ રાખ કે તારો વિનાશ કરવા માટે તારા મસ્તિકમાં આ યોજનાએ પ્રવેશ કર્યો છે. તું ઇક્ષ્વાકુ-રાજકુળની આબરૂ પર પાણી ફેરવી રહી છે, તેને કલંક લગાડી રહી છે. તું અનેક લોકોને શોકનાં ઊંડાણોમાં ડુબાડી રહી રહી છે, તું તેમનો અંત લાવી રહી છે. આ અધમ ઈચ્છા પૂર્ણ કરવા માટે શું આટલા બધાં જીવનમનોને ઇજા પહોંચાડી શકાય? આ બધું કરવાથી તને શું સુખ મેળવવાની આશા છે."

તું તારા લક્ષ્યની સિદ્ધિ પ્રાપ્ત કરી શકે, પણ શું તે સાચો આનંદ હશે? તું તેને સાચો આનંદ કહી શકે ખરી? શરમની વાત છે! જે લોકો બીજાઓના દુઃખથી આનંદ પ્રાપ્ત કરે છે, તેઓ ઘોર પાપીઓ છે, રાક્ષસો છે. જે લોકો બીજાઓને સુખ પહોંચાડે છે, તેઓ પવિત્ર પુરુષો છે. તું  રાણી છે, રાજ-કુળમાં જન્મેલી રાજકુમારી છે. છતાં તને આ પ્રાથમિક સત્યની ખબર નથી. તું રાજકુળના લોહીમાં કલંક-રૂપ છે. એક છેલ્લો શબ્દ-રામ મારા પ્રાણ છે. તેના વગર હું જીવી નહિ શકું. ના, નહિ જીવી શકું. તે તને નિરાશ નહિ કરે. એટલે હું તેને સ્વમુખે  વનમાં જવાની આજ્ઞા નહિ કરૂં, તો પણ મારી પ્રતિજ્ઞા વિષે અને તારી ઇચ્છા વિષે જાણીને, મારૂં વચન પળાય તે ખાતર તે પોતે વનમાં જશે, તે વિલંબ નહિ કરે અથવા દલીલ નહિ કરે. મને તેમના વનમાં ગયાના સમાચાર મળશે કે તું જાણ જે કે તે મારો છેલ્લો શ્વાસ છે. ઘણું કરીને સીતા, લક્ષ્મણ, અને કૌશલ્યા પણ તેમની સાથે વનમાં જશે. રામ વિના કૌશલ્યા જીવી શકશે નહિ. સીતા રામથી દૂર નહિ રહે. લક્ષ્મણ રામના પગલાને જ અનુસરશે. ઉર્મિલા પણ લક્ષ્મણ સાથે વનમાં જશે પછી મારી મરણોત્તર ક્રિયા કરવા માટે અહીં કોઈ નહિ રહે. કૈકેય-રાજ્યમાંથી ભરતને અને શત્રુઘ્નને અહીં બોલાવતાં ઘણા દિવસો વીતી જશે. ત્યાં સુધી મારા મડદાને મરણ-વિધી વગર જ પડ્યા રહેવું પડશે. કદાચ લોકો દુષ્ટતાના આવા નિમ્ન સ્તર પર ઉતરવાને

કારણે મારો વિરોધ કરશે, તેઓ ગૌરવ-પૂર્ણ ક્રિયા માટે મારા દેહને અયોગ્ય ગણીને કાગડા ગીધડાંને ખાવા માટે ફેંકી દેશે- કદાચ તેઓ એમ ન પણ કરે, તેઓ ભરતના આગમનની રાહ જોશે, મારા મૃત-દેહને સુગંધી તેજાનાઓમાં મૂકી સાચવી રાખશે. ભરત રાજા બની ગાદી પર બેસવાનું કદી નહિ સ્વીકારે તેવા સંજોગોમાં મારા મૃતદેહને અડકવાનો કે મરણોત્તર વિધિ કરવાનો અધિકાર તને નહિ રહે. આવ, છેવટે મને એટલું વચન આપ કે તું ભરત પાસે મરણોત્તર ક્રિયા કરાવીશ. અલબત્ત, મને ખાતરી છે કે-તેવું વચન મને આપવા માટે તૈયાર છે, કારણ કે વિધવાના જીવનનો આનંદ પ્રાપ્ત કરવાની તું આશા સેવી રહી છે. હે અધમ પશુ, તુ શેની આશા રાખે છે તે મને કહે. છેવટે તું રાક્ષસ બની ગઈ છે. શું તું આજ રઘુવંશને પૃથ્વી નીચે દાટી દેવા તૈયાર થઈ ગઈ છે. તારા પાયા ભૂત સ્વભાવનો શું એવો ઉભરો છે? કે પછી શું તે કોઈ રહસ્યમય દિવ્યભવિતવ્યતા છે કે જેણે તારા વિચારોનો પીછો પકડ્યો છે અને, તારી ના-મરજી હોવા છતાં જે તેને આ વિચિત્ર રીતે વર્તવાની ફરજ પાડી રહી છે? હું તે રહસ્યને જાણી શકતો નથી.

જ્યારે દશરથનું મન આ રીતે પીડા અનુભવી રહ્યું હતું, ત્યારે રાત્રિનો ત્રીજો પ્રહર બેઠો. તેમને કોઈ ભયંકર વ્યાધિ લાગુ પડ્યો હોય તેમ, ખૂબ દુઃખી માણસની પેઠે તે નિસાસા મૂકવા લાગ્યા.

દશરથે કૈકયીનો પ્રેમ જીતી લઇને, રામના રાજ્યાભિષેકની વાત સ્વીકારવા તેમને ખૂબ સમજાવ્યાં મીઠા મધ જેવા શબ્દો વડે રાણીની ખુશામત કરવા લાગ્યા, "હે રાણી, તું શુભતાની અને સમૃદ્ધિની મૂર્તિ છે. અત્યાર સુધી મેં તને મારા પ્રાણ ગણીને તારી સાથે વ્યવહાર કર્યો છે. હું જાણે તારૂં હૃદય હોઉં તેમ, તેં પણ મારી રક્ષા કરી છે, મારૂં પાલન કર્યું છે. આવ, આપણી વચ્ચે મન-ભેદો છે એવી નિંદાને તક આપ્યા સિવાય આપણે બાકીના  વર્ષો ગાળીએ, બાકીના જીવનમાં આપણે સુખ અને શાંતિમય બનીને રહીએ. હે મનોહર રાજકુમારી, હું હવે વધારે વર્ષો  જીવવાનો નથી. મારા આખા જીવન દરમિયાન, હું સત્યનો સ્થિર અનુયાયી છું. એવી મારી કીર્તિ ગવાઇ છે, બધા માણસો મને તે કારણે માન આપતા રહ્યા છે. મેં જાહેર સભામાં પ્રતિજ્ઞા કરી છે કે આવતી કાલે રામ યુવરાજ-

પદે સ્થપાશે. જો તે  કાર્યક્રમ રદ કરવામાં આવે, તો મારી પ્રજા મને કેટલો  ધિક્કારશે તેનો વિચાર કર. તે પ્રજાજનો મારૂં કેવું અપમાન કરશે તેનો વિચાર કર. દેવો અને દાનવોના યુદ્ધ સમયે તેં મને બચાવી લીધો હતો. જ્યારે કોઈ તેનાથી પણ વધારે ખરાબ પરિસ્થિતિ મને ધમકી આપી રહી છે, ત્યારે શું તું મારો ત્યાગ કરીશ? એ ન્યાય અથવા યોગ્ય નથી. ઠીક, હું આ સમગ્ર રાજ્ય તને પહેરામણીમાં આપી દઈશ. તું જ આવતી કાલે રામનો રાજ્યાભિષેક કરજે. જો તું તેમ કરીશ, તો ભરત પણ બહું રાજી થશે. માત્ર ભરત જ નહિ, પણ મંત્રીઓ, મુનિઓ, વડાઓ, વિદ્વાનો, સામાન્ય નાગરિકો-સમગ્ર જનતા તારી કદર કરશે, તારો આભાર માનશે; તારી કીર્તિ આ પૃથ્વી પર સનાતન કાલ માટે ગણાશે. તેને બદલે જો તું રામના રાજ્યાભિષેકમાં અવરોધો ઊભા કરશે, તો આખી દુનિયા તને ધિક્કારશે, તારી નિંદા કરશે. તારો પુત્ર પણ તારો દોષ કાઢશે, તારી સાથે દુર્વ્યવહાર કરશે. તારી ક્રૂર કલ્પના તારો વિનાશ સર્જશે, તે આ રાજવંશને શરમથી આચ્છાદિત કરશે. રાજ્યનો દરેક માણસ તારા પર ફિટકાર વરસાવશે. આ શક્યતાઓ પર વિચાર કર. સનાતન કીર્તિ પ્રાપ્ત કરી લે; રાજ્યા-ભિષેક અટકાવવાની પ્રયુક્તિ છોડી દે; કાલે તું તારા હાથે રામનો રાજ્યાભિષેક કર."

દશરથે મધુર મોહક શબ્દોમાં તે ઉદાર કાર્ય કરવાથી પ્રાપ્ત થનારા આનંદનું વર્ણન કર્યું, તે શબ્દો તેમણે બહુ કલાપૂર્વક ગોઠવ્યા હતા, કૈકેયી પોતે રામનો રાજ્યાભિષેક કરે તેના સુંદર વર્ણનથી તે રાણીને લલચાવવાની આશા સેવતા હતા. પણ કૈકેયી વચ્ચે બોલી ઉઠી, "રાજા, તમારા શબ્દો મને વિચિત્ર અને નિરર્થક લાગે છે. તમે પ્રતિજ્ઞા-પૂર્વક આપેલા વચનમાંથી છટકી જવાની કોશિશ કરી રહ્યા છો. તમારા પાપને ઢાંકવા માટે એક મોહકમય ગુંથી રહ્યા છો. ના એવી હજારો યુક્તિઓથી હું મારો નિશ્ર્વર્ય બદલવા લલચાઈશ નહિ. તમે પોતે જ કહ્યું હતું કે- ઇચ્છિત વરદાનો માગ, તે આપીશ. હવે તે વચન પાળવાને બદલે તમે નિસાસાઓના અને વિલાપોના એક સુંદર ગુચ્છ તે પ્રદર્શિત કરો છો. તમને આ છાજતું નથી. તમારા પોતાના આચરણ વડે જ તમારી કીર્તિને ખોડી રહ્યા છે. તમારા દુઃખ માટે હું જરા પણ જવાબદાર નથી. ધર્મ-ગુરૂઓના શબ્દોને યાદ કરો કે-સત્યએ પરમ ધર્મ છે, મેં પણ તેજ ધર્મના તત્વ ઉપર વચન

અપાયેલાં વરદાનો વિષે મારી માગણી પ્રતિષ્ઠિત કરેલી છે ધર્મના અનુયાયીને છાજે તે રીતે તમે કબુલ થઈને કહ્યું હતું કે-બરાબર છે; હું માગીશ તે વરદાનો તને આપીશ.

છતાં તમે મારા પર આરોપો મુકવાનું શરૂ કર્યું છે કે-તું મને અધર્મને માર્ગે ધકેલી રહી છે, તું અક્ષમ્ય પાપ કરી રહી છું, તું મારી કીર્તિ પર કલંક લાવવાનો પ્રયત્ન કરી રહી છું. તે ખુબ અયોગ્ય છે, બિલકુલ ન્યાયી નથી.

આ બાબતમાં હું પરિપૂર્ણ રીતે નિર્દોષ છું. તમે ભૂતકાળનો કે ભવિષ્ય-કાળનો વિચાર કર્યા વગર વચન આપ્યું; અને જ્યારે વચન પાળવાનો અવસર આવ્યો, ત્યારે તમે ઓચિંતા ગૂંચવાડામાં પડી ગયાં, નિરાશ બની ગયા. દોષ તમારો છે, મારો નહિ. વચન આપીને તેનું પાલન નહિ કરનાર લોકો ખૂબ પાપી છે. વચન અનુસાર કાર્ય કરો. તેથી સત્ય પોતે જ તે કાર્ય સાથે સંબંધિત પાપને ધોઈ નાંખશે. તમને યાદ નથી ? ભૂત-કાળમાં શિબિ રાજાએ પોતાના દેહમાંથી માંસ કાપીને એક ગરુડને ખાવા આપ્યું હતું, કારણ કે-તેમણે એક કબૂતરનો શિકાર કરવા જતા ગરૂડને જે વચન આપ્યું હતું તેને તે પાળવા માગતા હતા. તે જ રીતે અલર્ક રાજાએ પોતાનું વચન પાળ્યું હતું તેમણે વચન આપ્યું હતું કે-બ્રાહ્મણ, તું જે માગીશ તે હું આપીશ. અલર્ક અસાધારણ તેજસ્વી રાજા હતા. પોતાના વચનને પાળવા માટે તેમણે પોતાની બે આંખો ચૂંટીને તે બ્રાહ્મણને આપી હતી. સમુદ્ર તરફ નજર નાંખો, તે નદીઓનો સ્વામી છે, છતાં પોતાના વચન વડે બંધાયેલો એવો તે બે કિનારાઓ વચ્ચે પોતાની જાતને મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી. એવાં હજારો દષ્ટાંતો આપવાની શી જરૂર છે ? બધી વસ્તુઓ બધા માણસો માટે સત્ય એ ઉચ્ચતમ સત્તા છે, ઉચ્ચતમ આદર્શ છે. સત્ય એ બ્રહ્મ છે. સત્ય એ મૂળ-ધ્વનિ છે, તે ધર્મ છે. માત્ર સત્યમાં જ કોઈ પરિવર્તન થતું નથી, કોઈ ન્યૂનતા આવતી નથી. તમારા જેવા મહારાજાઓએ ક્ષણભંગુર વસ્તુઓની ખાતર અવિનાશી સત્યનો ત્યાગ ન કરવો જોઈએ. તમે આપેલા વચનને દ્રઢતા-પૂર્વક વળગી રહો, અને અક્ષય્ય કીર્તિને વરો, તેમ કરવું તે યોગ્ય છે. પુત્ર પ્રત્યેની ભ્રાન્તિમય આસક્તિને વશ ન બનો, સ્ત્રીઓ, પ્રત્યે કપટ-મય સહાનુભૂતિને તાબે ન થાઓ. રાજકારણી આદર્શવાદ અને રાજાના ધર્મની આજ્ઞાઓનો ભંગ ન કરો ઇક્ષ્વાકુ-વંશને કાયમી કલંક ન લગાડો.

બીજી યોજનાનો વિચાર ન કરો. રામને બોલાવો અને તેને વનમાં જવાની તૈયારી કરવાનું કહો, ભરતને મોસાળથી આ નગરીમાં બોલાવી લેવાની વ્યવસ્થા કરો. લાગતા-વળગતા મંત્રીને બોલાવી કહો કે-વિલંબ કર્યા સિવાય આ બાબતનો અમલ કરે. જુઓ પૂર્વ આકાશ પ્રકાશમય બનતું જાય છે સવારે પહેલાં આ બે વરદાનોનો અમલ કરે. તમે ગમે તેટલી દલીલો કરશો, પણ હું તો એ બે વરદાનોનો અમલ થશે ત્યારે જ સંતોષ માનીશ. ઉલટું, જો તમે વ્રજની પેઠે તમારા નિર્ણયને વળગી રહેશો અને રામનો રાજ્યાભિષેક કરશો, તો હું ઠઠ-ભરેલી રાજ સભા સમક્ષ મારા જીવનનો અંત આણીશ. આ મારી પ્રતિજ્ઞા છે, હું એમ કરીને જ જંપીશ."

દશરથે ક્રોધ કરતી પ્રતિજ્ઞાઓ લેતી, ક્રોધપૂર્ણ અને ભયંકર રાણીને જોઈ. પોતાના હૃદયમાં ભભુક્તા ક્રોધને તે પ્રગટ પણ કરી શક્યા નહિ કે દબાવી પણ શક્યા નહિ, તેમની દશા બલિ રાજા જેવી થઈ. બલિરાજાએ વામન ભગવાનને ત્રણ પગલાં પૃથ્વી દાનમાં આપવાની પ્રતિજ્ઞા કરી હતી. પણ તે પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરી શક્યાં ન હતા, કારણ કે-વામને એક પગલામાં પૃથ્વીને માપી લીધી, બીજા પગલામાં સમગ્ર આકાશને માપી લીધું અને ત્રીજું પગલું ક્યાં મૂકવું તે તેમણે બલિને પૂછ્યું. ધર્મનો ભંગ કરવા બદલ જે શાપ તેમના પર ઉત્તરે તેનાથી દશરથ બ્હીતા હતા. તેમની આંખો શંકાથી અને નિરાશાથી ઝાંખી બની ગઈ. ખભા ઉપર તેમનું મસ્તક ભારેખમ બની ગયું, જ્યાં તે ઉભા હતા તે જમીન પર તે પટકાઈ પડયા, છેવટે સંમતિ એકઠી કરીને તેમણે બૂમ પાડી, "હે પાપી નારી, જો રામનો રાજ્યાભિષેક રદ કરવામાં આવે, તો મારૂં મૃત્યુ નિશ્ચિત છે, પછી તું, એક વિધવા તરીકે તારી મરજી મુજબ આ રાજ્ય પર શાસન કરજે. ખેદની વાત છે, હે રામ ! શું હવે મારે પોતે જ રામને મારી સંમતિ-પૂર્વક વનમાં મોકલવા પડશે ? ના, હું તમને વનમાં નહિ મોકલું. હું મારા પ્રાણ ત્યજી દઈશ; હે રામ, તારા સિવાય હું એક ક્ષણ પણ જીવી શકીશ નહિ. હે દુષ્ટ રાક્ષસી, મારા વહાલા અને કોમલ રામને ગાઢ, અંધકારમય જંગલમાં મોકલવાની યુકિતને તારા હૃદયમાં સ્થાન કેવી રીતે મળ્યું ? હે ભયંકર ક્રોધમય રાણી, તું કેવી રાક્ષસી બની ગઈ છે ? "એટલું બોલીને દશરથ મુર્ચ્છા વશ બેભાન થઈ ગયા."

રાત્રે પૂરી થવા આવી હતી, પ્રભાતનો પ્રકાશ જણાતો હતો. રાજમહેલના દરવાજા આગળ સંગીતના વાદ્યોએ આનંદના દિવસની જાહેરાત કરી. માર્ગો પર ગુલાબ-જળ છંટાઈ રહ્યું હતું. હવામાં સુગંધ અને ઉત્સવનો અવાજ પ્રસરી રહયાં હતાં, આકાશમાં ઉશ્કેરાટ અને આશા વ્યાપી ગયાં હતાં. પુષ્પ-નક્ષત્રનો ઉદય થયો. વસિષ્ઠ મુનિ અને તેમના શિષ્યો સરયુ-નદીમાં વિધિપૂર્વક સ્નાન કરીને પાછા આવી ગયા હતા. તે અભિષેકના સ્નાન માટે પવિત્ર જળ પોતાની સાથે લઈ આવ્યા હતા, તે રાજમાર્ગેથી પસાર થયા. પવિત્ર દ્રવ્યોને જોવા માટે નાગરિકો માર્ગ પર એકત્રિત થયાં હતા. રાજમહેલના રક્ષકોએ મુનિ અને તેમના શિષ્યો માટે માર્ગ મોકળો કર્યો. આખરે ખૂબ શણગારાયેલા મુખ્ય દરવાજેથી તેમણે રાજમહેલમાં પ્રવેશ કર્યો.

તે વહેલા સમયે પણ મહેલની અંદરની ખુલ્લી જમીનો પુરોહિતો વડે, ખંડિયા રાજાઓ વડે, રાજ્યના લોકોના પ્રતિનિધિઓ વડે અને વડાઓ વડે ભરાઈ ગઈ હતી. તેઓ પોતાના અપાયેલાં આસનો પર બેઠા. માર્ગોમાં વિદ્વાનો વડે ભણાતા વેદ-મંત્રોનો પડઘો આકાશમાં પડતો હતો. તે દરમિયાન વશિષ્ઠે નિશાની કરીને સુમંત્ર-મંત્રીને બોલાવ્યા અને કહ્યું, "જાઓ. રાજ્યભિષેક માટે નક્કી કરેલું શુભમુહૂર્ત જલ્દી આવી રહ્યું છે. ઘણી પ્રારંભિક વિધિઓ હજી કરવાની છે જઈને રાજાને કહો કે-તત્કાલ તમારી હાજરીની જરૂર છે; વશિષ્ઠ તમારી રાહ જોઈ રહ્યા છે."

સુમંત્ર જુના વખતના, વફાદાર મંત્રી હતા. તેમને રાજ-મહેલના અંદરના ભાગોમાં ગમે ત્યાં જવાની છૂટ હતી. એટલે રાજાની શોધમાં કૈકેયી રાણીના ખંડમાં ગયા, શયન-ખંડમાં પ્રવેશ કરતાં, તેમને આઘાત થયો, તેમની બુદ્ધિ બહેર મારી ગઈ, રાજાને જમીન પર મૂર્છાવશ પડેલા જોઈને તે આશ્ચર્ય-ચકિત બની ગયા. તેમને આશ્ચર્ય થયું કે -મારી આંખો તો બરાબર જોઈ રહી છે ને? તે વ્યગ્ર બની ગયા. રાજાની પાસે જઈને તે બોલ્યા, "હે રાજા, આજની સવારે તો તમને ચંદ્રોદય-સમયના સાગર પેઠે, આનંદપૂર્ણ જોવા જોઈએ. તમે શા માટે જમીન પર છતા- પાટ પડ્યા છો તે હું સમજી શકતો નથી. શુભ મુહૂર્ત પાસે આવી રહ્યું છે. વેદવિધામાં પારંગત, મહાન  મુનિઓ પોતાને ભજવવાના ભાગ માટે તૈયાર બનીને બેઠા છે; તેઓ યજ્ઞ-ખંડમાં તમારા આગમનની રાહ જુએ છે.

ઊઠો અને રાજ-પોષક તથા રત્ન-જડિત આભૂષણો પહેરી લો, પ્રકાશમય રાણીઓ સાથે સભા-ખંડમાં આવી પહોંચો. વશિષ્ઠે મુનિએ તમને રાજ-સિંહાસનની પવિત્ર ભૂમિ પર લઈ જવાની મને આજ્ઞા કરી છે."

સુમંત્રના આગ્રહને જોઈને દશરથ પોતાના શોકના ઉભરાને દબાવી શક્યા નહિ, તેમણે મોટેથી રૂદન કર્યું, અને ડુસ્કાં ભરતા-ભરતા બોલ્યા, "સુમંત્ર, તમારી પ્રશંસાથી મારૂં હૃદય ચીરાઈ જાય છે," સુમંત્ર એક ડગલું પણ આગળ વધી શકયા નહિ, અને એક ડગલું પાછળ પણ જઈ શક્યા નહિ, જ્યાં હતા ત્યાં તે સ્થિરને  બનીને ઉભા રહ્યાં. પ્રણામાંજલિ રચીને તે બોલ્યા, "મહારાજ ઘટનાઓ આમ કેમ પલટાઈ ગઈ છે? આનંદ-મગ્ન બની જવાના સમયે તમે શોક અને કરણરૂદન કેમ કરી રહ્યા છો? આનું કારણ શું છે? હું તે સમજી શકતો નથી."

જ્યારે નિરાશ બનીને, શોક-મગ્ન બનીને સુમંત્ર  ઉભા રહ્યા, ત્યારે કૈકેયી વચ્ચે પડીને બોલ્યાં, "હે મંત્રિવર્ય, રામની ચિંતામાં રાજા આખી રાત ઊંઘયા નથી. જો તમે તરત જઇને રામને અહીં લઇ આવો તો આ કોકડું ઉકલી જાય હું તમને આમ કહી રહી છું, ગેરસમજ ન કરશો, જલ્દી રામને અહીં લઈ આવો."

સુમંત્રે રાણીની સૂચનાને રાજાનો આદેશ માની લીધો. તે ઝડપ-ભેર રામના નિવાસ-સ્થાને ગયા. પ્રવેશ-દ્વારની બંને બાજુઓએ પરિચારકોની અને દાસીઓની લાંબી પંક્તિઓ ઊભી. તેમના હાથમાં મોટી થાળીઓ હતી, જેમાં ભેટમાં આપવાનાં રેશમ, વસ્ત્રો, રત્નો, મણિઓ, પુષ્પમાળાઓ અને પુષ્પ ગુરછો, અતરો, અને મીઠાઇઓ હતાં. આંખ માટે તે આનંદપ્રદ દ્રશ્ય હતું, પણ સુમંત્ર તે જોવા રોકાયા નહિ. જ્યારે તેમણે મહેલમાં પ્રવેશ કર્યો, ત્યારે તેમને લાગ્યું કે-એ બધા ઉત્સવમાં કોઈક મૂલ્યવાન વસ્તુની ખોટ હતી. તેવા વ્યગ્ર બની ગયા, ગૂંચવાડામાં પડી ગયા. થોડીક મિનિટો પહેલાં તેમનામાં જે આનંદ હતો તે શોકમાં પલટાઇ ગયો.

જ્યારે સુમંત્ર રથમાં બેસીને રામના મહેલ તરફ જતા હતા, ત્યારે માર્ગોમાં ઉભેલા હજારો નાગરિકો માંહ્યો માંહ્ય વાત કરી રહ્યા હતા કે-વિધિ માટે રાજયાભિષેકના ખંડમાં રામને લઇ આવવા માટે સુમંત્ર જાય છે. લોકોનાં મુખો આનંદ-પૂર્ણ આકાંક્ષાથી ચમકતાં

હતાં. તેઓ ભાગ્યે જ આંખોને પલક મારતા હતા કે રખેને તેઓ કોઈ આનંદમય ઘટનાને જોવાનું ચૂકી જાય. છેવટે સુમંત્રે રાજકુમારના મહેલમાં પગ મૂક્યો. કોઈ પણ પ્રશ્ન પૂછાયા વગર, તે સાત-માળના મકાનમાં બધે ફરી વળ્યા. જેમ પૂર આવેલી નદીનાં ઊંડાણોમાં માછલી ડુબકી મારે તેમ સુમંત્રને મહેલના બધા ખંડોમાં અને બાજુની પરસાળોમાં  ફરી વળ્યા.

## અધ્યાય ૧૧

## લક્ષ્મણ પણ

મહેલમાં આનંદપૂર્ણ અને સુખી એવા, રામના સાથીદારો, પોતાના તેજસ્વી મુખો સાથે, સુંદર વસ્ત્રો સજીને, તેમને ઉત્સવ-ખંડમાં લઇ જવાની રાહ જોતા હતા. સુમંત્ર મહેલની અંદર આવેલા ખંડમાં ગયા. ત્યાં તેમણે રામને સુવર્ણ-પલંગ પર બેઠેલા જોયા. તેમની આસપાસ દિવ્ય તેજ પ્રસરી રહ્યું હતું. તેમને પડખે ઉભાં રહીને સીતા તેમને પંખો કરી રહ્યા હતા. તે ચિત્રા-નક્ષત્ર સાથે ચંદ્ર જેવા પ્રકાશતા હતા.

સુમંત્ર ઉતાવળમાં હતા. તે વિલંબને સહી શક્યા નહિં. તે બોલ્યા, "રામ, માતા કૈકેયીએ અને તમારા પિતાએ-બંનેએ મને કહ્યું છે કે- જલ્દી રામને કૈકેયીના મહેલમાં લઈ આવો; તેમણે તે કામ માટે અહીં મોકલ્યો છે; તે માટે હું ઉતાવળથી અહીં આવ્યો છું; રામે તે શબ્દો સાંભળ્યા કે તરત જ તે સીતા પ્રત્યે વળીને બોલ્યા કે-સીતા, આ કોઈ અવરોધનું ચિન્હ છે, બીજા કશાનું નહિં, હું તે જાણું છું પણ હું શાંત રહ્યો હતો અને બધી વસ્તુઓમાં મેં હાજીઓ ભણ્યો હતો, જેથી પિતા સુખી રહે. પિતાજીને દુઃખ ન થાય તે માટે તેમની આજ્ઞા મારે માનવી જોઇએ." જ્યારે રામ આ રીતે વાત કરી રહ્યા હતા, ત્યારે સુમંત્રનું હ્દય અંદર જોરથી ધડકી રહ્યું હતું તે રામના શબ્દોને તથા દશરથ વિલાપ કરતાં જમીન પર પડેલા હતા. તે દ્રશ્યને તે સમજવા કોશીશ કરી રહ્યા હતા, હવે તેમને ખાતરી થઈ ગઈ હતી કે-રામ જે અવરોધની વાત કરતા હતા તે સાચો હતો.

પણ સીતાએ વચ્ચે પડીને કહ્યું, "સ્વામી, તમે શેની વાત કરી રહ્યા છો ? આજે શુભ દિવસે તમારે આમ ન બોલવું જોઈએ, અવરોધ ગમે તે પ્રકારનો હોય, પણ મારા શ્રસુરના શબ્દોને તમારે માનવા જોઈએ. જો તે સંતુષ્ટ, હોય, તો આપણે સંતુષ્ટ છીએ.તેમની ખાતર આપણે જેનો ત્યાગ કરવાનો હોય, તે આપણે કરવો જોઈએ.જરાપણ આનાકાની કરશો નહિં, તરત જ જાઓ. રાજ્યાભિષેક થાય કે ન થાય, આપણે માટે તો તે બંને સુખરૂપ છે.કૈકયી માતાને તમારે માટે ખૂબ પ્રેમ છે. તે આપણને જે કાંઈ કરવાની આજ્ઞા કરે તે ચોક્કસ આપણા ભલા માટે જ હશે. આ જગતમાં કોઈપણ માણસ કૈકેયી માતા જેટલો આપણો હિતૈષી નથી.જયારે તેવાં માતા અને પિતા તમને પોતાની પાસે

બોલાવે, ત્યારે આપણે કેટલાં બધાં સુખી બનવું જોઈએ ? " એમ કહીને સીતા રામને મુખ્ય દ્વાર સુધી વળાવવા ગયાં, તેમણે રામને શુભેચ્છા પાઠવી.

રામે તેમને કહ્યું,. "સીતા, શું એ બધી વાત હું નથી જાણતો ? મારે માટે વીતી ગયેલા બધા દિવસો, વર્તમાનકાળના દિવસો, અને હવે પછી ભાવિમાં આવનાર દિવસો સરખા જ છે.હું દરેક દિવસનું પૂર્ણ આનંદથી સ્વાગત કરૂં છું.પિતાની કીર્તિને જાળવી રાખવા માટે હું ગમે તે કરવા તૈયાર છું.હું ગમે ત્યાં જવા તૈયાર છું.તું મારી ઈચ્છામાં ભાગીદાર બને છે અને સારા નિશ્ચયને ટેકો આપે છે તેથી મને સાચે જ ખુબ આનંદ થાય છે." રામ સુમંત્ર સાથે ગયા. જ્યારે મહેલ બહાર ઉભેલા રથમાં તેઓ બેઠા, ત્યારે લોકોએ નિનાદ કર્યા કે જય ! રામચંદ્ર પ્રભુકી જય ! તે જય-નિનાદથી આકાશ કંપી ઉઠયું.

સુમંત્રે પ્રજાજનોને કહ્યું, "હવે રથમાં રામને રાજ્યાભિષેક ખંડમાં લઈ જાય છે. તે રાજા પાસે જાય છે. એટલે રથને ઝડપભેર જવા માટે માર્ગ કરો. થોડી જ ક્ષણોમાં રામ પાછા આવશે. એટલે અહીં રાહ જુઓ." સુમંત્રે ઉતાવળનું કારણ તેમને જણાવ્યું, અને રથને ઝડપથી હાંક્યો. જ્યારે રામ આમ નગરીના માર્ગોમાં થઈને કૈકેયીના મહેલ તરફ જતા હતા, ત્યારે વીરોએ સિંહનાદ કરીને તેમને અભિવાદન કર્યું, ગાયકો અને દરબારીઓ સ્તુતિ-ગીતો ગાવા લાગ્યા. સંગીતના વાદ્યોનો ધ્વનિ આકાશમાં પ્રસરી ગયો. માર્ગની બંને બાજુઓએ ઉભેલી જન-મેદનીએ જય-જયના પોકારો કર્યા. સુંદર વસ્ત્રોમાં તથા રત્ન-જડિત આભૂષણોમાં સજ્જ બનેલી સ્ત્રીઓ અગાસીઓમાં અને બારીઓ આગળ મોટી સંખ્યામાં એકઠી થઈ હતી, રામ પસાર થાય ત્યારે તેઓ તેમની આરતી ઉતારવા લાગતી હતી.

જ્યારે તે મહેલની નજીક આવી પહોંચ્યા, ત્યારે તેમણે પુષ્પ-વૃષ્ટિ કરી અને તેમની આરતી ઉતારી. રામ દ્રષ્ટિ-ગોચર રહ્યા ત્યાં સુધી લોકોએ તેમનાં દર્શન કર્યા. રથમાં બેઠેલા રામના દ્રશ્યથી તેમને ખૂબ આનંદ થયો, તે દ્રશ્યને તેમણે પોતાના હૃદયમાં સંઘરી રાખ્યું. જરા પણ હાલ્યા ચાલ્યા વગર, પોતે મૂર્તિઓ હોય તેમ, આનંદ-મૂર્તિ રામના ધ્યાનમાં તેઓ સ્થિર બનીને ઉભા રહ્યા.

વર્ધમાન નામના, દશરથના રાજ મહેલ આગળ રથ ઊભો રહ્યો. વર્ધમાન-રાજમહેલ કૈલાસ પર્વત જેવો ભવ્ય દેખાતો હતો. ત્રણ ચોરસ ખંડોમાંથી રથ પસાર થયો. સાવધાન ધનુર્ધરો તે ખંડોની રક્ષા કરી રહ્યા હતા.

પછી રામ રથમાંથી નીચે ઉતર્યા. પછી પગે ચાલીને તે બે વધુ ચોરસ-ખંડોમાંથી પસાર થયા. ત્યાં તેમણે પોતાના સાથીદારોને અને લક્ષ્મણને પણ અટકી જવાનું કહ્યું, કારણ કે-ઝડપથી જે બનવાનું હતું તે રામ જાણતા હતા. છતાં પણ તે સંજોગોમાં કોઈ સાધારણ માનવી વર્તે તેમ તે સ્વાભાવિક રીતે વર્તતા હતા. આખરે રામે રાણીના ખંડમાં પ્રવેશ કર્યો, જ્યાં દશરથ પથારીમાં પડયા હતા. તેમના કેશ અસ્ત-વ્યસ્ત બની ગયા હતા, તેમણે ગઇ કાલનાં જ વસ્ત્રો પહેરેલાં હતાં. યોગ્યતાનો વિચાર કર્યા સિવાય તે પથારી પર સૂઈ રહ્યા હતા. તે જોઈને રામને આશ્ચર્ય થયું. કૈકેયી પથારી પાસે ઉભાં હતાં.

દશરથના મુખ પરથી બધું તેજ ઉડી ગયું હતું. તે વિલાપ કરી રહ્યા હતા. તેમણે પોતાનું માથું ઊંચું કર્યું. તેમની આંખો રામ પર પડી. પોતે જે બોલવા માગતા હતા તે તેમની જીભ બોલી શકતી ન હતી. તેમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. તેમણે બોલવાનો પ્રયત્ન કર્યો, પણ તે બોલી શકયા નહિ. રામે પહેલાં કદી આવું ભયજનક દ્રશ્ય જોયું ન હતું. તે ચિંતા-વ્યગ્ર બની ગયા. પોતાના પિતાની પાસે જઈને રામે તેમના બંને પગ પોતાના હાથ વડે પકડી લીધા. તે બોલ્યા, "તમે આટલો બધો વિલાપ શા માટે કરો છો તે મને કહો. તેનું કારણ શું છે? હું તમને, દરેક શ્રેષ્ઠ પ્રકારે આનંદ આપીશ. તમે ફરી આનંદ પ્રાપ્ત કરો તે માટે હું મારૂં જીવન સમર્પિત કરી દઈશ. તમે કેમ દુઃખી બન્યા છો તેનું કારણ મને કહો રડશો નહિ."

તે સાંભળીને દશરથ બોલ્યા, "રામ" વધુ તે બોલી શક્યા નહિ અને ફરી પાછા રડવા લાગ્યા. તે બેભાન બની ગયા. રામે તેમને ભાનમાં લાવવાનો અને આશ્વાસન આપવાનો પ્રયત્ન કર્યો, પણ દશરથનો શોક વધતો ગયો, તેમણે શાંત કરી શક્યા નહિ. પછી હિંમત એકઠી કરીને રામ પિતાને લડવા લાગ્યા, "પિતાજી, આ બધું શું છે? તમારે મારા જેવા તરૂણોને હિંમત આપવી જોઈએ. ઉલટું, તમે તો રૂદન કરો છો, વિલાપ કરો છો, અને અમારાં હદયોને ભયભીત બનાવો છો. ના, આ ઠીક નથી. આ સુખ માણવાનો

પ્રસંગ છે, ત્યારે તમે શોકમાં ડૂબી જાઓ તે શું ધર્મ છે, યોગ્ય છે? અત્યાર સુધી જ્યારે જ્યારે તમે ગુસ્સે અથવા ચિંતા-વ્યગ્ર થતા, ત્યારે ત્યારે મારા આવવાથી તરત જ તે મુશ્કેલીઓ દૂર થઈ જતી, તમે આનંદ વિભોર બની જતા. જ્યારે તમે મને પાસે ખેંચી લેતાં, ત્યારે તમને શાંતિ મળતી, નહિ ! વારૂ તો પછી આજે એમ કેમ બને છે કે- જેમ જેમ તમે વધુ સમય અને જુઓ છો તેમ તેમ તમારો શોક વધતો ચાલે છે ? તેથી મારો શોક મને વધારે દુઃખી બનાવે છે. આ વિચિત્ર વર્તાવ નું કારણ શું તમે અમને ન જણાવી શકો અને મને આનંદ ન આપી શકો ? તમે મને તે કારણ નહિ કહો ? શું મારો કોઈ દોષો કે ગુન્હો થયો છે? જો મારે કાંઈ કરવા જેવું હોય, તો મને તે કહો અને હું ચોક્કસ તે કરીશ. જો તમે મને મારા દોસ્તો જણાવશો. તો હું તેમને સુધારી લઈશ. શોક ન કરશો, શંકા ન કરશો, સંકોચ ન રાખશો. પ્રેમની સતાની રૂએ મને કહો કે મારે શું કરવાનું છે, હું તે આજ્ઞાને પ્રણામ કરીશ. પિતાજી, તમે શોક-નિમગ્ન બની જાઓ. તે તમારે માટે, મારે માટે અને રાજ્યને માટે સારી નિશાની નથી."

એમ પ્રાર્થના કરીને રામ કૈકેયી તરફ વળ્યા. બે હાથ જોડીને રામે તેમને પૂછ્યું, "માતાજી, મેં શું કોઈ ગુન્હો કર્યો છે ? પિતાને આવું દુઃખ આપનાર, તિરસ્કાર-પાત્ર પાપી કોણ છે તે મને કહો. જે ક્ષણે મારા પિતા મને જોતા, કે તરત જ મને તે પ્રેમ-પૂર્વક હાથ વડે નિશાની કરી બોલાવતા, પાસે ખેંચી લેતા અને લાડ કરતા. હવે તે મારા મુખ સામે પણ જોતા નથી, તેનું કારણ શું ? તે એક શબ્દ પણ બોલતા નથી, તે મારી સામેથી મુખ ફેરવી દે છે. જો તે મારો દોષ કે ગુન્હો હોય, તો તેના પ્રાયશ્ચિત રૂપે હું ગમે તે શિક્ષા ભોગવવા તૈયાર છું. તો માત્ર એટલું જ જોઈએ છે કે પિતાને સુખ પ્રાપ્ત થાય કે પછી તમને કોઈ માંદગીનું કે રોગનું દુઃખ છે ? કે પછી મારા ભાઈ શત્રુઘ્ને અને ભરતે તેમને માઠા સમાચાર મોકલ્યા છે ? તે બંને જણની તબિયત તો સારી છે ને ? કૌશલ્યા માતા અને સુમિત્રા પણ સ્વસ્થ છે, મારા પિતાના દુઃખનું કારણ ન જાણી શકવાથી હું દુઃખી બન્યો છું એમ મને લાગે છે, તેમને ફરી આનંદ પ્રાપ્ત કરવા માટે ગમે તેવું કામ હશે, તો પણ હું તે કરીશ. તેમની આજ્ઞા ગમે તેટલી દુઃખદાયક હશે. છતાં પણ હું ખુબ વફાદારીપૂર્વક, મસ્તક નમાવીને પૂરે પૂરી રીતે આજ્ઞા પાળીશ પિતા પુત્રના જન્મનું

કારણ છે; એટલે પિતા પુત્ર માટે દ્રશ્ય પરમાત્મા છે. હું તેમના સુખ કરતાં બીજી કોઈ ઉચ્ચતર વસ્તુની શોધ કરતો નથી, મારા પર કરુણા કરો; શું બન્યું છે. તે મને કહો. માતાજી, શું તમે મારા પિતાને કોઈ કઠોર શબ્દો કહ્યા હતા, અને પરિણામે તેમનું સ્વમાન ઘવાયું હતું ? કે પછી મારી માતાએ શું તેમની ઇચ્છા વિરુદ્ધનું કામ કરીને તેમની લાગણી દુભવી હતી ? માતા કૌશલ્યા કદી પણ તેવું વર્તન ન કરે. અને સુમિત્રા તો તેમ કરે જ નહિ એવી મારી પાકી ખાતરી છે, તે કદી પણ તે રીતે વર્તે. તે બેમાંથી એ કે પણ મૂર્ખાઈ ભરેલું વર્તન કર્યું હોય. તો પણ મારા પિતાનું દુઃખપૂર્વક આવો વિલાપ ન કરે. તેમની દશા માટે કોઈ ખૂબ ગંભીર કારણ હોવું જોઇએ. જ્યારે પિતાજી પોતે મને તે કારણ જણાવવા રાજી નથી, ત્યારે તમે તે કારણ કહીને મારા શોકને દૂર કરો."

રામને તેવી કરુણ રીતે પ્રાર્થના કરતા જોઈને કૈકેયીએ દયાની અને મધ્યમતાની બધી લાગણીને દૂર કરી દીધી. પોતે જે શબ્દો બોલે તેમનાથી થનાર દુઃખનો જરા પણ વિચાર કર્યા વગર, પોતાના પતિને તેથી અપાર વેદના થશે તેની જરા પણ દરકાર રાખ્યા વગર તે બોલ્યાં તે શબ્દો બોલવા કે પડતા મૂકવા તેનો વિચાર કરવા તે થોભ્યાં નહિ. તેમણે ઝડપથી ગતિ કરી જનાર વર્તમાનકાળ અને ભાવિ વચ્ચે વિવેક કર્યો નહિ. તેમણે પ્રેમની લાગણીને ઠુકરાવી દીધી, પોતાના સાહજિક ગૌરવને અને માતૃત્વના દરજ્જાને ફંજેટી દીધાં.

તે બોલ્યાં, "રામ, સાંભળો. ઘણાં વર્ષો પહેલા દેવો અને અસુરો વચ્ચે યુદ્ધ થયું હતું. તમારા પિતા ભયંકર રાક્ષસોનાં બાણોથી ઘવાયા હતા. તેમને ખૂબ વેદના થઈ હતી. મેં તેમની શુશ્રુષા કરીને તેમને સ્વસ્થ અને સુખી બનાવ્યા. તેમણે મારી સેવાની અને બલિદાનની ભાવનાની કદર કરી. તેમણે મને વરદાનો માગવાનું કહ્યું, અને પોતે તે આપશે તેવું વચન આપ્યું. તે વખતે મને માત્ર તે સાજા થાય અને વિજયી બને એટલી જ ઈચ્છા હતી. એટલે મેં જવાબ આપ્યો કે-અત્યારે મારે કોઈ વરદાન માગવાની ઇચ્છા નથી; પાછળથી જ્યારે જરૂર પડશે. ત્યારે હું તે બે વરદાનો માગી લઈશ તમારા પિતાએ પ્રતિજ્ઞા પૂર્વક કહ્યું. "બરાબર જ્યારે તમને વરદાનો માગવાની જરૂર લાગે, ત્યારે તમે ગમે તે વરદાનો માગી લેજો; હું ચોક્કસ તે આપીશ અને તમારી ઇચ્છા પૂર્ણ કરીશ. આ

વરદાનોને સમયની કોઈ મર્યાદા નથી, કોઈ શરતો નથી. જ્યારે તમે જે કોઈ વરદાનો માગશો, ત્યારે હું તે આપીશ.

તમે જાણો છો કે-ઇક્ષ્વાકુ-વંશના નબીરાઓ કદી વચન ભંગ કરતાં નથી. તે સુપ્રસિદ્ધ હકીકતમાં વિશ્વાસ મૂકીને અત્યારે મેં બે વરદાનો માગ્યાં. એક તો મારો પુત્ર ભરત યુવરાજ-પદે આવે, અને બીજું તમે ૧૪ વર્ષ સુધી દંડકારણ્યમાં જાઓ. તે વરદાનો માગવાને પરિણામે તમારા પિતા આ બધી ધાંધલ ઉભી કરે છે વધારે વર્ણનની શી જરૂર ? હું મારી માગણીઓમાં કોઈ ફેરફાર નહિ કરૂં અથવા તેમને પાછાં નહિ ખેંચી લઉં જો તમારા પિતા સત્ય પ્રત્યે વફાદાર હોય અને જો તમે પણ સત્ય વફાદાર છો એ સિદ્ધ કરવા માગતા હો તો તમારે આ ક્ષણેજ મૃગચર્મ ધારણ કરીને, માથે જટાઓ બાંધીને દંડકારણ્યમાં જવું જોઈએ ત્યાં તમારે ચૌદ વર્ષ સુધી રહેવું જોઈશે.

તમે તેમના પ્રાણ છો, એટલે તે તમને વનવાસમાં મોકલવા ઇચ્છતા નથી. તમને વનમાં જવાનું કહેવાથી રાજી નથી. તેમને ભય છે કે તમે તેથી ગેરસમજ કરશો. તેમના શોકનું કારણ આ છે. રામ, બીજી કોઈ વિપત્તિનું પુર અહીં આવી પડ્યું નથી. આ નાનકડી વસ્તુની અતિશયોક્તિ કરવી અને એમ માની લેવું કે-આપણા પર્વત સમાન મોટી કોઈ વિપત્તિ ઉતરી આવી છે, તે નિરર્થક છે, રામ, જો પુત્ર પિતા જે પ્રતિજ્ઞા પાછી લાવી શકતા નથી તેને પૂર્ણ કરવાનો નિશ્ચય કરે જે પુત્ર પિતાની પ્રતિમૂર્તિ છે, તો તે પિતાને વચન-ભંગના પાપમાંથી બચાવી શકે. જો પ્રતિજ્ઞા કરનાર પિતા અને તેમનો પુત્ર-બંને તે પ્રતિજ્ઞાની ઉપેક્ષા કરે, પિતાનું સનાતન કાળ માટે પતન થાય. તમે તે હકીકતથી અનભિજ્ઞ નથી."

હેતુપૂર્વકની નિષ્ઠુરતાં વડે બોલાયેલા આ શબ્દો સાંભળીને, રામ પર તેની કશી અસર થઈ નહિ. હોઠ પર સ્મિત લાવીને તે બોલ્યા, "તે કારણે પિતાએ વિલાપ કરવો એ યોગ્ય નથી." કૈકેયીની માંગણીઓને તે સંમતિ આપતા હોય તે રીતે રામે પોતાનું મસ્તક હલાવ્યું. પણ જ્યારે દશરથ તેમના બેનો આ વાર્તાલાપ સાંભળ્યો, ત્યારે તેમને પોતાનું હૃદય અંદરથી કપાઈ જતું હોય તેવી વેદના થઈ. ખૂબ વેદનાથી તે આળોટવા લાગ્યા, નીસાસા મૂકવા લાગ્યા, કૈકેયી પ્રત્યે વળીને રામ બોલ્યા, "માતાજી, તમારી ઈચ્છા

પ્રમાણે બધું બનશે, મારા પિતાએ જે વચન આપ્યું છે તેને હું પૂજ્યભાવ-પૂર્વક માથે ચડાવું છું. જો પિતા હંમેશા કરતા આવ્યા છે તેમ, મને ખૂબ પ્રેમપૂર્વક પોતાની પાસે ખેંચે, મારી સાથે સ્નેહપૂર્વક વાત કરે અને મને આશીર્વાદ આપે, તો તે બસ છે. ઠીક જો મને એમ કહેવામાં આવે કે-તું તેને માટે લાયક નથી, તેં અત્યાર સુધી એવાં પુણ્ય કર્યાં નથી, તો હું જરા પણ વિરોધ વગર, પહેલાંના જેટલા જ આનંદ-પૂર્વક અને સંતોષ-પૂર્વક તે વાત સ્વીકારી લઈશ. કારણ કે-પિતા હંમેશા મારે માટે શ્રેષ્ઠ ઈચ્છાઓ જ રાખે છે. તે હંમેશા મને આશીર્વાદ આપે છે, અને પ્રગતિ કરતો રહું એમ ઈચ્છે છે. તે એક મહાન ઋષિ છે. મારે માટે તે માત્ર પિતા જ નથી, પણ ઉચ્ચતમ માર્ગ બતાવનાર ગુરૂ પણ છે. તેવા પિતાને અને ગુરૂને હું આનંદ આપું તેના કરતાં મારી વધારે મોટી જવાબદારી અને ફરજ બીજી શી હોઈ શકે ? આ મારી સૌથી વધારે વહાલી ફરજ છે, મારો ધર્મ છે. ભરતનો રાજ્યાભિષેક થાય તેથી મને ખૂબ આનંદ થશે, ચૌદ વર્ષ સુધી જંગલમાં અપાર આનંદ પ્રાપ્ત થશે. માત્ર ચૌદ વર્ષ જ નહિ, પણ જો પિતાની ઈચ્છા હોય, તો મારૂં આખું જીવન જંગલમાં ગાળવા તૈયાર છું. પણ પિતા શા માટે મને તે બે વરદાનો વિષે કહેવામાં સંકોચ અનુભવે છે ? તેથી મને દુઃખ થાય છે. શું હું પિતા જે કહેશે તે કરવાની કદી ના પાડીશ ? રામ પિતાના વચનનો સેવક છે, ટેકો આપનાર છે, તેનો વિરોધી નહિ. જે પિતાએ આ દેહ આપ્યો હતો તે દેહને માત્ર તેમની જ સેવામાં સમર્પિત કરી દેવો તેનાથી વધારે ઉદાત્ત આભાર-દર્શનનું કાર્ય બીજું શું હોઈ શકે ? હું આનંદ પૂર્વક તે આપીશ, હું એવો માણસ નથી કે જેને તે કામ કરવાનું કહેવું પડે.

માતાજી, તમે મને શા માટે ન કહ્યું કે-ભરતનો રાજ્યાભિષેક કરવાનો છે ? હું અને મારો ભાઈ-અમારી બેની વચ્ચે કશો જ ભેદ નથી. તો પછી તમે અમારી બેની વચ્ચે ભેદ શા માટે ગણ્યો ? અમે અમારી બેની વચ્ચે કશો જ ભેદ ગણતા નથી. વળી તમે એમ શા માટે કહો છો કે-આ તારા પિતાની આજ્ઞા છે ? શું હું કોઈ દિવસ તમારી આજ્ઞાનો ભંગ કરૂં છું ? ના, કદી નહિ તમે કહો કે મારા પિતા કહે, પણ હું તે જરા પણ આનાકાની કર્યા વગર કરૂં જ છું. હું આજે જ અયોધ્યા છોડીને વનમાં જાઉં છું. માતાજી, ભરતને મોસાળથી અહીં લાવવા માટે યોગ્ય દૂતોને મોકલો. તેને જલ્દી બોલાવી લેવો તે શ્રેષ્ઠ

છે. જો મારૂં વનમાં જવું અને ભરતનો રાજ્યાભિષેક એક જ સમયે બને, પિતાજી શારીરિક અસ્વસ્થતામાંથી, માનસિક ચિંતામાંથી અને શૂન્યતાની લાગણીમાંથી બચી જશે. અને તેમને પણ પૂરો સંતોષ થશે, ઘટનાઓ કેવો આકાર લેશે તે બાબત કોણ કહી શકે એમ છે ?"

જ્યારે કૈકયીએ રામના આ શબ્દો સાંભળ્યા, ત્યારે તેમને આનંદની અને ભયની લાગણીઓ થઈ. રામ અયોધ્યામાં હોય અને ભરત આવી પહોંચે, તો શું બને તેનો તેમને ભય હતો. એટલે તેમણે તે જ દિવસે રામ વનમાં જાય એવો આગ્રહ રાખ્યો; તેમણે જવાબ આપ્યો, "હે રામ, ભરતને મોસાળમાંથી અયોધ્યામાં લાવવા માટેની ગોઠવણ કરી શકાય તેમ છે. પણ તે અહીં આવી પહોંચે ત્યાં સુધી તમારે અહીં રહેવાની કશી જરૂર નથી. તમે વનવાસીનું જીવન શરૂ કરવાનો નિર્ણય કર્યો છે; તો પછી તેમાં વિલંબ શા માટે કરવો ? જો તમે વનમાં જવા મોડા નીકળો, તો તમારૂં પ્રત્યાગમન પણ મોડું થાય, માટે વનમાં જવા તમે હમણાં જ તૈયારી કરો તે સલાહ ભરેલું છે."

"તમારા પિતા પોતે જ તમને આ કહેવા ઉત્સુક છે, પણ તે જાતે જ તે આજ્ઞા શબ્દોમાં અભિવ્યક્ત કરવા રાજી નથી. તેમનું હૃદય તેમને તેમ કહેવાનો આગ્રહ કરે છે, પણ શરમની લાગણીથી તે બેબાકળા બની ગયા છે, કારણ કે તમને ખૂબ ચાહે છે. મને જે વચન તેમણે આપ્યું હતું તે તેમને જણાવવા તે રાજી નથી. તેમના દુઃખનું કારણ આ છે. તેમને બીજી કોઇ વાતનું દુઃખ નથી. જેમ અયોધ્યાની વહેલી વિદાય લેશો; તેમ જલ્દી સારા થઈ જશે. જ્યાં સુધી તમે અયોધ્યામાંથી જશો નહિ, ત્યાં સુધી ભોજન નહિ લે અથવા સ્નાન નહિ કરે, એટલે, જો તમે ફરી પાછા સુખી બને એમ ઇચ્છતા હો, તો તમે જેટલા વહેલા વનમાં જશો તેટલું વધારે સારૂં થશે."

પથારીમાં સૂતેલા દશરથે કૈકયીના આ હૃદયને ચીરી નાખે એવા શબ્દો સાંભળ્યા, તે પોતાના દુઃખને અને ક્રોધને અંદર સમાવી શક્યા નહિ. તે ક્રોધ પૂર્વક બોલી ઉઠ્યા, "વિશ્વાસ-ઘાતી રાક્ષસી, તને ધિકકાર છે." રામ પ્રત્યે વળીને બે-ત્રણ વાર 'રામ,રામ' બોલ્યા, અને મૂરર્છાવશ બની ગયા. પથારીમાં બેસીને રામે પિતાનું મસ્તક પોતાના ખોળામાં લીધું, તેમનું કપાળ પંપાળ્યું, અને મધુર પ્રેમ-પૂર્વક તેમને આશ્વાસન આપ્યું.

રામે કૈકયીને કહ્યું, "માતાજી હું લોભી માણસ નથી. દુન્યવી મહત્વકાંક્ષાનું વિષ મારામાં નથી. લોકોને મારા પક્ષમાં લઈ, હું રાજ્ય પર શાસન કરવા ઇચ્છતો નથી. હું  તપસ્વી તરીકે જીવવા ઇચ્છું છું. હું ધર્મનું પાલન કરવા, ધર્મને ટકાવી રાખવા બહુ આતુર છું; બસ એટલું જ. મારો એક જ બીજો નિશ્ચય છે- મારા પૂજ્ય પિતાને આનંદ આપવાનો. આ ત્રણ હેતુઓ સિદ્ધ કરવા માટે હું ગમે તે કામ કરવા તૈયાર છું. પિતાની સેવા કરતાં પુત્ર માટે કોઈ વધારે મોટી ફરજ નથી, કોઈ ઉચ્ચતર કલ્યાણ નથી, માતાજી, પિતા મારી સાથે સીધી રીતે બોલ્યા નથી; તમે મને તેમની આજ્ઞા જણાવી છે, નહિ ! વારૂ એટલું બસ છે. વળી તમે તેમની હાજરીમાં જ બોલી રહ્યાં છો; તે બધું તે સાંભળી રહ્યા છે; છતાં પણ તે તેનો ઇનકાર કરી શકતા નથી, એટલે હું એવું અનુમાન તારવું છું કે- તમારો શબ્દો એ તેમના જ છે, એટલે હું તેમની આજ્ઞાને મસ્તક નમાવું, તે મુજબ હું વનમાં જઈશ.

માતાજી, મને એક નાનકડી ઈચ્છા છે, જે તમે પૂર્ણ કરશો એવી હું આશા રાખું છું. જ્યારે ભરત રાજ્ય કરે, ત્યારે તમે નજર રાખજો કે-તે દરેક રીતે પિતાની આજ્ઞાનું પાલન કરે, અને પોતાનાં કાર્યો વડે પિતાને સંતોષ અને આનંદ આપે. મારે માટે, ભરત માટે, દરેક પુત્ર માટે પિતાના હૃદયને આનંદ અને સંતોષ આપવાના વ્રત કરતાં વધારે પવિત્ર અને વધારે ફલપ્રદ બીજું કશું જ નથી. પિતાની સેવા એ પુત્રનો સનાતન ધર્મ છે."

એમ બોલીને રામ જમીન પર પડ્યા ? અને માતા કૈકયીનો ચરણ-સ્પર્શ કરી તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પોતાના પુત્રના શબ્દો સાંભળીને, જાણે રામે જે ધર્મને સમજાવ્યો હતો અને જે સમતા બતાવી હતી તેમણે પોતાના પ્રેમને વધારે જાગૃત કર્યો હોય તેમ, તેમનો શોક અનેક ગણો વધી ગયો; તે શોક તેમના કાબૂમાં રહી શકે તેમ ન હતો, તે પથારીમાં આળોટવા લાગ્યા. તે જાણતા હતા કે-હવે રામ અયોધ્યામાં વધારે સમય નહિ રહે, એટલે તેમણે યોગ્યતાનું અને પોતાના મોભાનું ભાન ગુમાવી દીધું, 'રામ' એવી ચીસ પાડીને તે રૂમની કડોર જમીન ? પર પટકાઈ પડયા, અંતઃપુરની સ્ત્રીઓએ તે ધડાકો સાંભળ્યો; શોકથી અને આશ્ચર્યથી તેમને આઘાત લાગ્યો. ઘટનાઓએ જે પલ્ટો

લીધો હતો તે બદલ તેઓ માંહ્યોમાંહ્ય મોટેથી વિલાપ કરવા લાગી. રામને ખ્યાલ આવી ગયો કે-વધુ વિલંબ કરવો એ સલાહ-ભરેલું નથી. તેમણે પિતાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા, તેમનો ચરણ સ્પર્શ કર્યો. પછી તે ખંડમાંથી રામ બહાર ચાલ્યા ગયા.

લક્ષ્મણ બારણા પાસે ઉભા હતા, અને રૂમમાં બોલતા શબ્દો સાંભળી રહ્યા હતા. તે રડી પડ્યા. તેમને કૈકયી અને પિતા પર ખૂબ ક્રોધ થયો. તે પોતાની લાગણીઓને શબ્દોમાં અભિવ્યક્ત કરવા અસમર્થ હતા. એટલે તે હાથ જોડીને, આંખો નીચે જમીન પર રાખીને, મસ્તક નીચું રાખીને, રામની પાછળ-પાછળ ગયા. રામે રાજ્ય ગુમાવ્યું હતું, પોતે વનમાં જવાના હતા, છતાં તેમનું મુખ ગાઢ, કાળાં વાદળો પાછળ રહેલા ચંદ્રની પેઠે પ્રકાશતું હતું, જે ચંદ્ર પર વાદળોના કાળાં આવરણની કશી અસર પડી ન હતી, રામના મુખનું તેજ તેવું જ હતું, કારણ કે તેમને મન માન અને અપમાન સમાન હતાં. તેમનું વર્તન એક સિદ્ધ યોગી જેવું હતું; તેમના વિચારમાં, શબ્દોમાં અને કાર્યમાં વિક્ષોભનું કોઈ ચિન્હ ન હતું. જાણે પોતાને કશું ચિંતાજનક બન્યું જ હોય તેમ તે ચાલતા હતા પણ સુમંત્રે અનુમાન કરી લીધું કે-મહેલની અંદર કોઈક પરિવર્તન બની ગયું હતું. થોડા જ સમયમાં તે અનુમાન નિશ્ચિતતાના રૂપમાં પરિવર્તન બની ગયું જ્યારે તેમની આંખો લક્ષ્મણ પડી, ત્યારે તેમણે આઘાત અનુભવ્યો. તેમના ભયમાં વૃદ્ધિ કરવા માટે રામે પોતાના મસ્તક પર પરિચાર કે ધારણ કરેલા ધવલછત્રને એકબાજુએ હડસેલી દીધું. તેમણે આજ્ઞા કરી કે-મને કોઈએ ચામર ઢોળવું નહિ. તેમણે કહ્યું કે-હવે હું ચાંદીના રથનો ઉપયોગ કરવા માટે લાયક નથી. તે સાંભળીને સુમંત્રે પોતાના શરીરનું તથા સંકલ્પનું બલ ગુમાવી દીધું. તેમની ખરાબમાં ખરાબ ભીતિઓ સાચી પડતી લાગી.

પોતાની આસપાસના લોકો સાથે અને સામે મળેલા નાગરિકો સાથે રામે એક પણ શબ્દ ઉચ્ચાર્યો નહિ, તેનું કારણ એ ન હતું કે-તે દિલગિર બની ગયા હતા. ના, તે જાણતા હતા કે-તે સમાચાર સાંભળીને બીજાઓને દુઃખ થશે. કારણ કે જો તે બોલે, તો તેમને સત્ય જ બોલવું પડશે, અને તેથી પોતાના શબ્દો દ્વારા શોક પ્રસરી જશે. છતાં પણ તેમની ચાલવાની ઢબથી બધાને ખબર પડી ગઈ હતી કે કશી દુઃખ પ્રદ વસ્તુ બની છે.

રામ સીધા સીતાના નિવાસ-સ્થાને ન ગયા. ઉલટા તે પગે ચાલીને કૌશલ્યાના મહેલમાં ગયા, મહેલને ધ્વજોથી અને તોરણોથી શણગારવામાં આવ્યો હતો; તેનાં બાહ્ય ચિન્હનો આનંદ પ્રગટ કરનારાં હતાં. મહેલની સ્ત્રીઓને અને પરિચારિકાઓને રામ-લક્ષ્મણના આગમનની ખબર પડી. તેમણે આરતી ઉતારવા માટે તૈયારી કરી, અને તે બેનું સ્વાગત કરવા માટે પંક્તિઓમાં ગોઠવાઈ ગઈ. મુખ્ય પ્રવેશ-દ્વાર આગળના જુના અને વિશ્વાસુ રક્ષકો તે બે ભાઈઓને જોઇને ઊભા થઈ ગયા અને જય-નાદના પોકારો કરવા લાગ્યા. નીચે નમીને પ્રણામ કરીને તેમણે ભાઈઓનું સન્માન કર્યું. જ્યારે રામે અંદરના બીજા ચોરસ-ખંડમાં પ્રવેશ કર્યો, ત્યારે ત્યાં એકત્રિત થયેલા બ્રાહ્મણોએ રામ પર આશીર્વાદો વરસાવ્યા. જ્યારે ત્રીજા ચોરસ-ખંડમાં તેમણે પ્રવેશ કર્યો, ત્યારે યુવાન પરિચારિકાઓ રાણી પાસે દોડી ગઈ અને બોલી કે-આપને પ્રણામ કરવા માટે રામ-લક્ષ્મણ આવી રહ્યા છે. રાજકુમારોને તે જોઈને તે બધી આનંદ-વિભોર બની ગઈ હતી. બહારના બારણાથી માંડીને કૌશલ્યાની રૂમ સુધી, દાસીઓ માર્ગની બંને બાજુએ ઊભી રહી, સ્વાગતના ચિન્હ તરીકે, અનિષ્ટની અટકાવવા માટે, અને આનંદને તથા સમૃદ્ધિ ને નિમંત્રણ માટે તેમણે વિધિપૂર્વક આરતી ઉતારી.

તે પવિત્ર દિવસ માટે તૈયારીઓ કરવામાં કૌશલ્યા રાણી આખી રાત ઊંઘયાં ન હતાં. સવાર તેમણે પૂજાવિધિમાં ગાળી હતી. વૃદ્ધ બ્રાહ્મણો-પુરોહિતો વેદ મંત્રો વડે અગ્નિદેવને પ્રસન્ન કરી રહ્યા હતા. એટલામાં રામના આગમનની તેમને ખબર આપવામાં આવી. માતા આનંદ-વિભોર બની ગયાં, કારણ કે પોતાની સગી આંખે તે પોતાના પુત્રનો રાજ્યાભિષેક જોવાનાં હતાં. તે આનંદ તેમણે અનેક વિધિઓ કરીને ઉજવ્યો. તેમણે ખુબ દાનો આપ્યાં. તેમણે ઉપવાસ કરીને જાગરણ કર્યું તેમને માટે આનંદ એ પર્યાપ્ત ભોજન હતું. તે આનંદમાં તેમણે બધાને ભાગ આપ્યો. રામને આલિંગન આપવા માટે દોડ્યાં, રામના મસ્તક પરના કેશને તેમણે પંપાળ્યા, હાથ પકડીને રામને તે દેવ-મંદિરમાં લઈ ગયાં, જ્યાં તે સવાર ગાળતાં હતાં ઘટનાઓએ જે વિપરીત વળાંક લીધો હતો તેનાથી તો અનભિજ્ઞ હતાં. તે નિર્દોષ અને સરળ હૃદયનાં હતાં. તેમણે વિશુદ્ધ ધોળી સાડી પહેરી હતી, કાંડા પર પવિત્ર રેશમી દોરો બાંધ્યો હતો, તે આનંદ-પૂર્વક દેવોની પૂજા કરી રહ્યાં

હતાં. રામના મુખ તરફ જોતાં તેમને તેમાં અધિક તેજ દેખાયું, જે તેજથી તેમનું મુખ પ્રકાશી રહ્યું હતું. એટલે તે પોતાના આનંદને અંદર સમાવી શક્યા નહિ. તે બોલ્યાં, "હે પુત્ર, તારા બધા પૂર્વજો રાજવીઓ હતા. તે બધા ધાર્મિક હતા, ધર્મને ટેકો આપનારા હતા, તેઓ બધા જ મહાત્માઓ હતા. તું તેમના જેટલો જ દીર્ધાયુ અને યશસ્વી થઈશ, તેમના યશની પેઠે, તારો યશ પણ ચારેય દિશાઓમાં ખૂણે-ખૂણે વ્યાપી જશે. હે પુત્ર, તારા વંશના ધર્મના ઉચ્ચ આદર્શોને અનુસરજે. જરા પણ શૂન્ય-મસ્તક બની જઈને તેમની ઉપેક્ષા ન કરીશ. તેમને દૃઢતાપૂર્વક ચીટકી રહેજે. "એમ બોલીને માતા એ તે શુભ દિવસના આશીર્વાદના ચિન્હ-રૂપે રામના મસ્તક પર થોડાક અક્ષતના દાણા ચઢાવ્યા. પોતાની પાસે એક સુવર્ણ-આસન મૂકીને તે બોલ્યાં, "તે ગઈ કાલે જાગરણ તો કર્યું હતું ને? નિયમ અનુસાર તે કાલે ઉપવાસ તો કર્યો હતો ને? તું થાકી ગયો હોઇશ. થોડાક સમય અહિં બેસ અને થોડાં ફળ ખા." એમ બોલીને, રામ માટે તૈયાર રાખેલી, ફળો-ભરેલી, સુવર્ણની રકાબી તેમણે આગળ ધરી.

પોતાની પરમાતાએ વરસાવેલા પ્રેમથી અને આનંદથી રામે સનેનાટી અનુભવી. ઘટનાઓએ જે વળાંક લીધો હતો તે માતાને કેવી રીતે જણાવવો તે બાબતે વિચાર કરવા લાગ્યા. તે આનંદના વાતાવરણનો નાશ કરવા રાજી ન હતા. માતાને સંતોષ આપવા માટે તે સોનાની ખુરશી પર બેઠા, ફળોમાં આંગળી ફેરવી, અને બોલ્યા, "માતાજી આ ક્ષણથી મારે સુવર્ણનો સ્પર્શ ન કરવો જોઈએ. માટે સુવર્ણની ખુરશી પર ન બેસવું જોઈએ. હું તમારા આશીર્વાદ ની રાહ જોઈ રહ્યો છું, કારણ કે-મારે વનવાસી તરીકે દંડકારણ્યમાં જવાનું છે. હું તમારી રજા લેવા માટે આવ્યો હતો," કૌશલ્યા તેમના એક પણ શબ્દને સમજી શક્યા નહિ. તે માત્ર એટલું જ બોલ્યાં, "હે પુત્ર, થોડીક મિનિટો પછી તારો રાજ્યાભિષેક થવાનો છે અને તું દંડકારણ્યની વાત કરી રહ્યો છે ! તું જે બોલે છે તે હું સમજી શકતી નથી." તે માનતાં હતાં કે-મારો પુત્ર મને ચીઢવી રહ્યો છે, ગમ્મત-મજાક ઉડાવી રહ્યો છે, તે બોલ્યા, "પુત્ર, આ શુભ મુહુર્તમાં તારે મજાકમાં પણ અપશુકનિયાળ વસ્તુઓની વાત ન કરવી જોઇએ. હે મારા વ્હાલા રત્ન, મજાક કરવી

છોડી દે." તેમણે ખીરની પોતાની આંગળી પર લઈને રામ મુખમાં તેમનો પ્રેમ અને આનંદ જોઈને લક્ષ્મણની આંખોમાં સાહજિક રીતે આંસુ ઉભરાયાં.

કૌશલ્યાએ તે જોયું. તેમની તરફ તે વળીને તેમણે પૂછ્યું, "લક્ષ્મણ, તું આટલો બધો દિલગીર કેમ છે ?" રામ લક્ષ્મણ પાસે જઈને માતા તેમને લાડ કરવા લાગ્યાં પણ લક્ષ્મણ પોતાના શોકને લાંબો વખત દબાવી શકયા નહિ. તેમણે મોટેથી રડવા માંડ્યું, ડુસકા ભરવા માંડ્યાં. રાણી આશ્ચર્યચકિત બની ગયા. તે લક્ષ્મણનાં ડુસકાનું કારણ જાણી શક્યાં નહિ. રામના શબ્દોથી અને લક્ષ્મણના શોકથી તે ગૂંચવાડામાં પડી ગયાં. તે દરમિયાન રામ વચ્ચે બોલ્યા, "માતાજી, જો તમે શોક ન કરવાનું વચન આપો તો હું તમને એક વાત કહું." એમ બોલીને માતાના હાથ પોતાના હાથમાં દૃઢતાપૂર્વક પકડી લીધા. "આ એક એવી વાત છે જે મને, તમને, આપણા સમગ્ર કુટુંબને તથા વંશને અક્ષય્ય કીર્તિ અપાવશે. એટલે કોઈ ચિંતાને, શંકાને કે દુઃખને જરા પણ અવકાશ ન આપશો શીઘ્રતા-પૂર્વક અને સ્નેહ-પૂર્વક તેમાં સંમત થજો. હું મારા પિતાની આજ્ઞાનું પાલન કરૂં તેથી તમને ખૂબ આનંદ ન થાય ? તેમણે ભરતનો રાજ્યાભિષેક કરવાનો નિર્ણય કર્યો છે. તેમણે તાપસના વેષમાં મને ચૌદ વર્ષ માટે દંડકારણ્યમાં મોકલવાનો નિર્ણય કર્યો છે. મેં તેમની આજ્ઞા માથે ચઢાવી છે, અને તમારી પાસે અહીં આવ્યો છું."

તે સાંભળીને કૌશલ્યા 'રામ' એવો ચીત્કાર કરીને જમીન પર પડ્યાં. તે બોલ્યા, "આ ઘટનાઓનો કેવો વળાંક છે ? શું મારા કોમળ બાળકને કાળ મીંઢ જંગલમાં મોકલવાનો છે ? આને યોગ્ય બનાવવા માટે રામે કયો ગુન્હો કર્યો છે ? શું આ સત્ય હોઈ શકે ? કે પછી તે મારા પોતાના મસ્તિષ્કમાંથી ઉદભવેલી અર્થહીન ગરબડ-સરબડ છે ? કારણ કે હું ઊંઘી નથી અને મેં ભોજન કર્યું નથી." જ્યારે તે આમ પોતાની જાતને સમજાવી રહ્યાં હતાં અને આશ્વાસન આપી રહ્યાં હતાં, ત્યારે કૈકેયીના મહેલમાં બનેલી ઘટનાના સમાચાર ઝડપથી બધે ફેલાઈ ગયા હતા અને સર્વત્ર દાસીઓનો અને પરિચારકોનો વિલાપનો અવાજ સંભળાઈ રહ્યો હતો. બધાની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં. "રામ, અમને છોડી ન જશો"-એ શબ્દો બધે બાજુએ સંભળાઈ રહ્યા હતા. શોકાતુર જનમેદની કૌશલ્યાના મહેલ તરફ દોડી રહી હતી. કૌશલ્યા આશ્ચર્યથી, શોકથી અને

ભયથી અભિભૂત થઇ ગયા હતાં. છતાં તે આ વૈશ્વિક દુઃખનું કારણ શું છે તે જાણવા આતુર હતાં. તે તેના રહસ્યનો ભેદ ઉકેલી શકયાં નહિ. તે જમીન પરથી ઊભા થઈ શક્યાં નહિ, તે ચિંતાના અને નિરાશાના ભાર તળે ચગદાઈ ગયાં હતા. તેમણે રામને પોતાના ખોળામાં ખેંચી લીધા, અને તેમના વાંકુડિયા વાળને લાડ કરતાં તેમણે પૂછ્યું, "હે પુત્ર, હું આ શું સાંભળી રહી છું ? આ સમાચાર ? શું બન્યું તે મને સ્પષ્ટ રીતે કહે. આ અનિશ્ચિતતાને લાંબો વખત સહન નહિ કરી શકું." રામ બોલ્યા, "પિતાજીએ એક વખત કૈકેયી માતાને બે વરદાન આપ્યાં હતાં. પોતાનું વચન પાળવા માટે પિતાજીએ તેમની આ બે ઈચ્છાઓને પૂર્ણ કરી છે-એક ભરતનો રાજ્યાભિષેક અને બીજું ચૌદ વર્ષ માટે વનવાસ."

જ્યારે રામે આ હકીકતો વર્ણવી અને તે સાચી છે ! એવી ખાતરી આપી, ત્યારે કૌશલ્યા બોલ્યા, "રામ કૈકયીએ તેવાં વરદાનોની માગણી કરી ? કૈકેયીને તારે માટે અપાર પ્રેમ અને સ્નેહ હતો. આવી વસ્તુઓની ઈચ્છાને કોઈ દિવસ ન રાખી શકે. એ વાત રહેવા દે. જો તેણે તેવી ઈચ્છા કરી હશે, તો મને ખાતરી છે કે-તે રાજાની માત્ર પરીક્ષા કરવા માગતાં હશે. આ સાદી વસ્તુ માટે આટલો બધો ગૂંચવાડો અને આટલી બધી ચિંતા શા માટે હોવાં જોઈએ ? માની લીધું કે કૈકેયીએ તેવાં વરદાનો માગ્યાં, પણ શું તારા પિતા તે વરદાનો આપવા કદી સંમત થાય ખરા ? તે વાત માની શકતી નથી. એક ક્ષણ માટે પણ જે તારો વિયોગ સહન કરી શકતા નથી એવા તારા પિતા શું તને ચૌદ વર્ષ માટે વનમાં મોકલે ખરા ? આથી તો હું વધારે ગૂંચવાડામાં ડુબી જાઉ છું."

જે ઘટનાઓ વાસ્તવિક રીતે બની હતી તેમાં માતાને ન માનતા જોઈને રામે ફરી તેમના હાથ પોતાના હાથમાં લીધા અને તે બોલ્યા, "માતાજી, મારા શબ્દોમાં વિશ્વાસ રાખો. પિતાજીએ કૈકેયી-માતાને તે જે માગે છે તે બે વરદાન આપવાનું વચન આપી દીધું હતું. પછી જ્યારે તેમણે આ બે વરદાનો માગ્યાં ત્યારે પિતાજીની ઇચ્છા વચન ભંગ કરવાની ન હતી અને મને વનમાં મોકલીને મારો વિયોગ સહન કરવાની વાત તેમનું મન માનતું ન હતું. તેથી તે ખૂબ માનસિક વ્યથા ભોગવી રહ્યા છે. હું તેમના દુઃખને જોઈ શકતો નથી-સહન કરી શકતો નથી. હું તે મહેલમાંથી હમણાં જ પાછો ફર્યો છું. તે મૂર્છિત

બની ગયા છે, બેભાન બની ગયા છે, ભીષણ વેદના અનુભવી રહ્યા છે. આ સત્ય છે. એ નજીવી, હાસ્યાસ્પદ બાબત માટે હું તમારામાં આવી ચિંતા પેદા કરૂં એટલો ક્રૂર હું નથી. મારી વાત માનો. મેં મારા પિતાની આજ્ઞા માથે ચઢાવી છે. અને તમારી રજા માંગવા આવ્યો છું."

તે સાંભળીને કૌશલ્યા 'રામ' એવો ચીત્કાર કરીને જમીન પર પડયાં. તે બોલ્યા, "આ ઘટનાઓનો કેવો વળાંક છે? શું મારા કોમળ બાળકને કાળ મીંઢ જંગલમાં મોકલવાનો છે? આને યોગ્ય  બનવા માટે રામે કયો ગુન્હો કર્યો છે? શું આ સત્ય હોઈ શકે? કે પછી તે મારા પોતાના મસ્તિકમાંથી ઉદભવેલી અર્થહીન ગરબડ-સરબડ છે? કારણકે હું ઊંઘી નથી અને મેં ભોજન કર્યું નથી." જ્યારે તે આમ પોતાની જાતને સમજાવી રહ્યાં હતાં અને આશ્વાસન આપી રહ્યાં હતાં, ત્યારે કૈકેયીના મહેલમાં બનેલી ઘટનાના સમાચાર ઝનાનામાં બધી ફેલાઈ ગયા હતા અને સર્વત્ર દાસીઓ અને પરિચારકોનો વિલાપનો અવાજ સંભળાઈ રહ્યો હતો. બધાંની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં. "રામ, અમને છોડી ન જશો"-એ શબ્દો બધે બાજુએ સંભળાઈ રહ્યાં હતાં. શોકાતુર જનમેદની કૌશલ્યાના મહેલ તરફ દોડી રહી હતી. કૌશલ્યા આશ્ચર્યથી, શોકથી અને ભયથી અભિભૂત થઇ ગયા હતાં. છતાં તે આ વૈશ્વિક દુઃખનું કારણ શું છે તે જાણવા આતુર હતાં. તે તેના રહસ્યનો ભેદ ઉકેલી શક્યાં નહિ. તે જમીન પરથી ઊભાં થઈ શક્યાં નહિ, તે ચિંતાના અને નિરાશાના ભાર તળે ચગદાઈ ગયાં હતા. તેમણે રામને પોતાના ખોળામાં ખેંચી લીધા, અને તેમના વાંકડિયા વાળને લાડ કરતાં તેમણે પૂછ્યું, "હે પુત્ર, હું આ શું સાંભળી રહી છું? આ સમાચાર? શું બન્યું તે મને સ્પષ્ટ રીતે કહે. હું આ અનિશ્ચિતતા અને લાંબો વખત સહન નહિ કરી શકું." રામ બોલ્યા, "પિતાજીએ એક વખત કૈકેયી માતાને બે વરદાન આપ્યાં હતાં. પોતાનું વચન પાળવા માટે પિતાજીએ તેમની આ બે ઇચ્છાઓને પૂર્ણ કરી છે-એક ભરતનો રાજ્યાભિષેક, અને બીજું મને ચૌદ વર્ષ માટે વનવાસ."

જ્યારે રામે આ હકીકતો વર્ણવી અને તે સાચી છે! એવી ખાતરી આપી, ત્યારે કૌશલ્યા બોલ્યા, "રામ કૈકેયીએ તેવાં વરદાનોની માંગણી કરી? કૈકેયીને તારે માટે

અપાર પ્રેમ અને સ્નેહ હતો. આવી વસ્તુઓની ઇચ્છાને કોઈ દિવસ ન રાખી શકે. એ વાત રહેવા દે. જો તેણે તેવી ઈચ્છા કરી હશે, તો મને ખાતરી છે કે-તે રાજાની માત્ર પરીક્ષા કરવા માગતાં હશે. આ સાદી વસ્તુ માટે આટલો બધો ગુંચવાડો અને આટલી બધી ચિંતા શા માટે હોવાં જોઈએ? માની લીધું કે કૈકેયીએ તેવાં વરદાનો માગ્યાં, પણ શું તારા પિતા તે વરદાનો આપવામાં કદી સમંત થાય ખરા? તે વાત માની શકતી નથી. એક ક્ષણ માટે પણ જે તારો વિયોગ સહન કરી શકતા નથી એવા તારા પિતા શું તને ચૌદ વર્ષ માટે વનમાં મોકલે ખરા? આથી તો હું વધારે ગુંચવાડામાં ડૂબી જાઉં છું."

જે ઘટના વાસ્તવિક રીતે બની હતી તેમાં માતાને ન માનતા જોઈને રામે ફરી તેમના હાથ પોતાના હાથમાં લીધા, અને તે બોલ્યા, "માતાજી, મારા શબ્દોમાં વિશ્વાસ રાખો. પિતાજીએ કૈકેયી-માતાને તે જે માગે તે બે વરદાનો આપવાનું વચન આપી દીધું હતું. પછી જ્યારે તેમણે આ બે વરદાનો માગ્યાં ત્યારે પિતાજીની ઇચ્છા વચન ભંગ કરવાની ન હતી અને મને વનમાં મોકલીને મારો વિયોગ સહન કરવાની વાત તેમનું મન માનતું ન હતું. તેથી તે ખૂબ માનસિક વ્યથા ભોગવી રહ્યા છે. હું તેમના દુઃખને જોઈ શકતો નથી-સહન કરી શકતો નથી. હું તે મહેલમાંથી હમણાં જ પાછો ફર્યો છું. તે મૂર્છિત બની ગયા છે, બેભાન બની ગયા છે, ભીષણ વેદના અનુભવી રહ્યા છે. આ સત્ય છે. એ નજીવી, હાસ્યાસ્પદ બાબત માટે હું તમારામાં આવી ચિંતા પેદા કરવું એટલો ક્રૂર હું નથી. મારી વાત માનો. મેં મારા પિતાની આજ્ઞા માથે ચઢાવી છે. હું તમારી રજા માગવા આવ્યો છું."

એમ બોલીને રામ માતાના પગે પડ્યા. કૌશલ્યાએ કોમળતા-પૂર્વક તેમને ઉચકી લીધા. તે બોલ્યાં, "રામ, આ કેવી વિચિત્ર વર્તણૂંક છે? માણસ ગમે તેટલો જંગલી હોય, પણ શું તે આવા ભીષણ વરદાનો માગશે? જેમાં થોડીક મિનિટો બાદ રાજ્યાભિષેક થવાનો છે એવા તને વનમાં મોકલવાનો-અને તે પણ ચૌદ વર્ષ માટે વિચાર કોઈ પણ માનવ કરી શકે ખરો? શું મારે જીવન-પર્યંત દુઃખ જ ભોગવવાનું છે? ઘણા વ્રતો અને વિધિઓ કર્યા પછી કાનુડા મને પુત્ર પ્રાપ્ત થયો હતો તારા સુંદર મુખને જોઈને મેં શોકમય દિવસોની વેદના પર વિજય મેળવ્યો હતો. મારે બીજી કોઈ ઈચ્છા નથી, મારે

બીજું કોઈ વરદાન જોઈતું નથી, મારો પુત્ર મારી પાસે રહે, મારી નજીક રહે એટલું પત્યું. આ નાનકડી દેણ  માટે શું અયોગ્ય બની ગઈ છું? શું મેં વનમાં ફેંકી દેવા માટે બાળકને જન્મ આપ્યો હતો શું કોઈ પણ માતા પોતાના પુત્રને વનમાં મોકલવાની વાતમાં સમંત થશે ખરી? ખેદની વાત છે-મેં ભૂતકાળમાં શું પાપ કર્યું હશે? મારા ક્યા પૂર્વ જન્મમાં મેં માતાને તેના પુત્રથી વિખુટી પાડી હતી? જ્યારે તેને વેદાધ્યયનની દીક્ષા આપવાની આવી ત્યારથી, તે દિવસથી હું પ્રતિક્ષણ એ વિચારથી સુખ પ્રાપ્ત કરતી હતી કે-તારા રાજ્યાભિષેકનો દિવસ નજીક આવી રહ્યો છે. શું મારાં તે મધુર સ્વપ્નો નકામાં નીવડ્યાં? શું મારી બધી આશાઓને જમીન પર પટકીને તેમના ટુકડા કરી દેવામાં આવ્યા? તારા સુખ માટે મેં જે વ્રતો, જાગરણો, વિધિઓ કાળજી-પૂર્વક કર્યાં હતાં તે બધાં નકામાં ગયાં? ઓહ, હું કેવી મોટી પાપની છું.! આ સમાચાર સાંભળીને મારૂં. હૃદય ભાંગી કેમ ન ગયું? કદાચ મારે હજી પણ વધારે, હૃદયને ચીરી નાખે તેવા સમાચારો સાંભળવાના અને સહન કરવાના હશે. મૃત્યુ મને મદદ કરતું નથી. આ આઘાત થયો. છતાં પણ હજી મારૂં હૃદય ધબકી રહ્યું છે. ખેદની વાત છે કે-મૃત્યુ પણ નિશ્ચિત કરેલી ક્ષણની રાહ જુએ છે. યમદેવ આવે છે, પણ મારી દશા જોઈને મને જીવતી મૂકીને ચાલ્યા જાય છે, મારી મુકિતને ક્ષણને મુલતવી રાખે છે. એમને પણ મારા પર દયા નથી આવતી. મને મૃત્યુના પ્રદેશ માટે પણ અયોગ્ય ગણવામાં આવે છે. હે રામ, આવું સંકટ આપણા પર!" આમ વિલાપ કરતાં તે મૂર્છિત બની ગયાં અને જમીન પર પડ્યાં. પોતાની હથેળી વડે છાતીને દબાવતાં તે જમીન પર આળોટવા લાગ્યાં. રામ શાંતિ-પૂર્વક તે દ્રશ્ય જોઈ શક્યા નહિ. એકત્રિત થઈ ગયેલી દાસીઓના વિલાપનો અવાજ, વાવાઝોડાની પેઠે, તેમના કાન પર પડ્યો. રામે એક પણ શબ્દનું ઉચ્ચારણ ન કર્યું. માતાની પાસે બેસીને તે તેમની કપાળને પંપાળવા લાગ્યા, તેમના કેશને લાડ કરવા લાગ્યા, તેમને આશ્વાસન આપવા લાગ્યા. તેમનાં કપડાં પરની ધૂળને રામે ખંખેરી નાંખી. દરિયામાં ઉંડે રહેલાં, મહાન, સુસ્થિર પર્વતની પેઠે, રામ, આસપાસ ઉછળતાં મોજાના આઘાતો વડે ઇજા ન પામતા, બેઠા હતા. તે શોકના આઘાતોથી તથા આનંદના ચળકારાઓથી તે પર હતાં. રાજ્યાભિષેક

માટે થોડીક ક્ષણો પહેલાં રાજ સભાના ખંડમાં જતી વખતે તેમનામાં જે સમતા હતી, તે ચૌદ વર્ષ માટે વનમાં જવાની તૈયારી કરતી વખતે અત્યારે પણ તેમનામાં હતી !

કૌશલ્યા પણ જાણતાં હતાં કે-રામ પોતાના ધર્મના માર્ગમાંથી ચ્યુત નહિ થાય, તે વચન ભંગ નહિ કરે અને પિતાએ નક્કી કરેલા માર્ગમાંથી તે એક તસુ જેટલા પણ આઘા-પાછા નહિ થાય. તેમને ખાતરી હતી કે-પોતાના વિલાપોથી તે પાછા વળવાયા નહિ લલચાય. એટલે તેમણે રામને પોતાનો નિશ્ચય છોડી દેવાનું સમજાવવાના બધા પ્રયત્નો છોડી દીધા. તે બોલ્યા, "પુત્ર જ્યારે માણસને આવી કરૂણ ઘટનાઓ સહન કરવાનું નસીબમાં જ લખેલું હોય છે, ત્યારે બીજાઓનો  દોષ કાઢવાથી શો ફાયદો? ના એ વાણીનો ભગાડ માત્ર છે. જે કાંઈ બને છે તે આપણા કલ્યાણ માટે જ બનતું હોય છે. ભગવાનની આજ્ઞાઓનું ઉલ્લંઘન કોઈ કરી શકતું નથી. મેં આ અયોધ્યામાં, આ રાજમહેલમાં કદી સુખ જોયું નથી. મને તો જ્યાં રામ હોય ત્યાં રહેવામાં જ સુખ છે. એટલે હું તારી સાથે આવીશ,, તું મને તારી સાથે લઈ જા." તેમણે ઊભા થવાનો પ્રયાસ કર્યો. દાસીઓએ તેમને ઊંચકીને, દીવાલને અઢેલીને બેસાડ્યાં. રાણીને સમજાવવા માટે તેમણે મૃદુ, મધુર શબ્દો કહ્યા.

લક્ષ્મણ કૌશલ્યાની વેદનાને જોઈ રહ્યા હતા અને તેમના શબ્દો સાંભળી રહ્યા હતા. તે પોતાની લાગણીઓ કાબૂમાં રાખી શક્યા નહિ. તે ખૂબ ક્રોધવિષ્ટ થઈ ગયા હતા. પોતાના હાથ સખ્ત રીતે છાતી પર રાખીને તે બોલ્યા. "હે પૂજ્ય માતા, હું કદી આ વાત નહિ કબુલુ. શું એક નારીના બડબડાટને સાંભળીને રામ રાજ્યનો ત્યાગ કરી વનમાં જશે? હું તે સહન નહિ કરી શકું. પિતા ખૂબ વૃદ્ધ થયા ગયા છે, તેથી તેમનું મન ખૂબ અસ્થિર બની ગયું છે. તે ઇન્દ્રિય-સુખોના ગુલામ બની ગયા છે, કૈકેયીનાં પ્રલોભનોને વશ થઈ ગયા છે. તે  કરૂણ રીતે વહૂ-ઘેલા બની ગયા છે, પોતાનાં કાર્યોનું શું પરિણામ આવશે તેનો વિચાર કરવા જેટલો વિવેક તેમનામાં રહ્યો નથી. મોહવશ બનીને તે ગમે તે પ્રકારનો હૂકમ કાઢે એવા બની ગયા છે. તે પ્રકારની આજ્ઞાઓનું પાલન ન કરાવું જોઈએ. રાજાનું મન નબળું પડી ગયું છે, તે વાસ્તવિક અને અવાસ્તવિક વચ્ચે , સાર-અસાર વચ્ચે વિવેક કરવા અસમર્થ બની ગયા છે. જ્યારે તેવા રાજાઓ મોહવશ બનીને

આજ્ઞાઓ આપે, ત્યારે તેવી આજ્ઞાઓનું પાલન ન કરવાથી કોઇ હાનિ થતી નથી. રામે શો ગુન્હો કર્યો છે કે તેમને વનમાં મોકલવામાં આવે છે? રામનો કટ્ટર દુશ્મન પણ (જો તેમને કોઈ દુશ્મન હોય તો) અથવા પોતાના ગુન્હાની શિક્ષા ભોગવતો કોઈ કઠોર હૃદયવાળો જંગલી માણસ પણ રામના વર્તન કે કૃત્યો વિષે જરા પણ નિંદાત્મક અંગુલિ-નિર્દેશ કરી શકે તેમ નથી. એવા નિર્દોષ, વિશુદ્ધ આશયોવાળા, પવિત્ર માણસને વનમાં મોકલવાની સત્તા જગતના કોઈ પણ રાજાને નથી. પોતાના પ્રમાણિક માર્ગમાં રામ સુસ્થિર છે, તે પોતાની ઈન્દ્રિયોના સ્વામી છે, તે દરેક પ્રકારના શત્રુઓને પણ માન આપે છે, તેમની સાથે માન-પૂર્વકનો વ્યવહાર કરે છે. કોઈ પણ પિતા એવા પુત્રને જંગલમાં મોકલે ખરા? વળી રાજા ખૂબ ધર્મ-પરાયણ છે, તે પવિત્ર આદર્શોવાળા વીર છે, તે બધા ધર્મોમાં રહેલી વસ્તુઓના ચૂસ્ત અનુયાયી છે. શું  તેવા રાજા આવો હૂકમ આપે ખરા? આ બધા પરથી નિર્ણય કરીએ તો, દશરથ કાં તો પાગલ બની ગયા છે અથવા કામવૃતિના ગુલામ બની ગયા છે. એવો માણસ જે કોઇ હૂકમ આપે તેને માનવાની જરૂર નથી. પાગલની પેઠે અથવા બાળકની પેઠે વર્તનાર રાજાના શબ્દોને માન આપવાની બિલકુલ જરૂર નથી. રાજનીતિના આજ્ઞાઓને  ભૂલી જઈને, દુન્યવી ડહાપણના માર્ગનો ત્યાગ કરીને, પિતૃ-પ્રેમની માગણીઓને ફંજેટી દઈને, તે પાગલ બની ગયા છે, પોતાની સ્વચ્છંદી કલ્પનાઓને ઓકી રહ્યા છે. શું તેમની આજ્ઞાને પ્રમાણભૂત માની શકાય ખરી? તેવી આજ્ઞાને માન આપવાની બાબતમાં હું સંમત નહિ થાઉં."

લક્ષ્મણ રામ તરફ વળ્યા, અને પૂજ્યભાવ-પૂર્વક તેમના હાથ પકડીને બોલ્યા, "રામ, મને ક્ષમા કરજો. આ સમાચાર બધે પ્રસરી જાય ત્યાર પહેલાં રાજ્ય-ગાદી પર બેસી જાઓ. હું મારૂં ધનુષ લઈને તમારી પડખે રહીશ. અયોધ્યાનો જે કોઈ માણસ તમારો સામનો કરશે, તેને આ ધનુષમાંથી ફેંકાયેલાં બાણો વડે હું મારી નાંખીશ. અલબત્ત, તેવો વિરોધ કરનાર કોઇ પણ માણસ અયોધ્યામાં કે બીજે ક્યાંય નથી. પણ જો કોઈ વિરોધ થશે, તો મહાન નગરી રણ બની જશે. તેમાં કોઇ માનવીનો વસવાટ નહિ હોય. મારાં તિક્ષણ બાણો તેવી સ્થિતિ પેદા કરી દેશે. હજારો વસ્તુઓની પુનરાવૃત્તિ કરવાની શી જરૂર છે? જો ભરત કે તેના પક્ષનો કોઇ પણ માણસ વિરોધ કરશે, તો હું

તેનો જડ-મૂળથી સંહાર કરીશ. હું જરા પણ દરકાર નહિ કરૂં. જો આ સંઘર્ષમાં દશરથ પણ કૈકેયીનો પક્ષ લેશે, તો હું તેમને પકડીને જેલમાં પૂરી દઈશ."

જ્યારે લક્ષ્મણ આમ બોલી રહ્યા હતા, ત્યારે રામે તેમના પ્રત્યે કઠોર દૃષ્ટિપાત કર્યો, તેમની લાગણીઓના પ્રવાહને અટકાવી દીધો, અને આમ ધક્કો આપ્યો, "લક્ષ્મણ, તારા શબ્દો હવે મર્યાદા વટાવી જાય છે. મારી ઈચ્છાનો કોઈ પણ માણસ પ્રતિકાર કરી શકે તેમ નથી. મારા વનવાસને કોઈ અટકાવી શકે. તેમ નથી. મારી પ્રત્યેના પ્રેમથી પ્રેરાઇને, તને મારો વિયોગ ન થાય તે હેતુથી તું આમ બોલી રહ્યો છે, ક્ષમા રાખ. ક્ષમા તને બધી ચિંતાથી અને ભયથી બચાવી લેશે. ધીરજ ધારણ કર. વિક્ષિપ્ત ન બની જઈશ. પિતા સામે અથવા ભાઈ ભરત સામે ધિક્કારની લાગણી ન રાખ. તેઓ વિશુદ્ધ, પવિત્ર વ્યક્તિઓ છે. કૈકેયી પણ ખૂબ પૂજ્ય છે, તેનું પણ સન્માન કરાવું જોઈએ, તેની પૂજા થવી જોઈએ. તેમણે જે વરદાન માગ્યાં તે પણ નિર્દોષ છે. તે મને ચાહતાં હતાં, તેમણે મને લાડ લડાવ્યાં હતાં મને ઉછેરીને મોટો કર્યો હતો, તે મારી સાથે રમત-ગમતમાં ખેલ્યાં હતાં, મારાથી ભરત કરતાં પણ વધું આનંદ પામ્યાં હતાં. જ્યારે આજે માતા-પિતા પાસેથી આવાં દુન્યવી રીત-રસમોથી તદ્દન વિરુદ્ધ પ્રકારનાં વરદાનો માગે છે, ત્યારે તે ઘટનામાં કોઈ ગૂઢ, રહસ્યમય અર્થ રહેલો હોવો જોઈએ. એ માત્ર માનવીય યુક્તિ-પ્રયુક્તિઓ ન હોઈ શકે, તે ભગવાનની એક દિવ્ય યોજના હોવી જોઈએ. શાંત થા. તારા ભયોનો અને ધિક્કારનો ત્યાગ કર, હવે શું બનવાનું છે તેની આપણે રાહ જોઈશું." રામે લક્ષ્મણને એવો બોધ કર્યો.

તે સાંભળીને લક્ષ્મણ રામને પગે પડ્યા અને બોલ્યા, "રામ, કયા પાયા પર, કયી સત્તા હેઠળ, જે રાજ-મુકુટ તમને મળવો જોઈએ તે ભરતને આપવામાં આવે છે? જયેષ્ઠ પુત્રના જેટલો અધિકાર બીજા કયા પુત્રને હોઈ શકે? રાજા તમારા પિતા છે એટલે તમે આ તેમની અસંભવિત, અન્યાયી આજ્ઞાનું પાલન કરો છો; પણ તમે ગમે તેટલો તેનો બચાવ કરો, તો પણ હું તેને મારી સંમતિ નહિ આપું." કૌશલ્યા, પ્રત્યે વળીને લક્ષ્મણ બોલ્યા, "પૂજ્ય માતાજી, સાચું કહું તો હું રામનો ભક્ત છું. હું પ્રતિજ્ઞા-પૂર્વક આ કહું છું. રામ વગર હું એક ક્ષણ પણ જીવી શકીશ નહિ. જો રામને રાજ્યની ઇચ્છા ન હોય અને

તે વનમાં જાય, તો હું તેમની સાથે જઈશ, હું તેમને પગલે-પગલે ચાલીશ, હું તેમને માટે છાયા બનીને રહીશ. જો તે આજ્ઞા કરે, તો હું જલતા અગ્નિમાં ખૂબ આનંદ-પૂર્વક કૂદી પડીશ. હું માત્ર તેમની જ આજ્ઞાઓ માનીશ, બીજા કોઇની નહિ. માતાજી, હું તમારા દુઃખને જોઈ શકતો નથી. રામ તમારા પુત્ર છે; મારા તે રામચંદ્ર છે. કોઈપણ માણસ પોતાના, જીવનશ્વાસથી દૂર કેવી રીતે રહી શકે?"

લક્ષ્મણના શબ્દો સાંભળીને કૌશલ્યાને થોડુંક આશ્વાસન પ્રાપ્ત થયું. લક્ષ્મણના મસ્તકને પંપાળતાં-પંપાળતાં તે બોલ્યાં, "તારા પ્રેમથી મને ખૂબ આશ્વાસન મળે છે. તારા શબ્દો મને ખૂબ બળ આપે છે. સાચે જ તારા જેવા ભાઈઓ વિરલ હોય છે. તેવા પુત્રોને જન્મ આપનારી માતાને જગત પવિત્ર ગણે છે; પણ અત્યારે અમને એવી દુઃખ-દાયક લાગણીઓ થઈ રહી છે કે-અમે મહાન પાપિનીઓ છીએ. રામ પોતાના નિશ્ચયથી વિચલિત નહિ થાય, તેમને માટે વનવાસ નિશ્ચિત છે. હવે હું આટલું જ માંગુ છું કે- મને પણ તમારી સાથે લઈ જાઓ." તે આમ વિલાપ કરવા લાગ્યાં.

લક્ષ્મણ તરફ જોઈને રામ બોલ્યા, "ભાઈ મારા પ્રત્યેના તારા અગાધ પ્રેમને હું જાણું છું. તારી વીરતાને, કુશળતાને, અને તારા યશને પણ હું જાણું છું. માતા બહુ દુઃખી થઈ રહ્યાં છે, કારણ કે -તેઓ સાચી હકીકત તો સમજી શકતાં નથી, અને આત્મ-સંયમનાં મૂલ્યને પિછાનતાં નથી. વળી હું તેમની કૂખમાંથી જન્મેલો બાળક છું, એટલે તેમને શોક થાય એ સ્વાભાવિક છે. પણ વિચાર કર કે જીવનનાં બધા મૂલ્યોમાં સદાચાર-ધર્મ એ તેમની જડ છે, તેમનું મૂળ છે. ધર્મ સત્યના પાયા પર જ સલામત છે.

સત્ય અને ધર્મ પર્યાય શબ્દો છે, બીજા સિવાય એક રહી શકતો નથી; સત્ય એ કલ્યાણ છે, અને કલ્યાણ એ સત્ય છે. પિતાની આજ્ઞાનું પાલન કરવાથી, મને સત્ય અને ધર્મ બંને પ્રાપ્ત થાય છે. માતાને, પિતાને અથવા પૂજ્ય ગુરુને અપાયેલા વચનોનો ભંગ કોઇ સદાચારી પુરુષ નહિ કરે, એટલે હું પિતાની આજ્ઞાનો અનાદર નહિ કરૂં, એ વાત નિશ્ચિત છે. મને કૈકેયીએ આજ્ઞા નથી કરી. તેમણે તો માત્ર પિતાની આજ્ઞાની મને જાણ કરી છે. પિતાની હાજરીમાં જ તેમણે તેમ કર્યું હતું, એટલે પૂજ્યભાવ-પૂર્વક તે આજ્ઞાને માથે ચઢાવવી જોઈએ. જો તે પિતાની આજ્ઞા ન હોત તો જ્યારે કૈકેયી મને કહ્યું કે-તે

તમારા પિતાની આજ્ઞા છે, ત્યારે પિતાજી કહી શક્યા હોત કે- ના, તે મારી આજ્ઞા નથી; નહિ ! વારૂ પણ પિતાજી એ તેમ કર્યું ન હતું. તે તો માત્ર વિલાપ જ કરી રહ્યા હતા, એટલે પિતાની પ્રમાણભૂત આજ્ઞા જ છે, એટલે હું મારા નિશ્ચયમાંથી વિચલિત નહિ થાઉં હું વિચલિત થાઉં તે અશક્ય છે. તારી બુદ્ધિ ને આ ભયજનક, ક્ષત્રિય-માનસમાં સરી પડતી અટકાવ. હિંસાની વૃત્તિ અને ક્રૂરતા ત્યજી દે; મારા જેવું વલણ અખત્યાર કર. "રામે લક્ષ્મણની પીઠ પંપાળી. ક્રોધવશ શોકમગ્ન બની ગયેલા લક્ષ્મણનું દુઃખ દૂર કરવા માટે રામ મૃદુ અને પ્રેમપૂર્ણ શબ્દો બોલ્યા. પછી પોતાનાં માતા કૌશલ્યા તરફ વળીને તે બોલ્યા, "મારા નિશ્ચયમાં અવરોધ ન કરશો, મારી પ્રતિજ્ઞામાં ભંગ ન પડાવશો. ગમે તે માણસનું ગમે તે થાય પણ મારો વનવાસ બંધ નહિ રહે. તમે પ્રેમ-પૂર્વક મને વનમાં મોકલો મારી પ્રતિજ્ઞા પર મારા નિશ્ચય પર આશીર્વાદ વરસાવો." એમ બોલીને રામ માતાને પગે પડ્યા અને વનમાં જવા માટે રજા આપવાની રામે તેમને પ્રાર્થના કરી.

માતા પીડાથી કંપિત થઈ ગયાં. રામની પીઠ પર હાથ મૂકીને તે મોટેથી રડી પડ્યાં. તેમની દશા જોઇને રામ પણ પોતાની લાગણીઓને દબાવી શક્યા નહિ. પગે પડીને તે બોલ્યા, "માતાજી, મારો શબ્દ એ પરમ સત્ય છે, સાંભળો. મને જંગલમાં કોઈ મુશ્કેલી નહિ આવે. હું આ ચૌદ વર્ષનો સમય ખૂબ સુખપૂર્વક આનંદ-પૂર્વક ગાળીશ.હું પાછો આવીને ફરી આ પગે પડીશ. મારે માટેની તમારી બધી આશાઓને હું પૂર્ણ કરીશ. માતાજી, આ દશરથની આજ્ઞા છે, તે આજ્ઞાનું પાલન માત્ર મારે જ કરવાનું નથી, પણ તમારે, લક્ષ્મણે, સુમિત્રાએ, અને ભરતે પણ અક્ષરશઃ તે આજ્ઞાનું પાલન કરવાનું છે. આ સનાતન ધર્મ છે.

માતાજી મને માફ કરો; હું બીજી પણ એક વિજ્ઞપ્તિ કરીશ. મારો રાજ્યાભિષેક કરવા માટે તમે ગોઠવણો કરી છે તેમનો ઉપયોગ તેટલા જ આનંદપૂર્વક અને ઉત્સાહપૂર્વક ભરતનો રાજ્યાભિષેક કરવામાં કરો. પિતાએ મને વનનું રાજ્ય સોંપ્યું છે. તે શ્રેષ્ઠ છે; પોતાને સોંપેલી ફરજ દરેક જણે બજાવવી એ શ્રેષ્ઠ ધર્મ છે. ફરજનું પાલન કઠિન છે. એમ માની તેમાંથી છટકવાનો પ્રયાસ કરવોએ મારામાં અને ભરતમાં ભેદ-બુદ્ધિ રાખવા સમાન છે. તમારે તો એટલું જ કરવાનું છે કે- અમને બંનેને આશીર્વાદ આપો;

મને અને ભરતને જે જવાબદારી સોંપવામાં આવી છે તેને અમે સફળતા-પૂર્વક અદા કરીએ એવી શીખ આપો.

કૌશલ્યાએ રામના આ શબ્દો સાંભળ્યા, તે પોતાના શોકને સહન કરી શક્યાં નહિ. ખૂબ દુઃખ પૂર્વક નિસાસો નાંખીને તે બોલ્યા, "હે મારા પુત્ર, પિતાએ તને ઉછેરીને મોટો કર્યો હતો. તને ઊંચો અને બળવાન જોઈને તે સુખ અનુભવતા હતા. એટલે તેમને માન આપવું જોઈએ, તેમની આજ્ઞાનું પાલન કરવું જોઇએ. પણ હું  પૂજ્યબુદ્ધિ માટે યોગ્ય નથી? મારી આજ્ઞા તું ટાળે તે માટે યોગ્ય નથી? આનો વિચાર કર-પત્ની એ પતિનો અર્ધભાગ છે. પતિએ પત્નીનો જમણો અર્ધભાગ છે. આમ તે દરેક એક-બીજાનો અર્ધભાગ છે; એટલે હું દશરથનો અર્ધભાગ ભાગ છું, નહીં ! વારૂ. તેથી પત્ની ને પતિની અર્ધાંગી કહેવામાં આવે છે. જ્યારે તું એમ કહે છે કે મને દશરથે આજ્ઞા આપી છે, ત્યારે તે માત્ર અર્ધભાગની આજ્ઞા છે, તે આજ્ઞા તેમની સમગ્રમાંથી ઉદભવી નથી, જ્યારે આ ધર્મ-ભાગ તેમાં મંજૂરી આપે. ત્યારે સત્તા-યુક્ત બની શકે. જ્યારે હું તેમાં સંમતિ આપતી નથી, ત્યારે તે આજ્ઞા સતા-યુક્ત બનતી નથી, પ્રમાણભૂત બનતી નથી. તું ધર્મની બધી બાજુઓને અર્થને જાણે છે; એટલે તારે આ વાતનો પણ ખ્યાલ રાખવો જોઈએ. માતાની સંમતિ-સ્વીકૃતિ વિના, કોઈ પણ ફરજ બંધન-કારક બની શકે નહિ, તેને ધર્મનું નામ આપી શકાય નહિ, પિતાના આજ્ઞા કરતાં માતાની આજ્ઞાનું પાલન વધારે કરવું જોઈએ. તે વધારે મહત્વની ફરજ છે. કારણ માતાએ તને બાલ્યકાળમાં ધવરાવીને મોટો કર્યો હતો, પિતાએ નહિ. જો માતાએ બાળકને નવ માસ સુધી પેટમાં રાખ્યો ન હોત, તો બાળકના અસ્તિત્વમાં જ આવ્યો ન હોત. અત્યારે તમે તે માતાને શોકાગ્નિની જ્વાળાઓમાં ફેંકો છો અને કહો છો કે એ મારા પિતાની આજ્ઞા છે, મારે તેનું પાલન કરવું જ જોઈએ. તમારૂં તે આચરણ બરાબર છે. એમ હું સ્વીકારીશ નહિ. કોઇ પણ નિધિ માતાને પોતાના પુત્ર કરતાં વધારે કીમતી નથી. મારા જેવી માતાઓ માટે તો પુત્ર સર્વસ્વ છે. જ્યારે પુત્ર મારી તરફ વાંકી દ્રષ્ટિથી જુએ છે અને પિતાની આજ્ઞાને અધિક માને છે, ત્યારે સ્વર્ગને પ્રાપ્ત કરીને ત્યાં દિવ્ય અમૃતનું પાન કરીને જીવવાથી મને શો

લાભ થવાનો છે? તેના કરતાં તો હું નરકને વધારે પસંદ કરૂં છું. જો મારો પુત્ર મારી સાથે હોય, તો હું નરકને પણ સ્વર્ગ માનીશ.

રામ, હું આ સ્થાનમાં શું કરીશ? આખા જીવનમાં મેં એક ક્ષણનું પણ પુણ્ય ચાખ્યું નથી. જન્મથી જ હું દુઃખી છું; ત્યારે માતા-પિતા વડે લદાયેલી મર્યાદાઓથી હું બંધાયેલી હતી. પછી મને ક્યાં પ્રકારનો પતિ મળશે, તેનું ચારિત્ર્ય અને વર્તન કેવું હશે-એ ચિંતા મને સતાવતી રહી છેવટે મને તારા પિતા સાથે પરણાવવામાં આવી. વર્ષો સુધી વંધ્યત્વની પીડાથી હું પીડિત રહી. પછી મારે તારા પિતાને બીજી પત્નીઓ સાથેના સંઘર્ષનું દુઃખ સહેવું પડ્યું જન્મના દિવસથી માંડીને આજ સુધી, મને તે સંઘર્ષમાંથી આરામ મળ્યો નથી, પછી કથા પૂર્વ-જન્મના પુણ્યને કારણે તે હું જાણતી નથી, તું મને પુત્ર તરીકે પ્રાપ્ત થયો હવે મને તારો વિયોગ સહેવો પડશે. ક્યારે હું સુખી બની? મારૂં જીવન દુઃખનો એક સતત પ્રવાહ બની રહ્યું છે. મને તરતાં આવડતું નથી, એટલે તે પ્રવાહમાં હું ડૂબકાં ખાઉં છું. મારી ઉગરવાની આશા નથી, તેમાં હું ડૂબી રહી છું. બચવા માટેનું એક શાખા-રૂપ હતો, જેને પકડીને હું બચી ગઇ હોત, જો તું તેની પણ ના પડીશ તો મારૂં શું થશે? તારા પિતાથી હું દૂર રહું તે કારણે તેમને કશી ન્યૂનતા આવવાની નથી. તેમનો આનંદ કૈકેયીમાં છે, તેમને બીજી કોઈ રાણીની કે પુરૂષની જરૂર નથી એટલે અહીં લટકી રહેવાને બદલે પીડામાં ઉકળવાને, અને આખરે મૃત્યુને વશ થવાને બદલે હું મારા વહાલા પુત્રના મનોહર મુખને જોવાનું વધારે પસંદ કરૂં છું. મને જંગલમાં ભલે ભોજન અને પાણી ન મળે, પણ હું તારા મુખના દર્શન વડે મારા પ્રાણને ટકાવી રાખીશ." રામને એમ લાગ્યું કે- માતાએ પરિસ્થિતિનો જે અંદાજ કાઢયો છે. તેમાં થોડીક પ્રમાણ-ભૂતતા છે, પણ પિતાની ઈચ્છાઓનું પાલન કરવાની, અને પોતે ફરજ બજાવવામાં નિષ્ફળ નહિ જાય એવા તેમના વચનનું પાલન કરવાની જરૂર રામને લાગી.

તે દરમિયાન લક્ષ્મણ વચ્ચે બોલી ઉઠ્યાં, "ભાઈ માતાના શબ્દો એ ઉચ્ચતમ સત્ય છે. માતા પિતા કરતાં પણ માનને પાત્ર છે, શાસ્ત્રોમાં કહેલું છે કે- માતૃદેવો ભવ (માતાને અને પિતાને દેવ ગણીને પૂજો). એમાં માતાને પ્રથમ મૂકી છે, અને પિતાને પછી, તમારે દઢતા-પૂર્વક તમારા શબ્દોને ચીટકી રહીને માતાને આટલો બધો શોક પેદા

કરવો તે ઉચિત નથી. તેમની તરફ વળીને રામ વચ્ચે બોલી ઊઠ્યા, "લક્ષ્મણ તું એવી માતાના કથનને ટેકો આપે છે કે જે- પોતાના પુત્ર પ્રત્યેની બળવાન આસક્તિના અંત બનાવી મૂકતા પ્રભાવને કારણે દુઃખી બને છે. પિતાની આજ્ઞાનો વિચાર કર,જે આજ્ઞાની રાજ્યના સમગ્ર વિશ્વના, અને માનવ-જાતિના કલ્યાણ સાથે નિસ્બત છે. તું તે આજ્ઞાના આંતર અર્થને બરાબર સમજી શક્યો નથી. માત્ર દશરથ જ બીજા ત્રણ પુરુષાર્થની અર્થની, સુખની અને મોક્ષની ખાતરી આપી શકે તેમ છે. આમાં શંકા કરવાની કે તેની સચ્ચાઇ વિષે દલીલો કરવાની જરૂર નથી. જ્યારે માત્ર ધનના ઉપાર્જન માટે જ પ્રવૃત્તિ કરવામાં આવે છે, ત્યારે જગત તેવી વ્યક્તિને ધિક્કારે છે, જ્યારે સ્વાર્થી ઇચ્છાઓને પૂર્ણ કરવા માટે જ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે, ત્યારે જગત તે માણસને તિરસ્કાર પાત્ર ગણીને ધિક્કારે છે, માટે ધર્મ સાથે સુસંગત પ્રવૃત્તિ કરાવી જોઈએ. લક્ષ્મણ, એટલું જ બસ  નથી. દશરથ આપણા પિતા, ગુરુ અને રાજા છે, તે કોઈ વસ્તુની ઇચ્છા રાખીને અથવા કોઈ પર ક્રોધ કરીને, અથવા કોઈના પર આસક્તિને અને પ્રેમ રાખીને આપણને આજ્ઞા ન કરે તે આપણને જોવાનું નથી. આપણે માત્ર તે આજ્ઞાનું પાલન જ કરવાનું છે, તે આજ્ઞાનો નિરાદર કરવા માટે કોઈ ન્યાયી કારણ નથી.

પાપમાં રાચતો પુત્ર આજ્ઞાની વિરુદ્ધ વર્તે; પણ હું તેવો પુત્ર નથી. પિતા જે કોઈ આજ્ઞા કરશે તેને હું પૂજ્ય ભાવ-પૂર્વક માથે ચઢાવીશ. આ બાબતમાં તને થોડી શંકા હશે. જ્યારે કામવૃતિ વડે અંધ બનેલો મૂર્ખ પિતા, સારા સારાતો વિવેક કરનારી બુદ્ધિ વગરનો પિતા, સ્વાર્થને સિદ્ધ કરવાની જ ઈચ્છાવાળો પિતા, બીજાઓની મુક્તિ-યુકિતઓ પર વિશ્વાસ મૂકીને પોતાના પુત્ર પર અન્યાય ગુજારે, ત્યારે તમે એમ પૂછી શકો કે -પુત્ર તેમના પર વિશ્વાસ મૂકીને તેમની આજ્ઞાનું પાલન શું કરવું જોઈએ? ચોક્કસ તેણે પિતાની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. તે મૂર્ખ હોય કે જુલ્મગાર હોય, પણ શું તમે તેના પુત્ર નથી? જ્યારે તેમ છે, તો પછી તેમનો દરજ્જો ઊંચો અને તમારો દરજ્જો નીચો છે. આ વસ્તુ બધી ફરજોનો અને અધિકારોનો નિર્ણય કરે છે. પુત્ર વધારેમાં વધારે એટલું કરી શકે કે- તે પિતાને જે વસ્તુ ગૂંચવાડા-ભરેલી અથવા જટીલ લાગે છે તેને તે પુત્ર

સ્પષ્ટ કરવાનો અને પોતાની બુદ્ધિ અનુસાર સમજૂતી આપવાનો પ્રયત્ન યશાશક્તિ કરી શકે. આજ્ઞાને મૂર્ખાઈ-ભરેલી અથવા અસંભવિત માનીને તે આજ્ઞાનો નિરાદર ન કરી શકે.

આ બાજુ પર પણ વિચાર કર. દશરથ એક પ્રતિભાશાળી વ્યક્તિ છે, મહાન વીર છે, શૂરવીર યોદ્ધા છે, ધર્મનો આધાર સ્તંભ છે. આપેલા વચનને પાળવા માટે તે પીડાઈ રહ્યા છે. કૈકેયીએ  તેમને છેતર્યા નથી; તે કામવૃતિથી અંધ બની ગયા ન હતાં. ના ગંભીરતા-પૂર્વક અયેપાલા વચનને પાળવા માટે જરૂરિયાતથી તે સંચાલિત થયા હતાં. વળી તેમણે એમ કહ્યું હતું કે- ભલે મારા જીવનને હાનિ થાય, પણ તારી ઈચ્છા મુજબનું વરદાનો માગીશ તે હું આપીશ. તે કામવૃતિને વશ બની ગયા હતા- તે અભિપ્રાય સાથે હું કદી સંમત નહિ થાઉં. પિતાને દુઃખ થાય છે, કારણ કે- તે પોતાના વચનમાંથી કોઈ છુટકારો પ્રાપ્ત કરી શકતા નથી. તેમનું હૃદય  મને વનમાં મોકલવા માટે સંમત થતું નથી.

લક્ષ્મણ, પિતાજી પોતાના પૂર્વજો કરતાં પણ ધર્મના વધારે સુસ્થિર ટેકેકાર છે. ત્રિભુવનના ખૂણે-ખૂણે તેમની કીર્તિના પડઘાથી ગાજી રહ્યા છે. જો તેમનાં મહારાણી પતિને એકલા મૂકીને પોતાના પુત્ર સાથે વનમાં જાય, તો માનવ જાતિ માટે એક ખરાબ દષ્ટાંત નહિ બને?  જીવન ટૂંકું છે, તેનો ગાળો મર્યાદિત છે. અધર્મ કાર્યો વડે સદાને માટે પોતાની કીર્તિ ગુમાવવી તે મારે કે તારે માટે સારૂં નથી."

પછી માતા પ્રત્યે વળીને તે કરૂણ રીતે બોલ્યા, "માતાજી!" તે વધુ બોલે ત્યાર પહેલાં તો કૌશલ્યા શોકથી વ્યાકુળ બની ગયાં. તેમને ખાતરી થઈ કે-રામનું વલણ બદલવાના પોતાના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા છે. તેમને લાગ્યું કે- આશીર્વાદ આપીને, રામને વનમાં જવાની રજા આપવાની પોતાની ફરજમાંથી  છટકી શકે તેમ નથી, તેમણે જોયું કે-મારે વધારે વિલાપ કરવાથી રામ વધારે દુઃખ અનુભવે છે.

તે દરમિયાન લક્ષ્મણ ખૂબ સંચાલિત બની ગયા હતાં. તેમની આંખો લાલચોળ થઈ ગઈ, પોતે ક્યાં અને કોની વચ્ચે છે તે ભાન તેમને ન રહ્યું. તેમના હોઠ સુકાઇ ગયાં. તેમની જીભ બંધાઈ ગઈ, તે તાકી-તાકીને જોતા રહ્યા. તે નીચું મસ્તક કરીને જમીન પર જોવા લાગ્યા. નીરર્ગલ આંસુ તેમની આંખોમાંથી વહેવા લાગ્યાં. રામે તે જોયું; તેમને

લાગ્યું કે- લક્ષ્મણને વધુ સમય તે સ્થિતિમાં રાખવાએ યોગ્ય નથી. વળી જો લક્ષ્મણને એકલા રાખવામાં આવે, તો તે પોતા પ્રત્યે ગમે તે કરી બેસે, બીજાઓને પણ ઈજા પહોંચાડે. રામે વિચાર્યું કે-મારી ખાતર કે બધાં કૃત્યો બને.

એટલે રામે લક્ષ્મણને પૂછવાનો નિર્ણય કર્યો, "ભાઈ ક્રોધની જ્વાળા એ પાપોના સમૂહ માટે ધૂપ-સમાન છે. તે જવાળાઓને શાંત કર. રામનું આવું હડહડતું અપમાન કરવામાં આવ્યું- એ વિચારથી તને દુઃખ થતું હશે. પણ ધર્મનો-સત્યનો માર્ગ માન-અપમાનને ગણકારતો હોતો નથી. તે માનની ઈચ્છા કરતો નથી અને અપમાનથી તે શરમાતો નથી. બહાદુર બન. તારા હૃદયમાં હિંમતને ધારણ કરી અહીં રહીને પિતાની સેવા કર. જીવનને ધન્ય બનાવવા માટે તારા દિવસોનો એ રીતે ઉપયોગ કર." જ્યારે મોટાભાઈએ તેમને આવા આશીર્વાદ આપ્યા, ત્યારે ચમકીને લક્ષ્મણ બોલ્યા, "ભાઈ જ્યારે મારા પ્રાણ-સમાન રામ વનમાં જઈ રહ્યા છે. ત્યારે આ દેહરૂપી જડ ભૌતિક, શારીરિક પદાર્થથી મારે અહીં કોની સેવા કરવાની છે? આ લક્ષ્મણને રામ સિવાય બીજા કોઈની સેવા કરવાની ઇચ્છા નથી. તમે તમારા ધર્મને, તમારી ફરજની ભાવનાને મહત્વ આપો છો; મને પણ પણ મારી ફરજની ભાવના છે; હું પણ તેનું એટલું જ મૂલ્ય આંકું છું. એટલે હું તમારી સાથે વનમાં આપીશ, તેમાં મારે કોઈને આજ્ઞાની રાહ જોવાની જરૂર નથી. કૈકેયી એ જે વરદાનો માગ્યાં છે તેમાં બંધાયેલા લોકોમાં મારો સમાવેશ થતો નથી. મારો તેમનામાં સમાવેશ કરવામાં આવે, તો પણ હું કૈકેયીની અથવા તેમના હજુરીયાઓની આજ્ઞાઓ તરફ બિલકુલ ધ્યાન આપવાનો નથી. મને આજ્ઞા આપવાનો, મારી ગતિઓ બાબત અથવા વર્તણૂક બાબત સૂચનો આપવાનો અધિકાર માત્ર રામને જ છે, બીજા કોઈને નહિ, એટલે અહીં અને અત્યારે જ હું તાપસના વલ્કલો પહેરીશ, મારા કેશને જટાઓમાંથી ગૂંથી લઈશ, અને તમારી સાથે વનમાં આવવાની તૈયારી કરીશ." એમ બોલીને લક્ષ્મણે રાજયાભિષેકના ખંડમાં જતી વખતે જે રત્ન જડિત આભૂષણો અને બાદશાહી વસ્ત્રો પહેર્યા હતાં તે દૂર કર્યાં; અણગમા-પૂર્વક તેમણે રત્નો અને રેશમી વસ્ત્રોને ફેંકી દીધાં. કાનનાં કુંડળો અને મોતીની માળા રૂમના ખૂણાઓમાં જઈને પડ્યાં. પોતાના ભાઈ સાથે જવા માટે ધૂંધવાઇ રહ્યા હતા. લક્ષ્મણની સ્વયંભૂ ભક્તિ અને સમર્પણ ભાવ-

યુક્ત વફાદારી જોઈને રામનું હૃદય કોમલ બની ગયું, તેમની પાસે જઈને, તેમના ખભા પર પોતાનો હાથ મૂકીને, રામ મૃદુતા-પૂર્વક બોલ્યા, "ભાઈ તારા જેવાને પ્રાપ્ત કરવાથી મનને અપાર આનંદ થાય છે. એ મારૂં પરમ સદભાગ્ય છે. તારા મારી સાથે આવવાથી માતા કૌશલ્યાને પણ થોડીક મનની શાંતિ મળશે. હું ચૌદ વર્ષ વનમાં કેવી રીતે ગાળીશ અને તે મુદ્દત પછી હું પાછો આવીશ કે નહિ- તે બાબતની ભીતિઓથી અને શંકાઓથી તે ખૂબ વિક્ષુબ્ધ થઇ ગયાં છે. એટલે તું માતાને ભય-મુક્ત બનવાનું કહે. જા, તેમને આશ્વાસન આપ, આપણે આમ સમય ગાળીએ છીએ, ત્યારે પિતાને ખૂબ દુઃખ અને ચિંતા થતાં હશે કૈકેયી પણ હું કદાચ વનમાં ન જાઉં તેવી શંકાથી દુઃખી થતા હશે. એટલે હવે હું સીતા પાસે જઈશ અને તેને આ સમાચાર આપીશ; ત્યાંથી હું કૈકેયીના મહેલમાં જઈને પિતાની રજા માંગીશ, તે દરમિયાન તું તારી માતા સુમિત્રા પાસે જઈને, મારી સાથે આવવા માટે તેમની મંજૂરી મેળવી લે."

એમ બોલ્યા પછી રામે કૌશલ્યાની પ્રદક્ષિણા કરી અને પૂજ્ય ભાવ-પૂર્વક તે તેમને પગે પડ્યા. તે જોઈને દાસીઓ, પરિચારિકો, અને ઝનાનાના બીજા અંતે વાસીઓ જાણે તેમના પર પ્રલયકાળ આવ્યો હોય તેમ, મોટેથી વિલાપ કરવા લાગ્યાં. પણ કૌશલ્ય હિંમતપુર્વક પોતાના આશીર્વાદની રાહ જોતા ઊભેલા રામને પોતાની તરફ ખેંચી લીધા, તેમણે રામને આલિંગન આપ્યું તેમના કેશને પંપાળ્યા, અને તેમના ખભા પર પોતાના હાથ મૂકીને તે બોલ્યા, "હે પુત્ર રામ, તમે ધર્મ ચુસ્ત અનુયાયી છો, તમે નિશ્ચાયત્મક વીર છો, તમને વનવાસના જીવનમાં ભયનું કોઈ કારણ નથી. તમે વનમાં જવાનો નિર્ણય કર્યો છે. તમને તમારા નિશ્ચય માંથી ડગાવાનું મારે માટે અશક્ય બની ગયું છે, તમારૂં કલ્યાણ થાઓ, તમારા પિતાની ઇચ્છા પરિપૂર્ણ કરવાનો તમારો ઉત્કટ આદર્શ, તમારી ઝંખના પૂરી કરો. તેમની આજ્ઞાનુસાર વર્તીને પિતૃ-ઋણ અદા કરો, હું માત્ર એક જ ઈચ્છા રાખું છું કે ક્ષેમકુશળ અયોધ્યામાં પાછા આવજો. કમથી કમ તે દિવસે સુખી બનીશ, રામ, ભવિતવ્યાનો આદેશ ન સમજી શકાય તેવો છે, ખૂબ શક્તિશાળી માણસ પણ તેમાં રજમાત્ર ફેરફાર કરી શકતો નથી. જે ધર્મ માટે તમે અત્યારે અમારો ત્યાગ કરો છો તે ધર્મ જરૂર વનવાસમાં તમારૂં રક્ષણ કરશે, તમને માર્ગ-દર્શન આપશે રામ, જે ક્ષણે

ચૌદ વર્ષ પસાર થઈ જાય અને અમને છોડીને જવા બદલ તમે પાછા આવો, તો કેવી સુંદર વાત બને! ખેદની વાત છે, મારા પાગલ પણાને ક્ષમા કરજો. પુત્ર. હું કેવી રીતે તમને મારા આશીર્વાદ વ્યક્ત કરું? શું હું એમ કરું કે ચૌદ વર્ષ ચૌદ દિવસોની પેઠે વીતી જાઓ, ના, ના, આંખના ચૌદ પલકારાની પેઠે વીતી જાઓ? સલામત પાછા આવજો, વહેલા પાછા આવજો. અને તમારો રાજ્યાભિષેક થજો રઘુ-વંશના રત્ન, હે મારા પ્રિયતમ પુત્ર, વનવાસનાં વર્ષો દરમિયાન ધર્મની દેવી જરૂર તમારૂં રક્ષણ કરશે, કારણ કે -તેમને પ્રસન્ન કરવા માટે તમે વનમાં સિધાવો છો. તે સૌથી વધારે બળવાન અને સુસ્થિર રક્ષક છે. હું આ ચૌદ વર્ષો દરમિયાન અહીં દેવોને પ્રસન્ન કરીશ, અને પ્રાર્થના કરીશ કે- વનમાં તમને કશી હાનિ ન થાય, તમે પિતાની, માતાની, અને તમારા ગુરૂની જે સેવા કરી છે તે તમને દીર્ઘ આયુષ, તંદુરસ્તી, અને સુખ આપશે. સત્ય પ્રત્યેની તમારી વફાદારી તમને અભેદ્ય હિંમત આપશે. વનના પર્વતો, નદીઓ, ઝાડીઓ, કીડીઓના રાફડા, પશુઓ અને પંખીઓ સ્નેહ-પૂર્વક તમારી પાસે આવશે, તમારી જરૂરિયાતો પૂરી કરશે, અને તેમને હર્ષપૂર્ણ બનાવી દેશે. સૂર્ય, ચંદ્ર અને તારાઓ અને તથા નક્ષત્ર તમારા પર આવી પડનાર અનિષ્ટને દૂર કરશે અને તમારૂં રક્ષણ કરશે. ક્રૂર કર્મો કરવાની ઇચ્છાવાળા રાક્ષસો પણ તમારી પ્રત્યે આકર્ષાશે, કારણ કે- તમારૂં હૃદય શીતલ, આશ્વાસન-પ્રદ પ્રેમથી સભર ભરેલું છે; તેઓ તમારે ચરણે પોતાની જાતને સમર્પિત કરી દઇને તમને પોતાના સ્વામી તરીકે સ્વીકારશે."

આમ બોલીને કૌશલ્યા પોતાની અભિભૂત કરતા શોકના ઘુંટડાને ગળી ગયાં. અને તેમણે શાંત, હિંમતપૂર્ણ મુખમુદ્રા ધારણ કરી. તેમણે રામના મસ્તકના શિખર-ભાગને સુંઘ્યો, અને તેમને દૃઢ, પ્રેમપૂર્ણ આલિંગન આપ્યું; તેમણે રામના ગાલો પર ચુંબન કર્યું; તેમના હોઠ ફફડયા અને રામને વિદાય આપતાં તે બોલ્યાં, "રામ સલામત પાછા આવજો, આનંદ-પૂર્વક જાઓ." માતા પોતા પર જ પ્રેમ વરસાવી રહ્યાં હતાં તેનું ઉંડાણ રામ જાણતા હતા. પૂજ્યભાવ-પૂર્વક આભારવૃત્તિ-પૂર્વક અનેકવાર રામે માતાનો ચરણ સ્પર્શ કર્યો, અને તે બોલ્યા, "માતાજી, શોક ન કરશો, આહાર કે નિંદ્રા ઓછા ન કરશો, તમારી તબિયત ન બગાડશો. આનંદ-પૂર્ણ હ્રદયથી બધો સમય મને યાદ કરજો. તમારા

વિચારો મારી સલામતીમાં અને સમૃદ્ધિમાં પ્રતિબિંબિત થશે. જો તમે અહીં શોક કરશો, તો હું ત્યાં કેવી રીતે સુખી બની શકીશ? અહીં રહ્યાં-રહ્યાં તમે સંપૂર્ણ હ્રદયથી મને આશીર્વાદ આપ્યાં કરજો," આમ બોલીને રામ મહેલની બહાર નીકળ્યાં. માતાને આમ છોડી જવાનું તેમને ગમતું ન હતું, પણ તે પોતાની ફરજ બજાવવા આતુર હતા.

રામે રાજમાર્ગ પર પગ માંડ્યો અને એકઠી થયેલી જન-મેદનીમાં થઈને ઉઘાડે પગે ચાલવાનું શરૂ કર્યું. સત્યની અને સદ્ગુણોની તે તેજોમય મૂર્તિને જોઈને લોકો દિગ્મૂઢ બની ગયા. નાગરિકોએ માર્ગો પર વહેતી વાતો સાંભળી હતી કે-રામ વનમાં જઈ રહ્યા છે. તેઓ તે વાતને સાચી માની શકતા ન હતા. તેઓ પ્રાર્થના કરતા હતા કે તે લોકવાયકા જુઠી હોય, પણ જ્યારે તેમણે રામને ઉઘાડે પગે ચાલતા જોયા, ત્યારે તેમનાં હ્રદયો શોકમગ્ન બની ગયાં; રાજયાભિષેકના સમાચાર સાંભળીને તેમણે જે આનંદ અનુભવ્યો હતો તે દુઃખની ગર્તામાં ડૂબી ગયા. આનંદથી ઝળકતાં મુખો ચીમળાઈ ગયાં, નિરાશ અને નિર્બળ બની ગયાં. પોતાની આસપાસ ઉભેલા લોકોના મુખ જોવા માટે રામે પોતાનું મસ્તક ઊંચું કર્યું નહિ. સીતાના નિવાસ-ખંડ તરફ ગયા.

## અધ્યાય ૧૨

## સીતા આગ્રહ કરે છે અને જીત મેળવે છે

સીતા પ્રવેશ-દ્વાર પર મીટ માંડીને રાહ જોતાં હતાં, કારણ કે-કૈકેયીના ભવનમાં શું બન્યું તે જાણવા તે ઉત્સુક હતાં, અને રાજ્યાભિષેક માટેનું શુભ મુહૂર્ત ઝડપભેર પાસે આવી રહ્યું હતું, અને છતાં હજી રામ પધાર્યા ન હતા, તેમણે જાગરણનો અને ઉપવાસનો વિધિ પૂરો કર્યો હતો, અને રાજયાભિષેકના ખંડમાં પોતાના સ્વામી સાથે જવામાં વિલંબ ન થાય તેટલા માટે તેમણે ચંદન-રસની, પુષ્પોની, અક્ષતની, અને બીજાં દ્રવ્યોની થાળી તૈયાર રાખી હતી. રામના આગમનની આકાક્ષામાં તેમનું હ્રદય જોરથી ધબકી રહ્યું હતું. આવતા વિજય સમયની આકાંક્ષાથી બધી દાસીઓનું, પરીચારકોનું હ્રદય આનંદ-વિભોર બની ગયું હતું. રામ આવે ત્યારે તેમની આરતી ઉતારવા માટે હાથમાં પ્રકાશતા પ્રદિપો લઇને સુંદર કન્યાઓ તૈયાર હતી. અપૂર્વ સુંદતાથી પ્રકાશતા સુશોભિત ખંડમાં રામે ઓચિંતો પ્રવેશ કર્યો. અગાઉથી તેમણે ખબર મોકલી ન હતી. તેમનું મસ્તક નીચે ઢળેલું હતું તેમના પગ ઉઘાડા હતા.

દરેક જણને આઘાત થયો. સીતા પોતાના સ્વામી તરફ આગળ આવ્યાં. પોતે જે જોયું તે ભાગ્યેજ તે માની શકે તેવું હતું. પવનથી કંપતા પાંદડાની પેઠે, તેનું શરીર ધ્રુજી ગયું. તેમણે પોતાના હોઠ કરડયા. તે પોતાના આશ્ચર્યને ગળી ગયાં અને બોલ્યાં, "સ્વામી, આ બધાનો શો અર્થ છે ? તમે કેમ આવા બની ગયા છો ? તમે કહ્યું હતું કે-આજે દેવોના ગુરૂ બૃહસ્પતિનો વાર છે; તે બહુ શુભ દિવસ છે, પુષ્ય નક્ષત્ર છે, અને આજે તમારો યુવરાજ તરીકે રાજ્યાભિષેક થવાનો છે. તમારા દિવ્ય રીતે મનોહર દેહ ઉપર રત્ન-જડિત, મોતી-જડિત, તેજસ્વી સુવર્ણ જડિત ધવલ રાજછત્ર કેમ લોકોએ ધારણ કર્યું નથી ? ચંદ્ર સમાન તેજસ્વી, વિશુદ્ધ પીંછાંવાળું ચામર ક્યાં ગયું ? તે આજે કેમ તમારી સાથે નથી ? તમે રાજ્યસભામાં જાઓ છો, ત્યારે રાજ-ગાયકો કેમ શાંત છે. કેમ તમારાં સ્તુતિ-ગીતો ગાતા નથી ? હે સ્વામી, વેદ-વિદ્યામાં નિષ્ણાંત બ્રાહ્મણોએ તમને પવિત્ર મધનો અને દહીંનો લેપ કેમ કર્યો નથી ? રિવાજ પ્રમાણે મંત્રીઓ, ખંડિયા રાજાઓ, અને રાજ્યના વિવિધ પક્ષોના આગેવાનો કેમ તમારી પાછળ ચાલતા નથી ?

ભવ્ય રાજ-હાથી શત્રુંજય જે પર્વત જેવો વિશાળ-કાય છે, જેને જોઈને લોકો એમ માનવાની ભૂલ કરે છે કે-આ તો માર્ગ પર વહેતું કાળું વાદળ છે, તે તમારા આગમનની જાહેરાત કરતો આજે તમારી આગળ કેમ ચાલતો નથી ?"

જ્યારે સીતા આ પ્રકારના પ્રશ્નો પૂછી રહ્યાં હતાં,ત્યારે તેમનો જવાબ કેવી રીતે આપવો તેનો નિર્ણય રામ કરી શક્યા નહિ. તે એવી બાબત ન હતી કે જેનું સ્પષ્ટીકરણ જલ્દી થોડાક શબ્દોમાં થઈ શકે એટલે અંદરના ખંડમાં જઈને, સીતાને પોતાની પાસે ખેંચીને રામ બોલ્યા, "સીતા પૂજ્ય પિતાએ આ શુભ મુહૂર્ત ના સમયે મને વનમાં મોકલવાનો નિર્ણય કર્યો છે. એટલે તેમની આજ્ઞાનું તત્કાલ પાલન કરવું એ જરૂરી બની ગયું છે." સીતાએ તે શબ્દો સાંભળ્યા પણ તેમને તે સાચા માની શક્યાં નહિ. તેમણે પૂછ્યું, "હે સ્વામી, આ વનવાસની શિક્ષા માટે યોગ્ય બનવા તમે શો ગુન્હો કર્યો છે ? દશરથ ધર્માત્મા છે. ન્યાય કારણો સિવાય તે આ પ્રકારની આજ્ઞા કદી કરે નહિ. આ વનવાસની આજ્ઞાનો સાચો હેતુ, આંતરિક અર્થ શો છે ?"

રામે તે પ્રશ્ન પ્રત્યે સ્મિત કર્યું અને જવાબ આપ્યો, "સીતા, ઘણા સમય પહેલાં પિતાએ કૈકેયી માતાને બે વરદાન આપવાનું વચન આપ્યું હતું. પણ અત્યાર સુધી તે વચન પાળવામાં આવ્યું ન હતું. અત્યારે સુધી કૈકેયી માતાએ પણ વરદાનની માગણી કરી ન હતી. આજે તેમણે તે બંને વરદાન માગ્યાં છે. એક તો, ભરતને યુવરાજ તરીકે ગાદી અપાવી જોઈએ અને બીજું, મારે વલ્કલ-વસ્ત્રો ધારણ કરીને, માથે જટા રાખીને ચૌદ વર્ષ સુધી વનમાં જવું જોઈએ. પિતા પરમ ધર્માત્મા છે. તે કદી વચન-ભંગ કરતા નથી. એટલે તેમણે ધર્મ આગળ માથું નમાવીને સંમતિ આપી. મને એમ લાગતું હતું કે વિદાય લેતા પહેલાં મારે તને ન મળવુ તેં ખૂબ પૂજ્ય કુટુંબમાં જન્મ લીધો છે. તું નીતિના બધા નિયમો અને લક્ષ્યો જાણે છે, તેમની મોટી કિંમત આંકે છે ઉચ્ચતમ નિતીના આંતર રહસ્યોના સ્વામી, મહારાજા જનક તારા પિતા છે. તું પણ સ્થિરતા-પૂર્વક ધર્મના માર્ગે ચાલે છે. મારે આજે જ વનમાં જવાનું છે. ઘણી પેઢીઓથી વારસામાં મળેલું આ રાજ્ય દશરથે ભરતને આપ્યું છે. આજથી તે  રાજ્યનો રાજા બન્યો છે. તેનો રાજ્યાભિષેક થયા પછી તરત જ તે તારી પાસે તારા આશીર્વાદ લેવા આવશે. મારા

ભાઈ આગળ મારી પ્રશંસા ન કરીશ. મને વનમાં મોકલવામાં આવ્યો છે તે બદલ તું તેની આગળ જરા પણ શોક કે નાખુશી ન બતાવીશ તેનું અપમાન ન કરીશ, તેના પ્રત્યે ધૃણા ન કરીશ. જે લોકો પોતાને પૂજે છે અને પોતાની સેવા કરે છે તેમની જ રાજાઓ કદર કરે છે. માટે મારી પ્રશંસા ન કરીશ અને તેનો તિરસ્કાર ન કરીશ. એ મારો ભાઈ છે, તારો દિયેર છે. પણ તે તો માત્ર શારીરિક સગાઈની બાબત છે. રાજત્વની દ્રષ્ટિએ જોઈએ, તો ભરત તારો અને મારો રાજા છે. તેને યોગ્ય માન તું આપજે. શબ્દ કે કાર્ય વડે તેને નાખુશ કે દુઃખી ન કરીશ. હે સુંદરી, માત્ર ભરતની જ નહિ, પણ પિતાની આજ્ઞાઓનું પાલન કરજે. ખૂબ દુઃખી બનેલા કૈકેયી માતાની પણ સેવા કરજે, કારણ કે હવે હું વિદાય થાઉં છું. તેમના દુઃખને દૂર કરવા માટે બધું જ કરી છૂટજે. તારે બીજી બે માતાઓને કૌશલ્યા અને સુમિત્રાને પણ તેમની આજ્ઞાઓ માથે ચઢાવીને રાખવાનાં છે. સીતા, ભરત અને શત્રુઘ્ન મને પ્રાણ સમાન વહાલા છે. તે તારા જ ભાઈઓ હોય તેવો વ્યવહાર તેમની સાથે રાખજે, તેમનું તારા પોતાના પુત્રો હોય તેમ પાલન-પોષણ કરજે. હે સુંદરી, હું અહીં નથી તે કારણસર આ સ્થાન છોડીને તું મિથિલા જઈશ નહિ. અયોધ્યામાં જ રહીને માતા-પિતાને આશ્વાસન આપજે, તેમનું દુઃખ દૂર થાય તે રીતે તેમની સેવા કરજે. કાળજી-પૂર્વક અને પ્રેમ પૂર્વક તેમને આશ્વાસન, હિંમત અને સંતોષ આપજે."

જ્યારે રામ સીતાને તેની ફરજો વિષે ખ્યાલ આપી રહ્યા હતા, ત્યારે, તે પોતાના હાસ્યને સમાવી શક્યાં નહિ. રામની દલીલોએ જે વળાંક લીધો હતો તેથી સીતામાં શરમની લાગણી ઉદ્ભવી. લાંબા વખત સુધી તે મૌન રહી શક્યાં નહિ. તે બોલ્યાં, "રામ, રામ, તમે દશરથના પુત્ર છો. મેં કદી તમારા મુખમાંથી તે વંશને ન છાજે તેવા શબ્દો સાંભળ્યા નથી. માતાએ, પિતાએ, ભાઇએ, બહેને, પુત્રે, પુત્ર-વધુએ દરેક જણે પોતે કરેલાં પુણ્ય-પાપ અનુસાર સુખ-દુઃખ ભોગવવાં પડે છે. પણ પત્નીનું એક ખાસ સદ્ભાગ્ય કે દુર્ભાગ્ય હોય છે. અર્થાત્ જે સુખ દુઃખ માટે પોતાનો પતિ જવાબદાર હોય છે, તેમાં તેનો ભાગ હોય છે. પતિના સુખ-દુઃખનો ભાગ તેને મળતો હોય છે. એટલે જો દશરથ રાજાએ તમને વનમાં જવાની આજ્ઞા કરી હોય, તો તેમણે મને પણ વનમાં જવાની આજ્ઞા કરી

હોય, તો તેમણે મને પણ વનમાં આજ્ઞા કરી જ છે. માતા-પિતાએ પુત્રીને ઉછેરીને મોટી કરી હોય; તેનો પુત્ર તેને પૂજ્ય માનતો હોય, તેની દાસીઓ તેની સેવા કરતી હોય; પણ તેઓ તે નારીની ઢાલ કે આધાર કદી બની શકતાં નથી. તમે જે રમકડાં અને ક્ષુદ્ર ચીજો વડે મને ખાતરી કરાવવાનો પ્રયત્ન કરો છો, તેમનાથી મારામાં રમૂજ-વૃત્તિ પેદા થાય છે. મારા લગ્ન પહેલાંનાં વર્ષો દરમિયાન, મારા પિતાએ મને મારી ફરજો વિષે બોધ કર્યો હતો, જે ફરજોએ મને દોરવણી આપવાની છે અને જે ફરજોથી હું બંધાયેલી છું હું અજ્ઞાની નથી, મારામાં સત્તા-લાલસા નથી. અને તે કરતાં જે વધારે મહત્વની વાત છે તે હું તમને કહીશ. અમુક અભિપ્રાય મારો છે-તે કારણે હું તેને ઝનુની રીતે ચીટકી રહેતી નથી. મારી ખાસ ફરજ પ્રત્યે તમારે અંગુલિ-નિર્દેશ કરવાની જરૂર નથી, કારણકે હું મારી બધી ફરજો જાણું છું, જો હું અહીં રહેવાનો નિર્ણય કરૂં, તો જ તમારે મને મારાં સાસુ-સસરાની નણંદની, અને અયોધ્યાના રાજાની સેવા કેવી રીતે કરવી તેમને કહેવાનું રહે છે. પણ જો હું તમારી સાથે જ આવું, તો પછી મને બીજાઓની સેવા કરવાની તક કે જરૂર ક્યાં રહેવાની હતી? હું ખૂબ આનંદ-પૂર્વક તમારી સાથે આવું છું.ઘણા વખતથી મને થોડાંક વર્ષ વનમાં ગાળવાની અપૂર્ણ ઈચ્છા હતી. હવે મારા સ્વામીના સંગમાં તે ઈચ્છા સંતોષવાની તક મને મળી ગઈ તે મારૂ સદ્ભાગ્ય છે. જો તમે આ મહત્વની બાબતમાં મારે મારો અભિપ્રાય વ્યક્ત કરવો નહિ એવો આગ્રહ કરશો, તો તે હું સાંભળવાની નથી. તમારી આજ્ઞાનું હું પાલન નથી કરતી તેથી ક્રોધ ન કરશો. માણસ જેમ એક ઘૂંટડો પાણી પીને તે પ્યાલામાં વધેલા પાણીને ઢોળી દે છે. તેમ, તમે મને એક બાજુએ હડસેલી દો તે ન્યાય્ય અને યોગ્ય નથી. માનો, હું અયોધ્યામાં એક ક્ષણ પણ રહેવાની નથી. મને તમારી સાથે લઈ જાઓ."

એમ બોલીને સીતા રામને પગે પડ્યાં, તેમણે રામના પગ જોરથી પકડી રાખ્યા. તે બોલ્યાં, "તમારો રાજ્યભિષેક ન થયો તેનું મને જરા પણ દુઃખ નથી. તમારો રાજ્યાભિષેક થાય કે ન થાય, પણ તમે મને વહાલા છો. તમે જેવા છો તેવા જ મારૂં સામ્રાજ્ય છો, ત્યાં મારો નિધિ છે, ત્યાં મારો યશ છે." સીતાએ એવી પ્રાર્થના કરી. રામે કહ્યું, "વનમાં ઘણા ભયો અને જોખમો હોય છે, વનમાં જંગલી પશુઓ, જંગલી લોકો,

રાક્ષસો, આક્રમણખોરો, અને લુંટારાઓ હોય છે, ત્યાં નદીઓમાં આવેલાં પૂરનો સામનો કરવાનો હોય છે, કાંટા-ઝાંખરાંમાં ચાલવાનું હોય છે. તું કોઈ દહાડે પગે ચાલીને ફરી નથી; એટલે વનમાં તું ખૂબ થાકી જઈશ. ત્યાં ત્યારે અનેક ભીતિઓમાંથી અને ચિંતાઓમાંથી પસાર થવું પડશે." પણ તેમના શબ્દોની સીતા પર કશી અસર થઈ નહિ. તેમણે જવાબ આપ્યો, "સ્વામી, પશુઓ ગમે તેટલાં જંગલી હશે, વન ગમે તેટલું ગાઢ અને ભયંકર હશે, પણ જ્યારે તમે મારી પડખે હશો ત્યારે તે મને શી ઈજા કરી શકવાનાં હતાં ? હું વનના માર્ગો પર ચાલી શકીશ, તેમાં મને કશી મુશ્કેલી નહિ પડે. જો તમે મને તમારી આગળ ચાલવાની અને તમારે માટે માર્ગને કાંટા પથરા વગરનો બનાવવાની રજા આપશો, તો હું વધારે સુખી થઈશ. તમારી તે સેવા કરીને હું સુખી બનું તેટલા માટે તમે મને તમારી સાથે આવવાની રજા આપો. અહીં અયોધ્યામાં અંત:પુરમાં રહેવાથી મને તમારી સેવા કરવાની તક નહિ મળે. પરિચારકો અને નોકરો તમારી બધી સેવાઓ અહીં કરી લેતા હતા તેથી મને દુઃખ અને ચિંતા થતાં હતાં. વનમાં તમારી સાથે કોઈ પરિચારક કે સેવક નહિ હોય. એટલે તમારી સેવા કરવાથી મને બહુ સુખ પ્રાપ્ત થશે, તે મારૂં એક પરમ સદ્ભાગ્ય છે સ્વામી, મારા જીવનને ધન્ય બનાવો, મને તે યશસ્વી તક આપો." પોતાની પ્રત્યે દયા અને ન્યાય બતાવવા માટે સીતાએ રામને ખુબ આજીજીઓ કરી. રામ કરૂણાથી સંચાલિત બની ગયા. તે બોલ્યા, "સીતા, વનના જીવનથી સુખી નહિ બને. આગામી દિવસોમાં તારે બહું દુઃખ ભોગવવાનું છે." રામે જંગલના ભયોનું અને ત્યાં અનિવાર્ય રીતે આવી પડતાં દુઃખોનું વર્ણન કર્યું. પણ સીતા મક્કમ રહ્યાં. તે બોલ્યાં, "તમારા વ્રતોનાં પાલનમાં હું તમને કોઈ અવરોધ નહિ કરૂં. તમારા શબ્દો પરથી હું એવું અનુમાન કરૂં છું ? તમે મારાથી કંઇક છુપાવી રહ્યા છો, કોઈક વાંધાને મારી આગળ પ્રગટ કરવા તમે માગતા નથી. બ્રહ્મચારીને પાળવાનાં અંગત તપસ્યાનાં વ્રતો હું તમારી સાથે પાળીશ. હું પણ ફળ-મૂળનો આહાર કરીશ. હું અત્તરોનો ઉપયોગ નહિ કરૂં, આપણે માત્ર વનમાં પુષ્પોની સુગંધ જ લઈશું. જે ઇક્ષ્વાકુ કુળે લાખોને જોખમમાંથી અને સંકટમાંથી બચાવી લીધા છે તે વંશના તમે નબીરા છો. તમે શું રાક્ષસોથી, જંગલી પશુઓથી મારી રક્ષા નહિ કરી શકો ? હું તમને જરા પણ તકલીફ નહિ આપું, મારે માટે

તમારે જરા પણ ફિકર-ચિંતા કરવાની નહિ રહે. સ્વામી, હું તમને અનુસરીશ જ હું તમારા ચરણો આગળ ઊંઘી જઈશ; તેથી મને અતિશય આનંદ થશે. રામ, હું તમારા સિવાય બીજા કોઈને જાણતી નથી, માનતી નથી. તમારા સિવાય હું એક ક્ષણ પણ જીવી શકીશ નહિ. ઠીક, જો તમે મને અયોધ્યામાં મૂકીને વનમાં એકલા જવાના તમારા નિર્ણયને વળગી રહેશો, તો તમે વનમાં પહોંચશો ત્યાર પહેલાં સીતા પોતાનો છેલ્લો શ્વાસ લેશે. આ વાત સાચી માનજો."

આ શબ્દો બોલતાં-બોલતાં સીતાની આંખોમાંથી અશ્રુ-પ્રવાહ વહેવા માંડ્યો, તેમને શાંત પાડતાં રામ બોલ્યા, "સીતા, તું ધર્મની ચુસ્ત અનુયાયી છે. તારે આ સ્થાનમાં રહીને ધાર્મિક ગુણોનું પાલન કર્યા કરવું જોઈએ. તારી ઇચ્છા અનુસાર તારે ન વર્તવું જોઈએ. મરજી મુજબ વર્તવાની સ્વતંત્રતા તને નથી. મારી આજ્ઞાનું પાલન કરવું એ તારો ધર્મ છે. માટે તારો આ વિચાર છોડી દે, તારા ભલા માટે જ હું આમ કરી રહ્યો છું. તારી રક્ષા કરવી એ ચોક્કસ મારે માટે બોજા-રૂપ બની જશે. ઉંચા પર્વતોના શિખરો પરથી વહેતી નદીઓ, ગુફાઓમાં રહેતાં જંગલી પશુઓ, ખીણોમાં અને ટેકરીઓ પર કોઈ પણ અવરોધ વગર, વિચારતા સિંહો અને વાઘો-વનમાં આ બધાને જીતીને તારી રક્ષા કરવી પડશે. પૂર આવેલી નદીઓને પાર કરવી પડશે. મોટી ટેકરીઓ અને શિલાઓ પરથી આપણે નીચે કૂદકા મારવાના રહેશે. આ બધી મુશ્કેલીઓનો વિચાર કરીને જ મારે તને નિશ્ચયાત્મક શબ્દોમાં અહીં રહેવાનું કહેવું પડે છે, તારે જટાઓ રાખવી પડશે અને વલ્કલનાં વસ્ત્રો પહેરવાં પડશે. અમારે પુરુષોને સાયં-સંધ્યા માટે કોઈ નદીએ કે તળાવે જવું પડશે, તે વખતે આવી પડતી વિપત્તિથી તારી કોણ રક્ષા કરશે ? ગમે તેવી કટોકટીઓ આવે, પણ અમે પૂજા-વિધિનો ત્યાગ ન કરી શકીએ. તું જાણે છે કે-તે નિયમ અમારે માટે બહુ કડક છે. એટલે રોજ તારે થોડોક સમય એકલું રહેવું પડશે. ક્યારે શું બનશે તે આપણે ન કહી શકીએ."

રામે વનવાસનાં ભય જનક દ્રશ્યોનો સીતાને ચિતાર  આપ્યો; પણ સીતા પર તેની કશી અસર થઈ નહીં, તે બોલ્યા, "રામ જાણે હું કોઈ પછાત ગામડાની ભોળી-ભલી નારી હોઉં તેમ, તમે આ બધી વસ્તુઓ મને શા માટે કહો છો ? હું શાસ્ત્રોનો ઉપદેશોથી

અજાણ એવી અભણ, મૂર્ખ નારી નથી. મને તમારી કુશળતાની અને શક્તિની પૂરેપૂરી ખબર છે. પૃથ્વી પર તમારે માટે કશું જ અશક્ય નથી, અરે ચૌદેય ભુવનોમાં કશું જ અશક્ય નથી. જ્યારે તેવા તમે મારી સાથે હો, ત્યારે મને ભય કેવો ? ઠીક. જો કોઈ જંગલી પશુ મારા પર આક્રમણ કરે અને હું તેનો શિકાર બની જાઉં, તો તમારી હાજરીમાં મરણ પામવાથી હું રાજી થઇશ. ત્યારે હું સુખપૂર્વક મારા પ્રાણ ત્યજીશ. જો મારે તમારા વિયોગમાં જીવવાનું હશે, તો તે જીવન હું કદી પસંદ નહિ કરૂ તમે કહ્યું કે-મરજી મુજબ કોઈપણ કાર્ય કરવાની તને સ્વતંત્રતા નથી. તમે તેનો પુરો અર્થ જાણીને તેમ કહ્યું હતું ? કે પછી મારી પરીક્ષા કરવા  તમે તેમ બોલ્યા હતા ? મને તર્ક દલીલો કરતા આવડતું નથી. હું તમારો અર્ધભાગ છું, તેમ કહેવાનો મારો અધિકાર છે. તમને પણ તેવો અધિકાર છે તે એક સત્ય હકીકત છે પુરી સ્વતંત્રતા તમને પણ નથી, અને મને પણ નથી.તમારો મારા પર જેટલો અધિકાર છે, તેટલો મારો તમારા પર છે. પણ હું મારા અધિકારો કે હકકો માટે દલીલ નથી કરતી હું તો માત્ર તમારી પાસે જ ઝંખું છું તે રહેલી ઝંખનામાંથી મારા શબ્દો બોલ્યા છે."

સીતાના અફર નિશ્ચયને જાણીને રામ બોલ્યા "સીતા તું તારી જાતને અધિકારોની અને હકકોની જટિલતાઓમાં ગુંચવી રહી છે જ્યારે હું વનમાં જઈશ, ત્યારે વૃદ્ધ માતા-પિતા મારે માટે વિલાપ કરશે. તે સમયે તું તેમને મૃદુ શબ્દો વડે ખાતરી આપીને આશ્વાસન આપી શકીશ. તે તારી ફરજ છે, તારે પ્રસંગ ની જરૂરિયાત મુજબ વર્તવું જોઈએ, તું માતા-પિતાની પાસે રહે, તેમની સેવા કર. મને રાજી કરવાનો અને આનંદ આપવાનો તે માર્ગ છે." પોતાનો નિર્ણય આખરી હોય તેમ, આજ્ઞા ના કરતા હોય તેવા અવાજમાં રામ  બોલ્યા, પણ સીતાએ તો માત્ર સ્મિત કરીને જવાબ આપ્યો. "જ્યારે તે માતા-પિતાના પુત્ર જ તેમને ઊંડા શોકમાં મૂકીને ચાલ્યા જાય છે, પોતાના વ્રજસમાન દૃઢ નિશ્ચય  રીંછની પકડથી ચીટકી રહે છે, જ્યારે જે પુત્રને માતા-પિતા ખૂબ જ ચાહે છે. તે પુત્ર બધું છોડીને વનમાં ચાલ્યા જાય છે, ત્યારે કુટુંબમાં એક અજાણી વ્યક્તિ તરીકે પોતાની મરજીથી આ ઘરમાં આવેલી પુત્ર-વધૂની પોતાના પુત્ર વડે ત્યજી દેવાયેલાં માતા-પિતાને આશ્વાસન આપવાની શી જવાબદારી છે? આ વાત પર થોડો વિચાર કરો.

તમે કહ્યું કે-"મારા માતા ખૂબ રડી રહ્યાં હતાં, અને સાથે વનમાં આવવા ઈચ્છતાં હતાં. ત્યારે મેં તેમને આગ્રહ કર્યો કે અહીં રહીને પતિની સેવા કરો; પતિની સેવા કરવી એ પરમ ધર્મ છે. જો તમે પરણેલા પતિનો ત્યાગ તમે જન્મ આપેલા પુત્ર પ્રત્યેના પ્રેમને લીધે કરશો, તો તેથી ઈક્ષ્વાકુ-કુળની કીર્તિને મોટુ કલંક લાગશે." માતાની આગળ તમે ખૂબ મૂલ્યવાન નીતિ-નિયમોનું વર્ણન કર્યું હતું, પણ મારી પાસે આવતા વેંત તમારો તે ઉપદેશ ઊલટો બની ગયો છે. તમે મને કહો છો કે-સાસુ સસરા ની સેવા કરવીએ પરમ ધર્મ છે. બરાબર વિચાર કરો. બેમાં કયો ઉપદેશ સાચો છે પત્ની માટે પતિ એ પરમેશ્વર છે એવું શાસ્ત્ર વિધાન માત્ર કૌશલ્યા માટે જ કરવામાં આવ્યું નથી; તે વિધાન કોઇ પણ અપવાદ વગર, જગતની બધી સ્ત્રીઓને લાગુ પડે છે. સ્પષ્ટ છે કે આ સત્ય તમે ભૂલી ગયા છો, કારણ કે-તે તમારી અત્યારની ઇચ્છાને અનુરૂપ નથી, બંધ-બેસતું નથી. કૌશલ્યા આગળ તમે જે નીતિ-નિયમનુ કથન કર્યું હતું તે મને કેમ લાગુ પડતું નથી. તે સમજાવવા તમે અસમર્થ છો.

તમે ગમે તેટલા લાંબા સમય સુધી દલીલો કરશો; પણ હું પગલા પાછળ પગ મૂકીને ચાલ્યા વગર રહેવાની નથી. તમારી આજ્ઞા ન માનવા બદલ તમે મને મારી નાખો, પણ હું તમારા વગર એકલી નહિ જ રહું. રામચંદ્ર તમે મને કહ્યું કે તરત જ મારા હૃદયમાં આનંદ ઉભરાયો. મને બાલ્યકાળમાં બનેલી એક ઘટના યાદ આવી, તમે મારા તે આનંદની પ્રચુરતા નહિ સમજી શકો મને ખોળામાં લઇ ને મારી માતા ચિંતા કરતી હતી કે-આ દીકરીને કેવો વર મળશે, તે નીતિમાન અને સદ્‌ગુણી હશે કે કેમ, આ દીકરીના નસીબમાં શું લખ્યું હશે ? તે મારા વાળ પંપાળતી હતી. અને વિચાર મગ્ન બની ગઈ હતી. તે જ સમયે દાસીએ આવીને કહ્યું. કે-એક તાપસી તમારી સાથે વાતચીત કરવા ઈચ્છે છે. મારી માતાએ મને ઉચકીને ધીમેથી જમીન પર મૂકી, અને તે તાપસી ને મળવા ગઈ. માતા તેમને પગે પડી અને મને પગે પડવા જણાવ્યું. માતાના કહ્યા પ્રમાણે કર્યું તાપસી અને નખ-શિખ નિહાળીને બોલ્યા, કે-માતાજી, તમારી પુત્રી પોતાનાં પતિ સાથે ઘણા વર્ષ વનમાં ગાળશે; તે સાંભળીને મારી માતા હાસ્ય પૂર્વક બોલી કે હજી પરણી નથી, અને તમે તે પતિ સાથે વર્ષો વનમાં ગાળશે એવી વાત કરો

છો ! પણ તાપસી મૌન ન રહ્યાં, તે બોલ્યાં "લગ્ન પછી તેને પોતાના પતિ સાથે થોડાક વર્ષ વનમાં ગાળવા પડશે." પછી તાપસી જતાં રહ્યાં, ત્યારથી હું ઉત્સાહ-પૂર્વક તે સમયની રાહ જોઇ રહી છું કે-ક્યારે હું પતિ સાથે વનમાં જઈને રહીશ ? મને સુખી કરો. મને તમારી સાથે વનમાં લઈ જાઓ" રામ ને પગે પડીને તે નીસાસા મૂકવા લાગ્યાં.

રામને દયા આવી સીતાને ધીમેથી ઊઠાડી તે બોલ્યા. "સીતા, મારા નિર્ણય નું રહસ્ય હું બીજા કોની આગળ વિશ્વાસ-પૂર્વક ખોલવાનો હતો ? સાંભળ, તુ યુવતિ છે. વનમાં ઘણા આશ્રમો હોય છે, જેમાં તાપસો અને ઋષિ-મુનીઓ રહે છે. મારે તેમની સેવા કરવા અને પૂજ્યભાવ પ્રગટ કરવા તેમની પાસે જવાનું રહેશે. શિકાર કરવા માટે વનમાં આવેલા રાજાઓ અને રાજકુમારો પણ તેમની પૂજા કરવા અને આશીર્વાદ પ્રાપ્ત કરવા તેમની પાસે આવશે. કદાચ તેમની આંખ તારા પર પડશે; પરિણામે જટિલતાઓ અને સંઘર્ષો પેદા થશે. મેં તાપસ વેશ ધારણ કર્યો હશે, એટલે તેમની સાથે યુદ્ધ કરવું તે મારે માટે યોગ્ય નહિ ગણાય. કમથી કમ આ કારણ માટે તારે અયોધ્યામાં રહેવું જોઈએ."

આ વાતનો વિરોધ કરવા સીતા પાસે પોતાનાં ખાસ કારણો હતા. તે બોલ્યાં, "રામ તમે કોઇ સામાન્ય માનવ હોય તમે, આવી કલ્પનાઓ ઉપજાવી કાઢીને તમારે મને છેતરવી ન જોઈએ. જ્યારે તમે મારી પાસે હો ત્યારે શું દેવરાજ ઇન્દ્ર પણ પોતાની આંખો મારી પર નાંખી શકે ખરો? જો તે નાંખે, તો તેજ ક્ષણે બળીને ભસ્મ ન થઈ જાય? ના, તે કારણ સર તમે મને અયોધ્યા નહિ રાખી શકો. આ બાબતમાં તમે તમારી ફરજમાંથી અને જવાબદારીઓમાંથી છટકી જઈ શકશો નહિ. હું તમને બીજી પણ એક વાત કહીશ. જો તમે મારી સાથે નહિ હો, તો મારી શી દશા થશે. મારું નસીબ કેવું હશે? અયોધ્યામાં મને એકલવાયું લાગશે, અને તમે હમણાં વર્ણવી તેવી ઘટનાઓ તો અહીં પણ બની શકે. અથવા મને તમારા સમાગમનું સુખ ન મળવાથી હું દુઃખી બની જઈશ, એટલે મને એકલી છોડીને ન જશો, મને તમારી સાથે લઈ જાઓ, અને તમારી તથા મારીકીર્તિને સદાને માટે સમગ્ર જગતમાં પ્રસરવા દો. મને વધુ કહેવા દો: તમે રામચંદ્ર તરીકે, રામ અને ચંદ્ર તરીકે, બધાને વહાલા છો. હું સીતા અર્થાત્ શીતલ ચાંદની છું. ચંદ્ર

વનમાં હોય અને તેની શીતલ ચાંદની અયોધ્યા માં હોય એ કેવી રીતે બની શકે. બંને સાથે જ રહેશે. અલગ નહિ જો તે બે જુદાં પડે. તો તે એક અકુદરતી વિપત્તિના આવી પડવાની નિશાની છે. જગતને કંપાવી મૂકે તેવી કરૂણ-કથાની અથવા તો તે એવા એક યુગ-પ્રર્વતક પ્રયાસ માટે બને, જેથી દુષ્ટોનો વિનાશ થાય ને ધાર્મિક લોકોને મૃત્યુમાંથી બચાવી લેવાય. અત્યારે એવી કોઈ કટોકટી નજરે પડતી નથી, એટલે આપણો વિયોગ અશક્ય છે. તે બની શકે જ નહિ." પરમ માતા-સીતા આ શબ્દો નિશ્ચયાત્મક અવાજથી બોલ્યાં જાણે કે તે કોઈ વાંધા-વચકાનો સ્વીકાર નહિ કરે.

રામે કહ્યું, "સીતા, કઠણ પથ્થરવાળી જમીન પર સુવું પડશે. વલ્કલ-વસ્ત્રો પહેરવાં પડશે. કંદમૂળ ખાઈને રહેવું પડશે અને તે ખોરાક પણ રોજ મળવો મુશ્કેલ હશે, વર્ષની ઋતુઓ પર કંદ-મૂળનો આધાર છે, જો તે નહિ, મળે તો ત્યારે દિવસો સુધી ભૂખ્યા રહેવું પડશે. વનમાં રાક્ષસો હોય છે, જે  લાખો યુક્તિ-પ્રયુક્તિઓના સ્વામી હોય છે, અને જે આનંદ-પૂર્વક માનવનું માંસ ખાય છે. વનવાસનાં દુઃખોનું પૂરેપૂરૂ વર્ણન કરવું અશક્ય છે. તું આ મુશ્કેલીઓ અને ભયો સહન નહિ કરી શકે. જો તું મારી સાથે વનમાં આવશે. તો લોકો મારો તિરસ્કાર કરશે, મને ગાળો ભાંડશે. માનસ-સરોવરના અમૃત જળ પર જીવનારો સ્વર્ગીય હંસ સમુદ્રનાં ખારાં જળને પીને કેવી રીતે જીવી શકશે? કોમળ પાંદડાવાળા આંબાથી ભરેલા ઊદ્યાનમાં ક્રીડા કરતો કોકિલ નિમી ઘાસ ની જમીન પર કેવી રીતે સુખી અને ચિંતા મુક્ત બની શકશે ? આ બાબતો પર વિચાર કર, તું ઘેર રહે તે સૌથી વધારે ઇચ્છનીય છે."

સીતાએ રામના મૃદુ અને મધુર શબ્દો સાંભળ્યા: પણ તે બધો સમય તે પોતાની આંખો જમીન પર રાખીને આંસુ સારતાં ઉભાં હતાં, તે અવિચલિત અને અવિચાલ્ય સ્તંભની માફક સ્થિર ઉભાં હતાં. તેમનાં આંસુ નીચે ગરીને જમીન પર પડતાં હતાં. રામ તેમનું દુઃખ ન જોઈ શક્યાં; રામે ઉઠાવેલા વાંધોઓનો કોઈ જવાબ સીતાને જડ્યો નહિ, આખરે તેમણે પોતાંની લાંગણીઓ પર કાબૂ મેળવ્યો અને તે દુઃખ ગળી ગયાં. તે બોલ્યાં, હે મારા જીવનના સ્વામી. તમે સર્વ કલ્યાણોના વિધિ છો, તમારા વિયોગમાં મારે માટે સ્વર્ગ પણ ભીષણ નરક છે. માતા-પિતા, ભાઈઓ, બહેનો, સાસુ-સસરા, પુત્રો ગુરૂઓ

સગાં સંબંધીઓ આ બધાં કલ્યાણના તેજોમય વિધિઓ હશે; પણ સ્ત્રીને માટે પોતાનો પતિજ બળનું આનંદનું અને સદ્દભાગ્યનું ઉદ્દભવ સ્થાન છે. પતિ જ પત્નીને સુખ અને આનંદ આપી શકે છે, પતિ સિવાય બીજો કોઇ નારીનો રક્ષક અને માર્ગ-દર્શક નથી; માત્ર પતિ જ તેનો આશ્રય છે. સ્વામી, જ્યારે પતિ તેનાથી દૂર હોય છે, ત્યારે પોતાનું શરીર ઘર, નગરી રાજ્ય, ધન-સંપત્તિના ઢગલા બધું જ શોકનું ઉદ્દભવ સ્થાન બની જાય છે, તે બધાં તેના દુ:ખો મનને આનંદ આપી શકતાં નથી. પતિ દુર હોય ત્યારે મધુરતા કટુતામાં પરિવર્તિત થઈ જાય છે, આનંદ રોગમાં પરિવર્તિત થઈ જાય છે. મારા બધા આનંદો તમારામાં જ કેંદ્રીત થયેલા છે. શરદ ઋતુના પૂર્ણ ચંદ્રની પેઠે પ્રકાશતા આશ્વાસન આપતા મુખનું દર્શન કરતા મને જે આનંદ થાય છે. તે બીજી કોઈ પણ વસ્તુ આપી શકે તેમ નથી. ત્યારે હું તમારી સાથે હોઈશ. ત્યારે પશુ-પંખીઓ પણ મારા સગાં-સંબંધી બની જશે, વન મારી પ્રિય નગરી બની જશે, વલ્કલો રેશમી વસ્ત્રો બની જશે. પર્ણકુટિ મને સ્વર્ગના મહેલ જેટલો આનંદ આપશે. વનની પરીઓ, દેવદૂતો અને વનદેવતાઓ મારાં સાસુ-સસરા બની જશે. તેમની પ્રત્યે હું તેટલી જ પૂજ્ય-બુદ્ધિ રાખીશ, જ્યારે હું તમારી સાથે હોઈશ, ત્યારે ઘાસના પૂળા અને પુષ્પોની, પાંખડીઓ મારે માટે મૃદુ પથારી બની જશે, કામદેવ તેથી વધારેની આકાંક્ષા રાખી શકશે નહિ. તમે, જેમની વાત કરો છો તે કંદ-મૂળ-ફળ દિવ્ય અમૃત જેવાં સ્વાદિષ્ઠ અને પોષક બની જશેં વનનાં પર્વતોનાં શિખરો, મને અયોધ્યાના ટાવરો જેટલું સુખ આપશે. નિસરણીનાં પગથિયાં પર ચઢવા-ઉતરવાની પેઠે, હું એક ઢોલાવ પરથી ઉતરીને બીજા ઢોલાવ પર ચઢીશ. મારે માટે તે સહેલું અને આનંદ-પૂર્ણ બની જશે.

તમારૂં મુખ કમળ જોઈને હું રોજ આનંદની સનેનાટી અનુભવીશ. વળી દરેક પ્રકારે બધા સમય તમારી સેવા કરવાની સોનેરી તક મને મળી રહેશે. જો આ મૂલ્યવાન તક હું ગુમાવી દઉં, તો પછી હું કેવી રીતે જીવી શકવાની હતી ? હે દયા-સાગર મને અહીં છોડીને ન જશો મને તમારી સાથે લઈ જાઓ સાચે જ મારે આવી આજીજીઓ તમારા કાનમાં રેડવાની કશી જરૂર નથી, કારણ કે તમે બધાં પ્રાણીઓમાં વસો છો અને તેમની બધી લાગણીઓને તથા વિચારોને તમે જાણો છો. તમે જાણો છો કે મારૂં હૃદય તમારી

સાથે આવવાની તકને ઝડપી લેવા ખૂબ આતુર છે તો પછી મને દુઃખી કરાવી એ શું તમારે માટે યોગ્ય છે ? સ્વામી, નિરાશ અને દુઃખી બની ગઈ છું. જો તમે મને છોડીને જોશો. તો તમારી કીર્તિને બટ્ટો લાગશે. તમારામાં સર્વ ઉદાત્ત ગુણો છે, તો પછી મારા પર દયા કેમ લાવતા નથી ? તમારા વિયોગમાં શું હું ચૌદ વર્ષ જીવી શકીશ ? હું તમારા વિયોગને એક આંખના પલકારા માટે પણ સહન કરી શકતી નથી. મારી પ્રાર્થનાનો સ્વીકાર કરો, મારા પર થોડી દયા લાવો. જ્યારે હું તમારી સાથે છું. ત્યારે મને ઈજા કરવાની કે મારા પર આક્રમણ કરવાની ધૃષ્ટતા કોઈ પણ માણસ કેવી રીતે કરી શકવાનો હતો ? અરે. કોઈ મારી સામે નજર ફેંકવાની પણ હિંમત નહિ કરી શકે. શું શિયાળ અથવા સસલું સિંહ સામે નજર ફેંકવાની હિંમત કરી શકે ? હું કોઈ સુકોમળ, નિર્બળ વ્યક્તિ નથી. સાચું કહું તો, તમે મૂર્તિમાન કોમળતા છો. પૃથ્વી મારી માતા છે. એટલે પૃથ્વી પર ચાલવાનો મને અધિકાર છે, પૃથ્વી પર ચાલવાનું મારામાં સંપૂર્ણ બળ છે. વાસ્તવિક રીતે, જીવનમાં સુખ તમારો ભાગ છે, દુઃખ એ મારો ભાગ છે. જ્યારે હકીકતમાં એમ છે. ત્યારે તમે તે હકીકતોને શા માટે ઉલટાવી નાંખો છો અને મને નિરાશ કરો છો ? એ બરાબર નથી. હું જાહેર કરૂં છું કે-જે કામ તમે નહિ કરી શકો એમ તમને લાગે છે. તેને હું સહેલાઈ-પૂર્વક, રમતની પેઠે, કરી શકીશ. તમે જાણો છો કે-જે શિવ-ધનુષને પરાક્રમના અભિમાની રાજાઓ ઉચકી શક્યા ન તેને મેં ઉચકીને બાજુમાં ખસેડી દીધું હતું. તમને મારી શક્તિઓમાં શંકા થાય છે તેથી મને આશ્ચર્ય થાય છે. મારી વીરતા અને કુશળતા તમારા કરતાં જરા પણ ઉતરે એમ નથી. એટલે મને રજા આપો, અને ખૂબ આનંદ-પૂર્વક મારી સાથે વનમાં જવાની તૈયારી કરો."

એમ બોલીને સીતા નમન કરીને રામને પગે પડ્યાં. રામને લાગ્યું કે-તેમની ઇચ્છામાં અવરોધ ડાલવાનું ચાલુ રાંખવુંતે અયોગ્ય છે. તેમણે નમતું જોખવાનો નિર્ણય કર્યો. તે બોલ્યા, "સીતા, શોકનો ત્યાગ કર. શોકને વશ બનીશ. તારી ઇચ્છા મુજબ હું તને મારી સાથે લઈ જઈશં વનમાં જવાની તૈયારી ઝડપભેર કરીલે." રામચંદ્રના તે મધુર શબ્દો સાંભળીને સીતા આનંદ-વિભોર બની ગયાં. તેમને અસીમ આનંદ થયો. તે બોલ્યાં, "તૈયારીઓ ? વનમાં રહેવા માટે શી તૈયારી કરવાની હોય ? હું હંમેશાં મારી

જરૂરી વસ્તુ સાથે તૈયાર જ છું, કારણ-કે મને માત્ર તમારી જ જરૂર છે, મારે બીજી કોઈ જરૂરિયાત નથી, હું આ ક્ષણે જ તમને અનુસરૂં છું. તમારામાં મારી બધી જરૂરિયાતો સમાયેલી છે. તમે જાણો છો કે-તમારા સિવાય મારે બીજા કશાની ઈચ્છા નથી." એમ બોલીને સીતા રામનો હાથ પોતાના હાથમાં પકડીને ચાલવા લાગ્યાં. રામે કહ્યું, "સીતા, વિચાર કર ચૌદ વર્ષ સુધી તું અયોધ્યામાં નહિ હોય એટલે જા અને જેમને તેં પ્રેમપૂર્વક અને કાળજીપૂર્વક ઉછેર્યાં છે તે પાળેલા પોપટોને અને પંખીઓને છોડી મૂક અને જેમને પ્રેમ-પૂર્વક પોષી છે તે ગાયો તું બ્રાહ્મણોને આપી દે, જેથી પ્રેમપૂર્વક તેમની સાથે વર્તાવ થાય. વેશભૂષાની અનેક વસ્તુઓ વાહનો અને તું વાપરતી હતી તે બધા પદાર્થો લોકોને વહેંચી દે; નહિ તો તે કાલે નષ્ટ થઈ જશે. તે બગડી જાય તેના કરતાં તેમનો ઉપયોગ થાય તે વધારે સારૂં છે" જ્યારે આ સૂચન કરવામાં આવ્યું, ત્યારે સીતા તરત જ પાંજરા તરફ દોડ્યાં અને પાળેલા પંખીને પ્રેમપૂર્વક કહ્યું કે જાઓ, અમારી પેઠે મુક્ત રીતે સુંદર વનોમાં વિહરો પોતાના હાથ વડે તેમણે ગાંઠો ઉકેલી નાંખી અંતે બધાં પંખીઓને મુક્ત કરી દીધાં. પછી તે ગૌશાળા તરફ ગયાં. તેમણે ગાયોને અનેક સ્વાદિષ્ટ ભોજનો ખવડાવ્યાં અને જે બ્રાહ્મણોને તેમનું દાન કરવાનું હતું તેમની સાથે વાતચીત કરી. સીતાનું મનોહર મુખ આનંદથી પ્રકાશી રહ્યું હતું. વસ્તુઓ દાનમાં અપાતી જોનાર લોકોનાં હૃદય, આગામી વિદાયને કારણે, શોકથી દ્રવીભૂત બની ગયાં. સીતાની વિશાલ હૃદયની ઉદારતા જોઈને અને ખાસ કરીને તો પતિ સાથે વનમાં જવાના તેમના આનંદને જોઈને લોકોની આંખોમાં આંસુ ઉભરાયાં. તેમના આનંદને જોઈને લોકોની આંખોમાં આંસુ ઉભરાયાં. તેમના આનંદને કોઈ-કવિની કલમ વર્ણવી શકે તેમ ન હતું.

તે દરમિયાન પોતાની માતાની રજા લઈને લક્ષ્મણ આવી પહોંચ્યા; ત્રણેય જણે ચાલવા માંડ્યું.

## અધ્યાય ૧૩

## વનવાસમાં પ્રવેશ

રાજમહેલના પ્રાંગણમાં હજારો લોકો એકઠા થયા હતા. તેમને અપાર દુઃખ થતું હતું. તે દરમિયાન મંત્રીએ અંદર જઈને મૂર્છા પામેલા રાજા ને જગાડ્યા. તેણે તેમને બેસાડ્યા અને તેમના આસન પર બરાબર વ્યવસ્થિત કર્યા. તેણે કહ્યું કે- સીતા, રામ અને લક્ષ્મણ તમને મળવા આવ્યાં છે. પિતાની પાસે ઉભા રહીને રામે તેમને પ્રેમપૂર્ણ આશ્વાસન આપવાનું શરૂ કરી દીધું જ્યારે દશરથે  સીતાને અને લક્ષ્મણને જોયા ત્યારે તેમનું દુઃખ અસીમ બની ગયું. તેમણે રામને દ્રઢ આલિંગન આપ્યું, અને તે નીચે જમીન પર ઢળી પડ્યા શોકથી તેમનું ગળું રૂંધાઈ ગયું હતું. તેમણે પોતાના હાથ પોતાની છાતી પર દબાવ્યા અને શોકને  દબાવી દેવા કોશિશ કરી. સીતા અને લક્ષ્મણ દુઃખી રાજા ને જોઈ શકતા ન હતા.

લક્ષ્મણે કૈકેયીને સત્તાની મુદ્રામાં ઉભેલા જોયા.તેમની આંખો ક્રોધથી લાલચોળ બની ગઈ. જાણે તે તેમને ત્યાં જ મારી જ નાખશે તે તેમની આંખોમાં કટારીઓ ચમકતી હતી. પણ રામની ગંભીર શાંત  મુખ મુદ્રા જોઈ તે  તેમણે પોતાના ગુસ્સા પર કાબુ રાખ્યો અને લાગણીઓને શાંત પાડી. તે વખતે કૈકેયી બોલ્યા, "રામ તમે તમારા પિતાને ઊંડા શોકમાં ડૂબાડી રહ્યા છો. તમે જેમ બને તેમ જલ્દી જંગલમાં ચાલ્યા જશો, તો તમારા પિતા જલ્દી ચિંતામુક્ત થઈ જશે, હવે જરા પણ વિલંબ ન કરો. પિતાને સાષ્ટાગ દંડવત પ્રણામ કરીને જાઓ." તે નિદર્ય શબ્દો સાંભળીને દશરથનુ હ્રદય ચીરાઇ ગયું, તે એકદમ બૂમ પાડી ઊઠ્યા, "રાક્ષસી પિશાચિની, તારા શબ્દો કેટલા કઠોર અને વ્રજ સમાન છે," વળી પાછા તે મૂર્છિત થઈ ગયા.  તેજ ક્ષણે સીતા, રામ અને લક્ષ્મણ તેમને પગે પડ્યા. રામ બોલ્યા, "પિતાજી, અમને આશીર્વાદ આપો અને જવાની રજા આપો આ સમય આનંદ પામવાનો છે, શોક કરવાનો નહિ. વધારે પડતી આસક્તિ ની પાછળ-પાછળ દુ:ખ આવે છે, અપયશ આવે છે. હિંમત રાખો, મારા પરના પ્રેમની ભ્રમણા નો ત્યાગ કરો." રામે પિતાના પગ પકડ લીધા.પોતાના ઘૂંટણો પર પડ્યા, લાડ કરીને આશ્વાસન આપવા લાગ્યા.

આંખો ઉઘાડીને દશરથે પોતાના વહાલા પુત્રો પર સ્થિર કરી, મહા મુશ્કેલીથી તે બેઠા થયા. પોતાના હાથોમાં રામના હાથ પકડીને તે બોલ્યા, "હે મારા વહાલા પુત્ર મારા શબ્દો સાંભળ; તુ સંયમી અને વિવેકી છે, ન્યાય શું છે તે તું જાણે છે. માત્ર ન્યાય વસ્તુ જ તારે કરવી તે યોગ્ય છે, કોઈ માણસ બીજાની ખાતર અન્યાય કરે ત્યારે તેના પરિણામો સહી લેવા તે ન્યાય નથી, બરાબર નથી, નહિ ! વારૂ ભવિતવ્યાની લીલા આગળથી જાણી શકાય તેવી નથી; તે એક એવો કોયડો છે કે જેનો ઉકેલ લાવી શકાય નહીં.

રામ વનવાસમાં ન જાય તે માટે રાજાએ પ્રેમપૂર્વક નિર્દોષ પૂર્વક દલીલો પર દલીલો કરવા માંડી.

દશરથ જાણતા હતા કે -રામ નીતિ-નિયમોને જાણે છે, તેમણે તે ચુસ્ત રીતે વળગી રહે તેવા મક્કમ છે, તે પોતાના કાર્યોને સપ્રમાણે ઠેરવે તેવા ચતુર છે, પોતાના નિર્ણયના પરિણામોથી તે ડરે એવા નથી. રામની મુખ મુદ્રા પરથી દશરથ જાણી ગયા કે -તે વનવાસમાં જવા માટે રજા લેવા તૈયાર થઈને આવ્યા છે. જ્યારે તેમણે સીતાને પણ પોતાની સામે ઊભેલા જોયા, ત્યારે તેમણે તેમને પોતાની નજીક બોલાવ્યા જયારે સીતા તેમને પગે પડ્યા, ત્યારે દશરથ મૃદુતા-પૂર્વક તેમના મસ્તકને પંપાળ્યો અને વનવાસના દુઃખોનું વર્ણન કર્યું. તે બોલ્યા, "તારે માટે શ્રેષ્ઠ માર્ગ છે સાસુ-સસરા સાથે અહીં રહેવું અથવા જઈને માતા-પિતા પાસે રહેવું તે. અસહ્ય દુઃખના નિસાસામાંથી તેમના શબ્દો નીકળી રહ્યા હતા. કૈકેયીને જોઈને ક્રોધમાં તેમને પોતાના દાંત પીસ્યા. શોકને ન સમાવી શકવાને કારણે તે બધો સમય માંહીને માંહી ધુધવાઈ રહ્યા હતા.

દશરથને પગે પડીને સીતા બોલ્યા, "પૂજ્ય સસરાજી, મારૂં મન માત્ર રામની સેવા કરવા ઝંખે છે, વનમાં તે સદભાગ્ય મને પૂરે-પૂરૂં પ્રાપ્ત થશે. સાસુ-સસરાની અથવા માતા-પિતાની સેવા તે આનંદ ન આપી શકે જે પતિની સેવા કરવાથી પત્નીને પ્રાપ્ત થાય છે. તેના કરતાં વધારે મોટું સુખ પત્ની માટે બીજું કોઈ નથી. મારો વિરોધ ન કરજો, હું વનમાં જાઉં તેની સામે કશી દલીલો ન કરશો. મને આશીર્વાદ આપો અને રામચંદ્રની સાથે મને મોકલો."

દશરથ સીતાની ઝંખનાને બરાબર સમજતા હતા, તેની કદર પણ કરતા હતા, કૈકેયીને બોધ મળે તે માટે તેમણે સીતાના સદગુણોની ખૂબ ઉત્સાહ-પૂર્વક પ્રસંશા કરી. તે દરમિયાન તે રૂમમાં આવેલી મંત્રીઓની અને રાજ-ગુરૂઓની પત્નીઓ સીતાને વીંટળાઈ વળી. તેમણે પણ વનવાસના દુઃખોનું વર્ણન કર્યું. રાજગુરૂના પત્નીએ સીતા વનમાં ન જાય તે માટે એક વધારે ચતુર બહાનું શોધી કાઢ્યું. તે બોલ્યા, "સીતા, વરદાનોમાં એવું માગવામાં નથી આવ્યું કે-તમારે વનમાં જવું. અહીં રહીને શોકમાં ગરકાવ થઈ ગયેલા સાસુ-સસરાને આશ્વાસન આપવું એ તમારી ફરજ છે. તમે રામ નો અર્ધભાગ છો, નહિ ! વારૂ એટલે બીજા અર્ધભાગના વનમાં જવાથી તમારા સાસુ-સસરાને જે દુઃખ થશે તેને દૂર કરવા માટે તમારે એક અર્ધ ભાગે અહીં રહેવું જોઈએ વળી તમે જયેષ્ઠ પુત્રના-ગાદીના વારસાના અર્ધ ભાગ છો, એટલે રાજ્ય પર શાસન કરવાનો તમારો અધિકાર છે. જો રામ પિતાના વચનને પૂર્ણ કરવા માટે વનમાં જાય, તો તમારે અહીં રહીને રાજ્યનું શાસન કરવું જોઈએ અને માતા-પિતાને આનંદ આપીને રામના યશને ટકાવી રાખવો જોઈએ. રામનાં પત્ની તરીકે તમારી આ ન્યાય ફરજ છે, તે તમારે માટે ભરવા જેવું યોગ્ય પગલું છે."

શરદ ઋતુના ચંદ્ર-કિરણોનો અવાજ જેમ ચક્રવાક-પંખીઓના કાનમાં પડે તેમ, આ શબ્દો મૃદુતા-પૂર્વક બોલાયા હતા, પણ તેથી તો સીતાને દુઃખની ચકરી આવી ગઈ, તે જવાબ આપી શકયાં નહિ.

તે દરમિયાન કૈકેયીને વલ્કલ-વસ્ત્રો અને તુલસી-માળાઓ મંગાવી રાખ્યા હતા. રામ સામે તે વસ્તુઓને રાખીને તે બોલ્યા, "રાજા તમને પોતાના પ્રાણ સમાન વાહલા ગણે છે. એટલે તમને વનમાં ન જવા દઈએ તે પોતાના મસ્તક પર સનાતન અપયશ વહોરી રહ્યા છેતમારા પ્રત્યેની તેમની આસક્તિ તેમને ધર્મ માર્ગ અને સ્પષ્ટ રીતે જોવા દેતી નથી. તે કોઈ પણ સમયે કોઇ પણ સંજોગોમાં તમને એમ નહીં કહે કે-વનમાં જાઓ તેમની રજાની રાહ જોવી એ નિરર્થક છે. એટલે બેમાંથી એક વસ્તુના નિર્ણય કરી લો-તમે અપયશ વહોરીને, અહીં રહીને રાજ્ય કરવા માંગો છો કે વનમાં જઈને ઇક્ષ્વાકુ-વંશને સનાતન કીર્તિ અપાવવા માંગો છો? નિર્ણય કરીને તે પ્રમાણે વર્તો."

કૈકેયી એમ બોલ્યા તેથી રામ રાજી થયા, પણ દશરથના હ્રદયમા તે શબ્દો હથોડાના પ્રહાર વડે ભોકાયેલી અણીઓની પેઠે ખુપી ગયા, તે બોલ્યા, "ખેદની વાત છે મારૂં નસીબ કેવું ક્રૂર છે? આવા કઠોર શબ્દો સાંભળ્યા પછી પણ હું જીવતો રહ્યો છું? એમ બોલીને તે જમીન પર મૂર્છિત બની ઢળી પડ્યા. મૂર્છામાંથી જાગ્યા ત્યારે તેમણે તે સાંભળેલા શબ્દો ને યાદ કર્યા, અને વળી પાછા મૂર્છાના ઢળી પડ્યા. પોતાની પરિસ્થિતિનો સામનો કરવા અશક્ત એવી દશરથની અનાજ ? સ્થિતિને રામ જોઈ શક્યા નહિ, તેમને લાગ્યું કે મારે કૈકેયીનું સૂચન સ્વીકારી લેવું જોઈએ, અને વનમાં ચાલ્યા જવું જોઈએ; હું જેટલો વધારે વહેલો ચાલ્યો જઈશ. તેટલી જલ્દીથી આ બધા સ્વસ્થ બની જશે.

કૈકેયીએ આણેલાં વલ્કલ-વસ્ત્રો તેમણે પહેરી લીધા; બીજું વલ્કલ તેમણે સીતાને આપ્યું. સીતા તેને પોતાના હાથમાં ઝાલી ઉભાં રહ્યાં તેમણે મસ્તકને નીચે નમાવી દીધું, તેને કેમ પહેરવું તે જાણતા ન હતાં, તે વસ્ત્ર તેમને બહુ ટૂંકું લાગતું હતું. વલ્કલ ધારણ કરેલા રામ તેમની પાસે આવ્યા અને ધીમે અવાજે બોલ્યા; સીતાએ કહ્યું કે-"તાપસીઓ જે વલ્કલને સુંદર રીતે ધારણ કરે છે તે પહેરતા મને આવડતું નથી. અમે પહેરીએ છીએ તેવું આ વસ્ત્ર નથી. તે બહુ ટૂંકું છે, તેની પહોળાઇ પણ પૂરતી નથી." રામે તેમને આશ્વાસન આપ્યું ,હિંમત આપી, અને એક બાજુએ લઈ જઈને કહ્યું કે-મેં જેમ પહેર્યું તેમ તું પહેરી લે શરીરની આજુ બાજુ વીંટાળી લે. તે સાંભળી તે તાપસી  તથા રાજમહેલની બીજી સ્ત્રીઓ સહાનુભૂતિના આંસુ સારવા લાગી.

તે સમયે રાજગુરૂ વશિષ્ઠ ત્યાં આવી પહોંચ્યા. તેમણે જે આ દ્રશ્ય જોયું તેનાથી તે દિડમૂઢ બની ગયા. તેમણે પરિસ્થિતિને માપી લીધી. તે કૈકેયી પર તૂટી પડ્યા. તે બોલ્યા, "સીતાએ વલ્કલ-વસ્ત્ર પહેરવાની જરૂર નથી. કૈકેયીએ માત્ર બે વરદાન માગ્યા છે કે-ભરત રાજા બને અને રામ વનમાં જાય. સીતા બધા દરબારી પોશાક પહેરીને, આરામમય જીવન માટે જરૂરી બધી સામગ્રી લઈને વનમાં જઈ શકે છે."

તે સાંભળીને રામે સીતાને પહેરાવેલું વલ્કલ કાઢી લીધું. પણ સીતા આગળ આવીને મુનિને પગે પડ્યાં. તે બોલ્યાં, "ગુરૂજી, અલબત્ત, મેં વલ્કલ ધારણ કર્યું તે માતા

કૈકેયીની ઈચ્છાનુ સીધું પરિણામ ન હતું. મારે મારા સ્વામી ની રીત રસમોને ન અનુસરવી જોઈએ? જ્યારે મારા પતિ તાપસ નું વલ્કલ ધારણ કરે ત્યારે હું વનમાં રેશમી વસ્ત્રો અને રત્ન-જડિત આભૂષણો પહેરૂં તે શું મારે માટે યોગ્ય છે, યશસ્કર છે? એવું વલણ અપનાવવું એ પોતાની ફરજના ભાનવાળી પત્ની તદ્દન અસંભવિત છે, નહિ ! વારૂ એટલે મને વલ્કલ વસ્ત્રો પહેરવાની રજા આપો, જેથી હું મારી પત્ની તરીકેની નીતિમય ફરજ બજાવી શકું."

ધર્મનીતિને ચિટકી રહેવાની ઇચ્છાથી પ્રેરાયેલી એ પ્રાર્થનાને સાંભળીને તે મહાન મુનિની આંખોમાં આંસુ ઉભરાયા. કરુણા પૂર્ણ લથડતે અવાજે બોલ્યા, "સીતા, તું સદગુણોની મૂર્તિ છે, એટલે આવી વિચાર-સરણિ તારામાં પ્રગટે એ સ્વાભાવિક છે. પણ રાજાઓ અને શાસકો તરીકે તમારે અને બીજાઓએ અમુક સિદ્ધાંતોનું પાલન કરવાનું છે, તેમને માન આપવાનું છે. તમારી સાસુ કૈકેયીના વક્ર તથા દુષ્ટ મનને થોડોક બોધ અને ચેતવણી આપવાની જરૂર છે, હકીકતમાં આજે તમારા પતિનો રાજ્યાભિષેક થવાનો હતો. ખુબ પહેલાં અપાયેલાં વચનોને કારણે તથા બીજા સંજોગોના સંયોગીકરણને પરિણામે તે ઘટના સાકાર ન બની, છતાં પણ મારે કહેવું જોઈએ કે-રામને બદલે ભરતનો રાજ્યાભિષેક કરશો એ રાજનીતિની વિરુદ્ધ છે, માત્ર જયેષ્ઠ પુત્રનો જ ગાદી પર અધિકાર છે, બીજાનો નહિ, તેમણે જેમ કર્યું છે તેમ, જો જયેષ્ઠ પુત્ર પોતાની અરજી અનુસાર તે અધિકાર નો ત્યાગ કરે; તો તેમના અર્ધ-ભાગ તરીકે રાજ્ય ચલાવવા ની સત્તા તમારી છે; ત્રીજો કોઈ પક્ષ તે સત્તા ન ચલાવી શકે.

વશિષ્ઠ જ્યારે રાજનીતિના નિયમો સમજાવી રહ્યા હતા, ત્યારે કૈકેયીને ભય થયો, પણ તેમને ખાતરી હતી કે- સીતા રાજ-સત્તા ચલાવવાનો પસંદ નહિ જ કરે. વશિષ્ઠે ખૂબ લાંબા સમય સુધી સીતા ના અધિકારો અને હક્કોનું સમર્થન કર્યું પણ સીતાએ તે વાત પર બિલકુલ ધ્યાન આપ્યું નહિ. તે તેજસ્વી રાજ-વસ્ત્રો પહેરવાં કરતાં તાપસનાં વલ્કલ-વસ્ત્રો પહેરવાની તક માટે વધારે ઝંખતા હતાં. રાજ-ગુરૂની પત્નીને લાગ્યું કે- સીતા કદી પોતાના નિશ્ચયમાંથી ડગશે નહિ. એટલે તેમણે અને બીજી સ્ત્રીઓએ વલ્કલો લઈને, સાચી તાપસોની શૈલીમાં, સીતાને આપ્યાં.

તે દરમિયાન લક્ષ્મણે પણ રામની પેઠે વલ્કલ-વસ્ત્રો ધારણ કર્યા. રામે નિર્ણય કર્યો કે-હવે જરા પણ વિલંબ ન થવો જોઈએ. ત્રણેય જણે દશરથને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. તાપસ-વસ્ત્રો જોઈ તે દશરથ મૂર્છિત બની ગયા. તે ત્રણેય જણે પાસે ઉભેલા કૈકેયીને પણ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પછી તે વશિષ્ઠને અને તેમના પત્નીને પગે પડ્યાં, અને પછી વન તરફ ચાલી નીકળ્યાં.

રાજમહેલના દરવાજા આગળ એકઠા થયેલા અયોધ્યા-વાસીઓએ તેમને તાપસો તરીકે બહાર નીકળતા જોયા. તે બધા ખૂબ રડી પડ્યા, કેટલાક તો મૂર્છામાં પડીને બેભાન બની ગયા. કેટલાક કેવલ નિરાશામાં પોતાનું માથું કુટવા લાગ્યા રાજમહેલના દરવાજા આગળ રામે ફરી વશિષ્ઠ મુનિને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. તેમણે લોકોને કહ્યું કે-સમતા સાચવજો, ધર્મ ને ટકાવી રાખજો; ઘટનાઓના વળાંકથી દુઃખી ન થશો. ચૌદ વર્ષ પછી હું અયોધ્યામાં પાછો આવી જઈશ. વનવાસ માટેની આજ્ઞા તમારા, મારા અને આખા જગતના કલ્યાણ માટે છે."

પછી રામે ગરીબ લોકોને દાન આપ્યું. બ્રાહ્મણોને તેમણે દાનમાં મકાનો, સુવર્ણ જમીન, અને ગાયો આપ્યાં, જેથી તેઓ પુરે પુરી રીતે યજ્ઞ-યાગાદી કરી શકે, વશિષ્ઠ મુનિને તેમણે પ્રાર્થના કરી, "યોગ્ય સમયે વૈદિક યજ્ઞનો કરજો. હે પવિત્ર મુનિ અને ગુરૂ, આ પ્રજાજનો માટે, મારાં માતા-પિતા માટે, તમે જ સાચા માતા-પિતા છો. રાજાને સલાહ અને બોધ આપજો કે-પ્રજાજનોનું પાલન, તેઓ તમારાં પોતાનાં બાળકો હોય તે રીતે, કરે. જ્યારે પ્રજાજનોએ પોતાને માટે કરાયેલી એ પ્રાર્થના સાંભળી, ત્યારે તેઓ દુઃખી બની ગયા, તેમનું હૃદય ભાંગી પડ્યું. કેટલાક લોકો તો આવા રાજકુમાર વડે પોતાનું શાસન થાય તે સદભાગ્યને ગુમાવી દીધા બદલ પોતાને શાપ આપવા લાગ્યા, છાતી કુટવા લાગ્યા, કેટલાકને માથે ઇજા પણ થઇ કેટલાક જમીન પર પડીને રૂદન કરવા લાગ્યા.

તે દરમિયાન રામ નાગરિકો સમૂહ પ્રત્યે વળ્યા, તેમણે પોતાના હાથ જોડ્યા, અને બોલ્યા, "મારા વહાલા પ્રજાજનો, તમે મને પ્રાણ સમાન વહાલા છો, આપણા રાજાએ મને વન-પ્રદેશનું રક્ષણ તથા પાલન કરવા માટે વનમાં મોકલ્યો છે. તે કારણસર તમે

દશરથ રાજા પ્રત્યે વૈર-વૃત્તિ રાખશો નહિ. તેમની દેખભાળ કરજો, અને બધો સમય તેમને માટે પ્રાર્થના કરજો. તેમની આજ્ઞાઓનું ચુસ્તપણે પાલન કરજો અને તમે સુખી બનજો. તમારા મારી પ્રત્યેના પ્રેમને કારણે તમે રાજા પ્રત્યે દ્વેષ ન કરશો, તેમને માટે મનમાં દુભાવના ન લાવશો. મારા વનમાં ગયા પછી જે લોકો રાજા ના સુખ માટે કાર્ય કરશે, માત્ર તેઓ જ મને વ્હાલા છે. તેઓ જ મારા સાચા ભક્તો છે, મને ગમતી વસ્તુ કરે છે. મારી આ ઈચ્છાને પૂર્ણ કરજો, મારા આ શબ્દોને માન આપજો, મને સુખી કરજો. હે મારા વહાલા નગરજનો મારા વિયોગથી મારાં માતા કૌશલ્યા સ્વાભાવિક રીતેજ શોક-નિમગ્ન બની જશે. તેવી પરિસ્થિતિમાં મુકાયેલી દરેક માતાને અસહ્ય પીડા થાય જ. પણ તમે બધા બુદ્ધિશાળી અને સાહાનુભૂતવાળા છો, એટલે તેમને હું આજીજી કરૂં છું કે-તેમના દુઃખને દૂર કરવાના, તેમને આશ્વાસન આપવા ના બધા પ્રયત્નો કરી છૂટજો."

પછી સુમંત્ર મંત્રીને પાસે બોલાવીને રામે કહ્યું, "હે સુમંત્ર, હમણાં જ પિતા પાસે જાઓ. તેમને બોધ કરી શાંત પાડો. તમારે તે કામ કરવાનું છે. "સુમંત્ર બહુ દુઃખી થઈ ગયા. તે મૌન ઉભા રહ્યા. તેમની આંખોમાંથી આંસુ વહેતાં હતાં, તે પોતાના શોકને દબાવી શક્યા નહિ. ડુસ્કાં ભરીને તે મોટેથી રડવા લાગ્યાં. બીજા મંત્રીઓ અને મદદનીશો તેમને શાંતિ આપવા માટે અને હિંમત આપવા માટે પ્રયત્ન કરવા લાગ્યા, પણ તેઓ એટલા બધા દુઃખી બની ગયા હતા કે તેઓ ત્યાં ઊભા રહી શક્યા નહિ. એટલે તેઓ રામની આજ્ઞા મુજબ રાજમહેલમાં ગયા. સમગ્ર નગરી ઊંડા શોક-સાગરમાં ડૂબી ગઈ.

તે દરમિયાન દશરથની મૂર્છા વળી ગઇ હતી. શું બન્યું હતું તેનું ભાન તેમને થયું, 'તે રામ, રામ' બોલી વિલાપ કરવા લાગ્યા, ઉભા થવા માટે કોશિશ કરવા લાગ્યાં. પણ શોકના ભાર ને કારણે ફરી જમીન પર પડી ગયા જ્યારે તે ઊભા થયા ત્યારે તેમણે ચાલવાની કોશિશ કરી. પણ તે ચાલી શક્યાં નહિ તેમના પગ લથડીયા ખાતા હતા.

તે ક્ષણે સુમંત્ર ત્યાં આવી પહોંચ્યા. તેમણે તેમને પકડી લીધા અને આશ્વાસન આપવાનો પ્રયત્ન કરવા લાગ્યા. પણ પોતાના હૃદયમાં જ શોકનું મોજુ ઉભરાતું હતુ; પછી તે રાજાને કેવી રીતે આશ્વાસન આપી શકે? પણ તેમણે રામની આજ્ઞાને યાદ કરી, પોતાની ફરજનું ભાન લાવીને ને શોકના ધુંટડા ને ગળી ગયા અને દશરથ ની પાસે

બેઠા. હજી પણ સુમંત્રની આંખોમાં આંસુ ઉભરાતાં હતાં. લાંબા સમય સુધી તે એક પણ શબ્દ બોલી શકયા નહિ.

દશરથે પોતાની આંખો ઉઘાડી, તેમણે સુમંત્રને પોતાની બાજુમાં બેઠેલા જોયા. અસહ્ય શોકમાં 'રામ' એટલો ઉચ્ચાર કરીને તે પોતાના જૂના મંત્રીના ખોળામાં પડ્યા અને નિસાસા મૂકવા લાગ્યા. પછી તે બેઠા થઈને બોલ્યા, "સુમંત્ર, રામ વનમાં ચાલ્યા ગયા, છતાં પણ મારા પ્રાણ આ શરીરમાંથી બહાર નીકળ્યાં નથી, આ શરીરને ચીટકી રહેવાથી મારા જીવનને શો લાભ થવાનો હતો?" પછી થોડાક શાંત પડીને તે બોલ્યા, "સાંભળો; રામની પાછળ તરત જાઓ. ઝડપથી દોડતા રથમાં બેસીને જાઓ. મારી પુત્રવધૂ સૂર્યના તાપને કદી સહન કરી શકશે નહિ. તેમનાં કમળની પાંખડીઓ જેવાં પગના તળિયાં પર ફોલ્લા પડશે. જાઓ, રથમાં બેસી જાઓ."

## અધ્યાય ૧૪

## વનમાં

દશરથ બોલ્યા, “સુમંત્ર,મારા રામચંદ્ર અડગ વીર છે તે પાછા નહિ વળે. કોઈ પણ તેમને તેમના નિશ્ચયમાંથી ડગાવી શકશે નહિ. તેમ કરવાના પ્રયત્નો નિષ્ફળ જ જશે. આપણા પ્રયત્નોથી આપણે તેમને દુઃખી બનાવીશું. વળી રામ સત્યના અડગ અનુયાયી છે. માટે રથને તૈયાર કરવામાં જરા પણ વખત ન બગાડો, વિલંબ ન કરો. તમે કદાચ તે કયી બાજુએ ગયા તે માર્ગ ચૂકી જશો. મારા પ્રજાજનો રામને અયોધ્યાના માર્ગ પર ચાલતા જોવાનું સહન નહિ કરી શકે."

દશરથે તેમને તરત જ જવાનું કહ્યું તે બોલ્યા, “રથમાં થોડુંક ભાથું અને થોડાક આયુધો લઈ જજો. તે રામને આપી દેજો, સુમંત્ર હું એક વાત કહેવાનું ભૂલી ગયો. મારા કહેવાથી તેમને પ્રાર્થના કરજે કે સીતાને પાછા અયોધ્યા મોકલી દો. તેમને રથમાં બેસાડીને થોડે દૂર સુધી વનમાં લઈ જજો તેમની સાથે તમે વનમાં જજો, જો સીતા જંગલને જોઈને ડરી જાય અને તમને તેની ખબર પડે, તો મારા નામે રામને વિજ્ઞપ્તિ કરજો  કે મિથિલાની તે સુકોંમળ રાજકુમારીને પાછા મોકલી દો. સીતાને યાદ કરાવજો કે-મારી તેવી ઈચ્છા છે. તેમને કહેજો કે મારી ઈચ્છા છે. તેમને કહેજો કે-તમે અયોધ્યામાં આવવા સંમત ન હો, તો રાજા તમને તમારા પિતા જનક પાસે મોકલી આપવાની વ્યવસ્થા કરશે" દશરથે વારંવાર શબ્દોની પુનરાવૃત્તિ કરી અને તેમના દ્રશ્યનું ચિત્ર મનમાં ખડું કરીને તે બેભાન બની જમીન પર ગબડી પડ્યા.

વળી પાછા ભાન માં આવીને તે દુઃખ પૂર્વક બોલ્યા, "સુમંત્ર, વાણીનો અને સમયનો શા માટે બગાડ કરો છો ? હમણાં જ મારા રામને લક્ષ્મણને અને સીતાને મારી નજર સમક્ષ લાવો, મારે તે ત્રણેય જણને જોવા છે. તેમ કરવાનો નિર્ણય કરો અને મને સુખી કરો. જલ્દી જાઓ, વિલંબ ન કરો. તેઓ જ્યાં હોય ત્યાં રથને લઇ જાઓ રથને ઝડપભેર હાંકોં તેમને પકડી પાડો. કદાચ ત્રણ-ચાર દિવસો સુધી રથમાં બેસીને પણ તેઓ મુસાફરી કરી શકશે. તે મુદત પૂરી થાય ત્યારે તેમને નીચે ઉતરવા દેજો, તેઓ દેખાય ત્યાં સુધી તેમને જોતા રહેજો. પછી પાછા આવીને  મને તેમની તંદુરસ્તીના અને

સલામતીના સમાચાર આપજો. હવે જાઓ વિલંબ ન કરો; જાઓ" દશરથે મંત્રીને ઉતાવળથી જવાનું કહ્યું.

રાજાની આજ્ઞાને માથે ચઢાવીને સુમંત્ર તેમને પગે પડ્યા અને રથને મંગાવ્યો. અયોધ્યાના માર્ગે પગે ચાલીને જતા રામને, સીતાને અને લક્ષ્મણને તેમણે પકડી પાડયા. તેમણે તેમને રાજાનો સંદેશો કહી સંભળાવ્યો, તેમને રથમાં બેસાડ્યાં અને પછી તેમણે રથને વનની દિશામાં હંકાર્યો. રાજમાર્ગની બંને બાજુએ નાગરિકો રૂદન અને વિલાપ કરતાં હતાં. સુમંત્રે તેમને પોતાની લાગણીઓ પર કાબૂ રાખવાનું અને શાંત બનવાનું કહ્યું નગરીની હદને ઓળંગીને તેઓ થોડે દૂર ગયાં રાજધાનીના લોકો પીડા-વ્યથિત બનીને રથની પાછળ દોડ્યા. તેમના પગ વડે ઉડતી ધૂળનાં વાદળ આકાશને અડકયાં. ત્યારે માર્ગની કે જમીનની કોઈ નિશાની દેખાતી ન હતી, તે દુઃખી માનવોનું એક વિશાળ મેદાન બની ગયું હતું. વૃદ્ધ લોકોએ, સ્ત્રીઓએ, પુરુષોએ, જુવાન અને બળવાન લોકોએ, બ્રાહ્મણોએ ડૂસકાં  ભરતાં-ભરતાં એક અવાજે બૂમ પાડી કે-"રામ, રામ અમને તમારી સાથે લઈ જાઓ, અમને પાછળ મૂકીને ન જશો." અયોધ્યાના માર્ગો-શેરીઓ ખાલી ખમ હતાં. જાણે આખી નગરી ઊંઘી ગઈ હતી. દરેક છાપરા પર, એક ભારે વજનની પેઠે, અંધકાર પડ્યો હતો.

ચાલી ન શકનાર કેટલાક પુરુષો અને સ્ત્રીઓ, ઝાડના ઠૂંઠાની પેઠે, માર્ગ પર અનાથ ઉભાં રહ્યાં. ઘણા લોકોએ ઘરનાં બારણાં અંદરથી બંધ કરી દીધાં. તેમણે ઘણા દિવસો અંદરથી બંધ કરી દીધાં. તેમણે ઘણા દિવસો વેદનામાં ગાળ્યા. તેમણે ખાવા-પીવાનું છોડી દીધું. રામ વિદાય થયા ત્યારે પોતે જ્યાં હતાં. તે જ જગ્યાએ તેમણે જમીન પર આળોટવા માંડ્યું. કેટલાક લોકો "રાતે રામ પાછા આવશે. તેમને પોતાના વહાલા પ્રજાજનોની દયા આવશે" એમ માનીને રામના પુનરાગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા.

તે દરમિયાન દશરથ બીજાઓની મદદ લઈને એક રથમાં બેઠા તે મોટેથી બૂમો પાડવા લાગ્યા, રામ ! રામ ! સુમંત્ર ! સુમંત્ર ! તમારો રથ થોભાવો. એક વાર મને મારા પ્રેમના નિધિનાં દર્શન કરવા દો." તેમણે ઘોડાઓના વેગને વધાર્યો અને વધુ-ને-વધુ જલ્દી ચાલ્યા. રામની પાછળ જતા લોકો તેમના અને રાજાના રથોની વચ્ચે અટવાઇ

પડયા. કેટલાક તો એટલા બધા થાકી ગયા હતા કે તેઓ જમીન પર પટકાઈ પડ્યા. જ્યારે તેમણે વેગ પૂર્વક દોડતા એક રથને જોયો, ત્યારે રામ પાછા આવે છે કે શું તે જોવા માટે પોતાના મસ્તક ઉંચાં કર્યા, ઊભા થઇને તેમણે તે રથને રોકવાની કોશીશ કરી, જેથી તેઓ પોતાના વહાલા રાજકુમાર રામનાં દર્શન કરી શકે. પણ જ્યારે દશરથના નિસાસા તેમને કાને પડ્યા, ત્યારે તેઓ પણ ડૂસકાં ભરવા લાગ્યા. તેમણે કરુણતા પૂર્વક રાજાને પ્રાર્થના કરી કે-“હે રાજા, જલ્દી જાઓ અને અમારા રામચંદ્રને પાછા લાવો" પછી તેમણે રથને જવા દીધો.

દશરથે નગરીની બહાર, રેતી પર વેગ પૂર્વક ચાલતા રામના રથને જોયો. તેમણે બૂમ પાડી સુમંત્ર, સુમંત્ર ! લગામ ખેંચો, રથને અટકાવો, અને પોતાના સારથીને રથ જલ્દી ઝડપભેર હાંકવાની આજ્ઞા કરી. સુમંત્રે પાછળ નજર ફેંકી અને પોતાના રથની પાછળ આવતા બીજા એક રથને જોયો, તેમણે રામને કહ્યું કે-રામચંદ્ર, દશરથ રાજા આપની પાછળ આવી રહ્યા છે, મને લાગે છે કે થોડોક વખત રોકાઈ જઈને તેમની આજ્ઞા જાણી લેવી તે શ્રેષ્ઠ છે. રામે પણ નાગરિકો વડે ઉડતી ધૂળને અને પિતાના રથને જોયો, તે રથ વેગ પૂર્વક પોતાની પાછળ આવી રહ્યો હતો. તેમને લાગ્યું કે-જો હું અટકીશ, તો તે બધા મને વીંટળાઈ વળશે અને અસહ્ય વેદનાથી પીડાશે, માર્ગની બંને બાજુએ થાકી જઈને બેઠેલા લોકો ઉભા થઈને. મારાં દર્શન માટે આ બાજુ દોડવા લાગશે, કોઈ પણ લાભ વગર તેમની આશા ઉત્તેજિત થશે અને તેથી મેં વધારે ક્રુરતા કરી એમ ગણાશે. તેથી મારા વચનની પૂર્ણતામાં પણ બધા નડશે. જો પ્રજાજનો દશરથના વિલાપો સાંભળશે, તો તેમની નજરમાં હું હલકો પડીશ." આ બધા વિચારો કરીને રામે સારથિ સુમંત્રને કહ્યું કે-રથને રોકવાની જરૂર નથી, રથ ને વધારે વેગ પૂર્વક દોડાવો તે સાંભળીને સુમંત્રે હાથ જોડીને વિજ્ઞપ્તિ કરી." રામ, મારે તમારી સાથે ચાર દિવસ રહેવું એવી આજ્ઞા મળી છે. તે મુદત પૂરી થયે મારે અયોધ્યા પાછા જવાનું છે, મને જોઈને દશરથ રાજા મને ઠપકો આપશે કે-મેં આજ્ઞા કરી, છતાં તે કેમ રથ ઊભો રાખ્યો નહીં ? ત્યારે હું તેમને શું જવાબ આપીશ. કૃપા કરીને મને ચૌદેય વર્ષ તમારી સાથે વનમાં રાખો તેથી હું એમ માનીશ કે-મારું જીવન સુખ પૂર્વક વીત્યું. જો તમે તેમ કરવા સંમત

થાઓ, તો હું રથને ન થોભાવું. તમારી ઈચ્છા મુજબ હું રથને ઝડપભેર દોડાવીશ, કૃપા કરીને આ બાબત મને ફરમાવો."

સુમંત્રે ઉભી કરેલી સમસ્યા પર રામે વિચાર કર્યો. તે બોલ્યા "સુમંત્ર, અમને રથમાં બેસાડીને વનમાં બને તેટલે સુધી દૂર જવાની જેમણે આજ્ઞા કરી હતી. તે તમારા પ્રભુ હતા રાજા હતા, તમારા રથની પાછળ-પાછળ રુદન કરતા આવી રહેલા અને તમને આ રથ અટકાવવાનું કહેનારા પણ દશરથ છે. તમારે શું રાજાની આજ્ઞા માનવાની છે, અને દશરથની નહિ ? તમે રાજ્યના મંત્રી છો, દશરથ નામની કોઇ વ્યક્તિના નહિ. વ્યક્તિઓ તરીકે આપણે પિતા-પુત્રની પ્રેમગ્રંથિથી બંધાયેલા છીએ. પણ રાજા તરીકે તેમની તમારી અને મારી ઉપર સમાન સત્તા છે. તમારી અને મારી તેમની પ્રત્યેની વફાદારી સરખી જ છે. તમારે તમારી ફરજ બજાવવાની છે. જ્યારે તમે તેમની અત્યારે અપાયેલી આજ્ઞાનું પાલન ન કરવા બદલ શિક્ષા કરે, ત્યારે તમે તેમને કહેજો કે-મેં તમારી આજ્ઞા સાંભળી ન હતી. એમ કહેવું તે ખોટું નથી. "એમ કહીને રામે તેમને વધારે ઝડપભેર રથ હાંકવાનું કહ્યું.

રામે તેમને ખાતરી કરાવી આપવા માટે જે નીતિનું પૃથક્કરણનું આપ્યું હતું. તેને સુમંત્ર ઉત્સાહ-પૂર્વક પી ગયા, જ્યારે દશરથે જોયું કે-રામ પોતાનો રથ ઝડપભેર ચલાવી જ રહ્યા છે, ત્યારે તે અટક્યા અને પોતાના નસીબ માટે વિલાપ કરતા અયોધ્યા પાછા ફર્યા. પણ થાકી ગયેલા હોવા છતાં, લોકોએ રામ ની પાછળ-પાછળ જવાનું ચાલુ રાખ્યું, કારણ કે-વ્હાલા રામની પાછળ પાછળ જવાનો તેમનો નિશ્ચય અફર હતો. જે કેટલાક લોકોએ રામને પહોંચવા માટે પોતાના જીવનનો પણ ત્યાગ કરવાની કરી હતી ? તેઓ હાંફતા-હાફતાં ભાંગી પડેલા; તેમના રથની પાછળ ચાલવા લાગ્યા. પોતાની પ્રત્યેના પ્રેમને કારણે રથની પાછળ-પાછળ ચાલતા તે લોકોને રામે જોયા. તેમના હૃદયમાં કરુણા આવી. તેમણે રથને અટકાવ્યો. તે તેમની પ્રત્યે મૃદુ મધુર હૃદય-દ્રાવક શબ્દો બોલ્યા, પરિસ્થિતિની વિવિધ નૈતિક બાજુઓ પર તેમણે વ્યાખ્યાન આપ્યું, અને લોકોને પાછા અયોધ્યા જવા માટે વિનંતી કરી.

તેમણે જવાબ આપ્યો કે-અમારે માટે વિયોગ અસહ્ય દુઃખ રૂપ છે, રામ વગરની અયોધ્યામાં અમે એક ક્ષણ પણ રહી શકીએ તેમ નથી; અમે અયોધ્યામાં જીવવા કરતાં વનમાં મરવાનું વધુ પસંદ કરીએ છીએ, તે લોકોમાંના યુવાનોએ કહ્યું, "જે નગરીમાંથી ધર્મ-મૂર્તિ રામ ચાલ્યા ગયા છે તે અમારે માટે વન કરતાં પણ વધારે ભયંકર છે, અમે તેવા ભયંકર સ્થાનમાં રહેવા ઇચ્છતા નથી. પણ તમે જ્યાં હશો તે અમારે માટે અયોધ્યા છે, અમારા થાકની કે તકલીફની તમે જરા પણ ચિંતા ન કરશો. તમે નિર્ણય કર્યો છે તે મુજબ તમારી પ્રતિજ્ઞાનું ફરજનું પાલન કરો અમે પણ અમારી પ્રતિજ્ઞાનું પાલન કરીશું. પિતાની આજ્ઞાનું પાલન કરવું તેને તમે તમારે પવિત્ર ફરજ ગણી છે. અમારા હૃદયમાં પહેલા રામની ઇચ્છાને માન આપવું તે અમારી પવિત્ર ફરજ છે. આત્મ-રામને, અમારા પ્રભુની સત્તાને અમે વફાદારી-પૂર્વક પૂજીએ જઇએ. અમે અમારા નિશ્ચયમાંથી ડગીશું નહિ. અમે પાછા નહિ જઈએ. માત્ર મૃત્યુ જ અમારો પરાજય કરી શકશે. "ડુસ્કાં ભરતાં ભરતાં નિરાશા પૂર્વક તેઓ એમ બોલ્યા.

પ્રેમના અને વફાદારીના આ શબ્દો સાંભળીને  રામનું દયાળું હૃદય દ્રવીભૂત બની ગયું, સીતા ખૂબ રડવા લાગ્યાં, લક્ષ્મણે પ્રજાજનોના હૃદયમાંથી પેદા થયેલો ભક્તિનો ઊભરો જોયો. રામ પ્રત્યે જરા પણ લાગણી વગરની અપસ્યા  કૈકેયીનો વિચાર આવતાં ક્રોધથી તેમની આંખો લાલચોળ બની ગઈ, લાગણીને લઈને તેમની જીભ બંધાઈ ગઈ તે જમીન પર બેઠા, તેમનું મસ્તક શોકના વિચારોથી ભારેખમ બની ગયું હતું.

રામ ને લાગ્યું કે-લોકોને ગમે તે રીતે સમજાવીને ઘેર પાછા મોકલવા એ શ્રેષ્ઠ છે. તેમણે તેમને આશ્વાસન આપ્યું, સહાનુભૂતિ બતાવી, રોજ-રોજ કરવાની વિધિઓની યાદ આપી અને તે ન કરવાથી થતાં પરિણામો યાદ કરાવ્યાં. તેમણે વન-જીવનનાં સંકટોનું વર્ણન કર્યું, ત્યાં આવતી મુશ્કેલીઓ વર્ણવી બતાવી. તે બોલ્યા, "રોજ કરવાના પૂજા-વિધિઓ ખંડિત ન થવી જોઇએ. તેમ કરવાથી મારો વનવાસ જલ્દી મુશ્કેલી વગર પસાર થઇ જશે. તેમ કરવાથી તમે મને વનમાં શાન્તિપૂર્વક જીવવામાં અને મારા યોગ્ય સમયે સ્વસ્થ રૂપે પ્રત્યાગમનમાં તમે મદદ-રૂપ બનશો."

ત્યાં હાજર રહેલા બ્રાહ્મણ યુવાનોને આ દલીલો વજુદ વગરની લાગી. રામે તેમને આજીજી કરી. "તમારા વૃદ્ધ્ માતા-પિતાને તમારી ભક્તિપૂર્ણ સેવાની ખોટ સાલશે તેમને એકલાં અનાથ છોડવાં એ ખોટું છે." તે સાંભળીને તેઓ બોલ્યા, "રામ, અમારા વૃદ્ધ માતા-પિતા એટલાં બધાં નિર્બલ અને ઉત્સાહ-રહિત છે. કે તેઓ  તમારી સાથે વનમાં આવી શકતાં નથી. તેઓ અહીં સુધી ચાલીને આવ્યાં હતા અને ખૂબ રુદન કરતા કરતા પાછા ગયા હતાં, તેમણે અમને આજ્ઞા કરી છે. કે-"રામની પાછળ જજો, તેમની સાથે રહેજો. કારણ કે-અમે તો ખૂબ નિર્બળ થઈ ગયાં છીએ, પણ તમે તો બળવાન અને જુવાન છો;  જાઓ અને અમારે બદલે તમે રામની સેવા કરજો. તે વૃદ્ધ લોકો અમે તેમનાથી દૂર છીએ તેના કરતાં તમે અયોધ્યાથી દુર છો તે કારણે વધારે દુઃખી છે. પોતાના પુત્રો રામની સાથે છે. જે સદભાગ્ય અમને સાંપડ્યું નથી-એ વિચારથી તેઓ સુખ પામશે. અમને તમે તમારી સાથે લઈ જાઓ, જેથી તે વૃદ્ધ લોકો ખુશી થાય. " એમ પ્રાર્થના કરીને તેઓ રામને પગે પડ્યા અને રૂદન કરવા લાગ્યા.

પ્રેમની અને પૂજ્યભાવની આ સાચા દિલની અભિવ્યક્તિ જોઈને રામ મૌન બની ગયા. પોતાના ગાદી-ત્યાગ કરતાં પણ વધારે ભવ્ય. તે યુવાન બ્રાહ્મણોના ત્યાગને જોઈને રામમાં સનેનાટી વ્યાપી ગઈ. માતા-પિતા પ્રત્યેની ફરજમાં પોતાના કરતાં પોતાના પ્રજાજનો ચઢિયાતા હતા  તે જોઈને રામને અભિમાનની અને હર્ષની લાગણી થઇ, જ્યારે આવી વિજ્ઞપ્તિઓ અને તેમનો અસ્વીકાર ચાલી રહ્યાં હતાં, તેટલામાં પૃથ્વી પર અંધકાર છવાઈ ગયો. એટલે રામે તેમને કહ્યું કે-અંધારામાં પાછા જવાને બદલે આરામ લો અને નાસ્તો કરો.

તેમને તેમ કરવા માટે પ્રોત્સાહન આપવા રામે પાસે વહેતી તમસા નદીમાં સ્નાન કર્યું, થોડા કંદ-મૂળ-ફળ ખાધાં, અને થોડીક વાર આરામ કર્યો. ખૂબ દૂર સુધી ચાલીને આવેલા લોકો એટલા બધા થાકી ગયા હતા કે ભોજન લીધા પછી તેઓ ઘસઘસાટ ઊંઘી ગયા.

રામ જાણતા હતા કે-જાગ્યા પછી તેઓ તેમની સાથે આવવાનો આગ્રહ કરશે. એટલે તેમણે સુમંત્રને જગાડ્યા, અને જરા પણ અવાજ કર્યા સિવાય રથને તૈયાર

કરવાનું અને વેગ પૂર્વક ચલાવી મૂકવાનું કહ્યું, જેથી લોકોને તે કયે માર્ગે ગયા તેની ખબર ન પડે. સુમંત્રે કબૂલ કર્યું કે-તેમ કર્યા સિવાય બીજો રસ્તો નથી. તેમણે રથને એવી રીતે વાંકોચૂકો ચલાવ્યો કે જેથી એમ લાગે કે રથ અયોધ્યા તરફ જ ગયો છે. એવી નિશાનીઓ માર્ગમાં મૂકીને, તે પછી તેમણે રથને વન તરફ ચલાવ્યો.

સવાર થયું અયોધ્યાના નાગરિકોએ ઉઠીને ચારેય તરફ નજર ફેંકી. રાજાના રથનું નામ-નિશાન ન દેખાયું સીતા, રામ, લક્ષ્મણ પણ તેમની નજરે ન પડ્યાં. તેઓ ખૂબ દુઃખી થઈ ગયા. ઊંઘતા લોકોને તેમણે જગાડ્યા. તેમણે જમીન પર રથના પૈડાંની નિશાની શોધી કાઢવા પ્રયત્ન કર્યો. " રામ ! રામ ! બોલીને તેઓ વિલાપ કરવા લાગ્યા. રથનાં પૈડાંની નિશાનીની ખોજ તેમણે ચારેય દિશામાં કરી.

તેમનામાંનો એક જણ બોલ્યો, "ભાઈઓ, આપણે ખૂબ થાકી ગયા હતા અને ઘસઘસાટ ઊંઘતા હતા એટલે આપણને મૂકીને રામ આ સ્થાન છોડીને ચાલ્યા ગયા." ખૂબ થાકનાં ચિન્હો બતાવવા બદલ અને રામને પોતાને છોડીને એકલા ચાલ્યા જવાની તક આપવા બદલ તેઓ પરસ્પર એક-બીજાનો દોષ કાઢવા લાગ્યા. બીજાઓ પોતાને માછલાં કરતા પણ અધમ ગણવા લાગ્યા. તેઓ બોલ્યા કે "પાણી વગર માંછલા જીવી શકતાં નથી. પણ રામ વગર આપણે જીવતા રહ્યા છીએ. આપણને ધિક્કાર છે. આપણે પોતે જ આપણા પ્રિયતમ રામનો વિયોગ આપણા પર લાવી દીધો છે. સર્વ શોકમાંથી મુક્ત કરનાર મૃત્યુને આપણે શા માટે વહોરી લેતા નથી ?" તે બધા વિલાપ કરવા લાગ્યા. પણ થોડા જ વખતમાં તેમને લાગ્યું કે આપણામાં રહેલો આત્મા એ જ રામ છે, એટલે આપઘાતનો વિચાર તો કરી જ ન શકાય, આપઘાત એ પાપ છે. આપણા નસીબમાં આપઘાત કરવાનું લખ્યું હોય, તો જ આપઘાત શક્ય છે. " એટલે કોઈકે સૂચવ્યું કે આપણા બધાનું તે રીતે મૃત્યુ થાય તેવી પ્રાર્થના આપણે નસીબને કરીએ.

આવી કરૂણ ચર્ચાઓમાં અને શંકાઓમાં તેઓ અટવાઇ પડ્યા હવે કયું પગલું ભરવું તે નક્કી કરવા માટે તેઓ આતુર હતા. એટલામાં તેમનામાંથી એક જણ બોલ્યા કે-શુભ સમાચારની વાત તો એ છે કે-રથના પૈડાંની નિશાની બતાવે છે કે-રથ અયોધ્યા તરફ પાછો ગયો છે. " થોડેક દૂર સુધી તેઓ અયોધ્યા તરફ ગયા પણ પછી પૈડાંની નિશાંની

દેખાતી બંધ થઈ ગઈ. શું બન્યું હશે તેનું અનુમાન કરવું તે તેમના માટે અશક્ય બની ગયું. એટલે ગૂંચવાઈ ગયેલા વિચારો સાથે તેઓ પાછા અયોધ્યામાં ગયા.

ઘણા લોકો પોતાની જાતને આશ્વાસન આપવા લાગ્યા કે રામ જરૂર રાજમહેલમાં પાછા આવશે, કારણ કે-તેમણે આપણી દશા નિહાળી છે અને તેમને દુઃખી લોકો માટે કરુણા હોય છે.રામ બે-ત્રણ દિવસ વીત્યા પહેલાં પાછા આવશે. રામ પોતાના પ્રજાજનો પાસે પાછા આવે તે માટે દેવોને પ્રસન્ન કરવા સ્ત્રીઓએ વિવિધ પ્રકારનાં વ્રતો લીધાં અને પૂજાઓ કરવા માંડી.

ચક્રવાક-પંખીઓ કમળ પર જીવે છે. સૂર્યના તાપ વગર કમળ ખિલતાં નથી; એટલે લોકો તે પંખીઓની પેઠે જીવવા લાગ્યા.

જ્યારે લોકો આમ દુઃખ અનુભવી રહ્યા હતા, ત્યારે સુમંત્ર સાથે સીતા, રામ અને લક્ષ્મણ રંગ શ્રુગંવેર પુરની ભાગોળે આવી પહોંચ્યાં. રામે ગંગા-નદીને જોઈ તેમણે સુમંત્રને તરત જ અટકાવવાની આજ્ઞા આપી. તે પાવન નદીના પ્રવાહ આગળ રથમાંથી ઊતરીને તેમણે સાષ્ટાંગ પ્રણિપાત કર્યા.  સીતાએ લક્ષ્મણે અને સુમંત્રે પણ તેમ કર્યું, રામે તેમને કહ્યું કે "ગંગા સર્વ ધન- સંપત્તિનું, સમૃદ્ધિનું, શાંતિનું પ્રચુરતાનું ઉદ્ગમ-સ્થાન છે, ગંગા બધાં પ્રાણીઓને પરમાનંદ અને ઉચ્ચતમ આધ્યાત્મિક વરદાનો આપે છે." પછી તેમણે તેમાં સ્નાન કરવાનો નિશ્ચય કર્યો.

રામ લક્ષ્મણને એવું સ્થાન શોધી કાઢવાનું કહ્યું કે જ્યાં તટપરથી ઉતરીને સીતા સલામતી-પૂર્વક ગંગામાં સ્નાન કરી શકે, વન-પ્રદેશમાં ગંગાના તટો મૃદુ અને કદાવવાળા હતા. એટલે લક્ષ્મણે સીતા સ્નાન માટે આવજા કરી શકે તેવા પથ્થરો અને શિલાઓ ગોઠવી દીધાં, તેમણે પોતાનાં માટે સીતા માતાને તે કામ-ચલાઉ ઘાટનો ઉપયોગ કરવાની વિનંતી કરી. પગ મૂકતાં સીતા ખૂબ કાળજી રાખતાં ગંગામાં પ્રવેશ કરતા પહેલાં તેમણે પણ ગંગા-દેવીને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા,  સ્નાન પછી રામ અને સીતાને ખાવા માટે લક્ષ્મણ જંગલમાંથી કેટલાક ખાદ્ય ફળ લઈ આવ્યા. પૂજ્ય બુદ્ધિ-પૂર્વક તેમણે તે રામ-સીતાને આપ્યા : તેમણે તે ખાધાં.

તે દરમિયાન ત્યાં કેટલાક નાવડીવાળા લોકો એકત્રિત થઇ ગયા. તેમની દ્રષ્ટિ રાજાના રથ પર અને સીતા-રામ-લક્ષ્મણના રાજવી રૂપો પર પડી. તેમણે અનુમાન કર્યું કે-લોકો વન-ભોજન માટે અહીં આવ્યા હશે એટલે તેઓ પોતાના રાજા ગુહ પાસે ગયા અને બોલ્યા કે-કેટલાક રાજ-કુટુંબના મુલાકાતીઓ અહીં આવેલા છે. ગુહે તે મુલાકાતીઓ કોણ હતા અને વનમાં ગંગા-તટે શા માટે આવ્યા છે તે જાણવા માટે એક દૂતને મોકલ્યો.

તે દૂત સમાચાર લઇને આવ્યો કે-તેઓ દશરથ રાજાના પુત્રો છે, અને તેમની સાથે રાજ-કુમારી સીતા અને મંત્રી સુમંત્ર છે ગુહે વિચાર્યું કે-આ પરમ આનંદપૂર્ણ ક્ષણો મારે એકલાએ ન માણવી જોઇએ. તેણે પોતાનાં સગા-સંબંધીઓને સાથીદારોને અને મિત્રોને ખબર આપી કે મહાન રાજકુમાર રામ, પોતાના ભાઈ અને પત્ની સાથે ગંગા-તટ પર આવ્યા છે. તેણે ખૂબ ફળો અને ફૂલો એકઠા કર્યાં, અને તે બધો સમૂહ ખૂબ પૂજ્યભાવ-યુક્ત વિનમ્રતા સાથે ગંગા તરફ આવ્યો. ગુહે ફળો અને પુષ્પો રાજ મુલાકાતીઓ આગળ મૂકયાં અને તે રામને પગે પડયો, તેનાં સગાં-સંબંધીઓએ અને મિત્રોએ પણ રામને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

તેમને બધાને આનંદ-વિભોર બની ગયેલા જોઇને રામે ગુહને પોતાની નજીક બોલાવ્યો અને બધાની કુશળતાના અને સુખ-શાન્તિના સમાચાર પૂછ્યા, તેમણે ગુહને પૂછ્યું કે-અમારો રાજ્ય વહીવટ તમારી જાતિને સમૃદ્ધિ શાળી બનાવવામાં મદદ-રૂપ થાય છે. તો ખરો ને ? ગુહે જવાબ આપ્યો "સ્વામી રામચંદ્ર; તમારાં ચરણોના દર્શનથી અમને અસીમ આનંદ પ્રાપ્ત થયો છે. અમારાં પૂર્વ-જન્મોનાં પુંણ્યોથી અમને આ મહાન સદભાગ્ય પ્રાપ્ત થયું છે. નહિ તો, આ અગમ્ય જંગલમાં તમારા આગમન અને તમારા ચરણ કમળનાં દર્શન વડે આશીર્વાદ પ્રાપ્ત કરવાની આશા અમે કેવી રીતે રાખી શકીએ ? હવે પછી આ પ્રદેશ ચોક્કસ ખૂબ ધન-સમૃદ્ધિ અને શાન્તિ પ્રાપ્ત કરશે, કારણ કે તમારા ચરણ આ ભૂમિ પર પડ્યા છે. તે બાબતમાં કોઈ પણ શંકા ન હોઈ શકે: તે પરિવર્તન આવશે જ."

લક્ષ્મણે, સીતાએ અને સુમંત્રે તેનો સાચા દિલનો આનંદ અને હર્ષાશ્રુ જોયાં. તેની ભક્તિથી, નમ્રતાથી અને ડહાપણથી તેઓ આશ્ચર્ય-ચકિત થઈ ગયાં, તે દરમિયાન ગુહે

રામના ચરણ જોરથી પકડી રાખીને કહ્યું, ""નાથ આ આપનું જ છે, આગેવાન તરીકે મારી જે સમૃદ્ધિ, પ્રદેશ અને સત્તા છે તે અને મારી પ્રજા તમારાં જ છે, તેઓ તમારી આજ્ઞાની રાહ જોઈ રહ્યાં છે તેમનો તમે ધારો તેવો ઉપયોગ કરી શકો છો, તે તમારી સેવામાં હાજર છે, હું તમારો સેવક છું, મને દાસ તરીકે સ્વીકારો, હું જે આપું છું તે બધું સ્વીકારો અને અમે જ્યાં રહીએ છીએ તે નગરી માં પ્રવેશ કરો."

તે વિજ્ઞપ્તિ સાંભળીને રામ સ્મિતપૂર્વક બોલ્યા, ગુહ, તું પરમ ભક્ત છે તું બહુ સદ્ગુણી છે. તારું હૃદય ખૂબ વિશુદ્ધ છે. પણ સાંભળ, મારા પિતાની આજ્ઞા મુજબ મારે તાપસનાં વસ્ત્રો પહેરીને વનમાં પરિભ્રમણ કરવાનું છે હું કોઇ શહેરમાં કે નગરીમાં પ્રવેશી શકું નહિ. મારે માત્ર તપસ્વીઓ માટે નિયત કરેલો આહાર લેવાનો છે. મારે તપસ્વીઓ માટે વિધાન કરાયેલા નિયમો મુજબ જીવવાનું છે, એટલે તારા વડે હમણાં અભિવ્યક્ત કરાયેલી ઇચ્છાને હું પૂર્ણ કરી શકું તેમ નથી."

તે શબ્દો સાંભળીને ગુહ શોક-નિમગ્ન બની ગયો. શ્રુગંવેર-પુરમાંથી આવેલા લોકોનો સમુહ રામના, સીતાના અને લક્ષ્મણના દિવ્ય સૌન્દર્ય વિષે માંહ્યો માંહ્ય ધીરે રહીને વાત કરી રહ્યો હતો. તેમાંના એક ને આશ્ચર્ય થયું કે-આવા સુંદર ભાઈઓના અને દેવી-સમાન સીતાના માતા-પિતા તેમને કેવી રીતે વનવાસ આપી શક્યા હશે ? તે સાંભળીને બીજો બોલ્યો "મૂર્ખ શાંત રહે તે માતા-પિતાએ તો ભલું જ કર્યું છે. જો તેમણે આમને એવી સજા ન કરી હોત, તો આપણને આ દિવ્ય રૂપોનું દર્શન ન થયું હોત. આજે તો આપણી આંખો એક વિરલ ઉત્સવ માણી રહી છે." તે સાંભળીને ઘણાંને સંતોષ અને હર્ષ થયો. એકઠા થયેલા, નિષાદ-જાતિના લોકો રાજ મુલાકાતીઓની પૂજ્ય-બુદ્ધિ પૂર્વક પ્રશંસા કરવા લાગ્યા. તેઓ સીતાના, રામના અને લક્ષ્મણના સૌંદર્યની, કોમળતાની અને મૃદુ મધુર સ્વભાવની પ્રશંસા કરવા લાગ્યા.

રામ નિષાદરાજની રાજધાનીમાં પધારે તે સદ્ભાગ્ય ન મળવાને કારણે ગુહ શોક-મગ્ન બની ગયો. તેને લાગ્યું કે જો રામ નગરી પર નજર ફેંકે. એકવાર જુએ તો સદાને માટે તે નગરીને શાંન્તિ અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય. એટલે તેણે સૂચવ્યું કે-રામે પાસે ઉગેલા એક મહાન ભવ્ય શિશુંપ-વૃક્ષ પર ચઢવું અને નગરી પર દ્રષ્ટિ કરવી. રામ કબુલ થયા.

ગુહે જાણ્યું કે-વૃક્ષ પરથી રામની દ્રષ્ટિ નગરી પર પડી છે. તેથી તે રાજી થઈ ગયો. નગરીને દુરથી જોઇને રામ પણ રાજી થયા. તેમણે નિષાદોને પોતાનો ચરણ-સ્પર્શ કરવાની રજા આપી, અને રાતનો સમય આવી પહોંચ્યો હતો એટલે રામે તેમને પોત-પોતાના ઘેર જવાનું કહ્યું.

પછી રામે સાયં-સંધ્યા કરી લીધી. તે દરમિયાન ગુહ મૃદુ ઘાસના જથ્થા અને કોમળ પર્ણોના સમૂહો લઈ આવ્યો, અને તેમના વડે સુંવાળી પથારીઓ તૈયાર કરી. તેણે પોતાના પ્રજાજનોને વનનાં વૃક્ષો તથા લતાઓ પરથી સ્વાદિષ્ટ તાજાં ફળો લઈ આવવાનું, તેમને પર્ણોના કરંડિયામાં મૂકવાનું કહ્યું જેથી તે તે વસ્તુઓ માનવંતા મહેમાનોને ભેટમાં આપી શકે. સીતાએ, રામે, લક્ષ્મણે અને સુમંત્રે તે ખાદ્યા અને પછી આરામ લેવા અને ઊંઘવા ગયાં.

સીતા ઘાસની સુંવાળી પથારી પર સુઈ ગયાં. રામનો થાક ઉતરે તે માટે લક્ષ્મણ રામના પગ દબાવ્યા લાગ્યા. રામ જાણતા હતા કે-પોતે જાગતા હશે ત્યાં સુધી લક્ષ્મણ પગ દબાવ્યા કરશે. તે ઇચ્છતા હતા કે-લક્ષ્મણ આરામ કરે. એટલે તેમણે ઊંઘી ગયા હોવાનો દેખાવ કર્યો લક્ષ્મણને લાગ્યું કે-હવે વધારે સમય પગ દબાવવાથી રામને ઊંઘમાં ખલેલ થશે; એટલે શાન્તિપૂર્વક તે દૂર ખસી ગયા. ત્યાં તેઓ વીર-મુદ્રામાં બેઠા જેથી તેઓ ચારેય દિશાઓમાં નજર નાંખી શકે અને કોઈ પણ આવતા જંગલી પશુને કે રાક્ષસને આવવા ન દે અને રામની નિદ્રામાં ખલેલ ન કરવા દે. તે પૂરી સાવધાની રાખતા બેઠા.

તે જોઈને ગુહે પણ પોતાના વિશ્વાસુ સરદારોને તે પ્રદેશની રક્ષા કરવાનું અને રામની ઊંઘમાં ખલેલ ન પડે તે બાબત સાવધાન રહેવાનું કહ્યું, ગુહે પોતાના ખભા પર બાણનું ભાથું લટકાવ્યું, હાથમાં ધનુષ તૈયાર રાખ્યું અને ચોકી કરવામાં લક્ષ્મણના ભાગીદાર બનવાની ઉત્સુકતા-પૂર્વક લક્ષ્મણ પાસે બેઠા.

આંખમાં આંસુ સાથે, લક્ષ્મણ આગળ પોતાના બે હાથ જોડીને ગુહે તેમને પૂછ્યું, લક્ષ્મણ હું ધારું છું કે-દશરથ રાજાનો મહેલ દેવોના રાજા ઇન્દ્રના દિવ્ય મહેલ કરતાં વધારે ભવ્ય છે. તે મહેલમાં દરેક વસ્તુઓ મનોહર અને સુંદર છે. સર્વત્ર સુગંધ અને

મધુરતા પ્રસરી રહેલાં છે સુંવાળી પીંછાંની પથારીઓ અને કીંમતી રત્નોથી જડેલા પ્રદીપો રાજમહેલની ભવ્યતામાં અને આરામ માટેની સગવડમાં વૃદ્ધિ કરે છે. ત્યાં પથારીઓ પરની ચાદરો ફીણ અથવા તાજા દૂધ જેવી હલકી બંને છે, ઓશિકાં પણ પથારીઓને અનુરૂપ છે તેવી વિલાસમય પથારીઓમાં સૂવા ટેવાયેલા રામ-સીતા અત્યારે ઘાસના ઢગલા પર સૂઈ રહ્યાં છે; ત્યાં ચાદર કે ઓશીકું નથી; માત્ર શારીરિક થાકને પરિણામે તે ઊંઘી ગયા છે. આ દ્રશ્ય જોઈને મને અસહ્ય વેદના થાય છે, ત્યાં માતા, પરીચારકો અને દાસીઓ અનેક રીતે તેમની જરૂરિયાતોની અને આરામની દરકાર રાખતાં હતાં. ગઈ કાલ સુધી બાદશાહી રીતે રહેનાર રામ-સીતા અત્યારે જમીન પર સૂઈ રહ્યાં છે. ખેદની વાત છે. મારું હૃદય શોકથી ચીરાઈ જાય છે.

"સીતા જગવિખ્યાત જનક રાજાની વહાલી પુત્રી છે, પણ અત્યારે તે સૂકાં ઘાસની પથારી પર સૂઈ રહ્યાં છે  નસીબનો આ કેવો વિચિત્ર પલ્ટો !  શું રામ અને સીતા વન-જીવન માટે યોગ્ય છે ? અત્યારે એ વાત સિદ્ધ થાય છે કે-માણસ ગમે તેવો હોય અને ગમે તેટલો પ્રયત્ન કરે, પણ તેને  કરેલાં કર્મોનું ફળ ભોગવવું જ પડે છે.

કૈકેયી કૈકય રાજાની પુત્રી છે. કોઈની કલ્પનામાં પણ ન આવે કે તે આવું જુલ્મી પાપ કરી શકે. આ બંને એવી ઉંમરનાં છે કે જ્યારે તેમણે સુખ ભોગવવાનું હોય. ત્યારે તેમને આવી કઠોર શિક્ષા ફટકારવીએ કેવું ધિક્કારવા જેવું કાર્ય કહેવાય ! કટ્ટર દુશ્મનને પણ આવું નસીબ ન હજો.

કૈકેયી સૂર્ય વંશરૂપી વૃક્ષનાં મૂળ કાપી નાંખવામાં કુહાડી રૂપ બન્યાં છે. તેમના સ્વાર્થમય લોભે જગતને શોકમાં ડુબાડી દીધું છે. આહ, મારી ભયંકર આંખોને આ કરૂણ દ્રશ્ય જોવાનો વારો આવ્યો ! આ સજાને પાત્ર થવા માટે મેં કર્યું કે તિરસ્કાર પાત્ર પાપ કર્યું હશે કોના સુખી જીવનને જોઈને મારી આંખોમાં અદેખાઈ ઊભરાઇ હશે જેના પરિણામે હું મારા વહાલા રામને આવી દશામાં જોઉં છું.?

ગુહ આ રીતે વિલાપ કરી રહ્યો હતો. તે શોકના ઉભરાને અટકાવી  શકવા અસમર્થ હતો. તેણે પોતાનું મુખ બંધ રાખ્યું. દબાવી ન શકાય તેવા શોકમાં તે મસ્તક નીચું કરીને બેઠો હતો તે જોઈને લક્ષ્મણ શોક મગ્ન બની ગયા.

થોડીક હિંમત એકઠી કરીને લક્ષ્મણ બોલ્યા. "હે નિષાદરાજ, કોઈ પણ માણસ બીજા ને કારણે સુખી કે દુઃખી થતો નથી બીજા કોઈની દ્વારા તે સદ્દભાગ્યને કે દુર્ભાગ્યને પ્રાપ્ત કરતો નથી. તેવાં આડકતરાં સાધનો વડે સફળતા પ્રાપ્ત કરવાની શક્યતા નથી વાસ્તવિક રીતે કોઈ પણ માણસ સુખી કે દુઃખી થતો હોતો નથી. પૂર્વ-જન્મોનાં કરેલાં કર્મોને કારણે અથવા પરમાત્માની પરમ ઈચ્છાથી અને નિર્ણયથી સુખ-દુઃખ અમુક હેતુ માટે આવતા હોય છે. હેતુ સિદ્ધ કરવાની પ્રક્રિયામાં લોકો સુખી કે દુઃખી દેખાતા હોય છે. બસ માત્ર, એટલું જ છે. એક ભિખારી સ્વપ્નમાં પોતાને રાજા બનેલો જુએ છે; એક રાજા સ્વપ્નમાં પોતાને ભિખારી બનેલો જુએ છે. જ્યારે તેઓ જાગે છે, ત્યારે તેમને માલૂમ પડે છે કે પોતાને રાજા બનેલો જુએ છે ત્યારે તેમને માલૂમ પડે છે કે-પોતાના સુખ-દુઃખ અવાસ્તવિક અને સ્વપ્નકાલીન હતાં. તેવી જ રીતે, જગત પણ એક અવાસ્તવિક, ભ્રાન્તિમય સ્વપ્ન છે તે મિથ્યા છે. રામ આવી દશામાં છે. એટલે તમે દુઃખ અનુભવો છો; પણ રામ તો શોકથી અને હર્ષથી અતીત છે. પોતે પૂર્વ-જન્મોમાં કરેલાં પાપ-પુણ્યને પરિણામે, તેમને જોનાર લોકોને રામ સુખી અથવા દુઃખી જણાય છે તમે રામમાં જે શોક કે હર્ષ જુઓ છો તે તમારી પોતાની માનસિક સ્થિતિનું માત્ર પ્રતિબિંબ જ હોય છે." તે સાંભળીને પોતાની જાતને શાન્ત કરી. અને થોડીક વાર પહેલા તેણે કૈકેયી પ્રત્યે જે ક્રોધ કર્યો હતો તેનો ત્યાગ કર્યો. તેને સમજાયું કે-બીજાનો દોષ કાઢવો એ યોગ્ય નથી.

"બધા લોકો ભ્રાન્તિની નિંદ્રામાં પડેલાં છે. તેઓ અનેક પ્રકારનાં સ્વપ્નો જોવામાં મશ્ગૂલ બની ગયા છે. આ રીતે માણસો જીવન-રૂપી રાત્રિને ગાળતા હોય છે. માત્ર આત્મસંયમી યોગીઓજ રાત્રિમાં જાગતાં હોય છે, તેઓ સ્વપ્નોની ભ્રાન્તિમાં પકડાતા નથી કે તેમાં મોહ પામતા નથી. જગતનો અને સાંસારિક પદાર્થોનો તેમને કશો ખપ હોતો નથી. સર્વ ઇન્દ્રિય-સુખોથી અને પ્રલોભનોથી તેઓ વિમુખ હોય છે. જ્યાં સુધી તે સ્થિતિ પ્રાપ્ત ન થાય. ત્યાં સુધી લોકો પોતાને જાગેલા ન કહી શકે. જ્યારે જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને વાસ્તવિકતાનો સાક્ષાત્કાર થાય છે ત્યારે ભ્રાન્તિનાં બંધનો તુટી પડે છે. અને શ્રીરામનાં ચરણકમળોમાં પ્રેમ એકાગ્ર થાય છે." ગુહના મનમાં આ પ્રકારના વિચારો ચાલી રહ્યા હતા. તેમનાથી તેને આશ્વાસન અને બળ મળ્યાં. ગુહે અને લક્ષ્મણે બાકીની

રાત રામના પાર-માનવગુણોનું તથા તેમના નિગૂઢ યશની પરિપૂર્ણતાનું વર્ણન કરવામાં ગાળી.

તે દરમિયાન સવાર પડ્યું એક જણ જ્યાં રામ ઊંઘતા હતા ત્યાં ચોકી કરવા ઉભો અને બીજો પ્રાતઃસ્નાન કરીને પાછો આવ્યો થોડા જ સમયમાં રામે પોતાના અંગો હલાવ્યાં, આંખો ચોળી અને બેઠા થઇને ચારેય દિશાઓમાં નજર નાંખી. તેમણે સીતાને જગાડ્યાં, અને બંને જણા ગંગા-નદી તરફ ગયાં, પ્રાતઃસ્નાન તથા પ્રાતઃસંધ્યા કરીને તેઓ ગુહ અને લક્ષ્મણ પાસે આવ્યાં. રામે લક્ષ્મણને આકડાનાં વૃક્ષના દૂધનો થોડાક રસ લાવવાનું કહ્યું. લક્ષ્મણ જરા પણ બોલ્યા સિવાય પાસેના જંગલમાં ગયા અને થોડા જ સમયમાં પડિયામાં તે રસ ભરી લાવ્યા. રામે ને રસને પોતાના કેશમાં ચોપડયો; તેમના કેશ માટે ભાગે તાપસો રાખે છે તેવી જટામાં પરિવર્તિત થઈ ગયા.

તે જોઈને સુમંત્ર પોતાના ડુસ્કાંને રોકી શક્યા નહિ. જે મસ્તક રત્ન જડિત મુગટ પહેરવાનું હતું તેને જટાઓના ભારથી લદાયેલું જોઈને તેમને આઘાત લાગ્યો, તે વિલાપ કરવા લાગ્યા કે-મારી આંખોનું નસીબ જ આવા કરૂણ દ્રશ્યને જોવાનું છે. તેમનું હૃદય વેદનાથી ચીરાઈ ગયું, રામ પાસે ઉભા રહીને, શોકમાં મસ્તક નીચું નમાવીને, આંખોમાંથી આંસુ વહેવરાવતા સુમંત્ર નમ્રતા-પૂર્વક બોલ્યા, હવે હું વનમાં તમારી સાથે વધુ સમય નહિ રહી શકું. તે અશક્ય બની ગયું છે. મેં રાજાની આજ્ઞાનું પાલન કર્યું છે. નસીબ મને તમારી હાજરીમાં રહેવા દેવા માગતું નથી. રાજાએ મને આજ્ઞા કરી હતી કે-રામને પવિત્ર ગંગા નદીના તટ સુધી રથમાં બેસાડી લઈ જજે અને પછી તેમને ત્યાં છોડીને તું પાછો આવજે આ હકીકત તમને જણાવવી એ મારી ફરજ છે. હવે મારે શું કરવાનું છે તે તમે મને જણાવો."

રામ બોલ્યા, શોક ન કરો. રાજાની આજ્ઞાનું પાલન તે તમારી અને મારી ફરજ છે. તમે તેમની આજ્ઞાનું પાલન કર્યું તેથી હું રાજી થયો છું. હવે પછી તેમણે મને આપેલી આજ્ઞાનું પાલન હું કરીશ. હું તેમની આજ્ઞાનું પાલન ખૂબ પૂજ્યભાવ-પૂર્વક અને વીગતવાર કરીશ, વિલંબ ન કરો, અયોધ્યા પાછા જાઓ ખૂબ ચિંતાપૂર્વક મારાં માતા-

પિતા તમારા આગમનની રાહ જોતાં હશે. તેઓ અહીં સુધીની મુસાફરીનું વર્ણન તમારી પાસેથી સાંભળવા ખૂબ આતુર  છે. એટલે રથમાં બેસીને જલ્દી પાછા જાઓ."

જ્યાં તેમને પાછા જવાનું હતું તે સ્થાનનું ચિત્ર સુમંત્ર મનમાં ખડું કરવા લાગ્યા, કરૂણ રીતે તેમણે આજીજી કરી, "હે રામચંદ્ર, અયોધ્યા એક અનાથ નગરી ન બની જાય તેનો ખ્યાલ રાખજો. તમારી ગેરહાજરીમાં રાજા સ્વસ્થતા જાળવી શકશે નહિ  ભરતને રાજ્ય-શાસન કરવું અશક્ય થઈ પડશે." શોકના ભારથી ચગદાઈ ગયેલા સુમંત્ર રામને પગે પડ્યા. રામે તેમને ઉંચકી લીધા, તેમનો ખભો પકડીને રામ આશ્વાસન આપવા લાગ્યા. "સુમંત્ર, સત્ય કરતાં કોઈ ઉચ્ચતર ધર્મ નથી. તમે જાણો છો કે-વેદો, પુરાણો, મહાકાવ્યો-બધાં એ જ સિદ્ધાંતનું સમર્થન કરે છે. આ કેવું મહાન સદભાગ્ય છે!જો હું આ તક ચૂકી જાઉં અને આ સદભાગ્યને ગુમાવી દઉં, તો મને અને મારા વંશને ત્રિભુવનમાં સનાતન  અપયશ પ્રાપ્ત થાય. ધાર્મિક પુરૂષને અપયશ લાખો મૃત્યુઓ કરતાં પણ વધારે બાળે છે; જાઓ, મારા પિતાને પગે પડીને મારો નિશ્ચય અને મારો હર્ષ તેમને સ્પષ્ટ રીતે જણાવજો. મારે માટે, સીતા માટે, અને લક્ષ્મણ માટે મારા પિતા જરા પણ ચિંતા ન કરે તેની સાવધાની રાખજો."

ગુહે અને તેના અનુયાયીઓએ રામના આ શબ્દો સાંભળ્યા અને તેઓ દુઃખી થયા. જાણ્યા વગર તેઓ આંસુ સારવા લાગ્યા, લક્ષ્મણ તેમના દુઃખને જોઈ શક્યા નહિ. તે દુઃખ પેદા કરનાર લોકો પ્રત્યે તે થોડાક, ક્રોધપૂર્ણ કટુ શબ્દો બોલ્યા, પણ રામને તેમના ક્રોધનો ખ્યાલ આવી ગયો. તેમણે લક્ષ્મણને બોલતા અટકાવ્યા. પછી તે મંત્રી સુમંત્ર તરફ વળીને બોલ્યા, "સુમંત્ર, લક્ષ્મણ હજી નાના બાળક છે. તેમના શબ્દોને કશું મહત્ત્વ આપશો નહિ. તે શબ્દો પિતાને ન કહી સંભળાવશો.લક્ષ્મણને મારા માટે પ્રેમ છે અને તે સીતાના દુઃખોથી વિહ્વળ બની ગયા છે; એટલે તેમનું મન વિક્ષુબ્ધ બની ગયેલું છે. તે આવા શબ્દો બોલે છે, કારણ કે-મને વનમાં મોકલનાર લોકો માટે ગેરસમજ કરે છે, લક્ષ્મણનો સ્વભાવ તો ખૂબ સદ્ગુણી છે." પછી રામ પોતાના ભાઈના સદગુણો વર્ણવવા લાગ્યા.

સુમંત્રે પોતાનો હાથ ઊંચો કરીને, રામને સીતા માટે આજીજી કરી, "હે સ્વામી જાનકી સુકોમળ અને મૃદુ સ્વભાવવાળાં છે. તે વન-જીવનની યાતનાઓ સહન કરી શકે તેમ નથી. તેમને અયોધ્યામાં પાછા જવા માટે સમજાવવું- ખાતરી કરાવી આપવી એ જરૂર છે. તે રાજય માટે લક્ષ્મી-દેવી છે. જો તે અયોધ્યા પાછા નહિ આવે, તો અયોધ્યાના લોકો, જળ વગરનાં માછલાંની પેઠે તરફડશે. તે પાછા અને પોતાની ઇચ્છા મુજબ સાસુ કે પોતાનાં માતા-પિતા સાથે રહે. રાજા દશરથે આ શબ્દોમાંજ તમને આ વાત વારંવાર કહેવાની આજ્ઞા કરી છે, જ્યારે તમે ચૌદ વર્ષ પછી અયોધ્યા પાછા આવશો, ત્યારે જાનકી ને તેમના પિતાને ત્યાંથી બોલાવી લેવાશે." જ્યારે સુમંત્ર આવી આગ્રહ ભરી વિનંતી કરતા હતા, ત્યારે રામે તે પ્રાર્થના તરફ તેમનું ધ્યાન દોરવા માટે ઇશારો કર્યો.

જ્યારે સુમંત્ર બોલી રહ્યા, ત્યારે રામે સીતાને કહ્યું, "સીતા, તમે પિતાનો સંદેશ સાંભળ્યો? ઘેર જાઓ; તેથી મારાં માતા-પિતા કમથી કમ મારા વિયોગનું અડધું દુઃખ ભુલી જશે. વૃદ્ધાવસ્થાને લઈને તેઓ આ પરિસ્થિતિનું ભયંકર દુઃખ સહન કરી શકે તેમ નથી. એટલે મંત્રી સાથે તમે અયોધ્યા પાછા જાઓ એ ખૂબ જરૂરી છે," પોતાની વિનંતી સ્વીકારવા માટે રામે અનેક પ્રકારની દલીલો કરી.

સીતાએ જવાબ આપ્યો, "સ્વામી, તમે સર્વજ્ઞ છો. તમે માનવ-જાતિના દરેક વિભાગ માટે નક્કી આદર્શ નીતિના નિયમો જાણો છો. મારે તમને તે યાદ કરાવવાની જરૂર નથી. કૃપા કરીને થોડા સમય માટે મારી પ્રાર્થના સાંભળો. છાયા એ પદાર્થ તત્વને અનુસરવાનું છે, નહિ ! વારૂ છાયા પદાર્થોથી દૂર રહી શકે ખરી? સૂર્યનાં કિરણો સૂર્યથી દૂર ન રહી શકે. ચાંદની ચંદ્રથી દૂર ન રહી શકે તેજ રીતે, તમારી છાયારૂપી સીતા ચંદ્રરૂપી રામચંદ્ર થી દૂર ન રહી શકે."

પછી સુમંત્ર પ્રત્યે વળીને તે બોલ્યાં, "સુમંત્ર, મારે માટે તમે મારા પિતા કે સસરા જેવા પૂજય છો. તમે મારા શુભેચ્છક છો. કૃપા કરીને આ વાતનો વિચાર કરો: હું મારા સ્વામીનાં ચરણ કમળ સિવાય બીજો કોઈ આશ્રય શોધતી નથી. દુનિયા જાણે છે કે -કુટુંબમાં લેવાયેલી પુત્રવધૂ તે કુટુંબમાં જન્મેલા પુત્ર કરતાં વધારે નજીક ન હોઈ શકે.

તેઓ પુત્રવધૂના પાછા આવવાથી પુત્રના વિયોગનું દુઃખ ભૂલી જશે, એ કથન નિરર્થક છે. મારા પિતાના રાજમહેલના સુખ-વૈભવો બાબત તો હું એટલું કહીશ કે-બાલ્યકાળમાં મેં તેમને પૂરતાં માણી લીધાં છે. હવે રામ-મારા પતિ વગર, તે મને  ઘાસ જેવા શુષ્ક અને મૂલ્ય વગરના લાગે છે. જે માર્ગ પર રામ ચાલે છે તે સિવાય મારે માટે બીજા કોઈ માર્ગ નથી. એટલે મારે વિષે ગેરસમજ કર્યા સિવાય મારા શબ્દો સાથે સંમત થાઓ, મને અયોધ્યામાં પાછી લઈ જવાનો પ્રયત્ન છોડી દો તે ભુલી જાઓ. મારા સાસુ-સસરાને મારા પ્રણિપાત કહીને તેમને ખાતરી આપજો કે-અમારી કોઈ વાતે ચિંતા ન કરશો. તેમને કહેજો કે-સીતા અયોધ્યામાં કે મિથિલામાં સુખી હતાં તેના કરતાં હજારોગણાં વધારે સુખી છે. હું મારા હૃદયના સ્વામી સાથે છું, તેમની સાથે તેમના લક્ષ્મણ છે, જે મહાનવીર છે, શ્રેષ્ઠ યોધ્ધા છે. એટલે હું મારા જંગલના દિવસો સુખપૂર્વક, નિર્ભયતા પૂર્વક, ચિંતા વગર મનના ક્ષોભ વગર પસાર કરૂં છું. તેમને કહેજો-કે  મુસાફરીથી હું જરા પણ થાકી જતી નથી તેમને કહે જો કે- હું સુખી છું, આ વનવાસને મારૂં પરમ સદ્ભાગ્ય માનું છું."

તે શબ્દો સાંભળીને સુંમંત્ર પ્રશંસાની અને શોકની  લાગણીઓથી અભિભૂત બની ગયા. તે સીતાના મુખ સામે જોઈ શક્યા નહિ. તે આવા હૃદયને દ્રવીભૂત કરી મૂકે તેવા શબ્દોને વધુ સાંભળી શક્યા નહિ. સીતા પ્રત્યે બોલવાના શબ્દો તેમને જડયા નહિ. તે સીતાના સદગુણો પર તેમની વિશુદ્ધ લાગણીઓ પર અને સ્થિરતા પર ચિંતન કરવા લાગ્યા. એવી શ્રેષ્ઠ ચારિત્ર્યવાળી નારીની હાજરી અને પ્રેરણા અયોધ્યાને નહીં મળે તે બાબત તે દુઃખ અનુભવવા લાગ્યા.

તે રામ પ્રત્યે બોલ્યા, "રામ, તો પછી તમે અમારી વિજ્ઞપ્તિ માનો. મને પણ વનમાં તમારી સાથે રાખો અને ચૌદ વર્ષ સુધી મને તમારી સેવા કરવા દો." રામે જવાબ આપ્યો, "સુમંત્ર, તમે કાયદામાં અને નીતિ-નિયમોમાં નિષ્ણાંત છો તમે દશરથ રાજાના મંત્રી છો, મારા નહિ. તેમણે  તમને પાછા ફરવાની આજ્ઞા આપી છે. તો પછી હું તમને અહીં રહેવાની છૂટ કેવી રીતે આપી શકું? બીજી રીતે વિચાર કરતાં પણ એમ લાગે છે કે-આ ખાસ કટોકટીના સમયે તમે રાજાથી દુર રહો તે ઈચ્છનીય નથી. તમે રાજાના જમણા હાથ છો. તમારે તમારા પોતાના આનંદને લક્ષમાં રાખીને તેમનાથી દૂર

ન રહેવું જોઈએ. જરા પણ વિલંબ કર્યા સિવાય તેમની પાસે જાઓ. તમારા જલ્દી જવાથી તમે મને અને મારાં માતા-પિતાને ખુબ આશ્વાસન અને ખાતરી આપી શકશો." અનેક પ્રકારની બીજી દલીલો તથા દ્રષ્ટાંતો આપીને રામે તેમને જવા માટે સમજાવ્યા. તેમનો પ્રતિકાર કરવા અસમર્થ બનેલા સુમંત્ર મોટેથી રડી પડ્યા. તેમણે ત્રણેયને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા. તે પાછા ફર્યા ત્યારે તેમના પગ લથડતા હતા. તેમનું મન અને શરીર બંને પાછા જવા રાજી ન હતા.

રામે તેમનો હાથ પકડ્યો, રથ પાસે લઈ ગયા, અને તેમને રથમાં બેસાડ્યા, સુમંત્ર તથા રથના અશ્વો પ્રત્યે પણ રામ મૃદુ, મધુરવાણી બોલ્યા, જેથી તેઓ અયોધ્યા પાછા જવાનું મન કરે.

સુમંત્રે રથને પાછો અયોધ્યા તરફ ચલાવ્યો. ઘોડા પાછા જવા રાજી ન હતા. તે વારંવાર ડોકું પાછું વાળીને રામ તરફ જોતા હતા. ઘોડાઓને તેમની સાથે રહેવું હતું, તેમને અયોધ્યા પાછા જવું ગમતું ન હતું. સમજાવવા છતાં લગામ ખેંચવા છતાં, તે ખસતા ન હતા. વિરોધમાં તેઓ હણહણતા હતા. અવાર નવાર તેઓ અટકી જતા અને રામના દર્શન માટે ડોકા પાછા ફેરવતા હતા.

સુમંત્રને પણ પાછા ફરતા અપાર વેદના થઈ તેમણે પોતાના ગાલ પર પડતા આંસુને લૂછ્યા. તેમણે મુખ નીચું રાખ્યું -જાણે કે તે લોકોને પોતાનું મુખ બતાવવા ન માગતા હોય! સુમંત્રની દશા જોઇને ગુહ એટલો બધો દુઃખી બની ગયો કે તેને એક વૃક્ષના થડનો ટેકો લેવો પડ્યો. તે ડુસકા ખાતો હતો. થડ સાથે પોતાનું માથું પછાડતો હતો.વૃદ્ધ મંત્રી ને પાછા મોકલીને, રામ પોતાના ભાઈ અને પત્ની સાથે ગંગા તટે આવ્યા.

ગુહ પોતાના મનમાં વિચારવા લાગ્યો, "જ્યારે મુંગા પશુઓને પણ રામના વિયોગથી આટલું બધું દુઃખ થતું હતું, ત્યારે તેમને જન્મ આપનાર અને વહાલથી ઉછેરીને મોટા કરનાર માતા-પિતાની, અને તેમને પ્રેમપૂર્વક અને વફાદારીપૂર્વક પૂજનાર પ્રજાજનોની દુઃખી દશાની તો વાત જ શી કરવી? ખેદની વાત છે-રાણી કૌશલ્યાના હૃદયને ચીરી નાખે તેવી વેદનાનું માપ કોણ કાઢી શકે?" ગુહનું હૃદય શોકથી ચીરાઇ ગયું. તેણે રામને, સીતાને અને લક્ષ્મણને ગંગા તરફ જતા જોયાં. એટલે તે ઉતાવળથી

તેમની પ્રત્યે ગયો. તે જાણતો હતો કે-ત્રણેય જણને નદી પાર કરવી હતી, એટલે તેણે સામે કિનારે ઉભેલા નાવિકને બૂમ મારીને નાવડી આ કિનારે લઈ આવવાનું કહ્યું. પોતાના રાજાની બૂમ સાંભળીને નાવિક નૌકાને આ કિનારે લઈ આવ્યો, જ્યાં રામ તેના આગમનની રાહ જોઇને ઊભા હતા.

ગુહે નાવિકને બાજુએ બોલાવીને કહ્યું કે-નાવને બરાબર સાફ કર, અને દશરથ રાજાના પુત્ર, અયોધ્યાના રાજકુમારને બેસવા માટે તે નાવડીને યોગ્ય બનાવ. તે, તેમના ભાઈ અને તેમના પત્ની ગંગા પાર કરવા માંગે છે, તેમને ચૌદ વર્ષ વનમાં ગાળવાનાં છે. નાવિકે પોતાના નિષાદ-ભાઈઓ પાસેથી ગાદીના વારસના શોકપ્રદ વનવાસની કથા સાંભળી હતી. એટલે તેણે નાવડીને લાવતાં વાર ન કરી. પણ તેને એક વિક્ષેપ કારક શંકા હતી. જેને દૂર કરવાની હતી. તેણે સાંભળ્યું હતું કે-રામે એક શીલા પર પગ મૂક્યો હતો અને શીલા ઓચિંતી એક નારી બની ગઈ હતી. આ રામ તે જ હતા કે બીજા કોઈ? તે સવાલ તેણે ગુહને પૂછ્યો. ગુહ બોલ્યો, "મારા વહાલા નાવિક, તારી સ્મૃતિ કેટલી બધી પ્રબળ છે! ઘણા વખત પર બનેલી ઘટના તને યાદ રહી છે તેથી મને હર્ષ થાય છે. મને પણ તે તે ઘટના યાદ કરાવી છે!" રામ તરફ વળીને ગુહ ખૂબ આનંદ-પૂર્વક બોલ્યો, "રામ, સાંભળો, મારી જાતિના આ નાવિકે પોતાના મનમાં તમારા યશને અને તમારી ભવ્યતાને સંઘરી રાખ્યાં છે. તેણે મને એ વાત યાદ કરાવી છે કે-તમે ગૌતમ મુનિનાં પત્ની અહલ્યાને શીલામાંથી મુક્ત કર્યા હતાં-તે શાપમાંથી મુક્ત કર્યા હતાં. અહલ્યાને અપાયેલા શાપથી મારા પ્રજાજનો બહુ વિક્ષુબ્ધ બની ગયા હતા. જ્યારે તેમણે તે નારીને શાપમાંથી મુક્ત કરનારી તમારી દિવ્ય શક્તિ વિશે સાંભળ્યું, ત્યારે તેઓ રાજી થયા હતા. ઓહ મારા પ્રજાજનો કેટલાં નસીબદાર છે કે તેઓ તમારી દિવ્યતાને જાણે છે!" ગુહ ખૂબ આનંદ-પૂર્વક નાવિકની શ્રદ્ધાની અને ભક્તિની પ્રશંસા કરી રહ્યો હતો.

તે દરમિયાન રામ નાવડી તરફ ચાલ્યા. બે હાથ જોડીને નાવિક રામ સમક્ષ ઊભો રહીને બોલ્યો, "રામચંદ્ર, આજે મને જે સદભાગ્ય સાંપડ્યું છે તેનાથી મારા જીવનના બધા વર્ષ ધન્ય બની ગયાં છે. જે રામને વિષે મેં ઘણા સમય પહેલાં સાંભળ્યું હતું તેમના

આજે હું દર્શન કરી રહ્યો છું. મારા અનેક પૂર્વ જન્મોના પુણ્યોના ઉદયથી હું તમને, તમારા ભાઈને અને તમારા પત્નીને ગંગા પાર કરવાની તક મેળવી શક્યો છું. મને એક આશિર્વાદ માગવા દો. તમને ગંગા પાર કરૂં ત્યાર પહેલાં તમારા ચરણ -પ્રક્ષાલનનું પવિત્ર જળ મને મારા મસ્તક પર છાંટવા દો." ગુહને ખ્યાલ ન હતો કે-પોતાનો સેવક નાવિકમાં રામ માટે આટલી ઊંડી ભક્તિ હતી. રામને તેણે જે નમ્રતા પૂર્વક વિનંતી કરી, તેનાથી ગુહે આશ્ચર્ય-ચકિત થઇ ગયો. તેણે કરેલી વિનંતી સાંભળીને ગુહ ખૂબ હર્ષ પામ્યો. તે બોલ્યો, "ભાઈ, મારી વાત સાંભળ. રામ નાવડીમાં બેસે, પછી તું એક વાસણમાં ગંગાનું પાણી લઈ તેના વડે તેમના પગ ધોજે, રામ તટ પર ઉભા હોય અને તું તેમના પગ ધુએ  તે સારી રીતભાત ન કહેવાય," નાવિકની સરળતા અને તેના જકકીપણા બાબત ગુહે નાવિકને  ઠપકો આપ્યો.

પણ નાવિક મક્કમ રહ્યો. તેણે  દલીલ કરી, "હે સ્વામી, તમારી પાસે પુષ્કળ ધન-સંપત્તિ છે. હું તો બહુ જ ગરીબ છું. લોકોને ગંગા નદીની પાર લઈને જે થોડી ઘણી ઉત્તરાયી મને મળે છે તેનાથી હું મારા કુટુંબનું ભરણ-પોષણ કરૂં છું મારા નાના કુટુંબની આજીવિકા માટે  પણ તે પૈસા પૂરતા હોતા નથી. જો તે થોડી આવક પણ હું ગુમાવી દઉં, તો હું કેટલો બધો દુઃખી થઈ જાઉં? એટલે કૃપા કરીને મારે વિશે ગેરસમજ ન કરશો. તમે નાવડીમાં પગ મૂકો ત્યાર પહેલા મને તમારા ચરણ ધોવા ની રજા આપો."

નાવિકની વિચિત્ર માગણીનો મર્મ રામ સમજી ગયા હતા, તેમણે સ્મિત કર્યું, તે સીતા તરફ વળ્યા અને બોલ્યા કે તને આ નાવિકનો ભય સમજાયો? ગુહ નાવિકની વિજ્ઞપ્તિનો મર્મ સમજી શક્યા ન હતો, રામે કેમ સ્મિત કર્યું તેને પણ સમજી શક્યો ન હતો. નાવિકના વર્તનથી ગુહ ગૂંચવાડામાં પડી ગયો હતો. તે બોલ્યો, 'હે નાવિક, તું શું કહી રહ્યો છે તે હું સમજી શકતો નથી. રામને વનમાં જવા માટે ગંગા પાર કરવી છે; તારી તે અત્યારની ફરજને અને તારા કુટુંબના ભરણ-પોષણ માટે થતાં ખર્ચને શો સંબંધ છે? આ વારસામાં ઉતરી આવેલા કામ માટે શું રામ પાસે વધારે ઉતરાઈ લેવા ઇચ્છે છે? જો તેમ હોય તે માત્ર તારા લોભને જ પ્રગટ કરી રહ્યો છે. જો તારી કમાણીથી તું તારા કુટુંબનું ભરણ-પોષણ સારી રીતે ન કરી શકતો હોય, તો આ રાજ્યના વડા તરીકે હું તને

થોડુંક ધન આપવા તૈયાર  છું. રામચંદ્ર પાસેથી તે મેળવવાનો લોભ ન કરીશ. તારા કામ પર ધ્યાન આપ અને નાવડી તૈયાર કર. "નાવિકના દુરાગ્રહથી ગુહને ક્રોધ થયો હતો.

તે સાંભળીને નાવિક બોલ્યા. "મેં લોકોને એમ કહેતા સાંભળ્યા છે કે -રામના ચરણોમાં અમુક વિશિષ્ટ શક્તિ જાદુ છે. તેમનાં ચરણનો સ્પર્શ થતાં, એક શિલા નારી બની ગઈ હતી. લાકડાનાં પાટિયાં વડે મેં મારી નાવડી બનાવી છે. જો દરેક પાટિયું એક નારી બની જાય તો મારા રાજા -તમે તે બધી નારીઓની સંભાળ રાખવાનું મને સોંપો, કારણ કે-મારી નાવડીના ભાગોમાંથી તે નારીઓ જન્મી હતી. તે વધુ બોજો કેવી રીતે ઉપાડી શકું? પગ જો નાવડીમાં મુકાતા પહેલા જો હું તેમના પગ ધોઉં, તો હું ભય-મુક્ત બની જાઉં, વળી, જો ચરણોદકને છાટું, તો મારા બધા પાપ પણ ધોવાઇ જાય. એટલે કૃપા કરીને મને મારી ઇચ્છા પૂર્ણ કરવાની રજા આપો." તે સાંભળીને ગુહ વિચારમાં પડી ગયો. પણ રામે નાવિકને પોતાની પાસે બોલાવીને સ્મિત-પૂર્વક કહ્યું કે-મારા વહાલા ભાઇ આવ, મારા પગ ધો. એમ કહીને રામે પોતાના પગ નાવિકની હથેળીઓમાં  મૂક્યા. નાવિકનો આનંદ મનમાં સમાતો ન હતો. રામના પગ પોતાની હથે-ળીઓમાં રાખીને, ખૂબ પ્રેમ-પૂર્વક અને દરકાર-પૂર્વક તેણે રામના પગ ધોયા;  આંગળીના ટેરવા વચ્ચેની જગ્યા પણ તેણે ધોયા વગરની રાખી નહિ, ચરણ પ્રક્ષાલન માટે તેણે ગંગા-જળનો ઉપયોગ કર્યો હતો. પછી તેણે તે ચરણોદક પોતાના મસ્તક પર અને નાવડીના બધા ભાગો પર છાંટ્યું, જેથી બધી અનિષ્ટ શક્તિઓ દૂર થઈ જાય. પોતાની યોજના સફળ થઇ તેથી તે ખૂબ આનંદ મગ્ન બની ગયો.

તેણે રામનો હાથ પકડીને તેમને નાવડીમાં બેસાડ્યા, રામે સીતાને હાથ મજબૂત રીતે પકડીને, તેમને નાવડીમાં બેસાડ્યાં, લક્ષ્મણને રામે એક પાટિયા પર પોતાની પાસે બેસાડ્યા. તે ત્રણેય નાવિકની ભક્તિ અને બાલિશતા બાબત પરસ્પર વાત કરવા લાગ્યાં. નાવડીની જળ પર થતી ગતિને જોઈને તેઓ હર્ષ પામ્યાં. તેઓ ગુહ સાથે અનેક વિષયો પર વાતો કરવા લાગ્યાં, અને સમય એટલો બધો જલ્દી પસાર થઈ ગયો કે તેઓ સામે કિનારે પહોંચી ગયા તેની પણ તેમને ખબર ન પડી. નાવિકને ઉતરાયી આપવા માટે

પોતાની પાસે એક કોડી પણ ન હતી તેથી રામ શરમાઈ ગયા હોય તેવો તેમણે દેખાડો કર્યો, સ્વાભાવિક વૃત્તિથી સીતા પોતાના સ્વામીની લાગણી જાણી ગયાં, તેમણે પોતાની આંગળી પરથી વીંટી કાઢીને રામના હાથમાં મૂકી. નાવિકને બોલાવીને રામ બોલ્યા, કે નાવિક આ તારી ઉતરાઈ છે તે તું લે. રામને પગે પડીને નાવિક બોલ્યો "હે રામ, આજે મને શ્રેષ્ઠ દાન મળ્યું છે. મારા બધા પાપ ધોવાઈ ગયા છે. હું જન્મ -મરણના ભીષણ ચક્રમાંથી મુક્ત થયો છું. પૃથ્વી પર મારા ઘણા જન્મોમાં મેં જે દુઃખો ભોગવ્યા છે તે સફળ બન્યા છે, મારા ભગવાને મને આશીર્વાદ આપ્યા છે. આ આશીર્વાદથી મારા પૂર્વજો અને મારા સંતાનો પાપ-મુક્ત  બન્યા છે, હે સ્વામી જો હું તમારા આશીર્વાદને પાત્ર બનું, તો તેટલું મારે માટે બસ છે હે સ્વામી, જ્યારે તમે પાછા વળો, ત્યારે આ માર્ગેથી જ આવજો, અને મને સેવાની તક બીજીવાર આપજો. આ પારિતોષિકનુ મૂલ્ય  હું જીવનમાં બહુ મોટું આંકુ છું." એમ કહીને નાવિકને રામ ને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા; તેની આંખોમાંથી આંસુ વહી રહ્યા હતા.

રામે અને લક્ષ્મણે નાવિકને આશ્વાસન આપ્યું; તેઓ તેના અતિહર્ષને  શાંત પાડવા મથી રહ્યાં. તેમણે વિંટીને સ્વીકારવા તેને સમજાવવાનો પ્રયાસ કર્યો. પણ વિરોધ કરતા નાવિક બોલ્યો, જો હું આ નાનકડા પ્રવાહને પાર કરવા માટે  તમારી પાસેથી ઊતરાઇ લઉં, તો આ પરિવર્તનશીલ સંસાર-સમુદ્રની પાર મારી અનેક પેઢી-ઓને અને મારા લાખો સંબંધીઓને લઈ જવા માટે તમે કેટલી બધી ઉતરાઇ લો છો તે મને આ તક મળી તેથી હું આનંદ-નિમગ્ન બની ગયો છું મને આ ધન્ય તક ઓચિંતી આવી મળી તે બદલ ઉતરાઇ લેવાનો આગ્રહ મને કૃપા કરી કરશો નહિ" તે સાંભળીને રામનું હૃદય દ્રવી ઉઠ્યું, તેમને લાગ્યું કે નાવિકને દબાણ કરવું તે યોગ્ય નથી. રામે ખુબ ઉદારતા-પૂર્વક તેને આશીર્વાદ આપ્યા. અને તેને વિદાય આપી.

રામે અને લક્ષ્મણે તટ પર પાથરેલાં કપડા પર પોતાના ધનુષ-બાણ મૂક્યાં, અને સ્નાન કરવા માટે તે નદીમાં ગયા.તેમણે સ્નાન કરી લીધું. ત્યાર પછી સીતાએ પણ નદીમાં સ્નાન કર્યું, ગંગા ને પ્રાર્થના કરી અને પ્રતિજ્ઞા લીધી કે-ચૌદ વર્ષ મારા પતિ સાથે વનમાં ગાળીને હું પાછી આવીશ અને આભાર-વૃત્તિથી, વનવાસ પૂરો થયા પછી,

આ પવિત્ર જળને મસ્તક પર છાંટીશ. પછી ગુહને પાસે બોલાવીને રામ બોલ્યા, "વહાલા મિત્ર, મેં મારી ખાતર તારો ઘણો સમય લીધો છે. હવે તારે તારા નગરમાં પાછા જવું જોઈએ." તે આજ્ઞા સાંભળીને ગુહનું મોં પડી ગયું. તેની આંખોમાંથી ખૂબ આંસુ વહેવા લાગ્યાં. હાથ જોડીને તેણે પ્રાર્થના કરી, "રામ, કૃપા કરીને મારા શબ્દો સાંભળો. હું થોડા સમય માટે વનમાં તમારી સાથે રહીશ. હું વનમાં બધા માર્ગો જાણુ છું. હું તમને ઉપયોગી માહિતી આપી શકીશ. આ રીતે હું તમારી સેવા કરવાની ઇચ્છા રાખું છું. કૃપા કરીને ના ન પાડશો. ગુહના પ્રેમ-ભક્તિ જોઈને રામ રાજી થયા. તે તેમણે પોતાની સાથે લીધો. થોડેક દૂર ગયા પછી  રાત પડી, અને તેમણે એક મોટો વૃક્ષની છાયામાં આરામ કર્યો.

ગુહે અને લક્ષ્મણે ઝડપભેર તે જગ્યાને વાળી. ઝુડી દીધી અને રામ-સીતાને આરામ લેવા માટે યોગ્ય કરી દીધી. તે વૃક્ષ પરના ફળો નીચે પડીને તે દિવ્ય અતિથિઓની સેવા કરવા માટે આતુર દેખાતા હતા; ઉત્તેજનાથી અને આનંદથી તે લાલ બની ગયાં હતાં. ગુહે અને લક્ષ્મણે તે વીણીને એક પતરાળામાં રામ સીતાને  ખાવા માટે મૂક્યાં, પણે રામે લક્ષ્મણને કહ્યું, "ભાઈ સાયં સંધ્યા કર્યા સિવાય આપણે આ ફળો ખાઇ શકીએ?" એટલે તેઓ પાસે આવેલ નદીઓના સંગમ-સ્થાન પ્રયાગ ગયાં. ત્યા સ્નાન કરતા પહેલા તેમણે તે પવિત્ર તીર્થના દર્શન કર્યા. નદીએ થી પાછા આવતી વખતે રામે તે તીર્થના યશનું વર્ણન કર્યું. તેમણે કહ્યું કે-આ ત્રણ નદીઓના સંગમ આગળનાં જળનો પ્રભાવ એવો છે કે તેથી મનના બધા પાપો દૂર થઈ જાય છે.